# ભાવધર્મ

(પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

## ભાગ-૨



પ્રવચનકાર

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

(પંડિત મહારાજ)

॥ શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-રામચંદ્ર-મોહજિતસદ્ગુરુભ્યો નમઃ ॥

# ભાવધર્મ

## (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

## ભાગ-૨

✤ આશીર્વાદદાતા ✤

ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પ. પૂ. મુનિપ્રવર

શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)

✤ પ્રવચનકાર ✤

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ

શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ,

સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય

રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન સન્માર્ગદેશનાદક્ષ,

યોગમાર્ગમર્મજ્ઞ પ. પૂ. આચાર્ય ભગવંત

શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)


❖ પ્રવચનકાર ❖

સન્માર્ગદેશનાદક્ષ, યોગમાર્ગમર્મજ્ઞ

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા



વીર સં. ૨૫૨૭ ❖ વિ. સં. ૨૦૫૭ → આવૃત્તિ : પ્રથમ ❖ નકલ : ૫૦૦૦

વીર સં. ૨૫૩૬ ❖ વિ. સં. ૨૦૬૬ → આવૃત્તિ : દ્વિતીય ❖ નકલ : ૫૦૦

વીર સં. ૨૫૩૮ ❖ વિ. સં. ૨૦૬૮ → આવૃત્તિ : તૃતીય ❖ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૯૦-૦૦

❋ આર્થિક સહયોગ ❋

શ્રી મુલુંડ ગોવર્ધનનગર શ્વેતાંબર તપાગચ્છ
મૂર્તિપૂજક જૈન સંઘ – મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસા., ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❋ મુદ્રક ❋

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯



ષડ્દર્શનવિશારદ પ્રાવચનિકપ્રભાવક

✻ સ્વ. પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા ✻



વર્તમાનશ્રુતમર્મજ્ઞાતા ધર્મતીર્થરક્ષક

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

# પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા,**
શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૭
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨)-૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

**'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्'** એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસા.,**
**ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧

૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

૨૩. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

૨૪. Is Jaina Order Independent Religion or Denomination ?

૨૫. Status of religion in modern Nation State theory

૨૬. ગૃહજિનાલય મહામંગલકારી

૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજ.) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન

૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન

૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત
શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧

૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# પ્રસ્તાવના

મન, વચન અને કાયાની સ્થિરતા-એકાગ્રતા-તલ્લીનતા સાથે થતી ધર્મક્રિયા પણ ભાવશૂન્ય તથા તુચ્છ ભૌતિક સુખને આપનારી હોઈ શકે. તેમજ મન-વચન-કાયાની આવી એકાગ્રતાના અભાવમાં થતી ક્રિયા પણ જો ભાવયુક્ત હોય તો નિર્દોષ આનંદ-આત્મિક સુખરૂપ ઊંચા ફળને આપનારી બની શકે. આ ભાવયુક્ત અને ભાવશૂન્ય ધર્મ શું છે? તેનાં લક્ષણો, તફાવત, મોક્ષમાર્ગમાં ભાવયુક્ત ધર્મની આવશ્યકતા અને આધ્યાત્મિક વિકાસયાત્રામાં પ્રથમથી ચૌદમા ગુણસ્થાનક સુધી પહોંચાડનાર ભાવધર્મના પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ એ પાંચ વિભાગોની દાખલા દલીલ સાથે સરળ ભાષામાં ઊંડાણથી સમજ આ પુસ્તકોમાં સંકલિત કરેલ પ્રવચનોમાં આપવામાં આવેલ છે. તેમાં મોક્ષનો પરિચય, ગુણિયલ, હીનગુણી અને ગુણાધિક જીવો પ્રત્યે ઉચિત વ્યવહારનું પણ સુંદર નિરૂપણ છે. ભાવધર્મનું હાર્દ પ્રણિધાન છે, જેનું વિસ્તૃત વર્ણન ભાગ-૧માં છે. ભાવધર્મ ભાગ-૨માં બીજા ચાર stepsનું વર્ણન છે. આ પાંચે steps જ્યારે મોક્ષ સાથે સંબંધિત થાય ત્યારે ભાવધર્મ કહેવાય છે અને આ પાંચે steps જ્યારે સંસાર સાથે સંબંધિત થાય ત્યારે સંસારીક્રિયા સ્વરૂપ થાય છે. અર્થાત્ સંસારની કે ધર્મની દરેક ક્રિયામાં આ પાંચેય steps વણાયેલાં છે.

(૧) **પ્રણિધાન ભાવધર્મ :-** અનાદિકાળથી સાંસારિક પદાર્થ કે પદની પ્રાપ્તિ માટે આપણે અશુભ સંકલ્પો ઘણીવાર કર્યા છે. પરંતુ જ્યારે જીવનું બાહ્ય પદાર્થોથી મન ઊઠી જાય અને સંસારના યથાર્થ સ્વરૂપનું ભાન થાય ત્યારે તે સાચા સુખને અર્થાત્ આત્માના અનુપમ ઐશ્વર્યરૂપ ગુણોને પામવાનો શુભ સંકલ્પ કરે છે, તે પ્રણિધાન નામનો ભાવધર્મ છે.

(૨) **પ્રવૃત્તિ ભાવધર્મ :-** સંસારનું સ્વરૂપ ઓળખાયા બાદ ધર્મના સાચા રસથી શુભ સંકલ્પ થાય છે પણ આળસ-પ્રમાદ હોય તો પ્રવૃત્તિ ન આવે. તે દોષો ગયા બાદ કરાતી પ્રવૃત્તિ એ જિનાજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ ભાવધર્મ છે.

(૩) **વિઘ્નજય ભાવધર્મ :-** પૂ. આનંદઘનજી મ.સા. કહે છે, "ઘાતી ડુંગર આડા અતિ ઘણાં, તુજ દરિસણ જગનાથ." પ્રવૃત્તિ થયા બાદ પણ ઘાતીકર્મો, ખાસ કરીને મોહનીયકર્મને કારણે આત્મા **કર્મના ઉદયથી આવતી અનુકૂળતા કે પ્રતિકૂળતાની અસર ઝીલે છે તે જ ખરું વિઘ્ન છે.** યોગ્ય જીવને પણ 'વિઘ્ન' આગળ વધવામાં અટકાયત કરી શકે છે, માટે પૂજ્યશ્રીએ વિઘ્નોના પ્રકાર, તેને જીતવાના ઉપાયો, અંતરાયકર્મ ન બંધાય તેની સાવચેતીના ઉપાયોનું વિસ્તૃત વર્ણન કથાનકો સહિત ખૂબ જ સુંદર કરેલ છે, જે સાધકને પળે પળે સહાય કરે તેમ છે.

(૪) **સિદ્ધિ ભાવધર્મ :-** વિઘ્નનો જય થવાથી જે આંતરિક ગરિમા, ગુણોની પ્રાપ્તિ થાય છે કે જે ફરી ક્યારેય ગુમાવવાનાં નથી, તેવા stageને સિદ્ધિ કહે છે. જેમાં જીવમાત્ર  પ્રત્યે ઉચિત ભાવ આવે છે; જેમ કે, અધિકગુણી પ્રત્યે ભક્તિભાવ, સમાનગુણી પ્રત્યે વાત્સલ્ય અને હીનગુણી પ્રત્યે કરુણા.

(૫) **વિનિયોગ ભાવધર્મ :-** પોતે પામેલા ધર્મને બીજામાં સંક્રાંત કરવો તે વિનિયોગ ભાવધર્મ છે. દા.ત. તીર્થંકરો પૂર્ણજ્ઞાનને સિદ્ધ કરીને જગતને તેનો વિનિયોગ કરે છે. અધ્યાત્મના ક્ષેત્રમાં પહેલાં સ્વમાં સિદ્ધ કરવાની વાત છે. જેણે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તે જ શ્રેષ્ઠ પરોપકાર એટલે કે વિનિયોગ કરી શકે.

આ ભાવધર્મોને સમજાવવા ચંડકૌશિક સર્પની કથા, તેનાં પૂર્વભવનું સુંદર વર્ણન કર્યું છે. શુદ્ધધર્મ-અશુદ્ધધર્મ-ધર્મઅનુષ્ઠાન વગેરેની વિશ્વવ્યાપી લોકભોગ્ય વ્યાખ્યાઓ આપી છે.

**આધારગ્રંથ અને ગ્રંથકારશ્રી :**

૧૪૪૪ ગ્રંથોનાં રચયિતા પ.પૂ. આચાર્યભગવંત **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** તેમના **'યોગવિંશિકા'** ગ્રંથમાં યોગમાર્ગનું સાંગોપાંગ વર્ણન કરતાં પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ આ પાંચ ભાવધર્મનું વર્ણન કર્યું છે. ગ્રંથકારશ્રી મૂળથી non-jain, વૈદિક ધર્મના ચુસ્ત અનુયાયી અને વિદ્વાન રાજપુરોહિત હતાં. ગૃહસ્થાવસ્થાથી જ તેઓ ચૌદ વિદ્યાના પારગામી હતાં, છતાં તેમની સત્યશોધકતા, સાત્ત્વિકતા, પ્રમાણિકતા અને

તટસ્થતા એટલી કે તેમણે જીવનમાં સંકલ્પ કરેલો કે જેનું પણ વિધાન મને ન સમજાય તેના મારે શિષ્ય બનવું અને એક નિમિત્ત મળતાં તે ખાનગીમાં લીધેલી પણ પ્રતિજ્ઞા પાળી અને તેમને જૈનશાસન સાથે સંબંધ થયો. આ શાસનનાં મર્મોને જાણી તેમણે લખ્યું કે **"કોઈપણ વ્યક્તિ જિનવચનને પામ્યા વિના પોતાનો ઉદ્ધાર કરી શકે નહીં. અમને પણ આગમો ન મળ્યાં હોત તો આ સંસારરૂપી સમુદ્રમાં અનાથ એવા અમે ક્યાંય ડૂબી ગયા હોત."** આવા પ્રખર વિદ્વાન આવું કહે છે, માટે સ્પષ્ટ છે કે આપણા માટે પણ શાસ્ત્રો જાણવા-સમજવા ખૂબ જરૂરી છે.

**પ્રવચનકારશ્રીનો અલ્પ પરિચય :**

પરંતુ શાસ્ત્રો જાતે સમજવા, તેનાં મર્મોને પકડવા કંઈ સહેલી વાત નથી. તો પછી નિરૂપણની તો ક્યાં વાત કરવી ! પ.પૂ. આનંદઘનજી મ.સા. તેમના સ્તવનમાં કહે છે, **"વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, તે વિરલા જગ જોય."** (પદાર્થનું યથાર્થ નિરૂપણ કરનારા આ જગતમાં જૂજ-વિરલા જ હોય છે.)

યોગવિંશિકા ગ્રંથના તે પદાર્થોને વિ.સં.૨૦૫૧ની સાલમાં ગોવાલિયા ટેંક, મુંબઈના ચાતુર્માસિક પ્રવચનોમાં ષડ્દર્શનવિશારદ, સૂક્ષ્મતત્ત્વવિવેચક, ધર્મતીર્થસંરક્ષક **પ. પૂ. આચાર્યભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી (પંડિત મ. સા.)** એ ખૂબ સરળ કરી અસરકારક રીતે રજુ કરેલાં. ઉપર જણાવ્યાં પ્રમાણે તેનું સંકલનં કરી 'ગીતાર્થગંગા' સંસ્થાએ તેને બે ભાગમાં પ્રકાશિત કર્યાં છે. જેના બીજા ભાગની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. પ્રવચનકારશ્રી પંડિત મહારાજ સાહેબ અગાધ શાસ્ત્રજ્ઞાન, અનુભવજ્ઞાન ધરાવવા ઉપરાંત Modern Science (Physics, Biology, Bio-technology, Social Science, Cosmology, Astronomy & History etc.), International Economics & Politics તથા દેશવિદેશમાં પ્રચલિત અનેક ફિલોસોફીના જ્ઞાતા છે. પૂજ્યશ્રીનો વિશેષ પરિચય આપવા તો હું સક્ષમ નથી, પરંતુ તેમની એક વિશેષતા જણાવ્યા વિના હું રહી શકતી નથી કે શાસ્ત્રપાઠોમાં વ્યક્ત રીતે ન જણાવેલાં રહસ્યોને પણ In between the lines read કરી પકડવાની અને તેને સરળ રીતે સમજાવવાની તેઓની

ક્ષમતા દાદ માંગે તેવી છે. પૂજ્યશ્રીએ પ્રવચનોમાં શાસ્ત્રીય પદાર્થોનાં વલોણાં કરી cream of the cream-નીચોડ-અર્ક રજૂ કરે છે તેનાથી કોઈપણ તટસ્થ વ્યક્તિ નકારી ન શકે તેવા તીર્થંકરકથિત ગૂઢ સત્યોને-રહસ્યોને તેઓ સરળતાથી ખોલે છે. અને આ રહસ્યો સચોટ રીતે જૈનદર્શનની લોકોત્તર દૃષ્ટિને પ્રતિબિંબિત કરે છે. જેમ કે –

**"વૈરાગ્યથી રહિત એવા અશુદ્ધ ધર્મથી બંધાતું પુણ્ય જ પાપચક્રની ધરી છે, જે પાપ કરવા માટે શક્તિ પૂરી પાડે છે. બધાં પુણ્ય પણ વખાણવાલાયક નથી ઊલટું, ઘણાં પુણ્ય તો સંસારમાં રખડાવનાર જ છે."** આ દૃષ્ટિ જૈનશાસનના કર્મવાદની વિશેષતા દર્શાવે છે.

ગીતાર્થગંગા સંસ્થા વિશિષ્ટ રીતે શ્રુતજ્ઞાનની ગંગા વહાવી રહી છે તે શ્રુતજ્ઞાનની ગંગાનો પ્રવાહ દેવ-ગુરૂકૃપાએ સતત વહેતો રહે અને ઉત્તરોત્તર વિશાળ થતો રહે એ જ પ્રભુને પ્રાર્થના.

આ પુસ્તકોનું વાંચન-ચિંતન-મનન કરી, પાંચે ભાવધર્મના હાર્દને પામી, ભવ્યાત્માઓ આત્મવિકાસની ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકાઓને સ્પર્શી કલ્યાણને સાધે એ જ શુભાભિલાષા. જિનાજ્ઞાવિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્...

**વિ.સં. ૨૦૬૮, માગશર વદ-૧૦**
**તા. ૨૦-૧૨-૨૦૧૧, મંગળવાર**

**– અંકિતાબેન હેતલભાઈ શાહ**
**૧૦, ગિરીકુંજ સોસાયટી,**
**ભીમનાથ મહાદેવ સામે,**
**નવા શારદામંદિર રોડ,**
**પાલડી, અમદાવાદ-૭.**

मुक्खेण जोयणाओ
जोगो सव्वो वि धम्मवावारो ।
परिसुद्धो विन्नेओ
ठाणाइगओ विसेसेण ॥१॥

( योगविंशिका० श्लोक-१ )

## ૨૭

તા.૪-૯-૯૫, સોમવાર, ભાદરવા સુદ દશમ, વિ.સં. ૨૦૫૧.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને સંસારમાર્ગ અને મોક્ષમાર્ગનો સમ્યગ્બોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ બંને સમાંતર ચાલે છે. સંસારમાં સફળતા મેળવવા માટે જે સ્ટેપ છે, તેવાં જ સ્ટેપ અધ્યાત્મમાર્ગમાં આત્મકલ્યાણ માટે બતાવ્યાં છે. સંસારમાં જેમ મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર સફળતાનાં સાધન છે; તેમ ધર્મના ક્ષેત્રમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર સિદ્ધિનાં સાધન છે. વળી, જેમ પ્રણિધાનભાવધર્મ, પ્રવૃત્તિભાવધર્મ, વિઘ્નજય-ભાવધર્મ, સિદ્ધિભાવધર્મ અને વિનિયોગભાવધર્મ; આ પાંચેય ભાવધર્મમાં મોક્ષસાધક ભાવોની ગૂંથણી કરી છે; તેમ સંસારના લક્ષ્યથી સંસારસાધક ભાવોની ગૂંથણી પણ આ પાંચ સ્ટેપમાં આવી શકે છે.

સંસારમાં ભૌતિક સગવડતા મેળવવા પૈસાની જરૂર છે, તેથી જીવનમાં પૈસા મેળવવાનો નિર્ણય થાય, પછી તમે બજારમાં ધનપ્રાપ્તિ માટે નીકળો છો. તેથી પહેલાં પૈસા કમાવાનું પ્રણિધાન આવે છે કે ધન મેળવવા લાયક છે માટે અવશ્ય મેળવવું જોઈએ; તેમ **"મોક્ષ મેળવવા લાયક છે માટે અવશ્ય મેળવવો જ જોઈએ" આવો ભાવ આવે તો પહેલું સ્ટેપ પ્રણિધાન આવ્યું કહેવાય.** સંસારમાં પ્રાપ્તવ્ય ધન છે, જ્યારે ધર્મના ક્ષેત્રમાં પ્રાપ્તવ્ય આત્મિક સંપત્તિ છે. તેથી સંસારમાં ભૌતિક સંપત્તિ મેળવવાનો સંકલ્પ કરવાનો છે, જ્યારે અહીંયાં આત્માની સંપત્તિ મેળવવાનો સંકલ્પ કરવાનો છે. આમ, બંને માર્ગ સામસામે સમાંતર ચાલે છે.

સંસારમાં શ્રીમંતાઈ મેળવવા જેવી લાગી, તેનો નિર્ણય પણ કર્યો, પણ જો તેને મેળવવા માટે ભોગ કે પરિશ્રમ જ ન હોય તો એમ ને એમ કાંઈ પૈસા વરસવાના નથી, માટે તે મેળવવા વ્યવસાયાત્મક પ્રવૃત્તિ જોઈશે. અને ધંધામાં પણ જો પ્રવૃત્તિ ઊંધી-ચત્તી, આડી-અવળી, ખામીવાળી કરો તો સફળતા ન મળે, એટલે પૈસા કમાવાના જે ચોક્કસ નીતિ-નિયમો છે તેને વળગીને જ રહેવું પડે, તો જ સફળતા

મળે છે; તેમ **ધર્મના ક્ષેત્રમાં પણ ખામી વગરની પ્રવૃત્તિ કરવાની આવશે. આ બીજું પ્રવૃત્તિ સ્ટેપ આવ્યું કહેવાય.** હવે તમે સાબદા થઈને પૈસા કમાવા તૈયાર થયા પણ પૈસા કમાવાના અનુકૂળ સંયોગોમાં વિઘ્ન આવીને ઊભું રહ્યું, અને જો તેનું નિવારણ ન થાય તો સફળતા મળે નહિ; તેમ **ધર્મના ક્ષેત્રમાં પણ ત્રીજું સ્ટેપ વિઘ્નજય છે.** અત્યારે હું પાંચે ભાવધર્મની આઉટલાઈન આપવા માંગું છું. વિઘ્નનો જય ન કરી શકો તો ક્યાંય સફળતા મળતી નથી. સંસારના નાનામાં નાના કાર્યમાં પણ આ પાંચે સ્ટેપ આવશે. હવે **જે જીવ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય પામે છે તેને સફળતા સામે ચાલીને મળે છે. માટે ચોથું સ્ટેપ સિદ્ધિભાવધર્મ છે; અને જે સિદ્ધિ પ્રાપ્ત થઈ તેનો ઉપયોગ કરવો તે વિનિયોગ છે.** આ બધો ક્રમ બુદ્ધિથી વિચાર કરો તો તર્કબદ્ધ છે.

ધર્મક્ષેત્રે આ પાંચે સ્ટેપ ભાવધર્મ છે. **અહીંયાં સંદર્ભથી, પ્રવૃત્તિ એટલે ક્રિયા નહિ પણ ક્રિયા કરવાનો ભાવ લેવાનો છે.** અને પાછો ભાવનો અર્થ સમજવામાં થાપ નહિ ખાતા. જેમ સામાયિક કરવાની ઇચ્છા તે કાંઈ ભાવ નથી. તેમ ઉપવાસ, પ્રતિક્રમણ, પૂજા કરવાની ઇચ્છા તે કાંઈ ભાવ નથી. અત્યારે ભાવ શબ્દમાં બહુ જ ગોટાળા થાય છે. ભાવ એટલે સામાયિકમાં મનના પરિણામ એટલે કે આત્માના ભાવ જેવા કેળવવાના શાસ્ત્રમાં બતાવ્યા છે, તેને તેવા કેળવો તો ભાવ આવ્યો કહેવાય. તેમ બધી ક્રિયામાં સમજવાનું. **તે તે અનુષ્ઠાનનો શાસ્ત્રનિર્દિષ્ટ માનસિક ભાવ તે 'ભાવ' તરીકે અહીં અભિપ્રેત છે, જેને શાસ્ત્રીય પરિભાષામાં 'ક્રિયાને અનુરૂપ અધ્યવસાય' કહે છે. તેથી ભાવ માત્ર ઇચ્છારૂપે સમજવાનો નથી.** દા.ત. તમને દીક્ષા લેવાની ઇચ્છા છે, એટલે દીક્ષાનો ભાવ આવી ગયો તેવું નથી, પણ ભાવ એ જુદી વસ્તુ છે. સાચા શ્રાવકને કે સમ્યગ્દષ્ટિને સંયમની ઇચ્છા તો હોય જ. હવે જો સંયમની ઇચ્છા જ ચારિત્રનો ભાવ કહેવાય, તો તમે બધા ભાવસાધુ અને અમે બધા દ્રવ્યસાધુ કહેવાઈએ. પરંતુ એવું નથી. **ચારિત્રની ઇચ્છા જુદી વસ્તુ છે અને ચારિત્રના પરિણામ જુદી વસ્તુ છે. પરિણામને ભાવ કહીએ છીએ.** જેમ કે છ મહિનાનો તપ કરવાની ઇચ્છા દરેકને હોવી જોઈએ. હવે ઇચ્છા છે પણ પરિણામ નથી અર્થાત્ તે પ્રવૃત્તિ કરવા માટે સમુચિત પુરુષાર્થને ફોરવવાની તૈયારી નથી.

**સભા :-** ભાવપૂજા કોને કહેવાય?

**સાહેબજી :-** ભગવાનની પૂજા તમે ચંદન-કેસર-અભિષેક આદિથી કરો છો. પછી ચૈત્યવંદન કરો છો ત્યારે સૂત્રો બોલતાં જેવો ભાવ કરવાનો કહ્યો છે તેવા પરિણામ કરો તો ભાવપૂજા કહેવાય, નહીંતર તે દ્રવ્યપૂજા કહેવાય છે. મન-વચન-

કાયાથી જેવા ભાવ કહ્યા છે તેવા કરવાના છે. સ્તવન ગાતાં પણ શાસ્ત્રમાં જેવા ભાવ કહ્યા છે તે લાવી શકો તો જ ભાવપૂજા, નહીંતર દ્રવ્યપૂજા કહેવાશે. આ રીતે દર્શન, સામાયિક, પૂજા, દાન બધામાં વિચારવાનું.

## મુનિદાનમાં પ્રણિધાનભાવધર્મ :

દા.ત. તમે મહાત્માને વહોરાવો છો તે વખતે, "સાધુપણું સારી ચીજ છે, પંચ મહાવ્રત-તપ-ત્યાગ-સંયમ કેળવવા જેવા છે, આમનું નિષ્પાપ જીવન છે, આપણે જે જીવન જીવીએ છીએ તે છોડવા જેવું છે અને આ જ પામવા જેવું છે; આ સંસારમાં સુખ નથી, ખરું સુખ આ મહાત્માઓ પાસે જ છે;" આવા ભાવ સાથે મહાત્માના ગુણો ગમતા હોય અને તમે વહોરાવો, તો તે પ્રણિધાનપૂર્વક દાનધર્મ કહેવાય; છતાં પણ તે પ્રવૃત્તિઆત્મક દાનધર્મ નથી. સાધુપણું ગમે છે માટે તમે ઉલ્લાસથી વહોરાવો છો, પણ સુપાત્રદાન કરતી વખતે જે વિધિ કરવાની છે તેવી વિધિ ન હોય, તો તે દાન પ્રવૃત્તિભાવધર્મયુક્ત ન કહેવાય.

કોઈપણ ક્રિયા કરતાં વિધિ-અવિધિની વાત શાસ્ત્રોમાં આવે છે. સંસારમાં પણ વિધિ-અવિધિ હોય છે. ધંધામાં પણ તમારે ચોક્કસ ધારા-ધોરણ, નીતિ-નિયમો ખરાં ને ? એ સાચવો તો જ લાભ થાય. રસોઈ કરતી વખતે પણ રસોઈના નીતિ-નિયમોને વળગીને જ ચાલવું પડે છે. કોઈ વિચાર કરે કે મગ ભરેલી તપેલી પહેલાં ચૂલા પર મૂકું, પણ ચૂલો કલાક પછી પેટાવું, તો મગ રંધાય ખરા ? તેમ કપડાં ધોતાં કહે કે પહેલાં ધોકા મારી લઉં અને પછી પાણી ને સાબુ લગાડું, તો શું કપડાં ધોવાય કે કપડાં ફાટી જ જાય ? આ રીતે દરેક ભૌતિક ક્રિયામાં વિધિ-અવિધિ આવશે. તેમ ધર્મની ક્રિયા પણ વિધિપૂર્વક કરો તો પ્રવૃત્તિભાવધર્મ આવે, અને જો ખામીવાળી ક્રિયા કરો તો પ્રવૃત્તિઆત્મક ભાવધર્મ ન આવ્યો કહેવાય. **ધર્મની ક્રિયા મન-વચન-કાયાથી વિધિપૂર્વક કરો તો જ પ્રવૃત્તિભાવધર્મ આવે છે.** ભગવાનની પૂજા, દર્શન, સામાયિક, પ્રતિક્રમણ કે કોઈપણ અનુષ્ઠાન લો, તેમાં જો વિધિ અધકચરી કરશો તો તમે પ્રવૃત્તિભાવધર્મની કક્ષામાં આવશો નહિ.

**પ્રણિધાનમાં તમને આરાધનામાં કર્તવ્યતાનું ભાન જોઈએ, અને સાથે ધ્યેયપ્રાપ્તિનો સંકલ્પ જોઈએ.** ભગવાનનાં દર્શન કરતાં શું પામવું છે ? શું નથી પામવું ? તેનું તમારી વિચારધારામાં સ્પષ્ટીકરણ જોઈએ. પ્રણિધાનમાં આટલી જ અપેક્ષા છે, જ્યારે પ્રવૃત્તિભાવધર્મમાં તો high demand (મોટી અપેક્ષા) છે.

## મુનિદાનમાં પ્રવૃત્તિભાવધર્મ :

જેમ કે તમે મુનિને દાન આપો છો, તે વખતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જેવા શાસ્ત્રમાં બતાવ્યા છે તે પ્રમાણેની પ્રવૃત્તિ જોઈએ. તેમની ભક્તિ કરવા તેમને ખપે તેવાં જ દ્રવ્ય તમારી પાસે હોવાં જોઈએ. ભક્તિ કરતાં અમારા-સાધુના ગુણોને ધક્કો પહોંચે તેવું દ્રવ્ય ન ચાલે; પણ અમારા આચાર-વિચારને, તપ-ત્યાગ-સંયમને પુષ્ટિ મળે તેવું દ્રવ્ય જોઈએ. તેમ ક્ષેત્ર પણ જ્યાં મુનિ યોગ્ય રીતે વહોરી શકે તેવું જોઈએ, અને કાળ પણ મુનિ વહોરી શકે તેવો જોઈએ.

શુદ્ધ નીતિ-ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી, જે તમારા માટે લાવેલા હોય, પાછું વહોરાવતી વખતે નિર્જીવ હોય તેવું જ અમને ખપે. માટે **સુપાત્રદાન કરવું તે કાંઈ બચ્ચાના ખેલ નથી. જો સુપાત્રદાન શાસ્ત્રના કહ્યા પ્રમાણે આપે તો આપનાર અને લેનાર બંને આ સંસારમાંથી તરી જાય છે.** તેનો ખૂબ જ મહિમા છે. તમારા અત્યારના જે વાંધાવચકા છે તે એકે તેમાં ન ચાલે. તેમાં સૌથી પહેલાં તો તમે દ્રવ્યશુદ્ધિમાંથી જ ઊડી જાઓ છો.

## સંગમનું (શાલીન્દ્રના પૂર્વભવે) સુપાત્રદાન :

**સભા :-** એક બાળકે(સંગમના જીવે) ખીર વહોરાવી હતી તેમાં બધી વિધિ હતી ?

**સાહેબજી :-** તે પણ વિધિપૂર્વકનું દાન નથી. સંગમનો જીવ હજુ સમકિત પામેલો નથી, તે મિથ્યાત્વમાં છે, પરંતુ પ્રણિધાનપૂર્વકનું તેનું દાન છે. આવા દાનનું પણ આટલું મહાન ફળ છે, અને સમકિતપૂર્વકનું દાન હોય તો તેના કરતાં અસંખ્યગણું ફળ મળે છે, અને જો પ્રવૃત્તિભાવધર્મપૂર્વકનું દાન હોય તે તેના કરતાંય કંઈગણું અધિક ફળ મળે છે.

અત્યારે તમારે ત્યાં તો સાધુને દરવાજા જ ખખડાવવા પડે તેમ છે. જો પૂર્વના મહાત્મા હોય તો એકે દિવસ તમારે ત્યાં વહોરવા ન આવે. અમારામાં તો પહેલાંના મહાત્માઓ જેવું સત્ત્વ નથી, ઢીલા છીએ માટે જ તમારે ત્યાં વહોરવા આવીએ છીએ. સુપાત્રદાન કરવા માટે તમે અત્યારે લાયક રહ્યા છો ખરા ? ખરું સંયમ પાળતો સાધુ તમારે ત્યાં પગ મૂકે ખરો ? આ બધા કડક શબ્દો છે, પણ ખરેખર આ અત્યારે હકીકત છે. તમે અત્યારે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધામાં જ ઊડી જાઓ

તેમ છો. જેમણે આખો સંસાર છોડ્યો છે, જેમને દુનિયાની કાંઈ પડી નથી, તેવા સંપૂર્ણ નિષ્પાપ જીવન જીવનારા પંચમહાવ્રતધારી સાધુઓ તમારે ત્યાં આવીને શું લઈ લેશે ? અને અમે જે પણ લઈએ છીએ તેનો ઉપયોગ પણ અમે ધર્મના સાધનરૂપે દેહનું પોષણ કરવામાં કરવાના છીએ.

શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે જ્યારે રથકાર, મહાત્માને વહોરાવી રહ્યો છે, તે વખતે હરણ તેને તેમાં સહાય કરી રહ્યો છે. એટલે રથકાર સુપાત્રદાન કરી રહ્યો છે અને હરણ કરાવી રહ્યો છે, જ્યારે મહાત્માની તેમાં સ્વીકારરૂપે અનુમતિ છે; અને ત્રણેના ભાવ તે વખતે સરખા છે. ત્રણેની શુદ્ધિ તે વખતે સરખી છે, માટે ત્રણે જણા તરી ગયા છે. મહાત્મા તો તરેલા હતા, પણ આ બંને પણ તરી ગયા છે.

ભગવાનનું શાસન પામેલો શ્રાવક ગુણને ઓળખતો હોય. તેને ખબર જ હોય કે સુપાત્રદાન દ્વારા મારો કણેકણ રત્નત્રયીની આરાધનામાં જ વપરાવાનો છે, વિશિષ્ટ કોટિની સાધનામાં જ ઉપયોગ થવાનો છે; જે શક્તિના ઉપયોગથી મુનિ ભગવંત જગતનું અને જાતનું પરાકાષ્ઠાનું આત્મકલ્યાણ કરશે. માટે વિચારે કે હું તો સંયમ નથી પાળી શકતો, સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રની સંપૂર્ણ આરાધનાને ધારણ નથી કરી શકતો, પણ મારું ભાગ્ય ક્યાંથી કે આ કણિયાનો ઉપયોગ તેની ઉપાસનામાં વપરાય ! **શ્રાવકને સુપાત્રમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવાની ભાવના જોઈએ, કારણ કે આના જેટલો શ્રેષ્ઠ સદુપયોગ જગતમાં ક્યાંય નથી.** જ્યારે તમને તો સાધુને સારી વસ્તુ વહોરાવતાં હાથ ધ્રૂજે ને ?

સુલસા શ્રાવિકાથી વહોરાવતાં, વહોરાવતાં લક્ષપાક તેલનો એક બાટલો ફૂટી ગયો, બીજો ફૂટ્યો, ત્રીજો ફૂટ્યો છતાં પણ તેને અસર થઈ નથી. જ્યારે તેની પાસે વહોરાવવા માટે એક પણ બાટલો રહ્યો નહિ ત્યારે "આપવા માટે વસ્તુ ન રહી તેથી વહોરાવતી વખતે હું લાભથી વંચિત રહી" તેનો અફસોસ થાય છે, બાકી ધનવ્યયથી તેનું રુવાંટું ફરકે તેમ નથી. કેટલી દિલની ઉદારતા-વિશાળતા-ભક્તિભાવ હોય તો આવો ભાવ આવે ! સંગમના જીવે રડી રડીને ખીર મેળવ્યા પછી અડધી વહોરાવવાની ઇચ્છાથી વહોરાવે છે. પણ બધી અપાઈ જાય છે તોપણ તેને અફસોસ નથી થતો, કારણ મહાત્માના પાત્રમાં ગયેલું સફળ જ છે, તેવું માને છે.

**સભા** :- તે બાળકને આ બધી સમજ હતી ?

**સાહેબજી** :- હા, મહાત્માના ગુણોની તેને ઓળખાણ છે, સદ્ભાવ-બહુમાન છે. કારણ આ મહાત્મા માસક્ષમણના તપસ્વી છે. તેમને દરરોજ તે સાધનામાં ઊભેલા જંગલમાં જુએ છે. તેથી તેને મહાત્મા પ્રત્યે ઘણું જ બહુમાન છે. એટલે સર્વસ્વ અપાયું તોપણ અફસોસ થયો નથી. તમને તો સાધુની ભક્તિમાં કીમતી વસ્તુ વાપરવાની આવે તો હાથ ધ્રૂજે ને ?

**સભા** :- સાહેબજી, એક વખત એવી કીમતી વસ્તુ વહોરો ને.

**સાહેબજી** :- અમે તો જેટલા સાદા રહીએ તેટલું જ સારું છે. અમને તો એટલા વગોવ્યા છે કે કારણે પણ જો અમે આવી કીમતી વસ્તુ વાપરીએ તો તમે નિંદવામાં કાંઈ બાકી રાખો તેમ નથી. અત્યારે સંઘમાં સાધુ માટે પહેલાં કરતાં ૧૦૦મા ભાગનું પણ માન નથી. હા, કદાચ કોઈ શિથિલ સાધુથી તમને કડવા અનુભવ પણ થાય, તેમ ભૂતકાળમાં પણ કડવા અનુભવ થતા હતા, છતાં સારા સાધુ માટે તો તે વખતે સદ્ભાવ રહેતો જ હતો. પરંતુ અત્યારે તો સાધુસંસ્થાની છાપ જ ભૂંસાઈ ગઈ છે. પહેલાં તો રાજા-મહારાજા મહાત્માના આદર-સત્કાર કરતા, જ્યારે અત્યારે તો દરરોજ ધર્મ કરનારને પણ સાધુની ફૂટી કોડીની કિંમત નથી. અમે કાંઈ જગતનાં માન-સન્માન લેવા દીક્ષા લીધી નથી, અમને તેની અપેક્ષા પણ ન હોય; પરંતુ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા-બહુમાન-ભક્તિના કારણે, ભલે આરાધના મહાત્મા કરે, પણ તમને તેનાથી જે પુણ્ય મળતું હતું, તે બંધ થઈ ગયું. અત્યારે અમારે સાધુઓએ બહુ જ સાવચેત રહેવા જેવું છે.

ઋષભદેવ ચરિત્રમાં આપણે જોઈ ગયા કે મહાત્માને ઉપચાર માટે કેવી કીમતી વસ્તુની જરૂર પડી ? જેમ કે લક્ષપાક તેલ-ગોશીર્ષચંદન-રત્નકંબલ આ બધાની કિંમત કેટલા કરોડ થાય ખબર છે ? તમને જો આજે આવી વૈયાવચ્ચ કરવાની આવે તો શું થાય ? મનમાં કેવા કુવિકલ્પો થાય ? પરંતુ "આ ધરતી આવા મહાત્માથી જ પાવન થયેલી છે. જ્યાં પણ જશે ત્યાં સૌને પવિત્રતા પમાડશે. તેમના આચાર અને ઉપદેશથી કેટલા જીવો ધર્મ પામશે ! તેથી તેમના માટે જેટલું કરીએ તેટલું સાર્થક છે." આવા કોઈ ભાવ થાય ?

**સભા** :- પણ સાહેબજી ! અમારા ભાવ કેમ બદલાઈ ગયા છે ? કાળ કારણ છે ?

**સાહેબજી :-** ના, ધર્મગુરુની ચોરે અને ચૌટે થતી નિંદા તેનું કારણ છે. અત્યારે એવું કહેનારા તથા લખનારા છે કે સાધુઓ સમાજનું મફતનું, હરામનું ખાનારા છે. આ સમાજને તેઓ નિરુપયોગી છે. ખાલી ખાઈપીને પડ્યા રહે છે. આપણો જૈનનો પણ ઘણો વર્ગ આવું માનનારો છે. પરંતુ તમે કદી વિચાર્યું છે કે પવિત્ર સાધુ દુનિયામાં લે છે શું ? અને સામે આપે છે કેટલું ? આ જગતમાં પવિત્ર ઊંચી મનોદશા ટકી છે કોના આધારે ?

હું જ્યારે સ્કૂલમાં ભણતો હતો ત્યારે પાઠ આવતો હતો કે ઈન્ડિયામાં બાવન હજાર સાધુઓ છે, જે સમાજ પર ભારરૂપ છે, કાંઈ ઉત્પાદન કરતા નથી. આ વાત ૨૨ થી ૨૫ વર્ષ પહેલાંની છે. હવે જે આવું ભણીને તૈયાર થાય તે સાધુને શું માને ? પાછું એમ લખે કે જો આ બાવન હજાર સાધુને કાયદો કરીને મિલિટરીમાં જોડી દે તો દેશનું રક્ષણ તો કરશે. માટે તમારે સાધુ પાસે ચોકિયાતનું કામ કરાવવું છે ને ? તમે ગુણોને ઓળખી શકો તેવું તમારું માનસ જ નથી રહ્યું. અત્યારે કુપાત્રની ભક્તિને મહાન ધર્મ માનવામાં આવે છે ! જ્યારે ખરેખર તો સુપાત્રદાનમાં સર્વસ્વ ધરવાનું આવે તોપણ હીચકીચાટ ન થાય. જેમ સોનાની ખાણ જેવા ધંધામાં પૈસા રોકતાં હીચકીચાટ થાય ખરો ? તેમ જેને સુપાત્રની પરખ છે તેને તો તેની ભક્તિમાં ઉલ્લાસ હોય જ.

## પ્રભુપૂજામાં પ્રવૃત્તિભાવધર્મ :

પ્રવૃત્તિભાવધર્મમાં ખાલી ભાવો નથી માંગ્યા પણ સાથે પ્રવૃત્તિ વિધિપૂર્વકની જોઈએ. પ્રણિધાનમાં માત્ર ધ્યેયશુદ્ધિ માંગી છે, પણ અહીંયાં તો જે અનુષ્ઠાન કરો તેમાં બધા વિધિનિષેધના નિયમોને વળગી રહેવું પડે છે. તમે તમારી આટલી જિંદગીમાં કોઈ દિવસ સંપૂર્ણ વિધિપૂર્વકની પૂજા કરી છે ? અને જો એવી પૂજા થાય તો તેનો આનંદ, સ્વાદ, અનુભૂતિ કેવી આવે ? પૂજા કરવામાં કાળ પણ બરાબર જોઈએ. શાસ્ત્રદૃષ્ટિએ તમારે પ્રભુપૂજા મધ્યાહ્નકાળે કરવાની છે. જ્યારે તમારે તો ગમે ત્યારે તમારી સગવડ મુજબ કરવાની છે ને ? પરંતુ તમે ધંધો તમારી સગવડ મુજબ કરો છો ખરા ? તમે ધંધા પ્રમાણે adjust-અનુકૂળ થાઓ છો કે તમારી સગવડ પ્રમાણે ધંધાને adjust કરો છો ? તમે કહેશો કે બજાર છૂટ્યા પછી મોડેથી હું ધંધો કરવા જાઉં તો ચાલે ખરું ? ના, બસ ત્યાં બધું નક્કી છે, ચોકસાઈ છે, જ્યારે ધર્મમાં બધું જ ચાલે.

**સભા :-** પાલિતાણામાં દાદાનો પ્રક્ષાલ કેમ નવ વાગે કરાવે છે ?

**સાહેબજી :-** ત્યાં સમૂહ છે. તેમાં બધા વિધિપૂર્વક કરી શકે તેવા ન હોય, તથા બાળકો હોય, તથા ઘણાને શરીરની અનુકૂળતા ન હોય તેવા પણ હોય. એટલે ત્યાં પ્રણિધાનપૂર્વક કરે તોપણ લાભ છે. વળી, પ્રવૃત્તિભાવધર્મપૂર્વક ક્રિયા કરો તો લાભ વધારે છે. માટે તમારી તૈયારી હોય તો ત્યાં પણ તમે મધ્યાહ્નકાળે બાજુમાં ઋષભદેવ ભગવાનને લઈને પૂજા કરી શકો છો. પરંતુ તમારી તૈયારી જોઈએ કે અકાળે પૂજા નથી કરવી તથા યોગ્ય દ્રવ્યથી જ પૂજા કરવી છે.

કુમારપાલરાજા મધ્યાહ્ને તેમના પરિવાર-વૈભવ સાથે ઉત્તમ વસ્ત્રો પહેરીને વર્ષીદાન દેતાં દેતાં પ્રભુપૂજા કરવા જતા. સાથે પાટણ શહેરના ૧૪૦૦ કોટ્યાધિપતિ હોય. તેમ પેથડશાહ માટે પણ શાસ્ત્રમાં વર્ણન આવે છે તે વાંચો તો ખબર પડે. તમે લોકો ખાલી મોઢેથી ત્રણ લોકના નાથ બોલો છો, પણ એ લોકો તો હૃદયથી ભગવાનને ત્રણ લોકના નાથ માનતા હતા.

અત્યારે તમારે પૂજાના દ્રવ્યમાં પણ ઠેકાણું ખરું ? જેમ કે **પ્રક્ષાલ માટે દૂધ તો ગાયનું તાજું દૂધ જોઈએ, પાણી તો વરસાદનું અંતરીક્ષજળ અને ગળેલું જોઈએ, અને પુષ્પ પણ કેવાં ? સુગંધી તાજાં લેવાનાં.** જ્યારે તમારે તો ઊંટનાં અઢાર વાંકાં જેવું છે ને ? પછી કહો ભાવ નથી આવતો તો ક્યાંથી આવે ? ઘણાનાં તો પૂજાનાં કપડાં જોઈએ તો વિચારમાં પડી જવાય તેવાં હોય છે. કાં ફાટેલાં, મેલાં, કાં ખાદીનાં જાડા લઠ્ઠ જેવાં હોય. આમ પાછા તેઓ બહાર તો અપટુડેટ થઈને ગાડીમાં ફરતા હોય. પૂજાનાં વસ્ત્રો ઉત્તમમાં ઉત્તમ જોઈએ. કુમારપાળ રાજાએ પૂજાનાં વસ્ત્રો મેળવવા યુદ્ધ કર્યું છે. જ્યાંથી તેઓ વસ્ત્ર લેતા હતા ત્યાંનો રાજા, તે નવા વસ્ત્રને એક વખત પહેરીને પછી જ વેચવા દેતો. પરંતુ એક વખત પહેરેલાં વસ્ત્રો પૂજામાં પહેરાય નહિ, માટે કુમારપાળ રાજાએ કહ્યું, "મને આવાં વસ્ત્ર ચાલે નહિ, નવાં જ જોઈએ." પણ રાજા તાનમાં હતો માટે માન્યો નહિ અને આવાં ઉત્તમ વસ્ત્ર બીજે ન મળવાના કારણે તેમણે તેની સાથે યુદ્ધ કરીને પૂજાનાં વસ્ત્રો નવાં જ સીધાં મળે તે રીતે વ્યવસ્થા કરી. આના પરથી તમે તેમનો ધર્મનો રાગ, બહુમાન, સમર્પણ, અહિંસા સમજી શકો છો.

**સભા :-** ધર્મ માટે યુદ્ધ શું કામ કરવું ?

**સાહેબજી :-** આવું માનનાર વેવલા સાથે શું વાત થાય ? **ધર્મમાં મક્કમતા** તે ગુણ છે. માટે **અધર્મી ધર્મમાં વિઘ્ન કરે ત્યારે જો સાંખી લો,** તો તે નમાલાપણું

**છે, તે કાંઈ ક્ષમા નથી.** અત્યારે તમારાં ધર્મનાં ધોરણ શું છે ? જો તેને બરાબર રીતે સમજો તો તમારો વિવેક જુદો જ હોય. જો કુમારપાળને વસ્ત્ર માટે આટલી તજવીજ હોય તો બીજી બધી વસ્તુ માટે કેવું હશે ! તેથી તેમને ભાવ પણ કેવા આવે ! તમે ભગવાન પાસે જાઓ છો ત્યારે તમારું હૈયું નાચે છે ખરું ? ના, કારણ તમને વિધિનો રસ કે આગ્રહ જ રહ્યો નથી. તમને તો અત્યારે અવિધિ જ વાજબી લાગે છે.

દહેરાસર બંધાવવાની અને મૂર્તિ ભરાવવાની વિધિ વાંચો તો ખબર પડે કે વિધિશુદ્ધમાં કેટલી અપેક્ષા છે ! દા.ત. પ્રભુની અપ્રતિમ મુદ્રા છે, તેમનું અપ્રતિમ રૂપ છે, આબેહૂબ બનાવવા માટે કેવા શિલ્પી ગોતવા જોઈએ ? તેની પાસેથી કઈ રીતે કામ લેવું જોઈએ ? મેં અત્યાર સુધીમાં નવી મૂર્તિઓમાં લક્ષણોપેત પાંચ મૂર્તિ પણ જોઈ નથી; લક્ષણોપેત જે પણ મૂર્તિઓ જોઈ છે તે પ્રાચીન છે. તીર્થંકરની આકૃતિનાં લક્ષણો કેવાં હોય તે પણ સમજવું પડે. તેમના દેહ પર ૧૦૦૮ લક્ષણો કહ્યાં છે. જયારે તમે તો ૩૨ લક્ષણો પણ રાખ્યાં નથી ને ? તમારું તે અંગે ધ્યાન જ નથી, કાળજી નથી. અત્યારે મૂર્તિ બનાવવામાં પણ contract base (પૂર્વશરતો આધારિત) થઈ ગયો છે. તેમાં પણ તમે વેપારી ધોરણ કરી નાખ્યું છે. માટે જ તમને ભાવ નથી આવતા. જયારે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સામે આરાધક જીવને ભાવ કેમ આવે છે ? કારણ કે વિશિષ્ટ રીતે તેની પ્રતિષ્ઠાવિધિ થયેલી છે.

પર્યુષણના વ્યાખ્યાનમાં કુમારનંદી સોનીનું દૃષ્ટાંત આવે છે, કે તે પછીના તેના વિદ્યુન્માલી દેવના ભવમાં સમકિત પામવાની તેની લાયકાત ન હોવાથી તેને માત્ર બોધિબીજ પમાડવા, પૂર્વભવના શ્રાવકમિત્રે, જે વર્તમાનમાં ઉચ્ચ દેવઅવસ્થામાં હતો, તેણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને કહ્યું કે, "તું જયાં સાક્ષાત્ વીરપ્રભુ ગૃહસ્થઅવસ્થામાં કાઉસ્સગ્ગધ્યાનમાં ઊભા છે ત્યાં જઈને, પ્રભુની મુદ્રા પ્રત્યક્ષ જોઈ, મનમાં ધારણ કરી, તેમની તેવી આબેહૂબ મૂર્તિ બનાવ." હવે આવી લક્ષણોપેત મૂર્તિનો પ્રભાવ કેવો હોય ! પછી તે દેવ આવી મૂર્તિ બનાવીને કપિલકેવળી પાસે પ્રતિષ્ઠા કરાવે છે. મૂર્તિ કાંઈ માત્ર માનવદેહની આકૃતિની જ બનાવવાની છે ? કે લોકોત્તર આકૃતિની બનાવવાની છે ? એટલે ૭૨ કલાસંપન્ન દેવતાને પણ અવલોકન કરવા જવું પડે. ઘણી વિશેષતા છે, અને આ સર્વ વિધિ જાળવો તો જ પ્રવૃત્તિભાવધર્મ આવે, જે ઘણું જ કઠિન છે. **જેને આ પ્રવૃત્તિભાવધર્મ આવે તેને ધર્મનાં ખરાં ફળ-આસ્વાદ મળવાનાં ચાલુ થાય.**

મયણાએ અમૃતઅનુષ્ઠાન કર્યું છે. શાસ્ત્રમાં એક ખમાસમણું આપતાં જેવા ભાવ જોઈએ, જેવી એકાગ્રતા જોઈએ તે રીતે તેણે અનુષ્ઠાન કર્યાં છે. તમારે તો ઉપકરણનાં પણ ઠેકાણાં ન હોય ને ? પછી ક્રિયા માટે તો શું બોલાય ? તમને ધર્મના ક્ષેત્રમાં બધું જ ચાલે તેમ છે. હા, ભાણે જમવા બેસો તો બધું જ વ્યવસ્થિત જોઈએ ને ? જો મીઠા વગરની કાચી રસોઈ આપે તો શું કરો ? આખું ઘર ઊંચું કરો ને ? પણ આ ક્ષેત્રમાં બધું જ ચાલે છે, કારણ શું ?

**સભા :-** ભગવાન ક્યાં જુએ છે ?

**સાહેબજી :-** હા, તમારા ભગવાન તો અજ્ઞાની છે ને ? પરંતુ તેઓ તો ત્રણ લોકને જુએ છે. આપણા બધાનાં પરાક્રમને જુએ છે. હા, એટલું ખરું, જુએ છે પણ તમારો કાન પકડતા નથી.

**સભા :-** માટે જ અમારે પોલંપોલ છે.

**સાહેબજી :-** હા, પોલંપોલ ચલાવો છો એટલું જ નહિ, પણ તમને તેમાં જ રસ છે. અત્યારે અમે વિધિનું વર્ણન કરીએ તો ઘણાને પીંજણ લાગે છે. તમારે **પૂજા કરતાં સીવેલું ધોતિયું ન વપરાય. વગર ફાટેલાં, વગર સાંધેલાં, રોજ ધોએલાં, ઉત્તમમાં ઉત્તમ વસ્ત્ર જોઈએ.** જ્યારે ઘણા કહે છે કે સાહેબ, લેંઘો પહેરીએ તો શું વાંધો ? **પરંતુ જો ધર્મનું ફળ અખંડ જોઈતું હોય તો ઉપકરણો પણ અખંડ જ જોઈએ.** જ્યારે તમારું સાંધેલું વસ્ત્ર તો ખંડિત ગણાય, તો ક્યાંથી અખંડિત ભાવો આવે ? શાસ્ત્રકારોએ કાંઈ નવરા બેઠા તરંગતુક્કા મૂક્યા નથી. પણ તેની પાછળ ચોક્કસ કારણો છે.

પ્રક્ષાલમાં પણ વરસાદનું ચોક્ખું પાણી કેમ જોઈએ તેનાં પણ ચોક્કસ કારણો છે. વરસાદનું પાણી સંપૂર્ણ શુદ્ધજળ છે. કૂવા, તળાવ, નાળું, નદી બધાનાં પાણીમાં અશુદ્ધિનું મિશ્રણ હોય છે, ભેગાં ગટરનાં પાણી પણ હોય છે. રસ્તામાં વરસેલું પાણી બધી જ ગંદકીમાંથી પસાર થઈને કૂવા, તળાવ, નદીમાં જતું હોય છે. માટે બધું અશુદ્ધ પાણી જ છે. તેથી જ તેવા પાણીથી પ્રક્ષાલ થાય નહિ. પહેલાંના શ્રાવકો તો પીવામાં પણ આ અંતરીક્ષજળનો ઉપયોગ કરતા. ભગવાનના દસ શ્રાવકોનાં વ્રતોનાં વર્ણન સાંભળો તો આભા થઈ જવાય. તેમને વ્રત હતાં કે અંતરીક્ષજળને છોડીને બીજું પાણી પીવું નહિ. જો કે તમારું આધુનિક વિજ્ઞાન પણ માને છે કે આ જળ જ સંપૂર્ણ આરોગ્ય જાળવી શકે તેમ છે. દસ શ્રાવકના વ્રતમાં સાતમા

ભોગોપભોગપરિમાણવ્રતના વર્ણનમાં, શું ખાવું શું ન ખાવું તેનું વર્ણન વાંચો તો લાગે કે તેઓ આયુર્વેદના કેવા નિષ્ણાત હશે ! જ્યારે અત્યારે તમારી શું સ્થિતિ છે ?

તમારા સંસારના ભોગો પણ બગડી ગયા છે. પહેલાંનાં જીવન જ એવાં હતાં કે તેઓ દ્રવ્યશુદ્ધિ જાળવી શકતા હતા. પરંતુ હવે તો તમારા આધુનિક જીવનના કારણે પ્રત્યેક ક્રિયામાં વિધિમાર્ગ ઘટી રહ્યો છે. એટલે તમારે તો હાલમાં પ્રવૃત્તિભાવધર્મ સાંભળવાનો, સમજવાનો અને તેને આદર્શ તરીકે રાખવાનો, ને વિચારવાનું કે જેઓ આ ભાવધર્મને પામ્યા હશે તેમણે કેવો આનંદ-સ્વાદ માણ્યો હશે ! કેવાં કર્મોની નિર્જરા કરતા હશે ! આવા જીવો લગભગ પ્રાયઃ કરીને તે જ ભવે મોક્ષે જનારા હોય છે. કદાચ નિકાચિત ભારે કર્મ હોય તો એકાદ બે ભવમાં મોક્ષે જનારા હોય છે. તેવા જીવોનો સંસાર ખાબોચિયા જેવો હોય છે. આના ઉપર આગળ વિશેષ વિવેચન આવશે. સાથે સાથે આપણે પ્રણિધાનભાવધર્મ અને પ્રવૃત્તિભાવધર્મની તુલના કરતા જઈશું.

**આ જૈનશાસનનો આરાધનામાર્ગ ગહન અને ઉત્કૃષ્ટ છે. આ શાસનની ક્રિયા બીજા ધર્મો કરતાં ઊંચી છે. જૈનશાસનની ક્રિયા જાળવવા ઉત્કૃષ્ટ આરાધકભાવ જોઈએ.** શ્રીપાળ-મયણાના જીવનમાં તમારા કરતાં ભોગ-આરંભ-સમારંભ વધારે હતા, પણ જ્યારે તેઓ ધર્મ કરે ત્યારે ધર્મમાં એકમેક થઈને શાસ્ત્રોમાં બતાવેલ ભાવોને જાળવીને કરે. પહેલાં સુખી શ્રાવકો પોતાનું અંગત દહેરાસર રાખતા હતા. દા.ત. પેથડમંત્રી પોતાના જિનમંદિરમાં મધ્યાહ્નકાળની પૂજા કરવા નિસીહિ કહીને પ્રવેશ કરે, પછી ગમે તેવું કામ આવે તોપણ તેમને બોલાવવાના નહિ. તેઓ રોજ ઠાઠપૂર્વક પ્રભુની એવી આંગી કરે કે બીજાને પણ ભાવ થાય. એક વખત તેઓ પ્રભુની પૂજા-ભક્તિ કરતા હતા ત્યારે રાજાને તત્કાળ કામ પડ્યું એટલે તેમને બોલાવવા મોકલ્યા, પણ મંત્રીશ્વરની પત્નીએ તેમને પૂછ્યા વગર કહી દીધું કે તેઓ હાલ પરમાત્માની પૂજા-ભક્તિ કરે છે, માટે હાલમાં આવી શકે તેમ નથી. આ સંદેશો મળ્યા પછી પણ રાજા બે-ત્રણ વખત તાબડતોબ આવવાનો સંદેશો મોકલે છે, પણ 'ના'માં જ જવાબ મળવાથી રાજા પોતે અધીરો થઈને મંત્રીના ઘરે આવે છે. ત્યારે સ્વાગત કરીને મંત્રીપત્ની કહે છે કે "ત્રણલોકના નાથની સેવામાં તત્પર મંત્રીશ્વર હાલમાં આપને મળશે નહીં." તમે વિચારજો કે, તેઓ કેવા એકાકારભાવ, સમર્પણ, તન્મયતા સાથે આખો સંસાર ભૂલીને પૂજા કરતા હશે !

કેવી સ્વાદમય ભક્તિ હશે ! રાજા વિચારે છે કે બીજું કાંઈ નહિ પણ મારે હવે મંત્રીશ્વરની પ્રભુપૂજા જોવી છે, માટે જિનમંદિરમાં આવે છે. મંત્રીશ્વરની એકાગ્રતા-ભક્તિ-ઉલ્લાસ જોઈને રાજાને થાય છે કે "શું ઈશ્વરતત્ત્વની ઉપાસના કરે છે ! ખરા સત્ત્વશાળી ભક્ત છે. લાવ, હું પણ તે ભક્તિમાં ભાગ લઉં."

મંત્રીશ્વર પોતે હજારો ફૂલથી પ્રભુની અંગરચના કરે છે. ફૂલ એક પછી એક જાતે લેવામાં પરમાત્માના દર્શનમાં અંતરાય થાય, ભક્તિની એકાગ્રતામાં વિક્ષેપ આવે, માટે એક સેવકને એવી રીતે તૈયાર કર્યો છે કે ક્યાં કયું ફૂલ ક્યારે જોઈશે, તે પ્રમાણે તે એક પછી એક ફૂલ લઈને મંત્રીશ્વરને આપે, જેથી ભક્તિમાં વિક્ષેપ ન થાય. આમ, માણસ રાખવામાં પણ ભક્તિભાવ સમાયેલો છે. હવે રાજા ઇશારાથી આ માણસને ઊભો કરીને પોતે ત્યાં બેસે છે. રાજાને તો કાંઈ ખબર ન હોવાના કારણે બીજું ફૂલ અપાઈ ગયું. રાજા ખુદ અત્યારે સેવક બનીને ફૂલ આપે છે, પરંતુ ફૂલ આપવામાં ગોટાળો થવાથી મંત્રીશ્વર પાછળ જુએ છે તો ત્યાં ખુદ રાજા બેઠેલા છે. રાજાને તરત જ થાય છે કે "મેં ભૂલ કરી, આમને મારાથી વિક્ષેપ પડ્યો." **સાચું કહેજો, આ લોકોની પ્રભુભક્તિમાં સમર્પણ કેવું હશે? તમે વિચારજો, કદી પ્રભુદર્શન માટે તમારી આંખો તરસી હોય છે ? કદી એવું થયું છે કે પ્રભુદર્શન કરતાં તમે ધરાયા જ ન હો? કયારેય આવું પરમાત્મા સાથે મિલન થયું છે ખરું ? વિચારજો.**

## ૨૮

તા.૫-૯-૯૫, મંગળવાર, ભાદરવા સુદ અગિયારસ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણને સર્વ દોષથી મુક્ત અને સર્વ ગુણથી પરિતૃપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**જો આપણે બધાએ મોક્ષમાં જવું હોય તો આપણા આત્મામાં રહેલા બધા દોષોનું ગુણોમાં પરિવર્તન કરવું પડશે.** જ્યાં સુધી આત્મામાં અલ્પ પણ દોષો રહેલા હશે અને ગુણોમાં કચાશ હશે ત્યાં સુધી આપણે પરિપૂર્ણતાને પામી શકીશું નહિ. આપણે જ્યારે સર્વ દોષથી રહિત અને સર્વ ગુણથી પરિપૂર્ણ થઈશું ત્યારે જ મોક્ષના સુખને પામી શકીશું. પરંતુ તે માટે આત્મામાંથી ગમે તે દોષ કાઢવાનો ચાલુ કરવો અને ગમે તે ગુણ કેળવવાનો ચાલુ કરવો, તે રીયલ સાધના નથી. પણ **સૌથી પહેલાં જીવનમાં મોટા દોષોનો ત્યાગ કરવાનો છે અને નાના ગુણોનો સ્વીકાર કરવાનો છે. પછી જેમ જેમ સાધના ઊંચી થતી જાય તેમ તેમ નાના નાના દોષોનો પણ પરિત્યાગ અને મોટા ગુણો મેળવતા જવાનું છે.** આ ક્રમ પ્રમાણે કરવાનું આવશે. તેથી તેનો ક્રમ બરાબર સમજવો જરૂરી છે.

દા.ત. જેમ તમારે એક મેલું દાટ મસોતા જેવું થયેલું કપડું ધોવું છે. તેને તમે જ્યારે પહેલીવાર પાણી-સાબુમાં ધોવા નાંખો ત્યારે મોટો-મોટો મેલ નીકળે. જ્યારે બીજીવાર નાંખો ત્યારે તેનાથી વધારે ઝીણો મેલ નીકળે. તેમ ત્રીજી વાર કરતાં તેનાથી ઝીણો મેલ નીકળી ચોક્ખું થાય. તે જ રીતે જેમ તમારે ઘર ચોક્ખું કરવું હોય તો પહેલાં તમે મોટા-મોટા બાવા આદિ કાઢશો. પછી જમીન સાફ કરશો. પછી પોતું મારશો એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કચરો પણ સાફ થશે. જેમ સ્થૂલ મેલ કાઢવા ઓછો પ્રયત્ન અને સૂક્ષ્મ મેલ કાઢવા વધારે પ્રયત્ન કરવો પડે છે, તેમ, **સાધનામાં મોટા દોષો ઓછા પ્રયત્ને નીકળે છે અને ઝીણા દોષોનો ત્યાગ કરવો મહાદુષ્કર છે.** અને જે વ્યક્તિ આ કરી શકે તે જ સાધનામાં આગળ વધી શકે છે. **માટે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે દોષોના ત્યાગમાં શરૂઆત મોટા દોષોથી કરવાની છે, જ્યારે ગુણોની પ્રાપ્તિમાં શરૂઆત નાના ગુણોથી કરવાની છે. અને**

**તે કરવા માટે પ્રણિધાનભાવધર્મ બતાવ્યો છે. વળી, તમે કોઈપણ ક્રિયા ઊંધા લક્ષ્યથી કે લક્ષ્યશૂન્ય થઈને કરો તો તે પ્રવૃત્તિ મોટા દોષવાળી કહેવાય છે.** જેમ કે તમારે પૂજા કરવી છે, પણ શું કામ કરવી છે ? કરીને શું મેળવવું છે ? તેનો તમને સ્પષ્ટ ખ્યાલ નથી. વીતરાગની પૂજા કરવા આવે છે પણ જેને વીતરાગતા સાથે મેળ નથી, સાંસારિક ભાવોનો જેને ત્યાગ કરવો નથી, તે ભાવોને ખરાબ માનવાની તૈયારી નથી, આવા વિચારવાળાની ક્રિયા ભાવશૂન્ય ક્રિયા કહેવાય છે, ભલે પછી તે ત્રણ કલાક લળી લળીને નૃત્ય, સંગીત, ઉલ્લાસ સાથે પ્રભુભક્તિ કરતો હોય, પણ તેમાં પ્રણિધાનભાવ ન હોવાથી તે મોટા દોષવાળી ક્રિયા કહેવાય છે, જે આત્મિક દૃષ્ટિએ વિશેષ ફળ ન આપે. જેમ તમે સામાયિક કરો છો તે વિરતિ ધર્મ છે. હવે જેને અવિરતિ ખરાબ જ ન લાગતી હોય, જેને વિરતિનું આકર્ષણ જ ન હોય, તેનું સામાયિક પ્રણિધાનવાળું કેમ કહેવાય ? પ્રણિધાનવાળાને તો અવિરતિથી ત્રાસ થતો હોય. **વિરતિ એટલે પાપોનો વિરામ અને અવિરતિ એટલે પાપોનો અવિરામ.** દેહ-ઇન્દ્રિય-મન-વચન-કાયાના પાપોથી જે ત્રાસેલો હોય, તેનાથી બેચેન થયેલો હોય, તે કારણે જે સામાયિકમાં આવવા માંગતો હોય; ભલે પછી સામાયિકમાં કદાચ તેને સંપૂર્ણ પાપોના વિચાર ન છૂટતા હોય, પરંતુ તેને અંતરમાં જો તેનો ઉદ્વેગ હોય તો તે સામાયિક પ્રણિધાનવાળું કહેવાય. જેમ કોઈ ઉપવાસ, આયંબિલ કરે છે. તેને આહાર વિકારરૂપ ન લાગતો હોય, તેની આસક્તિથી તે ત્રાસેલો ન હોય તો તેનો તપ પ્રણિધાનવાળો નથી, કારણ તેની ક્રિયામાં કોઈ લક્ષ્ય-ધ્યેય નથી. આવી બધી ક્રિયા મોટા દોષવાળી કહેવાય છે. આવી ક્રિયા ભગવાનના શાસનમાં તમે વર્ષો સુધી કરો કે જિંદગીભર કરો, તોપણ તેનું વિશેષ આત્મિક ફળ નથી મળતું. **જે ક્રિયા પ્રણિધાનવાળી છે તે જ તરવાનું સાધન બને છે.** માટે પ્રત્યેક ક્રિયામાં પ્રણિધાન આવવું જોઈએ.

વળી, જે પ્રણિધાન પામ્યા છે તેવા જીવોને પણ જો પ્રવૃત્તિભાવધર્મ પામવો હોય તો ખૂબ જ પ્રયત્ન કરવો પડે. જે જીવને પ્રવૃત્તિભાવધર્મ પ્રગટ્યો છે તે તો હવે સાધના કરવા ભેટ બાંધીને નીકળ્યો છે તેમ કહેવાય. તે પોતે આત્મકલ્યાણના માર્ગમાં પૂરી તાકાત લગાવીને આગળ વધી રહ્યો છે. **પ્રવૃત્તિભાવધર્મની ભૂમિકામાં ક્રિયામાં જરાપણ પ્રમાદ-આળસ-ઉપેક્ષા ન ચાલે.** તમને તો પ્રતિક્રમણ કે વ્યાખ્યાન જરાક લાંબુ ચાલે તો થાય કે હવે ક્યારે ઝટ પૂરું થાય ? તમને કદાચ કોઈ વખત ધર્મ વધારે થઈ જાય તો ઉદ્વેગ આવી જાય ને ? અત્યારે તમે પર્યુષણના આઠ

દિવસ ધર્મ કરીને પણ ધરાઈ ગયા છો ને ? હવે તમારી ભૂખ તો બાર મહિને જ ઊઘડશે ને ? તમને અત્યારે શરીરનો થાક લાગ્યો છે કે માનસિક થાક લાગ્યો છે ?

**સભા :-** માનસિક થાક લાગ્યો છે.

**સાહેબજી :-** આમ પણ તમે શરીરથી વધારે ધર્મ કરો તેવા નથી. છતાં તમને થાય છે કે હવે બહુ ધર્મ થઈ ગયો માટે થોડો rest (આરામ) કરી લઈએ. કારણ અંદરથી તમને ધર્મની બહુ ભૂખ નથી. ધર્મમાં જે ઉદ્વેગ આવે છે તે જ બતાવે છે કે તમને ધર્મમાં રસ કેટલો ઓછો છે ! તમારી અપેક્ષા કરતાં જરા વધારે થાય એટલે એમ થાય કે ક્યારે પૂરું થાય ? કદાચ તમે પૂજા કરવા જો બીજાની સાથે ગયા હો અને તે જો શાંતિથી પૂજા કરતો હોય તો ઊંચાનીચા થઈ જાઓ ને ?

અરે ! તમને તો ખાલી આરાધના ઝટ પૂરી થાય તેટલું જ નહિ પણ તેનું ફળ પણ ઝટ ક્યારે મળે તેવી અધીરાઈ હોય છે. વાસ્તવમાં તેવી અધીરાઈ પણ ન ચાલે. ઘણાને તો ધર્મ થોડો કરવો છે અને ફળ ઘણું મોટું જોઈએ છે, અને અપેક્ષા પ્રમાણે ફળ ન મળે તો તરત જ ધર્મ કરવામાં ઓટ આવી જાય ને ? એટલે અંતરમાં ફળની અધીરાઈ છે અને ક્રિયા ઝટ પૂરી કરવાના ભાવ છે, અર્થાત્ તમને ધર્મમાં ઊંડો રસ નથી.

## પ્રવૃત્તિભાવધર્મમાં વિધિ સાથે ઉત્કૃષ્ટ પ્રયત્ન જરૂરી છે :

આગળ વધીને પ્રવૃત્તિભાવધર્મ માટે તો લખે છે કે તેમાં ઉત્કૃષ્ટ પ્રયત્ન જોઈએ. **પોતાની જેટલી શક્તિ છે તેને કામે લગાડીને આરાધના કરવાની છે. જે જીવ પોતાની શક્તિ ગોપવીને આરાધના કરે છે તેને પ્રવૃત્તિભાવધર્મ આવે નહીં;** પણ કદાચ પ્રણિધાન આવી શકે, તે પણ જેનામાં લક્ષ્ય-ધ્યેય શુદ્ધ હોય તેને જ આવે. પ્રણિધાનયુક્ત જીવમાં આળસ, પ્રમાદ, બેદરકારી, ઉપેક્ષા હોઈ શકે છે; તેઓ સતત સાવધાન થઈને, એકાગ્રતાપૂર્વક, પુરુષાર્થ ફોરવીને ધર્મ કરનારા હોતા નથી; જ્યારે પ્રવૃત્તિભાવધર્મવાળા છતી શક્તિ ધર્મમાં ગોપવતા નથી.

**સભા :-** આ કાળમાં પ્રવૃત્તિભાવધર્મ આત્મસાત્ થઈ શકે ?

**સાહેબજી :-** આ કાળમાં પ્રવૃત્તિભાવધર્મ આત્મસાત્ થઈ શકે તેમ નથી, પરંતુ તેને પામવાનો આદર્શ રાખી શકે છે. તેમાં જવાનું લક્ષ્ય રાખીને પુરુષાર્થ કરવાનો છે.

**સભા :-** શાસ્ત્રયોગનાં અનુષ્ઠાન એ આ પ્રવૃત્તિભાવધર્મ છે ?

**સાહેબજી :-** તમે તો શાસ્ત્રયોગનાં અનુષ્ઠાન લો છો, જ્યારે આ તો ભાવધર્મની વાત છે. શાસ્ત્રયોગમાં ગયેલાને તો આ પ્રવૃત્તિભાવધર્મ અને પ્રણિધાનભાવધર્મ આવી ગયેલા જ હોય છે. શાસ્ત્રયોગના સ્ટેજમાં જવાવાળાને પહેલાં આ સ્ટેજમાંથી પસાર થવું જ પડે.

**સભા :-** કઈ દૃષ્ટિમાં આ ભાવધર્મ આવે ?

**સાહેબજી :-** પાંચમી દૃષ્ટિમાં આવી શકે છે. છઠ્ઠી દૃષ્ટિમાં જકાર સાથે હોય છે.

અત્યારે મોટાભાગના જીવોને તો ધર્મ ગમતો જ નથી. જે કરે છે તે પણ પરાણે કરે છે. જૈનપણાના નાતે બાર મહિનામાં અમુક દિવસ ઉપાશ્રયે આવી જતા હોય છે તેવાની વાત નથી. આપણે બે કક્ષાના જીવો જોઈએ છીએ. તેમાં જેમને ધર્મ ગમે છે, તે જીવોને પણ ધર્મ કરતાં સંસાર વધારે ગમે છે.

**સભા :-** આમાં સાહેબજી ! ફિફ્ટી-ફિફ્ટી ચાલે ?

**સાહેબજી :-** શું તમે તેમાં પણ આવો તેમ છો ? ફિફ્ટી-ફિફ્ટીનો અર્થ કરીશ તો હમણાં ભાગી જશો. સંસારમાં જેટલી શક્તિ વાપરતાં આનંદ-ઉત્સાહ આવે છે, તેટલી શક્તિ ધર્મમાં વાપરતાં આનંદ-ઉત્સાહ આવે છે ? ઘરનાં-કુટુંબનાં કામ જેટલા ઉત્સાહથી કરો છો તેટલા ઉત્સાહથી સંઘનાં કામ કરો છો ખરા ?

**સભા :-** પણ સાહેબજી ! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે.

**સાહેબજી :-** એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે પણ અડધી અડધી બે તલવાર તો રહી શકે ને ? તમે ફિફ્ટી-ફિફ્ટી બોલ્યા છો.

**સભા :-** સમકિતીને આવો રસ હોય ?

**સાહેબજી :-** અરે ! સમ્યગ્દૃષ્ટિની વાત છોડો. તેમને તો સંસારમાં રતીભાર રસ ન હોય. પણ જે સમકિત પામ્યા નથી અને ગાઢ મિથ્યાત્વમાંથી બહાર નીકળી ગયા છે તેવા સંક્રાંતિ સમયના જીવોને સંસારમાં રસ હોય, પણ તેમનો સંસારનો રસ અને ધર્મનો રસ સમાન કક્ષાનો હોય. આવા જીવો ત્રીજી દૃષ્ટિમાં આવેલા હોય છે. પહેલી અને બીજી દૃષ્ટિમાં ધર્મનો રસ ઓછો અને સંસારનો રસ વધારે હોય છે. પણ જેમ જેમ જીવ આગળ વધે તેમ સંસારમાં રસ ઓછો અને ધર્મમાં રસ વધારે હોય છે. પાંચમી દૃષ્ટિમાં તો જીવોને સંસારમાં જરાપણ રસ નથી હોતો. તેમને તો એકમાત્ર ધર્મનો જ રસ હોય છે.

ધર્મમાં રસ કેવો હોય તે બતાવતાં કહે છે કે, સંસારરસિક જીવ જે યુવાવસ્થામાં રહેલો હોય, બુદ્ધિશાળી-ચતુર-વૈભવસંપન્ન હોય, જેને અપ્સરા જેવી સ્ત્રી હોય અને દેવતાઈ જેવું સંગીત હોય તો સાંભળવામાં તેને કેવી તલ્લીનતા આવે ? યુવાકાળમાં ભોગપ્રિય જીવો હોય છે, તેવા યુવાનીની મસ્તીમાં ફરતા જીવોને સંગીત-મ્યુઝિકમાં, કામપોષક વાતોમાં રસ હોય છે, ઉત્સાહ હોય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ સંસારરસિક જીવોને ઉત્કૃષ્ટ ભોગસામગ્રી મળી હોય અને તેમાં જેટલો રસ હોય, તેના કરતાં સમકિતીને ધર્મ સાંભળવામાં, સમજવામાં અનંતગણો ઉત્કૃષ્ટ રસ હોય છે. તમારે ત્યાં સંસારમાં જલસાઓ ગોઠવાય છે, તેમાં ટિકિટ માટે કેટલી પડાપડી થાય છે ! રાતનો ઉજાગરો વેઠીને પણ ટીકીટીકીને જુઓ ખરા ને ? ઝોકું પણ ખાઓ નહિ ! કેવો ત્યાં રસ છે ! તેવો રસ કદી જીવનમાં ધર્મ સાંભળવામાં આવ્યો છે ખરો ? આ તમારી ફિફ્ટી-ફિફ્ટીની વાત કરું છું. જ્યારે સમકિતીને તો અનંતગણો રસ કહ્યો છે. ત્રીજી દૃષ્ટિવાળાને સમાન રસ હોય છે. માટે સમકિતમાં આવવું સહેલું નથી. લગભગ જીવોને સંસારમાં રસ વધારે અને ધર્મમાં રસ ઓછો હોય છે, કાં પછી ધર્મમાં રસ જ હોતો નથી. હવે જેને ધર્મમાં જ રસ નથી તેને તો પ્રણિધાનનો સવાલ જ નથી.

પણ જેને ધર્મમાં સાચો, અસલી રસ છે તેવા જીવોમાં પ્રણિધાન પેદા થાય છે; પણ જ્યાં સુધી પ્રમાદ-આળસ-નબળાઈ હોય, સત્ત્વ ફોરવી ન શકતા હોય, ત્યાં સુધી તેવા જીવોને પ્રવૃત્તિભાવધર્મ ન આવે. માટે તેમનાં તપ-ત્યાગ-સંયમ બધી ક્રિયા છતી શક્તિએ ખામીવાળી થાય. તમારા જીવનમાં ખામીવાળો પુરુષાર્થ ક્યાં છે અને ખામી વગરનો પુરુષાર્થ ક્યાં છે ? કદી વિચાર્યું છે ખરું ? હા, આ વાત શક્તિવાળા માટે જ છે. જેમ લકવો થયેલ માણસ ઊભો થઈને કાઉસ્સગ્ગ કરી ન શકે તેથી તેના માટે આગ્રહ નથી, પરંતુ તમે પુરુષાર્થ ઉત્કટ ક્યાં ફોરવો છો ? જ્યાં તમારો ઉત્કૃષ્ટ રસ હોય ત્યાં જ ફોરવો છો ને ? પાડોશીનું કામ હોય તો ઉત્કૃષ્ટ રસ ફોરવો તેમ છો ? જ્યારે ભાણે બેઠા હો ત્યાં તો ખાવામાં શક્તિનો અતિરેક કરો છો ને ? ટી.વી., વીડીયોથી જ ચશ્માં આવી ગયાં ને ? રસ હોય ત્યાં શક્તિનો વિચાર કરો તેમ નથી. ઘણી વખત માથું દુઃખી જાય પણ જોવાનું છોડો ખરા ? અહીંયાં માથું દુઃખતું હોય અને કહીએ કે જરા વાંચી લો, તો શું કહેશો ? તમારાથી સંસારમાં શક્તિથી અધિક પુરુષાર્થ થાય છે, તેથી ત્યાં તમારે પ્રવૃત્તિભાવધર્મ છે. **પ્રવૃત્તિભાવધર્મને તમે સંસારમાં કેળવીને બેઠા છો, છતાં પણ ધર્મના ક્ષેત્રમાં તે**

**દુષ્કર છે. કારણ જ્યાં સુધી જીવ તીવ્ર કલ્યાણભાવનામાં નથી આવતો ત્યાંસુધી પ્રવૃત્તિભાવધર્મને પામી શકતો નથી.** આમાં પોતાની જેટલી શક્તિ હોય તેટલી ધર્મમાં વાપરવાની છે. **મન-વચન-કાયાને યોગ્ય રીતે, યોગ્ય માર્ગે, ઉત્કટતાથી આરાધનામાં લગાડો તો જ પ્રવૃત્તિભાવધર્મ આવે.** હજી આ બીજો ભાવધર્મ છે. પાંચ સુધી પહોંચાય તેમ છે ખરું ?

## ધર્મમાં રસ કેમ નથી ? :

**સભા :-** ધર્મમાં રસ કેમ નથી ?

**સાહેબજી :-** સંસારના સ્વરૂપને અને ધર્મના સ્વરૂપને તમે કદી વાસ્તવિકતાથી વિચારતા નથી. શ્રીમંતાઈના લાભ શું છે અને ગરીબાઈનાં નુકસાન શું છે તેની જેને ખબર હોય, તેને શ્રીમંતાઈમાં રસ પડ્યા વગર રહે ખરો ? જન્મ્યા ત્યારે ખાવાપીવામાં રસ હતો, પણ પૈસામાં રસ હતો ખરો ? નાનપણમાં બાળક સામે ચોકલેટ અને પૈસા મૂકે તો શું પકડે ? પણ જેમ જેમ સમજતા થયા એટલે જ શ્રીમંતાઈમાં રસ પડવા માંડ્યો ને ? તેમ ધર્મના લાભ શું છે અને અધર્મનાં નુકસાન શું છે તે જાણો પછી રસ આવ્યા વગર રહે ખરો ?

**સભા :-** સાહેબજી ! ધર્મના લાભ દેખાતા નથી, જ્યારે પૈસાના લાભ પ્રત્યક્ષ છે.

**સાહેબજી :-** આ તમારી નિર્વિચારકતાની પરાકાષ્ઠા બતાવે છે. પૈસાનો લાભ પ્રત્યક્ષ નથી. શું પૈસા ખિસ્સામાં આવે એટલે શરીરને અને તમને ગલગલિયાં થાય છે ?

**સભા :-** પણ પૈસાથી સુખ મળે છે ને ?

**સાહેબજી :-** કયું સુખ મળે ?

**સભા :-** ભૌતિક સુખ મળે.

**સાહેબજી :-** હું તમને કહું કરોડ રૂપિયા લઈને બજારમાંથી જરાક સુખ વેચાતું લેતા આવો. જો બજારમાં સુખનાં પડીકાં મળે તો પછી શ્રીમંતોને ત્યાં તો સુખનાં ગોડાઉન ભરાશે.

**સભા :-** પણ ચીજો મળે ને ?

**સાહેબજી :-** ચીજો મળે એટલે શું સુખ મળ્યું ? તમે સુખની વ્યાખ્યા સાચી રીતે વિચારી જ નથી. તમે એક મિનિટ પણ સુખનો અનુભવ પૈસાથી મેળવીને તો લાવો.

**સભા :-** પણ સાહેબજી ! પૈસા હોય ને સુખી ન હોય તેવા ઓછા છે.

**સાહેબજી :-** ના, પૈસા હોય ને સુખી ના હોય તેવા મેક્ઝીમ-સૌથી વધુ છે. શ્રીમંતના ઘરમાં જેટલી હોળી સળગે છે, તેટલી ગરીબના ઘરમાં સળગતી નથી. જેને પૈસા નથી તેવા મઝેથી સૂનારા હોય છે.

**સભા :-** કેવી રીતે ?

**સાહેબજી :-** મઝેથી તેનો તમે અર્થ શું કરો છો ? મઝેથી એટલે તેને સૂવા માટે ગોળી નથી લેવી પડતી, જ્યારે તમને ગોળી વગર ઊંઘ નથી આવતી. પેલો તો પડ્યા ભેગો સૂઈ જાય છે.

**સભા :-** થાકે એટલે સૂઈ જાય છે.

**સાહેબજી :-** સમજો, તમને ભય વધારે કે તેને ભય વધારે ? તમે બહારગામ જતા હો ત્યારે સાથે જો બીજો હોય તેને પૂછો ને "ભાઈ ! તારી પાસે જોખમ છે ?" માટે તમારી વ્યવહારિક ભાષા પ્રમાણે પણ પૈસા એ જોખમ છે ને ? ભય છે ને ? હવે ભય એટલે દુઃખ થયું ને ? તેથી જ તમને ઊંઘ નથી આવતી. જ્યારે તે મઝેથી સૂઈ શકે છે. તમે સાચાં સુખનાં ગણિત જ પકડ્યાં નથી. માટે પૈસાથી સુખ મળે તે વાક્ય સદંતર જૂઠું છે. પૈસાથી સુખ મેળવી શક્યો હોય તેવો એક પણ દાખલો ઇતિહાસમાં નોંધાયો નથી. અને જો તમે મેળવી આપો તો ચમત્કાર કહેવાય.

**પૈસાથી સુખ રતીભાર ન મળે. પૈસાથી સુખનાં સાધન પણ ન મળે. હા, પૈસાથી ભોગનાં સાધન મળે.** પાંચે ઇન્દ્રિયના ભોગનાં સાધન આપવાની તાકાત પૈસામાં છે. પૈસાથી તમે તેમાં દટાઈ જાઓ તેટલો ભોગસાધનોનો ખડકલો કરી શકો તેમ છો. મેવા-મીઠાઈનાં પીપ ભરી શકો તેમ છો. પૈસાથી બધાં જર-ઝવેરાત, સોનું, રૂપું, બંગલા, કપડાં, દુનિયામાં કહેવાતાં બધાં ભૌતિક સાધનો મેળવી શકો તેમ છો. અમે સત્યનો ઇન્કાર કરવા માંગતા નથી, નહીંતર અમને અસત્યનું પાપ લાગે. માટે શ્રીમંત તેની શક્તિ પ્રમાણે ભોગનાં સાધનોનો ખડકલો કરી શકે છે. પરંતુ **ભૌતિક સામગ્રી ભરપૂર પ્રમાણમાં આવે તોપણ, જો પુણ્ય ન હોય તો એક વસ્તુ પણ ભોગવી ન શકો.** ઘણાના ઘરમાં મેવા-મીઠાઈના ડબ્બા ભરેલા પડ્યા છે, પણ તેમાંથી તે ચાખી પણ શકે તેમ નથી; સો સૂટ પડ્યા છે પણ એકે પહેરી શકે તેમ નથી. પૈસાથી ભોગસામગ્રી મળી પણ પુણ્ય ન હોય તો હવા ખાતા સામે ઊભા રહેવું પડે, અને જોઈ જોઈને બળ્યા કરવાનું, પથારીમાં કણસતા પડ્યા રહેવાનું

આવે. જો તેને પૈસાથી સુખ મળતું હોય તો સુખ પામવા તે બધી સંપત્તિ આપી દે તેમ છે. માટે તમે વાસ્તવિકતાનો વિચાર કરો તો લાગશે કે પૈસાથી સુખ શક્ય જ નથી.

હવે ચાલો ભોગની સામગ્રી મળી, કદાચ શરીર પણ નીરોગી મળ્યું, ભોગ ભોગવવાના ચાલુ કર્યા, પણ તે વખતે જો મન બેચેન હોય તો ? મન અશાંત હોય તો સુખ મળે ખરું ? અત્યારે તમારા મિનિસ્ટરોને મીઠાઈ ખાતાં કદાચ સ્વાદની પણ ખબર ન પડે ને ? કારણ તેમને દેશની ચિંતા કેટલી ? માટે **જેટલી સત્તા-સંપત્તિ વધારે તેટલી ચિંતા વધવાની.** મહારાષ્ટ્રમાં કે કેરાલામાં કોંગ્રેસને કાંઈ થાય તો નરસિંહરાવને ટેન્શન થાય ને ? તમને કેમ થતું નથી ? કારણ તેને સત્તા-સંપત્તિ ઘણી છે. તમને એક છોકરો હોય તો ચિંતા વધારે કે પાંચ છોકરા હોય તો ચિંતા વધારે ?

**સભા :-** ન હોય તો વધારે ચિંતા હોય.

**સાહેબજી :-** તે ઉપાધિનું કારણ જુદું છે. તમારે તો બેઉ બાજુ વલોપાત છે. માટે **જેને અંદરમાં અશાંતિ તેને ક્યાંય શાંતિ નથી.**

**ધર્મનું ફળ પ્રત્યક્ષ છે કે પૈસાનું ફળ પ્રત્યક્ષ છે? ધર્મનું ફળ જ પ્રત્યક્ષ છે, પૈસાનું ફળ તો પરોક્ષ છે. પૈસાનું પરોક્ષ ફળ પણ પાછું મળે કે ન પણ મળે. જ્યારે ધર્મનું ફળ તો અહીંયાં જ તાત્કાલિક મળે છે. તરત જ સુખશાંતિનો અનુભવ થાય છે. તમારા ખિસ્સામાં ૫૦૦ની નોટ પડી હોય તો કાંઈ શરીર-ઈન્દ્રિયને સીધું સુખ મળતું નથી. પરંતુ ધર્મ કરો, ક્ષમા કરો, મૈત્રી કરો ત્યારે ત્યાં જ સુખશાંતિરૂપ ફળ મળે છે. આ તો રોકડિયો ધંધો છે. હા, તમને કરતાં આવડવો જોઈએ, ખાલી દેખાવ કરવાથી ન મળે.**

**સભા :-** સાહેબ ! પૈસાનું દાન કર્યું તો મનમાં આનંદરૂપે સુખ મળે છે ને ?

**સાહેબજી :-** પૈસાથી દાન કર્યું તો સુખ મળ્યું, તે શેનાથી મળ્યું ? ખાલી પૈસા છોડવાથી શાંતિ ન મળે, સાથે દાન કરતી વખતે મમતા છોડો તો જ શાંતિ મળે. કદાચ તમારી સામે ગુંડો આવીને પિસ્તોલ તાકે તો તત્કાલ બચવા માટે પૈસા ફેંકી દો ને ? પણ પછી ઘેર જઈને છાતી કૂટો. કહો "હું ક્યાં સલવાઈ ગયો ?" કેમ કે મમતા છોડી નથી. માટે પૈસા સાથે મમતા ન છોડો તો શાંતિ ન મળે. જો ખાલી પૈસા છોડવાથી શાંતિ મળતી હોય તો બધા લૂંટારા તમને શાંતિ અપાવી

દેશે. પરંતુ તમારે ત્યાં રેડ પડે ત્યારે માંદા પડી જાઓ છો. ઘણાને તો એટેક આવી જાય છે. માટે પૈસા સાથે મમતા છોડવી પડે છે. તમે જીવનમાં ખરું દુઃખ શું ? અને ખરું સુખ શું ? તે સમજ્યા જ નથી. અત્યારે તમને અશાંતિનું દુઃખ દેખાતું નથી.

**ધર્મનું પ્રત્યક્ષ ફળ અનુભૂતિરૂપે સચોટ છે, અને પરલોકનું ફળ તો પાછું જુદું છે. સંસારમાં બીજી કોઈ ભૌતિક વસ્તુ નથી કે જે તત્કાળ આવું ફળ આપે. માટે ધર્મની તાકાત સામે કોઈની તાકાત તુલનામાં આવે તેમ નથી.**

**સભા :-** બરફી ખાય તો સ્વાદ આવે ને ?

**સાહેબજી :-** તે પણ ભૂખ હોય ને ખાય તો બરફીનો સ્વાદ આવે. ચાલો, ભૂખ હોય પણ જીભ બગડેલી હોય તો સ્વાદ આવે ખરો ? ચાલો, જીભ પણ સારી છે, પણ જો મન અશાંત-બેધ્યાન હોય તો સ્વાદ મળે ખરો ? પરંતુ સાચા ધર્મમાં કોઈ એવી વસ્તુ નથી કે તેનું ફળ ન હોય.

**સભા :-** સાહેબજી ! પૈસા આવવાથી નિશ્ચિતતા આવે છે.

**સાહેબજી :-** જો પૈસા આવવાથી નિશ્ચિતતા આવે તો પછી ઘર ખુલ્લાં મૂકવાનાં ચાલુ કરો. પરંતુ તાળાં કેમ મારો છો ? ઝૂંપડપટ્ટીવાળા ઘર ખુલ્લાં મૂકીને ખાટલા પર સૂઈ જાય છે, તમે સૂઈ શકો તેમ છો ? કારણ પૈસા પોતે જ જોખમ છે, તેથી જ શ્રીમંતોને ચિંતા અને ભય વધારે છે. માટે જ ગુરખા-સીક્યોરીટી રાખો છો ને ? તમે તમારા ઘરમાં બંધ દરવાજે પુરાઈને રહો છો. બેલ વાગે તોપણ જોઈને ખોલો છો ને ? આ રીતે તમને કોઈ પૂરે તો શું કરો ? જ્યારે પૈસાની ચિંતાથી કાયમ આ રીતે પુરાઈને રહો છો.

**સભા :-** સાહેબજી ! કદાચ અમારી એક બુક ખોવાઈ જાય તો પૈસા હોય તો અમે બીજી લાવી શકીએ. માટે નિશ્ચિંતતા કહેવાય ને ?

**સાહેબજી :-** હા, પૈસામાં બીજી બુક લાવી શકવાની તાકાત છે. પરંતુ સાધનની નિશ્ચિંતતા ત્યારે ગણાય કે જે જોઈતું હશે તે ગમે ત્યારે તેનાથી મળશે, તો નિશ્ચિંતતા કહેવાય. પણ તમને તો પહેલાં પૈસા મળશે કે કેમ ? મળેલા ટકશે કે કેમ ? તેને સાચવી શકશો કે કેમ ? તેની જ કેટલી ચિંતા હોય છે ? ક્યારે ક્યાં વાંકું પડશે ખબર છે ? પૈસાને મેળવવાની અને સાચવવાની ચિંતા જ મોટી ચિંતા છે. પરંતુ તમને મોટી ચિંતા જં ફાવે છે. તમે મોટી ચિંતાના ભોગ બનીને નાની નિશ્ચિંતતા મેળવવા માંગો છો. તે કારણસર તમે મોટી ચિંતા સતત માથે રાખીને ફરો છો. બીજું વળી,

તમે જીવનમાં ઘણું દુ:ખ ભોગવો તો થોડો લાભ પણ થાય. જેમ ધોકા ખાઓ તો શરીર મજબૂત થાય. તો શું તમે વધારે ધોકા ખાશો ? જેમ નરસિંહરાવ આટલી ચિંતા, આટલાં જોખમ લઈને ફરે છે, તો તે જ્યાં જાય ત્યાં તેમને માન-સન્માન મળે છે. પણ તમને આ કાંટાના તાજ સુંવાળા લાગે છે. આ બધી તમારા જીવનની કફોડી સ્થિતિ છે.

**જેટલી સત્તા-સંપત્તિ વધુ તેટલો દુ:ખનો ગુણાકાર અને જેટલી સત્તા-સંપત્તિ ઓછી તેટલો દુ:ખનો ભાગાકાર.** હા, તે સમજતાં આવડવું જોઈએ. રાજા-મહારાજા-ચક્રવર્તીઓ-મંત્રીઓ બધાએ કેમ પ્રભુનો માર્ગ અપનાવી વનની વાટ પકડી ? તીર્થંકરોએ પણ કેમ વનની વાટ પકડી ? શું તે બધાને સુખ ભોગવતાં નહોતું આવડતું ?

કલ્પસૂત્રમાં દૃષ્ટાંત આવે છે કે મહાવીરસ્વામી ભગવાનનાં પગલાં જોઈને એક સામુદ્રિકશાસ્ત્રી તેમને ચક્રવર્તી સમજીને પાછળ પાછળ આવે છે, પણ જ્યાં પ્રભુને આવા અકિંચન જોયા, ત્યારે તેના દૃષ્ટિબિંદુથી ભિખારી જેવું પ્રભુનું જીવન જોઈને થાય છે કે મારું શાસ્ત્ર ખોટું પડ્યું. **ત્યારે ઇન્દ્ર નીચે આવીને કહે છે કે "એમની પાસે અત્યારે જે વૈભવ છે તેવો વૈભવ વિશ્વમાં કોઈની પાસે નથી, અને તેમનું જે સુખ છે તેવું સુખ આ ભૌતિક જગતમાં ક્યાંય નથી." તમને લાગે છે કે ખરી મજા આ સંયમ જીવનમાં જ છે ?**

તમને ધર્મનાં ફળ અને અધર્મનાં નુકસાન સમજાયાં નથી. જો તે સમજાયાં હોય તો તમને અધર્મમાં જવું પડે ત્યારે દુ:ખનો અનુભવ થાય.

## પ્રવૃત્તિભાવધર્મમાં અણિશુદ્ધ અનુષ્ઠાનની કુશળતા :

હવે આગળ પાછું શું લખ્યું કે પ્રવૃત્તિભાવધર્મમાં રહેલા જીવો અતિ કુશળ થઈને ધર્મ કરે. જેમ બજારમાં ઊંધું ઘાલીને પૈસા મેળવવા પ્રયત્ન કરે તો શું થાય ? મૂડી પણ ગુમાવે. તેમ ધર્મની પ્રત્યેક પ્રવૃત્તિ કરતાં તેના અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર-અનાચાર, સૂક્ષ્મ વિધિ-અવિધિ આદિ પણ જાણે, અને તેના ત્યાગની તેમનામાં કુશળતા પણ જોઈએ. તમને ખમાસમણાની વિધિની પણ ખબર છે કે ગોટાળા જ વાળો ? જાણકારી અને કુશળતામાં પણ તફાવત છે. જેમ ઘણા રસોઈ પર ક્લાસ ખોલે, લેક્ચર આપી દે, પણ રસોઈ બનાવે તો કોઈ મોંમાં પણ ન નાંખે તેવી હોય. એટલે ફળસિદ્ધિ માટે ખાલી જાણકારી ન જોઈએ પણ સાથે કુશળતાનો સમન્વય પણ જોઈએ.

ઘણા કહે હું પ્રતિક્રમણ નથી કરતો પણ પાપના ભાવોને છોડવાનો પ્રયત્ન કરું છું. પરંતુ અહીં ભાવ કયા લેવાના ? તે સમજવું પડે. હું ક્રિયા ખામીવાળી કરું છું પણ મારા ભાવ ઊંચા છે, તેવું પણ ન બોલાય. આ કાંઈ રમાડવાની વાત નથી. પ્રવૃત્તિને ભાવ સાથે ચોક્કસ સંબંધ છે. તમે કહો કે દીકરા પર લાગણી છે. હવે તમે જમવા બેઠા ત્યારે બાજુમાં જો તમારો દીકરો બેઠો હોય, તો તમારા ભાણાની સારી વસ્તુ તેને ખવડાવવાનું મન ન થાય, તો મનાય ખરું કે તમને દીકરા પર લાગણીનો ભાવ છે ? તમે કહો ભગવાન પર ભાવ ઘણો છે, પણ નિયમિત દર્શન નથી કરતો; પણ વાસ્તવમાં જેને ભાવ હોય તેને ભગવાન પાસે આવવાનું મન થયા વગર રહે ખરું ? ચેન પડે ખરું ? ભાવધર્મનો proper meaning (યોગ્ય અર્થ) કરવો હોય તો પ્રણિધાન આદિ ભાવધર્મ જ લેવા પડે.

ઘણા અત્યારે સીધી સમતાની વાતો કરે છે અથવા કહે હું ધ્યાન કરું છું, પણ બે ઘડીના સામાયિકમાં પચ્ચીસવાર પગ ઊંચો નીચો કરે. માટે પોતે ક્યાં છે અને ત્યાંથી આગળ ક્યાં જવું છે તેની ખબર ન હોય અને top levelની(ઊંચી કક્ષાની) વાતો કરે તો શું વળે ?

**સભા :-** સાહેબજી ! આટલા એક પ્રશ્નનો જવાબ આપી દો ને. પણ ભૂખનું દુઃખ પૈસાથી ઓછું થઈ સુખ મળે છે.

**સાહેબજી :-** હું એમ કહું છું કે જો કોઈ 'ખાવામાં સુખ છે' તે પુરવાર કરી શકે તો અમે તેના ગુલામ થવા તૈયાર છીએ. ખાવું એ તો ભૂખના દુઃખનું નિવારણ છે. ભૂખ એ શારીરિક દુઃખ છે, વળી ખાવાથી રતીભાર સ્વતંત્ર સુખ નથી મળતું. તમને ખાવાથી સુખ મળ્યું એમ જે માનો છો તે જ ભૂલ છે. જેમ મચ્છર કરડે અને ખણો ને સુખ મળે તો પછી તમે દરરોજ મચ્છરને કરડાવો. જેમ કોઈ થપ્પડ મારે પછી પંપાળો ને સુખ મળે તો તે શું સુખ કહેવાય ? દુઃખ ઊભું કરી તેનું નિવારણ કરવું તે જો સુખ કહેવાય તો અમે તમને હજાર ઉપાય બતાવીએ. માટે તમે સુખની વ્યાખ્યા બરાબર સમજો.

# ૨૯

તા.૭-૯-૯૫, ગુરુવાર, ભાદરવા સુદ તેરસ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા આપણા આત્મામાંથી સંસારના ભાવોનો નાશ કરી અધ્યાત્મના ભાવોને પ્રગટાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણા આત્માએ અનંતકાળથી સંસારના ભાવોને જ ઘૂંટ્યા છે, માટે તે ભાવો આપણામાં અસ્થિમજ્જાવત્ થયા છે. હવે તેની સામે અધ્યાત્મના ભાવોને વિકસાવવાના છે.

તમે સંસારની ક્રિયામાં પણ જ્યાં સુધી તરબોળ નથી થતા, ત્યાં સુધી તેમાં વિશેષ લાભ મળતો નથી. સંગીત પણ બેધ્યાન થઈને સાંભળો તો કોઈ વિશેષ આનંદ પ્રાપ્ત થતો નથી. ચિત્ર પણ બેધ્યાનપણે જુઓ તો મજા આવતી નથી. જેમ સંસારની પ્રત્યેક ભોગક્રિયા કે બીજી કોઈપણ સાંસારિક પ્રવૃત્તિમાં મન-વચન-કાયાની એકાકારતાપૂર્વકનો પુરુષાર્થ અને નિપુણતા અનિવાર્ય છે; નહીંતર તેનો વિશેષ લાભ અનુભવી શકાતો નથી. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ આ જ નિયમ છે.

તમારે ધર્મના ક્ષેત્રમાં આરાધના કરવા પહેલાં પ્રણિધાન પામવું પડે. પ્રણિધાનમાં મોક્ષનું લક્ષ્ય તમને બંધાયું. તમને દરેક ક્રિયા કરતાં આ છોડવું છે, આ મેળવવું છે; આટલું ત્યાગ કરવા જેવું છે, આટલું ગ્રહણ કરવા જેવું છે; તેનું સ્પષ્ટીકરણ હોવું જોઈએ. પરંતુ આ રીતે તમારી ક્રિયા પ્રણિધાનયુક્ત હોય તોપણ તે અસ્ખલિત નથી, જ્યારે પ્રવૃત્તિભાવધર્મમાં અનુષ્ઠાન અસ્ખલિત હોય છે.

તમારા જીવનના દરેક ક્ષેત્રમાં ખૂબ ચોકસાઈપૂર્વક આગળ જવા માટે તે તે પ્રવૃત્તિની નિપુણતા જોઈએ છે. જેમ ચિત્રો તો ઘણા બનાવતા હોય છે, પણ સુંદર ચિત્ર દોરનારનો એકેએક વળાંક કે લીટી ગણિતપૂર્વકની હોય છે. તેની નિપુણતાના કારણે પીંછી એવી રીતે ફરે છે કે જે ચિત્રની જીવંતતાનો આધાર હોય છે. તેમ દરેક પ્રવૃત્તિ માટે નિપુણતા જોઈએ, તો જ તે પ્રવૃત્તિનું ઉત્કૃષ્ટ ફળ મળી શકે.

તેની જેમ જેને અણિશુદ્ધ અનુષ્ઠાન કરવું છે તેને અનુષ્ઠાનવિષયક કુશળતા જોઈએ. પરંતુ તમારે તો અણિશુદ્ધ અનુષ્ઠાનનો આગ્રહ જ નથી ને ?

### અણિશુદ્ધ સામાયિક કેમ કરવું ? :

આ વાત દૃષ્ટાંતથી વિચારીએ. સામાયિક અણિશુદ્ધ કરવા માટે શું કાળજી લેવી જોઈએ ? તમે બે ઘડીનું સામાયિક લઈને બેઠા. હવે તે બે ઘડીના સમયનો તમને તમારી સાધના દ્વારા ખ્યાલ આવવો જોઈએ. જ્યારે તમને તો બે ઘડી થઈ ગઈ હોય છતાં પણ ખ્યાલ ન હોય, તેથી તેની જાણકારી માટે ઘડિયાળનો ઉપયોગ કરો છો. પહેલાંના જમાનામાં ઘડીનો ઉપયોગ કરતા. આ વસ્તુનો ઉપયોગ કરો છો માટે તે ક્રિયા ખામીવાળી છે. કારણ કે તમારી સમયની જાણકારી માટે મશીન ચાલુ રહે તેવી અપેક્ષાથી તમે ઘડિયાળ બાજુમાં રાખીને બેસો છો. આ પણ એક નાનો દોષ છે. ઘડીમાં પણ પાણી કે રેતી ટપકે તેમાં હિંસા આદિના દોષ લાગે છે. તમારા સામાયિકમાં એવી જરૂરિયાતની વસ્તુ રાખો છો કે જેમાં અલ્પ હિંસા હોય. માટે તે સામાયિક અતિચારયુક્ત જ કહેવાશે.

**સભા :-** ઘડીમાં કઈ રીતે હિંસા છે ?

**સાહેબજી :-** તેમાં વાઉકાયની હિંસા થવાની. તેમાં કાંઈ વેક્યુમ-શૂન્યાવકાશ નથી, અંદર તો વાયુ છે.

**સભા :-** સામાયિકનો સમય પૂરો થાય તે એમ ને એમ કઈ રીતે ખબર પડે ?

**સાહેબજી :-** આપમેળે ખ્યાલ આવવો જોઈએ. અમને પણ આવો ખ્યાલ નથી આવતો. આના માટે અણિશુદ્ધ જાગૃતિ જોઈએ. આકાશમાં સૂર્યનાં કિરણો કે તડકાના માપથી પહેલાંના કાળમાં સમય જાણી શકતા અને રાત્રે ગ્રહોની ગતિથી જાણી શકતા. અત્યારે ઘડિયાળ આવી એટલે જ આપણે અપંગ થયા છીએ. પ્રકૃતિ આધારિત જીવન જીવનારા ખેડૂતો ગામડામાં આકાશ જોઈને સમય અત્યારે પણ કહી આપે. તમે તો યંત્રવાદના કારણે કુદરતી જીવનથી ઘણા દૂર ચાલ્યા ગયા છો. વળી, ધર્માનુષ્ઠાનમાં સંભવતા નાના દોષની તમને કલ્પના પણ નથી. શુદ્ધ સામાયિક કેવું હોય ? જેમાં અણિશુદ્ધદ્રવ્ય-અણિશુદ્ધક્ષેત્ર-અણિશુદ્ધકાળ-અણિશુદ્ધભાવ અને અણિશુદ્ધએકાગ્રતા જોઈએ. આવું અનુષ્ઠાન કરનાર જીવો બહુ જ ઓછા નીકળે. માટે પ્રવૃત્તિભાવધર્મ પામનારા વિરલા છે. પણ જે પામે તેને ખરા ધર્મનો આસ્વાદ આવે.

આપણી ક્રિયામાં અનેક ખામી અને મંદતા સાથે ઠાંસીઠાંસીને પ્રમાદ ભર્યો છે. તમને આળસ ધર્મમાં જ આવે છે ને ? તમે સંસારમાં ઉદ્યમશીલ છો માટે તેનો થાક તમે ધર્મમાં ઉતારો છો ને ? છતી શક્તિએ જેટલી શુદ્ધ થઈ શકે તેટલી શુદ્ધ આરાધના પણ તમે નથી કરતા, માટે હજુ આપણે બધાએ આ પ્રવૃત્તિભાવધર્મને પામવાનો બાકી છે. પણ જે પામ્યા છે તેને તો ચોક્કસ આસ્વાદ સાથે ફળ મળે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પૂજાનું આટલું ફળ મળે, સામાયિક-કાઉસ્સગ્ગ-દર્શન-તપનું આટલું આટલું ફળ મળે. પણ તે કોને લાગુ પડે ? તમારી ઢંગધડા વગરની ક્રિયામાં તે ફળ લાગુ પડે નહીં.

**સભા :-** ઓછું ફળ તો મળે ને ?

**સાહેબજી :-** જેટલી તમારી સક્રિયતા-જાગૃતિ હોય તેટલું ફળ મળે. જેમ કોઈને અબજ રૂપિયા મળે, કોઈને ૧૦૦ કે દસ મળે, કોઈને પાંચ રૂપિયા મળે. તમારો દીકરો હજાર રૂપિયાની વસ્તુ બજારમાં પાંચમાં આપી આવે તો શું કહો ? "મૂર્ખા તેં શું કર્યું ?" તેમ જ કહો ને ? પાછો સામે કહે કે બાપા પાંચ રૂપિયા તો લઈ આવ્યો ને ? બસ, આપણા બધાની આ સ્થિતિ છે. તમને સંસારમાં પૂરું ફળ જોઈએ છે, જ્યારે આ ક્ષેત્રમાં ઓછા ફળથી સંતોષ છે; કારણ ફળની તાલાવેલી નથી.

**અણિશુદ્ધ, અસ્ખલિત કુશળતાવાળી ક્રિયા શાસ્ત્રમાં જેવી બતાવી છે તેવી, વળી તે ક્રિયામાં મન-વચન-કાયાના જે ભાવો બતાવ્યા છે તે પ્રમાણેની સંપૂર્ણ ક્રિયા હોય, તે પ્રવૃત્તિભાવધર્મમાં આવે છે.**

## ત્રીજો વિઘ્નજયભાવધર્મ :

હવે પછીનો ભાવધર્મ વિઘ્નજયભાવધર્મ છે. તે પણ ખૂબ સમજવા જેવો છે. તેની માહિતી ખૂબ જ ઉપયોગી છે. અત્યારે વગર વિઘ્ને ધર્મમાં આળસ કરો છો તો તમને જો વિઘ્ન આવે તો લાંબા જ થઈ જાઓ ને ?

કોઈને ધર્મ કરવો છે પણ વિઘ્ન આવે છે, જ્યારે કોઈને ધર્મ કરવામાં વિઘ્ન નથી આવતું. પરંતુ જેને ધર્મ કરવાની શક્તિ અને સામગ્રી છે, છતાં જે બેદરકારીથી ધર્મ નથી કરતો, તેને તો વિઘ્નજયનો સવાલ જ નથી. તે બીજા ભાવધર્મમાં ઊડી જાય છે તેથી તેને પછી ત્રીજો ભાવધર્મ તો કેવી રીતે આવવાનો ? પરંતુ જે બીજા ભાવધર્મથી આગળ વધે તેને માટે આપણે આ ત્રીજા ભાવધર્મનું વિસ્તૃત વર્ણન કરીશું.

જેમ તમે સંસારમાં પૈસા કમાવા નીકળો ત્યારે ધન કમાવાની ધગશ હોય, પણ જો પુરુષાર્થ માંદલો હોય તો ઠેકાણું પડે ખરું ? વળી તમે પુરુષાર્થ કરો પણ તેમાં જો નિપુણતા ન હોય તોપણ પૂરું ફળ મળે ખરું ? માટે આવડતવાળો જ પુરુષાર્થ જોઈએ. વળી, ધંધાના નીતિ-નિયમોને નેવે મૂકીને ધંધો કરો તો નિષ્ફળતા મળે છે. સફળતા માટેનાં જે સંસારમાં ધારાધોરણો છે તે બધાં ધર્મમાં પણ લગાડવાનાં છે.

## સામાયિક મહાધર્મ :

તમને સામાયિક કરતાં વિરતિ પામવાનો સંકલ્પ હોય, પાપથી છૂટવાનું મન હોય, પાપ પ્રત્યે તીવ્ર અરુચિ હોય, અવિરતિ ત્રાસદાયક લાગતી હોય તથા સામાયિક પ્રત્યે તીવ્ર રાગ-અભિરુચિ હોય, આ બધું હોય; છતાં મન ફાવે તેમ પ્રમાદથી, અણસમજથી, આડેધડ સામાયિક કરો તો પૂરું ફળ મળે ખરું ? પૂર્ણ ફળની અપેક્ષાવાળાને શાસ્ત્રમાં લખ્યા પ્રમાણેના પુરુષાર્થમાં અધૂરાપણું ન ચાલે.

**સભા :-** અમારે પૂરું ફળ મેળવવા શું કરવું જોઈએ ?

**સાહેબજી :-** પહેલાં તો વિધિ પાળવા માટે વિધિ સમજવાની આવે છે. વિધિ-અવિધિનાં વિસ્તૃત શાસ્ત્રો છે. શું ધર્મમાં કોઈ નીતિ-નિયમો નથી ? જેમ ફાવે તેમ કરો તે કાંઈ ચાલે ? ચોકસાઈ જોઈએ.

સામાયિક લેવું છે, કારણ અવિરતિથી થાકી ગયો છું. સંસારના અવિરતિના સંક્લેશોથી અકળાયો છું. માટે બે ઘડીનું જો સામાયિક લઉં તો આ સંસારની આધિ-વ્યાધિથી છૂટું. આ માટે સામાયિક કરવું છે. આવો મનમાં સંકલ્પ ખરો ? જો આવો સંકલ્પ ન હોય તો તમારામાં પ્રણિધાનભાવધર્મ નથી.

સામાયિક કરીને મેળવવા જેવું જે બતાવ્યું છે તેની ઇચ્છા છે ? આધિ-વ્યાધિ-ઉપાધિથી, અવિરતિના સંક્લિષ્ટ ભાવોથી મૂંઝાયા છો ? કંટાળ્યા છો ? જેમ માંદગી કેડો ન મૂકતી હોય તો તે રોગથી કેવા કંટાળ્યા હો ? તેવા તમે અવિરતિથી ત્રાસેલા છો ? કે હજી તમને અવિરતિમાં જ રસ છે ? **ખાટલે મોટી ખોટ પ્રણિધાનની જ છે. સાચો સંકલ્પ જ નથી.** જ્યારે તમે સામાયિક લઈને બેસો ત્યારે હાશકારો થાય છે, કે સામાયિક પારો ત્યારે હાશકારો થાય છે ? તમને તો સામાયિક ભારરૂપ લાગે છે ને ? અવિરતિમાં તમે છુટ્ટા ને ? પરંતુ આખી દુનિયાનો પાપનો બોજો અવિરતિમાં છે. તમારા માથા પર કોઈ જો ૫૦ કિલોનું વજન મૂકે તો શું થાય ?

પરંતુ અત્યારે તમે સામાયિક વગર માથા પર પાપનું મહાકાય વજન લઈને ફરો છો. માટે વિચારજો, કેવી કફોડી પરિસ્થિતિ છે ?

**સભા :-** પણ સાહેબજી ! પાપનો ભાર ભારરૂપે અમને લાગતો જ નથી.

**સાહેબજી :-** હવે જેને પાપનો ભાર જ લાગતો નથી તે વ્યક્તિ ધર્મમાં કઈ રીતે ગોઠવાય ? ધર્મ શું કામ કરવાનો છે ? આત્માને પવિત્ર કરવા જ ધર્મ કરવાનો છે, એટલે પાપથી મુક્ત થવા ધર્મ કરવાનો છે. માટે જ કહે છે કે **પતિતને પાવન કરે તે ધર્મ. પાપથી છૂટવું તે જ ધર્મનું મૂળભૂત લક્ષણ છે. સામાયિક એ મહાધર્મ છે. કારણ, તમામ પાપથી છૂટવાનું સાધન સામાયિક છે. તીર્થંકરો પણ સામાયિકને જ શરણે ગયા છે.** જ્યાં સુધી સામાયિકના શરણે નહોતા ગયા ત્યાં સુધી તેઓ પણ આખી દુનિયાનાં પાપોથી છૂટી નહોતા શક્યા. તો પછી તમે ક્યાંથી છૂટવાના ? કોઈ તીર્થંકરોએ સામાયિકધર્મને આચર્યા વગર પાપથી મુક્તિ મેળવી હોય તેવું બન્યું નથી. તો પછી તમારે માટે શું નવું આલંબન આવશે ?

સામાયિક પાપથી મુક્ત થવા માટે છે. તેમાં પાપનો વિરામ છે. અવિરતિથી સતત પાપ બંધાય છે, કારણ અવિરતિ ક્યાં રહે છે ? મનમાં કે ખોળિયામાં ? **જેમ ક્રોધ ક્યાં પેદા થાય? મનમાં. તેમ પાપના ભાવો પણ મનમાં રહે છે. આખી દુનિયાનાં પાપોનું ઘર મન છે. ૨૪ કલાક સંસારની અવિરતિના ભાવ મનમાં પડ્યા છે. માટે સામાયિક કરવું એટલે એકેએક પાપના ભાવ કાઢવાના છે. સામાયિકમાં અબજો પાપોના ભાવ કાઢવાના છે.**

તમે જેમ માંસાહાર, દારૂ, વ્યસન કે ચોરીનો ત્યાગ કરો એટલે દુનિયામાં જેટલા પ્રકારના માંસાહાર, દારૂ કે ચોરી છે તેનો તમે ત્યાગ કર્યો. આ તો અમારા હિસાબે સામાન્ય ત્યાગ છે. જ્યારે સામાયિકમાં તો દુનિયાનાં બધાં પાપો મન-વચન-કાયાથી નહિ કરવાનાં, નહિ કરાવવાનાં. તમે સામાયિક લો તે પહેલાં મોટરમાં બેસવાના ભાવ મનમાં પડ્યા છે; પંખો, ફોન, લાઈટ વાપરવાની કે પાણી ઢોળવાની તૈયારી છે; ક્ષણે ક્ષણે લાખો પ્રકારનાં પાપો કરવાની તમારી તૈયારી છે; સગવડતા, સુખ માટે જે પાપ કરવું પડે તે કરવાની તમારી તૈયારી છે. હવે તમે સામાયિક લો એટલે at a stroke (એક ઝાટકે) મનમાંથી આ બધા ભાવો બે ઘડી માટે નાબૂદ થાય, જો ત્યાગનો સાચો પરિણામ જન્મે તો. તેથી સામાયિક કરતાં અસંખ્ય પાપો ન કરવાના ભાવ મનમાં જગાડવાના છે.

અણિશુદ્ધ સામાયિક કરવા માટે તમારી આજુબાજુની ભૌતિક દુનિયાથી બે ઘડી માટે અલિપ્ત થવાનું છે. પરંતુ તમે કાંઈ મરતાં સુધી તમારો ધંધોધાપો, બેન્ક બેલેન્સ છોડવાના નથી. મરતાં પણ છોડશો કે કેમ ? એ પ્રશ્ન છે.

**સભા :-** મરતાં તો છોડવું જ પડે ને ?

**સાહેબજી :-** તે કાંઈ મનથી છોડો છો ? ના, મનમાં તો બધું સાથે લઈને મરો છો. ૨૪ કલાક આખી દુનિયા અંદરમાં ચોંટાડીને બેઠા છો. પરંતુ ભગવાન કહે છે કે બે ઘડી માટે આ બધું છોડો તો કાંઈ ઊંધું વળી જવાનું નથી, કુટુંબ-ઘર-બેલેન્સ કાંઈ ભાગી જવાનાં નથી. ખાલી તેની અસરો, ભાવો, આસક્તિ, મમતા આખી જિંદગી ન છોડો પણ બે ઘડી માટે તો છોડો.

**સભા :-** વિચારથી પણ આ બધું છૂટતું નથી.

**સાહેબજી :-** તમે વિચારથી તો કદાચ છોડી શકો, પણ પરિણતિથી તો છોડો તેમ નથી. કદાચ તમને એક કલાક કોઈ મનગમતો વિષય આપે તો બધું ભૂલી જાઓ, પણ પ્રકૃતિથી ભૂલો તેમ નથી.

અણિશુદ્ધ સામાયિક કરવા માટે યોગ્ય વિધિ-ભાવો કેળવવા હોય તો જાણકારી બરાબર જોઈએ. જેમ ઉપકરણોનું જ્ઞાન, તેનો વિધિપૂર્વક ઉપયોગ, સૂત્રો કઈ રીતે બોલવાં, તેના શબ્દાર્થ અને ગંભીર ભાવાર્થનું જ્ઞાન, કેવા ભાવો ક્યાં કઈ રીતે લાવવાના, કઈ રીતે ક્યાં કઈ મુદ્રા જોઈએ, જયણા-ઉપયોગ કેવો કેળવવો જોઈએ ? આ બધી સમજણ જોઈએ. આમાંથી તમે જેટલું આચરણમાં લાવી શકો તેટલા તમે પ્રવૃત્તિભાવધર્મ તરફ જાઓ છો.

અત્યારે તો તમે છતી શક્તિએ ઘણા ગોટાળા વાળો છો. પાછા બોલો, “એ તો એમ જ કરાય, આ બધી પીંજણ ક્યાં કરીએ ?” એટલે તમને વિધિનો રસ કે આગ્રહ નથી અને તેથી જ તમને તેમાં આસ્વાદ નથી આવતો. પુણિયા શ્રાવકને જેવો સામાયિકનો આસ્વાદ આવતો હતો તેવો તમે કદી અનુભવ્યો છે ખરો ?

તમે અત્યારે જે રીતે પૂજા, દર્શન, સામાયિક, પ્રતિક્રમણ કરો છો કે વ્યાખ્યાન સાંભળો છો, તેવી રીતે એક અખતરારૂપે સંસારની ક્રિયા કરો તો શું થશે ? જમતાં મન બીજે હોય તો સ્વાદ આવે કે ત્રાસ થાય ?

**સભા :-** પણ સાહેબજી ! વ્યાખ્યાન તો અમે ધ્યાન દઈને સાંભળીએ છીએ.

**સાહેબજી :-** જો વ્યાખ્યાન ધ્યાનથી સાંભળતા હો તો પરીક્ષા લઉં ? શું સાંભળ્યું ? તેમાં કેટલા છબરડા વાળશો ? વર્ષોથી વ્યાખ્યાન સાંભળો છો પણ હજી તમારી સ્થિતિ શું છે ? જ્ઞાનની દષ્ટિએ પણ તમે ક્યાં છો ? શાસ્ત્રમાં વ્યાખ્યાન સાંભળવાની વિધિ કહી છે તે પ્રમાણે કદી વ્યાખ્યાન સાંભળ્યું છે ? વ્યાખ્યાન સાંભળવા કઈ રીતે બેસાય, કઈ મુદ્રા જોઈએ, હાથ કઈ રીતે જોડેલા જોઈએ, આંખો ક્યાં રાખવાની, શરીર પણ કઈ રીતે સતેજ જોઈએ, આટલું પણ સાચવ્યું છે ? વળી ઘણી વખત તો તમે બગાસાં જ ખાતા હો, ઝોકાં પણ ખાતા હો છો. અરે, આજુબાજુ કોણ આવ્યું, કોણ ગયું, બાજુવાળો શું કરે છે તે બધાનું ધ્યાન હોય છે. **અહીંયાં કોઈ આવે ને કાંઈ અવાજ કરે તો તમારું ધ્યાન ત્યાં ગયા વગર રહે ખરું? માટે તમારો ઉપયોગ-સતેજતા-એકાગ્રતા ક્યાં છે? પૈસા ગણતાં આવું થાય ખરું? નથી થતું, કારણ તેમાં રસ છે, જ્યારે અહીંયાં એટલો રસ નથી. જો રસ હોય તો આ ૮૪ લાખ જીવાયોનિમાં એક દિવસ રહેવાનું મન થાય? એમ થાય કે હું ક્યારે આમાંથી છૂટું. જેલમાં જન્મટીપની સજાવાળાને કહે કે તું આટલી મહેનત કરે તો તેમાંથી છૂટી જઈશ, તો ઊંધે માથે લટકવા પણ તૈયાર થાય ને? એક ભવની જેલમાંથી છૂટવા ગમે તે કરવા તૈયાર છો, પણ અનંતા ભવની જેલમાંથી છૂટવા માટે કાંઈ કરવા તૈયારી નથી. તીવ્ર નિર્વેદ જોઈએ. એક દિવસ પણ આ સંસારમાં રહેવા જેવું ન લાગવું જોઈએ. તમને હજુ આ વિકરાળ ભવચક્રમાં ગમે તેટલા ભવ થાય તો વાંધો નથી ને? જાત સાથે વિચારજો કે મારું ભાવિ શું થશે?**

હવે આગળ વધીએ.

શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સામાયિક કરે, તેમાં સંપૂર્ણ વિધિ વગેરે જાળવે, પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી વિઘ્ન ન આવે ત્યાં સુધી. પણ જો વિઘ્ન આવે અને તેથી સ્ખલિત થાય તો તે ત્રીજા ભાવધર્મમાં નથી. વળી જે ત્રીજા ભાવધર્મમાં છે તેને તો વિઘ્નોની ઝડી વરસે તોપણ તે વિચલિત ન થાય, પણ મન-વચન-કાયાથી અડીખમ રહે. **જેને ધર્માનુષ્ઠાનમાં અત્યંત દઢતા, સ્થિરતા આવે તેને ત્રીજો ભાવધર્મ આવે અને ત્યાર પછી જ ચોથો સિદ્ધિભાવધર્મ આવે છે.**

ભગવાનના શ્રાવકો આનંદ-કામદેવ આદિ પૌષધ-સામાયિક આદિ કરે ત્યારે, કદાચ દેવતા કે મનુષ્ય આદિ આવીને ઉપસર્ગ કે પરિષહ કરે તોપણ તેઓ એવી રીતે સહન કરે, કે ક્યાંય તેમને ઉપયોગમાં સ્ખલના થાય નહિ, કોઈ વાતાવરણની વિપરીત અસર ન હોય, અને આવી આરાધનાવાળાને જ વિઘ્નજય આવે છે.

## મુક્તિમાર્ગમાં વિઘ્નો, તેના ત્રણ પ્રકાર અને તેને જીતવાના ઉપાયો :

ગુણસ્થાનકમાં પ્રાથમિક કક્ષાના જીવોને પણ પ્રણિધાનભાવધર્મ આવે છે, જ્યારે પ્રવૃત્તિભાવધર્મ અને વિઘ્નજયભાવધર્મ સાધુ-શ્રાવક બન્નેને આવી શકે છે. આ પીઠિકા સાથે વિઘ્નોના ત્રણ પ્રકાર અને તેને જીતવાના પણ ત્રણ પ્રકાર બતાવ્યા છે. જેને અધ્યાત્મના માર્ગમાં ખરી સાધના કરવી છે તેને આમાંથી ઘણું જ માર્ગદર્શન મળે તેમ છે, માટે આનું વિસ્તૃત વર્ણન કરીશું.

સંસારમાર્ગમાં પણ ધ્યેયપૂર્વક પ્રવૃત્તિ કરવાની છે, છતાં તેમાં જો ભાગ્ય સારું હોય તો વિઘ્ન ન આવે. માટે સંસારમાં પણ વિઘ્નનો સંબંધ ભાગ્ય સાથે છે. ઘણાને ધંધામાં સરળતાથી સફળતા મળે અને ઘણાને વિઘ્નો આવવાના કારણે સફળતા ન મેળવી શકે. તેઓ જો વિઘ્નોનું નિવારણ કરી શકે તો જ સફળતા મેળવી શકે. તેમ ધર્મમાં પણ વિઘ્ન આવીને ઊભું રહે તો જ્યારે તેને દૂર કરે ત્યારે જ આગળ વધી શકાય. **આત્મકલ્યાણના માર્ગમાં પણ પુણ્યશાળી જીવને વિઘ્ન આવતાં નથી. અશુભ કર્મ કે પાપના ઉદયથી જ વિઘ્ન આવે છે.** તેથી જ્યારે વિઘ્ન આવે ત્યારે અશુભ કર્મનો ઉદય માનવો પડે. જેને અશુભ કર્મનો ઉદય નથી તેને વિઘ્ન આવતું જ નથી. ઘણા જીવો સરળતાથી નિર્વિઘ્ને સાધના કરી મોક્ષ પામી ગયા છે. તમે મરુદેવીમાતા, ભરત ચક્રવર્તી, ઈલાચીકુમાર આવા બધા દાખલા સાંભળો ત્યારે તમને મોંમાં પાણી આવે છે કે, ખાલી નાચતાં નાચતાં કેવળજ્ઞાન થઈ ગયું ! ચોરીમાં ફેરા ફરતાં ફરતાં કેવળજ્ઞાન થઈ ગયું ! મરુદેવીમાતા તો હાથીની અંબાડી પર બેઠાં બેઠાં સમવસરણ જોતાં પામી ગયાં ! એટલે તમારી દૃષ્ટિએ તેઓએ કોઈ ઉગ્ર સાધના કરી નથી. અત્યારે તમને કષ્ટનું નામ પડે ને તમે ધર્મના ક્ષેત્રથી ભાગો છો, પરંતુ સંસારમાં કષ્ટથી જરાપણ ગભરાતા નથી, કારણ સંસારમાં ઉત્સાહ છે. સંસારમાં પૈસા એમ ને એમ મળે તો જ જોઈએ તેવી તમારી શરત ખરી ? કે ઠંડી-ગરમી-વરસાદ બધું સહન કરી પૈસા મેળવવાની તૈયારી છે ? જ્યારે અહીંયાં કોઈ કહે, મોક્ષમાં જવા માટે, અનંતું સુખ મેળવવા માટે આટલી સાધના તો કરવી પડે; ત્યારે શું કહો ? કે કષ્ટ ન પડે, શ્રમ ન હોય, વિઘ્ન ન હોય તેવો માર્ગ બતાવો. આ જો ખોટી વાત હોય તો ઈન્કાર કરજો.

પરંતુ **ધર્મના ક્ષેત્રમાં પણ બધાને કષ્ટ વેઠવું જ પડે તેવું નથી.** શૂળી પર ચઢવું પડે, ઘાણીમાં પિલાવું પડે, માથે અંગારા મુકાવવા પડે, જીવતાં ચામડી ઊતરાવવી

પડે તો જ કેવળજ્ઞાન મળે તેવું શાસ્ત્રમાં ક્યાંય લખ્યું નથી. ઊલટું શાસ્ત્રમાં બંને પ્રકારનાં દૃષ્ટાંત આવશે. કોઈ લગ્નની ચોરીમાં ફરતાં કે નાચતાં કેવળજ્ઞાન પામી ગયા અને કોઈને ચામડી ઊતરાવતાં કે ઘાણીમાં પિલાતાં કેવલજ્ઞાન થયું. આ બેઉ પ્રકારના પ્રસંગો સાંભળો ત્યારે મનમાં શું થાય છે ? ત્યારે થાય કે મારે તો મહાલતાં મહાલતાં મોક્ષે જવું છે. આ વૃત્તિ તમારી કઈ દશા સૂચવે છે ? કે હજુ ધર્મના ક્ષેત્રમાં સાધના કરવાની પૂરી તૈયારી નથી. બાકી બધા ઘાણીમાં પિલાઈને જ મોક્ષે જાય તેવું નથી. **હા, કષ્ટ વેઠ્યા વગર પણ મોક્ષે જવાય, પરંતુ કષ્ટ વેઠવાની જો તૈયારી ન હોય તો મોક્ષ થવાનો નથી.** જેમ તમે સંસારમાં એક સંકલ્પ કરો કે મારે ડૉક્ટર કે એન્જીનીયર બનવું છે. બસ, પછી તેમાં ગમે તે થાય, બધા અવરોધોને પહોંચી વળીશું, પણ બનવું તો છે જ; આ તમારું સંસારનું ગણિત છે, અને ધર્મમાં તમારું જુદું ગણિત છે. **વાસ્તવમાં ધર્મના ક્ષેત્રમાં પણ ગમે તે સંકટ આવે, વિઘ્ન આવે પણ મારે મોક્ષે જવું જ છે, આવો પરિણામ આવવો જોઈએ; પછી ભલે મોક્ષે જતાં સુધીની સાધનામાં એક મચ્છર પણ ન કરડે.** પુણ્યશાળી આત્માને એક પણ વિઘ્ન કે કષ્ટ ન આવે, પણ તેની સાધના માટે માનસિક તૈયારી કેવી જોઈએ ? **સાચી સાધનામાં સંકલ્પ અધકચરો ન જોઈએ.** મરુદેવીમાતાની તૈયારી હતી કે ગમે તેવા સંજોગો આવે પણ સાધનામાંથી ખસવું નથી. પણ તેમનું પુણ્ય હતું માટે તેમને કોઈ કષ્ટ ન આવ્યું. **સાધના કરતાં વિઘ્ન આવે કે ન આવે તે કર્મ સાથે સંબંધ છે, પણ સાધનામાં સફળતા મેળવીને જ રહીશ તેવા દૃઢ ભાવ વિઘ્નજય માટે જોઈએ.**

વિઘ્નો ત્રણ પ્રકારનાં છે. તેને જીતવાના ઉપાય પણ ત્રણ છે. વિઘ્નજયની પ્રક્રિયા પણ ત્રણ પ્રકારની છે. આ ત્રણેને જે જીતી જાય તેને માટે સિદ્ધિ વરમાળા લઈને ઊભી રહે છે. જેને આગળ જવું છે તેને ત્રણેમાંથી પસાર થવું પડે છે.

**વિઘ્નના ત્રણ પ્રકાર બતાવતાં કહે છે "ઉત્કૃષ્ટ વિઘ્ન એટલે પ્રબળ માત્રાનાં વિઘ્નો, મધ્યમ વિઘ્ન એટલે મધ્યમ માત્રાનાં વિઘ્નો અને જઘન્ય વિઘ્ન એટલે અલ્પ માત્રાનાં વિઘ્નો."**

જેમ તમારા જીવનમાં તમારા છોકરાએ સંકલ્પ કર્યો કે ડૉક્ટર બનવું છે, એટલે ચોટલી બાંધીને તે ભણવા બેઠો છે, પદ્ધતિસર ભણી રહ્યો છે. હવે જો પાપનો ઉદય હોય તો તેને વિઘ્ન આવી શકે છે. તેમાં આ ત્રણ કેટેગરી પડશે. ઉત્કૃષ્ટવિઘ્ન,

મધ્યમવિઘ્ન, જઘન્યવિઘ્ન; ગમે તે આવી શકે છે. તેમ અધ્યાત્મના માર્ગમાં પણ ત્રણ કેટેગરી પડે છે.

જેમ સંસારમાં છોકરો ભણવા બેસે અને મચ્છર કરડવાના ચાલુ થાય, વાતારવણમાં એટલી ગરમી હોય કે બેચેની ચાલુ થાય. કાંઈ બધાને ત્યાં A.C. કે પંખા ન હોય, તો બફારામાં પણ વાંચવા બેસવું પડે ને ? તમે પણ ખરા ઉનાળામાં કમાવા જાઓ છો ને ?

**સભા :-** જવું પડે છે.

**સાહેબજી :-** જવું પડે તેમ નહીં, પણ જવા માટે તૈયાર છો, અડધી રાતે પણ તૈયાર છો. ત્યાં કેવી સ્ફૂર્તિ છે ? જ્યારે અહીંયાં જ સુસ્તી આવી જાય છે.

સંસારમાં તમને નાના નાના કામમાં વિઘ્નો આવે છે. ડગલે ને પગલે નાની નાની તકલીફો આવે છે. જેમ ધંધો કરવા જતા હો અને કોઈ સગું મરી જાય તો મન મારીને પણ બેસણામાં જાઓ ને ? એટલે વિઘ્ન આવ્યું. પણ તેટલાથી લક્ષ્ય પડી ભાંગતું નથી. ખાલી વિઘ્ન આવ્યું છે. માટે સફળતા લાંબા ગાળે મળે છે, ધીમી ગતિએ મળે છે. તેવાં વિઘ્નો બધાં પ્રાથમિક કક્ષાનાં જઘન્ય વિઘ્નો કહ્યાં છે. આટલાથી જો પાણીમાં બેસી જાઓ તો આગળ વધી શકાય ખરું ? જેમ મચ્છર કરડે માટે ચોપડી વાંચવાની મૂકી દે તો ચાલે ?

તેમ આત્મકલ્યાણના માર્ગમાં જ્યારે ધર્મ કરવા બેસો તો નાનાં વિઘ્નો આવી શકે છે. જેમ સામાયિક લીધું અને હવામાં બફારો હોય, તો તેમાં તમને સામાયિક કરવાનું ફાવે ખરું ? તમે ધર્મ ક્યારે કરો ? બધી જ અનુકૂળતા હોય તો જ ફાવે ને ? નાનાં વિઘ્નો પણ ચલાવો ખરા ? આ વિસ્તારના છોકરાઓ એવા ભણીગણીને તૈયાર થયેલા છે કે દહેરાસર જ નથી આવતા. કહે છે કે દહેરાસરમાં બફાઈ મરાય છે, વ્યાખ્યાનમાં પણ જમીન પર બેસવાનું એટલે કેડ દુઃખી જાય છે, માટે નથી આવતા.

**સભા :-** બધાનું તમે સારું પૃથક્કરણ કર્યું છે.

**સાહેબજી :-** આવું જોઈએ છીએ માટે જ કહીએ છીએ. પ્રવચન અંગે અત્યારે ડીમાન્ડ છે કે મોટા હોલ હોય, તેમાં પંખા હોય, A.C. હોય, cozy chair (આરામદાયક ખુરશી) હોય, શરીરને ફાવે તે રીતે બેસવાનું હોય અને કાનને

ગમે તેવું સાંભળવાનું મળે તો અમે આવીએ. ઘણા ઉપાશ્રયમાં પણ તમારે ખુરશી ને પંખા આવી ગયા છે. અમે તમને પ્રસંગે ખખડાવીએ છીએ માટે જ થોડા અટક્યા છો ને ?

એક વખત હું દિલ્હી ગયેલો. ત્યાં દહેરાસરમાં પંખો ચાલતો હતો, ત્યારે પૂછ્યું તો કહે કે પંખો ચાલુ હોય તો અનુકૂળતાથી ભગવાનની પૂજા કરતાં એકાગ્રતા સારી રહે. વળી, પંખો હોય તો પસીનો પણ ન થાય એટલે આશાતના પણ ન થાય.

અત્યારે જૈન-જૈનેતરમાં ધ્યાનની શિબિર થાય છે. તેમાં કહે, "ખૂબ મઝા આવી ગઈ. આવો અનુભવ તો ક્યારે પણ થયો નથી. ખૂબ જ પ્રસન્નતા આવી ગઈ." પછી વાતમાં આગળ પૂછીએ કે તે વખતે કેવી પોઝીશનમાં બેઠા હતા ? તો જવાબ આપે કે "ફર્સ્ટ ક્લાસ ઠંડકમાં, હવા ખાતાં, બેસતાં ઊઠતાં ડ્રીન્કસ પીને ફ્રેસનેસ-તાજગી સાથે ધ્યાન કર્યું." આવી રીતે ધ્યાન કરો એટલે ધ્યાન થઈ જાય ? જે લોકો બધી સગવડ મેળવીને અને તેની અપેક્ષા સાથે ધ્યાન કરવા બેસે છે, તેમનું ધ્યાન બગલા જેવું છે. જેમ બગલો શાંત બેઠો હોય, જાણે સમાધિમાં લીન થયેલો લાગે, પણ તેની નજર ક્યાં હોય ? માછલી પકડવા જ તે શાંત બેઠો હોય છે. જેમ તેનું ધ્યાન આર્તધ્યાન-રૌદ્રધ્યાન છે, જે મહા અશુભ કર્મબંધનું કારણ છે, તેમ સુખશીલ જીવનું ધ્યાન પણ આર્તધ્યાન જ છે.

**સભા** :- અમારા ધ્યાનમાં કઈ માછલી પકડવાની છે ?

**સાહેબજી** :- તમારે શરીરની સુખશીલતારૂપ માછલી પકડવાની છે. શરીરની મમતા-આસક્તિ કર્મબંધનું કારણ છે.

**સભા** :- તે વખતે તેનો વિચાર તો નથી કરતા.

**સાહેબજી** :- A. C.માં ઊંઘતાં તમને સુખશીલતાનો વિચાર છે. વળી, ઊંઘમાં જો એક મચ્છર કરડે તો આંખ ખોલ્યા વગર તેને પતાવી દો ને ? માટે વગર વિચારે અંદર વૃત્તિ કેવી છે ? "મને જરા કોઈ ત્રાસ આપે તો તેને હજમ કરી જાઉં." મચ્છર કાંઈ તમને આખા ખાઈ જતો નથી. તમારા શરીરમાંથી લઈ લઈને કેટલું લોહી લેશે ? માત્ર એક ટીપું લોહી લે છે, છતાં તમે તેને જીવવા ન દો અને આખો મારી નાંખો છો, તો તેના બદલામાં તમને શું કરવાનું ? અહીંયાં સજા કોને વધારે કરવાની ?

મચ્છરનું ધ્યાન વધારે ખરાબ કે તમારું ? વળી તમે વિચાર કરો કે ન કરો પણ વૃત્તિ તો તમારી અશુભ છે જ. માટે આંખો મીંચીને બેસી જાઓ એટલે શું ધ્યાન આવી જાય ? આ બધાં ધર્મનાં લક્ષણ નથી.

**સભા :-** પણ સાહેબજી ! તે વખતે આનંદ કેમ હોય છે ?

**સાહેબજી :-** નશીલી દવા લઈને કોઈ વ્યક્તિ ફૂટપાથ પર પડી હોય છતાં ત્યારે તેને કેવી મસ્તી હોય છે ! એટલે આનંદ મળે તેટલામાત્રથી અધ્યાત્મ આવી ગયું એમ કહેવાય નહીં. આનંદ શેનો છે ? ક્યાંથી મળે છે ? તે વિચારવાનું રહે છે. તમને લાખનો નફો મળે તો મન નાચે છે, પરંતુ આ આનંદ વિકારી છે. વિષય-કષાયના આવેગની તૃપ્તિનો આનંદ છે, પણ આત્માનો નિર્વિકારી આનંદ નથી. **શાસ્ત્રમાં ધ્યાન કરનાર માટે શરત મૂકી છે કે જેને શરીરની પડી ન હોય, પરવા ન હોય, દેહના સુખદુ:ખમાં સમાન ભાવ હોય તે જ શુભ ધ્યાનનો સાચો અધિકારી છે.**

## 30

તા.૮-૯-૯૫, શુક્રવાર, ભાદરવા સુદ ચૌદશ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવો વહેલામાં વહેલી તકે પરમપદને પામે તે આશયથી આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણે સંસારમાંથી સઘળાં કર્મોનો ઉચ્છેદ કરી પરિપૂર્ણ શુદ્ધ આત્માને પામીએ તે જ જ્ઞાની મહાપુરુષોની મનોકામના છે. ભગવાનના શાસનમાં માર્ગદર્શન પણ તેનું જ આપ્યું છે. આ ૮૪ લાખ જીવાયોનિમાં મોટાભાગના જીવો દુર્ગતિમાં જન્મીને દુઃખમાં સબડી સબડીને મરી જાય છે. વળી સદ્ગતિમાં પણ સુખ મળ્યા પછી તેમાં તલ્લીન થઈને ભવ બરબાદ કરે છે. ઘણાને પુણ્યયોગે સુખ મળ્યું છે અને ઘણાને પાપયોગે દુઃખ મળ્યું છે, પરંતુ બંને અવસ્થામાં ધર્મ આચરનારા ઓછા હોય છે. ઘણાને દુઃખ આવે તો ભગવાન યાદ આવે પરંતુ જો પુણ્યયોગે અનુકૂળતા મળે તો ભગવાન યાદ ન આવે; જ્યારે બીજા જીવો એવા હોય છે કે જેમને જીવનમાં કોઈ મોટી ઉપાધિ કે ચિંતા ન હોય, બધી સગવડતા અને નિરાંત હોય તો ધર્મ કરવાની તૈયારી છે. માટે આ બંને રીતના દાખલા મળે.

### દુઃખ આવે તો ધર્મ થાય એવું નથી :

ઉપરાંત ધર્મ કરનારમાં સામાન્ય અને મધ્યમ વર્ગ વધારે છે અને સુખી વર્ગ ઓછો છે. કેટલાક માને છે કે, જીવનમાં થોડું દુઃખ આવે તો દેવ-ગુરુ-ધર્મ યાદ રહે અને સજ્જનતા આદિ ગુણો વિકસતા રહે, માટે જ ઘણા પ્રાર્થના કરે છે કે "હે ભગવાન, થોડું દુઃખ આવે જેથી હું તને ભૂલું નહિ." આવું સંત કબીરે પણ ગાયું છે. તાત્પર્ય એ કે "મને હંમેશાં થોડું દુઃખ આવજો, તો હું ભગવાનનું નામ કે ધર્મ ભૂલીશ નહીં." ઘણા જીવો જીવનમાં સુખની પળોમાં ધર્મને યાદ ન કરે, પણ ભારે દુઃખ આવતાં ભગવાનનું નામ-માળા જપતા થઈ ગયા હોય. આવું પ્રત્યક્ષ દેખાય છે, પરંતુ આ વાત આપણું શાસ્ત્ર સ્વીકારતું નથી.

કારણ કે દુઃખ આવવાથી જો જીવ ધર્માત્મા બને તો દુનિયામાં ધર્મીની મેજોરીટી થાય. કેમ કે જીવોને દુઃખ વધારે આવે છે કે સુખ વધારે આવે છે ? આ દુનિયામાં

દુઃખી વધારે કે સુખી વધારે ? માટે દુઃખ આવવાથી જો ધર્માત્મા બનાતું હોય તો લોકમાં ધર્માત્માની મેજોરીટી થાય. પરંતુ દુઃખ આવે ત્યારે પણ મોટા ભાગના જીવોને ધર્મ યાદ નથી આવતો; ઊલટું કાં રડી લે, કાં હાયવોય કરે, કાં દુઃખનાં નિમિત્ત પ્રત્યે દ્વેષ-અણગમો કરે, ગાળો આપે, પ્રાયઃ આ જ બધું જીવનમાં છે. નહિતર તો નરકમાં સૌથી વધારે દુઃખ છે, તો પછી ત્યાં સૌથી વધારે ધર્માત્મા હોય ને ?

**સભા :-** નરકના જીવ કરતાં નિગોદના જીવને વધારે દુઃખ નહિ ?

**સાહેબજી :-** નિગોદના જીવને વ્યક્ત દુઃખની અપેક્ષાએ દુઃખ વધારે નથી, અવ્યક્ત દુઃખની અપેક્ષાએ જ વધારે દુઃખ છે. નારકીના જીવોની અપેક્ષાએ નિગોદના જીવોને દુઃખનાં નિમિત્તો ભારે છે, છતાં અનુભવરૂપે દુઃખ ઘણું ઓછું છે. **નારકીના જીવોને અનુભૂતિની અપેક્ષાએ દુઃખ વધારે છે, નિગોદના જીવોને નિમિત્તની અપેક્ષાએ દુઃખ વધારે છે.** નિગોદમાં દુઃખનાં નિમિત્તો જબરદસ્ત ઊભાં થાય તેવું કર્મ છે, પણ નારકીમાં આવું કર્મ નથી; છતાં નારકીના જીવો દુઃખને તીવ્રતાથી અનુભવી શકે છે.

અત્યારે તમારા શરીરની સંવેદના નષ્ટ નથી. વળી તમે જાગો છો તેમાં પણ બેભાન નથી પણ સભાન છો. માટે તમને કોઈ જરા ચીંટિયો ખણે તો દુઃખનો અનુભવ થાય છે, પરંતુ ઊંઘમાં ચીંટિયો ખણે તો વેદના ઓછી થાય છે. જેમ જાગતાં એક મચ્છર કરડે તો તરત ખબર પડે, જ્યારે ભારે ઊંઘમાં એટલા મચ્છર કરડે કે સવારે તો ઢીમચાં થઈ ગયાં હોય છતાં તે વખતે ખબર ન પડી હોય; કેમ કે ઊંઘમાં સંવેદના મંદ છે, જાગતાં સંવેદના તીવ્ર હોય છે. એનાથી આગળ કોઈ વ્યક્તિને ઊંઘમાં દવા પીવડાવી નશામાં-બેહોશીમાં લઈ જાય અને પછી ચીંટિયો ખણે તો ખબર પડે ? ના, કારણ બેભાન દશામાં સંવેદના ખૂબ જ બુઠ્ઠી થઈ ગઈ છે, પરંતુ ત્યારે ચીંટિયો ખણે છે તે દુઃખનું નિમિત્ત તો હાજર છે.

જેમ ઓપરેશન કરતાં સૂંઘાડીને બેભાન કરે પછી આખું પેટ ચીરે તોપણ પેશન્ટ એમ ને એમ પડ્યો હોય છે, અને જો બેભાન ન કર્યો હોય તો બૂમાબૂમ કરે. વળી આ દવાની અસર જાય પછી ભલે ટાંકા લીધેલા હોય છતાં કેવો દુખાવો થાય છે ? કારણ કે હવે સભાન દશા છે. સારાંશ એ છે કે **જાગ્રત અવસ્થામાં દુઃખની સંવેદના તીવ્ર થાય છે અને બેભાન અવસ્થામાં દુઃખનું નિમિત્ત પ્રબળ હોવા છતાં**

**દુઃખની સંવેદના અલ્પ થાય છે. તેમ નિગોદના જીવોને બેભાન ચેતનાને કારણે તીવ્ર દુઃખનો પણ અનુભવ અલ્પ હોય છે.**

નારકીના જીવો બેભાન કે અજાગ્રત નથી, વળી પંચેન્દ્રિય છે; જ્યારે નિગોદના જીવો એકેન્દ્રિય છે. નારકીના જીવો પંચેન્દ્રિય છે તેટલું જ નહિ, મન પણ તેમનું વિકસિત થયું છે, તેમનામાં જ્ઞાન-બુદ્ધિ મારા તમારા કરતાં પણ વધારે છે. તેમને વિભંગજ્ઞાન હોય છે. પરમાધામીઓ તેમને દૂરથી મારવા આવતા હોય તો દેખાય છે, ત્યારે નારકો તેમને જોઈને જ ધ્રૂજવા લાગે છે. આની જો જાણકારી જ ન હોય તો વહેલી પીડા થાય નહિ. નારકીમાં જ્ઞાન-બુદ્ધિ-ઇન્દ્રિય-મન સતેજ છે, માટે તેમને તીવ્ર દુઃખનો અનુભવ થાય છે; જ્યારે નિગોદના જીવને દુઃખનો તીવ્ર અનુભવ નથી, પણ દુઃખની સામગ્રી વિપુલ પ્રમાણમાં છે. નિગોદના જીવોની ચેતના નરકના જીવો જેટલી વિકસિત થાય, તો તેના કરતાં કંઈ ગણો વધારે દુઃખનો અનુભવ નિગોદના જીવોને થાય.

જેમ અત્યારે આપણી કોઈ જરા આંગળી કાપે તો કેટલી વેદના થશે ! પણ બેભાન અવસ્થામાં જો કોઈ આખું પેટ ચીરે તોપણ તેના કરતાં કઈ ગણો ઓછો દુઃખનો અનુભવ થશે. છતાં હકીકતમાં દુઃખ ક્યાં વધારે છે ? જેમ જાગ્રત માણસને એક થપ્પડ મારીએ તોપણ વધારે દુઃખ અનુભવશે, જ્યારે બેભાન માણસને દંડો મારીએ તોપણ તેને ખબર નહિ પડે. માટે અનુભૂતિનાં કારણોનો તફાવત છે.

એક બાજુ શાસ્ત્રમાં લખ્યું છે કે આ ૮૪ લાખ જીવાયોનિમાં નરક એ મહાદુઃખની ગતિ છે, જ્યારે બીજી બાજુ એમ પણ લખ્યું કે નિગોદના જીવોને ઘણું દુઃખ છે. આ બંને પરસ્પર વિરોધી વિધાનોની અપેક્ષા સમજવી પડે, તે સિવાય શાસ્ત્રોના અર્થનો યથાર્થ બોધ ન થાય.

હવે મૂળ વાત પર આવીએ.

આ દુનિયામાં દુઃખીમાં દુઃખી જીવો નરકના છે, પણ ત્યાં ધર્મી વધારે કે અધર્મી વધારે ? જો દુઃખ આવવાથી કોઈ પાત્ર જીવને બુદ્ધિ ઠેકાણે આવતી હોય અને તે જીવ આત્મકલ્યાણમાં ચઢે તો તેમાં અમારો વિરોધ નથી. કારણ દુઃખ પણ આત્મકલ્યાણનું સાધન બને તો તે દુઃખ આવકાર્ય છે, પણ આ હકીકત સાર્વત્રિક નથી.

**સુખ આવે તો ધર્મ થાય, એવું પણ નથી :**

હવે બીજી બાજુ ઘણા એમ પણ દલીલ કરે છે કે, અનેક પ્રકારનાં કષ્ટ-ત્રાસમાં સારી રીતે આરાધના ન થાય. બરાબર સાંભળજો. આ તમારી દલીલ આવી. સામાયિક કરવું હોય પણ જો ત્યાં મચ્છર કરડતા હોય, બફારો હોય, જમીન જરા ખરબચડી હોય તો ત્યાં સામાયિક કરવું તમને ફાવે ? તમે કહેશો "જો બરાબર અનુકૂળતા હોય તો સાહેબજી ! ચિત્ત સ્થિર રહે. પ્રતિકૂળતામાં મન ઠેકાણે ન રહે. આર્તધ્યાન-રૌદ્રધ્યાન થાય. તેથી સુખ-સગવડતા હોય તો ધર્મ બરાબર થાય." એક બાજુ કહે દુઃખ આવશે-ધોકા પડશે તો સીધા ચાલીશું, ધર્મ કરીશું; બીજી બાજુ કહે અનુકૂળતા હોય તો ધર્મ સારો થાય. હવે આ બંને ઇચ્છા ઉચિત છે ? બંને વિકલ્પ વાસ્તવિક છે ? ના, બરાબર વિચારીને ના પાડજો. તમારા મગજમાં સ્પષ્ટ બેસવું જોઈએ.

**ભૌતિક દુઃખ પડવાથી જીવ ધર્મ પામે તેવું એકાંતે નથી અને ભૌતિક સુખમાં પણ જીવ ધર્મ સારી રીતે કરે તેવું પણ એકાંતે નથી. ભૌતિક સુખ-દુઃખ આત્મકલ્યાણના માર્ગમાં એકાંતે સાધક પણ નથી અને એકાંતે બાધક પણ નથી, આ પાયાનો સિદ્ધાંત છે.**

જીવનમાં ક્યારેય પણ સાવ સામાન્ય નાનું દુઃખ આવે તો તેમાં પણ પાપનો ઉદય કારણ છે અને નાનું પણ સુખ પ્રાપ્ત થાય તો તેમાં પુણ્યનો ઉદય કારણ છે, આ દુનિયાનો અટલ સિદ્ધાંત છે; પરંતુ પુણ્યથી મળતાં સુખો ધર્મમાં સહાયભૂત થાય તેવો નિયમ નથી, તેમ પાપથી મળતાં દુઃખો ધર્મમાં સહાયભૂત થાય તેવો પણ નિયમ નથી. સંસારમાં મોટાભાગના જીવોને પાપનો ઉદય વર્તે છે. તેમાં જેઓ સંક્લેશ કરે છે, તેઓ પાપ ભોગવતાં વળી નવાં પાપો બાંધે છે અને તેનાથી આ ઘોર સંસારમાં રખડે છે. તેમ સંસારમાં પુણ્યશાળી જીવો માઈનોરીટીમાં છે. મનુષ્ય-દેવલોકમાં ઓછા જીવો છે અને તેમાં પણ સુખી તો ઘણા ઓછા છે; પણ જે સુખી જીવો છે તેમાં પણ ધર્મ કરી આત્મકલ્યાણ કરનાર તો એક ટકો પણ નથી, પરંતુ આ મળેલ સુખોમાં મસ્ત થઈ પાપો બાંધીને દુર્ગતિમાં જનારા ઘણા છે. **તેથી જીવનમાં ભૌતિક સુખદુઃખ ધર્મપ્રાપ્તિનું સાધન બને તેવો નિયમ નથી, પરંતુ તમને મળેલા સુખદુઃખની અસર તમે કેવી લો છો તેના પર બધો આધાર છે. જો તેની સારી અસર લો તો શુભ ભાવનું સાધન બને અને ખરાબ અસર**

**લો તો અશુભ ભાવનું સાધન બને. માટે લાયક જીવને સુખ મળે તોપણ કલ્યાણ કરશે અને દુઃખ મળે તોપણ કલ્યાણ કરશે, જ્યારે ગેરલાયક જીવને સુખ મળે તોપણ પાપબંધનું કારણ અને દુઃખ મળે તોપણ પાપબંધનું જ કારણ બનશે.**

**સભા :-** લાયકની વ્યાખ્યા કરો ને ?

**સાહેબજી :-** ચોક્કસ વ્યાખ્યા કરીશ. પણ તે આગળ આવશે. **અત્યારે તો પહેલાં નિયમ ગોખી રાખો કે સુખદુઃખની સારી અસર લો તો હિતનું સાધન બને અને ખરાબ અસર લો તો ભારેમાં ભારે કર્મબંધ દ્વારા દુર્ગતિમાં રખડાવશે. માટે બધો આધાર તમે કેવી અસર લો છો તેના પર છે.** અત્યારે આપણે આ સંસારના ક્ષેત્રનાં દૃષ્ટાંત જોઈએ છીએ. આના પરથી મારે તમને ધર્મના ક્ષેત્રમાં લઈ જવા છે. આનો બધો મદાર અસર પર છે.

## પાપ કરાવનાર કર્મો છે, પણ પુણ્ય કરાવનાર કર્મો નથી :

જેમ કોઈએ તમારી નિંદા કરી, તમને હેરાન કર્યા, મચ્છર કરડ્યો, ગરમી થઈ, આવી તકલીફો આવી તો તમે તેની કેવી અસર લો છો ? તેમ કોઈએ તમારી પ્રશંસા કરી, ખાવાપીવાનું સારું મળ્યું, વૈભવ-સુખો મળ્યાં, પુણ્યનો ઉદય મળ્યો, તે બધાની તમે જીવનમાં શું અસર લો છો ? **જેવી અસર લો તે પ્રમાણે ભાવિ નિર્માણ થાય છે, અને કેવી અસર લેવી તે તમારા પોતાના હાથમાં છે.** જીવનમાં પુણ્ય અને પાપના ઉદય ૨૪ કલાક ચાલુ છે, તેની અસરો પણ ૨૪ કલાક સાતત્યરૂપે ચાલુ છે. વળી, પુણ્ય અને પાપના વિપાકના અવસરે તમારી બુદ્ધિને મલિન કરવી તે માટે બીજાં જુદાં કર્મો છે. **એટલે જીવનમાં પાપ કર્મ જુદાં છે, પાપ કરાવનારાં કર્મ જુદાં છે; તેમ પુણ્ય કર્મ જુદાં છે પણ પુણ્ય કરાવનાર કોઈ કર્મ નથી.**

જૈન કર્મવાદ પ્રમાણે (૧) પાપ કર્મ છે, (૨) પાપ કરાવનારાં કર્મ છે અને (૩) પુણ્ય કર્મ છે; પણ પુણ્ય કરાવનાર કર્મ નથી. તેથી પુણ્ય કર્મ માટે તો આપણે જાતે જ પુરુષાર્થ કરવાનો છે.

**સભા :-** સાહેબજી, પુણ્યાનુબંધીપુણ્ય પણ નહીં ?

**સાહેબજી :-** બરાબર સમજો, પુણ્યાનુબંધીપુણ્ય નામની પ્રકૃતિ આઠ કર્મના પ્રકારોમાં છે ? જ્યારે પુણ્યાનુબંધીપુણ્ય બોલો છો ત્યારે એનાલીસીસ-વર્ગીકરણ બદલાઈ જાય છે. અત્યારે આપણે કર્મબંધ અને આઠ કર્મનું વિવરણ ચાલે છે,

અનુબંધનું નહીં. હવે આઠ કર્મમાં પહેલાં જે ચાર કર્મો છે તેને આપણે ઘાતીકર્મ કહીએ છીએ. બીજાં જે ચાર કર્મો છે તેને અઘાતીકર્મ કહીએ છીએ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મ છે. આ શાસ્ત્રની વાત છે, પણ મુદ્દો ખાસ સમજવા જેવો છે.

શાસ્ત્રમાં ઉપમા આપી કહ્યું છે કે **આ ઘાતીકર્મો આત્મા માટેનું પાંજરું છે.** જેમ વાઘ-સિંહને પાંજરામાં પૂરો એટલે બિલાડા જેવા થઈ જાય. આમ સિંહની શક્તિ કેટલી ? મોટો હાથી પણ તેની સામે ન આવે ! તેમ આત્મા અનંત શક્તિનો ધણી છે. ભૌતિક દુનિયામાં ધરખમ ફેરફાર કરવો હોય તો તે તાકાત આત્મામાં છે. પાણીમાંથી હીરા બનાવી આપે, પથ્થરમાંથી સોનું બનાવી આપે. જડમાં જે સંભવિત ફેરફાર છે તે બધું કરવાની તાકાત આત્મામાં છે. આત્મા ચકલા-ચકલીના ભવમાં આકાશમાં ઊડી શકે છે. ચકલીનું ખોળિયું ઊડે છે કે તેમાં શક્તિ આત્માની છે ? એ ભવમાં તે શક્તિ ખીલેલી છે. દેવતાને કોઈ કહે કે પથ્થરમાંથી સોનું કરી આપો, તો કરી આપે ને ? પાણીમાંથી હીરા પણ બનાવી આપે ને ? તે સર્વ શક્તિ કોની છે ? ચેતનની કે જડની ? વિચાર કરો તો આ કુદરતમાં ચેતનની શક્તિની તોલે કોઈ આવી શકે નહીં. જડ કરતાં અનંતગણી શક્તિ ચેતનમાં છે. પરંતુ અત્યારે આપણે બધા માયકાંગલા-ક્રીપલ્ડ બની ગયા છીએ. જેમ સિંહની સામે જંગલનું કોઈ પ્રાણી ટકી શકે ખરું ? પણ એ જ સિંહને પાંજરામાં પૂરો પછી હાલત કેવી ? તેનો માલિક રાખે તેમ રહેવાનું, ખાવાનું આપે તો ખાવાનું, ભૂખ્યો રાખે તો ભૂખ્યા રહેવાનું, માલપાણી આપે તો તે ખાવાનું, હન્ટર મારે તો તે સહન કરવાનાં. અત્યારે કંટ્રોલ પાંજરામાં પૂરનારના હાથમાં છે. માટે અત્યારે સિંહની પરિસ્થિતિ કેવી કરુણ છે ! તેમ આત્મા માટે આ ચાર ઘાતીકર્મો પાંજરાનું કામ કરે છે. દરેક બાબતમાં કર્મ નચાવે તેમ નાચવાનું. ઊંઘ પણ મરજીથી આવે કે પુણ્ય હોય તો આવે ? માટે બધે કર્મ ગોઠવે તેમ ગોઠવાવાનું. પુણ્ય ન હોય તો ઝાડો-પેશાબ પણ અટકી જાય. અપાર શક્તિવાળા આત્માને પણ કર્મે ટિંગાડીને રાખ્યો છે. અને આ ખોટી વાતો નથી. માટે બરાબર વિચાર કરજો. **ઘાતીકર્મો આત્માની શક્તિ-ગુણોનો ઘાત કરે છે. તે એવી રીતે સપ્રેસ કરે-દબાવે છે કે અનંત શક્તિનો ધણી હોવા છતાં આત્મા અત્યારે અશક્ત છે.**

**સભા :-** આત્મા બળવાન નહીં ?

**સાહેબજી :-** હા, જ્યાં સુધી પાંજરામાં ન પુરાય ત્યાં સુધી બળવાન. માટે જ પિંજરું ખોલવાની તાકાત જોઈએ.

**સભા :-** પિંજરું પોતે જાતે જ ખોલવાનું છે ?

**સાહેબજી :-** હાસ્તો, પિંજરામાં જાતે જ ઘૂસ્યા હતા કે હું ઘુસાડવા આવ્યો હતો? પોતાની જાતે જ પુરાયા છો.

**સભા :-** પણ પિંજરું ખોલવામાં નિમિત્ત ન બની શકો ?

**સાહેબજી :-** હા, માટે જ પાટ પર બેઠો છું. જેમ કરોળિયો પોતાની લાળથી જાળું બાંધે, પછી અંદર ને અંદર પોતે પુરાય; તેમ પાંજરું તમે જાતે બનાવ્યું, પુરાયા પણ જાતે, અને ત્યાંથી નીકળવાનું પણ જાતે. બાકી અમે તો માર્ગદર્શન આપીએ. વેદાંતમાં પણ લખ્યું છે કે કરોળિયો જાળ કરીને તેમાં પુરાય છે, તેમ આ બ્રહ્મમય આત્મા જાતે માયા કરીને ફસાય છે, અને આ વાત આપણને પણ માન્ય છે. આ ઉપમા દ્વારા ઘાતીકર્મની પ્રકૃતિ સમજાવી છે.

**સભા :-** માર્ગદર્શન મુક્ત થયેલા જીવો જ આપી શકે ?

**સાહેબજી :-** હા, અમે તો મુક્ત થયેલા જીવોએ આપેલ માર્ગદર્શનના સંદેશવાહક જ છીએ. **જે ઘાતીકર્મને તોડે તે પૂર્ણજ્ઞાની બને.** કેવલજ્ઞાની તીર્થંકરો પિંજરામાંથી નીકળેલા છે. તેથી જે મુક્ત થયેલા છે, તેમણે જ માર્ગદર્શન આપ્યું છે. અમે તો ખાલી તેના વાહક છીએ. અમે પોઠિયાનું કામ કરીએ છીએ. તીર્થંકરોએ જે તત્ત્વ પીરસ્યું છે, જે સાચો રાહ બતાવ્યો છે, તેને લોકો સુધી અમારે પહોંચાડવાનો છે. જેમ ટપાલી ટપાલ લઈને આવે છે; તે લખી છે બીજાએ, પહોંચાડવાની છે બીજાને. ટપાલીનું ટપાલમાં એક અક્ષર પણ લખાણ નથી, તેમ અમને પાટ પરથી કાંઈ સ્વતંત્ર બોલવાનો અધિકાર નથી. અમને એક પણ વાત કહેવા પૂર્ણજ્ઞાનીના વચનનો આધાર જોઈએ. સુધર્માસ્વામીની પાટ પર બેઠા પછી લોકો અમને સાંભળવા શું કામ આવે છે ? અમને હાથ જોડીને બેસો છો તેનું પણ શું કારણ છે ? તમને ખાતરી છે કે પ્રભુ મહાવીરનો જ ઉપદેશ આપશે, માટે આવો છો. તેથી અમે કોઈ સ્વતંત્ર વાત ન કરી શકીએ. આ અમારી જવાબદારી છે. અમને ઈન્ડીપેન્ડન્ટ કોઈ ઓથોરીટી-સ્વતંત્ર સત્તા નથી. આ શાસનમાં ઓથોરીટી તો પૂર્ણજ્ઞાનીને જ છે. શ્રુતકેવળી કે પૂર્વધરો પણ કહે કે અમે ભગવાન પાસેથી આમ સાંભળ્યું છે, જાણ્યું છે. જો ચૌદ પૂર્વધરો કે ગણધરો પણ પોતાની જાતને ઈન્ડીપેન્ડન્ટ

ઓથોરીટી(સ્વતંત્ર સત્તા) ન ગણતા હોય, તો આ શાસનમાં બીજો કોઈ ઓથોરીટી કેમ લઈ શકે ?

અત્યારે તમારે ત્યાં સંઘમાં એવી પરિસ્થિતિ છે કે કોઈ હાલતો ચાલતો માણસ પણ બોલે કે "હવે ધર્મમાં ફેરફાર કરવા જેવા છે, આ બધું જુનવાણી છે, પહેલાં આટલું વિજ્ઞાન વિકસ્યું નહોતું માટે બરાબર હતું, પણ હવે જમાના અનુસાર ફેરફાર કરવા જોઈએ." અત્યારે ઘણા જૈનો આવા ઘેલા થયા છે.

હમણાં એક ભાઈ જે બિરલા હોલમાં લેક્ચર સાંભળીને આવેલા, તેમણે આવીને મેનકા ગાંધીની વાત કરી. મેનકા ગાંધી મૂળથી પંજાબી છે. છતાં તેનામાં દયા-કોમળતાના ગુણ એટલા છે કે પ્રાણી પ્રત્યે ક્રૂરતા થાય તો તેનું દિલ હલી જાય છે. આમ પોતે નાનપણથી માંસાહાર કરતા હતા. અરે, લગ્ન થયા પછી પણ માંસાહાર તેના જીવનમાં ચાલુ હતો. છતાં મનમાં લાગણી એવી કે પ્રાણી પ્રત્યે ક્રૂરતાનો વ્યવહાર થાય તો તે સહન ન કરી શકે. પ્રાણી પ્રત્યે કોમળ વર્તન રાખવું જોઈએ તેવા લેખો પણ પોતે લખતાં. એક વખત સંજય જ્યારે બેક ડોર(પાછલા બારણે) સત્તા પર હતો, ત્યારે તેણે કહ્યું કે "તમારી પાસે સત્તા છે તો જે પ્રાણીઓની કતલ થાય છે, સરકારી ધોરણે કતલખાનાં ચાલે છે તે બંધ થાય તેના માટે તમારે મને સહયોગ આપવો જોઈએ." હવે સંજયને તો આ બધી બાબતમાં રસ ન હોવાના કારણે સામે સંભળાવ્યું કે "તું આટલી પ્રાણીહિંસા અટકાવવાની વાતો કરે છે પણ તારા જીવનમાંથી તો પહેલાં માંસાહાર છોડ." આ સાંભળીને તે જ દિવસથી તેણે નોનવેજ છોડ્યું. તેણે જીવદયાની ઘણી પ્રવૃત્તિ કરી તેની આપણે ટીકાટિપ્પણ નથી કરતા. પરંતુ તેને જૈનધર્મ સાથે પરિચય નથી, છતાં જૈનોને લેક્ચર આપવા હમણાં બિરલા હોલમાં બોલાવેલી ત્યારે તેણે જૈનધર્મની અહિંસા-હિંસા માટે સમીક્ષા કરી હતી કે "તમારે જૈનોએ જ પહેલાં અહિંસામાં સમજવા જેવું છે. તમે અત્યારે અહિંસાની વાતો કરનારા વરખ, રેશમી કપડાં, તબલાં વગેરે વાપરો છો. હજુ સુધી મને કોઈ તમારા સાધુ એવા નથી મળ્યા કે જે આનો સાચો જવાબ આપી શકે." હવે જેને જૈનધર્મની હિંસા-અહિંસાનો જરાય પરિચય નથી તેવી વ્યક્તિ જાહેરમાં જૈનોને આવી સલાહ આપી જાય તે કેવું બેહૂદું કહેવાય ? તે કાંઈ જૈનધર્મમાં ઓથોરીટી છે ? તેને જૈનશાસ્ત્રોનો એક કક્કો પણ ખબર નથી.

**જે હિંસાનો ત્યાગ કર્યો નથી તેવી દૈનિક હિંસાથી થતો ધર્મ ત્યાજ્ય નથી, પણ કરવા યોગ્ય છે.**

હિંસાની બાબતમાં સૂક્ષ્મતાથી, ઊંડાણથી સાંગોપાંગ વિવેચન જૈનધર્મમાં કર્યું છે. આપણું શાસ્ત્ર તરંગતુક્કાથી લખાયેલું નથી. પૂજામાં જે રેશમી કપડાં વપરાય છે, તેમાં પણ ગહન તત્ત્વ છે. તેની દૃષ્ટિએ તો જે એનીમલ પ્રોડક્ટ-પ્રાણીજ પદાર્થ ખાય તે માંસાહાર છે. અમે પણ દૂધ, ઘી લઈએ છીએ એટલે અમે માંસાહારી થઈ ગયા તેમ તે કહે છે. આપણાં શાસ્ત્રોમાં રેશમી કપડાં, કસ્તૂરી, ગોરોચન, તબલાં, ચામર, વરખ વગેરે ધર્મના ક્ષેત્રમાં કેમ વાપરવાં તેના પર ઘણી જ ચર્ચા કરી છે. આપણા શાસ્ત્રમાં અહિંસાની વ્યાપક વ્યાખ્યા કરી છે. જીવમાત્રની હિંસાને આપણે હિંસા કહીએ છીએ. અરે ! એક કીડીને લઈને બીજી જગ્યાએ મૂકો તોપણ અલ્પ હિંસા માની છે, પણ સાથે અહિંસાના આચરણ માટે તબક્કાવાર શું કહ્યું છે તે સમજવું પડે.

તમારી હિંસા-અહિંસાનાં કાટલાં કેવાં છે ? તમે જો જીવનમાં હિંસાને ખરાબ માનો છો અને અહિંસાને સારી માનો છો, તો તમારે સૌથી પહેલાં અહિંસા જાત માટે પાળવાની છે. તેથી પહેલાં તે હિંસા તમે અંગત જીવનમાં છોડો, પછીથી તે હિંસાથી થતો ધર્મ છોડવાનો છે; અને જો તે પહેલાં તે હિંસાથી થતો ધર્મ છોડો તો પાપ લાગે.

દા.ત. તમે મોટરમાં મઝેથી બેસો, હરો-ફરો, રખડો પણ ભગવાનને કે સાધર્મિકને કદાચ એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાડીમાં લઈ જવા હોય તો કહો કે "આમાં તો કેટલી હિંસા થશે ? માટે ન લઈ જવાય." તો આ ભાવ શું વાજબી છે ? આવા દયાળુ તો લુચ્ચા ને સ્વાર્થી કહેવાય. તમે જીવનમાંથી તે હિંસાનો ત્યાગ કરો પછી જ તે સ્ટેજમાં તે હિંસાથી થતો ધર્મ કરવાનો નથી.

જેમ તમને બંગલો બંધાવતાં પાયો ખોદો તેમાં પાપનો વિચાર ન આવે, પણ ઉપાશ્રય બંધાવવાનો આવે તો પાપ યાદ આવે છે; તમને લગ્નમાં જમણવાર કરતાં પાપ યાદ ન આવે, પણ સંઘજમણ કરતાં હિંસા યાદ આવે છે. તે ધારાધોરણ બરાબર નથી. હવે આવી દલીલો મેનકા ગાંધી કાંઈ સમજી શકે તેમ નથી. તેથી જ આ લોકોત્તર જૈનશાસનની ઓથોરીટી પૂર્ણજ્ઞાનીને જ છે. સ્વતંત્ર બોલવાની સત્તા જૈન સાધુને પણ જો નથી તો પછી આ મેનકા કોણ ? અને પાછી આની આવી વાતો સાંભળીને જૈનો તાળીઓ પાડે છે, તે કરુણતા છે.

**સભા :-** જૈનો પાછા તેના લેક્ચરોનાં આયોજન કરે છે.

**સાહેબજી :-** હા, તે જ દુઃખની વાત છે. આ બધાને જૈનધર્મની અહિંસાનો કક્કો પણ ખબર નથી. સંબોધ પ્રકરણ નામના ગ્રંથમાં આચાર્યોએ આ વિષય પર ઘણી ચર્ચા કરી છે. ત્યાં પ્રશ્ન કર્યો છે કે રેશમી વસ્ત્રની બનાવટમાં રેશમમાં કીડાની આટલી હિંસા છે તો તે કઈ રીતે વપરાય ? શાસ્ત્રો કાંઈ મૂર્ખાઓએ લખ્યાં નથી, મહાજ્ઞાની પુરુષોનાં વચનો છે. માટે ગમે તેને તેની સમીક્ષા કરવાનો અધિકાર નથી. પહેલાં જૈન શાસ્ત્રો યોગ્ય રીતે ભણો, તત્ત્વ સમજો અને ભણ્યા પછી પણ કહેવા માટે શાસ્ત્રનો આધાર જોઈશે.

અમારે સાધુને કાંઈ આ દ્રવ્યો વાપરવાનાં નથી. કારણ અમે તેનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. પણ શ્રાવકના જીવનની જે ભૂમિકા છે તેમાં તો આ ઉપકરણો ભક્તિથી વાપરતાં પાપ ન લાગે પણ તે પુણ્યબંધનું કારણ બને છે. પરંતુ તમારી જીવદયા ધર્મમાં જ ઊભરાય છે. એક રેશમી કપડું બનતાં બે, પાંચ હજાર જીવો મરશે, પરંતુ તમે એક વખત સંડાસમાં જાઓ છો તે ગટરમાં જાય છે, જેનાથી વાયા વાયા અનંતા જીવો મરે છે. તમારી એક મોટર કે સ્કૂટર બનતાં વધારે હિંસા કે એક રેશમી કપડામાં વધારે હિંસા ? મોટર બનતાં ભલે વધારે હિંસા થાય છતાં તેનો અંગત ઉપયોગ કરવામાં તમને વાંધો નહીં ને ? પણ ભગવાનની ભક્તિ કરતાં રેશમી વસ્ત્ર પહેરવામાં આટલા જીવો મરશે, માટે તેનાથી તો ભક્તિ કઈ રીતે કરાય ? જરૂર પડે ઘરમાં તમે ડોલો ને ડોલો ભરીને પાણી ઢોળતા હો, પણ પ્રભુના પ્રક્ષાલ માટે એક કળશ પાણી લેતાં મનમાં થાય કે એક ટીપામાં અસંખ્ય જીવ છે તો કેમ વપરાય ? અરે ! એનાથી આગળ વધીને કહું કે ફ્રીજમાંથી કાઢીને પોતે શરબત પીવે તો વાંધો નહિ, પણ કોઈ તરસ્યાને એક ગ્લાસ પાણી પીવડાવતાં હિંસા દેખાય તો કેવું કહેવાય ? આ તો કેવી બેહૂદી દયા કહેવાય ?

તમને આવી હિંસા દેખાતી હોય છે, તેથી તમારે જીવનમાં હિંસામાં કાપ ક્યાં મૂકવો છે ? તમે કબૂતરને ચણ નહીં નાંખવી એવી જો બાધા લેશો તો અનાજના ઘણા જીવો બચશે, તેમ તરસ્યાને પાણી નહીં પાવું એવો નિયમ કરશો તો ઘણા પાણીના જીવની હિંસા અટકશે, માટે ધર્મમાં જેટલી હિંસા થાય છે તે તમારે બધી બંધ કરવી છે ? **"લગ્નના વરઘોડા કાઢવામાં વાંધો નહીં પણ ધર્મના વરઘોડા કઢાય નહીં." આવી વિચારધારાવાળા વાયડા અને અવિવેકી છે. પોતાના જીવનમાં જે હિંસા દૈનિક ધોરણે થઈ રહી છે, તે હિંસાથી થતા ધર્મને જો ધર્મ ન માને તો તે મિથ્યાત્વી છે, તેનામાં સમકિત પણ ના રહે અને બોધિબીજ પણ દુર્લભ થાય છે.**

**સભા :-** પણ સાહેબજી ! સાધુઓ પણ આવો ઉપદેશ આપે છે.

**સાહેબજી :-** ન સમજેલા હોય તે જ ગોટાળા વાળશે.

**સભા :-** તમને વહોરાવવામાં હિંસા છે ?

**સાહેબજી :-** સાધુ જો ભગવાનની આજ્ઞામુજબ ગોચરી લેતો હોય તો જરા પણ હિંસા ન લાગે. અરે ! તમારાથી અમને વહોરાવતાં રસ્તામાં એક મરચાનો જીવ પણ મરે તો હું વહોરું નહીં. તમારાથી અમારા નિમિત્તક કોઈપણ હિંસા થાય તેમ હોય તો હું વહોરું ખરો ? માટે અમારી વ્યવસ્થા જુદી છે. હા, ખાસ મારા માટે રસોઈ બનાવો તો ન વહોરું, પણ તમે કાંઈ ઘરમાં રસોઈ મારા માટે બનાવી છે ?

**જૈનશાસ્ત્રોમાં હિંસાના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે : કરણ, કરાવણ અને અનુમોદન.** જેમ કીડીને પોતે જાતે મારે તો પાપ લાગે, તેમ ઘાટીને કહે કે પોતું કર અને કીડીઓ મરે તોપણ તમને પાપ લાગે. પેલું જાતે કર્યું અને આ બીજા પાસે કરાવ્યું. તેમ બીજું કોઈ કરતું હોય અને તેમાં તમારી સંમતિ હોય અથવા વળતરથી તેનો લાભ લેવાની ભાવના-તૈયારી હોય તો વાયા વાયા પણ ઇન્વોલ્વમેન્ટ ગણાય (સંડોવાય), તો પાપ લાગે. પરંતુ **ક્યાંય પણ સીધું કે આડકતરી રીતે તમને તમારું involvement (જોડાણ) ન હોય તો તમને હિંસાનું પાપ ન લાગે.**

**સભા :-** પણ તમારા માટે બનાવે તો ?

**સાહેબજી :-** અમે જાણતા હોઈએ તો સ્વીકારીએ નહીં, અને સ્વીકાર વગર કોઈ અમારા નિમિત્તે હિંસા કરે તો અમને દોષ લાગે નહીં. નહીંતર કોઈ કહેશે કે સાહેબજી ! તમારા નામથી આ કીડીને હું મારું છું તો શું મને પાપ લાગશે ? જો આમ જ પાપ લાગતું હોય તો પછી હું મરીને નરકમાં જ જાઉં ને ? માટે જેમાં કર્યું, કરાવ્યું, અનુમોદ્યું હોય તો જ તેનું પાપ લાગે. આ પાપની વ્યાખ્યા સ્પષ્ટ છે. તમારે ઘેર સાધુ ન વહોરવા આવે તો શું તમે રસોઈ નથી બનાવવાના ? ભૂખ્યા રહેશો ? અમે શું તમને રસોઈ કરવા માટે કહેવા આવ્યા હતા ? અથવા કાંઈ તેના માટેનાં સલાહસૂચન આપ્યાં હતાં ? માટે તમારા ઘરોમાં બનતી રોજિંદી રસોઈમાં અમારું વાયા વાયા પણ કોન્ટ્રીબ્યુશન ન હોવાથી અમને પાપ ન લાગે.

તમે તમારી જાત પર હિંસાનો કાપ મૂકો, તમે નક્કી કરો કે હું કદી પણ વાહનમાં નહીં બેસું, તો તમારે વાહનમાં બેસીને જાત્રા કરવા જવાની જરૂર નથી. અત્યારે તમે અહીંયાંથી શિખરજી કે પાલિતાણા વાહનમાં જાઓ તો રસ્તામાં વધારે

જીવ મરશે કે રેશમી કપડાંમાં વધારે મરશે ? છતાં જો રેશમી કપડાંથી પૂજા કરવામાં વધારે પાપ લાગે તો પછી તમે પાલિતાણાની જાત્રા કરીને આવો તો તમારે એમ કહેવું પડશે કે હું મહાપાપ કરવા ગયો હતો.

**સભા :-** બહેનો સીલ્ક પૂજા સિવાય પહેરી શકે ?

**સાહેબજી :-** પૂજા સિવાય પહેરવાની વાત નથી. **હું તમને એમ પણ કહું છું કે સારાં કપડાં તમે પહેરજો, બે જોડના બદલે ચાર જોડ રાખો.** અમારે ધર્મના વિષયમાં કર્તવ્ય, બોધ, ઉપદેશ આપવાની જવાબદારી છે. મૂર્ખાઓ ધર્મમાં ગમે તે બોલવાનું ચાલુ કરે એટલે શું સ્વીકારી લેવાય ? તમે તત્ત્વને બરાબર સમજો. મેનકા ગાંધીએ કહ્યું કે, "મને જવાબ નથી મળ્યો." પણ કોઈ સાધુને મળે તો જવાબ મળે ને ? 'Beauty without cruelty'(બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી) સંસ્થાની ડીરેક્ટર ડાયેના કરીને એક જર્મન સ્ત્રી છે. તે એક દિવસ અમે રાજકોટ હતા ત્યારે ત્યાં આવી હતી. તે વખતે હું વાચના આપતો હતો. પછી કોઈએ કહ્યું એટલે મારી પાસે આવીને કહે "હું તમારું જીવન જોઈને ખુશ થઈ છું, પણ તમારા શ્રાવકોએ મંદિરને તો હિંસાનું ધામ બનાવ્યું છે." એના પર તેણે આવું જ લેક્ચર આપ્યું. ત્યારે મેં કહ્યું તમે જૈનશાસ્ત્રની હિંસા-અહિંસા ભણ્યા છો ? તેણે ના પાડી. ત્યારે મેં કહ્યું કે "તો પછી તમને આ સમાલોચનાની ઓથોરીટી-સત્તા કોણે આપી છે ?" માટે પહેલાં ભણો.

તમે જાત માટે શાકભાજીની હિંસા કરો છો. તેથી તમારે ત્યાં કોઈ મહેમાન આવે તો તમે તેને શાક રાંધીને ખવડાવો તે તમારા માટે સારું કામ છે. હવે આ કામને સારું માનીને હું સાધુ થઈને ખવડાવું ? ના, કારણ મેં જાત માટે જ વનસ્પતિની હિંસા છોડી દીધી છે. આવા અનેક તર્કો સમજવા પડે.

**સભા :-** જો પોતાના જીવનમાં અનંતકાયની બાધા હોય તો દહેરાસર બંધાવાય ?

**સાહેબજી :-** શ્રાવક કદી પણ પોતાના જીવનમાં અનંતકાયની હિંસાના સંપૂર્ણ ત્યાગનું પચ્ચક્ખાણ લઈ શકતો નથી, અને આવું પચ્ચક્ખાણ લેનાર સાધુને દહેરાસર બંધાવવાનું હોતું નથી.

વળી, મેનકા કહે છે દૂધ-ઘી વાપરે તે માંસાહારી છે. આપણા તીર્થંકરોએ પણ ઘી-દૂધ ખાધાં છે. તમારા ડૉક્ટર કહે છે કે દહીંમાં બેક્ટેરિયા છે. પરંતુ તમારી બાયોલોજી અધૂરી છે. જો તેમાં(દહીંમાં) જીવ હોય તો ભગવાન વાપરવાનું કહે

જ નહીં. જો તેમાં આધુનિક વિજ્ઞાન કહે છે તેવી જીવહિંસા હોય તો પ્રભુ પોતે વાપરે ખરા ? પોતે ષટ્કાયના રક્ષક, તેનો જગતને ઉપદેશ આપનારા, અપ્રતિમ સૂક્ષ્મ અહિંસાને બતાવનારા, જો આવી હિંસા થતી હોય તો તેવો ખોરાક સાધુને બતાવે ? પરંતુ જીવની વ્યાખ્યા શું ? ખબર છે ? તમારા બાયોલોજીના નિષ્ણાતને અમારી સામે બેસાડો તો અમે વિજ્ઞાનના ધોરણથી પણ પુરવાર કરી શકીએ તેમ છીએ, અમે ચર્ચા કરવા તૈયાર છીએ કે બધા બેક્ટેરીયા જીવ નથી.

**સભા :-** અત્યારે સાધુ કાંઈ કરતા નથી.

**સાહેબજી :-** અમને કોઈ પૂછવા આવે તો જવાબ આપીએ. બાકી કાંઈ સામેથી પૂંછડાં ભરાવવા જવાય નહીં. અમારી વિદ્વત્તાનું પ્રદર્શન કરવા અમે કાંઈ પાટ પર બેસતા નથી. જિજ્ઞાસાથી સાત વાર ગરજ હોય તે સાંભળવા આવે, તેને ઉપદેશ આપવાનો છે, સામે જઈને તેના ગળે વળગવાનું નથી. **જૈનધર્મ સમજાવવાની અમારી જવાબદારી ખરી, પણ જેને સત્યનો રસ હોય, જીવનમાં સત્યની શોધ કરવી હોય, તે કદાગ્રહ વગર, પ્રામાણિકતાથી, સરળતાથી જાણવા આવે તેને; કદાચ વિરોધી વિચારધારાવાળો હોય તોપણ તેને અમે શાંતિથી સમજાવીએ.**

**સભા :-** પણ સાહેબજી, શાસનની હીલના થતી હોય તો ના કહેવું પડે ?

**સાહેબજી :-** આવાં ભાષણો ગોઠવીને શાસનની હીલના કોણ કરે છે ? તમે જ કરો છો, માટે જ તમારું ધ્યાન દોરું છું કે તમારે આવી ખોટી સમીક્ષાને સમર્થન નહીં આપવું જોઈએ. બાકી અમને તેના પ્રત્યે દ્વેષ નથી. તેથી જ અપેક્ષાએ આ બાઈની પ્રશંસા કરું છું કે આવી કોમ્યુનીટીની હોવા છતાં આટલા કોમળતાના ભાવ છે, પણ જૈનશાસ્ત્રને જાણ્યા વગર આવી સમીક્ષા કરે તે જરા પણ ન ચાલે.

**સભા :-** આમાં આગેવાનોની ઉપેક્ષા કારણ નથી ?

**સાહેબજી :-** આગેવાનોની ભારોભાર ઉપેક્ષા જ તેમાં ભાગ ભજવે છે. બાકી કોઈની સાથે ઝઘડો, મારામારી કરવાની નથી. ધમાચકડી કરવાનું અમને ભગવાને કહ્યું નથી. માત્ર સારા શ્રાવક જો તૈયાર થાય તો અમે શાસ્ત્રીય રીતે બધું ફીડીંગ કરીને મોકલીએ. અથવા અમને કોઈ પૂછવા આવે તોપણ અમે સમજાવવા તૈયાર છીએ.

અમારી જવાબદારી છે કે આ પાટ પર બેસીને શાસ્ત્રના આધારે જ દલીલો આપવાની છે. ભગવાનનું શાસન ગહન છે. શાસ્ત્રનું તત્ત્વ મામૂલી નથી.

જૈનશાસનની અહિંસામાં પણ ઘણી સૂક્ષ્મતા છે. એક બાજુ કહે કે નાની કીડીને મારવામાં પણ પાપ છે-હિંસા છે, અને બીજી બાજુ કહે ધર્મયુદ્ધમાં લાખો માનવોનો સંહાર થાય તોપણ કોઈ હિંસાનું પાપ નથી. અથવા અમે પર્યુષણમાં લીલોતરી વાપરવાની શ્રાવકોને મનાઈ કરીએ, પણ પર્યુષણમાં જિનભક્તિ નિમિત્તે લાખો ફૂલો વાપરવાનું કહીએ. સૌથી વધારે પર્યુષણમાં આંગીમાં ફૂલ ચઢતાં હશે ને ? માટે ખાવામાં પહેલો ત્યાગ કરવાનો છે કે ભક્તિમાં પહેલો ત્યાગ કરવાનો છે ?

તમારી એવી માન્યતા છે કે "ઘરમાં હિંસા કરાય પણ ભક્તિમાં હિંસા ન કરાય, અર્થાત્ પર્યુષણમાં લીલોતરી ખાઈએ પણ ભગવાનને ફૂલ ચઢાવીએ નહીં. એટલે પ્રભુભક્તિમાં દયા પાળવાની પણ જીવનમાં ન પાળીએ તો ચાલે." પરંતુ આ સિદ્ધાંત ખોટો છે, કારણ જાત માટે પહેલી દયા પાળવાની છે.

અમે અહિંસક જીવન જીવીએ છીએ. સાધુની દયા ઘણી ઊંચી કક્ષાની છે. અમે કાંઈ ખાવાનું કોઈને આપતા નથી. છતાં બકરાં, ગાય, ઉંદરને કોઈ મારતું હોય તો મારે અટકાવવાનું છે. તેથી દોડીને હું બચાવવા જાઉં. મારી સામે મારતું હોય તેને બચાવવાની મારી જવાબદારી છે. કોઈ કહે સાધુને આવું કેમ ? ત્યાં દલીલ આપી કે તમને કોઈ મારવા આવે તો તમે શું કરો છો ? **અમે અત્યારે સાપેક્ષમુનિની કક્ષાના સાધુ છીએ. તેથી અમને કોઈ મારવા આવે તો અમે સ્વરક્ષા માટે ભાગી જઈએ. અમારી જાતનું રક્ષણ કરીએ છીએ ત્યાં સુધી બીજાને બચાવવાનું** છે. જ્યારે અમારી એવી કક્ષા આવે કે ઊભા ઊભા અમને કોઈ ચીરી નાંખે પણ હલીએ નહીં, કાંઈ થાય નહીં, ત્યારે અમારે બીજાને પણ બચાવવા જવાનું નથી. પરંતુ **જ્યાં સુધી જાતનું રક્ષણ કરીએ છીએ, ત્યાં સુધી જગતનું રક્ષણ કરવાનું છે.**

# ૩૧

તા.૧૧-૯-૯૫, સોમવાર, ભાદરવા વદ બીજ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આત્માનું પરમ શ્રેય કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**મહાપુરુષોની દૃષ્ટિએ આત્માનું પરમ શ્રેય કરવું હોય તો એક જ ઉપાય છે, સર્વ કર્મનો ક્ષય કરી ગુણોથી પરિપૂર્ણ થઈ મોક્ષમાં જવું.** આ લક્ષ્ય સિદ્ધ કરવાની સાધના જબરદસ્ત પુરુષાર્થ માંગે છે. જેટલું લક્ષ્ય ઊંચું તેટલી સાધના કઠણ હોય છે. જેમ S.S.C. થવું હોય તો કેટલો પુરુષાર્થ જોઈએ ? આગળ ગ્રેજ્યુએટ થવું હોય તો કેટલો અધિક પુરુષાર્થ જોઈએ ? અને એનાથી વધીને Ph. D. કરવું હોય તો કેટલો વધારે પુરુષાર્થ જોઈએ ? અથવા લાખોપતિ બનવા કેટલી મહેનત કરવી પડે ? અને કરોડપતિ કે અબજપતિ બનવા તેના કરતાં કેટલી વધારે મહેનત કરવી પડે ? અથવા ક્લાર્કની પોસ્ટ લેવા જેટલી લાયકાત અને મહેનતની જરૂર છે, તેના કરતાં ઓફિસર બનવા માટે વધારે લાયકાત જરૂરી છે. એટલે જેમ હોદ્દો ઊંચો તેમ પુરુષાર્થ અને લાયકાત બંને વધારે જોઈએ.

**મોક્ષમાં તો અનંતાનંત જન્મમરણની આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્તિ છે તથા સાથે અનંત સુખની પ્રાપ્તિ પણ છે.** તેથી આ ઉત્તમ પદ પામવા માટે કેટલી સાધના જોઈએ ? સુખની દૃષ્ટિએ પણ આ પરાકાષ્ઠાનું સુખ છે. આવા ઉત્કૃષ્ટ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સાધના પણ ઉત્કૃષ્ટ જોઈએ. સંસારમાં પણ નિયમ છે કે ફળ મોટું જોઈતું હોય તો પુરુષાર્થ મોટો કરવો પડે.

તમે પ્રણિધાનમાં માત્ર મોક્ષનું લક્ષ્ય બાંધ્યું અને તેને અનુરૂપ ભાવો કરવા પ્રયત્ન કરો છો, જ્યારે પ્રવૃત્તિભાવધર્મ આવે ત્યારે તો જીવ પૂરી શક્તિ ફોરવીને ધર્મ આરાધના કરવામાં સાબદો થઈ જાય છે. તે જીવ મન-વચન-કાયાથી યોગની પ્રવૃત્તિ કરવામાં ક્યાંય કચાશ રાખતો નથી. તે જીવ યથાશક્તિ પુરુષાર્થ દ્વારા સાધના અસ્ખલિતપણે કરે છે, પણ તેને તેમાં વિઘ્ન આવે તો ઓછા સત્ત્વના કારણે તે અટકી જાય છે.

## કષ્ટ આવવું તે નિમિત્ત, તેની અસર લેવી તે વિઘ્ન :

અત્યારે વિઘ્ન કોને કહેવાય ? તે અંગે તમારી સમજ બહુ જ સ્થૂલ છે. ધર્મમાં વિઘ્ન આવે એટલે શું ? તમે તકલીફ આવે, કષ્ટ આવે તેને વિઘ્ન માનો છો. જેમ વ્યવહારમાં ધંધો કરવા જતાં માંદગી આવી ગઈ, જેનાથી બજારમાં જતાં તમે બંધ થઈ ગયા. અથવા જ્યાં ધંધો કરવા જાઓ છો તે જગ્યાએ પુષ્કળ મચ્છર છે, ત્યાં ખૂબ જ ગરમી, બફારો છે; આવી નાની-નાની તકલીફોને તમે વિઘ્ન માનો છો. તેની જેમ ધર્મના ક્ષેત્રમાં પણ આવી નાની તકલીફો આવે તેને તમે વિઘ્ન માનો છો. પરંતુ **વાસ્તવમાં કોઈપણ પ્રકારનું કષ્ટ આવવું તેનું નામ વિઘ્ન નથી, પણ તે કષ્ટની વિપરીત અસર થવી તેનું નામ વિઘ્ન છે.**

દા.ત. એક વિદ્યાર્થીને C.A. થવું છે. તે આમ સારી રીતે ભણે છે, પરંતુ ગરીબ છે, માટે તેને ભણવાની સગવડ નથી. જેમ કે ઘર સાંકડું છે, ચારે બાજુ અવાજ-ઘોંઘાટ છે, ગંદકી-સંકડાશ-અવાજ-ગરમી-બફારો વગેરેને લીધે વાતાવરણ તેને વાંચવા માટે વિપરીત છે. હવે આવાં વિઘ્નોની જો તે અસર લે તો ભણવામાં તેની સ્પીડ અટકી જાય, પણ જો તેનું પાવરફૂલ ધ્યેય હોય તો આવાં વિઘ્નોની દરકાર કર્યા વગર ભણે. માટે **જેને જે તકલીફ આવી અને તેની અસર જો તેણે લીધી તો તે વિઘ્ન બને છે, જો તેને ગણકારે નહિ તો વિઘ્ન બનતું નથી.**

તેમ ધર્મના ક્ષેત્રમાં પણ તમે વિઘ્નનો અર્થ કષ્ટ જ કરો છો. કષ્ટ પાપના ઉદયથી આવે છે. સંસારના ક્ષેત્રમાં પણ કષ્ટ પાપના ઉદયથી આવે છે. અનુકૂળતા જે મળે છે તે પુણ્યના ઉદયથી મળે છે. પરંતુ **અનુકૂળતા અને પ્રતિકૂળતા બંને સાધનામાં વિઘ્ન બની શકે છે.** જેમ પરીક્ષાનો ટાઈમ હોય અને તમારા ટી.વી. પર સારો પ્રોગ્રામ આવે તો તેને જોવાનું મન થઈ જાય, અને જોવા બેસી જાય એટલે ભણવામાં વિઘ્ન ઊભું થયું કહેવાય. તેમ ધર્મના ક્ષેત્રમાં અનુકૂળતા અને પ્રતિકૂળતા બંને વિઘ્ન બની શકે છે. ખાલી કષ્ટ એ જ વિઘ્ન છે તેવું નહીં માનતા, પરંતુ અનુકૂળતા પણ સાધનામાં વિઘ્ન થઈ શકે છે. તમારી સાધનામાં જે પણ આડખીલીરૂપ થાય તે વિઘ્ન છે. દા.ત. ધંધાની સીઝનમાં જો દીકરાનાં લગ્ન આવે તો તે પૈસા કમાવામાં વિઘ્ન બને છે. વ્યવહારમાં પણ આવું તમે જુઓ છો, તેથી તેની તમે અસર લો તો જ સાધના સ્ખલિત થાય છે.

## વિઘ્નોનું મૂળ કારણ મોહનીયકર્મ :

**સભા :-** અસર કેવી લેવી તે મનનું કામ છે ?

**સાહેબજી :-** હા, ચોક્કસ, તેમાં તમારું મન જ કારણ છે.

પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ વિશ્લેષણ કર્યું છે કે જેટલાં **વિઘ્નો આવે છે તેમાં મૂળ કારણ મોહનીયકર્મ છે.** વિસ્તારથી કારણનો વિચાર કરીએ તો ચાર ઘાતીકર્મ છે. સંસાર અને ધર્મ બંને ક્ષેત્રમાં અનુકૂળતા-પ્રતિકૂળતા પુણ્ય અને પાપના ઉદયથી જ આવે છે. માટે ધંધામાં આડખીલી આવવી, ભણવામાં તકલીફ આવવી, અથવા દીકરાનું સગપણ કરવું એવું ધ્યેય બાંધ્યું પણ તેમાં આડખીલી આવવી; આ બધાં પુણ્ય-પાપના ઉદયથી જ આવે છે. માટે બંને ક્ષેત્રના અવરોધો પુણ્ય-પાપના જ વિપાક છે, પરંતુ આ બાહ્ય નિમિત્તોની જે અસર થાય છે, તે ઘાતીકર્મથી થાય છે. માટે **હકીકતમાં ઘાતીકર્મનો ઉદય જ આત્મકલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ છે. જે ધર્મની ક્રિયાના યથાર્થ ભાવો કરવામાં અવરોધ ઊભો કરે, તે વિઘ્ન છે.** આ અવરોધ કરવામાં પ્રધાન કારણ મોહનીયકર્મ છે, પછી તે નાનું વિઘ્ન હોય કે મોટું વિઘ્ન હોય. મોહનીયકર્મના કારણે જ આરાધનામાં પ્રાયઃ વિઘ્ન ઊભાં થાય છે.

દા.ત. જેમ ખૂબ ઉલ્લાસ સાથે, ભગવાનની આજ્ઞા મુજબ અણિશુદ્ધ પૂજા કરવાની ભાવના સાથે, શક્તિ પ્રમાણે સામગ્રી લઈને પૂજા કરવા માટે જયણાપૂર્વક ઘરેથી નીકળ્યા છો. જો કે તમે અત્યારે આ રીતે કરવાની ભાવનાવાળા નથી; પણ ધારો કે છો, હવે તમે દહેરાસર પહોંચ્યા, પૂજા કરવાની તૈયારી કરી, ત્યાં તમારો દીકરો સમાચાર આપવા આવે કે અર્જન્ટ ઘરે કામ આવ્યું છે માટે આવો. આથી તમારા માટે વિઘ્નનું બાહ્ય નિમિત્ત ઊભું થયું. તેથી લગભગ બધું મૂકીને તરત જ તમે ભાગો. પણ જે ધર્મમાં નિયમોને વળગી રહેનાર હોય તેને કદાચ ઘરે ન જાય તોપણ પૂજામાં મન સ્થિર ન રહે. મક્કમતા હોય તો પૂજા કરે, પણ મન વ્યાકુળ થઈ જાય. મનમાં સત્તર વિકલ્પો ચાલુ થાય. આ માનસિક અસર-વ્યાકુળતા ચાલુ થાય તે વિઘ્ન છે, પરંતુ છોકરો દોડતો તમને કહેવા આવ્યો તે વિઘ્નનું નિમિત્ત હતું, વિઘ્ન ન હતું. તમે જેને વિઘ્ન માનો છો તેને અમે વિઘ્ન માનવા તૈયાર નથી, અને અમે જેને વિઘ્ન માનીએ છીએ તેને તમે વિઘ્ન માનવા તૈયાર નથી. ઘણા અમને કહેવા આવે કે સાહેબ, ઉપવાસ કરવા ગયો ને તબિયત

બગડી. વિઘ્ન આવ્યું માટે આરાધના ન થઈ. પરંતુ હકીકતમાં આ વિઘ્ન નથી. આ તો વિઘ્ન માટેનું નિમિત્ત હતું. તમે જરા નિમિત્ત આવે એટલે પાણીમાં બેસી જાઓ છો. કારણ તમે તેની પ્રબળ અસર લો છો માટે સાધનામાં સ્ખલના થાય છે.

**સભા :-** પૂજા કરતાં કોઈ સંકટના સમાચાર આવે તો પૂજા પૂરી કરાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ કરાય. ત્રણ લોકના નાથની પૂજા કરવામાં શું વાંધો છે ? આમ તો વિધિ પ્રમાણે, કોઈ બોલાવવા આવે તો બહાર જવાય જ નહીં. પણ તમે અવિધિ કરી માટે તમને આવા સમાચાર મળ્યા. વળી, આરાધના પૂરી કરવામાં કાંઈ વાંધો નથી. પરંતુ અલ્પ સત્ત્વ હોવાના કારણે નિમિત્ત મળતાં તેની અસર ઝિલાઈ જાય છે. માટે જ આરાધના કરતાં મન સાબદું રાખવાનું છે. **"ગમે તેવાં નિમિત્ત આવશે પણ હું તેની સામે સંઘર્ષ કરીશ અને આરાધનામાં પાર ઊતરીશ." આવા સંકલ્પથી વિઘ્નજય થાય છે. જે આત્મા આ સ્ટેજે પહોંચે તેનું માનસ કેવું હોય તે વિચારવાનું છે.**

**તમને જેટલાં અનુકૂળ-પ્રતિકૂળ નિમિત્તો ઊભાં થાય અને તેની તમે અસર ઝીલો તો તે વિઘ્ન બને, નહીંતર જરૂર પડે તે જ નિમિત્તો તમને વિઘ્ન કરવાને બદલે સહાયક બને.**

### સંસારમાર્ગ કે મોક્ષમાર્ગમાં અવરોધક ઘાતીકર્મો જ છે, અઘાતીકર્મો નહિ :

**સભા :-** સહાયક કેવી રીતે ?

**સાહેબજી :-** દા.ત. તમે સામાયિક કરવા બેઠા અને તાવ આવ્યો અને તે વખતે તમે સ્થિર રહો, તાવની અસર ન ઝીલો તો તે તાવની અવસ્થામાં આરાધનાયુક્ત તમારું સામાયિક વધારે કર્મનિર્જરાનું સાધન બને છે. તે તાવ આડખીલીરૂપ ત્યારે બને કે જ્યારે તમે તેની અશુભ અસર લો. જેમ કાઉસ્સગ્ગ કરતાં 'અપ્પાણં વોસિરામિ' કરી કાઉસ્સગ્ગ કરો છો ત્યારે, ધારો કે મચ્છર તમને કરડે છે, કારણ તમારો પાપનો ઉદય છે, અશાતા વેદનીયકર્મનો ઉદય છે; તેથી મચ્છર કરડવારૂપ વિઘ્નનું નિમિત્ત તમને ઊભું થયું. પરંતુ તમે તેની જો માનસિક અસર લો તો જ તે વિઘ્ન બને અને તો જ કાઉસ્સગ્ગની એકાગ્રતામાં આડખીલી ઊભી થાય. પણ જો અસર ન લો તો મચ્છર કરડે તે કર્મની નિર્જરાનું સાધન બને. કારણ **ધર્મબુદ્ધિએ શાંતભાવે કષ્ટ સહન કરવાથી તે અને બીજાં અનેક કર્મો સારી રીતે ખપી જાય છે.**

માટે પાપ કે પુણ્યના ઉદયથી આવેલ પ્રતિકૂળતા કે અનુકૂળતાની અસર લો તો જ તે વિઘ્ન બને છે, અને અસર જે થાય છે તે મોહનીયકર્મ અને બીજાં ઘાતીકર્મોથી જ થાય છે. આત્મકલ્યાણના માર્ગમાં જીવ માટે અવરોધક ઘાતીકર્મો જ છે. તમે કયા કર્મોને અવરોધક માનો છો ?

**સભા :-** વેદનીય અને અંતરાય.

**સાહેબજી :-** તેમાં અશાતાવેદનીય અને કયું અંતરાયકર્મ ?

**સભા :-** લાભાન્તરાય.

**સાહેબજી :-** તમને લાભાંતરાય સંસારના ક્ષેત્રમાં નડે કે ધર્મના ક્ષેત્રમાં ? સંસારના ક્ષેત્રમાં લાભાન્તરાય ખૂબ નડે છે તે હું જાણું છું, તમે તેનાથી ત્રાસી ગયા છો. સંસારમાં તમને ૨૪ કલાક લાભ, લાભને લાભ જોઈએ છે. તમારા જીવનમાં ઘણી ઈચ્છાઓ અધૂરી રહી ગઈ છે, તેમાં કારણ લાભાન્તરાય છે. ગમે તેટલો પુરુષાર્થ કરીને મરી જાઓ પણ જો લાભાન્તરાયનો ઉદય હોય તો તમારી અપેક્ષા અનુસાર મળે નહીં. તમારી ઈચ્છા પ્રમાણે તમને યશ-કીર્તિ-માનપાન-સત્તા-સંપત્તિ-અનુકૂળ સંયોગો ન મળ્યા, કારણ લાભાન્તરાય. જોઈએ તેવો દીકરો પણ ન મળ્યો કારણ આ જ. માટે તમને દરેક ક્ષેત્રમાં લાભાન્તરાય નડ્યું છે. લાભાન્તરાયનું ફિલ્ડ ઘણું જ વિશાળ છે.

કર્મનું સ્વરૂપ, તેની વ્યાખ્યા અને પછી તેના પેટાભેદનું જે વર્ણન જૈન કર્મવાદમાં છે તેવું બીજા કોઈ ધર્મમાં નથી. તેનું ક્લાસીફીકેશન બરાબર સમજો તો આફરીન થઈ જવાય. કોઈ ઘટના એવી નથી કે તેમાં ચોક્કસ પ્રકારનો કર્મનો ઉદય બતાવી ન શકાય. આમ તો બધા ધર્મો કર્મને માને છે, પરંતુ તેનું આટલું સ્પષ્ટ વિભાજન ક્યાંય નહીં મળે.

આ ભાઈની ચામડી ધોળી કેમ ? આમને ચશ્માં કેમ અને આમને ચશ્માં કેમ નહીં ? બધે ચોક્કસ પ્રકારનાં કર્મ બતાવી શકાય છે. પાછું એક કર્મ બીજા કર્મમાં ઘૂસતું નથી, એક કર્મની અસર બીજા કર્મની અસરમાં ભેળસેળ થતી નથી. દુનિયામાં જે વસ્તુની ઈચ્છા હોવા છતાં તે મળતી નથી તેમાં લાભાન્તરાય જ કારણ છે. તેમ ધર્મના ક્ષેત્રમાં પણ તેમ જ છે. તમે ઈચ્છો કે મારે સમકિત પામવું છે, પરંતુ લાભાન્તરાય હોય તો મળે નહીં. તમારે આત્માનું સુખ પામવું છે, તેની માલિકી કોની ? તે તમારા આત્માની વસ્તુ છે કાંઈ પારકી નથી, છતાં જો લાભાન્તરાય

કર્મ નડતું હોય તો તમારી માલિકીની વસ્તુ પણ તમે ન પામી શકો કે ન ભોગવી શકો. તેમ સમતાનો સ્વાદ લેવો હોય પણ લાભાન્તરાયના કારણે ન પામી શકો. એટલે બંને ક્ષેત્રમાં લાભાન્તરાય કામ કરે છે. પરંતુ તમને કયા ક્ષેત્રનું લાભાન્તરાય ખટકે છે ?

**સભા :-** સાહેબજી, કાલે અમે તમને ઘણું કહ્યું, પણ આપે વ્યાખ્યાન આગળ વધારે ચલાવ્યું નહીં તેમાં અમારો લાભાન્તરાયનો ઉદય હતો ?

**સાહેબજી :-** હા, એટલું જ નહીં, હકીકતમાં હું જે સમજાવું તેમાંથી અમુક ટકા જ ગળે ઊતરે, અમુક ટકા ગળે ન ઊતરે; અમુક તમને સમજાય, અમુક ન સમજાય; સાચું હોય તોપણ અમુક ટકા જ માનો, અમુક ટકા ન માનો તે બધામાં લાભાન્તરાય કારણ છે. આ કર્મ તો આખી દુનિયાનો વહીવટ કરે તેમ છે.

**સભા :-** અમારો ક્ષયોપશમ ઓછો છે ?

**સાહેબજી :-** હા, પણ ક્ષયોપશમ કેમ નથી થયો ? જ્ઞાન ગુણ આત્માનો હોવાથી તમારી પોતાની માલિકી છે, છતાં તમારે જોઈએ ત્યારે નથી મળતું. તમારી વસ્તુનો કબજો કોણે લીધો છે ? જ્ઞાનાવરણીય નડે છે અને સાથે લાભાન્તરાય પણ નડે છે. ઘાતીકર્મો એક બીજાનાં મિત્રો છે. તેઓ જોડીદાર થઈને-સંપીને કામ કરે છે. કર્મમાં સંપ અને સમજૂતી ઘણી જ છે. એકબીજા સાથે એવાં હળીમળીને કામ કરે છે કે ક્યાંય વાંધો આવે નહીં.

**સભા :-** વીર્યાન્તરાય ક્યાં નડે છે ?

**સાહેબજી :-** વીર્યાન્તરાય પણ ૨૪ કલાક નડે છે. તમને જીવનમાં ઘણી શક્તિ જોઈતી હતી છતાં નથી મળી. કારણ શું ? દા.ત. હવામાં ઊડવાની શક્તિ જોઈતી હતી પણ કેમ નથી મળી ? પથ્થરમાંથી સોનું બનાવવાની શક્તિ જોઈતી હતી, પણ નથી મળી. જો મળે તો તમે ન્યાલ થઈ જાઓ ને ? દુનિયાના બધા પથ્થરોને સોનું બનાવી દો તેવા છો. પરંતુ તમને બધે વીર્યાન્તરાય પણ નડે છે. તેથી તમે એરટાઈટ પેક છો. કર્મ હલાવી શકે તો જ હલી શકો તેમ છો. જ્યારે જે કર્મની વાત આવે તે બતાવું છું.

જ્ઞાનાવરણીય નડે છે માટે તો દુનિયામાં કેટલીય વસ્તુના તમારે નિષ્ણાત બનવું હતું, પણ બની શક્યા નથી. તેમાં પણ નિષ્ણાત થવાની શક્તિ નથી મળતી તેમાં વીર્યાન્તરાય કારણ છે, પણ નિષ્ણાત બનવાનું જ્ઞાન નથી પ્રગટતું તેમાં જ્ઞાનાવરણીય કારણ છે.

આત્મા સર્વ ગુણો-શક્તિ-સુખોનો ભંડાર છે, છતાં તેનું બધું સુખ-શક્તિ-ગુણો હણાઈ ગયાં છે. આપણે અત્યારે જેવા દેખાઈએ છીએ તેમાં મુખ્ય કારણ ઘાતીકર્મો છે. આપણે આગળ વાત કરી ગયા હતા કે બળવાન સિંહ પણ જો પાંજરામાં પુરાય તો માયકાંગલો બને છે, તેની જેમ આત્મા પણ આ ઘાતીકર્મરૂપી પાંજરામાં પુરાવાથી ક્રિપલ્ડ-પાંગળો થઈ જાય છે. તમે સંસારમાં પણ બધી શક્તિ મેળવી નથી શકતા કારણ ૨૪ કલાક ઘાતીકર્મો નડે છે; તેમ ધર્મના ક્ષેત્રમાં પણ છે. જે જીવ આત્મકલ્યાણના માર્ગમાં જાય તેને પણ આ ઘાતી કર્મો ક્રમસર અવરોધ કરે જ છે. હવે તેમાંથી જો તે પાર ઊતરી જાય તો વિઘ્નજય થાય છે. **આત્મકલ્યાણની સાધના કરવામાં સંઘર્ષ અંદરમાં રહેલાં ઘાતીકર્મોની સામે જ કરવાનો છે,** જ્યારે તમે સંઘર્ષ કોની સાથે કરો છો ? તમે અનુકૂલ પુણ્ય અને પાપના વિપાક માટે જ સંઘર્ષ કરો છો. **તમને દુઃખ આપનાર કર્મોથી ગભરામણ છે અને સુખ આપનાર કર્મોની લાલચ છે.** માટે સુખ આપનાર કર્મોને કાન પકડીને ઉદયમાં લાવવાનો પુરુષાર્થ તમારો ચાલુ છે, અને સાથે સાથે દુઃખ આપનાર કર્મોની સામે ૨૪ કલાક તે ઉદયમાં ન આવે તેની લડત ચાલુ છે. એક દુઃખ આપનાર પાપકર્મ ઉદયમાં આવે એટલે તેની સામે તમે મોરચો માંડો છો. દા.ત. તાવ આવ્યો, પેટમાં દુઃખે છે, શું કરશો ?

**સભા :-** દવા લઈએ.

**સાહેબજી :-** ખાલી દવા લો કે રોગને બીજી બધી રીતે પણ ફાઈટ આપો ? આમ તમને એક દિવસ સ્નાન વગર ન ચાલતું હોય, પણ તાવ આવે ને ડૉક્ટર કહે કે નહાશો તો ન્યુમોનિયા થઈ જશે તો ચાર દિવસ સુધી નહાવ ખરા ? પાણીને પણ અડો નહીં ને ? માટે જે કષ્ટ ઊભું થયું છે તેની સામે ચારે બાજુ સુરક્ષા-સલામતી ગોઠવો છો.

૧૦૦ માણસમાં તમે જ કેમ માંદા પડ્યા ? કારણ અશાતાવેદનીયકર્મનો ઉદય છે. દસ માણસ એક જ રસોડે જમતાં છતાં તમે જ કેમ માંદા પડ્યા ? એટલે કર્મને તો માનવું જ પડે. અહીં વિજ્ઞાન કહે કે રેઝીસ્ટન્સ પાવર તેનો ઓછો હતો માટે તે માંદો પડ્યો. પણ દસમાંથી રેઝીસ્ટન્સ પાવર તેનો જ કેમ ઓછો ? તેથી અંતે કર્મને માન્યા વગર છૂટકો જ નથી.

હવે તમે જે માંદા પડ્યા તેમાં જો ફાઈટ ન આપો તો ૨૫ દિવસ સુધી તે કષ્ટ ન જાય, તે કર્મ ઘણું જ કષ્ટ આપે તેમ છે. પરંતુ તમે તેની સામે ફાઈટ આપી,

માટે તે કર્મ થોડી અસર બતાવીને ભાગી ગયું. એટલે તમે કર્મને સીધું કરી નાખ્યું, કર્મને મોટે ભાગે ફેઈલ કર્યું.

**સભા :-** કર્મને ફેઈલ કરી શકાય ?

સાહેબજી - હા, થઈ શકે માટે જ આ થાય છે. આત્મા પર બાંધેલું કર્મ જ્યારે ઉદયમાં આવે, તે વખતે તમે જો તેનાથી વિરુદ્ધ પુરુષાર્થ કરો તો કર્મની તાકાત તૂટે છે; અને કર્મને અનુકૂળ પુરુષાર્થ કરો તો તે કર્મની તાકાત વધે છે. તમારા પુરુષાર્થ પર કર્મની અસરની ટકાવારીમાં વધઘટ થાય છે. કર્મ જેવું બાંધ્યું છે તેવું જ ઉદયમાં આવશે તેવો પણ નિયમ નથી, કેમ કે પુરુષાર્થથી તેમાં ફેરફાર થાય છે.

**સભા** - પુરુષાર્થ કર્યા પછી મચક ન આપે તો નિકાચિતકર્મ ?

**સાહેબજી** - અધકચરો પુરુષાર્થ ન ચાલે. ૧૦૦% વિરુદ્ધ પુરુષાર્થ કર્યા પછી કર્મ મચક ન આપે તો તે કર્મ નિકાચિત સમજવું. આપણે ત્યાં બે પ્રકારનાં કર્મ છે. (૧) નિકાચિતકર્મ અને (૨) અનિકાચિતકર્મ. નિકાચિતકર્મમાં તો તેના ઉદય પછી ગમે તેટલાં માથાં પછાડીને મરી જાઓ તોપણ તેનો હિસાબ ચૂકતે કરવો જ પડે, પણ અનિકાચિતકર્મને તો વિરુદ્ધ પુરુષાર્થ નિષ્ફલ બનાવી શકે છે. માટે જ તમે અત્યારે ઘણાં પાપકર્મની અસરને નિષ્ફળ બનાવો છો, તમારી મહેનત અને પુરુષાર્થ દ્વારા.

જેમ એક માણસ ચાલી રહ્યો છે. તેને તમે જો પાછળથી ધક્કો આપો તો તમારા ધક્કાથી તેની ચાલવાની સ્પીડ વધી જાય. અથવા સીડી ચઢતા માણસને ટેકો આપો તો તેની ચઢવાની સ્પીડ વધી જાય, પણ ઊલટા સામેથી જો ભટકાઓ તો શું થાય ? ફીઝીક્સના નિયમ પ્રમાણે બે ફોર્સવાળી વસ્તુઓ સામસામી અથડાય તો સ્ટ્રોંગ ફોર્સ નબળાને ઓવરટેક કરે છે(પ્રબળ વસ્તુ નબળીને પાછી પાડે છે,), તેમ એક કર્મ ફોર્સથી ઉદયમાં આવે છે તેની સામે તમે ઊંધા ફોર્સથી લડો તો તે કર્મની તાકાત ઘટે છે. એટલે કર્મની સામે વિપરીત પુરુષાર્થ કરો તો તે કર્મની અસર ઘટે છે. અને તમારો હુમલો જો કર્મ સામે વધારે હશે તો ૧૦૦% કર્મ નિષ્ફળ પણ થઈ શકે છે. અને જો તેને અનુકૂળ પુરુષાર્થ દ્વારા ટેકો આપશો તો તે પોતાની મૂળ તાકાતથી વધારે ફળ આપે છે; પરંતુ જો નિકાચિતકર્મ ઉદયમાં હોય તો તેની અસર ઘટે નહીં. માટે જૈનદર્શનનો કર્મવાદ અનુભવસિદ્ધ છે. જો કર્મમાં એકાંતે જે થવાનું હશે તે જ થવાનું હોય, તો પછી પુરુષાર્થ શું કામ કરવાનો ? આપણે ત્યાં ભાગ્યવાદની સાથે પુરુષાર્થવાદ પણ છે. જો કર્મથી તાવ આવ્યો અને કર્મ પૂરું થશે ત્યારે જ તાવ જશે તો પછી તાવ કાઢવા મહેનત કરવાની જરૂર શું ?

**સભા :-** સાહેબજી ! પશુઓ તે વખતે શું પુરુષાર્થ કરે છે ?

**સાહેબજી :-** અરે, તમને ખબર નથી, માણસ કરતાં આ બાબતમાં પશુઓ વધારે ડાહ્યાં છે. તેઓ રોગની બાબતમાં વધારે જાગ્રત છે. તેઓ જરા માંદાં પડે એટલે પહેલાં ખાવાનું બંધ કરી દે છે. જ્યારે માણસ તો માંદો પડે તોપણ ખાવાનું ચાલુ રાખે છે. તેઓ રોગ થાય ત્યારે આપમેળે ચરી પાળવાનું ચાલુ કરે છે અને જરૂર પડે ચરી પાળવા સાથે અમુક ઔષધિરૂપ પાંદડાં વગેરે ખાય છે. આના માટે ટાઈમ્સમાં એક લેખ આવ્યો હતો. આ વાત નીકળી છે માટે કહું છું. તેમાં લખ્યું હતું કે "આપણને જ ખાલી રોગની બાબતમાં દવા વગેરેની જાણકારી છે તેવું નથી. પશુઓ પણ રોગની બાબતમાં ઘણું જાણે છે." જંગલનાં પશુઓની વર્તણૂક પર રીસર્ચ કરનાર વૈજ્ઞાનિકે લખ્યું હતું કે "વાંદરાઓ સવારે વહેલા ઊઠી જાય, પછી જંગલમાં જઈ ત્યાં ચોક્કસ પ્રકારનાં ઝાડોને સૂંઘીને વનસ્પતિ ગોતીને તેઓ નયણા કોઠે ઔષધિ તરીકે ખાય છે. તમને એમ કે તેને ભાવતી હશે માટે ખાય, પણ તેવું નથી. તેઓ શું કરે ? ખાતા જાય અને મોઢું બગાડતા જાય છતાં તે ખાધા પછી જ બીજો ખોરાક ખાવા જાય." આ તેણે બરાબર સ્ટડી-અભ્યાસ કરીને લખ્યું હતું. માટે તેમને પણ તે બાબતમાં અક્કલ છે.

આ ઊધઈ તમને દેખાવમાં કેવી લાગે ? તમે તેને નકામી ગણો છો, થાય તેવી ખલાસ કરી નાંખો તેવા નિર્દય છો. પરંતુ માણસજાત કરતાં ઊધઈમાં પરસ્પર કેવી સુબદ્ધ વ્યવસ્થા છે ! રાફડામાં કરોડો સાથે રહી શકે છે. તમે ચાર ભેગા થાઓ તોપણ ઝઘડો ને ? તેમની નગરવ્યવસ્થા-ખાનપાનની વ્યવસ્થા એવી કે કરોડો સાથે રહે તોપણ ઝઘડે નહીં. તેઓ માટીમાંથી નગર બનાવે. તમને તો તે બધું કાબરચીતરું લાગે. પણ વૈજ્ઞાનિકો કહે છે કે તેની અંદર ભર ઉનાળામાં એરકન્ડીશન જેવી ઠંડક હોય. માટે વિચારજો તેમનામાં પણ અક્કલ છે, આવડત છે.

આ બધું તો આત્માની જ્ઞાનશક્તિ-આવડત કેટલી છે તેના માટેના જબરદસ્ત પુરાવા છે. વગર ભણાવે-વગર સમજાવે તે તે ભવમાં આત્મામાં આવી વિશેષતાઓ ખીલતી હોય છે. તમને આત્માની શક્તિ પર વિશ્વાસ કરાવવો છે, માટે જ આ બધી વાતો કરું છું. તમને જો આ સૃષ્ટિ જોતાં આવડે તો આત્માની અનંત શક્તિ પર દૃઢ વિશ્વાસ બેસી જાય. આત્મામાં ગુણો અને શક્તિનો પાર નથી. તેના પર જડબેસલાક વિશ્વાસ થવો જોઈએ. માંદાં પડેલાં પશુઓ પણ તેમની શક્તિ, આવડત, સમજણ પ્રમાણે પુરુષાર્થ કરે છે.

## અસ્ખલિતપણે આરાધના કરવા ઘાતીકર્મો સામે સંઘર્ષ કરો, અઘાતી સામે નહિ :

તમે પાપકર્મોની સામે લડો છો માટે જ તે થોડાં ફળ આપીને ચાલ્યાં જાય છે. તમે પુણ્યકર્મ સાથે ભાઈબંધી-મિત્રતા કરો છો અને પાપકર્મને હડસેલાં મારીને પાછાં પાડવાનો પુરુષાર્થ કરો છો, માટે તમારો ૨૪ કલાક કર્મ સામે સંઘર્ષ ચાલુ જ છે; પરંતુ તમારે ખરો આત્મકલ્યાણ માટે સંઘર્ષ કયાં કરવાનો છે ? તમારે ખરો સંઘર્ષ ઘાતીકર્મો સામે કરવાનો છે. તમને ધર્મના ક્ષેત્રમાં જ્ઞાનાવરણીય નડે છે, માટે અજ્ઞાન છે. તેમ દર્શનાવરણીય, અંતરાય વગેરે પણ નડે છે. હવે જો આની સાથે સંઘર્ષ કરીને તમે તે તે કર્મને નિષ્ફળ કરો તો તમે અસ્ખલિતપણે આરાધના કરી શકો.

પ્રભુ મહાવીરને સાડા બાર વર્ષની સાધનામાં તમારા હિસાબે ઘણાં વિઘ્નો આવ્યાં. પરંતુ હકીકતમાં આ વિઘ્નો નહોતાં, પણ વિઘ્નોનાં નિમિત્તો હતાં. જો આ બધા ઉપસર્ગો-પરિષહોની તેમણે અસર લીધી હોત તો તેમની સાધના સ્ખલિત થાત. પરંતુ પ્રભુએ અસર ન લીધી માટે સાધના સ્ખલિત ન થઈ. જો કે પ્રભુ તો વિઘ્નજય કરીને જ બેઠા હતા, માટે તેમને ઉપસર્ગો-પરિષહો તો સાધનામાં સહાયક જ થયા. બાહ્ય નિમિત્તોની તેમને કોઈ જ અસર નથી. અંદરથી તેઓ ઓલપ્રૂફ(બધાની અસરથી મુક્ત) હતા. માટે તેમને ક્યાંય સાધનામાં આડખીલી થઈ નથી.

તમારે અણિશુદ્ધ સામાયિક કરવું હોય તો તેમાં નડતર શું છે ? તમે માનો છો કે મારી પાસે જોઈએ તેવાં ઉપકરણો નથી, અથવા તાવ આવ્યો કે બીજા પ્રતિકૂળ સંજોગો છે એટલે સામાયિક થાય તેમ નથી. પરંતુ આ બધાં હકીકતમાં વિઘ્નો નથી. સાચું અને અણિશુદ્ધ સામાયિક અનુષ્ઠાન કરવા માટે તમને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય આ ચાર ઘાતિકર્મો નડે છે. તેના કારણે સાચું સામાયિક કેમ કરવું તેનું તમને જ્ઞાન નથી, જાણકારી નથી, પ્રયત્ન-આવડત જે જોઈએ તે નથી. તેમાં મુખ્યત્વે જ્ઞાનાવરણીયકર્મ નડે છે. માટે વિચારજો તમારે ક્યાં સંઘર્ષ કરવાનો છે.

તેમ પ્રભુભક્તિ અણિશુદ્ધ કરવામાં જ્ઞાનાવરણીય આદિ નડે છે. જેમ વીતરાગ કોને કહેવાય ? તેમનું સ્વરૂપ શું ? તેમના ગુણો કયા ? તેને ઓળખીને પ્રભુને

ભજવા માટે ક્યારે ક્યારે કયા ભાવ લાવવા જોઈએ, તેની જે જાણકારી નથી તેમાં જ્ઞાનાવરણીય નડે છે. તેથી તમારી ભક્તિમાં સ્પીડને બ્રેક લાગી જાય છે. માટે જ્ઞાનાવરણીયની સામે જો લડત આપશો તો આગળ વધી શકાશે.

કોઈને સામાયિકમાં સંસારની મમતા છોડવાની છે, પાપોના ભાવો છોડવાના છે; આ બધાની જાણકારી છે, છતાં તે વખતે તેને છોડી શકતો નથી. કારણ ત્યાં મોહનીયકર્મ નડે છે. વળી, ઇચ્છા હોવા છતાં જો યોગ્ય પુરુષાર્થ ન કરે તો વીર્યાન્તરાય પણ નડે છે.

**સભા :-** તે પ્રમાણે નથી થતું તેનો મનમાં ખટકો તો ઊભો થાય છે. તે ક્ષયોપશમભાવ કહેવાય ?

**સાહેબજી :-** તે તમારો ગુણ છે, પણ ક્ષયોપશમભાવ ન કહેવાય. અત્યારે તો તમને કોણ ક્યાં નડે છે તેની ખબર નથી, માટે હવામાં ગોળીબાર કરવા જેવું થાય છે. અરે ! ઘણી વખત તમને જે છોડાવવા આવતું હોય તેની સાથે જ તમે બાખડી પડો છો, તે સમજાવવા માંગું છું.

તમને આ ઘાતીકર્મો નડે છે માટે જ તમારી એક પણ ક્રિયામાં ઠેકાણું પડતું નથી, આ કર્મો પથરા નાંખ્યા કરે છે. અત્યારે તમને સંઘર્ષ કરવાનું લક્ષ્ય બતાવું છું. લોકો સાધનાના કષ્ટનું-પરિષહનું વર્ણન સાંભળીને ગભરાય છે. તે વખતે તેમને લાગે છે કે આવું કષ્ટ આપણને ન આવે તો જ આપણી સાધના સરસ થાય. પણ તેઓ જાણતા નથી કે ઘણા મહાપુરુષોને કષ્ટની ઝડીઓ વરસી તેથી તેઓ તેમાંથી પાર ઊતરીને જલદી મોક્ષ પામ્યા છે, જ્યારે આપણને આવું ન આવે એવી અપેક્ષા છે.

**સભા :-** એટલે સાહેબજી ! અમે ધીરજ રાખી છે.

**સાહેબજી :-** ધીરજ રાખી છે કારણ તમને લક્ષ્યનો તલસાટ જ નથી. મોક્ષમાં અનંત સુખ છે તેવું મનમાં બેઠા પછી મોક્ષ મેળવ્યા વગર ચેન પડે ખરું ? પછી સંસારમાં એક ભવ પણ વધારે થાય તો કેવી બેચેની થાય ? તમને મોક્ષના સુખની સ્પષ્ટ ખબર નથી, માટે મોક્ષનું નામ સાંભળતાં જ આનંદ ક્યાંથી આવે ? જ્યારે સમ્યગ્દષ્ટિને મોક્ષનું નામ પડતાં રૂંવાડાં ઊભાં થઈ જાય. તમને તો કરોડ રૂપિયાનું નામ પડે ત્યારે રૂંવાડાં ઊભાં થાય છે. તમે તુચ્છ સુખમાં મહાન સુખ માનીને હરખાઓ છો. તમને મોક્ષની સાચી પરખ નથી, માટે તેનો તલસાટ નથી.

## ત્રણ વિઘ્નોમાં જઘન્ય વિઘ્નનું વર્ણન :

ઉત્કૃષ્ટ વિઘ્ન, મધ્યમ વિઘ્ન અને જઘન્ય વિઘ્ન એમ ત્રણ વિઘ્નો વિઘ્નજયના વર્ણનમાં આવે. જેનો સંકલ્પ કાચો છે તેવા સાધકની વાત આપણે નથી કરતા, પણ જેમ પુણિયા શ્રાવકને સામાયિક કરવું છે તો તે કેવા સંકલ્પ સાથે સામાયિક કરશે ? કારણ કે પુણિયા ક્ષાવકને પણ આ ત્રણ પ્રકારનાં વિઘ્નનાં નિમિત્ત આવી શકે છે.

તેમાં જઘન્ય નિમિત્ત એટલે સામાયિક કરવા બેસે છે ત્યારે ભયંકર ઉનાળો છે, ભારે બફારો હોવાથી શરીરમાં બેચેની થઈ શકે તેવું વાતાવરણ છે. મચ્છરનો ત્રાસ છે, ઘોંઘાટ છે, બાજુમાં સૂરીલું સંગીત વાગે છે, અથવા બીજાં નાનાં નાનાં કષ્ટોનાં કે ચિત્તવિક્ષેપનાં બાહ્ય નિમિત્તો છે. હવે જો તે વખતે આની અસર લે તો તેને જઘન્ય વિઘ્ન આવ્યું કહેવાય. જરાક પણ માનસિક અસર થાય તો પ્રાથમિક કક્ષાનું વિઘ્ન આવ્યું કહેવાય. તેનાથી તેની સાધના અટકી જતી નથી, પણ તેની વિકાસની ગતિ ઓછી થાય છે. શાસ્ત્રમાં આ વિઘ્નને કંટકતુલ્ય વિઘ્ન જણાવ્યું છે. જેમ કોઈ એક માણસ ઉઘાડા પગે બીજા ગામે જાય છે ત્યારે રસ્તામાં કાંકરા-કાંટા તેના પગમાં વાગે છે, તેથી તેની જવાની સ્પીડ ઓછી થઈ જાય છે. કાંટો વાગવાથી કાઢવા માટે ઊભો રહે છે, પછી પણ દુખાવાના કારણે ધીમો ચાલે છે, છતાં તે મક્કમ છે માટે બેસી નથી જતો પણ તેની ગતિ ઓછી થાય છે. તેમ નાના વિઘ્નના નિમિત્તથી થોડા વિચલિત થાઓ તો સાધનાની ગતિ ઓછી થાય છે. આના માટે મેઘકુમારનું દૃષ્ટાંત આવશે. ત્રણે પ્રકારનાં વિઘ્નો માટેનાં દૃષ્ટાંતો આવશે. તે તમે જાત સાથે બરાબર ટેલી-સરખામણી કરશો તો ખ્યાલ આવશે કે આપણે ક્યાં નિષ્ફળ જઈએ છીએ અને કેમ સાબદા થવું. આ દૃષ્ટાંતોને બરાબર સમજશો તો આખી દૃષ્ટિ ખૂલી જશે.

## ૩૨

તા.૧૨-૯-૯૫, મંગળવાર, ભાદરવા વદ ત્રીજ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ કર્મના વિપાકની વિષમતાને સમજાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

અનંતકાળથી આત્મા માટે સર્વ બંધનનું મૂળ કારણ કર્મ છે અને પાછું કર્મનું સર્જન આત્માનું પોતાનું છે. બીજો કોઈ આવીને આત્મા પર કર્મ બાંધી ગયો નથી કે આત્માને જકડી ગયો નથી. પણ આત્માના જ અવળા પુરુષાર્થથી કર્મ બંધાયાં છે અને તેનાથી જ અનંતકાળથી આત્મસાધનામાં આડખીલી ઊભી થઈ છે. આત્માની મુક્તિ કે આત્માનું અનંતું સુખ પામવામાં આ આઠ કર્મો જ બાધક છે. મોક્ષે જવામાં એકેએક કર્મ વિઘ્નરૂપ છે. **આ કર્મોનો સ્વભાવ તમને તમારા આત્મગુણોની સંપત્તિનો ભોગવટો કરવામાં આડખીલી ઊભી કરવી તે છે.** કર્મ કદીપણ ધર્મસાધનામાં સીધું સહાયક થતું નથી, પણ ધર્મસાધનામાં બાધક જ થાય છે. કર્મની સહાયથી કોઈનો પણ મોક્ષ થયો હોય તેવો એક પણ દાખલો નથી. અત્યારે ઘણા કહે છે કે "સાહેબ, અમારું કર્મ એવું છે કે ધર્મ ઓછો થાય છે. જ્યારે અમારું ધર્મ કરવાનું કર્મ ઉદયમાં આવશે ત્યારે અમે ધર્મ કરીશું." પરંતુ તે વખતે આવું બોલનાર ભૂલી જાય છે કે ધર્મ કરાવનારું કર્મ શાસ્ત્રમાં માન્યું નથી. **પાપકર્મ કરાવનારું કર્મ માન્યું છે, પરંતુ ગુણોનો વિકાસ કરે તેવું કર્મ એક પણ નથી; ગુણોનો હ્રાસ કરે તેવાં કર્મો છે.**

**સભા :-** પાપ કરાવનારું કર્મ છે તો પછી ધર્મ કરાવનારું કર્મ કેમ નથી ?

**સાહેબજી :-** કર્મનો સ્વભાવ જ આત્માને બંધન પેદા કરવું તે છે. આત્મા બંધાય ક્યારે ? દુર્બુદ્ધિ આવે તો આત્મા બંધાય કે સદ્બુદ્ધિ આવે તો બંધાય ? તમારા ભૌતિક જીવનમાં પણ તમે ક્યારે ફસાયા છો ? જેમ તમે ભાગીદાર પર વિશ્વાસ મૂક્યો અને તેણે તમને ઊંધી બુદ્ધિ આપી તેથી તમે ફસાયા. તેમ **કર્મનું કામ જ તમને ઊંધી બુદ્ધિ, ઊંધી પ્રેરણા આપી ઊંધી જગાએ દોરી જવાનું છે.**

**સભા :-** સમકિતમોહનીય ?

**સાહેબજી :-** સમકિતમોહનીય ક્યાં બંધાય છે ? સમકિતમોહનીય તો આત્માના

સવળા પુરુષાર્થની પેદાશ છે. જ્યારે મિથ્યાત્વમોહનીયકર્મ બંધાય છે. આ મિથ્યાત્વમોહનીયનું કામ શું ? તમને અવળે રસ્તે લઈ જવા. પણ તેને આત્મા પુરુષાર્થ દ્વારા શુદ્ધ કરી રીફાઈન કરી અનુકૂળ કરે છે તે સમકિતમોહનીય છે.

**સમજદાર અને હોશિયાર માણસ તો બંધનને પણ સગવડનું સાધન બનાવી દે છે. આ આવડત વ્યક્તિની પોતાની છે.** દા.ત. કોઈ પૂરી જવા માટે દોરડું બાંધી ગયું, પણ તે માણસ જો હોશિયાર હોય તો તે દોરડાનો પણ સારો ઉપયોગ કરી લે. જેમ મચ્છર કરડે અને ખણવા માટે તે દોરડાનો ઉપયોગ કરી શાંતિ મેળવે. માટે તેને તે દોરડું પણ ઉપયોગી થયું. પરંતુ આ આવડત તે વ્યક્તિની છે. બાકી જેણે દોરડું બાંધ્યું હોય તેણે તો તે ફસાવવા માટે જ બાંધ્યું હતું. તેમ આત્મા કર્મને સહાયક બનાવી લે તો તે આત્માની વિશેષતા છે. પરંતુ મૂળથી કર્મનો સ્વભાવ તો આત્માને અવરોધ કરવાનો જ છે. જેમ કારેલાનો સ્વભાવ કડવાશ છે, પણ વ્યક્તિ તેમાં ગોળ-સાકર નાંખીને સ્વાદિષ્ટ બનાવી શકે છે.

વળી સમ્યક્ત્વમોહનીયકર્મ પણ જીવ જો સાવધાન ન રહે તો તે સમ્યક્ત્વમાં અતિચારનું સાધન બને છે, કેમ કે અંદરમાં રસ તો મિથ્યાત્વનો છે. મૂળથી તે રસ અશુભ છે. તેની જેમ તમારા જીવનમાં જે કર્મો છે તેમનું કામ તમને સંસારમાં રખડાવવા, ખોટાં કામ કરાવવાં, તેનાથી નવાં કર્મો ઊભાં કરવાં, અને તેના વિપાકરૂપે સંસારમાં તમને જકડી રાખવાનું છે. પણ સત્કાર્યો કરાવવાં, સદ્‌ગુણો વિકસાવવા તે કાંઈ કર્મનું મૂળથી કામ નથી.

**બાધક કર્મોનો સહાયક તરીકે ઉપયોગ કરી લેવો તે સાધકની કુશળતા પર આધાર રાખે છે.** આપણો આત્મા શરીરમાં પુરાયો છે માટે જ આપણને ત્રાસ ઊભો થયો છે. શરીરને પથરો વાગે અને વેદના ઊભી થાય છે માટે સતત ભયની વચમાં રહેવાનું આવ્યું. કારણ શું ? પથરો કાંઈ આત્માને વાગે છે ? શરીર છે એટલે વાગે છે અને માટે જ વેદના થાય છે. નહીંતર **આત્મા તો પહાડમાંથી પણ પસાર થઈ જાય તેવો અરૂપી અને સૂક્ષ્મ છે.** માટે આ દેહ જ આત્મા માટે બંધન છે. છતાં આરાધક જીવો આ બંધનનો જ ઉપયોગ કરીને સુંદર સાધના દ્વારા મોક્ષ પામે છે. આમ તો **શરીર મૂળથી પાપ અને દુઃખનું સાધન છે,** છતાં આરાધક જીવો તેનો કેવો સુંદર ઉપયોગ કરી લે છે !

તેમ આઠે કર્મો આત્માને બંધનરૂપ છે, ધર્મની સાધનામાં અવરોધક બનવું તે જ તેમનું કામ છે. આપણે આગળ જોઈ ગયા કે, કર્મબંધના પ્રકારોમાં પાપકર્મ

છે, પુણ્યકર્મ છે, પાપ કરાવનાર કર્મ છે પણ પુણ્ય કરાવનાર કર્મ નથી. કારણ મૂળથી કર્મનો સ્વભાવ જ નથી કે આત્મા પાસે સત્કાર્યો કરાવવાં કે સત્પ્રેરણા કરવી કે ધર્મ કરાવવો. આ કામ કર્મ કરાવવાનું નથી, પરંતુ કર્મોની સામે ફાઈટ કરી પુરુષાર્થ દ્વારા આત્માએ જાતે કરવાનું છે.

મમતા કેળવવા માટે કર્મવિરોધી પુરુષાર્થ કરવો પડતો નથી, પણ ઉદારતા કેળવવા કર્મ સામે સંઘર્ષ કરવો પડશે જ. કારણ તમારા આત્મા પર મમતા કરાવનારું કર્મ છે, પણ ઉદારતા પેદા કરાવનારું કર્મ નથી. તમને ક્રોધ કરાવનાર ક્રોધમોહનીયકર્મ છે, પણ આઠે કર્મોમાં ક્ષમા પેદા કરાવનારું એકે કર્મ નથી. ક્ષમા તો પુરુષાર્થ દ્વારા જ કેળવવાની છે. ક્રોધમોહનીય પર તમારો પ્રભાવ-વર્ચસ્વ સ્થાપિત કરો તો જ ક્ષમા પેદા કરી શકો. તેથી ક્ષમા કેળવવામાં પુરુષાર્થની મહત્તા છે, જ્યારે ક્રોધ કરવામાં કર્મની મહત્તા છે. માટે દરેક ઠેકાણે કર્મનું કાર્ય શું છે તે મનમાં સ્પષ્ટ હોવું જોઈએ.

આત્મકલ્યાણ કરનાર જીવને પ્રાયે કરીને વિઘ્નો આવવાનાં જ. શાસ્ત્રમાં લખ્યું કે "જીવ સારાં કામ કરવા નીકળે એટલે સો વિઘ્ન આવે." અને તેનાથી ઊલટું એમ પણ લખ્યું કે "અધર્મ કે પાપ કરવું હોય ત્યારે વિઘ્નો છૂ થઈ જાય છે." તેથી જ જીવો દુનિયામાં પાપ વધારે કરી શકે છે, પણ પુણ્ય વધારે કરી શકતા નથી. કારણ કે કર્મોનો સપોર્ટ-ટેકો પાપમાં છે, જ્યારે તેની આડખીલી પુણ્ય કરવામાં જ છે.

**એક સૂત્ર ધ્યાનમાં રાખવા જેવું છે કે "જ્યારે પણ ખોટું કામ કરવાનું મન થાય, મનમાં અશુભભાવ જાગે તો તે કર્મની જ અસર છે. તમે તે કર્મની અસરને સંઘર્ષ કરીને તોડો તો જ ધર્મનું કામ થાય." તેથી ધર્મ કરવા માટે ક્યારે પણ અપેક્ષા નહિ રાખવાની કે કર્મ હશે તો ધર્મ થશે. કર્મો ધર્મમાં સહાય કરતાં જ નથી.** માટે તે અપેક્ષા જ ખોટી છે. કર્મનું કામ તો તેમાં પથરા નાંખવાનું જ છે. આડખીલી ઊભી કરવી તે જ તેનું કામ છે. તમારે કર્મની ખાસિયત ખાસ ઓળખવાની જરૂર છે. તમે કર્મોના સ્વભાવને નથી જાણતા માટે જ જીવનમાં કર્મનું ઓઠું લઈને બેસી જાઓ છો. પરંતુ **જીવનમાં ધર્મસાધના કરવા પુરુષાર્થ જ પ્રધાન છે.**

**સભા :-** પુણ્યથી શુભનિમિત્ત મળે છે માટે આરાધના થાય છે ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ શુભનિમિત્ત મળે છે તે પુણ્યથી મળે છે; પણ તે મળવામાત્રથી સાધના થઈ જાય ? વાસ્તવ દૃષ્ટિથી વિચારજો કે કર્મની તાકાત

કેટલી ? આપણે આગળ વિચારી ગયા કે અનુકૂળતા અને પ્રતિકૂળતા જે પણ આવે છે તે કર્મથી જ આવે છે. માટે કર્મોમાં નિમિત્ત આપવાની તાકાતનો તો આપણે પહેલાં સ્વીકાર કરી લીધો છે. **કર્મ તો તમને ખાલી સામગ્રી આપી દેશે.** પણ પછી શું ? બસ, કર્મની તો આટલી જ તાકાત છે, પણ પુરુષાર્થ કાંઈ કર્મ કરાવશે ?

**સભા :-** એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર થતી નથી.

**સાહેબજી :-** આવું બોલનારને લાફો મારે તો શું કરશે ? કૂદકા જ મારશે ને ? અખતરો કરવો છે ? હમણાં ભીંત સાથે માથું પછાડે તો બૂમ પાડો ને ? માટે આ બધી વાહિયાત વાતો છે. આ નિશ્ચયનયની અપેક્ષાએ સાચી વાત છે, પરંતુ આ વાક્ય બોલવાનો અધિકાર કોને છે ? જે જીવો શુદ્ધ સમતામાં વર્તે છે તેમને છે. જેમને ઊભાને ઊભા ચીરી નાંખે કે આગમાં શેકી નાંખે તોપણ અસર ન થાય તેવા જીવને આ બોલવાનો અધિકાર છે, કારણ તેઓ જીવનમાં પુરવાર કરીને બતાવે છે. અત્યારે તમારી સામે બરફી, પેંડા, ગુલાબજાંબુ મૂકે તો મોંમાં લપલપ થાય છે અને પાછા બોલે કે એક દ્રવ્યની બીજા દ્રવ્ય પર અસર થતી નથી. તમને આત્માની અસર વધારે કે પરદ્રવ્યની અસર વધારે છે ? માટે બધે તત્ત્વ વિચારવાનું આવે. ઘણા અત્યારે બોલે છે કે આત્મા સચ્ચિદાનંદ-નિરંજન-નિરાકાર-શુદ્ધબુદ્ધ છે, તેને પુદ્ગલની કાંઈ અસર નથી, જડ ને ચેતન જુદા જ છે, જડની ચેતન પર અસર થતી નથી. સર્વત્ર ભૂમિકા પ્રમાણે વિચારવાનું આવે છે.

**સભા :-** પણ સાહેબજી, સમાધિ ટકાવવા આ વિચારવાનું નહીં ?

**સાહેબજી :- શાસ્ત્રમાં અપેક્ષાએ બધી વાત છે. જે ભૂમિકામાં જીવ રહ્યો હોય તે ભૂમિકા અનુસારે ભાવો કરવાના છે.** માથું ભીંત સાથે ભટકાયું ત્યારે વિચારવાનું કે "મેં ભૂતકાળમાં ભૂલ કરી હશે માટે જ આમ થયું છે. મારી પોતાની ભૂલનું જ આ પરિણામ છે. માટે હજી પણ નહીં સુધરું તો અધિક દુઃખો આવશે." વીતરાગ છું, શુદ્ધ છું, નિરંજન છું, નિરાકાર છું; આવું બોલવામાત્રથી થઈ જવાતું નથી. હમણાં તો એક મચ્છર કરડે તો કેટલી અસર થાય છે ! કોઈ ગાળ આપે તો તરત જ ધૂંઆપૂંઆ થઈ જાઓ છો. એટલે આ બધી વાતો તો હાંસી ઉડાડવા જેવી છે. અત્યારે તો તમે નિરંજન છો કે બધાથી ખરડાયેલા છો ? **પોતાની વાસ્તવિક સ્થિતિનો સ્વીકાર કરવાનો છે, નહીંતર આત્મવંચના થશે.**

કોઈ ભિખારી કહે કે "હું શહેનશાહ છું, અબજોપતિ છું, મારો ઓર્ડર બધા ઝીલે છે. મને બધા સલામી આપે છે." આવું બોલે તો તમે તેને શું માનો ? ચક્રમ

જ ને ? બસ, આ તેના જેવી વાત છે. માટે આપણું સ્ટેજ શું છે ? લેવલ શું છે ? તે જોવાનું આવે. આમ, શેકેલો પાપડ ન તોડી શકતા હોઈએ અને મોટા કિલ્લા તોડવાની વાતો કરીએ તે કેમ ચાલે ?

આપણો ધર્મ વાસ્તવવાદી છે. અત્યારે તો તમારા જે લેવલના દોષો છે તેને શુદ્ધ કેમ કરવા તેનો જ વિચાર કરવાનો છે. તમે અત્યારે ભોજન કરતાં એમ બોલો કે "આ હું ખાતો નથી, દેહ ખાય છે. ચેતન જડને ખાતો નથી." વળી તે જ વખતે મોઢામાં ચટણી ચપચપ ચાટતા હો. માટે આ તો એક જાતની માયા જ કહેવાશે, જે ઠગબાજી છે. પરંતુ તે વખતે એમ વિચારે કે "આ શરીરનો સ્વભાવ કેવો છે ? આત્માની કેટલી પરવશતા છે ? મૂળથી આત્મા અનંત શક્તિનો ધણી છે. છતાં મારે જડ ખોરાકને ખાવો પડે છે. જે અનંતા જીવોની હિંસાથી બને છે. આ બધી વાનગી કોક ને કોક જીવનાં કલેવર જ છે. તેને મારીને મારે જીવવું પડે છે. માટે આ સંસારનું સ્વરૂપ કેવું ભયાનક છે ? જીવોને મારીને તેમાંથી મારે સ્વાદ અને આનંદ લેવાનો છે. જો મારા શરીરનાં લોહી-માંસનો સ્વાદ લઈ કોઈ વખાણ કરે તો મને કેવું લાગે ? તો પછી મારે કોઈ જીવોને મારીને સ્વાદ લઈ તેમાં આસક્તિ શું કામ કરવાની ? મારા પર કોઈ અન્યાય કરે તો મને કેવું લાગે ? એ પણ એક જીવ છે. માટે જો આમાં આસક્તિ કરીશ તો કર્મો બંધાશે અને જ્યારે ભોગવવાનાં આવશે ત્યારે શું કરીશ ?"

**સભા :-** સાહેબજી ! સમકિતી આવો વિચાર કરે ?

**સાહેબજી :-** હા, તે આવા વિચારો કરે, પણ તેમાં તેનો વિવેક ખૂબ જ ઊંડો હોય. અત્યારે તમારી દશા એ છે કે તમારે તળેટીમાં ઊભા રહેવાનું ઠેકાણું નથી અને શિખરની વાતો કરવી છે. અત્યારે કોઈ એમ કહે કે "એક દ્રવ્ય પર બીજા દ્રવ્યની અસર નથી, એ જ રીતે મારી જીવનમાં અનુભૂતિ છે," તો હું તેને હમણાં ખમાસમણું આપું, પણ છે કોઈ ? માટે બધે ભૂમિકા વિચારવી પડે.

પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ લખ્યું છે કે પ્રભુની શ્રેષ્ઠ પૂજા કઈ ? તો અભેદ ઉપાસના એ પ્રભુની શ્રેષ્ઠ ઉપાસના છે. "જેવા આપ પરમાત્મા છો, તેવો જ હું છું. તમારા આત્માનું સ્વરૂપ જેવું છે તેવું જ મારું સ્વરૂપ છે. તમારા આત્માની જેવી પૂર્ણ શુદ્ધિ છે તેવી જ મારા આત્માની શુદ્ધિ છે. હું પણ આપની માફક શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છું." આ જ ખરી ઉપાસના છે. પરંતુ આ રીતની ઉપાસના ક્યારે કરવાની છે ? જ્યારે જીવ સમતાની ભૂમિકામાં આવે ત્યારે આ અભેદ

ઉપાસના કરવાની છે. જ્યારે અત્યારે તો ભેદ ઉપાસના કરવાની છે. "ભગવાન ! આપમાં કેટલા ઊંચા ગુણો છે અને હું ખામીઓથી ભરેલો છું ! આપ કેવા ક્ષમાના સાગર છો ને હું કેવો ક્રોધથી ધમધમી રહ્યો છું !" તમારે પરમાત્માના ગુણોની અત્યારે સ્તવના કરવાની છે અને જાતના દોષોની નિંદા કરવાની છે. માટે સ્ટેજ પ્રમાણે ભાવના-ભક્તિ છે.

આપણી મૂળ વાત એ હતી કે, **જેટલાં પણ કર્મો છે તે આત્માને ખરાબ અસર કરે છે, આત્મકલ્યાણમાં ઉપયોગી થાય તેવું એક પણ કર્મ નથી. આત્મકલ્યાણમાં તો ખાલી તે નિમિત્ત આપવાનું કામ કરે છે.**

સંસારમાં કે ધર્મમાં જે અનુકૂળતા આવે છે તે પુણ્યકર્મનું કામ છે. જેનું પુણ્ય ઊંચું હોય તેને ધર્મના ક્ષેત્રમાં પણ ઊંચી સામગ્રી મળે અને ઓછું પુણ્ય હોય તો તેને નીચી કક્ષાની સામગ્રી મળે. જેમ કે મનુષ્ય ભવ મળ્યો, પણ હુંડા અવસર્પિણીમાં પાંચમા આરામાં ભરતક્ષેત્રમાં મળ્યો, મહાવિદેહમાં ન મળ્યો; કારણ આપણું એટલું પુણ્ય કાચું હતું. જૈનશાસન મળ્યું પણ મરતાં સુધી આ ભવમાં સાક્ષાત્ તીર્થંકરનો યોગ નહીં થાય, કેવળી કે ચૌદપૂર્વધર, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની કે શ્રુતકેવળીનો યોગ નહીં થાય; જેથી ધર્મની વિશિષ્ટ સમજણની સામગ્રી નહીં મળે; કારણ આપણું એટલું પુણ્ય કાચું. માટે સુંદર ધર્મની સામગ્રી મળે તેમાં પુણ્ય કારણ છે.

અત્યારે મનુષ્યભવ, આર્યદેશ, જૈનકુળ, જૈન જાતિ, પાંચે ઇન્દ્રિયથી પરિપૂર્ણ દેહ, લાંબું આયુષ્ય, ધર્મ સમજવાની બુદ્ધિ, આ બધું પણ પુણ્યથી મળ્યું છે. અત્યારે ઘણાંને આવું નથી મળ્યું તે પ્રત્યક્ષ છે. માટે ધર્મસામગ્રી પૂરી પાડવાનું કામ પુણ્યનું છે. પુણ્ય વધારે હોય તો ધર્મની સામગ્રી ઊંચી મળે. એવી રીતે ભોગસામગ્રી અપાવે તેવું જો પુણ્ય બાંધ્યું હોય તો આ ભવ કે ભવાંતરમાં ભોગસામગ્રી મળે છે. માટે જેવું **પુણ્ય બાંધ્યું હોય તેવી વિપાક વખતે સામગ્રી મળે.**

આપણે અનંતીવાર એવું પુણ્ય બાંધેલું કે જેનાથી મનુષ્યભવ, ચોથો આરો, જૈન કુળ, જૈનશાસન, સાક્ષાત્ તીર્થંકરનો યોગ, સમવસરણમાં રસપૂર્વક દેશનાશ્રવણ, પાંચે ઇન્દ્રિયોની પરિપૂર્ણતા, ધર્મ માટેના બધા જ અનુકૂળ સંયોગો મળ્યા હતા. દેશના સાંભળીને શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ કરી નિરતિચાર ચારિત્ર પાળ્યું. આવું પુણ્ય બાંધ્યું અને ભોગવ્યું પણ ખરું. છતાં જીવ ચઢી ન શક્યો. કારણ કે તે વખતે આપણો વિશુદ્ધ ગુણો કેળવવાનો પુરુષાર્થ ન હતો.

**સભા :-** તે પુણ્યાનુબંધીપુણ્ય નહીં હોય ?

**સાહેબજી :-** ના, **પુણ્યાનુબંધીપુણ્ય તો અધ્યાત્મ પામેલ જીવ જ બાંધી શકે છે.** વળી, પુણ્યાનુબંધીપુણ્યમાં પણ પુણ્યનું કામ તો નવું પુણ્ય પેદા કરવું તે છે, પરંતુ આત્માના ગુણોનો વિકાસ કરાવવો તે કામ કાંઈ સીધું પુણ્યાનુબંધીપુણ્યનું નથી. **સદ્ગુણો તો આત્માએ પુરુષાર્થ કરીને જ કેળવવાના છે.** તત્ત્વથી(નિશ્ચયનયથી) પુણ્યાનુબંધીપુણ્યનું કામ પણ સામગ્રી અપાવવાનું જ છે. માત્ર લાયક જીવ જ પુણ્યાનુબંધીપુણ્ય બાંધે છે, અને લાયક જીવને સામગ્રી મળે એટલે તે પુરુષાર્થ દ્વારા અવશ્ય ચઢતો જશે.

કર્મબંધ દ્વારા કોઈને પણ મુક્તિ મળી નથી, પણ કર્મના બંધને તોડવાથી જ મુક્તિ મળી છે. માટે ધર્મ કરવામાં કદી પણ કર્મની સહાયની અપેક્ષા રાખવાની નહીં. જેમ તમે ગુંડા પાસે દાનની અપેક્ષા રાખો તો કેવું કહેવાય ? તે તમને લૂંટી લેશે કે દાન આપશે ? બસ, કર્મની જાત પણ તેવી જ છે.

**સભા :-** અમને પુરુષાર્થ કરવામાં સાહેબજી ! કયું કર્મ કામ કરે ?

**સાહેબજી :- પુરુષાર્થ કરવામાં કર્મ કામ ન કરે, પણ કર્મને તોડો તો પુરુષાર્થ થાય.** વીર્યાન્તરાયનું શું કામ છે જાણો છો ? તે પુરુષાર્થમાં જ આડખીલી ઊભી કરે છે. માટે આત્માએ તેની સામેના સંઘર્ષથી પુરુષાર્થ પ્રગટાવવાનો છે. આ તો તમારી એવી વાત થઈ કે મારે સાજા થવું છે તો તેમાં મને કઈ માંદગી સહાય કરે ? માંદગીને દૂર કરો તો સાજા થવાય કે તેની સહાય લો તો સાજા થવાય ? બસ, તેના જેવી તમે વાત કરી.

જ્ઞાન મેળવવું હોય તો જ્ઞાનાવરણીયને તોડવું પડે છે; એટલે કે કર્મનો ક્ષય, કર્મનો ક્ષયોપશમ, કે કર્મનો ઉપશમ કરવાનો છે. આ ત્રણેમાં કર્મોને તો તોડવાનાં જ છે, જેથી આત્માના ગુણો પ્રગટે. **કર્મ એટલે ગુણો પર આવરણ છે.** અવરોધ કરી આત્માના ગુણોને ઢાંકી દેવાનું કામ કર્મનું છે. **તેથી આત્મગુણ વિકસાવવા માટે કર્મનાં આવરણોને જ તોડવાં પડે.** એટલે ધર્મ કરવામાં કર્મ સામે સંઘર્ષ જ કરવાનો છે. કર્મ એ જ વિઘ્ન છે. તેમાં પણ **મુખ્ય ચાર ઘાતી કર્મો જ વિઘ્નરૂપ છે. જો આ ઘાતી કર્મો ન હોય તો ચાર અઘાતી કર્મો તો માયકાંગલાં છે. તે એકલા આત્માને જકડી શકે તેમ નથી. માટે જ્યાં સુધી આત્મા પર ઘાતીકર્મનો ઉદય છે, ત્યાં સુધી આત્માને માયકાંગલા બનીને જીવવાનું છે.** તમારી શક્તિને ઘાતીકર્મો દબાવે છે.

આપણે આત્મામાં અનંતવીર્ય માનીએ છીએ, છતાં આપણે અત્યારે નબળા બની ગયા છીએ. તે વીર્યશક્તિનું આવરણ વીર્યાંતરાયકર્મ છે. સંસારમાં કે ધર્મમાં જે પણ પુરુષાર્થ કરો છો તે શેના કારણે ? થોડું વીર્યાન્તરાય તૂટ્યું માટે જ ને ? અત્યારે તમારા હાથપગ ચાલે છે, આંગળી હલાવી શકો છો, પાંચ કિલો વજન પણ ઊંચકી શકો છો. મૂળથી તો આત્મા ટચલી આંગળી પર પહાડ ઊંચકી શકે તેટલી શક્તિ છે, પણ તે શક્તિ અત્યારે દબાયેલી છે. છતાં થોડું વીર્યાન્તરાય તૂટ્યું, તેમાં તમે કાણું પાડ્યું, માટે આટલી દોડધામ કરી શકો છો.

એ જ રીતે સંસારમાં પણ થોડી બુદ્ધિ વાપરી શકો છો. કારણ જ્ઞાનાવરણીયકર્મ તોડ્યું માટે જ. બંને ક્ષેત્રમાં ઘાતીકર્મો જે આડખીલીરૂપ છે તેનું નિવારણ કરીને સફળતા મેળવવાની છે. ઘાતીકર્મનું નિવારણ કરશો તો જ આત્મશક્તિ ખીલી શકશે. જેમ એક માણસને કરોડપતિ બનવું છે, પણ તેનો ઉપાય તે જાણતો નથી. એટલે ફાંફા મારે છે છતાં તે કરોડપતિ બની શકતો નથી. આમાં કારણ અજ્ઞાનતા છે. હવે જો તેનું જ્ઞાનાવરણીય કર્મ તૂટે તો તેનામાં કમાવાની હોશિયારી આવી જાય. માટે કોઈપણ કામ કરવામાં ઘાતીકર્મનું જ નડતર છે. તમે જીવનમાં દરેક કળા, જ્ઞાન, વિજ્ઞાન નથી પામી શકતા, કારણ ઘાતીકર્મોનો ઉદય છે. પેટાભેદથી અસંખ્ય ઘાતીકર્મોનો સતત ઉદય છે.

તમે જેટલા ભોગ ઇચ્છો છો તેટલા ભોગવી શકતા નથી, ભોગસામગ્રી હોવા છતાં માણી શકતા નથી, તેમાં કારણ ભોગાન્તરાય છે. તે જ રીતે તમારે આત્માના ગુણોનો સ્વાદ માણવો છે, પણ તેમાં ભોગાન્તરાય જ અવરોધ કરે છે.

**સભા :-** સંસારના ક્ષેત્રમાં સફળતા માટે પુરુષાર્થ કામ નથી આપતો.

**સાહેબજી :-** જો એકલું પુણ્ય જ કામ કરતું હોય તો ધંધો કરવા જવાની શું જરૂર છે ? પુણ્ય હશે તો એમ ને એમ મળી રહેશે. માટે બારે મહિના ગોદડાં ઓઢીને સૂઈ જાઓ.

**સભા :-** પણ પુરુષાર્થ કરીએ છતાં મળતું નથી.

**સાહેબજી :-** હા, **સંસારના ક્ષેત્રમાં પુણ્યની પ્રધાનતા છે,** પણ સાથે પુરુષાર્થ તો જોઈએ જ. એકલા ભાગ્યવાદને માનનારા બોલે છે કે નસીબમાં હશે તો મળશે. તો પછી નસીબમાં ખાવાનું હશે તો મળશે, તો રસોઈ બનાવવાનો પુરુષાર્થ શું કામ કરો છો ?

**સભા :-** ઘણી વખત પુરુષાર્થ નકામો જાય છે.

**સાહેબજી :-** જો પ્રબળ અંતરાય હોય તો પુરુષાર્થ નકામો જાય છે. પણ માત્ર નસીબમાં હોય તો મળી જશે, એવું જ હોય તો ઘેર બેઠાં જ મળશે.

**સભા :-** શાલિભદ્રને મળતું હતું ને ?

**સાહેબજી :-** તે વખતે પણ તેમણે સ્વીકારવારૂપે હાથ ન લંબાવ્યો હોત તો મળત ? તેથી એકલા પુણ્યથી મળ્યાનો કોઈ દાખલો નથી. અરે !કદાચ મોંમાં આવીને ખોરાક પડે તોપણ ચાવવાનો પુરુષાર્થ કરવો પડશે, નહીંતર ડૂચો વળશે; માટે તે જ વાસ્તવવાદને અનુરૂપ વાતો છે. **ભગવાને કહ્યું છે કે જે એકલો ભાગ્યવાદ માને, કે એકલો પુરુષાર્થવાદ માને, તો તે મિથ્યાત્વ છે. માટે બંનેનો સમન્વય કરવો પડે.** તેથી દરેક ઠેકાણે આનું આટલા ટકા મહત્ત્વ છે, આનું આટલા ટકા મહત્ત્વ છે, એમ બોલાય. સંસારમાં ભાગ્યવાદની પ્રધાનતા છે, પરંતુ એકલો ભાગ્યવાદ તો મનાય જ નહીં. આપણા શાસનમાં જ અનેકાંતવાદ છે. બધા ધર્મોએ કર્મને માન્યું છે, પરંતુ જો એકલા કર્મથી જ થતું હોય તો પુરુષાર્થની શું જરૂર ? અને માત્ર પુરુષાર્થથી જ થતું હોય તો કર્મની શું જરૂર ? તેથી **ફળની પ્રાપ્તિમાં એકાંતે ભાગ્ય પણ કારણ નથી કે ફળની પ્રાપ્તિમાં એકાંતે પુરુષાર્થ પણ કારણ નથી.** વળી, આ સમજ અન્ય ધર્મો પાસે ન હોવાના કારણે તેમને જવાબ આપવામાં મુશ્કેલી ઊભી થાય છે.

## સિદ્ધિમાં અંતરાયભૂત ત્રણ પ્રકારનાં વિઘ્નો :

(૧) હવે આપણે વિઘ્નજય પર આવીએ. સંસાર અને ધર્મ બંને ક્ષેત્રમાં વિઘ્ન માટે કર્મ જ કારણ છે. ધર્મના ક્ષેત્રમાં વિચારીએ તો વિઘ્નોના ત્રણ પ્રકાર છે. જઘન્ય વિઘ્ન, મધ્યમ વિઘ્ન અને ઉત્કૃષ્ટ વિઘ્ન. તેમાં જઘન્ય વિઘ્ન, દા.ત. એક માણસ ચોક્કસ ધ્યેય-સંકલ્પ સાથે દિલ્હી જવા નીકળ્યો છે. જો તેનું પુણ્ય હોય તો રસ્તો પણ સરસ, સીધો, ખાડા-ટેકરા-કાંકરા વગરનો મળે; કોઈ ગરમી નહીં, ઠંડી નહીં, વરસાદ નહીં. પરંતુ જો પાપનો ઉદય હોય તો ત્યારે જ તડકો નીકળે, બધી જાતનાં નાનાં નાનાં કષ્ટો આવે, જેથી તેને પ્રયાણમાં મુશ્કેલી ઊભી થાય. હવે આ જે બધી મુશ્કેલીઓ તેને ઊભી થઈ તે કંટક તુલ્ય વિઘ્ન છે. તેને જઘન્ય વિઘ્ન કહેવાય છે.

(૨) હવે મધ્યમ વિઘ્ન માટે વિચારીએ. જેમ તે માણસ નીકળ્યો છે, તેને રસ્તો પણ સારો છે, તડકો-ઠંડી કાંઈ નડતું નથી; પરંતુ રસ્તામાં ચાલતાં ચાલતાં એકદમ માથું દુઃખવા આવ્યું, તાવ આવ્યો, પગ ભરાઈ ગયા. તેથી એક ડગલું ચાલતાં પણ મુશ્કેલી પડે છે. ચાલે તો મહાપ્રયત્ને ચાલે પણ સ્પીડ પકડાય નહીં. પહેલામાં આપણે બાહ્ય નિમિત્તો લીધાં, અહીંયાં શરીરનાં કષ્ટ લીધાં છે, જેનાથી તેને ઈચ્છા હોવા છતાં પણ જલદી ચાલી શકે તેમ નથી અને ગતિ એકદમ ધીમી થઈ ગઈ છે. આ વિઘ્નોને મધ્યમ વિઘ્ન કહ્યાં છે.

(૩) હવે ઉત્કૃષ્ટ વિઘ્ન વિચારીએ. તે માણસને બાહ્ય બધી અનુકૂળતા છે, શરીર પણ સ્વસ્થ છે; પણ તેને જવું છે દિલ્હી સીધી દિશામાં જઈ રહ્યો છે, અને ચાલતાં ચાલતાં તેને ભ્રમ થઈ ગયો કે આ ઉત્તરને બદલે દક્ષિણ દિશા છે. માટે તે વિપરીત દિશા તરફ ચાલવા લાગ્યો. અને પછી કોઈને પૂછ્યું ત્યારે, તે મૂર્ખો હોય કે તેનો ઈરાદો ખરાબ હોય તો દિલ્હીનો તે ખોટો જ રસ્તો બતાવે. તેથી તે હવે ગમે તેટલું ચાલે તોપણ દિલ્હી પહોંચે ખરો ? અથવા ચાલતાં ચાલતાં ચક્કર આવે, બેભાન થઈ જાય, કાં વળગાડ વળગી જાય, ગાંડપણ આવી જાય, તે વખતે તેની હાલત લક્ષ્યશૂન્ય થાય, જેથી સાચા લક્ષ્ય પર પહોંચે નહીં. આને ઉત્કૃષ્ટ વિઘ્ન બતાવ્યું છે. આ દૃષ્ટાંતો ઉપમા છે. આ રીતે ત્રણ પ્રકારનાં વિઘ્નો દર્શાવ્યાં. **જઘન્ય વિઘ્ન કંટકતુલ્ય, મધ્યમ વિઘ્ન રોગતુલ્ય અને ઉત્કૃષ્ટ વિઘ્ન દિશાભ્રમ, બુદ્ધિભ્રમ તુલ્ય.**

## સામાયિકમાં ત્રણ વિઘ્નો :

સામાયિક અનુષ્ઠાનમાં ત્રણે વિઘ્ન કઈ રીતે છે તે વિચારીએ. (૧) તેમાં પ્રથમ જઘન્ય વિઘ્ન- જેમ તમે સામાયિક કરવા બેઠા તે વખતે બહારની પ્રતિકૂળતા-અનુકૂળતા આવે, અને તેની જો તમને અસર થાય તો વિઘ્ન કહેવાય, જે કાંટા તુલ્ય છે; શાસ્ત્રદૃષ્ટિએ આ મામૂલી વિઘ્નો છે. જેમ છોકરો ઘોંઘાટ કરે છે અને તમે અસર લો તો મન વિક્ષિપ્ત થાય. તેમ કોઈ મહેમાન આવ્યા, અથવા ધંધાધાપા-કુટુંબના કંઈક હર્ષ-શોકના સમાચારરૂપ નિમિત્તો આવ્યાં; જે બધા મામૂલી કંટકતુલ્ય વિઘ્ન છે. જો તે વખતે તમે તેની અસર ન લો તો આરાધના સ્થિર ચિત્તે કરી શકો, અને જો અસર લો તો આરાધનામાં તમારી ગતિ ઓછી થાય. આ કાંટા જેવાં જઘન્ય વિઘ્ન છે.

(૨) હવે મધ્યમ વિઘ્ન- જેમ કોઈ સામાયિક કરે છે, પણ ચાર ડીગ્રી તાવ આવ્યો, છતાં મક્કમ મને સામાયિકમાં બેસે છે, ક્રિયા પણ કરે છે, પરંતુ વિશુદ્ધ ભાવોની ધારા મનમાં સતત જાળવી શકતો નથી; અથવા સામાયિક અણિશુદ્ધ કરવું છે, તેના માટે વિધિ જાણવા ઘણી મહેનત કરે છે, પણ તીવ્ર જ્ઞાનાવરણીયના કારણે સામાયિકનું સ્વરૂપ મહેનત કરવા છતાં ઊંડાણથી સમજી શકતો નથી. માટે ક્રિયા વિધિશુદ્ધ કરી શકતો નથી. તેથી ખામીવાળી ક્રિયા થાય છે, તે મધ્યમ પ્રકારનાં વિઘ્ન છે.

(૩) હવે ઉત્કૃષ્ટ વિઘ્ન વિચારીએ- પૂજા કે સામાયિક કરવા બેઠા, પણ તેમાં ઉદ્વેગ-કંટાળો આવ્યો. કારણ કે ટીવીમાં સારો પ્રોગ્રામ આવ્યો ને ઘરમાં બધાં તે પ્રોગ્રામ જુએ છે, મજા કરે છે. તે વખતે થાય તમને કે આ બધા કેવી મજા કરે છે, આપણે પુરાઈ ગયા, ફસાઈ ગયા. જેમ કોઈએ ઉપવાસ કર્યો, તે જ દિવસે મહેમાન આવ્યા, જેથી બધા માલપાણી ખાય છે; ત્યારે તેને એમ થાય કે બધા માલપાણી ખાય છે, આપણે રહી ગયા, આપણી મજા ચાલી ગઈ. આ બધાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે. કારણ પાપથી છૂટવાનું લક્ષ્ય હતું, છતાં થાય કે પાપને છોડીને અહીંયાં ક્યાં બેસી ગયો ! જો પાપમાં હોત તો મજા પડત. એટલે કલ્યાણમાર્ગ વિષયક દિશાભ્રમથી બુદ્ધિ ખરાબ થઈ ગઈ. તમે વિચારજો કે તમારા જીવનમાં આવું કેટલી વખત બને છે, કે જેનાથી આવા વિચારોને આધીન થઈને ધર્મ અનુષ્ઠાનમાં મોટા છબરડા વાળતા હો છો ? આ દેખીતાં મામૂલી પણ **ઉત્કૃષ્ટ વિઘ્નથી અનુષ્ઠાન સંપૂર્ણ નિષ્ફળ થાય છે.**

**સભા** :- સામાયિક કરતાં વિઘ્ન આવે તેને પાપ વધારે બંધાય કે સામાયિક ન કરે તેને વધારે પાપ બંધાય ?

**સાહેબજી** :- સામાયિક કરતો હોય કે ન કરતો હોય પણ જેને આવા ભાવ અંદર પડ્યા છે તેને ભયંકર પાપ બંધાય છે. સામાયિક ન કરે છતાં આવા ભાવવાળો જીવ ઉત્કૃષ્ટ વિઘ્નમાં ફસાયેલો જ છે.

**સભા** :- આપે કહ્યું ને કે સારા કામમાં સો વિઘ્ન આવે.

**સાહેબજી** :- સારું કામ કરવા નીકળે ત્યારે ખબર પડે કે વિઘ્ન આવ્યું, પણ સારું કામ કરવા ન નીકળે તેને પણ બેલેન્સ તરીકે સ્ટોકમાં વિઘ્નો તો પડ્યાં જ છે, માત્ર સંયોગોના અભાવમાં તેની અભિવ્યક્તિ નથી. અહીં બેઉના ભાવ સરખા

છે માટે સરખું પાપ બંધાય છે. ઘણા કહે કે બાધા લઈએ ને તૂટી જાય તો પાપ લાગે, પરંતુ બાધા ન લેનારને પણ પાપ તો લાગે જ છે.

**સભા :-** પણ સાહેબજી ! એક ચોર ચોરી કરે છે અને એક જજ ચોરી કરે છે, તો તેમાં કોને પાપ વધારે બંધાય ?

**સાહેબજી :-** તમે જે ઉપમા આપી છે તે ખોટી છે, કારણ સામાયિક કરે છે તે પણ સંસારી છે, ગૃહસ્થ છે, નથી કરતો તે પણ ગૃહસ્થ છે. તેને બદલે તમે એમ પૂછો કે સંસારી માણસ જૂઠું બોલે અને સાધુ જૂઠું બોલે, તે બેમાં કોને પાપ વધારે ? અહીંયાં સાધુને વધારે પાપ બંધાય. કારણ શ્રાવકના વેશમાં ગૃહસ્થ જૂઠું બોલે છે એના કરતાં સાધુના વેશમાં સાધુ જૂઠું બોલે ત્યારે વધારે પાપ લાગે, કેમ કે ભૂમિકા ઊંચી છે.

જેમ તમે પૈસા રાખો તો પાપ લાગે છે. અત્યારે તમારા ખિસ્સામાંથી થોડા તો પૈસા નીકળવાના જ. જ્યારે મને તપાસે ને પૈસા નીકળે તો કોનું પાપ મોટું કહેવાશે ?

**સભા :-** આવું થાય તો પછી છાપે ચઢાવે.

**સાહેબજી :-** તમારા જેવા નિરાંતે બેઠા છે માટે ચઢાવે છે. પરંતુ આ તો ભયંકર પાપ છે. તમારું કર્તવ્ય છે કે તેમને સમજાવવા બીજી રીતે પ્રયત્ન કરવો જોઈએ, જેમાં ધર્મ નિંદાય નહીં. પરંતુ જો આવી રીતે પ્રચાર કરશો તો તમે ભવોભવ ખોઈ નાંખશો.

જો કક્ષા ઊંચી તો પાપ વધારે લાગે. માટે સાધુ પૈસા રાખે તો વધારે પાપ લાગે છે. સામાયિક કરવા બેઠેલાને વિઘ્નના નિમિત્તની અસર લેવાથી પાપ લાગે છે. તેમ પેલાને પણ વગર સામાયિકે પણ તેવા અશુભ ભાવ હોવાથી સતત પાપ લાગે છે. માટે બાધા લઈને તૂટે તો જ પાપ લાગે અને બાધા ન લે તો પાપ ન લાગે તેવું એકાંતે નથી.

# 33

તા.૧૪-૯-૯૫, ગુરુવાર, ભાદરવા વદ પાંચમ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણો આત્મા સર્વ પ્રકારની સિદ્ધિને પામે તે માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

સિદ્ધિપદ એટલે જેમાં આત્માની સર્વ શક્તિ અને સર્વ ગુણોનો પરાકાષ્ઠાનો વિકાસ થાય છે. સિદ્ધ ભગવંત સર્વ રીતે પરિપૂર્ણ છે. તેમને અનંતશક્તિ-અનંતવીર્ય નિરાવૃત થયેલું છે. સિદ્ધ ભગવંતને ભૌતિક જગતમાં કંઈ રસ નથી, પરંતુ તેમને જે મળ્યું છે તેને માણવામાં અને ભોગવવામાં જ રસ છે. માટે તેઓ આત્માના ગુણોને જ ભોગવે છે, છતાં તમામ ભૌતિક સિદ્ધિઓ પણ શક્તિરૂપે મોક્ષમાં સમાયેલી જ છે. અરે, કેવળજ્ઞાનીમાં પણ તમામ પ્રકારની ભૌતિક સિદ્ધિ-લબ્ધિ-ચમત્કાર સમાયેલા છે. કેવળજ્ઞાન સર્વ લબ્ધિઓરૂપી ફળથી યુક્ત કહ્યું છે.

તમે ગૌતમસ્વામીને અનંતલબ્ધિના સ્વામી કહો છો. તેમના જેવી તમામ લબ્ધિ કેવળજ્ઞાનીમાં પણ હોય જ છે. ગૌતમસ્વામીએ ખીરમાં અંગૂઠો રાખી તેને અખૂટ રાખી હતી. જ્યારે કેવળજ્ઞાની તો વગર અંગૂઠો રાખે અખૂટ બનાવી શકે છે. કેવળજ્ઞાનીમાં શક્તિ તેમના કરતાં પણ વધારે છે.

જગતની બધી રિદ્ધિસિદ્ધિ-ઐશ્વર્યને મેળવવાની કે પામવાની તાકાત સિદ્ધોમાં છે. માટે જ તેમને આપણે સિદ્ધ કહીએ છીએ. આવી પરાકાષ્ઠાની સિદ્ધિને પામવા માટે ધર્મઆરાધના સાધન છે. તેમાં એક પછી એક સ્ટેપને સિદ્ધ કરવાં પડે. અધ્યાત્મની ટોચની ભૂમિકા મોક્ષ છે, પણ તેને પામવા માટે નીચેની અધ્યાત્મની ભૂમિકા ક્રમસર સર કરવાની છે. તેને પામવી અને પછી સિદ્ધ કરવી, તેનું નામ જ સિદ્ધિભાવધર્મ છે. પરંતુ તે પામી કોણ શકે ? જે વ્યક્તિ ધર્મ આરાધના કરતાં વિઘ્નજય કરી શકે તે જ સિદ્ધિને પામી શકે છે. તમને કોઈપણ સદાચાર-આરાધના સિદ્ધ થઈ ક્યારે કહેવાય? જ્યારે તમે તેનાં વિરોધી વિઘ્નોને જીતો ત્યારે. દા.ત. તમે ઉદારતા કેળવી છે. તેમાં તમે જે લેવલનો વિકાસ કરો છો તે ક્યારે સિદ્ધ થયો કહેવાય, કે જ્યારે તેમાં વિરોધી વિઘ્ન આવે તેને સંપૂર્ણ પાર પામી શકો તો જ તે સિદ્ધ થયો કહેવાય છે.

ધર્મ આખો સદાચાર-સદ્‌ગુણોમાં સમાઈ જાય છે. ધર્મના ક્ષેત્રમાં પ્રેરણા કે ઉપદેશ સદ્‌ગુણ-સદાચારનો જ આપવામાં આવે છે. દુરાચાર-દુર્ગુણની નિંદા અને સદાચાર-સદ્‌ગુણોની પ્રશંસા, તેનું જ નામ ઉપદેશ છે.

આપણે સદ્‌ગુણ-સદાચાર સામાન્ય માત્રાના કેળવીએ કે માંદલા-માંદલા કરીએ તેથી અસ્થિમજ્જાવત્ ન થાય તો તેને સિદ્ધ થયા ન કહેવાય. સિદ્ધિમાં તેના પર તમારો અધિકાર-વર્ચસ્વ સ્થાપિત થઈ જવું જોઈએ. ગુણોને સિદ્ધ કરવા માટે તેના વિરોધી વિઘ્નોને પાર કરવાની તાકાત જોઈએ. તમે ક્ષમાનો પ્રયત્ન કરતા હો છતાં ક્યાં સુધી તમે ક્ષમા કેળવી શકો ? જ્યાં સુધી પુણ્યના કારણે ક્રોધનું નિમિત્ત ન મળે ત્યાં સુધી. જેમ તમે અત્યારે વ્યાખ્યાનમાં શાંત બેઠા છો, એટલે શું તમને ક્ષમા સિદ્ધ થઈ કહેવાય ? નિમિત્ત મળે તો હમણાં જ ઉશ્કેરાઈ જાઓ તેમ છો. તેની જેમ મોટાભાગની ક્રિયાઓમાં પણ જ્યાં સુધી વિઘ્ન નથી આવ્યું ત્યાં સુધી આરાધના કરી શકો છો. તમારી એકપણ એવી ધર્મક્રિયા ખરી કે જેમાં વિઘ્નો આવ્યાં હોય ત્યારે તમે તેને હંફાવી-તોડીને ક્રિયામાં સ્થિર રહ્યા હો ? અત્યારે તમે વિઘ્નોને જીતેલાં નથી, પણ વિઘ્નોથી તમે જીતાયેલા છો.

**સભા :-** આ કાળમાં આ ભાવધર્મ આવે ખરો ?

**સાહેબજી :-** સંપૂર્ણ ન આવે પણ અમુક ટકા આવી શકે, પરંતુ તમને તો અમુક ટકા પણ નથી. પૂજા કરતાં જરા નિમિત્ત મળે અને વિચલિતતા આવે છે. માટે ચોવીસ કલાક તમે વિઘ્નોની અસર નીચે જ છો. સિદ્ધિભાવધર્મને પામનાર સાધકનું સ્તર-લેવલ ઘણું ઊંચું હોય છે. પાંચ ભાવધર્મમાંથી એક પણ ભાવધર્મને પામવો પણ મહાદુષ્કર છે, અને તેમાં પણ એક ભાવધર્મમાંથી બીજામાં આવે એટલે તો સીધો હાઈજમ્પ(ઊંચો કૂદકો) જ કહેવાય; અને જેને પાંચેય ભાવધર્મ આવી ગયા તે તો પછી સંસારનો મહેમાન જ છે. તેને ટૂંક સમયમાં મોક્ષે જવાની તૈયારી છે. ત્રણે પ્રકારનો વિઘ્નજય કરવો તે તો મહાસાધક માટે પણ કઠણ છે.

આપણે આગળ ત્રણ પ્રકારનાં વિઘ્નો જોઈ ગયા. જઘન્યવિઘ્ન, મધ્યમવિઘ્ન અને ઉત્કૃષ્ટ વિઘ્ન. ફરી જરા થોડું વિચારી લઈએ.

## જઘન્ય વિઘ્ન :

બાહ્ય નિમિત્ત કષ્ટનાં-દુઃખનાં કે સુખનાં, જેને કંટક જેવાં કહ્યાં છે તે જઘન્ય વિઘ્ન. જેમ એક માણસ મુસાફરી કરવા નીકળ્યો છે. તેને રસ્તામાં કાંકરા, ખાડા,

ટેકરા, ભૂખ, તરસ, ગરમી, ઠંડીના કારણે મુસાફરીના પ્રયાણમાં આડખીલી ઊભી થાય. આની જો તે અસર લે તો તેની ગતિ મંદ થાય, પણ તેનાથી તેની સાધના અટકતી નથી.

## મધ્યમ વિઘ્ન :

જેમ મુસાફરીમાં તાવ આવ્યો, વા આવ્યો, પગ મચકોડાઈ ગયો, એકદમ અશક્તિ આવી, જેના કારણે ચાલી ન શકવાથી આગળ વધવામાં કસોટી ઊભી થાય. તેમ આત્મસાધનામાં પણ એવાં વિઘ્નો આવે કે જેથી સાધનામાં ભારે અવરોધ ઊભો થાય છે. આ મધ્યમ પ્રકારનાં વિઘ્નો આવે છે.

## ઉત્કૃષ્ટ વિઘ્ન :

ઉત્કૃષ્ટ વિઘ્નમાં વ્યક્તિને બુદ્ધિભ્રમ થાય છે. જેમ મુસાફરીમાં જતાં કોઈકને રસ્તો પૂછ્યો અને તેણે ઊંધો રસ્તો બતાવ્યો, તો તે વખતે તે જીવ ગમે તેટલો ચાલે તોપણ તેના ધ્યેયે પહોંચે નહિ. કારણ માર્ગદર્શનથી જ ભ્રમ થયો છે અને ઘણી વખત સ્વયં પોતાની બુદ્ધિ બગડવાથી પણ ભ્રમ થાય છે. અથવા ચાલતાં ચાલતાં કદાચ કંટાળો આવે, ધૂની હોવાને કારણે થાય કે હવે જવું નથી. માટે ઘડીકમાં હા, ને ઘડીકમાં ના, એમ તેના સંકલ્પ બદલાતા હોય, જ્યાં ધ્યેયબદ્ધતા ન હોય; આ બધાને દિગ્મોહ, ઉત્કૃષ્ટ વિઘ્ન કહ્યું છે. આ બધા ઉપમારૂપે કહ્યાં છે. હવે તેમાં દૃષ્ટાંતરૂપે પણ વિચારી લઈએ.

## અનુષ્ઠાનમાં અનુકૂળતાની અપેક્ષા એ આર્તધ્યાન :

જેમ તપ, ઉપવાસ, સામાયિક, પૂજા કરવી છે પણ તેમાં વિઘ્ન આવે. ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું છે ને પિત્ત ચડવાનું ચાલુ થાય, તીવ્ર ભૂખ-તરસ લાગે. કારણ આ તો શરીરનો સ્વભાવ છે. એક તો તપના કારણે અંદરની ગરમી હોય અને બહાર ઉનાળાની ભારે ગરમી હોય તો બેચેની વધે. તે વખતે આ બધાની જો અસર થાય તો માનસિક વ્યગ્રતા-વ્યાકુળતા આવે, તો તપની આરાધના અણિશુદ્ધ કરવામાં સ્ખલના આવે. પરંતુ તમને પચ્ચક્ખાણ લેતાં પહેલાં જ એવો ભાવ હોય છે કે કોઈ કષ્ટ ન આવે તો સારું. તેથી પચ્ચક્ખાણ લેતાં પહેલાં જ કહો કે, સાહેબ ! એવું પચ્ચક્ખાણ આપજો કે કોઈ કષ્ટ ન આવે. માટે ધર્મ કરવા જતાં પહેલાં જ તમારો શું સંકલ્પ છે ? બસ, સાધનામાં કોઈ જાતનું કષ્ટ ન આવવું જોઈએ, ધર્મ

સાધના વગર કષ્ટે પાર ઊતરવી જોઈએ. પરંતુ "કોઈ કષ્ટ નહિ આવવું જોઈએ" તે ભાવના જ અમારી દૃષ્ટિએ વિઘ્ન છે. તમને દેહ-ઇન્દ્રિયની દૃષ્ટિએ અનુકૂળતાની અપેક્ષા છે, જે અશુભભાવ છે. **આવી અનુકૂળતા સાથે ધર્મ આરાધના કરવાનો જે ભાવ છે તે આર્તધ્યાન છે. અનુકૂળતાની અપેક્ષા અને પ્રતિકૂળતાનો દ્વેષ તે આર્તધ્યાન છે.** એટલે આર્તધ્યાન સાથે ધર્મ આરાધના કરવાનો તમને ભાવ છે.

**સભા :-** આવો ભાવ આવે પણ પછી આત્માને તેનું દુઃખ થાય છે.

**સાહેબજી :-** તે સારું છે. હું તેની ના નથી પાડતો, પણ પહેલાં આર્તધ્યાન તો આવ્યું જ.

તમને ૨૪ કલાક પ્રતિકૂળતાના વિયોગની અપેક્ષા અને અનુકૂળતાના સંયોગની અપેક્ષા રહે છે અને તેનું જ નામ આર્તધ્યાન છે. તમે સામાયિક કરવા બેસો ત્યારે પણ એવો ભાવ છે કે મને મચ્છર ન કરડે, ગરમી ન લાગે, ઠંડક જોઈએ; આ બધી અપેક્ષા છે માટે આર્તધ્યાન અંદર પડેલું જ છે.

**સભા :-** ધર્મક્રિયાને અનુકૂળ સામગ્રી મળે તેવી ઇચ્છા તે આર્તધ્યાન છે ?

**સાહેબજી :-** ધર્મક્રિયાને અનુકૂળ સામગ્રી મળે તે ભાવનાને અમે આર્તધ્યાન નથી કહેતા. જેમ તમે પ્રભુપૂજા સારી કરવા સારાં ફળ, સારાં નૈવેદ્ય, કેસર, પુષ્પ મળી જાય તેવી ભાવના રાખો તે શુભ છે. તેનાથી સારી ભક્તિ કરી શકું તે ભાવ આર્તધ્યાન નથી. સામાયિક કરવા બેસતાં એમ ભાવ થાય કે "હું વિધિ મુજબ બરાબર સામાયિક કરી શકું, તે માટે કોઈ એવો અવરોધ ન આવે કે જેથી હું યથાર્થ સામાયિક ન કરી શકું." આ ભાવ શુભભાવ છે, આર્તધ્યાન નથી.

**સભા :-** સંયોગો બરાબર હોય તો ધર્મક્રિયા બરાબર થાય ને ?

**સાહેબજી :-** તમને કેવા સંયોગો જોઈએ છે ? બરાબરનો તમે અર્થ શું કરશો ? સુખપૂર્વક થાય એ અર્થ છે, નહીંતર તો તમને વિઘ્ન આવે છે તેને સહન કરવાનું બળ માંગો. જે નિમિત્તો છે તેની અસર તમે લો તો તે વિઘ્ન છે. તમને અનુકૂળ સંયોગો એવા જોઈએ છે કે જેમાં સંસારની બધી જવાબદારી-કામ-ચિંતા પાર ઊતરી જાય, અને ત્યાર પછી નવરા પડો એટલે ધર્મ કરવાનો, બરાબર ને ? વળી, સંસારનું કામ આવે એટલે ધર્મને પડતો મૂકવાના છો.

સામાયિક કરવા બેસતાં અચાનક ફોન આવે કે મોટો ઘરાક ઓફિસે આવ્યો છે, સારો સોદો થાય તેમ છે; આ સમાચાર મળતાં શું કરો ? સામાયિક પડતું મૂકો ને ? સંસારમાં નાના નાના હજાર પ્રશ્નો રહે છે. તે બધાને પહેલાં સુલટાવવા

અને પછી જ ધર્મ કરવા બેસવું, તે જ તમારી નિર્વિઘ્નતાનું લક્ષણ છે. તમે સંસારને પ્રાયોરીટી આપો છો અને ધર્મનો તો તમારા જીવનમાં છેલ્લો નંબર છે. સંસારનું બધું પાર પડે પછી નવરાધૂપ જેવા છીએ માટે હવે ધર્મ કરીએ, આવો અનુકૂળતાનો અર્થ નહીં કરવાનો. પરંતુ સામાયિક કરવા બેસતાં અચાનક પગમાં લચક પડી ગઈ, જેથી વાંકા પણ વળી ન શકો. માટે બરાબર ખમાસમણું આપી શકો તેવી ભાવનાથી આ કષ્ટ દૂર થાય તેમ માંગવાનું છે.

## જઘન્ય વિઘ્ન માટે મેઘકુમારનું દૃષ્ટાંત :

પ્રાથમિક કક્ષાનાં વિઘ્ન આવે અને સહન ન કરી શકો તો શું થઈ શકે તેનું દૃષ્ટાંત મેઘકુમારનું છે. મેઘકુમાર શ્રેણિકરાજાના પુત્ર છે. તેમણે આગલા ભવની આરાધનાથી એવું પુણ્ય બાંધ્યું છે કે જેનાથી રૂપ, ચતુરાઈ, બુદ્ધિ, ઐશ્વર્ય ઉત્તમ મળેલાં છે. ભૌતિક દૃષ્ટિએ તેમને બધું જ મળ્યું છે. પણ પ્રભુ મહાવીરની એક વખત દેશના સાંભળીને ઉત્કૃષ્ટ વૈરાગ્ય થવાથી દીક્ષા લેવાના ભાવ છે, તેમને દીક્ષા લેવાની ખૂબ ઉત્કંઠા છે માટે તેમની માતા ધારિણીને પગે લાગીને કહે છે, "હું પ્રભુ મહાવીરની દેશના સાંભળીને આવ્યો છું." આટલું સાંભળતાં માતા રાજી થયાં પણ આગળ કહે છે કે, "હવે હું આ સંસારમાં રહેવા માંગતો નથી." આ સાંભળતાં માતા બેભાન થઈ ગયાં. જ્યારે ભાનમાં આવ્યાં ત્યારે તેમને દીક્ષાની દુષ્કરતા સમજાવે છે કે, "દીકરા, સંયમ પાળવું તે કાંઈ રમત વાત નથી. તું દેહથી અત્યંત સુકોમળ છે." પરંતુ તેમના મનની દૃઢ મક્કમતા છે, માટે માતાના વચનની કોઈ જ અસર થતી નથી અને કહે છે, "આત્મગુણોને વિકસાવવા મા હું બધુંય સહન કરીશ." શ્રેણિકરાજા પણ તેમને ખૂબ જ મનાવે છે કે મોટી ઉંમરે દીક્ષા લેજે. પરંતુ તેઓ માનવા તૈયાર નથી. છેલ્લે પિતા તેના વૈરાગ્યની કસોટી કરતાં કહે છે કે "દીક્ષા લેતાં પહેલાં હું તારો મગધના સામ્રાજ્ય ઉપર રાજ્યાભિષેક કરવા માંગુ છું. મગધના રાજ્ય ઉપર રાજ્યાભિષેક કરી તને મારે મગધનો સમ્રાટ બનાવવો છે." મેઘકુમાર અતિ આગ્રહના કારણે પિતાની ઇચ્છા પૂરી કરવા હા પાડે છે. શ્રેણિકરાજા પોતે રાજ્યાભિષેક કરે છે. એક વખત રાજતિલક કરીને ગાદી પર બેસાડે પછી પિતા હોય તોપણ તેમની સામે હાથ જોડીને ઊભા રહે અને આજ્ઞા માગે. તેથી શ્રેણિકરાજા પૂછે છે, "ફરમાવો આજ્ઞા શું છે ?" ત્યારે તેમની પાસે આટલી સત્તા-સંપત્તિ હોવા છતાં મેઘકુમાર કહે છે કે "મારી આજ્ઞા છે કે ઓઘો અને પાતરા લાવો."

વિચારજો, તેમનો કેવો વૈરાગ્ય હશે ? દીક્ષાનો સંકલ્પ કેવો દૃઢ હશે ? પછીથી પ્રભુ પાસે જઈને ઠાઠથી દીક્ષા લે છે. હવે દીક્ષા લીધા પછી પ્રભુએ તેમને સ્થવિરોને સોંપ્યા છે. સંસારમાં ગમે તેવી મોટી વ્યક્તિ હોય પણ દીક્ષા લીધા પછી તો ક્રમ પ્રમાણે નંબર આવે છે. ધર્મના ક્ષેત્રમાં ભૌતિક સત્તા-સંપત્તિ-ઐશ્વર્યથી વ્યક્તિ મોટી ગણાય નહીં. ચક્રવર્તી પણ દીક્ષા લે તો તેને નાનો સાધુ જ કહેવાય છે.

**સભા :-** પણ નવદીક્ષિત હોય તો તેમના પરિણામ તો જાળવવા જોઈએ ને ?

**સાહેબજી :-** બોલો, પરિણામ જાળવવા શું કરે ? ખોળામાં લઈને ફરે ? હા, નવદીક્ષિતને બધા સાધુભગવંતની વૈયાવચ્ચ સોંપી દેવી કે આખો દિવસ પાણીના ઘડા જ લાવવા કે બધાની ભક્તિ કરવી, ગોચરી લેવા મોકલવા આવું બધું તરત ન સોંપે. પરંતુ વિનયધર્મ તો શીખવાડવો પડે. નાનાને કાંઈ મોટો બનાવાય નહીં. નવદીક્ષિતના પરિણામ જાળવવા પ્રારંભમાં તેમની પાસેથી કઠોર ચર્યા કે બધાની સેવા-શુશ્રૂષાની અપેક્ષા રખાય નહીં, ઊલટું તે અપરિપક્વ હોવાના કારણે જરૂર પડે મોટા સાધુભગવંત પણ તેમને સાધુક્રિયામાં સહાય કરે.

પ્રભુએ એમને સ્થવિરને સોંપ્યા છે. સ્થવિર સાધુઓએ તેમને દિનચર્યા કરાવી અને છેલ્લે રાત્રે સંથારો કરાવતાં તેમના ક્રમ પ્રમાણે છેલ્લો નંબર હોવાથી તેમનો સંથારો દરવાજા પાસે આવ્યો. ફૂલની શય્યામાં સૂનારને આજે ક્યાં સૂવાનું આવ્યું ? પૌષધમાં રાત્રે ક્રિયા ઓછી છતાં પણ તમે રાત્રિપૌષધ કરો નહીં, કારણ તમને એક દિવસ પણ સંથારામાં સૂવું ફાવે નહીં.

હવે મેઘકુમારમુનિને રાત્રિના એવું બન્યું કે હજારો મહાત્માઓમાંથી કોઈ ધ્યાન માટે, સ્વાધ્યાય માટે કે માત્રુ આદિ માટે બહાર જાય-આવે છે. આખી રાત્રિ તેઓની અવરજવર ચાલુ હોવાથી, રેતીવાળા બધાના પગ તેમના સંથારા પર પડવાથી તેઓ આખી રાત સૂઈ શકતા નથી. તેમને આ પ્રથમ કક્ષાનું-જઘન્યવિઘ્નનું નિમિત્ત આવ્યું છે. આ શય્યાપરિષહ છે. અહીં તેમને થયું કે આખી રાત્રિમાં હું જો પાંચ મિનિટ પણ ન સૂઈ શકું તો આ રીતે આખી જિંદગી કઈ રીતે જિવાશે ? માટે તેમને લાગે છે કે હું સંયમ નહીં પાળી શકું. મારામાં સંયમ પાળવાની ક્ષમતા નથી.

આ જે ભાવ થયા છે તેમાં તે વિઘ્નના નિમિત્તની મન પર અસર થઈ છે. આ અસરથી સંયમ પાળવાનું કામ મારું નહીં એમ એમને થાય છે. પરંતુ તે વખતે પણ એમનો ખ્યાલ પાક્કો હતો કે સંસાર તરવા માટેનું ખરું સાધન તો સંયમ જ છે. તેથી તેમને સંયમ માટે અત્યારે પણ રાગ જ છે અને સંસાર પ્રત્યે અત્યારે

પણ દ્વેષ જ છે. તેમને એમ નથી થતું કે હું ક્યાં આ સંયમમાં ભરાઈ ગયો. જો આવો ભાવ થયો હોત તો તે ત્રીજા પ્રકારનું વિઘ્ન બની જાત. પરંતુ તેમનો ભાવ એવો છે કે આ ઉત્તમ માર્ગ છે. તે જ જીવવા જેવો છે. પણ મારું કામ નથી.

**સભા :-** તેમને સાહેબજી ! પહેલેથી આ બધાની ખબર નહીં હોય ?

**સાહેબજી :-** પોતે રાજકુમાર છે. સુકોમળ દેહ છે. ખૂબ જ પુણ્યનો ઉદય હોવાને કારણે પ્રેક્ટીકલમાં આવું થાય તેવી ખબર ન હોય. તેમણે કાંઈ દીક્ષા પૂર્વે આ અખતરારૂપે અનુભવ્યું નહોતું. પરંતુ વર્ણન સાંભળીને માનસિક દૃઢ સંકલ્પપૂર્વક દીક્ષા લીધી છે. જેમ તમે અત્યારે બંગલા અને ફ્લેટોમાં રહો છો અને હું અત્યારે તમને ઝૂંપડપટ્ટીનું વર્ણન કરું તો કેટલી સામાન્ય અસર થાય ? પણ જયારે પ્રેક્ટીકલમાં રહેવાનું આવે ત્યારે કેવી અસર થાય ? અત્યારે ઘણા શ્રાવકો સાધુઓના નાના દોષો જોઈને સલાહ આપતા હોય છે કે આમ ન કરવું જોઈએ, આમ કરવું જોઈએ, સાધુઓ અત્યારે કશું કરતા નથી. પણ આવું કહેનારને કહેવું પડે કે તમે એક વખત તો એ પ્રમાણે કરી બતાવો. અરે ! ઘણા કહે છે કે અત્યારે એક પણ સાધુ ગુરુ બનવા લાયક નથી. જો તમને ગુરુ ન લાગતા હોય તો તમે બધાના ગુરુ બનીને બતાવો. તમે સારા સાધુનું આ કાળ પ્રમાણે પણ મૂલ્યાંકન ન કરી શકો તો કેમ ચાલે ? અમે શિથિલાચારી સાધુની વાત કરતા નથી, પરંતુ તમારે જીવનમાં બે ઘડીનું એક સામાયિક પણ કરવું નથી અને આવી વાતો કરો તે કેમ ચાલે ?

હવે મેઘકુમારને અનુભવથી લાગ્યું કે અહીંયાં મારું ગજું નથી, માટે સવારે પ્રભુ પાસે જઈને રજા લઈને ઘરે જઈશ. આમ વિચાર કરે છે. આ પ્રાથમિક કક્ષાનું વિઘ્ન છે, મધ્યમ કે ઉત્કૃષ્ટ વિઘ્ન નથી.

તેમ તમને વિધિ કરતાં આવા ભાવ આવે કે આમાં આપણું કામ નહીં, માટે મૂકી દેવાનું મન થાય કે તેમાં છૂટછાટ લેવાનું મન થાય તો પ્રથમ કક્ષાના વિઘ્નની અસર છે, જે આરાધનામાં સ્ખલના-અવરોધ ઊભો કર્યા કરે છે.

## વિઘ્નોને જીતવા ઊલટો ક્રમ, પહેલાં ઉત્કૃષ્ટ વિઘ્ન જીતવું :

અહીંયાં ઉપાધ્યાયજી યશોવિજયજીએ ખાસ કહ્યું છે કે વિઘ્નોને જીતવાનો ક્રમ ઊલટો છે. પહેલાં ઉત્કૃષ્ટ કક્ષાનાં વિઘ્નોને જીતવાનાં છે, પછી મધ્યમ કક્ષાનાં અને પછી જઘન્ય કક્ષાનાં વિઘ્નોને જીતવાનાં છે, અને આપણે અહીંયાં જ થાપ

# ૩૫

તા.૧૬-૯-૯૫, શનિવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને આત્મકલ્યાણનો સાંગોપાંગ માર્ગ બતાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મોક્ષ અને મોક્ષમાર્ગનું વર્ણન કરનારા ઘણા ધર્મો છે, પણ તેનું પૂર્ણ રીતે વર્ણન કરનાર તો જૈનશાસન જ છે; જેમાં લક્ષ્ય શું ? તે લક્ષ્યને મેળવવા પુરુષાર્થ કેવો કરવાનો ? એ પુરુષાર્થ કરનારને વિઘ્નો કેવાં કેવાં આવે ? વળી આ વિઘ્નોના નિવારણના ઉપાયો શું ? તે બધાનું જૈનશાસન તાદશ દર્શન કરાવે છે. અને જે વ્યક્તિ આ વિઘ્નોનો પુરુષાર્થ દ્વારા વિજય કરે છે, તેને જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે અને સિદ્ધિ પ્રાપ્ત થયા પછી તેનો વિનિયોગ કરવાનો છે.

(૧) પ્રણિધાનભાવધર્મ (૨) પ્રવૃત્તિભાવધર્મ (૩) વિઘ્નજયભાવધર્મ (૪) સિદ્ધિભાવધર્મ અને (૫) વિનિયોગભાવધર્મ, આ પાંચેય ભાવધર્મોમાં મોક્ષમાર્ગની તમામ ભૂમિકાઓ આવી જાય છે. સિદ્ધ ભગવંતો મુક્તિ પ્રાપ્ત કર્યા પછી તેનો વિનિયોગ કરે છે, કારણ કે આ ભવચક્રમાંથી જેટલા પણ સાધક જીવો મોક્ષમાં જાય છે, તેઓ તમામ સિદ્ધોનું અવલંબન લઈને જ મુક્તિપદ પામે છે. તેથી મોક્ષે જનારા જીવમાત્રને સિદ્ધિપદનું દાન સિદ્ધભગવંતો જ કરે છે.

આપણે જે દષ્ટાંતો વિચારીએ છીએ તેમાંથી આપણને વિઘ્નોનાં કારણરૂપ કર્મો કઈ રીતે બંધાય છે તેનો પણ ખ્યાલ આવશે. ગઈકાલે આપણે મધ્યમ વિઘ્નમાં જલન દેવનું દષ્ટાંત વિચાર્યું હતું, જેમાં આગલા ભવમાં ચારેય જણાએ, આખા કુટુંબે દીક્ષા લીધી, સંયમ પાળ્યું અને સારી આરાધના કરી. બે ભાઈમાં મોટાભાઈ સરળ છે, નાનોભાઈ માયાવી છે. તેના જીવનમાં નાની નાની માયાઓ હતી, જે ઘણી વખત આંતર અવલોકન ન હોય તો તે માયા તરીકે લાગે પણ નહીં; જેમ નાની નાની ચોરીના પ્રકારોને સૂક્ષ્મતાથી ન વિચારો તો તમને ચોરી લાગે નહીં.

દા.ત. પાડોશી પાસેથી કોઈ સાધનની તમારે જરૂરિયાત છે. આમ તો તમને તેને કાંઈ આપવું ગમતું નથી, પણ તમે એની પાસે કોઈની હાજરીમાં માંગો તો તે શરમના કારણે ના ન પાડી શકે. પરંતુ તે રીતે તમે તે સાધન મેળવો, તો તે સૂક્ષ્મ ચોરી કરી કહેવાય; કારણ માલિકની ઇચ્છા નથી છતાં તમે દબાણથી મેળવીને વાપરો છો. **વસ્તુની માલિકી જેની હોય તેની ઇચ્છા વગર તમે વાપરો તો અદત્તાદાન કહેવાય.** જેમ ઘરમાં પણ ભાઈનો ટુવાલ બીજો ભાઈ વાપરે તો ગમતું ના હોય પરંતુ તે ના ન પાડી શકતો હોય, તેથી તે ટુવાલ તમે વાપરો તો સૂક્ષ્મ અદત્તાદાનનું પાપ લાગે. તમે તમારા ભાવો અને બીજાના ભાવોનો વિચાર જ કરતા નથી. **બીજાને જે લાગવું હોય તે લાગે, મારી સગવડતા સચવાય છે ને મારે મનપસંદ કરવાનું, એવો અંતરમાં ભાવ પડ્યો છે, જે ૨૪ કલાક કર્મબંધ કરાવે છે.**

તમારી મનોવૃત્તિ એવી હોય છે કે બીજાને ઘસારો આપવો, પરંતુ પોતાને કોઈ ઘસારો આપવા આવે તો બહાનું કાઢીને છટકી જવું. તે માટે માયા, મૃષાવાદ, વક્રતા આવા બધા ભાવો મનમાં હોવાના કારણે જીવને ૨૪ કલાક કર્મબંધ ચાલુ છે.

**સભા :-** આપનારની ઇચ્છા ન હોય તો તેને પાપ લાગે ?

**સાહેબજી :-** વાજબી માંગણી હોય છતાં ન આપે તો સંકુચિતતાનું પાપ લાગે. સામાન્ય રીતે પાડોશમાં એવા સંબંધ હોય કે ગમે ત્યારે એકબીજાની વસ્તુ વાપરે તો વાંધો નહીં. પણ પોતાને જોઈતું હોય ત્યારે માંગવામાં વાંધો નહીં, ચોક્કસ લાવીને વાપરે, પણ પોતાને આપવાનું આવે એટલે જીવ ઊંચોનીચો થાય; આ સંકુચિતતાના કારણે પાપ લાગે છે. હા, અયોગ્ય માંગણી માટેની વાત નથી. તે કાંઈ સીધા તમારા ઘરબાર માંગવાનો નથી. સામાન્ય જરૂરિયાતની માંગણી હોય. વળી તમારા ઘરમાં તે વસ્તુ તે વખતે એમ ને એમ પડેલી હોય છતાં આપવાની ના પાડે તો પાપ લાગે.

હવે આ નાનાભાઈએ માયા કરેલી ત્યારે સાથે જ તેમને ચારિત્રના પરિણામ છે, તેથી તેમનો ઘણો બચાવ થયો છે. **આર્તધ્યાન-માયા-મૃષાવાદ એ બધાં તિર્યંચગતિનાં કારણો છે અને આ જ પરિણામો પાછા તિર્યંચગતિમાં ગયા પછી વધારે પોષાય છે.** ક્ષુદ્ર જીવજંતુઓમાં પણ કેટલી માયા જોવા મળે છે ! દા.ત.

મચ્છરનો સ્વભાવ શું? હળવેથી ઘૂસી જાય અને એવી હળવાશથી કરડે કે કરડ્યા પછી જ ચચરે ત્યારે ખબર પડે. તેમ કીડીમાં પણ માયા પ્રત્યક્ષ દેખાય છે કે તમે તેને અડો તો એકદમ મડદા જેવી થઈ જાય, પરંતુ પછી થોડી વારમાં દોડવા લાગે, વાસ્તવમાં તેને કશું થયું ન હોય. આ બધી સ્વરક્ષા નિમિત્તક માયા છે. જેમ નાના છોકરાઓમાં પણ આવું વર્તન દેખાય કે રસ્તે જતાં કંઈ મનગમતું જોઈતું હોય અને મમ્મી ન અપાવે તો આળોટવા માંડે, ઢોંગથી રડવા માંડે, પણ આંખમાં આંસુરૂપે પાણી ક્યાંય ન દેખાય. હવે આ બધી માયા જ છે ને? ઘણા કહે છે કે બાળકો નિર્દોષ હોય છે, પણ તેમનામાં માયા-આસક્તિ-ઈર્ષ્યા વગેરે બધા જ કષાયો છે.

પશુયોનિમાં જન્મથી જ માયા હોય છે. જેમ કૂતરાને રોટલો નાંખો તો તે બીજો કૂતરો ઉપાડી ન જાય એ માટે ઝડપથી મોઢામાં લઈને ખાવા માટે ખૂણામાં ભરાઈ જાય. જ્યાં ઉંદરનું દર હોય કે કબૂતરનો માળો હોય ત્યાં બિલાડી પણ કેવી છૂપાઈને શાંતિથી બેસી જાય, જેથી ખબર જ ન પડે. આ બધી માયા જ છે. માટે **પશુયોનિમાં માયા પોષવાના કારણે, મરીને પાછા તે પશુયોનિમાં જ સબડે છે.**

**સભા :-** અકામનિર્જરા હોવાના કારણે પશુઓ લગભગ મરીને દેવલોકમાં ન જાય ?

**સાહેબજી :-** એવરેજ માંડો તો અસંખ્યાતા તિર્યંચપંચેન્દ્રિયમાંથી એક પશુ દેવલોકમાં જાય.

**સભા :-** પણ કુલની અપેક્ષાએ અસંખ્યાતા જાય ?

**સાહેબજી :-** હા, કુલની અપેક્ષાએ અસંખ્યાતા જાય. પણ કયાં પશુઓ દેવલોકમાં જાય ? જે અકામનિર્જરા કરે તેવા તિર્યંચો દેવલોકમાં જાય. વળી અકામનિર્જરા કરવી કાંઈ સહેલી છે ? ખાવાના ખેલ નથી. જેમ તમે કોઈનું કાંઈ બગાડ્યું ન હોય અને તમને આવીને કોઈ ધોકા મારે તો શાંત રહો ? વગર વાંકે તમને કોઈ ત્રાસ આપે, વેદના આપે ત્યારે શાંતિથી સહન કરો તો અકામનિર્જરા થાય. આવા વખતે સામેની વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન કરવો અને સહન કરવું તે કાંઈ સહેલી વાત નથી. માટે અનંતામાંથી એક જીવ તિર્યંચયોનિમાંથી બહાર નીકળે છે.

**સભા :-** દેવલોકમાં જીવો પશુયોનિ અને મનુષ્યમાંથી જ આવે ને ?

**સાહેબજી :-** હા, દેવલોકમાં જીવો મનુષ્ય અને પશુયોનિમાંથી જ આવે છે. આ જગતમાં મનુષ્યની સંખ્યા ઓછી છે. **મનુષ્ય કરતાં દેવની સંખ્યા અસંખ્ય ગણી વધારે છે.** એટલે કદાચ બધા મનુષ્યો મરીને દેવલોકમાં જાય તોપણ દેવલોક ખાલી રહે. માટે દેવલોકની ખાલી જગ્યા પશુઓ જ પૂરી કરે છે. પણ કયા પશુઓ પૂરી કરે ? જે અકામનિર્જરાથી મરે તે.

**સભા :- અકામનિર્જરા કરવા શું કરવાનું ?**

**સાહેબજી :- વગર કારણે દુઃખ આપનાર પ્રત્યે પણ દ્વેષ-સંકલેશ નહીં કરવાનો.** આના માટે શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. એક હાથી હતો જેને ૫૦૦ હાથણીઓ હતી. તે આખો દિવસ તેઓની સાથે જંગલમાં ફરે, ક્રીડાઓ કરે, ભોગસુખો ભોગવે. એક દિવસ એવું બન્યું કે તે હાથી તેની ૫૦૦ હાથણીઓ તથા તેના સંતાનો સાથે તે જંગલમાં ફરતો હતો. ત્યાં અચાનક જંગલમાં દાવાનલ થયો. આ દાવાનલ જોઈને મોતના ભયથી તે હાથી એકદમ ગભરાયો. તેથી પોતાના આખા પરિવારને પડતો મૂકીને પોતે ભાગ્યો. દૂર દૂર જંગલમાં ભાગતાં ખ્યાલ ન રહ્યો. એક મોટા ખાડા પર પાંદડાંઓ પડેલાં હોવાથી ખબર ન રહી કે આ ખાડો છે અને તેમાં જ તે ઊંધે માથે પડ્યો. તેમાંથી બહાર નીકળવાની તેની કોઈ શક્યતા નથી. પોતે પડવાથી ઘણો જ ઘાયલ થયો છે. તેને વેદનાનો પાર નથી. સાથે ભૂખ-તરસની પણ વેદના થાય છે. અત્યારે તેને કોઈ જોનાર નથી. હવે આ ટાઈમે હાયવોય થાય, પોતાને પીડા આપનાર ક્ષુદ્ર જીવજંતુઓ પર દ્વેષ આવે, પણ તેને તો આના બદલે એવા વિચારો આવે છે કે "હું આ જ લાગનો હતો. હું કેટલો સ્વાર્થી છું ! મારાં સંતાનો અને હાથણીઓને મોતના મુખમાં પડતાં મૂકીને મારો જીવ બચાવવા ભાગ્યો, માટે હું આ જ સજાપાત્ર છું. મેં મારે આશ્રયે રહેલાઓના રક્ષણનો કે લાગણીઓનો જરાય વિચાર ન કર્યો." આવા વિચારો તેને આવે છે. આનાથી તેને અકામનિર્જરા થાય છે.

**સભા :-** સંમૂર્ચ્છિમ જીવો અકામનિર્જરા કરી શકે ?

**સાહેબજી :-** હા, તેઓ અકામનિર્જરા કરી શકે. મરુદેવીમાતા આગલા ભવમાં અસંજ્ઞી હતાં. તેમણે તે વખતે અકામનિર્જરા કરી છે. તે ભવમાં તેઓ કેળના ઝાડમાં છે અને તેની બાજુમાં જ એકદમ અડીને બાવળિયાનું ઝાડ છે.

કેળનાં પાંદડાં એકદમ મોટાં અને સુકોમળ હોય છે. અહીં શું બને છે કે વારંવાર આ બાવળિયાના કાંટા કેળના પાંદડાંને વાગે છે, અને પવન આવે ત્યારે તો એકદમ જોરથી કાંટા પાંદડાંમાં પેસી જાય છે. આનાથી તેમને સખત ત્રાસ થાય છે. તમને આવો ત્રાસ કોઈ આપતો હોય તો શું ભાવ આવે ? "લોહી પી ગયો છે. અહીંયાંથી ટળે તો સારું." આવા ભાવો તેમને થતા નથી. તેના પ્રત્યે દ્વેષ કે વેરભાવ થતો નથી. **વનસ્પતિ અસંજ્ઞી છે પણ તેમને સુખદુઃખનો અનુભવ તો થાય જ.** તેમને કોણ મારે છે તે સ્પષ્ટ ખબર ન પડે, પણ બાજુમાંથી વેદના થાય છે તે તો ખબર પડે. તેથી આવા પ્રસંગે ઉદારતા-ક્ષમા-સહિષ્ણુતા હોય તો અકામનિર્જરા થાય.

**સભા :-** અસંજ્ઞીને આર્તધ્યાન થાય ?

**સાહેબજી :-** તેમને આર્તધ્યાન હોય જ. તેમને શુક્લ કે ધર્મધ્યાન હોય નહીં. **અસંજ્ઞીને કાયમ આર્તધ્યાન-રૌદ્રધ્યાન કે અશુભ લેશ્યા હોય છે. આ અશુભ ધ્યાન-અશુભ લેશ્યા મંદ કક્ષાની હોય છે.** તમે સદ્ગતિનાં છ કારણમાંથી એક કારણ પકડી લો તો તમારી સદ્ગતિ નક્કી થાય, પછી ભલે તે વખતે આત્મામાં સદ્ગતિનાં બીજાં પાંચ કારણ ન હોય, અને દુર્ગતિનાં પાંચ કારણ હોય. આમણે અકામનિર્જરા પકડી છે, માટે જ મરુદેવીમાતાના જીવને કેળના ઝાડમાંથી સદ્ગતિ થઈ છે.

**તીવ્રતાથી દુઃખ આવ્યું અને સહન કરતાં અતિશય હાયવોય કરે તો, દુઃખ ભોગવતાં જે કર્મો અકામનિર્જરારૂપે ખપાવે, તેના કરતાં વધારે નવાં કર્મો બંધાય છે. એટલે તેવા જીવોને બકરું કાઢતાં ઊંટ પેસે છે. તીવ્ર સંકલેશથી દુઃખ ભોગવે તો ઉચ્ચગતિ પ્રાયોગ્ય અકામનિર્જરા થતી નથી.**

**શાંતિથી દુઃખ વેઠનાર જો મોક્ષમાર્ગની બહાર હોય તો તેને મનુષ્યાદિગતિ પ્રાયોગ્ય અકામનિર્જરા થાય છે.** ઘણાં પશુઓને ત્રાસ આપનાર તેમના માલિક પ્રત્યે દ્વેષ થતો હોય છે. ઘણાં પશુઓને તો દુઃખ આવે ત્યારે રડે છે. તેમને પણ દુઃખની અસર થાય છે. તેમના માલિકો તેમને ખાવાનું પણ કસી કસીને આપે, જરાક ઓછું કામ કરે તો દંડા ઠોકે, તેઓનો પૂરો કસ માલિકો કાઢતા હોય છે. આ બધાથી તેઓનું હૈયું વલોવાઈ જતું હોય છે. માટે ઘણી વખત તેઓ રડતાં

હોય છે. આ બધાના કારણે તેમને અંદરમાં કષાયનો આવેશ આવતો હોય છે, પણ પરવશ હોઈને કાંઈ ન કરી શકે અને મજબૂરીથી દુઃખ ભોગવે. પણ અહીંયાં તેમને દુઃખ ભોગવવા છતાં ગતિ સુધરે તેવી અકામનિર્જરા ન થાય.

**સભા :- સકામનિર્જરા ક્યારે થાય ?**

**સાહેબજી :- સકામનિર્જરા માટે તો અધ્યાત્મ જોઈએ.** જેને આત્માના સુખનો અનુભવ થયો નથી, જે મોક્ષમાર્ગની ભૂમિકાને પામ્યો નથી તેને સકામનિર્જરા ન થાય. ધર્મ કરનાર જીવ જો મોક્ષમાર્ગની બહાર હોય તો તેને સકામનિર્જરા ન થાય, પછી ભલે સાધુપણું પાળે તોપણ તેને સકામનિર્જરાને બદલે અકામનિર્જરા જ થાય. **મોક્ષમાર્ગની પહેલી ભૂમિકા આવે ત્યારથી સકામનિર્જરા થોડી થોડી ચાલુ થઈ કહેવાય. એટલે અપુનર્બંધકદશાથી સકામનિર્જરા ચાલુ થાય છે.**

**સભા :-** માર્ગાનુસારીના ગુણોમાં સકામનિર્જરા થાય ?

**સાહેબજી :-** તમે કયા માર્ગાનુસારીના ગુણો લો છો ? ૩૫ ગુણોમાં સીધો મોક્ષમાર્ગ નથી. આ ૩૫ ગુણોમાં પણ અધ્યાત્મશૂન્ય જીવને અકામનિર્જરા જ થાય. પણ મોક્ષમાર્ગાનુસારીના ગુણ લેતા હો તો તેમાં ચોક્કસ સકામનિર્જરા થાય. અરે ! સાધુપણાના ગુણ કેળવે, છતાં મોક્ષમાર્ગની બહાર હોય તેને અકામનિર્જરા છે, તો પછી આ પાંત્રીસ માર્ગાનુસારીના ગુણોમાં ક્યાંથી સકામનિર્જરા થાય ?

**સભા :-** અકામનિર્જરા કરતાં સકામનિર્જરામાં લાભ વધારે છે ?

**સાહેબજી :- અકામનિર્જરા કરતાં સકામનિર્જરામાં અનંતગણો વધારે લાભ છે.**

**સભા :-** સકામનિર્જરા એટલે ?

**સાહેબજી :- સકામ શબ્દમાં કામ એટલે કામના. જે જીવ આત્માને સમજ્યો છે, જેને આત્માના સુખની ઓળખાણ છે, તે મુક્તિની તમન્નાથી જે સાધના કરે, તે સાધનાને સકામસાધના કહેવાય અને તે સાધના કરતાં જે નિર્જરા થાય તે સકામનિર્જરા કહેવાય.**

**સભા :-** મોક્ષમાર્ગમાં પ્રવેશતી વખતે અકામનિર્જરા કે સકામનિર્જરા ?

**સાહેબજી :-** પ્રવેશતી વખતેનો અર્થ શું કરો છો ? મોક્ષમાર્ગ પામતી વખતે જે અંતર્મુહૂર્ત છે, તે વખતે સકામનિર્જરા છે, તે પહેલાં અકામનિર્જરા છે. મોક્ષમાર્ગની અપુનર્બંધક આદિ ભૂમિકા પામેલો જીવ પ્રતિક્ષણ સકામનિર્જરા કરે છે. સમ્યગ્દૃષ્ટિ

જીવને ઊંઘમાં પણ પ્રતિક્ષણ સકામનિર્જરા ચાલુ છે. **મિથ્યાદષ્ટિ અસંખ્ય ભવો સુધી ભોગવીને જે કર્મો ખપાવે તે કર્મો સમ્યગ્દષ્ટિ ક્ષણમાં ખપાવે છે.**

**સભા :-** અનંતગુણ વિશુદ્ધિ હોવાથી ?

**સાહેબજી :-** ઊંઘમાં પણ તેની અનુભૂતિજન્ય વિશુદ્ધિ વધતી જાય, કારણ તે આધ્યાત્મિક ગુણ છે. જે ગુણો છે તે શાંતિ આપે, કોઈ ગુણ અશાંતિ તો પેદા કરતા નથી.

અરે ! ઔદયિકભાવના ગુણો પણ મનની શાંતિ આપે છે. જ્યારે સમ્યગ્દષ્ટિને તો આધ્યાત્મિક ગુણોનો વિકાસ છે. માટે તેને પ્રતિક્ષણ આ ગુણોના આનંદની અનુભૂતિના કારણે ગુણો જ તેને નિર્મળ શ્રદ્ધાનું સાધન થતું જાય છે. તેથી પ્રતિક્ષણ નિર્મળતા વધે છે. ઊંઘમાં પણ આ નિર્મળતા ચાલુ છે. ઊંઘમાં આપણે કાંઈ જડ નથી બની જતા. જેમ ઊંઘમાં ટાંકણી ખોસે તો રાડ પાડો છો ને ? કોઈ બફારામાં સૂવાડે અને પછી એરકન્ડીશનમાં સૂવાડે તો બે વચ્ચેનો તફાવત ઊંઘમાં ખ્યાલ કેમ આવે છે ? કારણ તમારું સુખ-દુઃખ પ્રત્યેનું વલણ ઊંઘમાં પણ ચાલુ જ છે. મનમાં રાજીપા અને નારાજગીનું વલણ ઊંઘતાં-જાગતાં ચાલુ જ છે. એ જ રીતે **સમ્યગ્દષ્ટિને ઊંઘમાં પણ પ્રતિક્ષણ ગુણોની નિર્મળતા વધે છે અને તેથી જ સમ્યક્ત્વગુણને પ્રકૃતિથી પ્રવર્ધમાન ગુણ કહ્યો છે. જે વધતો જાય, વધતો જ જાય.**

**સભા :-** ઊંઘમાં વિચારીએ તો જ પાપ ને ?

**સાહેબજી :-** ઊંઘમાં તમને કોઈ ટાંકણી ખોસશે તો વાગશે તેમ વિચારતા હો છો ? છતાં ગમે ત્યારે વગર વિચારે સુખ આવે તો ચોંટી પડો છો ને ? અને દુઃખ આવે તો ભાગો છો ને ? એટલે **તમારા મનમાં ૨૪ કલાક સુખનો રાગ અને દુઃખનો દ્વેષ છે જેનાથી સતત પાપ બંધાય છે. તે જ રીતે સમકિતી જીવને અબૂઝ અવસ્થામાં પણ ગુણનો સહજરાગ અને દોષનો સહજદ્વેષ હોય છે.** તરત જન્મેલો બાળક પણ સમ્યગ્દષ્ટિ હોય છે. અરે ગર્ભમાં પણ સમકિત હોય છે. તે અવસ્થામાં તેને કક્કાનો ક ખબર ન હોય છતાં પણ સમકિત હોય છે. તેથી તમારે પહેલાં સમકિત મેળવવા અને તેને ટકાવવા કયા ભાવ જોઈએ તે સમજવા પડે. તમને ખબર નથી માટે જ ગોટાળા કરો છો.

**સભા :-** મૂડી હોય તો ટકાવવાનું મન થાય ને ?

**સાહેબજી :-** તો પહેલાં મૂડી ભેગી કરો. પણ તમને સમકિત પ્રાપ્ત કરવાનું મન છે ખરું ? મન નથી માટે જ પુરુષાર્થ થતો નથી.

**સભા :-** મોક્ષમાર્ગની ભૂમિકા આવી ગઈ છે તે કેવી રીતે ખબર પડે ?

**સાહેબજી :-** તેનાં લક્ષણો પરથી ખબર પડે. તમને શરદી છે કે નહિ તેની નિશાની શું ? તેનાં લક્ષણો પરથી જ જાણી શકાય. તમે મોક્ષમાર્ગમાં છો કે નહીં તેની બધી નિશાનીઓ શાસ્ત્રકારોએ આપી છે, પણ તે ભણવી પડે. અકામનિર્જરા કરતાં સકામનિર્જરા ઘણી મહત્ત્વની છે.

પાછા મૂળ વિષય પર આવીએ. આ ભાઈએ આવી નાની નાની માયા કરી પણ ચારિત્રના પ્રતાપે તેનાથી તેમને તિર્યંચગતિ ના બંધાઈ. તેમણે દેવગતિ બાંધી છે. માત્ર બીજા દેવતા કરતાં તેમની ખામીવાળી દેવગતિ છે. દેવગતિ બાંધે છે સાથે માયાના કારણે પાપપ્રકૃતિ પણ બાંધે છે, અને તે જ તેમને આ દેવના ભવમાં અંતરાય કરે છે. તેમને તેમની માયા, માયા તરીકે દેખાઈ નથી, માટે તેઓએ પ્રાયશ્ચિત્ત કર્યું નથી. જો તેમને ખ્યાલ આવે તો પ્રાયશ્ચિત્ત કરે તેવો તેમનો સ્વભાવ છે, પરંતુ મિથ્યાત્વના કારણે તેમને તેમના દોષો દેખાયા જ નહીં. આવી માયાથી ધર્મમાં અંતરાય બંધાય છે. આ દૃષ્ટાંતો પરથી તમને ખ્યાલ આવવો જોઈએ કે ધર્મમાં બાધક કર્મો કઈ રીતે બંધાય છે.

દેવતામાં વૈક્રિયલબ્ધિ હોય છે. મનુષ્યમાં આવી લબ્ધિ ભવપ્રત્યયિક નથી. દેવતા આ લબ્ધિના કારણે તેને જેવા રૂપ-રંગ-હાવભાવ કરવા હોય તેવા તે કરી શકે છે. તમને આ રીતે તમારા રૂપ-રંગ બદલતાં આવડે તો તમે સૌ પ્રથમ શું કરો ? આમને શક્તિ મળી તો પ્રભુભક્તિ કરવાનું મન થાય છે, પરંતુ અંતરાયના કારણે મરજી પ્રમાણે પાત્ર ભજવી શકતા નથી. તેમને યુવાન સ્ત્રીનું પાત્ર ભજવવું હોય તો યુવાનના બદલે બુઢ્ઢી ડોશીનું પાત્ર તેમનાથી ભજવાય છે. કારણ કે જે માયાના કારણે આગલા ભવમાં અંતરાયકર્મો બાંધ્યાં હતાં તે અત્યારે તેમને નડે છે. પ્રભુભક્તિ માટે નાટકમાં તેઓ ઇચ્છાને અનુરૂપ પાત્ર ભજવી શકતા નથી. આ મધ્યમ વિઘ્ન છે. તમારે ભક્તિ માટે સુમધુર સંગીત સાથે ગાવું હોય, ઇચ્છા હોય, પ્રયત્ન હોય છતાં ન ગાઈ શકો તે અંતરાય છે. **જેને ગળા સુધી ધર્મ કરવાની ઇચ્છા હોય છતાં ન કરી શકે તો તેને મધ્યમ વિઘ્ન કહે છે.**

જેમ દાનાંતરાય નડે છે તેનામાં દાન આપવાની શક્તિ છે, સંયોગો પણ છે, અંતરમાં આપવાની ભારોભાર ઇચ્છા છે અને છતાં ન આપી શકે, તો મધ્યમ વિઘ્ન કહેવાશે; જ્યારે સંસારમાં લાખ ખરચતાં હાથ સડસડાટ ચાલે, અને ધર્મના ક્ષેત્રમાં ૨૫ ખરચવા હોય તોપણ હાથ પાછો પડે, તેવી મનોવૃત્તિવાળાને તો ધર્મમાં ખર્ચવાની ઇચ્છા જ નથી; તેમાં કારણ મોહનીયકર્મ છે, તે ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

અહીંયાં દાનાંતરાય નિમિત્તક વિઘ્નમાં તો દાન આપવાની ઇચ્છા છે, પોતે માને છે ધનનો સદુપયોગ દાનમાં જ છે, છતાં દાન આપતાં હાથ ન ચાલે તો દાનાંતરાય છે, જે મધ્યમ વિઘ્ન છે. જેમ ખાવા ન મળે તો ભોગાંતરાય ? કે મનગમતું ખાવાનું મળેલું હોવા છતાં, સાથે ઇચ્છા પણ છે છતાં, ન ખાઈ શકે તો ભોગાંતરાય ? તેની જેમ ધર્મમાં આરાધના કરવાની ઇચ્છા છે, છતાં મુશ્કેલી ઊભી થાય તો મધ્યમ પ્રકારના અંતરાય છે. જેમ પ્રતિક્રમણ વિધિપૂર્વક કરવું છે, તેના માટે ઇચ્છા અને મહેનત હોવા છતાં વિધિ ન ભણી શકો તો વિઘ્નરૂપે જ્ઞાનાવરણીય નડે છે.

**સભા :-** જેને શીખવું જ નથી તેનું શું ?

**સાહેબજી :-** જેને શીખવાનો પુરુષાર્થ નથી કારણ કે સમ્યગ્જ્ઞાન જ ગમતું નથી, તે તો ઉત્કૃષ્ટ વિઘ્નમાં આવશે. **મોટા ભાગના લોકોને તો ઉત્કૃષ્ટ વિઘ્નો જ નડે છે. એટલે જ બધો ધર્મ અધકચરો અને માંદલો થાય છે.** ધર્મ અને ધર્મસામગ્રી પ્રત્યે છૂપો અણગમો છે ત્યાં તો ઉત્કૃષ્ટ વિઘ્ન છે. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રની પણ અરુચિ છે ત્યાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે.

**સભા :-** જે સાધના ન કરે તેને વિઘ્નો નડે ?

**સાહેબજી :-** જે સાધના કરે છે તેને વિઘ્નો સામે લડવાનું આવે છે, પરંતુ જે સાધના નથી કરતા તેમના પર વિઘ્નો અડ્ડો જમાવીને બેસી ગયાં છે. તેઓને વિઘ્નો ગમે છે, તેથી તેને જ થાબડે છે. માટે સાધના ન કરનાર તો ઉત્કૃષ્ટ વિઘ્નમાં જ સબડે છે, પરંતુ જેના જીવનમાં સાધના હોવા છતાં ઉત્કૃષ્ટ વિઘ્ન છે તેની સાધના પણ લેખે લાગે જ નહીં.

માષતુષમુનિનો દાખલો આવે છે. તેમને શાસ્ત્રોનું અધ્યયન કરવાની ઇચ્છા છે, તે માટે મહેનત પણ કરે છે, છતાં જ્ઞાનાવરણીય એવું નડે છે કે ગુરુભગવંતે

શાસ્ત્રના સારરૂપ બે શબ્દો કહ્યા હતા, તે પણ તેઓ યાદ રાખી શકતા નથી. તો પછી આવી વ્યક્તિ ઇચ્છા હોવા છતાં મોટાં શાસ્ત્રો ક્યાંથી ભણી શકે ? અહીંયાં તેમને અંતરાય નડે છે, વિઘ્ન નડે છે.

ઘણાને એવું હોય છે કે વ્યવહારમાં બરાબર કામ કરી શકતા હોય, બધી જ સૂઝ-સમજ પડે, પણ ધર્મ કરવા જાય તો વિઘ્ન નડે. અરે ! એક મુહપત્તી પણ બરાબર ન પલેવી શકે. કારણ અંતરાય નડતાં હોય, તેથી તે સમજી જ ન શકે કે મુહપત્તી કેમ પલેવવી અને તેની શાસ્ત્રીય વિધિ શું છે.

**સભા :-** પણ તે વખતે તેનું હૈયું કપાઈ જાય ખરું ?

**સાહેબજી :-** મધ્યમ કક્ષાનું વિઘ્ન હોય તો ન કરી શકવાથી તેનું હૈયું કપાય, દુઃખ થાય, પણ ઉત્કૃષ્ટ વિઘ્ન હોય તો કાંઈ અફસોસ ન પણ થાય. માટે **ધર્મસાધનામાં અંતરાય કરનારાં કર્મોને નિવારવા પુરુષાર્થ તો કરવો જ પડે.**

**સભા :-** અંતરાયકર્મોને કઈ રીતે નિવારવાં ?

**સાહેબજી :-** જે જે કર્મોના નિવારણ માટે જે જે ઉપાયો શાસ્ત્રમાં બતાવ્યા છે તે રીતે ઉપાયો કરીને અંતરાયો નિવારવાના છે. દાનાંતરાય તોડવા જે ઉપાય બતાવ્યા છે તે પ્રમાણે ઉપાયો કરશો તો આત્મકલ્યાણ થશે.

**સભા :-** સાહેબજી ! શ્રેણિક મહારાજા વ્રત-પચ્ચક્ખાણ નહોતા લઈ શકતા ? અને લે તો તેમના પચ્ચક્ખાણ ભાંગી જતા તે સાચી વાત છે ?

**સાહેબજી :-** આ વાત ખોટી છે. શ્રેણિક મહારાજા વ્રત લઈ શકતા હતા અને જિંદગી સુધી સારી રીતે પાળી પણ શકતા હતા, પરંતુ તેમને ભાવવિરતિ નહોતી. શાસ્ત્રમાં આવે છે કે શ્રેણિક મહારાજાએ પણ પચ્ચક્ખાણો લીધાં છે અને કૃષ્ણ મહારાજાએ પણ પચ્ચક્ખાણો લીધાં છે. સમવસરણમાં નેમિનાથ ભગવાને આરંભ-સમારંભનું વર્ણન કર્યું. તેમાં ચાતુર્માસકાળમાં ગમનાગમન દ્વારા કેટલી હિંસા થાય છે, તેના વર્ણનની તેમને એટલી અસર થાય છે કે તેઓ ઊભા થઈને પ્રભુ પાસે પચ્ચક્ખાણ લે છે કે "પ્રભુ ! મારે ચોમાસાના ચાર મહિના દ્વારિકા નગરીની બહાર જવું નહીં, તથા મારે રાજસભા પણ ભરવી નહીં." કારણ તેના માટે કેટલાય રાજાઓ બહારથી આવશે. જેથી ભારે હિંસા થશે માટે રાજસભા ભરવી નહીં. અને આ પચ્ચક્ખાણ જિંદગીભર અણિશુદ્ધ પાળ્યાં છે.

**શ્રેણિકરાજા એક નવકારશીનું પચ્ચક્ખાણ પણ નહોતા કરી શકતા, તે માન્યતા તો એક ભ્રમ છે. હા, અહીંયાં એમ કહેવાય કે તેઓ ભાવથી પચ્ચક્ખાણ નહોતા કરી શકતા.** ભાવથી પચ્ચક્ખાણ જુદી વસ્તુ છે, દ્રવ્યથી પચ્ચક્ખાણ જુદી વસ્તુ છે. દ્રવ્ય પચ્ચક્ખાણ તેઓ લઈને અણિશુદ્ધ પાળી શકતા હતા.

**સભા :-** ભાવથી પચ્ચક્ખાણ સમજાવો ને ?

**સાહેબજી :-** તેનું વર્ણન આમાં જ આગળ આવશે. સ્થાનાદિ યોગોમાં ભાવવિરતિનું પચ્ચક્ખાણ કેવું હોય તેનું વિવેચન આવશે. આ ૨૦ ગાથાના ગ્રંથમાં આખો મોક્ષમાર્ગ સમાઈ ગયો છે.

**સભા :-** શ્રેણિકરાજાને તેમના પુત્ર કોણિક કોરડા મારતા હતા તેનું શું કારણ ?

**સાહેબજી :-** શ્રેણિકરાજા અને કોણિક આ બે કાંઈ સામાન્ય વ્યક્તિ નથી, પણ બંનેના ભૂતકાળનાં એવાં ચીકણાં કર્મો બંધાયેલાં છે કે સામસામા આવા સંયોગો ઊભા થયા છે.

મધ્યમ વિઘ્નો ઘણા પ્રકારનાં જીવનમાં આવતાં હોય છે. તેને કઈ રીતે દૂર કરવાં તેની ચિંતનપૂર્વક સમીક્ષા કરશો, તો પ્રતિક્રમણ, સામાયિક, ભક્તિ-પૂજા તમારી બધી આરાધના સારી રીતે કરી શકશો. **અણિશુદ્ધ ધર્મ કરવા નિર્વિઘ્ન થવાની જરૂર છે. બીજું, અત્યાર સુધી ભૂતકાળમાં આવા અંતરાયો અજ્ઞાનતાથી બાંધ્યા છે, જેના કારણે વિઘ્નો આવે છે, પણ હવે આ બધાના ચિંતન દ્વારા નવા અંતરાયો ન બંધાય તેની સાવચેતી રાખવાની જરૂર છે.**

# ૩૬

તા.૧૯-૯-૯૫, મંગળવાર, ભાદરવા વદ દશમ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને પરમાનંદ પ્રાપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આત્મા મોક્ષે જાય એટલે પરમ આનંદ, પરમ સુખને પ્રાપ્ત કરે છે. પરંતુ આ આનંદને પ્રાપ્ત કરવા આત્માએ સ્વયં સાધના કરવી પડશે અને આ પ્રાપ્ત કરવાની સાચી ઇચ્છા થવી તે જ જીવની ઉત્તમતાનું લક્ષણ છે. અનંતકાળથી આત્મા સંસારમાં રખડે છે, તેનું કારણ જીવને સંસાર ગમે છે, તે છે. તેને મુક્તિની કામના નથી, માટે જ સંસારમાંથી બહાર નીકળતો નથી. જીવની ઇચ્છા વગર કાંઈ જ બનતું નથી. તેથી જીવને મુક્તિની ઇચ્છા જ જન્મે નહિ તો સંસારમાંથી છૂટવાનો પ્રશ્ન જ ક્યાંથી આવે ? પરંતુ **આ સંસાર ઘોર છે, અસાર છે, મહા ભયંકર છે; આવા સંસારમાંથી જો બહાર નીકળીશું તો જ પરમ સુખને પામી શકીશું. આવી ભાવનાવાળો જીવ જ પ્રણિધાનભાવધર્મને પામે છે.**

જેમ કોઈ જીવને ગરીબાઈમાંથી છૂટવું છે અને શ્રીમંતાઈ મેળવવી છે, પણ તેને મેળવવા માટેનો જો સમ્યગ્ પુરુષાર્થ ન હોય તો તેને શ્રીમંતાઈ મળી શકે ? તેની જેમ મુક્તિને પ્રાપ્ત કરવા માટે ભાવના થયા પછી પણ જો યથાર્થ પુરુષાર્થ ન થાય તો શીઘ્રતાથી મુક્તિ મેળવી શકાતી નથી. આ સંસારમાં જેટલા જીવો છે, તેમાંથી અનંતા જીવોએ એક જીવને પણ મુક્ત થવાની માંડ ઇચ્છા થાય છે. વળી મુમુક્ષુમાં પણ ઘણાને મોક્ષ જોઈએ છે પરંતુ સમ્યગ્ પુરુષાર્થ કરવાની તૈયારી નથી. આવા જીવોને પ્રવૃત્તિભાવધર્મ ન આવે.

પણ જે જીવોને લક્ષ્ય પામવું છે, જેમનું લક્ષ સુનિશ્ચિત છે, વળી તે પામવા માટે જીવનમાં ભગીરથ પુરુષાર્થ કરવાની તૈયારી છે, છતાં આવા જીવો પણ સિદ્ધિને પ્રાપ્ત કરી મોક્ષ સુધી ન પહોંચી શકે તેમાં કારણ વિઘ્નો છે. જેને મોક્ષે જવાની તમન્ના નથી તેનો તો મોક્ષ થતો જ નથી. કારણ તેની ઇચ્છા જ નથી, એટલે

તેનો તે દિશામાં પુરુષાર્થ પણ નથી. પરંતુ જેની ઇચ્છા છે, પુરુષાર્થ છે છતાં નથી પહોંચી શકતા તેમાં કારણ વિઘ્નો છે.

દા.ત. પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારે ખડે પગે ૨૪ કલાક ઊભા રહી સાધના કરવાની તેમની તૈયારી છે. આત્મસાધના માટે મહિનાઓ સુધી ઉપવાસો કરવાની તૈયારી છે. મોક્ષ માટે જેવો પુરુષાર્થ કરવો પડે તે કરવા તેઓ તૈયાર છે. છતાં મોક્ષપ્રાપ્તિ માટે તેમને વર્ષોનાં વહાણાં વીત્યાં, તેમાં કારણ વિઘ્નો નડે છે.

ઘણાને તો લક્ષ્ય જ બંધાયું નથી, કાં લક્ષ્ય બંધાયું છે તો પુરુષાર્થ નથી, માટે જ તેમને મોક્ષ મેળવવામાં વિલંબ થઈ રહ્યો છે. પણ સાધના અણિશુદ્ધ કરવાની તૈયારીવાળા જીવો છે, સાથે પુરુષાર્થ છે, છતાં મોક્ષ નથી પામતા તેમને વિઘ્નો નડે છે. ઉત્તમ સાધકને પણ આ વિઘ્નો સંસારમાં લાંબો ટાઈમ જકડી રાખે છે.

**સભા :-** સાહેબજી ! આત્માની તાકાત વધારે નહીં ?

**સાહેબજી :-** અમુક અપેક્ષાએ આત્માની તાકાત વધારે, પણ નિરપેક્ષપણે આત્માની તાકાત વધારે તેમ બોલો તો પછી જે ક્ષણે મુક્તિની ઇચ્છા થાય તેની બીજી ક્ષણે જ મોક્ષ થઈ તો જવો જોઈએ. પણ તેવું બને છે ? તાકાત છે, પણ જેમ અમુક સંયોગોમાં ગમે તેવા પહેલવાનની તાકાત પણ કામ લાગે ખરી ? તેની જેમ આત્માની સ્થિતિ છે.

અનિકાચિતકર્મોને આત્મા હંફાવી શકે, તોડી શકે, પણ નિકાચિતકર્મોને ક્ષપકશ્રેણિ વગર તોડી ન શકે, અને એ પહેલાં નિકાચિતકર્મો ઉદયમાં આવે તો ભોગવવાં જ પડે. અત્યારે તમે કર્મને સંપૂર્ણ પરતંત્ર નથી અને તેનાથી સંપૂર્ણ સ્વતંત્ર પણ નથી. તમારા હાથમાં કર્મની નાડ છે. અનિકાચિતકર્મોને નિમિત્તો-આલંબનો-પુરુષાર્થ દ્વારા તમે તોડી શકો છો, ખમી શકો છો, તેને નિષ્ફળ બનાવી શકો છો, અને તમે તેનું ઊંધું પરિણામ પણ લાવી શકો છો.

**સભા :-** નિકાચિતકર્મોને હળવાં ન કરી શકાય ?

**સાહેબજી :-** ના, જરાપણ નહીં. તેમાંથી કણિયો પણ ખસે નહિ. હાલના પુરુષાર્થ દ્વારા તેમાં જરાપણ પરિવર્તનની શક્યતા નથી.

**સભા :-** તપ કરીએ તો નિકાચિતકર્મ ખપે ?

**સાહેબજી :-** ઉગ્ર તપથી નિકાચિતકર્મ ખપે તે વાત સાચી. પણ ઉગ્ર તપનો અર્થ સમજવો પડે.

ઉપાધ્યાયજી મહારાજે લખ્યું છે કે,

**ज्ञानयोगः तपःशुद्धमित्याहुर्मुनिपुङ्गवाः ।**
**तस्मान्निकाचितस्यापि कर्मणो युज्यते क्षयः ॥**

તપથી નિર્જરા થાય, ઘોરમાં ઘોર નિકાચિત કર્મો ખપે. જયાં બીજી રીતે ભયંકર કર્મો ખપાવી ન શકો ત્યાં તપ કામ લાગે. તપ દ્વારા કર્મો ઘાસના પૂળાની જેમ સળગીને નાશ પામે છે. પરંતુ તપ કયો લેવાનો ? તમે તપ શેને માનો છો ? ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, માસક્ષમણ આ બધા તપ છે, પણ તપના પણ ઘણા ભેદ છે. તેમાં છ પ્રકારના બાહ્યતપમાં અણસણ તપ આવે છે. **તે તપ પણ અભ્યંતરતપનું જો સાધન બને તો જ તે ખરો તપ કહેવાય, નહીંતર તે તપ ખાલી કાયક્લેશ છે, જે અકામનિર્જરાનું સાધન છે.** અહીં અભ્યંતરતપનું સાધન બને તેવો તપધર્મ ક્યારે કહેવાય ? **જે તપ અંદરમાં કંઈક વિશુદ્ધિ પેદા કરે, વૈરાગ્ય પેદા કરે, અનાસક્તિ પેદા કરે, વિકારોનો મૂળમાંથી થોડો ઘણો પણ ઉચ્છેદ કરે; આવા તપને અભ્યંતરતપનું સાધન બનનારો તપ કહ્યો છે.**

તમે શ્રાવકપણામાં માસખમણ કરો ત્યારે તમે એક મહિના માટે ન ખાવાનાં પચ્ચક્ખાણ લીધા છતાં, તમારા જીવનમાં રોજિંદી કેટલી હિંસા હોય ? કાંઈ તમારા પૌષધ સાથેના ઉપવાસ હોય છે ? તમારા માસખમણ દરમ્યાન પણ જીવનમાં અનેક પ્રકારની હિંસા હોય છે. માટે **સુસાધુના એક દિવસના ચારિત્રના ફળની તોલે તમારા માસખમણનું ફળ પણ ન આવે.**

**સભા :-** તો પછી માસખમણ શું કામ કરીએ ?

**સાહેબજી :-** આવો લાડવો લેવો હોય તો લઈ લોને સર્વવિરતિ. તમારે તો જીવનમાં સર્વવિરતિ લેવી નથી અને માસખમણ પણ કરવું નથી. માસખમણમાં લાભ નથી તેમ નહીં, પણ સર્વવિરતિમાં ઘણો વધારે લાભ છે. **સાધુની એક નવકારશી પણ શ્રાવકના આખી જિંદગીના ઉત્કટ તપ કરતાં વધારે છે. અહીંયાં ભાવશ્રાવક અને ભાવસાધુ લેવાના.** અમે પણ ભાવસાધુ નથી. સર્વવિરતિનું આટલું ઊંચું ફળ બતાવ્યું છે. અમે પણ દાવો નથી કરતા કે અમે ભાવસાધુ છીએ. અરે ! આ ગ્રંથના પ્રણેતા પણ કહે છે કે અમે હજુ ભાવસાધુ નથી, અમે દ્રવ્યસાધુ છીએ. હજી અમે ચારિત્રનો અભ્યાસ કરીએ છીએ. તમે છઠ્ઠું ગુણસ્થાનક ભણો તો ખબર પડે કે ભાવસાધુ કેવા હોય. ઉપાધ્યાયજી મહારાજે કહ્યું કે,

**"છટ્ઠું ગુણઠાણું ભવ અટવી, ઉલ્લંઘણ જેણે લહિયું;**
**તસ સોભાગ સકલ મુખ એકે, કેમ કરી જાયે કહિયું ?"**

તેમણે કહ્યું કે "જે ભાવસાધુપણું પામે તે સંસારરૂપી અટવીને પાર પામ્યા છે." મોટે ભાગે એક વખત જીવ ભાવસાધુપણું પામે તો તેનો મોક્ષ એકાદ ભવમાં થાય છે, અને કદાચ તેમાંથી પડે તોપણ ૭-૮ ભવે મોક્ષ નક્કી છે. આખા ભવચક્રમાં ભાવચારિત્રના સાત-આઠ ભવ ગણવાના છે. ભાવસાધુનો સાત-આઠ ભવમાં નક્કી મોક્ષ થાય. જેમ ગોશાળાએ ઘોર પાપો કર્યાં માટે તેને કર્મ પછાડે જ, છતાં તેના માટે પણ ભાવસાધુના ભવ સાતથી આઠ જ હોય.

**સભા :-** ભાવસાધુના સાત-આઠ ભવ પામવામાં કેટલો ટાઈમ થાય ?

**સાહેબજી :-** લઘુકર્મીજીવને તો ભાવસાધુપણું પામ્યા પછી તરત મોક્ષ થાય, પણ કદાચ ભૂતકાળના ભારે કર્મથી પડે તોપણ વધારેમાં વધારે કુલ સાત-આઠ ભવ ભાવચારિત્ર પામતા સુધી જેટલો કાળ રખડવું પડે તેટલો કાળ જીવ રખડે. પ્રાયઃ કરીને જેનો ભવચક્રનો છેડો આવી ગયો છે, તે જ જીવ છટ્ઠું ગુણસ્થાનક પામે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ લખ્યું છે કે આવા છટ્ઠું ગુણસ્થાનક પામેલા મહાત્માના સૌભાગ્યનાં અમે ગમે તેટલા પ્રયત્ન કરીએ તોપણ પૂરાં વખાણ કરી શકીએ તેમ નથી. માટે વિચારજો તેવા જીવોની આંતરિક અવસ્થા કેવી હશે !

**સભા :-** ભાવશ્રાવકપણા માટે કયું ગુણસ્થાનક ?

**સાહેબજી :-** તેને માટે પાંચમુ ગુણસ્થાનક રીઝર્વેશન રૂપે જોઈએ, તે સિવાય ભાવશ્રાવકપણામાં પ્રવેશ શક્ય નથી. પાંચમું ગુણસ્થાનક ક્યારે આવે ? ચોથું આવે પછી જ. તેથી શ્રાવકધર્મની ઓળખાણરૂપે બોલાય કે સમ્યક્ત્વમૂલ બારવ્રત, સમ્યક્ત્વમૂલ ધર્મ, સમ્યક્ત્વમૂલ દેશવિરતિ, માટે પાયો સમકિત છે. સમકિત પામેલા બધા જ ભાવશ્રાવકપણું પામેલા હોય તેવો નિયમ નથી, પણ ભાવશ્રાવકપણું પામવા માટે તો સમકિત જોઈએ જ.

શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા ક્ષાયિક સમકિત પામેલા ભાવિ તીર્થંકરના જીવો છે. કૃષ્ણ મહારાજાને નેમિનાથ પરમાત્મા પ્રત્યે ભક્તિ-બહુમાન કેવાં છે ! તેમની પાસે આવીને ઉદ્યાનપાલક સંદેશો આપે કે નેમિનાથ પ્રભુ સમવસરણમાં પધાર્યા છે, આ સમાચારથી એટલા હરખઘેલા થઈ જાય કે વધામણી આપનારને

સાડા બાર કરોડ રૂપ્યમુદ્રા અને પોતાના શરીર પરના બધા અલંકારો આપી દે. માટે વિચારજો કે પ્રત્યક્ષ કેવી ભક્તિ કરતા હશે ! વધામણીના સમાચારથી જેને આટલો ઉલ્લાસ આવે તે પ્રભુનાં દર્શન-વંદન કેવી રીતે કરતા હશે ! દર્શન કરવા જાય ત્યારે કેવા ઠાઠ સાથે જતા હશે ! તમને આવો ઉલ્લાસ કદી જીવનમાં આવ્યો છે ખરો ?

તેમ શ્રેણિક મહારાજાને પણ મહાવીર પરમાત્મા પ્રત્યે ભક્તિ-બહુમાન કેવાં છે ! તેમણે અભિગ્રહ પણ એવો લીધેલ છે કે સવારે ઊઠીને પહેલાં સેવકોને મારતે ઘોડે પ્રભુના સમાચાર લાવવા મોકલે. પ્રભુ કઈ દિશામાં વિચરે છે ? કયા પૃથ્વીતલને પાવન કરે છે ? તેમના દેહમાં નિરામયતાપૂર્વક સુખશાતા છે ? આ બધાના સમાચાર મળે પછી પ્રભુ જે દિશામાં વિચરતા હોય તે દિશામાં અક્ષતરૂપે સોનાના જવલાથી સાથિયો કરે અને તેમાં મોતીની સેર પૂરે. અને તે દિશામાં પ્રભુની ચૈત્યવંદન આદિ ભક્તિ કરીને પછી જ મોંમાં પાણી નાખે; આવો એમને અભિગ્રહ છે. સાચું કહેજો આ બધાની ભક્તિ કેવી છે ! છતાં પણ શાસ્ત્રમાં કહ્યું કે આ પચ્ચક્ખાણ પણ ભાવથી નથી, દ્રવ્યથી છે. આખી જિંદગીમાં એક નાનું સરખું પચ્ચક્ખાણ પણ તેમને ભાવથી નથી આવ્યું. **ભાવથી પચ્ચક્ખાણ કરવાં તે કાંઈ બચ્ચાના ખેલ નથી.**

અત્યારે તો ઘણાએ વિશેષણોની લહાણી કરવાની જ ચાલુ કરી છે. કોઈ જરા દાન કરે એટલે કહે કે આ તો વસ્તુપાળ જેવા દાનેશ્વરી છે. જેમ કોઈ જરા વધારે ભક્તિ કરે તો કહે કે અનુપમા છે. જેમ તમે જૈન છો, શ્રાવક છો અને તમને ગમે તેવા હલકા માણસ સાથે સરખાવે તો તમને શું થાય ? આ રીતે સરખાવે તો ડીવેલ્યુએશન(અવમૂલ્યન) લાગે ને ? માટે મહાપુરુષોને ગમે તેની સાથે સરખાવાય નહીં.

**સભા** :- અત્યારે બધા કુમારપાળ બનીને આરતી ઉતારે છે.

**સાહેબજી** :- તે રીતે આરતી ઉતારવામાત્રથી કાંઈ કુમારપાળ બની જતા નથી. શું કુમારપાળનો ડ્રેસ પહેરવામાત્રથી કુમારપાળ બની જવાય ? માટે ગમે તેને ગમે ત્યાં જોડી દેવાય નહીં. આ તો ઉત્તમ પુરુષોનું માત્ર અનુકરણ કરાય છે. જેમ સ્નાત્રમાં ઇન્દ્રમહારાજાના નામથી પ્રભુને કળશ કરો છો, તેથી શું તમે ઇન્દ્ર બની ગયા ? તમારી ઇન્દ્ર બનવાની ત્રેવડ પણ છે ખરી ? અનુકરણ પણ

યોગ્ય રીતે કરવાનું હોય છે. પ્રભુના પાંચ કલ્યાણક ઊજવો છો ત્યારે પ્રભુના માતા-પિતા બને છે. પણ તે વખતે વાસ્તવમાં હું મરુદેવી માતા છું તેમ માની લેવાય ખરું ? તે બનવાનું તમારું કોઈ લેવલ નથી. "આ તો શાસ્ત્રની વિધિ છે માટે ઉત્તમ પુરુષોના આલંબનથી યત્કિંચિત્ ભાવ પામવા અનુકરણ કરીએ છીએ. બાકી મારું કોઈ લેવલ નથી" તેવું બનનારને ભાન રહેવું જોઈએ. આ તો કેવું કહેવાય કે કોઈ ઠંઠણગોપાલ હોય અને કહે કે હું અબજોપતિ છું. એટલે વાસ્તવમાં અબજોપતિ થઈ ગયો ? આવું વિચારવાથી વગર કારણે જીવનો વિકાસ રુંધાઈ જાય છે. કારણ જે પામ્યા નથી ને પામવાનું બાકી છે છતાં માને કે હું પામી ગયો છું, તો વિકાસ ક્યાંથી થાય ?

ભાવશ્રાવકપણું પામવું પણ આત્માને ઘણું દુર્લભ છે. સમકિત સાથે વિરતિના, પાંચમા ગુણસ્થાનકયોગ્ય પરિણામ પ્રગટે તો ભાવશ્રાવકપણાને પમાય છે. તમે એક પણ બાધા ભાવથી સ્વીકારી* છે ?

**સભાઃ-** ભાવથી સ્વીકાર્યાનો અર્થ શું ?

**સાહેબજી :-** ભાવથી એટલે પાંચમા ગુણસ્થાનકને યોગ્ય ભાવ અહીં લેવાનો છે. તમે જે પચ્ચક્ખાણ લો છો, તેમાં ત્યાગ વિવેકપૂર્વક કરો છો ? સમ્યક્ત્વમૂલક ત્યાગ કરવાનો છે. ઉપરાંત **બાધા નિમિત્તક જે રાગ-દ્વેષ કાઢવાના હોય તે મનમાંથી કાઢી શકો તો ભાવથી કહેવાય.** દાખલા તરીકે તમે કંદમૂળની બાધા લો છો કે મારે કંદમૂળ ખાવું નહીં, તેમાં તમે ખાવા નિમિત્તક કંદમૂળની હિંસાનો ત્યાગ કરો છો. પણ કોઈપણ રીતે કંદમૂળની હિંસા નહીં કરવી તેવો ત્યાગ નથી કરી શકતા. કારણ કે ભાવશ્રાવક પણ કંદમૂળની સંપૂર્ણ હિંસાત્યાગની બાધા લઈ શકતો નથી.

**સભા :-** કઈ રીતે ?

**પૂ. સા :** જેમ તમે રસ્તામાં ગયા અને તમારી ગાડી નીચે કંદમૂળ આવીને ચગદાઈ ગયું તો કંદમૂળની હિંસા થઈને ? **૧૨ વ્રતધારી ભાવશ્રાવક પણ જિંદગીમાં એક જીવને પણ સંપૂર્ણ અભયદાન આપી શકે નહીં, ફક્ત આંશિક રીતે જ આપી શકે છે.**

એક દાખલો બનેલો તેની વાત કરું છું. એક ડૉક્ટર સારા, પ્રસિદ્ધ, ફોરેન જઈને આવેલા. તેમને જીવદયામાં ખૂબ જ રસ. તે પ્રસંગે જાહેરમાં કહે કે એક જીવને અભયદાન આપવામાં સોનાનાં કરોડ મંદિર બંધાવો તેના કરતાં વધારે

લાભ છે. એટલે તેનો મતલબ એ થયો કે અબજો રૂપિયા પ્રભુભક્તિમાં ખર્ચીને જે ફળ મેળવો તેના કરતાં ખાલી એક વખત ૨૫૦ કે ૫૦૦ રૂપિયા ખરચીને એક જીવને અભયદાન આપો તેમાં વધારે લાભ છે. આવું તેઓ એક વખત મારી સભામાં બોલ્યા. પછી શાંતિથી મેં તેમને પૂછ્યું કે તમને ખબર છે કેવા અભયદાનથી આવો લાભ મળે ? શાસ્ત્રમાં શું લખ્યું છે તે તમને ખબર છે ? ધારો કે તમે એક જીવને અભયદાન આપીને કતલખાનેથી છોડાવ્યો. પરંતુ ભવિષ્યમાં કદાચ તે જીવ તમારી મોટરની હડફેટમાં આવીને મરી શકે છે. માટે તેને તમારા તરફથી ભય છે કે સંપૂર્ણ અભય છે ? ગમે ત્યારે તે જીવની પણ આ રીતે હિંસા કરવાની તમારી તૈયારી છે માટે કર્મબંધ ચાલુ જ છે, પ્રવૃત્તિ થાય કે ન થાય. એટલે જ ગૃહસ્થ કોઈપણ જીવને સંપૂર્ણ અભયદાન આપી શકે નહીં.

જેમ રૂપિયા ખર્ચીને કૂતરો લઈ આવ્યા છો, જે જીવથી વધારે તમને વહાલો છે. તમારા ફેમીલી મેમ્બર જેવો હોય. એ કૂતરો કદાચ તમારી જ ગાડી નીચે બેસીને આરામ કરતો હોય અને ખબર ન રહેવાથી તમારી જ ગાડી નીચે ચગદાઈને મરી જાય. માટે તમારા જીવનમાં તેની પણ હિંસા થવાની સંભાવના છે. ખૂન કરો તો જ પાપ લાગે કે ખૂન કરવાની સંભાવના છે તોપણ પાપ લાગે ? તમારા ઘરની ભીંત પડે ને કોઈ મરી જાય, તોપણ તમને પાપ લાગે. કારણ તમારા સાધનથી કોઈપણ મરે તો તમને પાપ લાગે. તેથી **શ્રાવક ૧૨ વ્રત ઊંચામાં ઊંચી રીતે લઈને પાળે તોપણ તે સંપૂર્ણ અભયદાન ન આપી શકે.**

એક જીવને પણ સંપૂર્ણ અભયદાન આપવા માટે તો સાધુપણું જ સ્વીકારવું પડે. આ અભયદાનનું સોનાનાં મંદિરો બંધાવવા કરતાં પણ વધુ ફળ છે. દાન કરતાં અભયદાન ઊંચું તે આ અપેક્ષાએ છે. માટે અપેક્ષા વિચારવી પડે. ગમે તે વાક્ય ગમે ત્યાં બેસાડી દો તો ન ચાલે. તમે એક ગાય કે ભેંસ છોડાવી દો એટલા માત્રથી દહેરાસર બંધાવા કરતાં વધારે લાભ થાય તેવું કદી શક્ય નથી. અનુકંપાદાન તો હલકો ધર્મ છે અને દહેરાસર બંધાવવું તે તો તેના કરતાં કંઈ ગણો ઊંચી કક્ષાનો ધર્મ છે. શાસ્ત્રમાં કઈ અપેક્ષાએ કયું વાક્ય બોલાય છે તે સમજવું પડે. **સંપૂર્ણ અભયદાન ભાવશ્રાવક પણ આપી શકતો નથી, સંપૂર્ણ અભયદાન તો સાધુપણામાં જ થઈ શકે છે.**

અમારે એક પણ જીવને ન મારવાના ત્રિવિધે ત્રિવિધેના પચ્ચક્ખાણ છે. એ રીતના પચ્ચક્ખાણ તમારે સંસારમાં થઈ શકવાના નથી. માટે જ તમને ૨૪ કલાક

અવિરતિનું પાપ લાગે છે. ભરખાઈ જવાય તેવું અવિરતિનું પાપ છે. તમને અવિરતિમાંથી છોડાવે તેવા વિરતિના પ્રેરક પરિણામ નથી, માટે જ અવિરતિ છોડવાનું મન થતું નથી.

તમે સંસારમાં બટેટાની હિંસા નહીં કરવી તેવાં પચ્ચક્ખાણ લીધાં, પણ તમારાં કપડાંના ઉત્પાદનમાં વપરાતાં સ્ટાર્ચ આદિમાં કંદમૂળ વપરાય છે. તેથી તમારે ખાલી નહીં ખાવા નિમિત્તનાં પચ્ચક્ખાણ થયાં. તેમ તમારું ઘર બાંધવા માટે પણ જમીન સાફ કરવા મૂળિયાં કાપી નાંખો છો, જે અનંતકાય છે. તેથી તેમાં અનંતકાયની હિંસા થઈ.

તમારા લીધેલા કંદમૂળના પચ્ચક્ખાણમાં ત્યાગની અપેક્ષા એવી છે કે, કંદમૂળ જગતમાં હજારો પ્રકારનાં છે, તેનો જથ્થો પણ ઘણો છે, અરે ! લાખો ટન થાય; હવે એક એક કંદમૂળમાંથી કેટલી વાનગી બનતી હોય છે ? આ બધી વાનગીઓ નહીં ખાવાનાં પચ્ચક્ખાણ તમે લીધાં. તેમાં પણ કંદમૂળ નહીં ખાવારૂપે જ તમારે પચ્ચક્ખાણ છે, પરંતુ નહીં ખવરાવવારૂપે નથી. આ પચ્ચક્ખાણથી તમારા મનમાં આ બધી બનતી વાનગીઓ પ્રત્યેનો ખાવા નિમિત્તક રાગ-દ્વેષ કપાઈ જવો જોઈએ. પરંતુ તમને તો મસાલા-ઢોંસાની સુગંધ આવે તો મોમાં પાણી છૂટે ને ? ભલે **તમે છોડ્યું પણ સ્વાદ ગમતો હોય તો પાપ લાગે. કારણ મનમાં આસક્તિ છે. તેથી પચ્ચક્ખાણમાં ખામી ગણાય. દુનિયામાં કંદમૂળમાંથી બનતી લાખો વાનગીઓ પ્રત્યેનો ગમો કે અણગમો મનમાંથી નીકળી જવો જોઈએ.**

અનંત અનંતકાળથી આ પરિણામો અંદર એવા પડ્યા છે કે **આંશિક ભાવવિરતિને લાવવા માટે પણ કષાયોનાં ઝુંડનાં ઝુંડ સાફ કરવાં પડે. કેટલીય વિશુદ્ધિ કરો ત્યારે ભાવવિરતિ આવે છે. તમે કરિયાતું પીઓ કે ન પીઓ પણ તેના પ્રત્યેનો અણગમો મનમાં ચાલુ જ છે, માટે કર્મબંધ ચાલુ છે. તમે ઉપવાસ કરો ત્યારે પણ તમારી ભાવતી વસ્તુઓ પ્રત્યેનો રાગ પડ્યો હોય છે.** તમે પચ્ચક્ખાણમાં શું વોસિરાવો છો ? માત્ર વસ્તુને વોસિરાવો છો કે તેના પ્રત્યેના રાગ-દ્વેષ-આસક્તિને વોસિરાવો છો ?

**સભા :-** વસ્તુને વોસિરાવીએ છીએ.

**સાહેબજી :-** વસ્તુને વોસિરાવી દેશો તો પછી વસ્તુને અડાય પણ નહીં. **માટે વસ્તુ નહીં પણ તેના રાગ-દ્વેષ વોસિરાવવાના છે અને તો જ ભાવથી વિરતિ**

**આવી કહેવાય.** ભાવવિરતિ એ મહાન ધર્મ છે. એક અજૈન પંડિત આપણું વ્રતનું પુસ્તક વાંચીને સખત ઈમ્પ્રેસ થયેલા. તે કહે કે આવી રીતનાં વ્રતો, તેના ભાંગા, વિકલ્પો મેં ક્યાંય વાંચ્યા નથી. કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબે યોગશાસ્ત્રમાં લખ્યું કે અન્ય ધર્મના સંન્યાસી કરતાં પણ અમારો શ્રાવક ઘણો ઊંચો છે. કારણ શ્રાવકના જીવનમાં જેવાં વિરતિનાં ધોરણો છે, તેવાં ઘરબાર છોડેલા આજીવન બ્રહ્મચારી અન્ય ધર્મના સંન્યાસીના જીવનમાં પણ નથી. અરે ! સંસારી ગૃહસ્થો માટે પણ પ્રભુએ કેવો ધર્મ બતાવ્યો છે !

પરંતુ તમને અત્યારે તો ૧૨ વ્રતો લેવાનું મન જ નથી થતું. ઊલટું એમ થાય છે કે જો વ્રતો લઈશું તો સલવાઈ જઈશું. તમે સંસારમાં રહીને મઝેથી ૧૨ વ્રતો પાળી શકો તેમ છો. રાજા-મહારાજાને રાજપાટ ચલાવવાનાં હોય તોપણ તેઓ પાળી શકે. પરંતુ તમે ન પાળી શકો ને ? આમાં વાંધો તમને ક્યાં છે ? ઇચ્છા જ નથી માટે ને ? પરંતુ આ વ્રતો ન લેવાથી તમને કેટલાં પાપ સતત બંધાય છે તેનો કદી વિચાર કર્યો છે ખરો ? જૈનશાસનમાં વિરતિનો મહિમા ઘણો જ છે. એક ભાવશ્રાવકના માસક્ષમણના પચ્ચક્ખાણ કરતાં ભાવસાધુની એક નવકારશી ચઢી જાય છે, કારણ ત્યાં ભાવથી સર્વવિરતિ છે.

હવે આપણે આગળના મુદ્દા પર વિચારીએ. આપણી વાત એ હતી કે તપથી નિકાચિતકર્મ ખપે કે નહીં ? મહાવીરપ્રભુએ નંદનમુનિના ભવમાં નિરતિચાર ચારિત્ર પાળ્યું છે. જયણા-નિર્મળતાપૂર્વક ચારિત્ર પાળ્યું છે. તે વખતે તેમણે ૧ લાખ વર્ષ સુધી માસખમણના પારણે માસખમણ કર્યાં છે. છતાં પણ તે વખતે તેમને એક પણ નિકાચિતકર્મ ખપ્યું નથી. અને જો નિકાચિતકર્મો ખપી ગયાં હોત તો પછી તેમને સાડા બાર વર્ષની ઘોર સાધના કરવી પડત નહીં. પરંતુ આ તપ કરતાં ઊંચો તપ જ્ઞાનયોગનો તપ છે. **કર્મયોગ અને જ્ઞાનયોગ એમ બે ભેદ છે. કર્મયોગના તપ કરતાં જ્ઞાનયોગના તપમાં અસંખ્ય ગણી નિર્જરા વધારે છે, કર્મ ખપાવવાની તાકાત તેમાં ઘણી છે.**

**સભા :-** જ્ઞાનયોગ એટલે ?

**સાહેબજી :- જેમના બધી ઇન્દ્રિયોના વિષયો વિરામ પામી ગયા છે, શુભઅશુભભાવોમાંથી જે પર થઈ ગયા છે, ફક્ત આત્મામાં જ જેઓ રતિ કરનારા છે, આવા જીવોને જ્ઞાનયોગ આવ્યો કહેવાય છે.** અન્ય ધર્મમાં જ્ઞાનયોગનું વર્ણન

ગીતામાં કર્યું છે. તેમાં પણ લખ્યું છે કે આત્માને છોડીને બીજી કોઈ વસ્તુમાં જ્ઞાનયોગવાળાને રસ હોય નહીં. તેને આત્મામાં જ રતિ હોય. આવા જીવોને માત્ર આત્મરતિ છે એમ નહીં, પણ તેમાંથી જે આસ્વાદ મળી રહ્યો છે તેમાં જ તેમની તૃપ્તિ છે. તેમને ૨૪ કલાક આત્મરમણતા છે. તેમને શાસ્ત્ર ભણવામાં કે પ્રભુભક્તિ કરવામાં પણ રસ નથી. આવા જ્ઞાનયોગી મહાત્મા બાજુમાં જો પ્રભુ હોય તોપણ તે દર્શન કરવા ન જાય, અને જો તેમને દર્શન કરવાની ભાવના થાય તો તેમને જ્ઞાનયોગમાંથી નીચે ઊતરવું પડે. જો કે અત્યારે આપણા માટે આ કક્ષા પોસીબલ(શક્ય) નથી, માટે આપણે તો ભક્તિ-દર્શન બધું જ કરવાનું છે.

**સભા :-** આ ભૂમિકામાં કેટલી વાર ટકી શકે ?

**સાહેબજી :-** અપ્રમત્ત ગુણસ્થાનકમાં લાંબો ટાઈમ ન ટકી શકે, કાં ઉપર ચઢે કાં નીચે ઊતરે. પરંતુ સમતામાં લાંબો ટાઈમ ટકી શકાય. વળી, **નિકાચિત કર્મોને પણ ખપાવી શકે તેવો જ્ઞાનયોગ તો સમતાથી પણ આગળની ભૂમિકાનો છે.** સમતામાં રહેલા જીવને પણ પરમાત્માનાં દર્શન કરવાની ભાવના ન હોય. તેઓના આચાર-વિચાર જ જુદા હોય છે. આવા મહાત્માને સામે ગુરુ મળે તોપણ હાથ ન જોડે. તેઓનું સ્ટેજ જ જુદું છે. બધા માટે આ વાત નથી. **અત્યારે તો આપણી તાકાત એટલી કે અનિકાચિતકર્મોને પુરુષાર્થ દ્વારા તોડી શકીએ, પણ નિકાચિતકર્મોને તો આપણે હલાવી શકીએ તેમ પણ નથી.**

અત્યારે તમારે ત્યાં સમતા શબ્દ બહુ જ સોંઘો થઈ ગયો છે. પણ તેને ગમે ત્યાં વાપરવાનો સવાલ જ નથી. સમતાવાળા જીવનું માનસ એવું હોય છે તે આપણા માટે કલ્પનાતીત છે. તે ભૂમિકામાં, ભગવાન જેવા આચાર-વિચાર પાળતા હતા તેવા પાળવાના છે, જે આપણે પાળી શકીએ તેમ નથી; શારીરિક કષ્ટની દૃષ્ટિએ નહીં, પણ માનસિક દૃષ્ટિએ. જેમ પ્રભુ આદિનાથ જો ઉપયોગ મૂકે તો તેમને તરત ખબર પડે એમ છે કે તેમને ૧૩ મહિના સુધી ગોચરી મળવાની નથી, છતાં તેઓ દરરોજ ગોચરી માટે જાય છે. તમને ખબર હોય કે હું જેને માટે પ્રવૃત્તિ કરું છું તે થવાનું નથી, તો તમે તે ક્રિયા કરી શકો ખરા ? કારણ કે ફળની આકાંક્ષાથી જ તમે પ્રવૃત્તિ કરો છો. **તમારી પ્રવૃત્તિનું પ્રેરક બળ અપેક્ષા છે. જ્યારે સમતામાં તો લક્ષ્યની ઇચ્છા આવી ત્યાં સમતાની ભૂમિકા ચાલી જાય છે.** માટે મોક્ષમાર્ગની ભૂમિકાઓ બરાબર સમજીને શબ્દો વાપરવાના છે.

તમે અનિકાચિતકર્મો પુરુષાર્થ દ્વારા ખપાવી શકશો, પણ જો નિકાચિતકર્મો ઉદયમાં આવી જાય તો તેને ભોગવ્યા સિવાય છૂટકો નથી. સાધના દ્વારા અનિકાચિત કર્મોને તોડીને તમે આગળ વધી શકશો તેની ગેરંટી છે.

**ઉત્કૃષ્ટ વિઘ્નનું અર્હદ્દત્તનું દૃષ્ટાંત :**

હવે ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્નનું દૃષ્ટાંત જોઈએ. તેમાં અર્હદ્દત્તનું દૃષ્ટાંત છે, જેમાં ઉત્કૃષ્ટ કક્ષાનાં વિઘ્નો કેવા ભાવથી બંધાય, તથા તે ઉદયમાં આવે ત્યારે ભલભલા સાધકની કેવી દશા થાય છે ? તેનો તેમાં સ્પષ્ટ ચિતાર આપ્યો છે. આના માટે મેતારજ મુનિનું દૃષ્ટાંત પણ આવે છે.

તમે ધર્મના ક્ષેત્રમાં દેવ-ગુરુની ભક્તિ કરતા હો પણ ત્યારે તમને ખબર પણ ન હોય કે કેવા કેવા ભાવોથી ઉત્કૃષ્ટ વિઘ્નોનાં કારણ કર્મો બંધાય છે. જેમ તમે દરરોજ પૂનમે શંખેશ્વર જઈને ભક્તિ કરતા હો, અથવા તમારી બાજુના દહેરાસરે પ્રભુની ખૂબ જ ભક્તિ કરતા હો, પ્રભુની પૂજા કર્યા વગર મોંમાં પાણી પણ ન નાંખતા હો, હવે કોઈ વખત અણધાર્યું કષ્ટ આવે તો શું વિચારો ? આપણે આટલી ભકિત કરીએ છતાં આપણને આવું કષ્ટ આવ્યું ? ભગવાને આટલું પણ ધ્યાન ન રાખ્યું ?

**સભા :-** શ્રદ્ધા નથી માટે આવા વિચારો આવે છે ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. શ્રદ્ધામાં પોલ છે માટે જ; નહીંતર વીતરાગને ભજનારને આવા વિચાર આવે ખરા ? તમે અત્યારે ભગવાનને તમારા ચોકીદાર માનો છો ને ? તમે જેને વળગો તેના બાર જ વાગે ને ? તમારા હિસાબે તો ભગવાન તમારા સેવક ને ? તમને લાગે છે કે આપણા ભગવાન તો અળગા રહે છે ? પણ અળગા રહે તે જ સાચા ભગવાન કહેવાય. અત્યારે તમારી દૃષ્ટિમાં મૂળમાં જ ખામી છે. તત્ત્વનો વિવેક ન હોવાના કારણે મગજમાં ઘણો કચરો ભર્યો છે. માટે બહુ જ ચિંતન-મનન જરૂરી છે.

## ૩૭

તા.૨૦-૯-૯૫, બુધવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્ર સુવિશુદ્ધ યોગમાર્ગની પ્રાપ્તિ કરે તે માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

કોઈપણ આત્મા યોગને ન પામે ત્યાં સુધી તેને આત્માનું સુખ પામવાનો સવાલ જ આવતો નથી. જીવ યોગને પામે પછી જ ઉત્તરોત્તર તેની વૃદ્ધિ કરીને પરાકાષ્ઠાના આત્મિક સુખને પામે છે. આનું વર્ણન કરતાં પહેલાં પૂ.આ.હરિભદ્રસૂરિએ પ્રણિધાનઆદિ પાંચ ભાવધર્મોનું વર્ણન બતાવ્યું છે.

આ ભાવધર્મોને પામ્યા વગર યોગી બનાતું નથી. પાંચેય ભાવધર્મો ક્રમસર ચઢિયાતા છે. હવે જેઓ પહેલો પ્રણિધાનભાવધર્મ પામ્યા છે, એટલે જેમને સારામાં સારી અભિલાષા પ્રગટી છે, વળી આગળનો ભાવધર્મ પામવા માટેનો યોગ્ય પુરુષાર્થ પણ ચાલુ છે, છતાં અપેક્ષા મુજબનો યોગ ન પામી શકે તો તેમાં કારણ ભૂતકાળમાં કરાયેલી ભૂલો છે. તે ભૂલો કર્મબંધ દ્વારા ધર્મમાં અંતરાયનું કારણ બને છે.

આપણે આગળ જઘન્ય વિઘ્ન માટે મેઘકુમારનું દૃષ્ટાંત વિચારી ગયા તથા મધ્યમ વિઘ્ન માટે જલનદેવનું દૃષ્ટાંત વિચારી ગયા. હવે ઉત્કૃષ્ટ કક્ષાના વિઘ્ન માટે અર્હદ્દત્તનું દૃષ્ટાંત આવે છે. આ એક કથાનક નથી પણ તેમાં તત્ત્વસભર વાતો છે.

જિતશત્રુ નામના રાજા છે. તેમને બે પુત્ર છે. એકનું નામ અપરાજિત અને બીજાનું નામ સમરકેતુ છે. જે બંને યુવાવસ્થાને પામ્યા છે, ૭૨ કલામાં તથા રાજકળામાં નિપુણ થયા છે. અપરાજિતને યુવરાજના પદે સ્થાપે છે અને બીજા અમુક રાજ્યનો વારસો સમરકેતુને સોંપે છે.

હવે એક વખત એવું બન્યું કે સરહદ પરના ખંડિયા રાજાએ સત્તાના મોહને કારણે તેમની સામે બળવો પોકાર્યો છે. જિતશત્રુ રાજા પોતે લડવા તૈયાર થાય છે ત્યારે તેમના પુત્ર અપરાજિત ના પાડે છે. "અમે બેઠા હોઈએ ને આપ જાઓ તે અમને શોભતું નથી." માટે વિનયથી પિતાની સંમતિ લઈને પોતે લડવા જાય

છે. પછી અપરાજિત લડીને રાજાને જીતીને પાછા ફરે છે ત્યારે, યોગાનુયોગ એવું બન્યું કે ત્યાં મહાકુશળ આચાર્ય એવા જ્ઞાની મહાત્મા પધાર્યા છે. તેઓ તેમનાં દર્શન-વંદન કરી વિનયથી તેમની દેશના સાંભળવા બેસે છે.

દેશના એટલી હૃદયસ્પર્શી છે કે તેમને એકદમ અસર થઈ ગઈ, ઉત્કૃષ્ટ વૈરાગ્ય થવાથી પિતાની મંજૂરી મંગાવી ત્યાં ને ત્યાં દીક્ષા લે છે. ત્યારબાદ તેઓ સારામાં સારી સંયમની આરાધનાપૂર્વક અદ્‌ભુત રીતે તત્ત્વનો બોધ કરાવી શકે તેવા વિદ્વાન થયા-ગીતાર્થ થયા. આમના ગુરુને અનેક શિષ્યો છે. તેમાંના અમુક શિષ્યો જે ઉજ્જૈન નગરીમાં હતા તે પધાર્યા છે. તેમની બધી ક્રિયા પતી ગઈ પછી ગુરુભગવંત તેમને ખબર- અંતર પૂછે છે, ત્યાંના રસ્તાના શું અનુભવ છે ? ઉજ્જૈન નગરીનો સંઘ કેવો છે ? કેવી ધર્મ આરાધના ચાલે છે ? સાધુ-સાધ્વીના વિહાર માટે કેવી સ્થિતિ ત્યાં છે ? જિનમંદિરો કેવાં છે ? આ બધી વાતચીત ચાલે છે ત્યારે અપરાજિત મહાત્મા ત્યાં બેઠા છે.

હવે શિષ્યો જવાબ આપે છે કે ત્યાંનો સંઘ બહુ જ સારો છે, ભક્તિવાળો છે. દરરોજ ઠાઠથી જિનમહોત્સવો, પૂજા, ભક્તિ, વરઘોડા થાય છે, આરાધના સારી થાય છે. વાર્ષિક આરાધનાઓ પણ સારી થાય છે. જ્ઞાન-ધ્યાન-સંયમ માટે સારામાં સારી સામગ્રીઓ ઉપલબ્ધ છે. તેથી બધી રીતે ત્યાં ક્ષેત્રની ઉત્તમતા છે, પણ ત્યાં એક મોટું વિઘ્ન છે, જે વિઘ્ન સાધુ-સાધ્વીને વિહારમાં મુશ્કેલી કરે છે. ત્યાંના રાજાનો યુવરાજ અને ત્યાંના પુરોહિતનો પુત્ર જે બંને મિત્રો છે, તેઓ બંને જૈન સાધુના ખૂબ જ દ્વેષી છે. તેમના સંપર્કમાં જે પણ મહાત્મા આવે તેને ખૂબ જ કદર્થના, હેરાનગતિ કરે છે, ઉપસર્ગો ઊભા કરે છે, માટે આ એક મોટું જોખમ છે. આ બધી વાત અપરાજિત સાંભળે છે. તેમને વિચાર આવે છે કે આ નગરી તો મારા ભાઈને જે રાજ્ય સોંપ્યું હતું તેમાં જ આવે છે. ત્યાંની સત્તા તો મારા ભાઈના હાથમાં છે. આથી તેમને ખૂબ જ આઘાત લાગે છે. આવા ખાનદાનમાં આવા પુત્રો પાક્યા ? અને આવાં અનુચિત કાર્યો કરે તોપણ તેમના પિતા તેમના પર કાંઈ નિયંત્રણ મૂકતા નથી ? તેથી તેમને લાગે છે કે આ કામ મારે જ કરવું પડશે, નહીંતર આવાં કુકર્મોથી તે બધા જીવો દુર્ગતિમાં જશે.

આ મહાત્માને મમતાના કારણે આવા વિચાર આવ્યા નથી. તેઓ તો કુટુંબ પ્રત્યે નિર્લેપ મહાત્મા છે. પણ પેલા બેની ભાવિ દુર્ગતિના કારણે ભાવદયા આવવાથી

તેમને અવળા માર્ગેથી પાછા વાળવા વિચાર કરે છે, અને ગુરુને એકાંતમાં જઈને પૂછે છે કે, આપની આજ્ઞા હોય તો મહાત્માઓને થતા આ વિઘ્નનું નિવારણ કરવાની મારી ઇચ્છા છે. ગુરુ જ્ઞાની છે માટે હિત જોઈને હા પાડે છે. આ પણ ગીતાર્થ છે. આ વાત ચોથા આરાની છે, તે કાળમાં ગીતાર્થ એકલા વિચરી શકે. તેથી ગુરુએ તેમને સંમતિ આપી.

પછી તેઓ વિહાર કરી ત્યાંના સંઘના ઉપાશ્રયે જાય છે, જ્યાં બીજા ધર્માચાર્ય પણ પોતાના પરિવાર સાથે સ્થિર થયેલા છે. અમારે ત્યાં બહારથી નવા આવેલા મહાત્માને પ્રાઘુર્ણક કહે છે. તમે જેમ મહેમાનોની વિશેષ સરભરા કરો તેમ અમારે પણ ઉચિત આચાર હોય છે. તેથી આચાર્ય તેમના શિષ્યોને કહે છે કે તેમની ખૂબ ભક્તિ કરો. શિષ્યો મહાત્માને વિનંતિ કરે છે, "આપ ગોચરી માટે ન પધારો. અમે ગોચરી લાવીશું." ત્યારે આ મહાત્મા કહે છે કે હું આત્મલબ્ધિથી ગોચરી લઉં છું. ત્યારે શિષ્યોને ગુરુ કહે છે કે "આ નગરમાં તેઓ નવા છે, માટે ગોચરી માટેનાં યોગ્ય કુળો-ભક્તિવાળાં કુળો જ્યાંથી નિર્દોષ ગોચરી મળી શકતી હોય તેવાં ઘરો તેમને બતાવો." આ બધું જાણ્યા પછી રસ્તામાં તે મહાત્મા શિષ્યોને પૂછે છે કે ઉપદ્રવવાળાં-ભક્તિ વગરનાં ઘરો કયાં છે ? ત્યારે તેઓ રાજકુમારનું અને રાજપુરોહિતનું ઘર બતાવે છે. ત્યાર પછી તેમના કહેવાથી તે શિષ્યો પાછા ફરે છે.

હવે આમનો ઉદ્દેશ તો સાવ જુદો હતો, માટે સીધા રાજમહેલમાં ગયા છે અને દરવાજે જઈને જોરથી "ધર્મલાભ" આપીને ઊભા રહે છે. ત્યાં દાસીઓ અને રાણીઓ આમને જોઈને ઇશારાથી ચૂપ રહેવા જણાવી કહે છે, "વહોરીને પધારો નહીંતર હમણાં ઉપાધિ ઊભી થશે." પણ આ તો ફરીથી જોરથી "ધર્મલાભ" બોલે છે. હવે અંદર રાજકુમાર અને પુરોહિતપુત્ર બંને બેઠા છે. તેમના કાને અવાજ પડે છે એટલે તેઓ બહાર આવે છે. આમની જૈનસાધુઓના વિરોધીપણાની પ્રસિદ્ધિના કારણે કોઈ મહાત્મા પધારતા નહોતા. ઘણા વખતે ટીખળ-મસ્તી કરવાનો ચાન્સ મળ્યો, તેથી ખુશ થઈને પહેલાં જ તેઓ મહેલનો દરવાજો બંધ કરી દે છે, જેથી મહાત્મા જતા ન રહે. સાધુ મહાત્મા આમનાં લક્ષણ જાણી ગયા છે.

હવે એ બંને મિત્રો તેમને મશ્કરીમાં પૂછે છે કે "મહારાજ ! તમને નાચતાં આવડે છે ? જો આવડતું હોય તો નાચીને બતાવો, જેથી અમને થોડું મનોરંજન

થાય." ત્યારે મહાત્મા કહે છે, "એમ ને એમ નાચવાની મઝા ન આવે, પણ સાથે સંગીત વગાડનાર, અને તાલબદ્ધ ગાનાર હોય તો મજા આવે." તેઓ કહે છે, "તમે ચિંતા નહીં કરો અમે એક જણ વગાડીશું અને એક જણ ગાઈશું. પણ તમે નાચો." ત્યારે મહાત્મા કહે છે, "મને નૃત્ય કરતી વખતે મારો મૂડ ટકે તો હું અદ્ભુત રીતે નાચું. પણ ગાનાર-વગાડનાર તાલબદ્ધ અવરોહવાળા જોઈએ. જો તેમાં ક્યાંય પણ ભૂલ થાય તો પછી મારો પિત્તો જાય."

અહીંયાં બંને મિત્રોને થાય છે કે આમને સંગીતમાં શું ખબર પડવાની અને ખબર પડશે તો તેઓ શું કરી શકવાના છે ? પરંતુ વાસ્તવમાં આ મહાત્મા ૭૨ કળાને ભણેલા રાજા છે. તેઓ મનમાં એવું નૃત્ય વિચારે છે કે જેમાં ઝડપથી તાલ-અવરોહ-આરોહ બદલાતા હોય, જેથી નૃત્યને અનુરૂપ સંગીત અને ગાયન કરવું દુષ્કર બને. ત્યારબાદ તેમણે આવા પ્રકારનું નૃત્ય કરવાનું ચાલુ કર્યું. પછી જ્યારે બંનેની સંગીત આદિમાં ભૂલ થઈ, એટલે મહાત્મા કૃત્રિમ કોપાયમાન થઈને તેમને ધમકાવે છે. ત્યારે તે બંને પણ સત્તાના મદમાં ચઢેલા હોવાથી તાનમાં આવીને બોલાચાલી પર, અને ઠેઠ મારામારી-કુસ્તી સુધી પહોંચી ગયા.

આ બાજુ બે જણા છે અને બંને જુવાન છે, જ્યારે પેલી બાજુ એકલા મહાત્મા છે અને તે પણ મોટી ઉંમરના છે. છતાં મહાત્મા મલ્લયુદ્ધમાં ખૂબ જ કુશળ હોવાના કારણે તેમણે બંનેને હંફાવીને પકડમાં પકડીને તેમનાં મોં, હાથ, પગ, કમ્મર બધાને મચકોડીને સાંધામાંથી હાડકાં ઉતારી દીધાં. આખું શરીર મચકોડી દીધું છે. આ પણ એક અદ્ભુત કળા છે. મરવાના વાંકે જીવતા હોય તેવા બંનેને તેમણે મડદાલ કરી નાંખ્યા છે. આમ, પોતાનું કામ પૂરું કરીને તેઓ તો ચાલતા થયા.

પરંતુ ગમે તેમ તોપણ સાધુનું હૃદય છે. એક કીડીને પણ ન દુભાવે તેવું સાધુનું હૃદય હોય, તો આ તો પાછા પંચેન્દ્રિય મનુષ્ય છે, તો તેમને દુભાવવાથી તેમને અંતરમાં કેટલું દુઃખ થાય ? માટે મહાત્મા ખૂબ જ વ્યથિત છે. તેમને થાય છે કે "મેં તેઓને કેટલો અંતરાય કર્યો છે ? મેં તેમને આહાર-પાણીમાં પણ અંતરાય કર્યો છે. મારે પણ ગોચરી-પાણી લેવાનું શું કામ ?" માટે તેઓ ગોચરી લીધા વગર ઉપાશ્રયે પાછા ફરે છે. પ્રશસ્ત ભાવનાથી કામ કરે તેના આંતરિક પરિણામ કેવા હોય તેનો આ નમૂનો છે. તેમને લાગ્યું છે કે આમને ધર્મ પમાડવો હોય, દુર્ગતિમાંથી બચાવવા હોય, શાસનનું હિત કરવું હોય તો આના સિવાય બીજો ઉપાય નથી. માટે જ તેમણે આ રીતની કઠોર પ્રવૃત્તિ કરી છે.

**સભા :-** લાભાલાભની દૃષ્ટિએ ખરું ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. અત્યારે નુકસાન ઓછું છે અને ભાવિમાં લાભ વધારે છે, માટે વિવેકથી આ પ્રવૃત્તિ કરી છે.

હવે આ મહાત્મા ઉપાશ્રયે પહોંચીને ખૂણામાં સ્વાધ્યાય કરવા બેસી જાય છે, પણ તેમનું મન ક્યાંય ચોંટતું નથી. વારંવાર તે બંનેની પીડાના વિચારો જ તેમને આવે છે. ત્યાં તેમને એકદમ મોટા શુકન થાય છે. તેમને નિમિત્તશાસ્ત્રની જાણકારી છે, તેથી તેમને લાગે છે કે શુકન સરસ છે માટે ચોક્કસ ભાવિ સારું છે. તે પરથી તેમણે નિર્ણય કર્યો કે બંનેનું ભાવિમાં હિત છે, માટે તેમનો શોક દૂર થઈ ગયો. ચિંતા ઓછી થઈ ગઈ. તેથી સ્વાધ્યાયમાં મગ્ન થઈ આરાધના કરે છે.

હવે આ બાજુ મહેલમાં શું બન્યું ? આમ તો સાધુ મહાત્મા આવ્યા પછીથી બધા જ ઘરમાં ડરીને બેસી રહ્યા હતા. બધાનો જીવ તાળવે ચોંટી ગયો હતો કે હમણાં મહાત્માને કંઈક અજુગતું થશે. ત્યાં થોડી મારામારી-બોલાચાલી સાંભળી, પણ પછી એકદમ વાતાવરણ શાંત થઈ જવાથી થોડીવારે તેઓ બધા બહાર આવ્યા. ત્યારે આ બંનેની મૃતપ્રાયઃ દશા જોઈને બધા ગભરાઈ ગયા. રાજમહેલમાં દોડાદોડ થઈ ગઈ. રાજા પણ આવી ગયા છે. રાજાએ બધી પૂછપરછ કરતાં ખબર પડે છે કે આ પરિસ્થિતિ જૈન મહાત્મા દ્વારા થઈ છે. માટે રાજા તરત જ તેમના પરિવાર સાથે જૈન ઉપાશ્રયે આવે છે. ત્યાં ગુરુભગવંતને વંદન કરી વિનયથી બેસે છે અને કહે છે "ભગવંત ! મારા દીકરાએ જે ભૂલ કરી છે તેની હું ક્ષમા માંગું છું. સંતો તો હંમેશાં ઉદાર દિલના હોય, માટે તેની ભૂલને ક્ષમા આપી તેની સજા પૂરી કરો. તેને ફરીથી સાજો કરી આપો."

ગુરુભગવંતને વાતની કંઈ જ ખબર ન હોવાના કારણે આ હકીકત સાંભળીને તેઓ નવાઈમાં પડે છે. પછી તેઓ વધારે પૂછતાછ કરીને હકીકત મેળવીને શિષ્યોને બોલાવીને પૂછે છે કે "આ કામ કોણે કર્યું છે ?" પણ બધા જ શિષ્યો ના પાડે છે. ત્યારે એકદમ ખ્યાલ આવે છે કે આ જે નવા મહાત્મા પધારેલ છે, કદાચ તેમનાથી આ કૃત્ય થયેલ હોય, માટે તેમને પૂછી જુઓ.

તેથી રાજા તુરંત તેમની પાસે જાય છે, પણ જેવા વંદન કરવા જાય છે ત્યાં જ તેમને ઓળખી જાય છે, કે આ તો મારા મોટાભાઈ જ છે. ચોક્કસ મારા અવળચંડા

દીકરાની સાન ઠેકાણે લાવવા જ આવું કૃત્ય કર્યું હશે. પહેલાં રાજા ક્ષોભ પામી બેસી રહે છે. કાંઈ બોલતા નથી. પરંતુ થોડી વાર પછી કહે છે કે "આપ ક્ષમા આપો. ભૂલને માફ કરો." ત્યારે મહાત્મા કહે છે કે "આપણું કુળ કયું ? ખાનદાન કયું ? આપણા કુળમાં આવા પુત્રો પાકે, અને આવી અનુચિત પ્રવૃત્તિ કરે, અને છતાં તમે ચલાવી લો ? એના પર તમારું કોઈ નિયંત્રણ નહીં ?" ત્યારે રાજા કહે છે, "આ અમારી ખૂબ જ મોટામાં મોટી ભૂલ થઈ છે. હવે ફરીથી કદીપણ આવી ભૂલ થશે નહીં. આપ ક્ષમા આપો. કારણ તેઓ બંનેને અસહ્ય પીડા થાય છે. વેદનાનો કોઈ પાર નથી. આપ આવીને તેમને સાજા કરો. તેમના ગુનાને માફ કરો."

ત્યારે ગુરુભગવંત વિચારીને કહે છે કે આવા ગુનાની માફી એમ ને એમ ના મળે. જો તેઓ બંને આ ગુનાના પ્રાયશ્ચિત્તરૂપે દીક્ષા લે તો જ તેમને માફી મળે. રાજાને પણ ખૂબ જ અસર થઈ છે. માટે કહે છે કે "જો તે બંનેની હા હોય તો મારી તો તેમને સંયમ માટેની રજા છે. આવા ઉત્તમ માર્ગે આવે તો હું ખૂબ જ ખુશ છું." તમે વિચારજો, રાજાને પણ કેવી અસર થઈ હશે કે આવા ઉદ્ગારો તેમના મોંમાંથી નીકળ્યા હશે ? ભલે ભૂતકાળમાં ઉપેક્ષાના કારણે ભૂલ થઈ હશે પણ નિમિત્ત મળતાં તેમને ખૂબ સુંદર અસર થઈ છે. જો તમારા જીવનમાં આવો પ્રસંગ બને અને કોઈ તમને ઠપકો આપે તો શું થાય ? અને તેમાં મહાત્મા પાછી આવી શરત કરે તો તમે શું કહો ? આ ઠેકાણે તમારો શું જવાબ હોય ? તમારું માનસ કેવું છે તેના પરિશીલન માટે પૂછું છું. આ જગાએ તમે તો ગુરુને જ હિતશિક્ષા આપવા બેસી જાઓ ને ? માટે વિચારજો કેટલો તફાવત છે ! તમારી દૃષ્ટિએ સાધુ થઈને આવું કડક પગલું ભરે તે વાજબી છે ? કે જેમાં આટલો ભયંકર ત્રાસ આપવો, હાથ-પગ-ડોક બધું જ મચડી નાંખવું અને આવી અસહ્ય વેદનામાં મૂકીને ચાલ્યા જવું અને તેમાં પાછા ક્ષમા માંગવા આવે ત્યારે સામે આવી કડક શરત મૂકવી...

આ રાજાને તો લાયક હોવાના કારણે ખૂબ જ અસર થઈ છે, માટે તેમણે તો દીક્ષા આપવા માટે પૂરી સંમતિ બતાવી. પણ મહાત્મા કહે છે તમે પહેલાં તેમને પૂછી આવો. રાજા કહે છે પહેલાં આપ પધારી તેમને સાજા કરો, કારણ તેઓ જવાબ આપી શકે તેવી પરિસ્થિતિમાં નથી.

મહાત્મા ત્યાં પધારે છે અને સૌ પ્રથમ તે બંનેની ડોક સીધી કરી આપે છે, જેથી જવાબ પહેલાં મેળવી શકાય. મહાત્માને કાંઈ એવી ઇચ્છા નથી કે તેઓ

વેદનામાં સબડ્યા કરે, પણ ભાવિ હિત લાગવાથી જ આવું કડક પગલું ભર્યું છે. **પરંતુ હૃદયપરિવર્તન વગર દીક્ષા આપી શકાય નહીં, જેને વૈરાગ્ય હોય નહીં અને સંસારમાં જેને વધારે રસ હોય તેને દીક્ષા અપાય નહીં.** માટે મહાત્મા તેઓની ડોક સીધી કર્યા પછી દેશના આપે છે. તેમાં આ ૮૪ લાખ જીવાયોનિનું, વિષય-કષાયોનું, સંસારના સ્વરૂપનું એવું હૃદયસ્પર્શી વર્ણન કરે છે કે આ દેશના સાંભળીને તેઓ બંને રડી રહ્યા છે. "આ ઉત્તમ મનુષ્યભવને પામીને તમે આત્મકલ્યાણ માટે શું આરાધના કરી?" તેઓ કાંઈ જવાબ આપી શકતા નથી. દેશનાની એટલી સચોટ અસર થઈ છે કે કહે છે કે "બસ, અમને આ સંસારમાંથી ઝડપથી છોડાવો." ત્યારે રાજા પણ સંમતિ આપે છે અને પછીથી મહાત્મા તે બંનેને સંપૂર્ણ સાજા કરે છે. પહેલાં આવી રીતે બધાં હાડકાં સાંધામાંથી ઉતારી કાઢવાં અને પછી બરાબર જેવાં હતાં તેવાં તરત જ કરી આપવાં, આ બધી એક જાતની શરીરશાસ્ત્ર વિષયક ઉત્કૃષ્ટ કળાઓ છે. કલ્પસૂત્રમાં આવે છે, ભદ્રબાહુસ્વામીએ ચંપી કરનાર માણસનું વર્ણન કરતાં લખ્યું છે કે એક કલાકમાં ૫ કિલો તેલ માલિશ કરીને શરીરમાં ઉતારી આપે અને પછી કહો તો તેઓ પાંચ કિલો તેલ પાછું બહાર પણ કાઢી આપી શકે. આ બધી કળાઓ હતી, કાંઈ ગપ્પાં નથી. જેમ કોશ્યાનું વર્ણન આવે છે ને કે ચંપાના ફૂલ પર અઢી કલાક નાચી હતી. આવી તો ઘણી વાતો શાસ્ત્રોમાં આવે છે.

હવે મહાત્માએ આ બંનેને સાજા કર્યા પછી તેમનો અભિગ્રહ પૂર્ણ થવાથી ગોચરી લેવા ગયા અને ગોચરી લાવીને વાપરી. આ બાજુ બંને મિત્રો વૈરાગ્યમાં થનગની રહ્યા છે, માટે તેમને દીક્ષા આપી ગુરુને સોંપ્યા. ગુરુએ તેમને ભણાવી-ગણાવી ઘડતર કરી સુંદર અનુશાસન આપ્યું છે. તેઓ બંનેને થાય છે કે જો અમને આવા ગુરુ ન મળ્યા હોત તો અમે બંને કેવાં કુકર્મો બાંધતા હોત ? જેના કારણે અમારું ભાવિમાં શું થાત ? માટે દરરોજ ગુરુનો ઉપકાર તેઓને દેખાયા કરે છે. કૃતજ્ઞતાના કારણે મહાન ઉપકારી ગુરુ દેખાય છે, પણ આ બંનેના માનસમાં એક તફાવત પડ્યો.

રાજાના પુત્રને તો થાય છે કે આ ગુરુએ એકાંતે અમારા હિત માટે જ આ બધું કર્યું છે. અમારા ખૂબ જ ઉપકારી છે. આ ૮૪ લાખ જીવાયોનિમાંથી તેમણે જ અમને તાર્યા છે. પરંતુ પુરોહિતપુત્રને આવા વિચારો સાથે એમ પણ વિચાર આવે છે કે અમને જે બળજબરી કરીને દીક્ષા આપી, તે એક વાજબી નથી કર્યું.

આ ઠેકાણે તમને એમ થતું હશે કે આ પુરોહિતપુત્ર આવું કેમ વિચારે છે ? પણ તમને કોક બળજબરીથી સામાયિક કરાવે તો મનમાં શું થાય ? અમને તો જો કે **વગર કારણે ધર્મ કરાવવા પાછળ પડવાની ભગવાને ના જ કહી છે, વિશિષ્ટ કારણ કે વિશેષ લાયકાત જીવમાં હોય તો જ પરાણે કરાવવાનું છે.** પરંતુ તમને બધાને એક પૌષધ પણ જબરદસ્તીથી કરાવીએ તો શું થાય ?

આમ તો આ બંનેના ભાવ સારા જ છે. દીક્ષા લેવા જેવી જ છે, લીધી તે પણ સારું જ કર્યું છે. આવો અનુપમમાર્ગ અમને આપીને ગુરુએ અમને આત્મકલ્યાણના માર્ગમાં સ્થિર કર્યા, તેથી ગુરુ અમારા ખૂબ જ ઉપકારી છે. પણ સાથે રાજપુરોહિતપુત્રને આટલો ત્રાસ આપીને ગુરુએ બળજબરી કરી હતી તે મનમાં ખટકે છે. આવા કારણથી જ તમે કહો છો ને કે ઉપાશ્રયે જવા જેવું નથી.

**સભા :-** આ તો યોગ્યતા જોઈને કર્યું છે ને ?

**સાહેબજી :-** હા, યોગ્યતા જોઈને જ કર્યું છે. તેથી અમારે મર્યાદામાં રહીને જ ધર્માચરણનો આગ્રહ કરવો જોઈએ. વળી અમે પણ વગર કારણે મર્યાદા મૂકવા માંગતા નથી. પરંતુ તમારી યોગ્યતા જોઈને કોઈ તમારું પરાણે ભલું કરાવે તોપણ તમને મનમાં કેવું લાગે ? જેમાં પાછો તેમનો કોઈ સ્વાર્થ ન હોય, તમારી જ હિતચિંતાની વાત હોય, છતાં પ્રસન્નતાથી સાંભળી શકો, સ્વીકારી શકો ખરા ?

**સભા :-** એક વખત અખતરો કરો.

**સાહેબજી :-** અમારે કાંઈ અખતરો કરવાની જરૂર નથી. પણ તમારાં મોઢાં જોઈને જ અમે સમજી જઈએ છીએ કે તમે ક્યાં કેટલામાં છો. વળી જોખમ હોય ત્યાં અખતરો પણ કરવા જેવો નથી. **તમને સદ્‌ગુરુ પણ ભાગ્યયોગે મળે છે અને મળે પછી પણ તમારામાં લાયકાત હોય તો જ તમે તેમનો લાભ લઈ શકો છો.**

**સભા :-** યોગાવંચકપણું ને ?

**સાહેબજી :-** યોગાવંચકપણું તે જુદી વસ્તુ છે. તેમાં તો **સદ્‌ગુરુ મળે પણ ઓળખી ન શકે તે વંચકપણું, અને સદ્‌ગુરુ મળે પછી ઓળખીને સાચાં દર્શન કરી શકે તે યોગાવંચકપણું.** પરંતુ તમારે તો કારણ અપલક્ષણ છે. **તમારા જીવનની મોટામાં મોટી દુઃખની વાત એ છે કે ચોવીસ કલાક તમારા હિતની ચિંતા કરે તેવા તમને કોઈ જોઈએ છે ખરા? તમે કોઈને હિતેચ્છુ તરીકે રાખ્યા છે ખરા?** જેને

જરાપણ તમારા અહિતની ભાવના ન હોય એવા કલ્યાણમિત્ર, તમારા કલ્યાણના ઈચ્છુક કે સદ્ગુરુ આ બધાની તમને જીવનમાં આવશ્યકતા ખરી? જેને સતત પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેને જ સદ્ગુરુનો ખપ પડે.

**સભા :-** એટલે જ અમે આવીએ છીએ ને?

**સાહેબજી :- બસ, આવીને અમને પાટ પર બેસાડી દો, અમારું વ્યાખ્યાન સાંભળી લો, એટલે પતી ગયું ને? પરંતુ તમને ચોવીસ કલાક યોગ્યાયોગ્યનું માર્ગદર્શન જોઈએ છે ખરું? જેને પોતાના કલ્યાણની પડી હોય તે તો મારું હિત શેમાં? અહિત શેમાં? એ પૂછ્યા વગર રહે ખરા? બધું જ ગુરુને પૂછી પૂછીને કરે. કહે, "સાહેબ ! હું ખોટામાર્ગે જતો હોઉં તો મને વાળજો. મારી ખામીઓ બતાવજો. જો બતાવશો તો હું રાજી થઈશ." જેને સાચું સમર્પણ હોય તેને જ આવું બધું થાય. જ્યારે પણ ગુરુ હિતબુદ્ધિથી ભૂલ બતાવે તો ખૂબ રાજી થાય. તમને અત્યારે ભૂલ બતાવીએ તો રાજી થાઓ કે અકળાઓ? તમે સદ્ગુરુનું અનુશાસન કે હિતશિક્ષા લેવા માટે લાયક છો ? સદ્ગુરુ મળ્યા પછી જેને ગુરુની આપેલી હિતશિક્ષા ગમે નહીં, અને અંગત કારણોથી ગુરુની અવગણના કરે તેને કેવાં કર્મો બંધાય ?**

**સભા :-** ભાગ્યદશા.

**સાહેબજી :-** હા, ચોક્કસ. સદ્ગુરુ મળ્યા છતાં ઉપેક્ષા-અવગણના કરવાનું મન થાય તો તેનું ભાગ્ય બદલાયું, ભાગ્ય રૂઠ્યું છે. અનંતકાળમાં જે મળ્યું નથી તે મળે છતાં અવગણના થાય તેને બીજું શું કહેવાય ? દરેક ધર્મમાં દેવ-ગુરુ-શાસ્ત્રો બધું છે. તેની સાથે તુલના કરશો તો ખબર પડશે કે તમને કેવું ઉત્તમ મળ્યું છે. જેની ઉપાસનામાં તમારું એકાંતે ભલું છે, છતાં તેનો અનાદર કરો, ઉપેક્ષા કરો, અવગણના કરો તો શું બંધાય ?

સારા સદ્ગુરુ જુએ કે સામે જીવમાં લાયકાત નથી તો અનુશાસન ન આપે. અનુશાસન ઝીલે તેવી વ્યક્તિ જોઈએ. અત્યારે તમને યોગ્ય માર્ગદર્શન ઘણા સદ્ગુરુ કેમ આપતા નથી ? કારણ તેમને ખબર છે કે આનાથી સમય અને શક્તિ જ બગડશે. અરે ! **અપાત્ર વ્યક્તિને હિતશિક્ષા આપનાર ગુરુને શાસ્ત્રમાં આત્મહત્યા કરનાર ગુરુ કહ્યા છે.** એટલે ગીતાર્થ સદ્ગુરુ કદી તેવો નિરર્થક પ્રયત્ન કરે નહીં. તેથી આપણને ભૂતકાળમાં અનંતીવાર સદ્ગુરુ મળ્યા પણ લાયકાતના અભાવે

રખડતા રહ્યા છીએ. આત્મકલ્યાણ કરવા આ બધી પાયાની લાયકાતો જોઈશે. ધર્મના ક્ષેત્રમાં ચકાસણી કરીને ગુરુને પસંદ કરો પણ સદ્ગુરુ નિશ્ચિત થયા પછી તેમાં સમર્પણ પૂરું જોઈએ. જો કે એમ ને એમ અહીંયાં વળગવાનું નથી.

**તમે બોલો છો ખરા કે અમને ઊંચામાં ઊંચા દેવ મળ્યા છે, પણ પરમાત્મા પ્રત્યે પણ તમારું સમર્પણ કેટલું? તેમની આજ્ઞાની વાત આવે ત્યારે શું વિચારો? તમારો દીકરો કહે કે મને ઉત્તમ બાપ મળ્યા છે, પરંતુ તે જ દીકરો તમારી રોજ અવગણના કરે તો કેવું કહેવાય? તમને જો આ સર્વશ્રેષ્ઠ દેવ-ગુરુ લાગતા હોય તો સમર્પણ કેવું આવે? ભગવાનની આજ્ઞાવિરુદ્ધની વાત આવતાં તરત જ ચોંકી જાઓ છો ખરા?**

હવે આપણે મૂળ મુદ્દા પર આવીએ. આ ગુરુએ સામાન્ય સજા કરી નથી. ભયંકર કષ્ટમાં નાંખીને પછી દીક્ષાનો આગ્રહ કરેલ છે. પરંતુ બંનેનું એકાંતે કલ્યાણ વિચારીને દીક્ષા આપી છે. છતાં પુરોહિતપુત્રને એમ થાય છે કે ગુરુએ બધું સારું કર્યું પણ આ રીતે જે કર્યું તે બરાબર નથી કર્યું, તેથી મનમાં તેમના પ્રત્યે થોડો અસંતોષ-અરુચિ રહ્યાં છે. **આમ તેમણે આજીવન સુંદર સંયમ પાળ્યું છે, અંતે સંલેખનાયુક્ત અનશન કરી સમાધિપૂર્વક કાળ કર્યો છે; પણ પેલો જે ગુરુદ્વેષનો અશુભ ભાવ હતો તેની આલોચના કરી નથી, જેનાથી ગાઢ મિથ્યાત્વ બંધાયું, પરિણામે દુર્લભબોધિ થયા. અહીંયાં તમારી દૃષ્ટિએ આ નાનો દોષ છે, પરંતુ શાસ્ત્રદૃષ્ટિએ આ દોષ નાનો નથી મોટો દોષ છે. સુદેવ-સુગુરુ-સુધર્મની અરુચિ, ઉપેક્ષા, અવગણના તે કાંઈ નાનો દોષ નથી. જ્યારે ગુરુ હિતમાં જોડે અને અરુચિ થાય તે કાંઈ નાનો દોષ છે ? આ ઉત્કૃષ્ટ વિઘ્ન છે.**

## ૩૮

તા.૨૨-૯-૯૫, શુક્રવાર, ભાદરવા વદ તેરસ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

## ॥ વિઘ્નજયભાવધર્મ ॥

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માએ આત્માની અજ્ઞાનદશાનું નિવારણ કરવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

આત્માએ અનંતકાળમાં અનેક દુષ્કાર્યો-પાપો કર્યાં છે. તેમાં જો કોઈ મુખ્ય કારણ હોય તો તે તેની અજ્ઞાનદશા છે. આમ, અઢાર પાપસ્થાનકમાં ક્યાંય અજ્ઞાનને સીધું પાપ તરીકે દર્શાવ્યું નથી. અજ્ઞાન કર્મબંધમાં કારણ છે તેવી વાત કર્મવાદમાં પણ નથી. પણ અજ્ઞાનમાં તાકાત છે કે તે પાપને પાપ તરીકે ઓળખવા દે નહીં. માટે **અપેક્ષાએ અજ્ઞાનને પાપના બાપ તરીકે કહ્યું છે.** જેમ તમારે સંસારમાં અબૂઝ બાળક ગમે ત્યાં હાથ નાંખે કે ગમે તે વસ્તુ મોંમાં મૂકી દે, અને તે દ્વારા નાની વસ્તુથી પણ મોટું જોખમ ઊભું કરે છે. રમતાં રમતાં જ પાણી ભરેલી ડોલમાં ઊંધે માથે પડીને ઘણાં બાળકો મરી જતાં હોય છે. અજ્ઞાનના કારણે તેને પોતાના હિતાહિતનો ખ્યાલ ન હોવાથી મામૂલી નિમિત્તથી મોટાં જોખમ ઊભાં કરી દે છે. તેની જેમ જીવ અજ્ઞાનના કારણે એવાં કર્મો બાંધી દે છે કે તે જ્યારે ઉદયમાં આવે ત્યારે જીવના બાર વાગી જાય.

ગઈ કાલે આપણે દૃષ્ટાંત વિચારેલું કે પુરોહિતપુત્ર જે મહાત્મા છે તેને તેના ગુરુ પ્રત્યે થોડી અરુચિ રહી છે. At a glance(આપાતદૃષ્ટિએ) અરુચિનું કારણ પણ વાજબી લાગે તેવું છે. ગુરુએ દીક્ષા આપી તેમાં પહેલાં જે વ્યવહાર કર્યો છે, તેથી આવો ભાવ આવે તો નવાઈ નથી. જો તમારે અત્યારે આવો પ્રસંગ બન્યો હોય તો તમે આવું કરનાર સાધુની ટીકા કરી કરીને દમ કાઢી નાખો ને ? આ ગુરુએ તો વિવેકપૂર્વક હિતાહિતનો વિચાર કરીને અપવાદમાર્ગે કર્યું છે, જે શાસ્ત્રને પણ સંમત છે. રાજાના પુત્રને આનો જરાપણ રંજ નથી. તેનો તો ગુરુ પ્રત્યેનો ઊંચો સદ્ભાવ એકસરખો ટકી રહ્યો છે, જ્યારે પુરોહિતપુત્ર મહાત્માને

સદ્‌ભાવ છે પણ સાથે થોડો રંજ રહી ગયો છે, કારણ ગુરુના અનુચિત લાગેલા વર્તન નિમિત્તક તેમને અરુચિ રહી છે. આ અરુચિના કારણે તેમણે ગુરુ સાથે કોઈ ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું નથી કે ક્યાંય વ્યવહારમાં તેમણે અરુચિ અભિવ્યક્ત પણ કરી નથી, પરંતુ આ ભાવથી તેમને એવું કર્મ બંધાયું કે ભવાંતરમાં વર્ષો સુધી ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ધર્મ પામી શકે નહીં. બોધિ-સમ્યક્ત્વ દુર્લભ થાય તેવું કર્મ બાંધ્યું.

તમે એક સામાન્ય માણસ પ્રત્યે રાગ-દ્વેષ કરો અને જે કર્મ બંધાય, અને એક વિશેષ વ્યક્તિ પ્રત્યે રાગ-દ્વેષ કરો અને જે કર્મ બંધાય, તે બેમાં ઘણો જ તફાવત છે. **વ્યક્તિત્વ જેટલું ઊંચું તેટલી તેમના પ્રત્યેની અરુચિ-અવગણના ભારે કર્મબંધનું કારણ છે.** જેટલી વ્યક્તિ ગુણિયલ તેટલી તેની અરુચિ-અવગણનાથી તીવ્ર કર્મ બંધાય. આ ગુરુ તો ઉત્તમ સદ્‌ગુરુ છે અને તેમણે એકાંતે તેઓના હિત માટે જ આ કામ કર્યું છે, છતાં તેમને અરુચિ થઈ માટે આવું કર્મ બંધાયું છે. તમને ઉત્તમ પુરુષો, ઉત્તમ મહાત્મા, ઉત્તમ ધર્માત્માઓ પ્રત્યે અરુચિ, અણગમો કે અભાવ ન થવાં જોઈએ. નહીંતર તે બંધાયેલાં કર્મોને છોડતાં ભૂક્કા બોલાઈ જશે.

પરમાત્મા પ્રત્યે પણ ઉપેક્ષા કે અનાદરભાવ થાય તો ભારેમાં ભારે તીવ્ર કર્મો બંધાય છે. પ્રભુ તો ઉત્તમમાં ઉત્તમ પાત્ર છે. જેમ તમે પ્રભુની ઘણી ભક્તિ કરો પછી તમને અપેક્ષિત એવો તેમનો કશો પ્રભાવ ન દેખાય તો મનમાં શું થાય ? જે સંસારની અપેક્ષાથી ધર્મ કરે છે તેને તો આ મોટું જોખમ છે. ધાર્યું ફળ ન મળવાથી તરત બોલવા માંડશે કે કશો પ્રભાવ નથી. એટલે પરમાત્માનું અવમૂલ્યન થયું. આટલા ઊંચા વ્યક્તિત્વના અવમૂલ્યનથી કેવાં તીવ્ર કર્મ બંધાય !

**સભા :-** ઘણા લોકો ભગવાન કરતાં દેવદેવીને વધારે ભજે છે. તેમાં પણ અવમૂલ્યન કર્યું કહેવાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. એને તો ભગવાન કરતાં બીજાનું મૂલ્ય વધારે છે અને ભગવાનનું મૂલ્ય ઓછું છે, માટે જ તેઓને વધારે પૂજે છે. તમારે ત્યાં સામાન્ય મહેમાન આવે અને બીજા વિશેષ મહેમાન આવે તો સરભરામાં ફેર પડે કે નહીં ? જેમ દરજ્જો ઊંચો તેમ ફેર પડવો જ જોઈએ. અહીંયાં પણ ક્યાં પરમાત્મા અને ક્યાં દેવી-દેવતા ? તેઓ સંસારમાં રખડતા પામર જીવો છે.

તેઓ પણ કર્મને પરવશ છે. આ ચાર ગતિમાં રખડતાં રખડતાં કર્મે તેમને દેવલોકનો ઊંચો ભવ આપ્યો છે. પાછા ત્યાંથી કર્મ જ્યાં ફંગોળશે ત્યાં જશે.

**સમ્યગ્દષ્ટિ દેવતા પણ વિરતિધરથી નીચા કહેવાય. ભાવશ્રાવક કરતાં પણ દેવતા નીચા કહેવાય, જ્યારે ભાવસાધુ તો છટ્ઠા ગુણસ્થાનકે છે. માટે દેવ-ગુરુ-ધર્મ પછી દેવી-દેવતાનું સ્થાન છે, અને તેમાં પણ પાછા જે પરમાત્માના ભક્ત હોય તેમનું જ આ શાસનમાં સ્થાન છે.** જેમ મોટા મિનિસ્ટરનો માણસ હોય તો તેની સાથે પણ તમે કેવો નમ્ર વ્યવહાર કરો છો ? **દેવી-દેવતા ભગવાનના ભક્ત છે માટે પૂજવાના છે, ભગવાનના નાતે તેમને માનવાના છે.** આ તો ઊલટું ગણાય કે ભગવાનને પડતા મૂકવા અને તેમને(દેવ-દેવીને) પૂજવા. જેમ મિનિસ્ટરને પડતા મૂકો અને તેના માણસને માન આપો તેવી વાત કહેવાય.

**સભા** :- મણિભદ્રવીરનું સ્થાન કઈ રીતે ?

**સાહેબજી** :- તપાગચ્છના રક્ષક તરીકે તેમનું સ્થાન છે. તેમણે તેના માટે વચન આપ્યું છે અને ભૂતકાળમાં રક્ષણ માટે તેમણે કામ પણ કર્યું છે. તેમનું સ્થાન ઉપાશ્રયમાં હોય, કારણ ગચ્છના રક્ષક છે. માટે સંબંધ ક્યાં આવ્યો ? તેથી ઉપાશ્રયમાં જ હોય. પણ તમે તો અત્યારે દહેરાસરોમાં લઈ ગયા છો અને લાગ આવે તો એકદમ ભગવાનની બાજુમાં ગોઠવી દો તેમ છો. આ બધામાં કારણ તમારી સ્વાર્થની બુદ્ધિ છે.

ગુરુ સાથે પણ તમારો અપેક્ષાથી જ સંબંધ હોય છે ને ? તમારી અપેક્ષા ન પોષાય તો સદ્ગુરુ માટે પણ અરુચિ થતાં તમને વાર લાગે તેમ નથી. તમે વંદન કરવા આવો ત્યારે જો અમે કામમાં હોઈએ અને જરા તમારા તરફ ધ્યાન ન આપીએ તો ખરાબ લાગી જાય ને ? માટે તમે સદ્ગુરુ પાસે પણ તમારા અંગત માનપાનની અપેક્ષા રાખો છો. તમારી આવી પરિસ્થિતિ છે, છતાં તમને કદાચ પ્રસંગ આવે સદ્ગુરુ તમારી ભૂલ બતાવે, ઠપકો આપે, કદાચ ઊંચા અવાજે-કડકાઈથી કહે તો સહન કરી શકો ખરા ? માટે વિચાર કરજો. તમારી પાત્રતા કેટલી છે ? અત્યારે સારો ધર્માત્મા પણ અમારી પાસે આવે અને કદાચ તેની અપેક્ષા ન પોષાય તો તેને ખરાબ લાગી જાય છે. દા.ત. ઘણા પ્રશ્ન લઈને ગમે ત્યારે આવે, જાણે સાધુ તો નવરા જ હોય. પણ સાધુ કામમાં હોય અને તે વખતે કદાચ ના પાડે તો ખોટું લાગી જાય.

**સભા :-** ગુરુ પાસેથી શું અપેક્ષા હોય ?

**સાહેબજી :-** તમારા હિત માટેના માર્ગદર્શનની જ અપેક્ષા હોય. પણ સાથે પૂરી ભક્તિ-સમર્પણ હોય. અત્યારે તો તમારા સંબંધ ગુરુ સાથે જુદી ક્વોલીટીના હોય છે. આત્મકલ્યાણના નાતાથી તમારે ગુરુ જોડે સંબંધ બંધાયો છે ખરો ? તમને એમ થાય કે હું તેમની એવી ભક્તિ કરું કે મારું હિત કરવાનું તેમને મન થાય ? હું લાયક છું તેમ બતાવું તો મારા ગુરુ ચોક્કસ મારું હિત કરશે જ. તેઓ તો નિઃસ્પૃહી અને ગુણિયલ છે, ચોક્કસ મને સાચું માર્ગદર્શન આપશે; આવી ભાવનાવાળી વ્યક્તિ જ દેવ-ગુરુની સાચી ભક્તિ કરી શકે. નહીંતર ભક્તિ ક્યારે કમબખ્તિ બનશે તે કહેવાય નહીં. અપેક્ષા તો ગુરુ પાસે તમારા હિતની જ રખાય. ગુરુ હિત માટે બધું કરે, બધું કહે, આવી અપેક્ષા શિષ્ય કે શ્રાવક ગુરુ પાસે રાખે તો દોષ નથી.

**સભા :-** ગુરુ શંકાનું સમાધાન ન કરે ?

**સાહેબજી :-** કરે, પણ તમારે એમની પણ અનુકૂળતા જોવાની કે નહીં ? વળી, તમારામાં કદાચ લાયકાત ન લાગે તોપણ ગુરુ ધ્યાન ન આપે. લાયક ન હોય તો રસ ન પણ લે. અમે પણ શ્રમ કરીએ તો તેનું આત્મિક ફળ તો માંગીએ જ. હિત કે કલ્યાણ તો અમને દેખાવું જોઈએ, નહીંતર અમારે આરાધના માટેના ઘણા યોગ છે. માટે ખૂબ લાયક જીવ હોય અને હિત દેખાતું હોય તો અમે મહેનત કરીએ. જેમ ફળદ્રુપ જમીનમાં એક બી વાવીશું તોપણ ઘણું ફળ મળશે. તેની જેમ અમે પણ ખાતરી કરીને લાયક પાછળ મહેનત કરીએ.

**સભા :-** તો પછી ભગત ઘણા નહીં થાય.

**સાહેબજી :-** અમારે આવી સાપેક્ષ પ્રવૃત્તિની જરૂર નથી. અમે આખો સંસાર છોડીને નીકળ્યા છીએ, તો પછી શું તમને ગળે ભરાવીને અમારે ફરવાનું ? અમારું આત્મકલ્યાણ કરવા અમે નીકળ્યા છીએ. વધારે ભગતના બિલ્લા લઈને મારે ફરવું નથી. આવા મલિન લક્ષ્યથી કાંઈ અમે સંસાર છોડીને આવ્યા નથી. આવી અપેક્ષાવાળા કોઈના સાચા સદ્‌ગુરુ બની શકે નહીં, અને કદાચ સદ્‌ગુરુ બની જાય તોપણ તેમની પાસેથી પાત્ર જીવો યોગ્ય લાભ મેળવી શકે નહીં. આત્મકલ્યાણ કરવા માટે તમારે અને અમારે બંનેએ ભાવ બદલવા જ પડે.

ગુરુ પ્રત્યેના આવા ભાવો મોટા દોષો છે. તેનાથી એવાં કર્મ બંધાય કે જ્યારે તે ઉદયમાં આવશે ત્યારે મહેનત કરીને મરી જશો, તોપણ ધર્મ નહીં પામી શકો. પરંતુ અત્યારે તો તમને મજા છે ને ? માટે વિચાર જ ક્યાંથી આવે ? પણ દેવ-ગુરુ-ધર્મની ઘોર ઉપેક્ષા-અવગણનાથી એવાં કર્મ બંધાશે કે ભવાંતરમાં આ તારક તત્ત્વો મળશે નહીં. અત્યારે તો ઘણાને શાસન મળ્યું છે જ એના માટે કે ભવાંતરમાં ન મળે.

**સભા :-** એટલે દુર્લભને દુર્લભ બનાવવા માટે જ ને ?

**સાહેબજી :-** હા, દુર્લભને દુર્લભ બનાવવા માટે જ ઘણાને મળ્યું છે. કદાચ તે બીજે હોત તો આટલી ઉપેક્ષા કરવાનો તેને વખત ન આવત. અહીંયાં જન્મ્યા છે માટે જ ઉપેક્ષાથી આવાં કર્મ બંધાય છે. **દેવ-ગુરુ-ધર્મની અરુચિ-ઉપેક્ષા-અનાદર-અવગણના આ બધાથી દુર્લભબોધિ થાય તેવાં કર્મ તેને બંધાય છે, જેનાથી જન્મજન્માન્તરમાં ધર્મસામગ્રી ન મળે, અને મળે તો ધર્મ ન પામી શકે.** આ ગાઢ મિથ્યાત્વમોહનીયકર્મ છે. જેટલાં કર્મો છે તેમાં તીવ્ર ત્રાસ આપનાર, દીર્ઘ કાળ સંસારમાં રખડાવનાર, ભારેમાં ભારે કર્મ મિથ્યાત્વમોહનીય છે, અને તેમાં પણ બોધિ દુર્લભ થાય તે કર્મ ભારે જોરદાર છે.

આ પુરોહિતપુત્રને આ કર્મ અજ્ઞાનથી બંધાયું છે. તેમણે નિર્મલ ચારિત્ર પાળ્યું છે માટે મરીને દેવગતિમાં ગયા છે. અને ધર્મના ગાઢ સંસ્કાર પડેલા હોવાથી તેઓ દેવભવમાં પણ ધર્મને ભૂલ્યા નથી. ત્યાં પ્રભુનાં કલ્યાણકો ઊજવવા જાય છે, તીર્થયાત્રાઓ કરે છે, શાસ્ત્રનાં અધ્યયન કરે છે એમ ધર્મમાં દિવસો પસાર કરે છે.

ઊંચા દેવલોકમાં દેવતા જન્મે એટલે સેવક દેવતા તેમને ત્યાંની બધી જ માહિતી આપે. આ જિનમંદિરો છે, જિનબિંબો છે, તેમની ભક્તિ આ રીતે કરવી તે તમારું કર્તવ્ય છે; આ શાસ્ત્રો છે, તેનું ચિંતન-મનન-અધ્યયન કરવું તે તમારું કર્તવ્ય છે; આ બધું જણાવે. ધર્માત્મા દેવને આ બધું મળવાથી બહુ જ ઉલ્લાસ થાય. દેવલાકમાં જિનેશ્વરદેવોની દાઢા હોય તેની પણ પૂજા દેવતાઓ કરે. પ્રભુ નિર્વાણ પામે પછી દેવતાઓ તેમની અગ્નિસંસ્કારમાં શેષ રહેલ દાઢાને દેવલોકમાં લઈ જાય. તમે ભક્તામરમાં બોલો છો કે પરમાત્માનો દેહ ઉત્કટ શાંતરસથી વાસિત એવા પરમાણુમાંથી બનેલ છે, તેમનો દેહ શાંતરસની છાયાવાળો છે. તેમના દેહના પરમાણુના સાંનિધ્યમાં જે આવે તેને પણ શાંતિ થાય. ઇન્દ્રો દેવલોકમાં પ્રભુની

દાઢા લઈ જાય છે અને તેની પૂજા કરે છે. ઘણી વખત એવું બને કે દેવલોકમાં પણ કષાયોનો ઉદય છે માટે પરસ્પર ઝઘડા થાય, મારામારી પણ થાય, લડાઈ થાય, યુદ્ધો થાય, સામસામે બળિયા હોવાથી ભારે ઉપદ્રવ થઈ જાય. ત્યારે શાંતિને ઇચ્છનારા વિવેકી દેવતાઓ આ અશાંતિને શાંત કરવા માટે પ્રભુની દાઢાનું સ્નાત્ર કરી તેનું ન્હવણ લઈને છાંટે, જેનાથી આ બધા શાંત થઈ જાય, નહીંતર હજારો વર્ષો સુધી મારામારી ચાલત. ત્યાં દરેકની સંપત્તિ ચોક્કસ રીતે સોંપાયેલી હોય છે, છતાં બીજાને પુણ્યથી વધારે મળેલું હોય તે જોઈને દાઝ્યા કરે. એટલે દેવલોકમાં પણ શાંતિ નથી. અરે ! નાના દેવતાઓની તો એવી સ્થિતિ હોય છે કે ક્યાંક છમકલાં કરે તો મારીને બહાર કાઢી મૂકે. જ્યાં સુધી કર્મનો ઉદય છે ત્યાં સુધી ઉચ્ચ ગતિઓમાં પણ આવું રહેવાનું છે.

**સભા :-** અહીંયાં જેવાં શાસ્ત્રો છે તે જ ત્યાં છે ?

**સાહેબજી :-** ત્યાં શાસ્ત્રો શાશ્વત છે, રત્નોથી મઢેલાં છે. અહીંયાં પ્રભુ મહાવીરનાં શાસ્ત્રો છે. તાત્પર્ય-ભાવાર્થ બધે એક જ હોય. તત્ત્વમાં ક્યાંય તફાવત ન હોય. અર્થથી દ્વાદશાંગી તો સર્વત્ર એક જ છે, પણ શબ્દોમાં ફેર હોય. જેમ કોઈ આત્મા કહે, કોઈ ચેતન કહે, કોઈ જીવ કહે; તેમ શબ્દોની રજૂઆતમાં ફેર હોય.

**સભા :-** ત્યાં કોણ શાસ્ત્રો સમજાવે ?

**સાહેબજી :-** ત્યાં કોઈ દેવતા ભણાવે નહીં. તેઓ બધા કેવળજ્ઞાની આદિ પાસે જ જાય. અહીંયાં જો કેવળજ્ઞાની વિચરતા હોય તો તમે મારું મોઢું જુઓ ખરા ? અધૂરાને કોણ પસંદ કરે ? તેથી તેઓ તીર્થંકરો કે કેવળજ્ઞાની પાસે જાય.

**સભા :-** ત્યાં સમાજવ્યવસ્થા છે ?

**સાહેબજી :-** હા, માલિક છે, પ્રજા છે, ડોરકીપર છે, ઝાડું વાળનાર છે બધું જ છે. સમાજવ્યવસ્થા નીચેના દેવલોકમાં હોય.

**સભા :-** ત્યાં ઉપાશ્રય છે ?

**સાહેબજી :-** ત્યાં વિરતિની ક્રિયા નથી માટે તેનો સવાલ જ નથી આવતો. જિનમંદિરો છે. સકલતીર્થમાં બોલો છો તે સંખ્યાનુસારે રત્નજડિત પ્રતિમાઓ હોય, દેદીપ્યમાન મંદિરો હોય. સમાજવ્યવસ્થા નીચેના દેવલોકમાં છે. ત્યાં પોસ્ટ પ્રમાણે ઐશ્વર્ય મળેલાં હોય છે. તમારા સંસાર પ્રમાણે જ ત્યાં પણ ચાલે

છે. અલ્પ પુણ્યવાળા જીવો ત્યાં પણ એવા માનસિક દુઃખી હોય કે મારે શું આખી જિંદગી આમ જ રહેવાનું ? કારણ કે તેમને આખી જિંદગી મફતમાં બીજા દેવોની સેવા કરવી પડે. કમ્પલસરી કરવી જ પડે. ન કરે તો માર પડે. વળી, સેવા કર્યા પછી વળતરમાં તેમને કાંઈ મળે નહીં.

સ્નાત્રમાં આવે છે ને, કે ચોસઠ ઈન્દ્રો મેરુપર્વત પર પ્રભુનો અભિષેક કરવા કરોડો દેવતા સાથે જાય. અહીંયાં તેમને પ્રભુનો અભિષેક કરવો છે, માટે બીજા સેવક દેવતાઓને ઓર્ડર કરે કે આટલા કળશો લાવો, આટલાં પુષ્પો લાવો. જો કે આ તો ધર્મની ક્રિયા છે, પણ કામ તો સોંપે ને ? માટે જે જીવોને ત્યાં સેવાનું કામ સોંપેલું છે તેમને આખી જિંદગી સેવાનું કામ કરવું પડે. અહીંયાં તો સેવક પણ પુણ્ય પલટાય તો શેઠ બની શકે છે, જ્યારે ત્યાં તે સેવક આખી જિંદગી સેવક જ રહે છે.

**સભા :-** દેવલોકમાં સ્વાધ્યાય કેવી રીતે હોય ?

**સાહેબજી :-** સ્વાધ્યાય તે વિરતિની ક્રિયા થોડી છે ? ચારિત્રમાં વિરતિ આવે સ્વાધ્યાય એ તો સમ્યગ્જ્ઞાનનો પ્રકાર છે.

**સભા :-** તો પછી સ્વાધ્યાય તપ કઈ રીતે ?

**સાહેબજી :-** સમિતિ-ગુપ્તિમાં રહીને સ્વાધ્યાય કરે તો તે વિરતિમાં જાય. તેવો સ્વાધ્યાય ત્યાં નથી. તમે લોકો ગોટાળા કરો છો. જેમ સોફામાં લાંબા પગ કરીને પંખા નીચે બેસીને ધાર્મિક પુસ્તક વાંચો, છતાં પાછા કહેશો અમે સ્વાધ્યાય કર્યો. વાસ્તવમાં તે સ્વાધ્યાય ન કહેવાય. સ્વાધ્યાય તપ માટે તો પહેલાં સમિતિ-ગુપ્તિમાં આવવું પડે. તે માટે સામાયિક કરવું પડે, અથવા ઇરિયાવહિયા કરી સંકલ્પ સાથે બેસો તો સ્વાધ્યાય કહેવાય.

**સભા :-** શ્રુતસામાયિક ?

**સાહેબજી :-** શ્રુતસામાયિક માટે પણ નિસીહિ કહીને બેસવું પડે. સંસારના બધા જ ભાવો-વિચારો-આસક્તિને વોસિરાવવાના છે. ઘરે સ્વાધ્યાય કરતી વખતે પણ ઇરિયાવહિયા કરીને સંકલ્પ સાથે બેસવું પડે. એક આસને બેસીને, સંસારના ભાવોનો ત્યાગ કરીને એકાગ્રતાપૂર્વક વાંચન આદિ કરો તો સ્વાધ્યાય થાય. **વિરતિરૂપ તપ આચરવો હોય તો અવશ્ય પાપનો વિરામ કરવો પડે.** તમારા બધાનું અત્યારે વ્યાખ્યાનશ્રવણમાં શ્રુતસામાયિક છે ? હમણાં જો ઘરેથી તમારો દીકરો બોલાવવા

આવે તો મને પડતો મૂકીને ઊભા થઈ જાઓ ને ? સામાન્ય મહત્ત્વનું સાંસારિક કામ આવે તો અહીં લેવાદેવા નહીં ને ? ધર્મશ્રવણકાલે પણ તમને પાપત્યાગનો સુનિશ્ચિત સંકલ્પ નથી, તો ક્યાંથી શ્રુતસામાયિક પણ થાય ?

વિરતિરૂપ જે સ્વાધ્યાયતપ કહ્યો છે તે દેવતાને નથી. દેવતાને તો સમ્યગ્જ્ઞાન ચિંતન-મનનરૂપ હોય છે. દેવો ધર્મશ્રદ્ધા કરી શકે, ધર્મની વાતો સાંભળી શકે, તેમાં રુચિ પેદા કરી શકે.

અત્યારે જ્ઞાનવાદીઓ કહે છે કે તત્ત્વચિંતન કરીએ, વાંચીએ એટલે બધો ધર્મ તેમાં આવી ગયો, અને પાછા કહે અમે સ્વાધ્યાયરૂપ મહાન તપ કરીએ છીએ. પણ સ્વાધ્યાયતપ શું છે તેની તેમને ખબર જ નથી. સોફામાં બેસી લાંબા પગ કરી ધાર્મિક પુસ્તક દિવસમાં પાંચ કલાક વાંચે એટલે કહેશે કે પાંચ કલાકનો સ્વાધ્યાય કર્યો.

**સભા :-** તો પછી આણે શું કર્યું કહેવાય ?

**સાહેબજી :-** ધાર્મિક પુસ્તક વાંચતી વખતે જો વિવેકપૂર્વક તત્ત્વ મેળવતો હોય તો સમ્યગ્જ્ઞાનનું ચિંતન કર્યું કહેવાય. ભગવાનની આજ્ઞા મુજબનું પુસ્તક જોઈએ. દા.ત. ધ્યાન માટે પણ તેમનો અભિપ્રાય એવો હોય છે કે મનની એકાગ્રતા આવી એટલે ધ્યાન આવી ગયું, પરંતુ ધ્યાન ઘણું જ સત્ત્વ-સંકલ્પ-ત્યાગ-એકાગ્રતા અને શુદ્ધિ માંગે છે. દેવતા પણ ચિંતન-મનન કરીને ધર્મભાવને પુષ્ટ કરે છે, પણ તેમને સ્વાધ્યાય નામનો તપ આવતો નથી. દેવલોકમાં શ્રુતસામાયિક જ નથી, તો પછી વિરતિરૂપ સામાયિકનો સવાલ જ નથી. ત્યાં વિરતિશૂન્ય જ્ઞાનાચાર, દર્શનાચારનો જ ધર્મ છે, ચારિત્રાચાર અને તપાચારનો ધર્મ ત્યાં નથી. તેને અનુકૂળ ભવ નથી.

**સભા :-** દેવતા દેશના સાંભળે ત્યારે શ્રુતસામાયિક ખરું ?

**સાહેબજી :-** દેશના સાંભળે ત્યારે પણ દેવતાને શ્રુતસામાયિક નથી. ઈરિયાવહિયા પણ ભાવથી કરવી હોય તો પાંચમું ગુણસ્થાનક જોઈએ.

**આપણા શાસ્ત્રમાં બે મહાવાક્ય છે : (૧) અપ્પાણં વોસિરામિ. (૨)મિચ્છા મિ દુક્કડં.**

કોઈપણ પચ્ચક્ખાણ લેવાં હોય તો "અપ્પાણં વોસિરામિ" આવે. પ્રાયશ્ચિત્તમાં "મિચ્છા મિ દુક્કડં" આવે. પહેલામાં પાપના ત્યાગનો સંકલ્પ છે, અને બીજામાં

પાપનું પ્રાયશ્ચિત્ત છે. આ બે મહાવાક્ય છે. આ બે વાક્યો પર પાનાંનાં પાનાં ભરાય તેટલું શાસ્ત્રમાં વર્ણન છે. તમે સામાયિકમાં "અપ્પાણં વોસિરામિ" બોલો છો ત્યારે આખી દુનિયાને વોસિરાવો છો ? ઘર-બાર, કુટુંબ, પરિવાર, ધંધા-ધાપા બધાને વોસિરાવવાના છે. એટલી ૪૮ મિનિટ માટે બાપને દીકરા તરીકેનો કોઈ સંબંધ નહીં. તે વખતે તમે સાધુજીવનની નજીકમાં આવો છો, જો કે સાધુ જ નથી બનતા. તમારા સામાયિકમાં અને અમારા સામાયિકમાં જમીન આસમાનનું અંતર તો ત્યારે પણ છે. તમને જીવતે જીવતાં કુટુંબ-દીકરા-પરિવારને વોસિરાવવું કઠણ છે. અહીંયાં હૈયામાંથી મમતા કાઢવાની વાત છે. આ કાંઈ રમત વાત નથી. ખાલી મોઢેથી બોલી દો "વોસિરામિ" એટલા માત્રથી નથી થઈ જતું. પાંચમા ગુણસ્થાનક વગર એક પણ ક્રિયા ભાવથી ન થઈ શકે.

**સભા** :- તો પછી શું અમારે આ રીતે પણ નહીં બોલવાનું ?

**સાહેબજી** :- ભાવ લાવવા માટે જો બોલતા હો તો વાંધો નથી. જેને એકડો શીખવો છે તે પહેલાં લીટા પાડે તોપણ વાંધો નહીં. તેની જેમ જેને આવું ભાવસામાયિક પામવું છે, તેના માટે તે અભ્યાસરૂપે કરે છે તો વાંધો નહીં. પરંતુ જેને પામવું જ નથી, સંકલ્પ નથી, કોઈ ધ્યેય નથી, તેની તો ગણતરી ગણાતી જ નથી. હજી આપણે પામ્યા નથી તે નક્કી છે. કદાચ અત્યારે તે અશક્ય પણ હોય, પણ ચોક્કસ પામવું છે તેવું જો ધ્યેય હોય, અને કરે તો મંજૂર છે.

**સભા** :- અવધિજ્ઞાનીને શાસ્ત્રો ભણવાં પડે ?

**સાહેબજી** :- અવધિજ્ઞાન વિષય જુદો છે, શાસ્ત્રોને ભણવાં તે વિષય જુદો છે. બંનેની રેંજ જુદી છે. અવધિજ્ઞાનીને પણ શ્રુતજ્ઞાન મેળવવા શાસ્ત્રો ભણવાં પડે છે. અવધિજ્ઞાની તો તેની રેંજ પ્રમાણે ખાલી રૂપી દ્રવ્યોને જોઈ શકે છે. બંનેનાં ક્ષેત્ર જુદાં છે.

હવે આ બંને મિત્રો દેવના ભવમાં ધર્મ આરાધના કરે છે. રંગ-રાગમાં ફસાયા નથી. દેવલોકમાં દેવતાઓને મૃત્યુકાળ નજીક આવે ત્યારે અમુક લક્ષણો દેખાય છે. જો કે તેમને આપણા જેવું ઘડપણ આવતું નથી, છેલ્લે સુધી જુવાની હોય છે; પણ મૃત્યુના છ મહિના પહેલાંથી શરીરમાં સ્ફૂર્તિ ઘટે, તેજ ઘટે, તેમના બળમાં પણ ફેર પડે, ફૂલની માળા કરમાય, આવાં આવાં ઘણાં લક્ષણો દેખાય.

પુરોહિતપુત્રદેવને આવાં બધાં લક્ષણો દેખાવાનાં ચાલુ થયાં. તેથી તેને લાગ્યું કે મારું મૃત્યુ હવે નજીક છે. તેને ચિંતા થાય છે કે હવે મારું ભાવિ શું છે ? એટલે જાણવા માટે તે મહાવિદેહમાં જાય છે. ત્યાં પ્રભુની દેશના સાંભળ્યા પછી પ્રભુને પૂછે છે, "પ્રભુ ! મારું ભાવિ શું છે ?" ત્યારે પ્રભુ કહે છે કે "તારો મનુષ્યનો ભવ છે. કૌશાંબી નગરીમાં તુ મનુષ્ય થઈશ." તમને કોઈ કહે કે તમારી સદ્‌ગતિ છે, તો તેટલામાત્રથી તમે ખુશ થઈ જાઓને ? પણ આને તો આટલું જાણ્યા પછી ખુશી નથી, માટે આગળ પૂછે છે, "પ્રભુ ! હું ત્યાં ગયા પછી સુલભબોધિ કે દુર્લભબોધિ છું ?" જેને આત્માની ચિંતા હોય તેને જ આવા વિચાર આવે. પ્રભુ કહે છે " તું દુર્લભબોધિ છો." તો આગળ પૂછે છે કે "આ કર્મ તીવ્ર છે કે મંદ છે ?" જો અતિ તીવ્ર કર્મ હોય તો અનંતકાળ સુધી ધર્મ ન મળી શકે. પણ આને અલ્પકાળનું દુર્લભબોધિ છે. વળી આગળ પૂછે છે "પ્રભુ, મને બોધિ ક્યારે પ્રાપ્ત થશે ?" ભગવાન કહે છે, "એ જ ભવમાં પ્રાપ્ત થશે." તો પૂછે છે કે "કોના દ્વારા પ્રાપ્ત થશે ?" ત્યારે પ્રભુ જવાબ આપે છે કે "તારો ભાવિ ભાઈ મૂક છે, તેનાથી તને બોધિ પ્રાપ્ત થશે." હવે તે કોણ છે તેનું પણ ચરિત્ર જાણવા જેવું છે. ભગવાન કહે છે –

### 'મૂક'નો પૂર્વભવ :

કૌશાંબી નગરીમાં તાપસ નામનો શેઠ છે, જે બહુ જ શ્રીમંત છે. આ શેઠ આખો દિવસ તેની સંપત્તિ-ધંધાધાપામાં જ પરોવાયેલા રહે છે. તેથી આર્તધ્યાન આદિના કારણે મરીને તે તેના ઘરની બાજુમાં ગટર પાસે ભૂંડ તરીકે જન્મે છે. આમ, આ જીવનમાં શેઠે કાંઈ ખૂન-ચોરી કર્યાં નથી, અન્યાય-અનીતિ-વિશ્વાસઘાત કે બદમાશી કરી નથી, પણ તેમને મનમાં થતું કે બસ, આખો દિવસ પૈસા કમાવા, તેનાથી મોજમજા લૂંટવી, અને તેમાં જ પરોવાયેલા રહેવું. જેમ અત્યારે પણ ઘણાની દુનિયા કેટલી કે ઘર-કુટુંબ ને પેઢી. બસ, તેમાં જ પરોવાયેલા રહેવું.

ઘણા અત્યારે કહે છે કે સાહેબ ! અમે નીતિથી જીવીએ છીએ. અમારા જીવનમાં અમે ક્યાંય અન્યાય-અનીતિ કરતા નથી. એટલે પોતે એમ માનતા હોય કે આ રીતે જીવીએ છીએ માટે અમારી સદ્‌ગતિ નક્કી છે. પણ આ શેઠ શેના કારણે મરીને ભૂંડ થયા ? તે જરા વિચારજો.

હવે આ ભૂંડ ફરતાં ફરતાં તેના આગલા ભવના ઘર પાસે આવ્યો. જેવું તેણે ઘર જોયું, ત્યાં તેના દીકરા-પત્ની-પરિવારને જોયાં ને ઊહાપોહ થયો. તેનાથી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તેને તેનો આગલો ભવ બરાબર યાદ આવ્યો. આના કારણે તે આખો દિવસ તે ઘરની આજુબાજુ ફર્યા કરે છે. હવે બન્યું એવું કે તેની જ બાર મહિનાની તિથિ આવી. એટલે ઘરમાં દીકરાઓએ કહ્યું, "આજે મહેમાનો માટે રસોઈ બનાવજો. તેમાં માંસ આદિની વાનગીઓ કરાવજો. કારણ કે પિતાશ્રીની આજે તિથિ છે." પણ રસોઈ તૈયાર થયા પછી બિલાડીએ તેમાં મોં ઘુસાડી દીધું. હવે આવી રસોઈ કોણ ખાય ? અહીંયાં તો મહેમાનો આવવાની તૈયારી છે. તેથી તાબડતોબ બીજી રસોઈ બનાવવા માટે આ ભૂંડ જે આજુબાજુ ફરતું હતું તેને પકડીને જ લઈ આવ્યા અને તેમાંથી જ નવી વાનગી બનાવી. અહીંયાં એ જીવનું કોણ સાંભળે ? આ ઘટના પરથી વિચારજો કે સંસારનું સ્વરૂપ કેવું વિકરાળ છે ! અહીંયાં પણ તે આર્તધ્યાનથી મર્યો અને પાછો તે જ એરિયામાં સાપ થયો. મમતાના કારણે પાછો થોડા ટાઈમમાં ફરતાં ફરતાં તે જ ઘર, તે જ કુટુંબ-પરિવાર જોયા. એનાથી પાછો ઊહાપોહ થયો. ફરી જાતિસ્મરણજ્ઞાન થયું. આ જીવને તેના પૂર્વ ભવો નજરે દેખાય છે. માટે હવે તેને આત્મા-પરલોક-પુણ્ય-પાપ બધું બરાબર મગજમાં બેસી ગયું છે. અહીંયાં પણ તે, તે જ ઘરમાં ફર્યા કરે છે. એક દિવસ બહાર નીકળતાં રસોઈ કરવાવાળી બાઈએ જોયો. જેથી તેણીએ હોહા મચાવી દીધી. પછી કુટુંબના બધાએ ભેગા થઈને તેને મારી નાંખ્યો. આ અવસરે તેને કર્મના વિપાક અનુભવીને અસર થઈ છે. તેને થાય છે કે "મારા ઘરમાં જ મારી કેવી સ્થિતિ ! સંસારનું કેવું સ્વરૂપ છે !" આ બધા વિચારો આવવાથી તે શાંત થયો છે. સાપનો મૂળ સ્વભાવ ફૂંફાડા મારવાનો હોય, પણ નજર સામે કર્મના વિપાક જુએ છે, માટે દુઃખ શાંતિથી ભોગવી અકામનિર્જરા કરે છે. તેનાથી તેને પુણ્ય બંધાય છે અને તે જ જીવ મરીને પોતાના દીકરાને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. અહીંયાં પણ અમુક ટાઈમ જતાં પાછો ઊહાપોહ થતાં જાતિસ્મરણજ્ઞાન થાય છે. તેને થાય છે કે આ ઘરનો મૂળભૂત માલિક હું છું. અત્યારના મારા બાપનો બાપ હું જ હતો. માટે અંતરમાં એટલી અસર થઈ છે કે દીકરાને હું બાપ કેવી રીતે કહું ? દીકરાની વહુને હું કેમ કરીને 'મા' કહું ? તેને જાતિસ્મરણ દરેક ભવમાં થયું છે.

**સભા :-** અમને અમારો પરલોક દેખાડી આપો, તો અમે સુધરી જઈશું.

**સાહેબજી :-** અત્યારે કોઈ જ્ઞાની પુરુષ નથી, કેવળજ્ઞાની-તીર્થંકર કોઈ જ નથી, અને જો એના માટેની રાહ જોઈને તમે બેસી રહેશો તો આમ ને આમ રખડતા રહેશો. હું તમને બીજાને જાતિસ્મરણ થયેલાના દાખલા બતાવી શકું, પણ તમારો પરલોક બતાવું તેવી અપેક્ષા રાખશો તો મોં વકાસીને બેસી રહેશો. અમારી કાંઈ એવી તાકાત નથી કે અમે તમારી આવી અપેક્ષા પૂરી કરી શકીએ. ઘણા કહે છે કે ચંડકૌશિક સાપને વીરપ્રભુએ આવીને 'બુજ્ઝ બુજ્ઝ' કહ્યું માટે તરી ગયો. અમને પણ જો સાક્ષાત્ ભગવાન મળે તો અમે તરી જઈએ. પરંતુ આપણું પુણ્ય કાચું છે, માટે જ ભગવાન મળ્યા નથી. આ ભવમાં સામગ્રી ઓછી મળી છે, પણ જ્યારે ભૂતકાળમાં પ્રભુ મળ્યા હતા, દેશનાઓ સાંભળી હતી, છતાં પણ તર્યા નહીં ને ?

અત્યારે શ્રુતકેવળી, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે તીર્થંકર કોઈ જ અહીંયાં નથી, અને તમે અપેક્ષા રાખો કે અમને અમારો પરલોક દેખાડો, તો તે કદી શક્ય નથી. પણ અમે વિદ્યમાન શ્રુતના બળથી દાવા સાથે કહીએ છીએ કે જો કોઈ નાસ્તિક પણ સામે આવે તો નવતત્ત્વને તર્ક સાથે સાબિત કરી આપીએ.

# ૩૯

તા.૨૫-૯-૯૫, સોમવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને કર્મના વિપાકનો સમ્યક્ બોધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

સંસારમાં જીવોને અજ્ઞાનદશામાં લાગતી નાની ભૂલોથી પણ ઘણાં મોટાં કર્મ બંધાતાં હોય છે, અને તેના વિપાકો સારી રીતે સમજાવે તેવા ઘણા દાખલાઓ જૈનશાસ્ત્રમાં છે. જીવને કર્મ બંધાય છે ત્યારે તે કાંઈ ચેતવણી આપીને કે પોતાના આયોજનપૂર્વક બંધાતું નથી; બંધાઈ ગયા પછી ઘણાં વર્ષો સુધી તો ખબર પણ ન પડે, પણ જ્યારે તેનો વિપાક આવે ત્યારે ખબર પડે; જેમ ટાઈમબોંબ મૂક્યો હોય તો કશી ખબર ન પડે, પણ જ્યારે તેનો ટાઈમ પાકે અને તેનો વિપાક બતાવે ત્યારે ફુરચેફુરચા બોલાવી નાંખે. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી ભારે કર્મ પણ સ્ટોકમાં પડ્યું હોય તો ખબર ન પડે, પણ ઉદયમાં આવે એટલે મોટાં જોખમ ઊભાં થાય.

આ રાજપુત્ર અને પુરોહિતપુત્રે દીક્ષા લીધી અને અણિશુદ્ધ સંયમ પાળી દેવલોકમાં ગયા. ત્યાં પણ આગલા ભવના ધર્મના ગાઢ સંસ્કાર હોવાના કારણે ધર્મ ભૂલ્યા નથી. આટલા દેવલોકના રંગરાગ વચ્ચે પણ ધર્મનો તીવ્ર ભાવ હતો માટે ત્યાં પણ ધર્મઆરાધના કરી છે. સામાન્ય રીતે તેમની લાયકાત એટલી ઊંચી છે કે પરભવમાં પણ ધર્મને અંતરથી વિસારે નહીં. ગુણિયલ ઉત્તમ ગુરુએ ઉચિત વર્તન કર્યું છે, પણ દેખાવમાં કડકાઈવાળું હતું માટે પુરોહિતપુત્રને થયું કે, આટલી બળજબરાઈથી કઠોર વ્યવહાર તે કરાતો હશે ? આ ભાવથી જે કર્મ બંધાયું તે તેને સ્ટોકમાં પડ્યું છે, પણ જ્યારે દેવભવ છોડીને બીજા માનવભવમાં જશે ત્યારે તે ઉદયમાં આવશે. એ મનુષ્યભવમાં જશે ત્યારે ત્યાં એવો લેપાઈ જશે કે ધર્મ ભૂલી જશે. દેવલોકના રંગરાગમાં-તેના આકર્ષણમાં ધર્મ ગયો નથી.

દેવલોકમાં ચારિત્રાચાર અને તપાચાર શક્ય નથી. અમુક જ્ઞાનાચાર અને દર્શનાચાર શક્ય છે. સમકિતની ભૂમિકા શક્ય છે. ત્યાં શક્ય બધી જ આરાધના

કરી છે. **ઘણા તો ધર્મ જ એવો કરે કે આત્મા પર ધર્મના કશા જ સંસ્કાર ન પડે, જ્યારે ઘણા એવી રીતે ધર્મ સેવે કે આત્મા પર ધર્મના ગાઢ સંસ્કાર પડે. ધર્મને ભવોભવ સાથે રાખવો હોય તો ધર્મના ગાઢ સંસ્કાર આત્મા પર આધાન થાય તેવો ધર્મ કરવો પડે, નહીંતર બીજા ભવમાં ધર્મ ભૂલી જવાય.**

**સભા :-** એટલે તીવ્ર રુચિપૂર્વક ધર્મ કરવો જોઈએ ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. સંસારરસિક જીવને પૂછીએ, તમને શોખ શેનો છે ? કોઈને હરવા-ફરવાનો, ખાવા-પીવાનો, સંગીત-પિક્ચરનો આવા અનેક પ્રકારના શોખ હોય. જેને જે વસ્તુ રસનો વિષય હોય તેને તે મળે ત્યારે તે ભોગવવામાં કેવો એકાકાર બને છે ! ઘણાને ખાવામાં ખૂબ રસ હોય તો એવો લંપટ થઈને ખાય, કે એના એવા સંસ્કાર આત્મા પર પડે કે બીજા ભવમાં તિર્યંચગતિમાં જાય; ત્યાં ખાવા માટે ગમે ત્યાં મોઢું નાંખ્યા કરે. ઘણા ધર્મ કરે, શ્રદ્ધા સાથે કરે, કરવા લાયક છે તેમ માનીને કરે પણ તેમાં રસ-રુચિનો ઊભરો ન આવે કે જેથી આત્મા પર તેના સંસ્કાર પડે.

**સભા :-** પહેલાં તો પાપની તીવ્ર રુચિ હશે તેને બદલવી પડશે.

**સાહેબજી :-** જીવનમાં શ્રીમંતાઈથી આટલી આટલી અનુકૂળતા મળે છે, ખાવાપીવા-મોજમજા મળે છે વગેરે શ્રીમંતાઈના જેટલા પણ લાભ છે, તે બધા તમને જડબેસલાક બેસી ગયા છે; તેમ ગરીબાઈનાં આટલાં આટલાં નુકસાન છે તે પણ તમને જડબેસલાક બેસી ગયાં છે. તે જ રીતે તમને ધર્મ-અધર્મના લાભ અને નુકસાન જો જડબેસલાક બેસી જાય, તો પછી પાપની રુચિ બદલાતાં વાર લાગશે નહીં.

આપણે બધા દુઃખ આપનારાં કર્મોથી ડરીએ છીએ, દૂર ભાગીએ છીએ. દુઃખ આપનારાં કર્મો તૂટી જાય તો આપણે રાજી છીએ. હવે **તમે હજારો વર્ષો સુધી ઉગ્રમાં ઉગ્ર દુઃખો વેઠીને(જેવાં કે નારકીનાં) જેટલાં કર્મ ખપાવો તેટલાં કર્મ તમે એક નવકારશીના પચ્ચક્ખાણમાં ખપાવો છો.** આ જો તમને જડબેસલાક બેસી જાય તો યથાશક્તિ તપ મૂકો ખરા ? આમાં આટલો લાભ છે તે જાણો અને શ્રદ્ધા કરો તો છોડો ખરા ? તમને ધંધામાં કોઈ એવી ટેકનીક કાયમ બતાવે કે જેમાં થોડી મહેનતમાં ઘણો લાભ છે, તો તે વ્યક્તિને પણ ન છોડો અને તે ટેકનીક તમે આખી જિંદગી અજમાવ્યા વગર રહો ખરા ? પરંતુ અહીંયાં આ ક્ષેત્રમાં ફળની

શ્રદ્ધા નથી માટે રુચિ બદલાતી નથી. જેમ એક સામાયિક કરવામાં આટલો મહાન લાભ છે તેવો વિશ્વાસ તમને બેસે છે ખરો ? કે પછી સાધુઓ તો કહ્યા કરે ? શાસ્ત્રોમાં લખેલી બધી વાતોમાં તમને અતિશયોક્તિ લાગે છે કે ઉપજાવી કાઢેલી લાગે છે ?

**સભા :-** ઉપજાવેલી લાગતી નથી પણ વિશ્વાસ બેસતો નથી.

**સાહેબજી :-** ઉપજાવેલી લાગતી નથી અને છતાં વિશ્વાસ પણ બેસતો નથી, આ વિરોધાભાસી વિધાન છે. જો ઉપજાવેલી ન લાગતી હોય તો શાસ્ત્રમાં જે લખ્યું છે તેમાં વિશ્વાસ બેસવો જ જોઈએ. તમે મુહપત્તિના બોલમાં પણ બોલો છો કે "સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું." ગણધર ભગવંતોએ રચેલાં આ સૂત્રો છે જે દ્વાદશાંગીરૂપ છે. તેમાં કહેલા અર્થ જ જગતનું સત્ય છે. જો આ મગજમાં બેસી જાય તો પછી તો બુદ્ધિ જ ફરી જાય. તમને સંસારની વાત જ્યાં મગજમાં બેસી જાય છે પછી ત્યાં કેવો પુરુષાર્થ કરો છો ?

**સભા :-** અહીંયાં કેમ બેસતું નથી ?

**સાહેબજી :-** આ બાજુ તમારી નિર્વિચારકતા છે. ધર્મનું કહેલું એક ફળ એવું નથી કે જે તર્કથી બુદ્ધિમાં ન બેસી શકે.

હવે મૂળ વાત. **તીવ્ર રુચિથી કરાયેલો ધર્મ જ આવતા ભવમાં સાથે આવશે.** તેથી દેવલોકમાં બંને જણા ધર્મ ભૂલ્યા નથી. પુરોહિતપુત્રને પોતાના દેહનાં લક્ષણો પરથી ખ્યાલ આવ્યો કે હવે પોતાનું મૃત્યુ નજીક છે. અવધિજ્ઞાન અમુક ક્ષેત્ર સુધીનું જ હોય અને તેનાથી બહારના ક્ષેત્રમાં જો જન્મ હોય તો દેખાય નહીં. કદાચ તેટલા ક્ષેત્રમાં જન્મ હોય, પણ જો વિશેષ અવધિજ્ઞાન ન હોય તો ક્યાં જવાનું છે તે ખબર પડે, પણ લાંબુ ભાવિ શું છે તે ખબર ન પડે. માટે ભાવિ પૂછવા તે મહાવિદેહમાં ગયા છે. તમને કદાચ ભવિષ્યવેત્તા કોઈ સારા મળે તો પહેલાં શું પૂછો ? પૈસા કેટલા ? કઈ રીતે મળશે ? આ જ બધું પૂછો ને ? તમારા જીવનના સારનો સાર પૈસા જ છે ને ? જ્યારે આમણે પૂછ્યું કે "હું સુલભબોધિ છું ? કે દુર્લભબોધિ છું ?" ચિંતા શેની છે ? મળેલો ધર્મ ગુમાવી તો નહીં નાંખું ને ? તેની જ તેને ચિંતા છે. વિચારજો, કેટલો ધર્મરાગ હશે ? પ્રભુએ કહ્યું, "દુર્લભબોધિ છો." તો તેણે પૂછ્યું, "દુર્લભબોધિપણાનું કર્મ લાંબા ગાળાનું છે કે ટૂંકા ગાળાનું છે ?" તો પ્રભુએ જવાબ આપ્યો કે, "ટૂંકા ગાળાનું છે." તે

દેવતાએ ફરી પૂછ્યું કે, "આવતા ભવમાં નિકાચિત દુર્લભબોધિ કર્મ પૂરું થયા પછી હું ધર્મ કોનાથી પામીશ ?" તો ભગવાને જવાબ આપ્યો કે, "તારા આવતા ભવમાં જે મૂક નામનો મોટોભાઈ છે જે હાલમાં સમકિતી છે, તેનું મૂળ નામ અશોકદત્ત છે પણ 'મૂક' નામ પ્રસિદ્ધ થઈ ગયું છે, તેનાથી તું ધર્મ પામીશ."

તાપસ નામનો શેઠ તેના કુટુંબપરિવાર સાથે ધંધા-ધાપામાં રચ્યો પચ્યો રહે છે. આમ તેના જીવનમાં કોઈ રૌદ્રધ્યાન, ઘોર હિંસાઓ કે લૂંટ આદિના ભાવો નથી; પણ અર્થ-કામની વૈરાગ્યશૂન્ય આસક્તિના કારણે મરીને તિર્યંચગતિમાં જાય છે. **ખાવા-પીવામાં, હરવા-ફરવામાં, સંસારનાં સુખો ભોગવવામાં જ મસ્ત રહેનાર તિર્યંચગતિમાં જાય.** પશુગતિના બંધના કારણમાં આર્તધ્યાન અને નીલ-કાપોત લેશ્યા પણ હોય છે. આ શેઠ મરીને બાજુની જ ગટરમાં ભૂંડ તરીકે જન્મે છે.

ઘણાને અમુક એરિયાની ખૂબ આસક્તિ હોય તો મૃત્યુ પછી તે એરિયાનો યોગ થાય, અથવા અમુક વ્યક્તિ કે અમુક વસ્તુનો ખૂબ રાગ હોય તો તેનો વારંવાર યોગ થયા કરે. **તમને જેનો તીવ્ર રાગ છે, તે આવતા ભવે મળે મળે ને મળે જ.** જેમ ઘણા ફરવા જાય અને અમુક સ્થળ એકદમ ગમી જાય તો આખો દિવસ તેનું આસક્તિપૂર્વક વર્ણન કર્યા કરે, ખૂબ અનુરાગ બંધાઈ જાય તો પછી ત્યાં ઘાસ કે કીડી તરીકેનો પણ ભવ મળે. જેમ ગોળ પર ખૂબ રાગ હોય તો તે મરીને તેમાં ઇયળ થાય. દૃષ્ટાંત આવે છે કે સ્ત્રી પર ઘણો રાગ હતો, તો તે મરીને તેના જ પેટમાં કીડો થયો. તેના રૂપ-શરીર પર ખૂબ મોહ હતો માટે તે શરીર આ રીતે ફરી મળ્યું. બસ, હવે તેમાં પડ્યો રહેશે. કર્મે ગમતી વસ્તુનો યોગ કરાવી દીધો. **માટે તીવ્ર રાગ ગમે ત્યાં નહીં કરતા.** સારા માણસો કે ઉત્તમ આત્મા પર જીવનમાં રાગ કર્યો હશે તો ભવાંતરમાં તમને તેમનો યોગ થશે. તમારા ઘરમાં કોઈ ધર્મી હોય અને તેના પર રાગ કરો અને જો તે જન્માંતરમાં મળશે તો તમને ત્યાં પણ ધર્મમાં ઉપયોગી થશે. તમે અત્યારે કાંઈ વીતરાગ નથી, એટલે રાગ કર્યા વગર જીવનમાં રહી શકો તેમ નથી, પરંતુ રાગ કરો તો યોગ્ય પાત્ર પર જ કરજો. ભવાંતરમાં જો ગમે તેવી વ્યક્તિ ભટકાશે તો અધઃપતન થઈ જશે. માટે **રાગ કરવો પડે તો ગુરુ પર, ધર્મ પર, દેવ પર રાગ કરો. અરે ! સંસારમાં પણ ધર્મી વ્યક્તિ સાથે સ્નેહ બાંધો.** ગમે તે પાત્ર પર તો રાગ ન જ કરવો જોઈએ. અધર્મી પર રાગ કરશો તો બરબાદ થઈ જશો. તમારા જીવનમાં

રાગ કરવા, સંબંધ બાંધવા માટે સુયોગ્ય વ્યક્તિની પસંદગી કરો. ઘણાને મિત્રો નાસ્તિક હોય, અધર્મી હોય અને તેમના પ્રત્યે જો બહુ જ રાગ થાય, તો તે જ્યાં જશે ત્યાં તે રાગ તમને ભવાંતરમાં તેની પાસે ખેંચી જશે. તે તો બરબાદ થશે પણ તમે પણ સાથે બરબાદ થઈ જશો. કારણ તેનાથી તમને હલકો ભવ ઉદયમાં આવે છે.

એક દૃષ્ટાંત આવે છે કે, એક રાજાને તેની રાણી પર અનહદ અનુરાગ છે. રાજા શૂરવીર-ક્ષત્રિય-સદાચારી અને નીતિમાન છે. પણ તેના શત્રુએ તેને છળકપટ કરીને મારી નાંખ્યા. તે શૂરવીર હોવાથી યુદ્ધમાં લડતાં લડતાં મર્યા છે. ખૂબ ખૂમારીથી લડ્યા છે, પણ આવેશ એવો આવ્યો છે કે આ લુચ્ચો-બદમાશ છે, જે છળકપટ કરીને જીતવાનો પ્રયત્ન કરે છે, આવા બદમાશ-દગાખોરને તો બરાબર પૂરો કરવો જોઈએ. આવા આવેશપૂર્વક ઠેઠ મૃત્યુ સુધી તેમને રૌદ્રધ્યાન છે, ક્રૂરતા આદિના ભાવો છે, તેથી મરીને છઠ્ઠી નરકે જાય છે. આ મૃત્યુના સમાચાર પત્નીને મળે છે. તે ખૂબ જ વિલાપ કરે છે અને કહે છે કે "હમણાં ચિતા સળગાવો, મારે મરી જવું છે. હું પતિના વિયોગમાં જીવી શકું તેમ નથી. અમારે એક દિવસનું પણ આંતરું ન પડવું જોઈએ." તે રાણી પણ આમ તીવ્ર રાગથી મરીને છઠ્ઠી નરકે ગયાં. મરતાં તેમણે સંકલ્પ કર્યો છે કે જ્યાં રાજા ગયા છે ત્યાં તેમના સહવાસમાં મારે રહેવું છે. આ ભાવ તેમનો તીવ્ર છે. તેથી આગમાં સળગતાં પણ તેને અનુરૂપ અધ્યવસાય આવે છે કે એમને મળવું છે. આ તીવ્ર અનુરાગને કારણે તે પણ મરીને ત્યાં છઠ્ઠી નરકે ગયાં છે. **આમ કાંઈ તેમણે એવાં પાપ નથી કર્યાં કે છઠ્ઠી નરકે જવું પડે, પણ આવા રાગના કારણે હવે કરોડો-અબજો વર્ષો સુધી માર ખાઈ ખાઈને જીવન પૂરું કરશે. એટલે સૌથી પહેલાં તો જીવનમાં રાગ કરવો જ નહીં, પણ જો રાગ કર્યા વગર ન રહી શકો તો ઉત્તમ પાત્રો સાથે કરજો; હલકાં પાત્રો સાથે રાગ કર્યા તો જોખમ ચોક્કસ ઊભાં થશે.**

શ્રીપાળ-મયણાનું દૃષ્ટાંત આવે છે કે આગલા ભવમાં શ્રીપાળ અધર્મી છે, જ્યારે મયણા સમ્યગ્દૃષ્ટિ છે. પણ શ્રીપાળ સાથે એવા રાગ બાંધ્યા છે કે કોઢિયાના વેશમાં તેમની સાથે પરણવાનું થયું. સમ્યગ્દૃષ્ટિ હોવા છતાં અધર્મી સાથે રાગ બાંધ્યા છે. **તમને જેના પર રાગ છે તેના જીવનમાં પાપની અનુચિત પ્રવૃત્તિ હશે તો તેની અનુમતિનું પાપ લાગશે, જે ભવાંતરમાં તેના વિપાક બતાવશે.**

**સભા :-** તેની જેમ ધર્મની પ્રવૃત્તિ હોય તો તેની અનુમોદનાનું પણ ફળ મળે ને ?

**સાહેબજી :-** હા, તમને જો ધર્મનો રસ હોય તો તેની અનુમોદનાનું ફળ મળે. કર્મના કાયદામાં પુણ્ય-પાપના સિદ્ધાંતો સમતોલ છે. અશુભભાવ જેટલા છે તેનાથી પાપ બંધાય, શુભભાવ જેટલા છે તેનાથી પુણ્ય બંધાય. જેમ તમારા દીકરાને તમે ધર્મી બનાવ્યો હોય, વળી તે ધર્મ કરે તો તમે રાજી થતા હો, તો તેવા સ્વભાવવાળો બાપ મરીને પરલોકમાં જાય પછી આ દીકરો જે ધર્મ કરે તેની અનુમતિ અને અનુમોદનાનો બાપને લાભ મળે, અરે ! કરાવણનો લાભ પણ મળે. તે જ રીતે પાપ કરવા માટે વારસો આપો, એવાં સાધનો આપો, પાપપ્રવૃત્તિ તેના જીવનમાં ગોઠવી આપી હોય, તો તે તેનાથી જેટલું પાપ કરશે તેમાં અનુમતિ અને અનુમોદનાનું પાપ લાગે છે, અને કરાવણનું પણ પાપ લાગે છે, કેમ કે તે પાપપ્રવૃત્તિ તમે ગોઠવી આપી છે.

**સભા :-** વોસિરાવી દઈએ તો ?

**સાહેબજી :-** મોઢેથી બોલો તે જુદી વસ્તુ છે, પણ મરતી વખતે અંતરથી મમતા વોસિરાવવાની છે. કોઈ જ્ઞાની પુરુષ બીજા ભવમાં તમને એમ કહે કે તમારો દીકરો પૈસા ખોઈને ભિખારી થયો છે તો શું થાય ? અસર થાય કે નહીં ?

**સભા :-** સંબંધ તૂટી ગયા પછી અસર ન જ થાય.

**સાહેબજી :-** સાચું બોલજો, અત્યારે કોઈ એમ કહે કે ગયા ભવમાં આ બંગલો તમારો હતો, આ જર-ઝવેરાત બધું તમારું હતું, તો મનમાં શું થાય ? અરે રે ! આટલું બધું મારું હતું અને ચાલ્યું ગયું ? આવું થાય ને ? માટે અંદર મમતા પડી છે. જન્મોજન્મના રાગ વોસિરાવવા તે સહેલી વસ્તુ નથી.

**સભા :-** પણ અમે પાપ-પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા કરીએ છીએ.

**સાહેબજી :-** નાણ માંડી ફેરા ફરી ક્રિયા કરી લો તેટલામાત્રથી પતી ગયું ? હૈયાની કોર જેવો તમારો દીકરો હોય અને બીજા ભવમાં જ્ઞાની કહે આ તમારો દીકરો છે, તો અસર ન થાય ? અત્યારે ખાલી કોઈકની સુંદર ગાડી કે નેકલેસ જુઓ છો તો મનમાં ગલગલિયાં થતાં હોય છે, તેને કોઈ કહે કે આ દેવલોકનાં સુંદર જર-ઝવેરાત, દેવવિમાનો આ બધું તમારું હતું, તો શું થાય ? તે કાંઈ નજરે દેખાતું નથી, પણ નજરે દેખાવાનું ચાલુ થાય તો શું થાય ? મનને નિર્મળ બનાવવા

માટે સંશોધન કરવું પડે તેમ છે. મોટા ભાગના લોકોને દેવલોક ન દેખાય તો સારું; નહીંતર જોઈને ગાંડા થઈ જાય.

હાસા-પ્રહાસા જે નર્તકી જેવી દેવીઓ છે, આવી હલકી post(હોદ્દા)માં રહેલી અપ્સરા જોઈને પણ કુમારનંદીની હાલત શું થઈ છે ? મર્ત્યલોકની રૂપરૂપના અંબાર સમી ૫૦૦ સ્ત્રીઓને પડતી મૂકી ને ? **જેને વિરાગ નથી ને ભોગોમાં તીવ્ર રાગ છે, તે તો દેવલોકમાં જાય તેટલી વાર ! તેની તો હાલત વિચારવા જેવી નથી.**

**સભા :-** દેવતા મૂળ સ્વરૂપે આવતા નથી ને ?

**સાહેબજી :-** મૂળ સ્વરૂપે આવે તો તમારી હાલત ખરાબ થઈ જાય. પૂ. કાલિકાચાર્ય મહારાજ સાહેબ પાસે ઇન્દ્ર આવ્યા ત્યારે બધા જ સાધુ ભગવંતો બહાર ગયેલા છે. તેમને ઇન્દ્ર મહારાજાની ઓળખાણ થયા પછી કહ્યું હમણાં બધા સાધુઓ આવશે. શાસ્ત્રમાં કહેલો દેવલોક પ્રત્યક્ષ છે, તેની ખાતરી તમારી હાજરીથી થશે, માટે ઊભા રહો. ત્યારે ઇન્દ્રમહારાજા વિનયથી કહે છે કે સાહેબ ! આવો અખતરો કરવા જેવો નથી. મારું મૂળ સ્વરૂપ જોશે તો કેટલાય સાધુ નિયાણાં કરશે. માટે હું રોકાતો નથી. પરંતુ ઉપાશ્રયના બધા દરવાજા ને ભીંત બદલી દઉં છું. આને ચમત્કાર કહેવાય. આને ચમત્કાર તરીકે અમે ચોક્કસ માનીએ. આંખના પલકારામાં આ રીતે કરવું વિજ્ઞાનદૃષ્ટિએ પણ શક્ય નથી. પરંતુ ઇન્દ્રમહારાજા તો તરત કરીને ચાલ્યા ગયા. હવે મહાત્માઓ આવે છે. પણ જ્યાં દરવાજો હતો ત્યાં ભીંત જુએ છે માટે આમ તેમ ફર્યા કરે છે.

ભરત મહારાજાને ઇન્દ્રમહારાજા સાથે સંબંધ કેટલો હતો ! એક વખત સમવસરણમાં ઋષભદેવ પાસે ઇન્દ્રમહારાજા આવ્યા ત્યારે ભરતરાજાએ કહ્યું, અમારે આપનું અસલી રૂપ જોવું છે. ત્યારે તેમણે કહ્યું કે તમારે માટે યોગ્ય નથી. ખૂબ આગ્રહ કર્યા પછી ફક્ત અંગૂઠો દેખાડ્યો છે, અને તે જોઈને પણ ભરત મહારાજા ખૂબ જ ચમકી ગયા છે કે એક અંગૂઠો આવો હશે તો દેહ કેવો હશે !

**સભા :-** દેવો મનુષ્યોને દેવલોકમાં લઈ જઈ શકે ?

**સાહેબજી :-** હા, મઝેથી લઈ જઈ શકે, જો પુણ્ય હોય તો. પાંચે પાંડવોને ધરણેન્દ્ર તેમના મહેલમાં લઈ ગયા છે, ભક્તિ કરી બહુમાન કર્યું છે; પણ તેના માટે પુણ્ય જોઈએ.

હવે આ(તાપસ) શેઠને ક્ષેત્રનો રાગ છે, આસક્તિ છે માટે મરીને તે સ્થાનમાં ભૂંડ થયો છે. ફરતાં ફરતાં પોતાનો બંગલો જોતાં ઊહાપોહ થાય છે ને જાતિસ્મરણ થાય છે; જેનાથી ખબર પડે છે કે પુત્ર-પત્ની-બંગલો બધું મારું છે, પણ કોઈ અત્યારે બંગલામાં પેસવા દે તેમ નથી. અંદરમાં કેવું થતું હશે ? પછી તેની જ તિથિ આવી ત્યારે તેને જ મારીને મૃત્યુતિથિની ઊજવણી થાય છે. ઘણી જ ચિચિયારીઓ પાડે છે. પણ કોણ સાંભળે ? પછી મરીને સાપ થયો. તે ભવમાં પણ તે જ પુત્ર-પત્ની-બંગલો જોતાં જાતિસ્મરણ થયું. તેને કર્મના વિપાકો અનુભવમાં આવ્યા છે, માટે સાપ હોવા છતાં થોડો શાંત બન્યો છે. ત્યાં પણ તેને માર મારી-મારીને મારી નાંખ્યો, પણ મરતી વખતે કર્મથી મારી કેવી હાલત થાય છે તે વિચારે છે, અને ઋજુભાવ હોવાના કારણે મરીને તે દીકરાના દીકરા તરીકે જન્મ્યો. પછી ત્યાં થોડો સમય પસાર થયા પછી ઊહાપોહપૂર્વક ધારી ધારીને જોતાં જાતિસ્મરણ થયું.

આ તાપસશેઠને ત્રણ ભવનું જાતિસ્મરણ થાય છે, માટે ત્રણે ભવમાં પડતો માર દેખાતો જાય છે, અને અક્કલ ઠેકાણે આવતી જાય છે. તેને થાય છે કે શેઠ તરીકે બધાનો વડીલ એવો હું ભૂંડ થયો, સાપ થયો અને હવે દીકરાને ત્યાં દીકરો થયો. પણ હું દીકરાને બાપ કેમ કહું ? દીકરાની વહુને મા કેમ કહું ? માટે તે ખાય છે, પીએ છે પણ કાંઈ બોલતો નથી. આઘાતના કારણે તે મૂંગો થઈ ગયો છે. લોકમાં છાપ એવી પડી કે તે મૂંગો છે. આમ તો તે ખોડ-ખાંપણ વગરનો છે, બુદ્ધિશાળી છે, છતાં બાળક તરીકે પણ સાવ શાંત થઈ ગયો છે. માટે તેનું અશોકદત્ત નામ હોવા છતાં મૂક નામ પડી ગયું. યુવાનીમાં આવતાં પણ કોઈ ઉન્માદ-તોફાન-મસ્તી કે સંસારનું આકર્ષણ-રાગ તેનામાં દેખાતાં નથી.

આ મૂક કાંઈ ધર્મ પામ્યો નથી, પણ સંસારમાં ડફણાં એટલાં ખાધાં છે કે કોઈ ખોટા વિકારો-આસક્તિ તેના જીવનમાં દેખાતાં નથી. યુવાનીમાં પણ ધીર-ગંભીર-શાંત થઈને જીવે છે. એક વખત જ્ઞાની મહાત્મા નગરમાં પધાર્યા છે. તેમણે ઉપયોગ મૂક્યો કે આ નગરમાં લાયક જીવ કોણ છે ? તેને શોધીને મહેનત કરીને ધર્મ પમાડું. આ મહાત્માને લાયક જીવ તરીકે આ મૂંગો દેખાયો, કારણ કે અત્યારે તે ધર્મ પામવા લાયક છે. **લાયક જીવને જાતિસ્મરણ થાય તો તેના ઘણા આવેગો શાંત થઈ જાય.** આ જ્ઞાની મહાત્માએ તેમના શિષ્યોને બોલાવીને વાત કરી અને ગોચરી વહોરવા મોકલ્યા છે. જેવા મહાત્માને જોયા કે મૂક

ઉલ્લાસથી ઊભો થઈને વહોરાવે છે. સ્વતઃ ઇચ્છા-ઉલ્લાસથી પ્રવૃત્તિ કરે છે ત્યારે મહાત્મા તેને કહે છે, "હે તાપસ શ્રેષ્ઠી ! તું આસક્તિના કારણે ભૂંડ થયો, સાપ થયો અને હવે મૂંગો થયો. તેં તારા ભવો પ્રત્યક્ષ જોયા છે છતાં હજી પણ તું આવું સંસારનું સ્વરૂપ જોઈને ધર્મ પામવા કેમ તૈયાર નથી ? હવે તો તું પામ." મૂકને થયું કે મારી ગુપ્ત વાત આમણે કેમ જાણી ? માટે તેમને પૂછે છે, "તમે જાણ્યું ક્યાંથી ? મને ઉપદેશ આપો." તો શિષ્ય કહે છે કે અમે કશું જાણતા નથી, અમારા ગુરુએ કહ્યું છે. તમે ત્યાં આવો. તેથી તે ત્યાં જાય છે. ગુરુ તેને ધારદાર દેશના આપે છે. તેથી તે મિથ્યાત્વ વમીને સમકિતને પામે છે. અત્યાર સુધી તેને તત્ત્વનો વિવેક નહોતો માટે સમકિત પામ્યો નથી. દીક્ષા લઈ શકે તેવું હજી તેનું સ્તર નથી તેથી શ્રાવકનાં ૧૨ વ્રત પાળે છે. આ મોટાભાઈના નિમિત્તથી પુરોહિતપુત્ર દેવ સમકિત પામશે.

તે દેવ ભગવાનને પ્રશ્ન કરે છે, "હે ભગવન્ ! હું સમકિત કેવી રીતે પામીશ ?" આના જવાબમાં ભગવાન જણાવે છે કે- "વૈતાઢ્ય પર્વત પર સિદ્ધાયતન મંદિરમાં તું કુંડળ જોઈશ ત્યારે સમકિત પામીશ." આ સાંભળીને દેવ હર્ષ પામ્યો અને વંદન કરીને મૂકને ત્યાં ઊપડ્યો. તેને અત્યારે મોતના વિચાર આવતા નથી. વિચારજો, કેવો ધર્મરાગ હશે ! મૂંગા પાસે આવીને ચમત્કાર દેખાડ્યો, દેવતા તરીકે મૂળ સ્વરૂપ બતાવ્યું અને બધી વાત કરી કે હું આવતા ભવે તમારો નાનો ભાઈ થઈશ. ભગવાને કહ્યા પ્રમાણે તમારે મને ત્યારે ધર્મ પમાડવાનો છે. દેવ તેમને કુંડળ આપે છે, સાથે ચિંતામણિ રત્ન પણ આપીને જાય છે. પછી આરાધના કરતાં કરતાં તે દેવ સમાધિપૂર્વક ચ્યવન થતાં આમને ત્યાં જન્મે છે. તે જે વખતે માતાના ગર્ભમાં આવે છે ત્યારે માતાને કેરીની સીઝન ન હોવા છતાં કેરી ખાવાના દોહદ થાય છે. બાળક ગર્ભમાં માતાની સૌથી નિકટ હોય છે. તેથી માતાના વિચારો પર બાળકના વિચારોની અને બાળકના વિચારો પર માતાના વિચારોની અસર થાય છે. તમારાં વર્તમાન કુટુંબોમાં આવા અવસરે માતાને શું ખાવાની ઇચ્છા થાય ?

**સભા** :- કોલસા ખાવાની ભાવનાઓ થાય છે.

**સાહેબજી** :- તે ખરાબ ઇચ્છા છે. જો ભાવિ વ્યક્તિ ઉત્તમ હોય તો ઉત્તમ અભિલાષા થાય. ત્રિશલામાતાને પ્રભુ ગર્ભમાં હતા ત્યારે એવા સુંદર ભાવ થયા

છે કે હું રાજસિંહાસન પર બેસું, લોકમાં આજ્ઞાતંત્ર ચલાવું અને અનેક જીવોને અભયદાન આપું. કારણ ગર્ભમાં ઉત્તમ જીવ છે !

તેમ આમને કેરી ખાવાના ભાવ થયા છે. કેરીની સીઝન ન હોવાથી મનોરથ પૂરા થતા નથી. પરંતુ મૂકને લાગે છે કે આ તે જ દેવનો જીવ ગર્ભમાં આવ્યો છે, માટે ચિંતામણિ રત્નથી તે દોહદને પૂરા કરે છે. ઉપરાંત તે ઘરના બધા સભ્યો આ શેઠ(મૂક)નો પૂર્વભવ જાણવાથી ધર્મના ઉપાસક બન્યા છે, માટે હવે ધર્મને અનુકૂળ વાતાવરણ છે. જેવો બાળક જન્મે છે તેવો જ ભાઈ તેને નવકાર સંભળાવે છે. નામ પણ અર્હદ્દત્ત રાખે છે. **૪૦ દિવસ પૂરા થઈ ગયા પછી તેને પૂજા કરાવે છે,** દરરોજ જિનમૂર્તિ દેખાડે છે, જેથી ધર્મના સંસ્કાર પડે. ધર્મ પામે માટે સદ્‌ગુરુનાં ચરણોનો સ્પર્શ કરાવે છે. સારા સંસ્કાર આપવાનો પ્રયત્ન કરે છે. પણ હવે આ જીવને પેલું મિથ્યાત્વમોહનીયકર્મ ઉદયમાં આવે છે.

આ બાળક આમ ખીલતું રમતું હોય પણ જેવા તેને ભગવાન દેખાડે, ગુરુ બતાવે એટલે રડવા લાગે, હોહા મચાવી દે; અને દહેરાસરની બહાર લઈ જાય તો તરત જ શાંત થઈ જાય. વિચારજો, આગલા દેવના ભવમાં આ જીવ ધર્મ માટે કેટલાં વલખાં મારતો હતો ! માટે જ ભાઈને પહેલેથી જ સાવધાન કર્યા હતા. ભાઈ પણ તેને ધર્મ પમાડવા જબ્બર પુરુષાર્થ કરે છે. ઘરમાં પણ પૂરેપૂરું ધર્મનું વાતાવરણ છે. પરંતુ આણે કર્મ એવું બાંધ્યું છે કે, બોધિ પામવા માટેની સામગ્રી મળી છતાં ધર્મ જ ગમે નહીં. તેથી બીજે આરામથી રખડી શકે પણ દહેરાસરમાં પા કલાક પણ બેસી ન શકે. આમાં તેને રસ જ પડતો નથી. સાધનામાં આ ઉત્કૃષ્ટ વિઘ્ન આવ્યું.

**સુદેવ-સુગુરુ-સુધર્મના આલંબનથી કરાતી ધર્મક્રિયાઓ જે જીવને ગમે નહીં, તે જીવ આત્મકલ્યાણ કરી શકે નહીં.** ઉત્કૃષ્ટ વિઘ્ન ભલભલા સાધકને આવે તો તેની સાધના પણ સંપૂર્ણ બંધ થઈ જાય છે. આને નાનપણમાં આપેલા ધર્મના બધા સંસ્કાર નિષ્ફળ ગયા. કાલક્રમે મોટો થયો. સંસારમાં બધી રીતે ભણીગણીને તૈયાર થયો છે. તેનો મોટો ભાઈ વારંવાર આગલા ભવમાં કહેલી વાતો યાદ કરાવે છે, પણ આને સાંભળવું પણ ગમતું નથી. બધી ઉપજાવેલી વાતો લાગે છે. હવે તેને ભરજુવાની આવી છે. રૂપાળો છે. ૪ શ્રેષ્ઠીકન્યા સાથે પરણ્યો છે. રંગરાગમાં મસ્ત થઈને ફરે છે. આમ, વર્ષોનાં વર્ષો વીતી ગયાં છે. ભાઈને થાય

છે કે આ જીવ આગલા ભવમાં ધર્મ અને સમકિત માટે વલખાં મારતો હતો, જ્યારે અત્યારે તો આ જીવની પરિસ્થિતિ જુઓ ! આવું સંસારનું સ્વરૂપ જોતાં મોટાભાઈને ખૂબ જ આઘાત લાગે છે. તેથી થાય છે કે આ સંસારમાં રહેવા જેવું નથી. જો આવું કર્મ મને બંધાઈ જશે તો મારા પણ બાર વાગી જશે. તેથી સંસાર છોડીને મોટા ભાઈએ દીક્ષા લીધી.

અર્હદ્દત્તના જીવે એવું કર્મ બાંધ્યું છે કે જ્યારે ઉદયમાં આવ્યું ત્યારે તેને બોધિ દુર્લભ થઈ ગયું. સાચા સાધકે ભૂતકાળમાં બાંધેલાં આવાં કર્મ ઉદયમાં ન આવે તે પહેલાં સાફ કરી લેવાં અથવા પાતળાં કરી લેવાં જોઈએ. ઉત્તમમાં ઉત્તમ જીવ હોય અને તારવા સાક્ષાત્ તીર્થંકર મળે, પણ જેને ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તેને પડતાં કોઈ ન બચાવી શકે. એક વખત તો તેને પડવું જ પડે.

**સભા :-** નિકાચિતકર્મ કઈ રીતે ખપે ?

**સાહેબજી :-** નિકાચિતકર્મ ક્ષપકશ્રેણિના તપમાં તૂટે. નિકાચિતકર્મ ઉદયમાં આવે તે પહેલાં ક્ષપકશ્રેણિમાં સરકી જાઓ તો જરાપણ જોખમ ન રહે.

હવે આ મોટોભાઈ દીક્ષા લીધા પછી સુંદર સાધના કરી અનશન તપપૂર્વક મરી દેવલોકમાં ગયો. ત્યાં ગયા પછી તરત ઉપયોગ મૂક્યો. આગલા ભવની બધી પરિસ્થિતિ જાણી, તેથી ખૂબ જ અફસોસ થાય છે કે "હું નાનાભાઈને ધર્મ ન પમાડી શક્યો. મારા વચન પ્રમાણે હું આચરી ન શક્યો પણ મારે તે વચન પૂરું કરવું છે. પરંતુ ભાઈ ધર્મ પામે તેમ નથી, તો હવે શું કરવું ?" આમ દેવતા વિચારે છે. આવી રીતે પાછળ પડનાર ન હોય તો આ જીવ ધર્મ પામ્યા વિના પાછો દુર્ગતિમાં જાય. દેવતાના ભવમાં ગયા પછી પણ મોટાભાઈ વચન ભૂલ્યા નથી માટે પ્રતિબોધ કરવા આવ્યા છે. પણ હજી આ સીધી રીતે ધર્મ પામે તેમ નથી. ચાર પત્નીઓ સાથે એશઆરામથી મોજમજા કરે છે. તેથી દેવ વિચારે છે કે આને ધર્મ પમાડવા માટે શું કરવું ?

દેવતાએ તેના શરીરમાં ભયંકર રોગ પેદા કર્યો જેથી પેટ મોટું થઈ જાય છે, અને ભયંકર વેદનાના કારણે ત્રાસ ત્રાસ થાય છે. તે હવે ઓય મા, ઓય બાપ પોકારે છે. ઉપચારરૂપે ઘણા જ પ્રયત્નો કરે છે, મંત્ર-તંત્ર પણ કરાવ્યા છે. પણ આ તો કૃત્રિમ દેવતાઈ શક્તિથી ઊભું થયેલું છે. માટે દુઃખ મટતું નથી.

**સભા :-** દેવતા કર્મની ઉદીરણા કરી આપી શકે ?

**સાહેબજી :-** હા, **દેવતા અનિકાચિતકર્મની ઉદીરણા કરી આપે.** કર્મમાં ઊલટસૂલટ કરી આપે. અમુક પ્રકારની તેમનામાં શક્તિ હોય છે. અનિકાચિતકર્મ ઉદયમાં લાવી શકે, સંક્રમણ પણ કરી આપે.

હવે આને વેદના એટલી થાય છે કે તેમાંથી કોઈપણ રીતે છૂટવાનું મન થાય છે. એટલે કુટુંબીઓને બોલાવીને કહે છે કે, હવે હું મરી જઈશ તો જ મને શાંતિ થશે. તેથી ભડભડતી ચિતા સળગાવી અને મરવાના સંકલ્પ સાથે ઊભો છે, ત્યાં આ દેવતા ભીલવૈદનું રૂપ લઈને આવે છે, અને કહે છે કે હું ગમે તેવા રોગને મટાડી શકું છું. સર્વ રોગોનો હું ચિકિત્સક છું.

આમ તો આવા વૈદને કોઈ બોલાવે નહીં પણ આ એટલો ત્રાસ્યો છે, તેથી તેને થાય છે કે વાગ્યું તો તીર નહીં તો તુક્કો, માટે તે વૈદને બોલાવે છે અને પોતાના રોગનું નિવારણ કરવા કહે છે. તે વૈદ બધી રીતે તેની તપાસ કરી કહે છે, "આ ભયંકર રોગ છે, જેમાં જીવનું જોખમ છે. પણ મારી પાસે જડીબુટ્ટી છે તેનાથી તારો રોગ જશે. પણ તેમાં કડક શરતો છે. ઘરબાર છોડી દેવાં પડશે, પત્નીઓ છોડી દેવી પડશે અને પછી મારી પાછળ પાછળ ફરવું પડશે, મારા જેવી દિનચર્યા પાળવી પડશે, બધી ચરીઓ પાળવી પડશે."

પેલો તો કંટાળીને મરવા તૈયાર થયો છે તેથી અત્યારે બધું કરવા તૈયાર છે, માટે હા પાડે છે. પછી વૈદે તે કૃત્રિમ રોગને મટાડી દીધો અને જડીબુટ્ટીનો જે કોથળો છે તે તેના ખભે મૂકીને તેને પોતાની સાથે લઈ જાય છે અને શરત પ્રમાણે અમલ કરવાનું કહે છે. તેને કૃત્રિમ સાધુનો વેશ આપીને આખી સાધુની દિનચર્યા બતાવે છે, ભણાવી-ગણાવીને તૈયાર કરે છે, પછી કહે છે કે તારે જીવનભર આમ ફરવાનું છે.

થોડો ટાઈમ વૈદ તરીકે સાથે રહીને પછી તે દેવતા દેવલોકમાં ગયો. ત્યારબાદ અમુક સમય વીત્યા પછી ભાઈસાહેબને તેની પત્નીઓ અને મોજમજા યાદ આવ્યાં. તેથી વેશ પડતો મૂકીને ઘરે આવ્યો અને પાછો પહેલાંની જેમ મોજમજા કરવા લાગ્યો. આ બાજુ દેવતાએ તેની પરિસ્થિતિ જાણવા પાછો ઉપયોગ મૂક્યો. દેવે જોયું કે હજી આ ધર્મ પામી શકે તેમ નથી, માટે ફરીથી

રોગ પેદા કર્યો. તીવ્ર વેદના ઊભી થવાથી કંટાળીને પાછો મરવાની તૈયારી કરી ચિતા પાસે ઊભો રહે છે. ત્યાં પેલો વૈદ પાછો આવી કહે છે કે મારું કહ્યું ન માન્યું માટે આ થયું છે. આ સાંભળી તે કહે છે કે હું હવે કદી આવું વર્તન કરીશ નહીં. આમ, કબૂલાત કરાવી રોગ મટાડ્યો. પછી સાધુવેશમાં તેને સાથે લઈ જઈ રસ્તામાં વિચારે છે કે આને ધર્મ પમાડવા હજી બીજો ઉપાય શું કરવો ?

દેવમાયાથી રસ્તામાં તેને કૃત્રિમ દશ્યો દેખાડે છે. આખું ગામ સળગતું બતાવે છે અને પોતે આગ ઠારવા માટે તેમાં ઘાસ નાંખતો હોય તેવું બતાવે છે. ત્યારે પેલો કહે છે કે "આ કેવું બેહૂદું કામ કરો છો ? આગને ઠારવા તો કદી ઘાસ નંખાતું હશે ? આવું ઊંધું બુદ્ધિ વગરનું કામ કેમ કરો છો ?" ત્યારે તે વૈદ તેને ખખડાવે છે કે "મને તું શું સલાહ આપે છે ? પહેલાં તું સમજ. આ વિષયકષાયરૂપી આગને ઠારવા માટે સમતાનું પાણી છાંટવાના બદલે વિષયકષાયને વધારે તેવી ભોગપ્રવૃત્તિ તો તું જ કરે છે." તે આ ગુપચુપ સાંભળી લે છે. ત્યારે દેવને થાય છે કે હજી અસર થઈ નથી. માટે બીજું કૃત્રિમ દશ્ય દેખાડે છે કે ભૂંડ વિષ્ટામાં મોં નાખીને ખાય છે, અને બાજુમાં પડેલી સારી વસ્તુને ખાતો નથી. આ જોઈ અર્હદ્દત્ત બોલે છે કે "આ ભૂંડ કેવો છે ? સારી વસ્તુ છોડીને ગંદામાં ગંદી વસ્તુને મઝેથી ખાય છે !" ત્યારે વૈદ કહે છે "તું કેવો છે ? તેં શું કર્યું ? સારી વસ્તુ છોડીને(સાધુવેશ) તું પાછો ક્યાં ગયો ?"

હા, હવે ટાઈમ થઈ ગયો. કાલે બાકીનું દૃષ્ટાંત વિચારીશું.

# ૪૦

તા.૨૬-૯-૯૫, મંગળવાર, આસો સુદ બીજ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને મોક્ષમાર્ગની અનુપમ સામગ્રી આપનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મોક્ષમાર્ગની અતિ દુર્લભ અને શ્રેષ્ઠ સામગ્રી આપવા દ્વારા પરમાત્માએ સાંગોપાંગ આત્મકલ્યાણનો માર્ગ પ્રદાન કર્યો છે. અન્ય ધર્મોમાં આવી શ્રેષ્ઠ સાંગોપાંગ સામગ્રી મળે તેમ નથી, માટે જ ત્યાં પરિપૂર્ણ કલ્યાણ થઈ શકે તેમ નથી. આવી સામગ્રી પુણ્યના કારણે જ આપણને જન્મથી મળી છે, પરંતુ આ શાસન ગમે ક્યારે ? જો મિથ્યાત્વ ગાઢ ન હોય તો જ ગમે.

આપણે ઉત્કૃષ્ટ વિઘ્નના દૃષ્ટાંતમાં જે જોઈ ગયા તેના પર જરા ફરીથી વિચારીએ. પુરોહિતપુત્રને દેવલોકના ભવમાં દેહ પર મૃત્યુનાં લક્ષણો દેખાવાથી મૃત્યુ સામે દેખાયું, તેથી તેને ચિંતા થઈ કે હું પરલોકમાં ધર્મથી વિખૂટો તો નહીં પડું ને ? ભવોભવ ધર્મ સાથે ટકી રહે તેવી તેની ઉત્કટ ભાવના છે. ભૌતિક ક્ષેત્રમાં જેમ અતિશય પ્રિય વસ્તુનો કોઈ વિયોગ ઇચ્છતું નથી, તેમ જેને તીવ્ર ધર્મરાગ હોય તે ધર્મના વિયોગની કલ્પનામાત્રથી ધ્રુજી ઊઠે, ચિંતાતુર થઈ જાય. માટે તે ધર્મથી વિખૂટો પડવા જરાપણ તૈયાર નથી. માટે જ દેવભવમાં જ મનુષ્યલોકમાં આવીને પોતાને ધર્મ પમાડવા મોટાભાઈને વિનંતિ કરી તેમને કુંડળ અને રત્ન આપ્યાં છે. પછી ચ્યવન થતાં મનુષ્યના ભવમાં તેને ધર્મસામગ્રી પણ પુણ્યથી મળી છે, તેનો મોટો ભાઈ જ સમ્યગ્દૃષ્ટિ છે, પરંતુ હવે નિકાચિત કર્મનો વિપાક ચાલુ થાય છે, તેથી શાસન મળવા છતાં તેને ધર્મ તરફ આદર સત્કાર થતો નથી. જન્મેલું બાળક હોવા છતાં તેને દહેરાસરમાં લઈ જાય તો રડે છે, ગુરુ પાસે લઈ જાય તોપણ રડે છે, પરાણે પૂજા કરાવડાવે તો હોહા મચાવે છે; પાછી સંસારની બધી પ્રવૃત્તિ મઝેથી કરે છે. બાળકને કાંઈ ધર્મ માટે સમજણ નથી, પણ જન્મથી જ મનના ભાવ એવા છે કે જેથી ધર્મનું આધાન જ ન થઈ શકે. યુવાન થયા પછી પરણીને તે બધા ભોગ ભોગવે છે. આ નાના ભાઈની દશા જોઈને જ મોટાભાઈને નિર્વેદ થાય છે. સંસારનું

સ્વરૂપ કેવું છે તે વિચારે છે અને વૈરાગ્ય પામી દીક્ષા લે છે. તે દીક્ષા લઈ આરાધના કરી દેવલોકમાં ગયા છે. ત્યાંનાં તો આયુષ્યો પણ લાંબાં હોય છે, નૃત્ય-સંગીતના પ્રસંગો પણ લાંબા હોય છે. તે પતાવીને બહાર નીકળે ત્યાં તો અહીંયાં પેઢીઓની પેઢીઓ પૂરી થઈ ગઈ હોય.

**સભા** :- ત્યાં ૬૦ મિનિટનો કલાક હશે ?

**સાહેબજી** :- આ બધી સમયની ગણતરી તો તમે કૃત્રિમ ઊભી કરેલી છે. આ માપ તો હમણાં થયું છે. ૨૦૦ વર્ષ પહેલાં પણ નહોતું. ત્યાં શાસ્ત્રીય રીતે કાલગણના હોય.

**સભા** :- ત્યાં દિવસ-રાત હોય ?

**સાહેબજી** :- દિવસ-રાત સીધાં ન હોય. કારણ કે ત્યાં અંધારું થતું નથી. વિમાનો જ એવાં તેજસ્વી હોય કે પ્રકાશ પ્રકાશ જ પથરાયેલો હોય. ત્યાં ઘડીકમાં ઠંડી ઘડીકમાં ગરમી ન હોય. ખુશનુમા જ વાતાવરણ હોય. આ બધો ત્રાસ મનુષ્યલોકમાં જ છે.

**સભા** :- તેઓ ઊંઘતા નથી ?

**સાહેબજી** :- થાકે તો થોડો આરામ કરે. **ઊંચા દેવલોકમાં અનુત્તર કે ગ્રૈવેયકના દેવતા જન્મે ત્યારથી મરતાં સુધી શય્યામાં જ હોય છે અને મઝેથી સમય પસાર કરે છે.**

**સભા** :- નિદ્રાદર્શનાવરણીયના ઉદયનું શું ?

**સાહેબજી** :- નિદ્રાદર્શનાવરણીયના ઉદયમાં દેવોને પ્રમાદ આવે, એટલે ઉપયોગ થોડો મંદ પડે તે નિદ્રાનો ઉદય છે. તમે ઝોકાં ખાઈને ગબડી પડો છો, તેવી નિદ્રા દેવલોકમાં નથી. નિદ્રાની અસર ઘણા પ્રકારે માની છે. માણસની માફક ચત્તાપાટ થઈને સૂઈ જાય તેવો દર્શનાવરણીયનો ઉદય ત્યાં નથી. સામાન્ય રીતે થોડો ઉપયોગ મંદ પડે તેને પણ નિદ્રા કહી છે. ત્યાં હંમેશાં ખુશનુમા વાતાવરણ હોય, કાયમ ત્યાં એરકન્ડીશન હોય, બાગ-બગીચા હોય, તમે જન્મારામાં ન જોયા હોય તેવા સુંદર હોય. ધર્મના પ્રભાવે જ ત્યાં જઈ શકાશે. છતાં ત્યાં ગયા પછી જો ધર્મ ભૂલી ગયા તો પાછા ખાડામાં જ પડવાનું છે.

**સભા** :- ત્યાંના બાગ-બગીચામાં ઉત્પન્ન થઈ શકીએ ને ?

**સાહેબજી :-** હા, પણ સારા ઝાડપાન થવા માટેય થોડું પુણ્ય વધારે જોઈએ. મર્ત્યલોકમાં પણ ઘણું ઘાસ એવી રીતે ઊગે, રસ્તામાં એવી જગ્યાએ ઊગે કે હજુ તો કૂંપળો ફૂટે ત્યાં તો પગ નીચે કચડાઈ કચડાઈને મરવાનું આવે. વળી ઘણાં ઝાડપાન એવી જગ્યાએ ઊગે કે ખોરાક-પાણી જ ન મળે અને રિબાઈ રિબાઈને મરવાનું આવે. જ્યારે ઘણાં એવા સ્થાને ઊગે કે જ્યાં ફળદ્રુપ જમીન હોય, ખાતર-રસકસ પૂરતાં મળતાં હોય, જેથી ખાઈપીને હટ્ટાકટ્ટા ઘટાદાર બની જાય. અરે ! ઘણાં એવી ડીરેકશનમાં-દિશામાં ઊગે કે ઠંડીમાં તડકાની હૂંફ મળે અને જ્યારે તડકો ન જોઈએ તે વખતે બંગલાની છાયા મળે,જ્યારે ઘણાને જન્મથી જ ધોકા ચાલુ થાય. આ બધી યોનિઓમાં બુદ્ધિ-કરામત લગાડવાથી અનુકૂળતા મળવાની નથી, માટે પુણ્ય સ્ટોકમાં જોઈએ.

ઘણાં ધનેડાં સીધાં અનાજના કોથળામાં જ જન્મે અને આખી જીંદગી અનાજ મઝેથી ખાઈને તગડાં ફરે. જ્યારે બીજાં ધનેડાં એવા સ્થાને જન્મે કે જ્યાં બહુ ખાવાની સગવડ ન હોય, ઊલટું બીજા જીવો તેમને ખોરાક તરીકે હજમ કરી જાય તેવો સતત ભય માથે ઝળુંબતો હોય. આ સંસારમાં પુણ્ય અને પાપની અસર જુઓ તો પ્રત્યક્ષ છે. આ ધનેડાંએ એવું તો શું કર્યું છે કે તેને જન્મથી ખાવાની મોજમઝા મળે છે ? અને બીજાને મળતી નથી ? માટે કારણમાં પુણ્ય માનવું જ પડે.

તમારે દેવલોકમાં ઝાડ બનવું છે ? આવાં ઝાડ બન્યેથી તમને સંતોષ છે ? બોલો જવું છે ? નાસ્તિકને પણ પૂછો તો ના પાડશે. ગતિ તો સારી જ જોઈએ અને સારી ગતિ બંધાય તેના માટે alertness(જાગ્રતિ) જોઈએ. સદ્‌ગતિનું એક કારણ જો જડબેસલાક જીવનમાં પકડી લીધું તો પછી વાંધો નહીં. ધર્મની શ્રદ્ધા થઈ જાય અને ધર્મ જીવનમાં વણાઈ જાય તો દુર્ગતિ નથી. નહીંતર દુર્ગતિમાં તો ગયા તેટલી વાર છે. પછી તો ત્યાં ધર્મ માટેનાં વિઘ્નો સતત ચાલુ જ હોય. **આ સંસારમાં સદ્‌ગતિના ભવો સંખ્યામાં બહુ જ ઓછા છે. દુર્ગતિના ભવોનો કોઈ પાર નથી.** વળી ત્યાં કોઈ ધર્મસામગ્રી પણ નથી. અનંત કાળે અકામનિર્જરાથી પાછા ઊંચે આવવાનું. અગાધ દરિયામાં તણખલું નાખ્યું હોય પછી ખબર પડે ક્યાં છે ? તેવી હાલત થશે. અત્યારે પશુયોનિમાં કેટલા પ્રકારના જીવો જુઓ છો ? કોઈ કહે આમાંથી પસંદગી કરો તો શું કરશો ? ભડકીને જ ભાગો ને ? સૌની આ જ સ્થિતિ છે. પાછું પસંદગીથી કોઈ જન્મતું નથી. કર્મરાજા જ્યાં લઈ જાય ત્યાં જવાનું છે. ધારો કે કોઈ માણસ શિખર પર બેઠો હોય અને ચારે બાજુ

લીસો ઢાળ હોય, નીચે ચારે બાજુ ઊંડી ખીણો હોય. હવે જો શિખર પર બેઠેલો માણસ ગબડે તો શું હાલત થાય ? એક પણ હાડકું મળે ખરું ? તેની જેમ અત્યારે આપણે ૮૪ લાખ જીવાયોનિરૂપ સંસારના શિખર ઉપર બેઠા છીએ. અહીંથી જવા માટે ૨૪ દંડક, ૮૪ લાખ જીવાયોનિ ખુલ્લાં છે. દુર્ગતિ-સદ્ગતિના બધા જ દરવાજા ખુલ્લા છે. પણ જો દુર્ગતિમાં ગયા તો ભયંકર હાલ થઈ જવાના છે.

આપણે જોયું કે આ પુરોહિતપુત્રના જીવ અર્હદત્તને ઊંચી ધર્મસામગ્રી મળી છે. ધર્મને અનુકૂળ વાતાવરણ પણ મળ્યું છે, પણ પેલા ભૂતકાલીન કર્મનો ઉદય એવો છે કે તેને ધર્મ પ્રત્યે અરુચિ જ છે. દેવતા થયેલ મોટાભાઈ ઉપયોગ મૂકી વિચાર કરે છે કે મેં આપેલું વચન પૂરું કરવાનું બાકી છે. માટે અહીંયાં આવે છે. વિશિષ્ટ અવધિજ્ઞાની ઉપયોગ દ્વારા સામેનાનું મન વાંચી શકે. તેનું મન જોતાં દેવતાને લાગે છે કે હજી આ ધર્મ પામી શકે તેમ નથી.

પ્રભાવતીરાણી ને ઉદયનરાજાનું પણ દૃષ્ટાંત આવે છે કે, જ્યારે રાણીએ દીક્ષાની વાત કરી ત્યારે રાજાએ ઘણી આનાકાની કરેલી, પણ પછી કહેલું કે મને ધર્મ પમાડવા દેવલોકમાંથી આવે તો દીક્ષા લેવાની રજા આપું. આ રીતે રાજાના આગ્રહથી વચન આપીને પ્રભાવતી દેવલોકમાં ગયાં છે. વચન પ્રમાણે પ્રભાવતીનો જીવ દેવલોકમાંથી આવે છે, પણ રાજા ધર્મ પામી શકે તેમ નથી. વચન માંગનાર રાજાને ધર્મ પામવાની કેટલી તાલાવેલી હશે ! પરંતુ ઉત્કૃષ્ટ વિઘ્ન છે. મિથ્યાત્વમોહનીય નડે છે, તેથી ધર્મ પામવો છે તોપણ પામી શકતા નથી. અહિતકારીમાં રસ પડ્યા જ કરે. ઉત્કૃષ્ટ વિઘ્નવાળો જીવ ધર્મ કરે તો ઊંધો જ પકડે. કારણ કે તેને ધર્મના નામથી અધર્મ જ ગમે, અથવા ધર્મ જ ન ગમે. ઘણા ધર્મ જ ઈચ્છતા નથી. જ્યારે ઘણાને ધર્મ ગમે છે પણ કુદેવ-કુગુરુ-કુધર્મને જ પકડીને ફરે છે. આ ઉત્કૃષ્ટ વિઘ્નનો પ્રભાવ છે.

**સભા :-** એકને ધર્મ જ ન ગમે અને એકને મિથ્યાધર્મ ગમે, આ બેઉમાં કોને પાપબંધ વધારે ?

**સાહેબજી :-** સાજા થવાનો આધાર રોગની માત્રા ઉપર જ રહેશે. મોટો રોગ પણ મંદ હશે તો દૂર થઈ જશે, તેમ નાનો રોગ પણ જો તીવ્ર હશે તો હટશે નહીં.

અહીં આ દેવતાને મનમાં થાય છે કે આને હજુ ધર્મ પમાડવો બહુ જ મુશ્કેલ છે. માટે ફરી તે તેના શરીરમાં એવો રોગ ઊભો કરે છે, જે સહન ન થવાથી

તેણે મરવાની તૈયારી કરી છે. ત્યાં દેવ ફરી વૈદનું રૂપ લઈને આવે છે, અને આગળ પ્રમાણે ફરી રોગ શાંત કરે છે અને પાછો દેવતા તેને પોતાની સાથે સાધુવેશમાં લઈ જાય છે. રસ્તામાં દેવતા પોતાની દેવમાયાથી એવાં દશ્યો ઊભાં કરે છે, અને તેના દ્વારા મર્મવેધક એવી શિખામણો આપે છે, કે તેનાથી જો પેલું કર્મ જરા હળવું પડે તો તેને પ્રતિબોધ થયા વગર રહે નહીં.

પહેલા દશ્યમાં આગ ઠારવા માટે ઘાસ નાંખે છે. બીજામાં ભૂંડને વિષ્ટા ખાતાં બતાવે છે. ત્યારે પેલો અર્હદત્ત કહે છે આ ભૂંડ કેવો છે ? સારું છોડીને ગંદામાં મોં નાંખે છે. ત્યારે વૈદ કહે છે તું પણ કેવો છે ? નિર્મળ ચારિત્ર જીવન છોડીને પાછો ભોગની ગંદકીમાં ગયો.

તેનાથી આગળ વધીને ત્રીજા દશ્યમાં એક પ્રભાવશાળી દેવતાની મૂર્તિ બતાવે છે, પણ તેને પગે લાગે તો નીચે પડી જાય. પાછી ઠેકાણે મૂકો ને પાછું કોઈ પગે લાગે તો પડી જાય. પગે લાગો તો ગબડી જાય અને પગે ન લાગે તો ઊભી રહે. સામાન્ય રીતે ભક્તિ-વિનયને ઝીલીને કોઈ ઉન્નત થાય, ત્યારે આ તો કોઈ ભક્તિ કરે તો ગબડી પડે છે. અર્હદત્ત આ જોઈને હસે છે. ત્યારે દેવ કહે છે તું હસે છે પણ તું કેવો છે ? તને સાધુવેશ આપ્યો જેનાથી બધા તને નમસ્કાર કરે, પગે લાગે, ભક્તિ કરે, છતાં તે મૂકીને તું ઘરે ભાગ્યો.

આમ, એક હથોડો, બીજો હથોડો, ત્રીજો હથોડો ક્રમશઃ પ્રહાર થતાં થતાં તેનું કર્મ ઢીલું પડે છે. તેને હવે સતત મનમાં વિચાર આવે છે કે ભલે આ વૈદ થઈને મારી સાથે ફરે છે, પણ વાસ્તવમાં આ વૈદ નથી લાગતો, કોઈ વિશિષ્ટ વ્યક્તિ લાગે છે. તેથી ચકાસણી કરે છે. ચકાસણી કરતાં તે કોઈ દૈવી પુરુષ હોય તેવી શંકા થઈ, અને થયું કે ખરેખર કોઈ ચોક્કસ ઉદ્દેશથી આ દૈવી પુરુષ મને ધ્યાન આપીને વારંવાર હિતશિક્ષા આપે છે. પેલા વૈદસ્વરૂપ દેવે પણ ઉપયોગ મૂકીને જાણ્યું કે આને હવે ખબર પડી ગઈ છે, માટે પોતાની સાચી ઓળખાણ આપે છે. "તારો જ ભાઈ મૂક એવો હું મરીને દેવતા થયો છું. આગલા ભવમાં તને વચન આપેલું તે પાળવા આવ્યો છું." આમ કહીને તેને બધું યાદ કરાવે છે, પણ હજી તેને પોતાનો પૂર્વભવ યાદ આવતો નથી. તેથી દેવ વિચારે છે કે આને હજી આવરણ ગાઢ છે માટે પ્રબલ નિમિત્ત વગર યાદ નહીં આવે. તેથી તેને યાત્રા નિમિત્તે વૈતાઢ્ય પર્વત પર લઈ જાય છે. ત્યાં સિદ્ધાયતન મંદિરમાં લઈ જઈ સંકેત પ્રમાણે પૂર્વે દેવભવમાં ધર્મ પમાડવા તેણે આપેલ કુંડળ દેખાડી યાદ કરાવે છે, અને કહે છે –

મારી સાથેની તારી શરત યાદ કર, આગલા ભવનો વિચાર કર. પ્રભુની વાણી યાદ કર. આમ ખૂબ હેમરીંગ કરે છે. ત્યારે તેને ઊહાપોહ થાય છે. જેથી તેને જાતિસ્મરણ પ્રગટે છે કે આગલા ભવમાં હું દેવતા, તેની અગાઉ પુરોહિતપુત્ર, પછી તો તેને બધું જ ઉપસ્થિત થાય છે. સત્ય સત્ય દેખાય છે. હવે હૃદયપલટો થવા માટે વેધક પરિસ્થિતિ ઊભી થયેલી છે. કર્મનો જે તીવ્ર તબક્કો હતો તે પણ પૂરો થયો છે. નિકાચિતકર્મ પૂરું થયું છે. હવે જે બાકી છે તે અનિકાચિતકર્મ છે. માટે દેવતાના અને તેના આંતરિક પુરુષાર્થથી ઊહાપોહ દ્વારા ખ્યાલ આવ્યો છે કે, મારા ભાઈએ મારા માટે આટઆટલો પુરુષાર્થ કર્યા છતાં જુવાનીમાં મારો બધો સમય એળે ગયો. દેવતાના ભવમાં સુંદર અપ્સરાઓથી ન ધરાયો છતાં અહીંયાં માનવદેહમાં તુચ્છ રમણીઓમાં ફસાયો. અરેરે ! હું તેમાં ક્યાં લપટાઈ ગયો ? ઝાંઝવાના જળની માફક મિથ્યા ભમ્યો.

આમ, અત્યંત વૈરાગ્યપૂર્વક મોક્ષાભિલાષ ઉત્કટ થાય છે, તેથી હવે તેને એક મિનિટ પણ આ સંસારમાં રહેવું પસંદ નથી. આમ તો પૂર્વનો આરાધેલો ધર્મ બધો અંદર સંસ્કારરૂપે પડ્યો છે, પરંતુ મહાપુરુષને પણ જો એક વખત નિકાચિત મિથ્યાત્વ મોહનીયકર્મ ઉદયમાં આવે તો તેમને પણ પગ પકડીને નીચે પાડે છે. હવે આ જીવ સારા સદ્‌ગુરુ પાસે વિધિપૂર્વક દીક્ષા લે છે, અને એ જ દિવસે અભિગ્રહ કરે છે કે મારે મરતાં સુધી ઉત્તમ ગુરુભક્તિ-વૈયાવચ્ચ કરવાં. હવે તેને બરાબર ખબર છે કે ગુરુ પ્રત્યે અરુચિથી કેવું કર્મ બંધાય છે. માટે અપૂર્વ ગુરુભક્તિ કરી, જીવનભર સાધના કરી, કાળ કરીને દેવલોકમાં જશે, અને ત્યાંથી બીજા ભવમાં ફરીથી મહાત્મા થઈ સાધના કરી મોક્ષે ચાલ્યા જશે. આ ઉત્કૃષ્ટ વિઘ્નનો દાખલો છે. નાનામાં નાનું પણ ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તો શું હાલત થાય, અને બોધિબીજ પમાડવા કલ્યાણમિત્ર પાછળ પડે તોપણ ધર્મ પામવો કેવો દુષ્કર બને છે, તે આ દૃષ્ટાંત બતાવે છે. વળી જો કોઈ કલ્યાણમિત્ર ન હોય ત્યારે તો જીવની શું દશા થાય ? તે તો કલ્પના જ કરવાની રહે છે.

આ જીવે જે રીતે કર્મ બાંધ્યું તેવી રીતે કર્મ બાંધનારા અત્યારે તો કેટલા મળે ? ઘણા ધર્મ કરનારા જીવો પણ સાધુની નિંદા કરે, સાધુસંસ્થા માટે ઘસાતું બોલે. અત્યારે ઘણાને સાધુઓ માટે મનમાં હલકો અભિપ્રાય છે. અવસરે કહેશે અહીંયાં પણ સંસાર છે તેમ ત્યાં પણ તેમને સંસાર જ છે. શું બધા જ સાધુ શિથિલ છે ? ભ્રષ્ટ છે ? ખરાબ છે ? ખામીવાળા છે ? તમને જીવનમાં બે ચારના કડવા અનુભવ થાય

એટલે બધાને એક અસ્ત્રે મૂંડવાના ? દુનિયામાં એકે ક્ષેત્ર એવું ખરું કે જ્યાં તમને બે પાંચ ટકા કડવા અનુભવ ન થયા હોય ? બે પાંચ ડૉક્ટરના કડવા અનુભવ થાય તો શું તમે એમ કહેશો કે બધા ડૉક્ટરો ખરાબ ? અત્યારે દેશમાં ૫૦% ઓપરેશનો બિનજરૂરી થાય છે, પેશન્ટ પાસેથી બિનજરૂરી ચેકીંગ ફીઓ પડાવે છે, કે જેમાં ડૉક્ટરોને પણ કમિશન મળે છે. સારા કહેવાતા તબીબીક્ષેત્રની પણ આ હાલત છે, છતાં ડૉક્ટરોને તમે સમાજમાં સેવાનું કામ કરનારા દેવદૂત માનો છો ને ?

**સભા :-** વેપારીમાં પણ કડવા અનુભવ થાય છે.

**સાહેબજી :-** છતાં પણ બજારમાં ભરોસો રાખીને વેપાર ચાલુ રાખો ને ? કરોડોની હેરાફેરી ચાલુ રાખો ને ? ખાલી કડવા અનુભવોથી ત્યાગ તો આ ક્ષેત્રમાં જ કરવાનો ને ! વળી, હલકા અભિપ્રાયો બાંધો, નિંદા કરો, તેમાં કેટલાં કર્મો બાંધો છો ? **એકાદ સાધુનો કડવો અનુભવ થતાં આખી સાધુસંસ્થા માટે અરુચિ કરતાં પણ તમને સંકોચ નહિ. આમ કરવામાં સારા ગુરુ પ્રત્યે પણ અરુચિ થઈ. સારા કાળમાં સદ્‌ગુરુ માટે જે બહુમાન હોય તેના કરતાં પડતા કાળમાં તો સારા ગુરુ માટે વધારે બહુમાન થવું જોઈએ.** જ્યારે તમને તો ઊંધું છે.

**સભા :-** ભારતમાં ભવ્ય સંસ્કૃતિ છે છતાં કેમ આમ બને છે ?

**સાહેબજી :-** ભારતની ભવ્ય સંસ્કૃતિ ટકી છે ? આ તો એવી વાત થઈ કે પોલીસ હતો જ નહીં છતાં કહે પોલીસની હાજરીમાં ચોરી કેમ થઈ ? અત્યારે તમારા ઘરમાં સંસ્કૃતિ મળે તેમ છે ? એક ઘર એવું ખરું કે જે આર્યસંસ્કૃતિ પ્રમાણે જીવતું હોય ? આવી સરસ દવા હાજર હોવા છતાં રોગ કેમ થયો ? પણ દવા ખાય તો રોગ જાય કે સરસ દવા હોવામાત્રથી રોગ જાય ? ચોપડામાં લખેલ ભવ્ય સંસ્કૃતિથી ઉદ્ધાર થઈ જાય ? કે તમારા ઘરમાં સંસ્કૃતિ જીવંત રાખી હોય તો ઉદ્ધાર થાય ?

ઉત્કૃષ્ટ વિઘ્નો જીવ જેનાથી બાંધી શકે તેવાં ભયસ્થાનો સ્પષ્ટ બતાવવા જેવાં છે, જેથી સાધક જીવો જાગ્રત રહે. **આ જગતમાં ઊંચા દેવ-ગુરુ-ધર્મની સામગ્રી તમને મળી છે, છતાં આરાધના કદાચ ઓછી થાય તેવું તમારા જીવનમાં બને, પણ તેનો અનાદર-અરુચિ-ઉપેક્ષા-અવગણના-હીલના તો ન જ કરાય.** તમને આવા ભાવો નથી થતા તેમ તમે નક્કી કહી શકો કે પછી પ્રસંગ આવે સાતે ક્ષેત્ર માટે-સાધુ સંસ્થા માટે ન બોલવાનું બોલો છો ? દા.ત. હવે દહેરાસરો ઘણાં થયાં છે, માટે

નવાં દહેરાસરોની જરૂર નથી. પણ આવું બોલનારને ખબર છે કે તે આમ બોલીને કઈ વસ્તુની આશાતના કરે છે ? તેનાથી કેવાં કર્મ બંધાશે ? તેના વિપાક કેવા આવશે ?

તમે દેવદ્રવ્યને ઓળખો છો ? **આ જગતમાં જેટલાં સારાં કાર્યો છે તેની મૂળ આધારશિલા દેવદ્રવ્ય છે.** દેવદ્રવ્ય હશે તો જિનમંદિરોનાં નિર્માણ થશે. જિનમંદિરો હશે ત્યાં સાધુ-સંતો આવશે, જેનાથી જિનવાણીનું શ્રવણ થશે, સદ્ગુણોનો પ્રચાર થશે અને ઉત્કૃષ્ટ સારી વાતો સમાજ જીવનમાં હરિફાઈ તરીકે પણ પરંપરાએ ટકશે. માટે **આ જગતમાં જે પણ સારું છે તેની આધારશિલા દેવદ્રવ્ય છે. આમ અમે ધનને-પરિગ્રહને પાપ કહીએ છીએ, છતાં શાસ્ત્ર કહે છે કે દેવદ્રવ્યનાં શ્રાવકે દર્શન કરવાં; કેમ કે તે પવિત્ર છે, શાસનની આધારશિલા છે, તેનાથી શાસન અડીખમ ટકશે. આલંબન તત્ત્વરૂપ શાસનની મૂળ નીક દેવદ્રવ્ય જ છે.**

દેવદ્રવ્યની વ્યાખ્યા શું ? ઉપયોગ શું ? લાભ શું ? તે કાંઈ ખબર હોય નહીં ને સર્ટિફિકેટ આપી દે કે દેવદ્રવ્ય ઘણું છે, હવે જરૂર નથી, બીજાં ક્ષેત્રમાં દાન કરો, સાધર્મિકભક્તિમાં ધન વાપરવા જેવું છે. હા, સાધર્મિકભક્તિમાં વાપરવા જેવું છે, પણ તમારે કાપ ક્યાં મૂકવો છે ? કાપ માટે તમને આ જ ક્ષેત્ર મળ્યું ? તમારા મોજશોખ ઓછા કરવાનું બોલશો ખરા ? માટે તમારા પેટમાં જિનભક્તિ દુઃખે છે. કોઈ મોટો મહોત્સવ થાય અને ૨૫ લાખ ખરચાય તો કહેશે કે, આટલા માનવો દેશમાં ભૂખે મરે છે ને આવા આડંબરોમાં પૈસા ખરચવાના ? અહીં ઉપધાન-ઉજમણાં આદિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનાં કારણભૂત આધ્યાત્મિક અનુષ્ઠાનોની સરખામણી તમે માનવતાનાં તુચ્છ કામો સાથે કરો છો; એટલે ઊંચી વસ્તુની સરખામણી નીચી વસ્તુ સાથે કરો છો. સાધુને માલપાણી વહોરાવાય ત્યારે કહે કે આટલા ગરીબો ભૂખ્યા રહે ને સાધુને માલપાણી વહોરાવો છો ? એટલે સાધુને તમે સામાન્ય ભિખારી સાથે સરખાવો છો ? પહેલાને છેલ્લા સાથે સરખાવો તે કેમ ચાલે ?

**સભા** :- સાહેબ શ્રાદ્ધવિધિમાં આવે છે કે,

**"सति हि देवद्रव्ये प्रत्यहं चैत्यसमार्चन्महापूजासत्कारसंभवः । तत्र च प्रायो यतिजनसंपातः, तद्व्याख्यानश्रवणादेश्च जिनप्रवचनवृद्धिः । एवं ज्ञानादिगुणानां प्रभावना चेत्यर्थः ।"**

**તાત્પર્યાર્થ:- દેવદ્રવ્ય(કલ્પિત) હોય તો પ્રતિદિન ચૈત્યનું સમાર્ચન, મહાપૂજા તથા સત્કાર સંભવે છે અને ત્યાં પ્રાયઃ યતિજનોનું આગમન થાય છે. તેમના વ્યાખ્યાનશ્રવણ વગેરેથી જિનપ્રવચનની વૃદ્ધિ થાય છે, અને એ રીતે જ્ઞાન વગેરે ગુણોની પ્રભાવના થાય છે.**

"સાહેબ ! આનાથી દેવદ્રવ્ય દ્વારા શાસનપ્રભાવનારૂપે અનુકંપાનાં પણ કાર્યો થઈ શકે ને ?"

**સાહેબજી :-** દેવદ્રવ્ય દ્વારા અનુકંપા એ તદ્દન ખોટી વાત છે. શાસ્ત્રદૃષ્ટિએ આ પાઠનો અર્થ શું થાય તે સમજવું જરૂરી છે. મારો અર્થ સાચો તેવો મારે દાવો કરવો નથી, પણ મતભેદ પડે ત્યારે પક્ષ તાણે તેવાના અભિપ્રાય લેવાના નહીં, પરંતુ તટસ્થતાથી સત્યનું મૂલ્યાંકન કરે તેવા જૈનેતર વિદ્વાન પણ ચાલે, જે પ્રામાણિક વ્યક્તિ હોય. જે કોઈનાથી ખરીદાય તેવા ન હોય, તેને પૂછો. અમે અમારો અર્થ સાચો છે તેમ દાવો કરતા નથી. **"મારું એ સાચું નહીં પણ સાચું એ મારું"** એ જ ન્યાયથી અમે જૈનધર્મ સ્વીકાર્યો છે.

શ્વેતાંબર-દિગંબરમાં મતભેદ છે પણ જો કોઈ સમજાવી આપે કે દિગંબર સાચો તો હમણાં આને તિલાંજલિ આપીએ. સંસાર આખો, કુટુંબ, પરિવાર, સત્તા-સંપત્તિ બધું છોડ્યું, ત્યાં વગર કારણે અસત્યનું મમત્વ શું કામ કરવાનું ? અમે તો જાહેરમાં કહીએ છીએ કે, અમે જે બોલીએ છીએ તેમાં ભૂલ હોય તો, નાનામાં નાનો માણસ પણ અમને સમજાવવા આવશે તો, અમે સમજવા તૈયાર છીએ. અમે પણ છદ્મસ્થ છીએ. અજ્ઞાનતાથી ભૂલ થઈ શકે છે. ધ્યાન દોરવાની તમારી જવાબદારી ખરી. પણ ધ્યાન દોરવાના નામે ચઢી બેસે તે ચાલે નહીં. દિગંબર આવે તો કહીએ કે વસ્ત્રધારણની વાત ખોટી છે તે સમજાવી આપ. વસ્ત્ર સાથે ચારિત્ર ધર્મ હોય નહીં, ને નગ્નતામાં જ સાધુધર્મ છે તે સમજાવી આપ, તો અમે હમણાં વસ્ત્ર છોડી દઈશું. કુટુંબ-પરિવાર-સત્તા બધું છોડ્યું તો શું બે કપડાંમાં અમારો જીવ ભરાઈ જશે ? માટે પહેલાં સત્ય પુરવાર કરો, પણ એમ ને એમ ચઢી બેસે તે ન ચાલે. સામેથી અમારી આ પ્રસ્તાવના છે.

અમારી ભૂલ હોય તો સમજાવે, પણ અમે તર્કપૂર્વક સાચું કહીએ તો જરાય અકળાવાનું પણ નહીં. સાચું કહીએ તો ખોટું લાગે, મોઢું ચઢે, સાંભળવાની તૈયારી નહીં તે કેમ ચાલે ? વચમાં કોઈએ શ્રીમદ્ રાજચંદ્ર માટે પ્રશ્ન પૂછેલો. તે વખતથી

જ સમીક્ષા સાંભળીને એ ભાઈ આવતા બંધ થઈ ગયા. અમને એ વ્યક્તિ પ્રત્યે કાંઈ દ્વેષ નથી. પણ તેમનું આટલું સાચું અને આટલું ખોટું તે પુરાવા ને દાખલા આપી સમજાવીએ, છતાં ખોટું લાગે તો કેમ ચાલે ? ભગવાને કહ્યું છે કે આવા દૃષ્ટિરાગી જીવોને ધર્મ સંભળાવવો નહીં.

તમે તમારા જીવનમાં સાચું શું ખોટું શું તે ન સમજી શકો ને અસત્યને પકડશો, તો કદાચ એટલું નુકસાન નહીં થાય, પણ ખોટાની પક્કડ ન હોવી જોઈએ. "અમારા માનેલા ગુરુ આમ કહે છે, અમારો સંપ્રદાય કે પંથ આમ જ માને છે, માટે આ જ સાચું" એ રીતે મમત્વથી ખોટાનો આગ્રહ કે કદાગ્રહ રાખશો તો તરવાનો કોઈ જ આરો નથી. **કદાગ્રહવાળો ગમે ત્યાં હશે તોપણ તે મોક્ષમાર્ગની બહાર છે, કેમ કે તેણે સત્યના દરવાજા બંધ કરી દીધા છે.**

**સભા** :- સાચી વાતની પક્કડ ચાલે ?

**સાહેબજી :- સાચી વાતની પણ પક્કડ ન ચાલે. કેમ કે પક્કડ એ જ કદાગ્રહ છે, સદાગ્રહ નથી. ખોટાનો સદાગ્રહ સારો પણ સાચાનો કદાગ્રહ ખરાબ.** દા.ત. તમને જૈનમાં પણ શ્વેતાંબર દેરાવાસી ધર્મ મળ્યો છે. હવે પ્રસંગ આવે દિગંબરની વાત આવે ત્યારે તે પારકું માની ખંડન કરે, બાકી આ સાચું કેમ છે તે ખબર ન હોય, ને પેલું ખોટું કેમ છે તેની પણ ખબર ન હોય; માત્ર અહીંયાં જન્મ્યો છે માટે આ જ સાચું અને પેલું મારું નથી માટે ખોટું; એમ માનીને, જો મમતાથી સાચું પકડે તોપણ કદાગ્રહ. **સત્ય સમજીને પ્રામાણિકતાથી આગ્રહ કેળવ્યો હોય, પણ કદાચ તેને ખબર પડે કે આમાં કંઈક ભૂલ થાય છે છતાં સમજવાની કે વિચારવાની તૈયારી ન હોય, અને મમત્વથી જૈનધર્મને-ગચ્છને-ગુરુને પકડે, તે બધા કદાગ્રહી છે; તે આભિગ્રહિક મિથ્યાત્વ છે. તેવા જીવોનો મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી.**

**કલ્યાણ કરવું હોય તો પહેલાં સરળતા-તટસ્થતા સાથે સત્યના શોધક બનો. તમને ઊંચામાં ઊંચી ક્વોલીટીનું શાસન મળ્યું છે, તેને પ્રામાણિકતાથી ઓળખતાં શીખો, તો જ આત્મકલ્યાણ કરી શકશો.** અત્યારે ઘણી વસ્તુમાં પરસ્પર વાદવિવાદ ચાલે છે, પરંતુ બધી બાજુથી વિચારી તટસ્થતાથી સત્ય સમજીને પ્રામાણિકતાથી મૂલ્યાંકન કરજો. **ન સમજો ત્યાં સુધી બંને બાજુ સમાન વલણ જોઈએ, અને સમજાય પછી સત્ય નિશ્ચલતાથી પકડી રાખવાનું છે.**

આ શાસ્ત્રપાઠમાં દેવદ્રવ્યનો સંદર્ભથી અર્થ કલ્પિત દેવદ્રવ્ય થાય, એમ પ્રામાણિકતાથી કહીએ છીએ. છતાં બરાબર ન લાગે તો જૈનેતર વિદ્વાનને પૂછી જુઓ.

**સભા :-** દેવદ્રવ્યથી પૂજા થાય ?

**સાહેબજી :-** અપવાદે થાય, પણ ઉત્સર્ગથી ન જ થાય. અત્યારે સંઘમાં આવી વાતને એવી ચોળીને ચીકણી કરવામાં આવે છે કે પક્ષ અને મમત્વના કારણે સત્ય ભૂંસાઈ જાય, અને ભોળા લોકો તેમાં અટવાઈ જાય. વગર કારણે ખોટાના પ્રચાર દ્વારા કુતર્કોથી શાસનને ડહોળે તેને એવાં કર્મ બંધાશે કે જેના વિપાકની તમે કલ્પના પણ નહીં કરી શકો. ઉદયમાં આવશે ત્યારે ભયંકર હાલહવાલ થશે.

અમને કોઈના પ્રત્યે દ્વેષ નથી. તમામ સારી વાતોનું બહુમાન છે. પ્રસંગે અન્ય ધર્મની પણ સત્ય વાતને પ્રશંસા કરી સમર્થન આપીએ છીએ. **અમને ભગવાને એટલે સુધી કહ્યું છે કે નાસ્તિકની પણ સારી અને સાચી વાત હોય તો વિરોધ કરવો નહીં. અરે ! જો અમે તે સાચી વાતનું ખંડન કરીએ તો તે પણ જૈનશાસનનું જ ખંડન છે, સત્યનું ખંડન છે.** પણ ઉન્માર્ગથી એક વસ્તુ સ્થપાતી હોય તો કહેવું પડે કે આ ઉન્માર્ગ છે. તેમાં કોકને ખોટું લાગી જશે તે ડરથી શું મારે સત્યને છુપાવી દેવું ? ખોટું ન લાગે, વાદવિવાદ ન થાય તે માટે હામાં હા ભણવી ? અત્યારે તમારી શું માન્યતા છે ? "એકતા કરો." પણ **સત્ય ખાતર વિરોધ ન કરો તો તે પણ દોષ છે, અને સત્ય ખાતર ઝઘડો કરો તોપણ શાસ્ત્રદૃષ્ટિએ દોષ નથી.** હા, એટલું ચોક્કસ કે અમારે બિનજરૂરી ઝઘડો ઊભો કરવો નથી, પણ જરૂર પડે ત્યાં અસત્યનું ખંડન કરવું જ પડે. ભગવાન મહાવીર સામે ગોશાળો ગુસ્સે થયો ત્યારે ભગવાન ગોશાળાને શું કહે છે ? "હે ગોશાલક ! મંખલિપુત્ર એવો તું જ ભૂતકાળનો મારો શિષ્ય છો, અને તું લોકમાં તારી જાતને સર્વજ્ઞ કહેવડાવતો હોવા છતાં તુ સર્વજ્ઞ નથી" એવું સ્પષ્ટ સંભળાવે છે. એટલે વીતરાગ છે છતાં વિવાદના ભયથી સત્ય છોડતા નથી. તેથી ઝઘડા ન થાય તે માટે જો સત્યને છોડે તો દોષ છે. કોઈ આવીને જાહેરમાં એમ કહે કે આત્મા નથી, પુણ્ય નથી, પાપ નથી, પરલોક નથી. આમ કહે એટલે શું હું સ્વીકારી લઉં ? અપેક્ષાએ વાત સાચી છે તેમ કહી તેને થાબડીને બેસાડું ? અને જો ખોટું છે તેમ કહું તો ઝઘડો થાય. આવા સમયે મૌન પણ ન રહેવાય. તેથી **ધર્મની સ્થાપના કરવા માટે અધર્મ સાથે ઝઘડો થવાનો જ. સત્ય પકડવું છે તેને અસત્ય**

**સાથે ઝઘડો થશે, થશે ને થશે જ.** તે ન થાય તે માટે બધા સાથે સમન્વય-એકતા કરો તો શું થાય ? બાંધછોડમાં સત્ય જતું કરવાનું જ આવે. **ધર્મના ક્ષેત્રમાં અંગત રાગ-દ્વેષ રાખવાના નથી. જો અંગત રાગ-દ્વેષ રાખીને ઝઘડશો તો પાયમાલ થઈ જશો. સંસારમાં તેને દફનાવીને જ અહીં આવજો. પરંતુ સિદ્ધાંત ખાતર કડવું સત્ય બોલવાનું તો આવશે જ.**

ફલાણા સાધુ આમ બોલે છે, પણ તે કયા પક્ષના છે ? આ પક્ષના છે, માટે તે બોલે છે તે ખોટું; અને આમના સાધુ છે ને બોલે છે, માટે સાચું. આ પક્ષપાતી વલણ છે. આમાં ક્યાંય સત્ય ન મળે. કોઈએ કહ્યું તમારો શું અભિપ્રાય છે ? પરંતુ સત્ય મારા અંગત અભિપ્રાયને આધારે નથી, તે વૈશ્વિક સનાતન શાશ્વત સિદ્ધાંતોથી નક્કી થાય છે. તેથી **અમે મહાવીર કહે છે માટે સાચું નથી માનતા, પણ મહાવીર કહે છે તે સાચું છે માટે મહાવીરને માનીએ છીએ.** મારા ગુરુ બોલે છે માટે સાચું તેમ નહીં, પણ સાચું છે તે મારા ગુરુ બોલે છે માટે તેમને માનું છું. અમે તો તટસ્થતાથી સત્ય બોલવા માંગીએ છીએ.

કોઈ કહે શું દિગંબર ખોટા છે ? શ્વેતાંબર જ સાચા છે ? તો અમે કહીએ કે "હા, જે દિવસે શ્વેતાંબર ખોટા લાગશે તે દિવસે અમે અહીંયાં(શ્વેતાંબર પક્ષમાં) નહીં બેઠા હોઈએ. અત્યારે અહીં જે બેઠો છું તે જ પુરાવો છે કે શ્વેતાંબર મત સાચો લાગે છે." લોકો કહે શું તમે જ સાચા ? ના, અમને જે સાચું લાગે છે તેને જ અમે પકડ્યું છે, જીવનમાં કદાગ્રહ કે દંભ કરવાનો નથી. **કદાગ્રહ જેવો કોઈ ભયંકર દુર્ગુણ નથી અને સદાગ્રહ જેવો કોઈ સદ્‌ગુણ નથી.** માટે પ્રસંગ આવે સત્યના ખપી-શોધક બનજો. સાધુસંસ્થામાં અત્યારે પ્રશ્નો છે. અમે નિખાલસતાથી જાહેરમાં કહીએ છીએ કે શિથિલાચાર, મતભેદો, સિદ્ધાંતવિરુદ્ધ વિચારસરણીઓ ઊભી થાય તેવી પરિસ્થિતિઓ છે. તેથી જ અમારે ભલામણ કરવી પડે છે કે **સાચા સદ્‌ગુરુને ઓળખીને પકડો, પણ બધાને નિંદી ન નાંખશો.**

હા, બે પાંચ દહેરાસર કદાચ ક્યાંક જરૂરી ન હોય અને ઊભાં થયાં હોય, તો તેટલા માત્રથી આખા દેવદ્રવ્યને નિંદી નાંખવાનું ? તેને માટે ઘસાતું બોલશો તો કેવાં કર્મ બાંધશો ? તમને કર્મનો કાંઈ ભય છે ? at a stroke(એક જ ઝાટકે) આરાધનાનાં અનુષ્ઠાનો કેવી રીતે કાપી નાંખો છો કે આમ જ કરવું જોઈએ, આમ તો કરાય જ નહીં ? તેમ હિંમતથી બોલી શકો છો. જૈન શાસ્ત્રનો કક્કાનો ક જાણતા હોય નહીં, ને શિખામણ આપવા

બેસી જાય કે "સાધુઓએ પણ આમ કહેવું ન જોઈએ, આમ કરવું ન જોઈએ." આખા ગામનું ગુરુપદ તમને સોંપ્યું છે ? શાસ્ત્રો ભણ્યા છો ? છતાં આવેશથી આવું બોલીને તમે કેવાં કર્મો બાંધો છો, ખબર છે ? પુરોહિતપુત્રે જે કર્મ બાંધ્યું તે તો કાંઈ નથી, પણ આનાથી તો લાખો-કરોડો ભવ સુધી ધર્મ નહીં મળે અને મળે તો ધર્મ ગમશે નહીં, તેવું કર્મ બંધાશે. ઉત્કૃષ્ટ વિઘ્નની અસર જ્યારે આવે તે વખતે ખૂબ જ સાવધાન રહેવું પડે. **આખું જીવન ધર્મ ઓછોવત્તો થાય તો ચાલે, પણ ઉત્કૃષ્ટ વિઘ્નનાં કારણ બને એવાં નવાં કર્મ તો ન જ બંધાવાં જોઈએ.**

**આરાધના કરી પાર પામી જવા માટે ધર્મનું ક્ષેત્ર છે. જેમ ધર્મનું ક્ષેત્ર તરવાનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાધન છે, તેમ ધર્મનું ક્ષેત્ર ડૂબવાનું પણ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાધન છે. આ શાસન પામીને અનંતા તર્યા છે અને આ શાસન પામીને અનંતા ડૂબ્યા પણ છે. જેમ તીવ્રમાં તીવ્ર કર્મથી છૂટવાનું આ સાધન છે, તેમ તીવ્રમાં તીવ્ર કર્મને બાંધવાનું પણ આ જ સાધન છે. જેમ ઊંચાં પુણ્ય બાંધવા પણ ધર્મનું ક્ષેત્ર સાધન છે, તેમ ઊંચાં પાપ બાંધવા પણ ધર્મનું જ ક્ષેત્ર સાધન છે. જેમ કર્મનો ક્ષય કરવા ધર્મનું ક્ષેત્ર છે, તેમ કર્મનો બંધ કરવા પણ ધર્મનું જ ક્ષેત્ર છે.**

**સભા :-** સંસાર નહીં ?

**સાહેબજી :-** સંસારમાં પૂજા-આશાતના કરે તો કોની કરે ? અહીંયાં તો ભગવાન મહાવીરની કરશે. માટે પુણ્ય અને પાપબંધમાં તફાવત પડશે જ. **જેટલી ઉપાસ્ય વ્યક્તિ ઊંચી-પવિત્ર તેટલો પુણ્યબંધ, પાપબંધ ઊંચો.** માટે આ ક્ષેત્રમાં આવનારે બુદ્ધિ ઠેકાણે રાખવાની છે. તમારે વેપારમાં કરોડો રૂપિયાનો નફો ક્યારે થાય ? કાંઈ મીઠા-મરચાના વેપારમાં થાય ? તેમ મોટું નુકસાન પણ શેમાં થાય ? માટે **તમે ધારો તો આ ક્ષેત્રને તારક પણ બનાવી શકો છો અને ધારો તો મારક પણ બનાવી શકો છો.**

પુરોહિતપુત્રે આખો સંસાર છોડ્યો, ગુરુભક્તિ પણ સુંદર કરી ! બહુમાન પણ અત્યંત છે ! પણ ઉપકારી ગુરુ ઉપર એક અરુચિ થઈ તો કેવું ભોગવવાનું આવ્યું !

# ૪૧

તા.૨૮-૯-૯૫, ગુરુવાર, આસો સુદ ચોથ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ સર્વ જીવોને કર્મબંધનો બોધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જૈનશાસનના આરાધનામાર્ગમાં આત્મતત્ત્વ કેન્દ્રસ્થાને છે, પણ તે આત્માને અવરોધક તત્ત્વ કર્મ છે, જેના કારણે જ આત્મા અનંત અનંતકાળથી રખડે છે. જેમ તમારા શરીરમાં રોગ ક્યારે, ક્યાં પેદા થયો અને તેનાં કેવાં નુકસાન થશે, તેનો પહેલેથી ખ્યાલ નથી આવતો; તેમ કર્મ જ્યારે બંધાય ત્યારે ખ્યાલ નથી આવતો કે કેમ બંધાયું અને ક્યારે બંધાયું. ૨૪ કલાક શરીર સાથે રહીએ છીએ, તેની સાથે ખૂબ તાદાત્મ્ય કેળવ્યું છે, છતાં અંદર શું થઈ રહ્યું છે તેનો જરાપણ ખ્યાલ નથી આવતો, કારણ અજ્ઞાનદશા છે. તેમ આત્માને કયું કર્મ ક્યારે બંધાયું, તે ભયંકર છે કે સામાન્ય છે, તેનો ખ્યાલ પણ નથી આવતો. તેથી કર્મવાદનું જ્ઞાન આપણા માટે સાધનામાં અતિ આવશ્યક છે. કર્મ બાંધતી વખતે જ ઘણી સાવચેતી માંગે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે **"બંધસમય ચિત્ત ચેતિયે, ઉદયે શો સંતાપ"** દરેક ક્ષણે કર્મ બંધાય છે, તેથી બંધ કેવી રીતે થાય છે તે સાંગોપાંગ રીતે સમજો, તો જીવનની દરેક ક્ષણે ખબર પડે કે આપણે ક્યાં ક્યાં સાવચેતી રાખવાની છે.

મુક્તિમાર્ગમાં ત્રણે પ્રકારનાં વિઘ્નો આવે છે, તેમાં મુખ્યતાએ ચારિત્ર-મોહનીયકર્મ અને મિથ્યાત્વમોહનીયકર્મની પ્રબળતા કારણ છે. તે કર્મો કઈ રીતે બંધાય છે તેની સમજણ હોય તો સાવધાની તરીકે તેવી મનોદશાનો ત્યાગ કરી દઈએ, જેથી ભવિષ્યમાં આવાં વિઘ્નો ન આવે.

અત્યારે ભૂતકાળનાં આપણાં કર્મોના અનુસારે પુણ્ય કાચું લઈને આવ્યા છીએ, માટે જ હૂંડા અવસર્પિણીમાં આવા વિપરીત દેશકાળમાં આપણો જન્મ થયો છે જ્યારે સાક્ષાત્ તીર્થંકર-કેવળી-અવધિજ્ઞાની કોઈ આપણને ઉપલબ્ધ થયા નથી. છતાં પુણ્ય પણ બાંધેલું, માટે ઉત્તમ મનુષ્યભવ, આર્યકુળ, જૈનધર્મ, શ્રેષ્ઠ દેવ-

ગુરુનો યોગ આદિ શુભસામગ્રી મળી; પરંતુ સાથે ખૂટ્યું પણ ઘણું છે. કારણ ગયા ભવમાં જ્યારે આ ધર્મસામગ્રીનું પુણ્ય બાંધ્યું ત્યારે શુભભાવ કાચા હતા, માટે અત્યંત ઊંચી સામગ્રી ન મળી.

## ધર્મમાં અંતરાય કરે તેવાં કર્મો ન બંધાય તેની સાવચેતી :

પરંતુ હવે મળેલી આ સામગ્રીથી જ ઉત્તમ સામગ્રી અપાવે તેવું પુણ્ય બાંધવાનો પ્રયત્ન કરવાનો છે. અત્યારે ભલે વિઘ્નો આવે પણ ભવિષ્યમાં આવાં વિઘ્નો ન આવે તેની બાજી તમારા હાથમાં છે. સંસારમાં એવી રીતે જીવન જીવો અને ધર્મના ક્ષેત્રમાં પણ એવી રીતે પરિણામ સાથે ધર્મપ્રવૃત્તિ કરો કે ધર્મમાં અંતરાય કરે તેવાં કર્મ જ ન બંધાય. કર્મ માત્ર ન જ બંધાય તેમ તો નથી કહેતો; કેમ કે અપ્રમત્ત મહાત્માને છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે પણ કર્મ તો બંધાય છે, તો પછી સંસારીને તો બંધાવાનાં જ. ચોવીસે કલાક સાતે સાત કર્મ બંધાય છે, એક ક્ષણ પણ બંધ વગર જતી નથી.

**સભા :-** તેને અટકાવવા શું કરવાનું ?

**સાહેબજી :-** હમણાં જ વીતરાગ બની જાઓ તો સર્વ કર્મોનો બંધ અટકી જાય, પણ at a stroke (એકદમ) તે શક્ય ન બને તો તાત્કાલિક ભારે કર્મના બંધ ન થાય તે જોવાનું. ભગવાનને દીક્ષા લીધા પછી પણ ચોવીસે કલાક કર્મ બંધાતાં હતાં, પણ ભારે કર્મ એક પણ નહિ. આપણે ત્યાં બંધ બે પ્રકારના છે. (૧) જોખમી બંધ અને (૨) જોખમ વગરના બંધ. જોખમ વગરના બંધ કરોડો વર્ષ ચાલે તેટલા લાંબી સ્થિતિના બંધાય તોપણ ચિંતા નથી. ભગવાનને દીક્ષા લીધા પછી પણ કરોડો ભવ ચાલે તેટલાં કર્મો બંધાતાં હતાં, છતાં જોખમ નહોતું. કારણ કે તેવાં કર્મોને તો એક કાગળના પત્તાની જેમ ફાડી શકાય, પરંતુ મજબૂત બાંધે તો હાલત ખરાબ થાય.

ધર્મમાં વિઘ્નો કરે તેવાં કર્મો પ્રાયઃ ભારેખમ જ હોય. અસંખ્ય પ્રકારનાં કર્મો આત્મા પર હોય, પણ મંદ કક્ષાનાં હોય તેને થોડા પુરુષાર્થથી પણ વિખરાવી શકીએ, આઘાંપાછાં કરી શકીએ. પરંતુ જઘન્ય વિઘ્ન પણ આવાં મંદ કર્મથી આવતાં નથી, મધ્યમ અને ઉત્કૃષ્ટનો તો સવાલ જ નથી. આ બધાં વિઘ્નોથી જે આત્મા મુક્ત થયો તેની ભવિષ્યની સાધના અવશ્ય નિર્વિઘ્ન થઈ જાય.

## કર્મના પ્રકાર, પ્રકૃતિ અને તેની અસરો :

આપણાં શાસ્ત્રોમાં આઠ પ્રકારનાં કર્મ કહ્યાં છે. તેમાં દરેક કર્મ પોતાની specific (ચોક્કસ) અસર-ખાસિયત ધરાવે છે. તેમાં મુખ્ય વિભાજન બે છે. **ઘાતીકર્મ અને અઘાતીકર્મ. ઘાતીકર્મનું કામ આત્માની શક્તિ અને તેનાથી પેદા થતા ગુણોનો ઘાત કરવો તે.** જેમ જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનની શક્તિને કુંઠિત કરે, દર્શનમોહનીયકર્મ વિવેકશક્તિનો નાશ કરે, ચારિત્રમોહનીયકર્મ આચરણશક્તિ અને ચારિત્રગુણનો નાશ કરે, અંતરાયકર્મ પુરુષાર્થ આદિ શક્તિનો નાશ કરે.

જ્યારે **અઘાતી કર્મો સીધી આત્મા પર અસર કરતાં નથી, પણ તે જડ પદાર્થ દ્વારા અસર કરે છે, જડ દ્વારા આત્મા પર વિકૃતિ પેદા કરે છે.** જેમ આયુષ્યકર્મનું કામ આત્માને જડ ખોળિયામાં ટકાવી રાખવાનું. તેમ આનુવંશિક વારસો સારો કે ખરાબ આપવો તે ગોત્રકર્મનું કામ છે. દા.ત. કોઈ વ્યક્તિ ઉચ્ચકુળમાં જન્મે, પછી ભલે તે કુટુંબ ગરીબ હોય, પણ તેનો જન્મ તો ઉચ્ચકુળમાં જ ગણાય. તેમ કોઈનો હલકા કુળમાં જન્મ થાય, પણ તે વૈભવશાળી હોય છતાં કહેવાશે કે હલકા કુળમાં જન્મ થયો. કારણ કે કુળનો લોહીના વારસા સાથે સંબંધ છે. ધર્માત્મા પણ હલકા કુળમાં હોય તો તેનું ગોત્ર તો નીચગોત્ર જ કહેવાય છે. તેમ ઉચ્ચગોત્રમાં બદમાશ હશે તોપણ તેનું ગોત્ર તો ઊંચું જ કહેવાશે. તમારા શરીરમાં આનુવંશિક વારસો સારો કે ખરાબ આપવો તે ગોત્રકર્મનું કામ છે.

જેમ દેવાનંદા અને ઋષભદત્ત, તેઓ બ્રાહ્મણ છે. જો કે બ્રાહ્મણકુળ અપેક્ષાએ ઉચ્ચકુળ છે, પણ તીર્થંકરના જન્મ માટે યોગ્ય ઉચ્ચકુળ નથી. આ બ્રાહ્મણ છે, પણ સામાન્ય નથી. તેમને ત્યાં સોનાનાં સિંહાસન હતાં, સોનાના બાજોઠ હતા, કાંઈ ભીખ માંગીને જીવનારા નહોતા, મહાવૈભવશાળી હતા. તમારે ટેબલ-ખુરશી શેની હોય ? અત્યારે તો તમને લાકડું પણ પોષાય તેમ નથી. માટે જ નેતરના સળિયાની આવી ગઈ. અરે ! દેવાનંદા જે શય્યામાં સૂતાં હતાં તેનું વર્ણન વાંચો તો ખબર પડે કે, તેમનાં શયનગૃહ પણ કેવાં હતાં ! તમે તો જન્મારામાં જોયાં નહીં હોય. તેવો તેમને વૈભવ છે. પણ નીચકુળના કારણે આનુવંશિક વારસાની દૃષ્ટિએ તીર્થંકરને યોગ્ય ગોત્ર નથી. **તમારા બાપદાદાની જે લાક્ષણિકતા હોય છે તે તમારામાં વારસામાં ઊતરે છે, કોઈક લાક્ષણિકતા બાપની હોય કે કોઈક દાદાની હોય કે કોઈક માની હોય. પણ આવે તો કુળ-વંશમાંથી જ આવે.** આ ગોત્રકર્મની અસર પ્રત્યક્ષ દેખાય છે. જેમ દેખાવથી ભારતીય બાળક નીગ્રો(હબસી)ને

ત્યાં જન્મે ખરો ? અને ભારતીયને ત્યાં નીગ્રો(હબસી) બાળક જન્મે ખરો ? આંતરજ્ઞાતીય લગ્ન કરે તો જુદી વાત. નીગ્રોના બાળકને કાળી ચામડી, વાંકડિયાવાળ, હોઠ જાડા જ આવવાના. **શરીર પર પણ વારસાની ઘણી અસર છે. મન અને પ્રકૃતિ પર તો વારસાની અસર પડે જ છે.** માટે ગોત્રકર્મને સ્વતંત્ર કર્મ માન્યું છે.

તેની જેમ નામકર્મનું કામ તમને બધી રીતનાં લેબલ લગાડવાં, તેના માટે આવશ્યક નિમિત્તો ઊભાં કરી આપવાં. એક માણસ રૂપાળો, એક કાળો, એક લાંબો, એક ટૂંકો આ બધામાં કોનો પ્રભાવ છે ? નામકર્મનો. આમ તો બધા આત્મા સરખા છે. દા.ત. કાગળ પણ બધા સરખા છે. પણ એક કાગળ ચિત્રકારને આપો તો કેવું સરસ ચિત્ર બનાવે ! જ્યારે બીજો કાગળ સામાન્ય માણસને આપો તો કેવા લીટોડા પાડે ! તેની જેમ ચિતારાની માફક નામકર્મ આત્મા પર ચિત્રામણનું કામ કરે છે. તમને યશ-કીર્તિ-સૌભાગ્ય કંઈ પણ મળે તે બધામાં પણ નામકર્મ જવાબદાર છે. તમે પંચેન્દ્રિય કહેવાઓ છો, માણસ કહેવાઓ છો, તે બધામાં પણ નામકર્મ જ જવાબદાર છે. બાહ્ય શરીર સાથે જોડાયેલા તમામ આકારો આદિમાં નામકર્મ જ જવાબદાર છે. સંસારમાં રાજા-મહારાજા-શેઠ આદિ પદવી મળે તેમાં પણ નામકર્મ જવાબદાર છે. તમારો આત્મા જે જે જડ પુદ્ગલો સાથે દેહાદિરૂપે જડાયેલો છે, અને તે બધાની જે અસરો-વિપાકો છે તે નામકર્મનું ફળ છે.

તમારા જીવનમાં સુખ અને દુઃખનું વેદન કરાવવું અને તેની સામગ્રી આપવી, તે વેદનીયકર્મનું કામ છે. જેમ તમને ખાવા-પીવા, પહેરવાં-ઓઢવાની મનગમતી સામગ્રી મળી તેમાં કારણ શાતાવેદનીયકર્મ છે. ઘણાને પ્રતિકૂળ સામગ્રી મળી છે તેમાં કારણ અશાતાવેદનીયકર્મ છે. શાતાવેદનીયકર્મ પણ અસંખ્ય પ્રકારનાં છે. સુખ-દુઃખની અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી મળે તેમાં શાતા-અશાતાવેદનીયકર્મ કારણ છે.

જડ જગતમાં અનુકૂળ મળે કે પ્રતિકૂળ મળે તેમાં કર્મનો ઉદય માનવો જ પડે. કર્મના ઉદય વગર જડ વસ્તુનો સંયોગ થાય નહીં. ચેતન એવા આત્માનો જડ સાથે સંયોગ કર્મના ઉદયથી જ થાય છે. નાનામાં નાની પણ અનુકૂળતા મળે તો શાતાવેદનીયકર્મ અવશ્ય ઉદયમાં છે. અત્યારે આત્મા પર લાખો પ્રકારનાં શુભ કર્મોનો ઉદય છે, સાથે લાખો પ્રકારનાં અશુભ કર્મોનો ઉદય છે. તેથી જીવનમાં ન ધારેલું મળ્યું છે અને ધારેલું મળ્યું નથી. અત્યારે તમારી જે અવસ્થા દેખાય છે તેમાં અનેક પ્રકારનાં કર્મોની સામૂહિક અસર કારણ છે.

મૂળથી બધા આત્મા સરખા છે. દરેક આત્મા અનંતશક્તિ, અનંતજ્ઞાન, અનંતગુણનો ધણી છતાં અત્યારે બધા જુદા જુદા સ્વરૂપે છે. દરેક વ્યક્તિનું આ જે જુદું જુદું સ્વરૂપ દેખાય છે તેમાં કારણ કર્મ જ છે. જેમ જ્ઞાનશક્તિની અપેક્ષાએ પણ દરેકને જુદા જુદા સત્તર પ્રશ્નો હોય છે, તેમાં જ્ઞાનાવરણીયકર્મ કારણ છે. **સંસારની દરેક શુભાશુભ પ્રવૃત્તિમાં ઘાતીકર્મોનો ક્ષયોપશમ જોઈએ અને અઘાતીકર્મોનો ઉદય જોઈએ.** જેમ તમને પૈસા મળ્યા તો લાભાન્તરાયનો ક્ષયોપશમ જોઈએ અને શુભ ગોત્રકર્મનો ઉદય જોઈએ. વળી, પૈસાથી મેવા-મીઠાઈ-ભોગ મળ્યા, પણ તે ખાઈ શકો-ભોગવી શકો તેના માટે, ભોગાન્તરાયનો ક્ષયોપશમ જોઈએ અને શાતાવેદનીયનો ઉદય જોઈએ. તમે અત્યારે હાલો-ચાલો-વિચારો કાંઈ પણ કરો તેમાં કર્મની અસર છે. એક આંગળી હલાવો તેમાં પણ કર્મની ચોક્કસ અસર છે. કોઈ વસ્તુને આંખથી જુઓ તેમાં પણ કર્મનો ઉદય છે. અર્થાત્ તમારા જીવનનું કોઈ એવું પાસું નથી કે જેમાં કર્મની અસર ન હોય. વળી, એકલું કર્મ જ ભાગ ભજવે છે તેવું નથી, પરંતુ સાથે બીજાં પરિબળો પણ કામ કરે છે.

**તમારા જીવનમાં તમારે આંતરનિરીક્ષણની એવી ટેવ પાડવી જોઈએ કે કંઈ પણ બને તો તરત ખ્યાલ આવે કે આમાં કયા કર્મની અસર છે, અને આ કર્મ બંધાયું કઈ રીતે ?** કોઈ દિવસ આવો વિચાર આવે ખરો ?

**સભા :-** કર્મનો ઉદય છે માટે અમને એવા વિચાર આવતા નથી.

**સાહેબજી :-** કર્મનો ઉદય ખરો છતાં તે વિચાર ન આવવામાં તમે જ મુખ્ય કારણ છો. તમને જડતા ગમે છે. આત્મિક ક્ષેત્રે નચિંત છો - નિર્વિચારક છો, માટે જ અહીંયાં જડભરત થઈને ફરો છો. તમને જીવનમાં ભૌતિક લાભ દેખાય ત્યાં વિચારશીલતા તરત આવી જાય છે, પણ તમે અહીં વિચારશીલ બની જાઓ તો કામ થઈ જાય. જેમ પેટમાં દુઃખે છે ત્યારે વિચાર આવે ખરો કે કયા કર્મના ઉદયથી આ થયું છે ? અને તે કર્મ બંધાયું કઈ રીતે ?

**સભા :-** ખોરાકથી.

**સાહેબજી :-** તમને જે ખોરાક ખવડાવીએ તે જ બીજાને ખવડાવીએ તો તેને કાંઈ ન થાય. તે જ ખોરાક તે તમારાથી ડબલ ખાય તોય તેને પચી જાય; જ્યારે તમે તે જ ખોરાક ખાધો ને પેટમાં દુખ્યું, તો તેમાં પણ કાંઈક અન્ય કારણ છે. માટે ખાલી ખોરાકને કારણ ન મનાય, કર્મને પણ કારણ માનવું જ પડે.

તમને સંસારની દરેક પ્રવૃત્તિમાં જુદાં જુદાં કર્મોની અસર દેખાવી જોઈએ, કે આવા આવા પરિણામોના કારણે બાંધેલાં આવાં આવાં કર્મોથી હું કુટાઉં છું, તો જ કર્મબંધમાં ભાન આવશે. અત્યારે અંદરમાં અવલોકન નથી, તેથી તમને પૈસા મલે ત્યારે ખાલી તમારી હોશિયારી યાદ આવે. લાભાંતરાયનો ક્ષયોપશમ કારણ છે તે યાદ આવે ? પૈસા મળે ત્યારે મેં કોઈને ભૂતકાળમાં દાન આપ્યું હશે માટે મને મળે છે, અને જાય ત્યારે મેં કોઈને પૈસા મેળવવામાં નુકસાન થાય તેવો પ્રયત્ન કર્યો હશે માટે ગયા, એમ થવું જોઈએ. તમારા કોઈ વિરોધીના પૈસા જાય ત્યારે તમને મનમાં શું થાય ? એ જ લાગનો હતો. એટલે અંદર ભાવ પડ્યો છે કે તે ગરીબ થાય તો સારું. આ ભાવના કારણે તમને એવું કર્મ બંધાય કે ભવિષ્યમાં તમારું કહેવાતું તમારા હકનું જાય. કારણ અત્યારે કોઈનું જાય તેમાં તમને રાજીપો છે. જ્યારે તમારા પાંચ-પચ્ચીસ જાય ત્યારે અથવા કાંઈ ખોવાઈ જાય ત્યારે તમારે વિચારવું જોઈએ કે, મેં કોઈના માટે ભૂતકાળમાં આવું વિચાર્યું હશે, જેના ફળસ્વરૂપે આ કર્મ ઉદયમાં આવ્યું છે. તમારી પાસેથી ટ્રેનમાં કદાચ ટિકિટ ચેકર ૫૦ રૂપિયા વધારે લે, તો એ વખતે તો આપી દો; પણ પછી શું બોલો ? સાલો બદમાશ છે, ચોર છે. તમારા પચાસ રૂપિયા જાય તોપણ તમારી આંતરડી કકળે અને બીજાના ગમે તેટલા જાય તોપણ વાંધો નહીં ને ? ઉપરથી રાજી ને ? આવા હલકા ભાવોથી શું મેળવવાનું ?

**એક એક પ્રવૃત્તિનું જીવનમાં કર્મઉદયલક્ષી અને કર્મબંધલક્ષી સમીકરણ દેખાય તો સાવધાન થઈ જવાશે.** આમ તો તમારી ઇચ્છાથી કોઈ ડૂબી જવાનું નથી, તેનો જો પુણ્યોદય હશે તો તેનો સિતારો તો ચમકતો રહેશે. છતાં ખોટા ખોટા અર્થ વગરના ભાવોથી જ, જેમાં કાંઈ લેવાદેવા નથી તેનાથી જ, બીજાનું ખરાબ ચિંતવીને, ઈર્ષ્યા-અદેખાઈ કરીને તમે ૯૯% કર્મ બાંધો છો; કારણ અંદરથી તમને બળતરા ચાલુ જ હોય છે. જેમ ઘરમાં બીજાના ડ્રેસ કે કોઈ સારી વસ્તુ હોય તો પહેરી લઉં તેવું મન થાય. પરંતુ આમ બીજાનું તેની ઇચ્છા વગર વાપરી લેવાની ભાવનાથી ભવિષ્યમાં ગુમાવાનું તમારે જ આવે, તમારું જ કોઈક તફડાવી લે, ઉપાડી જાય, દુરુપયોગ કરી લે.

**જે કર્મવાદ સારી રીતે ભણ્યો હોય તેની આંખ હંમેશાં ઉઘાડી જ હોય.** અત્યારે તમારી પરિસ્થિતિ શું છે ? કર્મ કઈ રીતે બંધાય છે તેની ખબર જ નથી ને ? આપણે ત્રણે પ્રકારનાં વિઘ્નો કઈ રીતે આવે છે તેનાં દૃષ્ટાંતો જોયાં. જઘન્ય વિઘ્ન માટે મેઘકુમારનું, મધ્યમ વિઘ્ન માટે જલનદેવનું અને ઉત્કૃષ્ટ વિઘ્ન માટે અર્હદત્તનું.

દરેકે કેવા ભાવો કર્યા, તેનાથી કેવાં કર્મો બંધાયાં, ઉદયમાં આવ્યાં ત્યારે કેવાં કટુ પરિણામ આવ્યાં, અને તેથી શું થયું વગેરે વિચારજો.

મેઘકુમારે શું કર્યું હશે ? પૂર્વભવોમાં વિષયોમાં જરા તીવ્ર આસક્તિ કરી હશે, તેનાથી ચારિત્રમોહનીય તીવ્ર બંધાયું. માટે દીક્ષા લીધા પછી પણ જરા કષ્ટના કારણે મનમાં વિચાર આવી ગયો કે, અહીંયાં આપણું કામ નથી, હવે ઘરે જાઉં. આવું ચારિત્રમોહનીય બંધાય કઈ રીતે ? જીવને જરા પ્રતિકૂળતા મળે એટલે ભારે અકળામણ થાય, અને જરા અનુકૂળતા મળે એટલે ગેલમાં આવી જાય. તમે સંસારમાં ભોગ ભોગવતાં જરા ગાઢ આસક્તિ કરો એટલે આવાં કર્મો બંધાય. કર્મમાં પણ વિષચક્ર છે. જેમ કે મોહ કેળવો એટલે મોહનીય બંધાય, તે ઉદયમાં આવે એટલે પાછો મોહ પ્રગટે, વળી પાછું મોહનીય બંધાય, તેમ પરંપરા ચાલ્યા જ કરે. જેમ ઝેરી બી વાવો તો ઝેરી ઝાડ ઊગે, તેને ઝેરી બી આવે, તેમાંથી ફરી ઝેરી ઝાડ ઊગે. તેની જેમ આ કર્મનું વિષચક્ર ચાલ્યા જ કરે. મેઘકુમારે એવું કોઈ મોટું પાપ નહોતું કર્યું, કે નથી કોઈને છળકપટ કરી લૂંટી લીધા કે મારી નાખ્યા; પણ **જરાક ગાઢ આસક્તિથી જીવને આવાં કર્મ બંધાય, જેનાથી ધર્મમાં જઘન્ય વિઘ્નો આવે.**

**સભા :-** પળે પળે સાવચેત રહેવાની જરૂર છે.

**પૂ. સા :** હા, કર્મ તો મોં ફાડીને ઊભું જ છે. કર્મનો બંધ તો જીવ જરા ભાન ભૂલે એટલી જ રાહ જુએ છે. જેમ અવાવરુ-ખાડાટેકરાવાળા રસ્તા પર વ્યક્તિ સાવધાન થયા વગર ચાલે તો શું થાય ? બસ, તેની જેમ છે.

**સભા :-** હું જ શ્રેષ્ઠ આરાધના કરું, ઊંચી આરાધના કરું તેવો ભાવ તો થાય ને ?

**સાહેબજી :-** હું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધર્મ કરું, ઊંચી આરાધના કરું, મારો પહેલો નંબર આવે તો સારું આ એક સારો ભાવ છે; પણ હું જ ધર્મઆરાધનામાં પહેલો આવું, દાન-તપ-ત્યાગ હું જ વધારે કરું પણ બીજા નહીં; આ રીતે બધામાં હું જ આગળ આવું બીજા નહિ તે ભાવ, દોષ છે. આ ભાવથી હું જ ધર્મ વધારે કરું, બીજા ઓછો ધર્મ કરે અથવા ન કરે, તેવો ગર્ભિત આશય આવ્યો, જેમાં બીજા પ્રત્યે અંતરાયનો ભાવ છે. માટે ચોવીસ કલાક અંતરાયકર્મ બંધાવાનું. એક માણસ ઇચ્છે કે મને જ સારું મળે, હું જ કરું અને મને જ લાભ મળે, હું જ આગળ આવું, એટલે એ ભાવમાં બીજાનું તે સારું જોઈ શકે તેમ નથી; તેનું ચાલે તો તે

બીજાને સારું મેળવવા દે તેમ નથી. આવી વૃત્તિથી બીજા જીવોને અંતરાય કર્યાનું કર્મ બંધાય. જીવ વૃત્તિ કેળવવામાં સાવધાન ન રહે તો ચોવીસ કલાક કેવાં પાપો બંધાય છે ? તે માને હું ધર્મ કરું છું અને ધર્મ તો લૂંટાઈ રહ્યો છે.

મલ્લિનાથ ભગવાને સૌથી વધારે તપ કરવાની ભાવના કરી હતી. આ તપ કરવાની ભાવના તો સારી ભાવના છે. **બધામાં હું આગળ રહું તે પણ સારી ભાવના છે, પરંતુ હું જ આગળ રહું તે દોષ છે.** તે માટે તેમણે માયા કરી. આમ તો સારા કામના ઉદ્દેશથી માયા કરી છે. ભાવ સારો છે, પણ તેમાં આડકતરી રીતે એવો ભાવ આવ્યો કે બીજા ઓછો ધર્મ કરે. માટે આવા તીર્થંકરનામકર્મને બાંધનારા ઉત્તમ જીવને પણ સ્ત્રીવેદ બંધાયું અને ઠેઠ મિથ્યાત્વ પર આવીને ઊભા રહ્યા.

**સભા :-** પણ મોક્ષની ઈચ્છાથી કરે તો ?

**સાહેબજી :-** આ જીવ પણ મોક્ષનો અભિલાષી જ છે ને ? છતાં અવ્યક્તપણે પણ બીજાને અંતરાયનું કારણ એવો એક દોષ ગમી ગયો, ને મિથ્યાત્વ આવી ગયું.

## ઉત્કૃષ્ટ વિઘ્નનાં કારણો :

અવિવેકને સમજાવવા શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે એક ગચ્છાચાર્ય છે, જેઓ વાચના આપી રહ્યા છે. તે વાચનામાં તેઓ વૈયાવચ્ચનું મહત્ત્વ સમજાવી રહ્યા છે. તેમાં એક સામાન્ય સાધુ જે અલ્પ બુદ્ધિવાળા છે, તેમને થાય છે કે હું કાંઈ ભણી શકતો નથી, અને જો આ વૈયાવચ્ચથી આટલો મહાન લાભ છે અને મારી શક્તિ પણ છે કે હું વૈયાવચ્ચ સારી રીતે કરી શકું, તેથી તે ઊભા થઈ ઉલ્લાસપૂર્વક પચ્ચક્ખાણ લે છે; કે મને આ ચાતુર્માસમાં ગચ્છમાં કોઈપણ સાધુ માંદા પડે તો તેમની વૈયાવચ્ચ કરવાનો લાભ મળે. ગુરુએ પણ અભિગ્રહ આપ્યો. હવે દિવસો-મહિના વીતતા જાય છે પણ યોગાનુયોગ એવું બન્યું કે કોઈ સાધુ ચોમાસામાં માંદા પડ્યા નહીં. માટે તેમને થયા કરે છે કે મેં અભિગ્રહ કર્યો પણ મને વૈયાવચ્ચનો લાભ મળ્યો નહીં, અંદરમાં અફસોસ રહ્યા કરે છે. તેથી ગર્ભિત રીતે તેમને ભાવ એ થયો કે કોઈક માંદા પડે તો મને લાભ મળે, અર્થાત્ કોઈ માંદા પડે તો સારું. હવે આ ભાવથી કેવું કર્મ બંધાય ? તમે અત્યારે આવા આવા કેટલા ભાવ કરતા હો છો ? જે તમને ખબર પણ નથી હોતી.

જેમ તમારો જન્મદિવસ છે ને તમને એમ થાય કે આજે તો ઘી બોલીને પ્રભુની પહેલી પૂજા કરું. તે વખતે જ કોઈ બહારથી ઘી બોલવામાં સામે આવી ગયો, માટે

દરરોજ ૨૫ મણમાં જે લાભ મળે તેના બદલે તે દિવસે ૨૫૦ મણમાં પણ તે લાભ ન મળી શકે તો તમારા મનમાં શું થાય ? ઘી બોલતાં એમ જ થાય ને કે હવે તે ન બોલે તો સારું, મને જ મળે તો સારું ? અને ધારો કે તેના બદલે રોજ ૫૦૦ મણમાં ઘી જતું હોય અને તમને કદાચ ૫૦ કે ૧૦૦ મણમાં તે દિવસે લાભ મળી જાય તો શું થાય ? રાજીરાજી ને ? અર્થાત્ આડકતરો ભાવ શું થયો ? મને લાભ જોઈએ ત્યારે કોઈ સામે ન બોલે, એટલે બીજા દાન ન આપે તેવો ગર્ભિત ભાવ થયો ને ? માટે વિચારજો, તમે ક્યાં ચૂકો છો ? એવી રીતે ભગવાનની પૂજા કરવામાં પણ વચમાં ઘૂસીને પૂજા કરે ત્યારે ભાવ શું થયો ? બીજાને અંતરાય થાય તો ચાલે. અને પરમાત્માની પૂજા કરવામાં અંતરાય કરો તો કેવાં કર્મ બંધાય ?

દા.ત. સંઘમાં કોઈ અનુષ્ઠાન કરાવવાનું હોય, તેમાં તેને પાંચ, દસ હજાર લખાવવા પડે તેમ હોય, એટલે શું કરે ? કાંઈપણ બહાનાં આપી અનુષ્ઠાન જ ઉડાડી દે. જેમ કે અત્યારે ધંધાની સીઝન છે, કોઈ આવશે નહીં; પરીક્ષાનો ટાઈમ છે, અત્યારે કોઈ શક્યતા નથી કે સારી રીતે પ્રસંગ થઈ શકે. **આખા અનુષ્ઠાનના લાખના ખરચામાંથી તેને બે પાંચ હજાર આપવાના આવે, છતાં આખું અનુષ્ઠાન ઉડાડી દે. હવે આવી ભાવનાથી કેવાં કર્મ બંધાય? ઉત્કૃષ્ટ વિઘ્નકારક કર્મ બંધાય, જેનાથી ભવાંતરમાં શાસન ન મળે, બોધિ દુર્લભ થાય.**

અત્યારે મોટા ભાગના સંઘો ઇચ્છે કે સાધુ વક્તા-વિદ્વાન હોય, અને સંઘના કામમાં ઉપયોગી થાય તેવા જોઈએ. વળી, આવા સાધુ પ્રત્યે પણ આપણે બહુ ઘસાવું ન પડે તેવી અપેક્ષા હોય. તમે અત્યારે મોટા ધર્માચાર્યોને કેમ બોલાવતા નથી ? કહેશો હાથી બાંધવાનું કામ આપણું નહીં. એટલે આપણા માથે ભક્તિ-વૈયાવચ્ચનો ભાર ન આવવો જોઈએ. ઘણાને ખબર પડે કે આ સાધુ નિઃસ્પૃહી છે, કાંઈ ધાંધલધમાલ કરતા નથી તો ત્યાં વિનંતી કરવા દોડે, અને કહે અમને નિઃસ્પૃહી સાધુ ગમે છે માટે આપ ચોમાસું પધારો. પરંતુ વાસ્તવમાં તમને સાધુનો નિઃસ્પૃહતા ગુણ ગમે છે માટે નિઃસ્પૃહી સાધુને આગ્રહ કરો છો ? કે ધર્મમાં ઓછા બલિદાનથી તમારું કામ પતે માટે નિઃસ્પૃહી સાધુને બિરદાવો છો ? તમે સંઘનો વહીવટ કરો, કામ કરો, બધું જ સંભાળો, પણ અંદરમાં ભાવ એવો કે ઓછામાં પતે તો સારું. આના ઠેકાણે તમારે પહેલાં તમારી શક્તિ માપી લેવી જોઈએ, અને તેની સાથે ક્યાં સુધી તમારા ભાવ-ઉલ્લાસ છે તે જોઈ લેવા

જોઈએ. પણ બહાનાં કાઢીને સરકવાની વૃત્તિ, આની ટોપી આના માથે પહેરાવવી, આમાં અંદર કેટલા મલિન ભાવ થાય ? તેથી મારી ભલામણ છે કે આવું કરવું ઉચિત નથી. ધર્મનું કોઈપણ કામ અંતરમાં ખૂબ જાગૃતિ રાખીને કરજો, નહીંતર આવા ભાવોથી જેટલાને તમારા દ્વારા ધર્મમાં અંતરાય થશે તેના ફળસ્વરૂપે એવાં કર્મો બંધાશે કે ભવાંતરમાં છક્કા છોડાવી નાંખશે.

તમે સાધુને ઉલ્લાસથી દાન આપો અને પાછળથી અફસોસ થાય તો મરીને મમ્મણ જેવું ઐશ્વર્ય પામશો. શાલિભદ્રે તો દાનમાં ખાલી ખીર વહોરાવી હતી, જ્યારે મમ્મણે તો ઊંચામાં ઊંચી વસ્તુ(કેસરિયા લાડુ) વહોરાવી છે. વળી, ઉલ્લાસથી આપ્યું છે, પણ પછીથી ખૂબ જ અફસોસ થયો છે. માટે પરિણામની ધારા ઊલટસૂલટ ન થાય તે ખૂબ જ સમજવાનું છે. સંઘમાં ઘણા જ આરાધક જીવો છે. તમે પણ ધર્મ સારી રીતે કરો અને સાથે બીજા પણ સારી રીતે આરાધના કરી શકે તેવી સારી અનુકૂળ સામગ્રી આપવી કે સારું વાતાવરણ આપવું, તે પ્રત્યેક ધર્મ કરવા આવનારની ફરજ છે. તેથી **તમે ધર્મના ક્ષેત્રમાં આવો ત્યારે તમારા થકી કોઈને અંતરાય ન થાય તેનો વિવેક રાખવાનો.**

**સભા :-** ધર્મ ભાગ્યથી જ મળે ને ?

**સાહેબજી :- ધર્મના ક્ષેત્રમાં જે શોધ કરશે તે પામશે.** સંસારમાં પણ જે મથે છે તેને જ મળે છે. ઘરે બેઠાં કાંઈ મળવાનું નથી. **અહીંયાં આવીને આત્માની તરસ છીપાવવા તત્ત્વની શોધ કરવી પડશે.** અનંતકાળ આપણે મિથ્યામતોમાં ભટક્યા છીએ, કારણ કે સત્યને શોધવાની કે પામવાની આપણને કોઈ તાલાવેલી નહોતી. અહીંયાં આ મળ્યા પછી પણ કાંઈ તાલાવેલી નહીં હોય તો અપૂર્વ કાંઈ મળવાનું નથી.

અમારાં અયોગ્ય વર્તન કે વ્યવહારના કારણે આવનાર વ્યક્તિ ધર્મ હારીને જાય તો અમને પણ ભારે પાપ લાગે. હું સારામાં સારું ચારિત્ર પાળું પણ લોક સામે એવું વર્તન કરું કે જેનાથી કેટલાય જીવો ધર્મમાંથી દૂર થાય, તો તેનું પાપ કોને ? ગુરુ થઈ ગયા એટલે અમને ગમે તેમ વર્તવાનું લાયસન્સ મળી ગયું, તેવું નથી. ભગવાને અમારા પર પણ ઘણી જ મર્યાદા-બંધનો મૂક્યાં છે. **અમારા ઉપદેશ-આચાર-વિચાર એવા ન જોઈએ કે જેનાથી જીવો ધર્મ હારી જાય. અરે ! આગળ શાસ્ત્રમાં લખ્યું કે કોઈ સાધુ મિનિમમ આચાર-વિચાર પાળી શકે તેમ ન હોય તો સાધુપણું છોડીને ગૃહસ્થ જીવન જીવે.** પરંતુ જો પ્રભુએ કહેલું મિનિમમ

પણ પાળી ન શકે, અને જાહેરમાં સાધુપણાની મર્યાદા લોપે કે જેથી ધર્મમાર્ગની અપભ્રાજના થાય, તો તેને ઉત્કૃષ્ટ વિઘ્નો આવે તેવાં કર્મ બંધાય.

હા, અમે પણ કાંઈ સર્વગુણસંપન્ન નથી. પરંતુ અમારી કોઈ નાની ખામીથી તમે ઊકળી જાઓ તો તમે ધર્મ હારી જશો. તો તેમાં અમારી જવાબદારી નથી. ઘણી વખત કોઈ કાંઈ પૂછવા આવે ત્યારે અમે કામમાં વ્યગ્ર હોઈએ ને ના પાડીએ, તો તમને મનમાં શું થાય ? હા, ધર્મ-શાસનની અપભ્રાજના થાય તેવા અમારા આચાર-વિચાર ન જોઈએ. જે આવા સાધુ હશે તે તો મરશે અને તેને પ્રોત્સાહન આપનાર જીવ પણ મરશે. અત્યારે તમે વ્યવહારથી આ શાસનમાં સભ્યપદે છો, માટે તીર્થંકરે આ જે શાસન સ્થાપ્યું છે તેમાં તમારા થકી તેને ધક્કો ન લાગવો જોઈએ. તમારી કોઈ પ્રવૃત્તિ એવી ન હોવી જોઈએ કે જેથી શાસનને નુકસાન થાય.

**મધ્યમ વિઘ્ન ધર્મ પ્રત્યેની અરુચિ-ખેદ-ઉદ્વેગથી આવે છે.** દા.ત. તમને વધારે ધર્મ, વધારે આરાધના કરવાની આવે તો અંતરમાં શું થાય ? વળી, ભગવાને કહેલા યોગોમાંથી અમુક યોગ જ ગમે, અમુકમાં અરુચિ હોય, અનાદર-ઉપેક્ષા હોય, તોપણ મધ્યમ વિઘ્નો બંધાય.

**ઉત્કૃષ્ટ વિઘ્નો શાસનની અપભ્રાજના, ગુરુદ્રોહ, તીર્થંકરનો દ્રોહ, તત્ત્વોની નિંદા, ઉત્સૂત્ર ભાષણ આદિથી બંધાય.** ટૂંકમાં જણાવ્યું કે કેવા પરિણામોથી કેવાં વિઘ્નો આવે છે, અને આવે ત્યારે જીવની કેવી દશા થાય છે.

## ૪૨

તા.૨૯-૯-૯૫, શુક્રવાર, આસો સુદ પાંચમ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માએ આત્માને કર્મવિજય કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

### ત્રણે વિઘ્નો વિઘ્નોત્પાદક કર્મોની વિપરીત માનસિક અસર ઝીલવાથી જ ઊભાં થાય છે :

અનંતકાળથી આત્મકલ્યાણના માર્ગમાં જો કોઈ વિઘ્નો હોય તો તે સંચિત કરેલાં કર્મો છે. ભૂતકાળમાં જે કર્મો બંધાઈ ગયાં છે તેને હવે અટકાવવાનો ઉપાય નથી, પણ તે કર્મો નિમિત્ત પામીને વિપાકરૂપે આવે, ત્યારે તેની અસરને જો ખમી શકીએ, તો તે કર્મો વિઘ્નરૂપ બને નહીં. **વિઘ્નજનક કર્મના વિપાકની વિપરીત અસર ઝીલવી ન જોઈએ. સતત નિર્વિઘ્ન આરાધના કરવા માટે આ એક જ અમોઘ ઉપાય છે.**

આપણા આત્મા પર અનંત કર્મો છે. તેમાં જે કર્મોની ટાઈમ લિમિટ(સ્થિતિ) પૂરી થશે એટલે તે કર્મો ઉદયમાં આવી તેના વિપાક દેખાડવા માંડશે, એટલે સંસારમાં કહેવાતા માંધાતાઓને પણ ન ધારેલું બને છે. વિઘ્ન ઉદયમાં આવે ત્યારે તે જીવને જો તેની માનસિક અશુભ અસર ન થાય તો તે વિઘ્ન કહેવાતું નથી, પરંતુ અત્યારે આપણને અશુભ અસરો જ થાય છે. દા.ત. અશાતાવેદનીયકર્મનો ઉદય આવ્યો તેથી શરીરમાં તકલીફ પેદા થઈ, અને તેના નિમિત્તે રાગ-દ્વેષ થાય; કે કુટુંબમાં કોઈ પ્રશ્ન ઊભો થયો, અને તેની રાગ-દ્વેષરૂપે ખરાબ અસર થઈ તો વિઘ્ન કહેવાય. આત્મકલ્યાણમાં વિઘ્ન ઊભું કરી શકે તેવી તાકાત કર્મમાં છે, અને અત્યારે તેની સામે ઝઝૂમવાની તમારી તૈયારી નથી, તો તમે સારી રીતે ધર્મ આરાધી ન શકો; પણ જે આવી વિઘ્નોરૂપ માનસિક અસરમાંથી મુક્ત થાય તે જ સારી રીતે આરાધના કરી શકે.

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણે પ્રકારનાં વિઘ્નો વિપરીત માનસિક અસરથી ઊભાં થાય છે. જેમ તમે સામાયિક કરવા તૈયારી કરી, તેમાં વિઘ્ન નડ્યું ક્યારે કહેવાય ? કે ઠંડી પડી, ગરમી પડી, માંકડ-મચ્છર કરડવા લાગ્યા, ભૂખ-તરસ-થાક આ બધી તકલીફો ઊભી થઈ, અને તેની જો તમને માનસિક અસર થાય જેથી સામાયિક ન કરો, તો જઘન્ય વિઘ્ન કહેવાય; પરંતુ તેમાં વિપરીત રુચિ ન હોય તો.

મધ્યમ વિઘ્નમાં કર્મનો એવો ઉદય છે કે તમે મહેનત કરો તોપણ સામાયિકના ઊંડા પરિણામોની ભેદરેખા, પરિપૂર્ણ વિધિનો ખ્યાલ ન આવે; તેથી સામાયિક કરવામાં કે તેનું જ્ઞાન મેળવામાં ઉત્સાહ મંદ થાય, નિરાશાજનક ભાવો પેદા થાય, તે મધ્યમ વિઘ્ન કહેવાય.

જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્નમાં તો સામાયિકમાં અરુચિ-ઉદ્વેગ-કંટાળો ચાલુ થાય. **જેને ધર્મમાં મતિભ્રમ થાય છે તે પણ ઉત્કૃષ્ટ વિઘ્નનું લક્ષણ છે.** જેમ મુસાફરીમાં એક માણસ સીધે રસ્તે ચાલ્યો જાય છે, તેને થાય કે આ રસ્તો બરાબર નથી અને પેલી બાજુ જવા જેવું છે, તેમ માનીને આડો રસ્તો પકડે તેને મતિભ્રમ કહેવાય. તેની જેમ સામાયિક કરતાં અરુચિ-ઉદ્વેગ કે કંટાળો આવે, એટલે એનો મતલબ એ થયો કે જે મોક્ષે જવાનો વિરતિરૂપ માર્ગ છે તેમાં કંટાળો આવ્યો, તે મતિભ્રમ થયો; કારણ કે તેને વિરતિ કરવા લાયક ન લાગી અને અવિરતિ કરવા લાયક લાગી. મોક્ષના ઉત્તમ માર્ગમાં રસ ન પડ્યો અને સાચો માર્ગ છોડવા જેવો લાગ્યો, આ ઉત્કૃષ્ટ વિઘ્ન કહેવાય છે. દિશાભ્રમ વ્યક્તિને માર્ગમાંથી ઉન્માર્ગમાં ફેંકી દે છે. પ્રસંગે દયા-દાન-સહિષ્ણુતા-તપ-પરોપકાર સદ્‌ગુણો કેળવે, પણ જો વધારે કરવાનું આવે એટલે થાય કે આ ક્યાં આવ્યું ? એનો મતલબ એ છે કે તેમાં ઉદ્વેગ-કંટાળો આવ્યો.

### મેઘકુમારને પ્રાણાંત કષ્ટ પણ વિઘ્નરૂપ નહિ :

મેઘકુમાર હાથીના ભવમાં અઢી દિવસ એક પગે ઊભા રહ્યા. તે વખતે તેમનામાં ઉદારતા-સહિષ્ણુતા-પરોપકાર-મૈત્રી-કરુણાનો ઊંચો ભાવ છે. જંગલમાં પોતાની જગ્યામાં પોતાની મહેનતથી વિશાલ માંડલું બનાવ્યું છે. પછી જંગલમાં ભારે આગ લાગવાથી મોતના ભયથી બચવા પોતે તેમાં આવ્યા ત્યારે આખું માંડલું બીજા પશુઓથી ભરાઈ ગયું હતું. છતાં તેમને "મારી જગ્યામાં બીજા બધા ભરાઈ ગયા

અને મારા માટે જગ્યા રાખી નહીં" આવો અશુભ વિચાર આવવાને બદલે સારા વિચાર જ આવ્યા છે. અને તેમાં પણ જ્યારે ખણવા માટે પગ ઊંચો કર્યો ત્યારે એક સસલું પગ મૂકવાની જગ્યામાં આવી ગયું. હવે આવા વખતે જીવને કેવા ભાવ થાય ? પરંતુ તેમને તે વખતે પણ દયા-ઉદારતા-પરોપકાર-મૈત્રી-કરુણાના જ બધા ભાવ પ્રગટેલા છે. માટે દયાના કારણે અઢી દિવસ પગ ઊંચો રાખીને રહ્યા અને તેનું શારીરિક પરિણામ એ આવ્યું કે તેમને રિબાઈ રિબાઈને મરવાનું આવ્યું. પરંતુ તે વખતે કરેલ સુકૃત ઉપર અરુચિના ભાવ થાય તો તેમને ઉત્કૃષ્ટ વિઘ્ન આવ્યું કહેવાય. પરંતુ તેમને તો પ્રાણાંત કષ્ટ છતાં સુકૃત ઉપર જરાપણ અરુચિનો ભાવ થયો નહોતો. આ તમને સમજાવવા માટે દૃષ્ટાંત આપ્યું. જો આવે વખતે ઉત્કૃષ્ટ વિઘ્ન આવી જાય તો કરેલી શુભ પ્રવૃત્તિ ઉપર પોતું ફરી જાય. તેથી **કોઈને પરાણે ધર્મ કરાવવા અમે આગ્રહ નથી કરતા, કારણ કે અરુચિના ભાવથી તેને ઉત્કૃષ્ટ વિઘ્નજનક કર્મ બંધાઈ જશે તો ભવાંતરમાં ધર્મ મળશે નહીં, અને મળશે તો તેને ગમશે નહીં.**

હા, બાળકને પ્રશંસાથી, ધાકધમકીથી અને લાલચથી પણ ધર્મ કરાવી શકાય. તેને તો ધર્મનું વાતાવરણ મળે અને ધર્મના સંસ્કાર પડે તેના માટે જ ધર્મ કરાવીએ છીએ. વળી **વિશેષ લાભ લાગે તો ગીતાર્થ પુરુષો અપવાદથી પરાણે ધર્મ પણ કરાવે, છતાં ઉત્સર્ગથી તો જૈનશાસનમાં પરાણે ધર્મ કરાવાય નહીં. જૈનશાસનમાં વિવેક ઘણો છે.** ભયથી-લાલચથી પરાણે ધર્મ કરાવવો હોય તો ક્રિશ્ચિયનની જેમ આપણે પણ લાલચથી ધર્માંતર કરાવી શકીએ, પણ તેવી આપણા શાસનમાં આજ્ઞા નથી. **ધર્મ માટે જીવની યોગ્યતા જોવાની છે.** નહીંતર આ પદ્ધતિથી તો અતિશયધારી ભગવાને કેટલાયને જૈન બનાવી દીધા હોત. પરંતુ **ધર્મ તો હૃદયમાં ઉતારવાની વસ્તુ છે.** માટે આપણે ધર્મનો પ્રચાર કે ફેલાવો પણ કરતા નથી. આપણી જૈન કોમ્યુનીટી નાની હોવા છતાં પણ દાનના ક્ષેત્રમાં આપણું દાન જ વધારે હોય છે. માટે આપણે પણ ક્રિશ્ચિયનની માફક વટલાવવાનું કરી શકીએ. ગરીબ લોકોને તો ખાવા-પીવા-કપડાં આપો અને કહો કે જૈન બની જાઓ, તો તે લોકો આ બધું મળવાથી જૈન બની જાય, પણ એમ જૈન બનાતું નથી.

હા, પૂર્વાચાર્યોના ઘણા દાખલા આવે છે કે તેમણે જેઓ જૈન નહોતા તેઓને જૈન બનાવ્યા છે, પણ ઉપદેશ દ્વારા બનાવ્યા છે. જેમ ક્ષત્રિયોને પણ ઉપદેશ દ્વારા

જૈન બનાવ્યા છે. પ્રભુએ પણ કેટલાય અજૈનને જૈન બનાવ્યા છે. ભગવાનના શ્રાવકમાં કુંભાર પણ છે અને લુહાર પણ છે. એટલે તેનો અર્થ પ્રભુએ પ્રતિબોધ કરી અજૈનોને જૈન બનાવ્યા છે. પરંતુ પ્રતિબોધનો અર્થ શું ? પ્રતિબોધ ક્યાં થાય ? હૃદયમાં. હૃદયપલટો કરાવી, અંતરમાં જૈનધર્મ વસાવી, આરાધના કરાવી શકાય તો પ્રતિબોધ કર્યો કહેવાય. અન્ય ધર્મી પ્રસંગે પ્રભુના પરિચયમાં આવ્યા ત્યારે, પ્રભુએ મિથ્યામતને મિથ્યા સમજાવી હૃદયમાં પરિવર્તન કરી જૈન બનાવ્યા. અજૈનો પણ ધર્માંતર કરી જૈન બને તો આપણે રાજી છીએ, પણ હૃદયપલટો કરીને બને તો, ભય-લાલચથી નહિ.

તમે પણ જે ધર્મ કરતા હો તેમાં ક્યાંય ઉદ્વેગ-કંટાળો જોઈએ નહીં, પણ રસપૂર્વક કરવાનો છે. ક્યારેક ધર્માનુષ્ઠાન ચાલુ કરતાં તમને ઘણો ઉમળકો હોય છે, પણ પછીથી ફ્યુઝ ઊડી જતો હોય છે. પરંતુ **ધર્મ કરનારે ખાસ સાવધાની રાખવાની છે કે ધર્મ કરતાં ક્યાંય ક્યારેય ધર્મ પ્રત્યે અરુચિ-કંટાળો ન આવે.**

## હવે ત્રણે વિઘ્નોને જીતવા શું કરવાનું ? :

(૧) જઘન્ય વિઘ્નને જીતવા મનમાં પ્રતિસ્પર્ધી ભાવના કરવાની છે, કે જે ભાવનાના બળથી સુખદુઃખને કરનાર કર્મના ઉદયથી જે માનસિક અશુભ અસર થાય છે, તે વિલીન થઈ જાય. દા.ત. સામાયિકમાં તમને તરસ-ગરમી લાગવા માંડી, મચ્છર કરડવા આવ્યા; આ બધા કષ્ટના કારણે મનમાં બેચેની ચાલુ થાય તો પ્રતિસ્પર્ધી ભાવના લાવવાની. કષ્ટની આ માનસિક અસર એ મોહનીયકર્મનો વિપાક છે. તે કર્મને આપણે નિષ્ફળ બનાવવાનું છે. માટે વિચારવાનું કે, સંસારમાં અનંતા જન્મોમાં મારા આત્માએ કેટલાં કષ્ટો સહન કર્યાં ? દુર્ગતિમાં પરાણે કેટલાં દુઃખો વેઠ્યાં છે ? એવું કોઈ કષ્ટ નથી કે જે કુકર્મના ઉદયરૂપે મેં વેઠ્યું ન હોય. ઘાણીમાં પણ પિલાયા છીએ, કરવતથી પણ કપાયા છીએ, ચૂલામાં પણ શેકાયા છીએ; આવાં તો અનેક પ્રકારનાં કષ્ટો મજબૂરીથી વેઠ્યાં છે. તેની સામે અત્યારનું આ કષ્ટ કોઈ વિસાતમાં નથી. વળી, આ ભવમાં પણ અર્થ-કામ માટે, ભોગસામગ્રી માટે કેટલું કષ્ટ વેઠ્યું છે ? અને કેટલું વેઠીએ છીએ ? અને તે વેઠીને પાછું પાપ જ બાંધીએ છીએ. જ્યારે ધર્મસાધનામાં તો કષ્ટ વેઠીએ તો કર્મોની નિર્જરા થાય, ગુણોનો વિકાસ થાય. તેનાથી મનને-આત્માને કેટલું સુખ

મળશે ! આમ વિચારશો તો વિઘ્નોને સરળતાથી પાર કરી શકશો. જ્યારે જઘન્ય વિઘ્નજનક કર્મો ઉદયમાં આવે ત્યારે કષ્ટને શાંતિથી સહન કરવા માટે શાંતપણે તિતિક્ષાની ભાવના ભાવવી જોઈએ. જેમ કે તીર્થંકર પરમાત્માએ કેટલું સહન કર્યું છે ! તેના હિસાબે તો આપણે કશું સહન કરતા નથી. તેઓ તો ચરમશરીરી હોવા છતાં કર્મો ખપાવવા કેટલું કષ્ટ વેઠે છે ! આ બધી ભાવનાથી જઘન્ય વિઘ્ન નાબૂદ થશે, અને સ્થિરપણે તમે ધર્મઅનુષ્ઠાન કરી શકશો.

(૨) મધ્યમ વિઘ્નનું તો ખાલી ભાવનાથી નિવારણ થાય તેમ નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય નડતાં હોવાના કારણે જેને પૂજાની કે સામાયિકની વિધિ સ્પષ્ટ સમજાય નહીં, તેને ઊંડાણપૂર્વક અનુષ્ઠાનના તત્ત્વનો બોધ થતો નથી, તે મધ્યમ વિઘ્ન છે. પણ તેને જીતવા વિધિના જ્ઞાનમાં ખૂબ જ પુરુષાર્થ કરવાનો, ઊહાપોહ કરવાનો, ચિંતન-મનન કરવાનું. જબ્બર પુરુષાર્થ કરવાનો છે.

જેમ માષતુષમુનિને કાંઈ યાદ નહોતું રહેતું, છતાં એક શબ્દ યાદ રાખવા પણ તેમણે ઘણો પુરુષાર્થ કર્યો અને પુરુષાર્થથી પ્રબળ જ્ઞાનાવરણીય તોડી, શાસ્ત્રનું ઊંડું વિધિજ્ઞાન પ્રાપ્ત કરી મહાજ્ઞાની ગીતાર્થ બન્યા, આગળ પૂર્વનું જ્ઞાન મેળવી ક્ષપકશ્રેણિ માંડી. આપણે ત્યાં ક્ષપકશ્રેણિ માંડવા માટે પૂર્વનું જ્ઞાન જોઈએ. શુક્લધ્યાન માંડવા જ પૂર્વનું જ્ઞાન જોઈએ. તેથી **અતિશય અજ્ઞાની જીવો આરાધના કરે તોપણ નીચલી ભૂમિકામાં જ હોય છે. તે જ્ઞાની બને તો જ ઊંચી ભૂમિકામાં જાય. અજ્ઞાની ઘણા તર્યા પણ અજ્ઞાન સામે ઝઝૂમી જ્ઞાની બન્યા ત્યારે તર્યા છે.** માષતુષમુનિ અજ્ઞાની હતા ત્યારે ખૂબ ઉલ્લાસથી ચારિત્ર પાળતા, પરંતુ જાતે આ પ્રવૃત્તિ ઉચિત છે કે અનુચિત છે તેનો તેમને ખ્યાલ નહોતો આવતો. તમને ખ્યાલ આવી જાય કે અનુષ્ઠાનમાં આ ઉચિત પ્રવૃત્તિ છે કે અનુચિત છે ?

**સભા :-** સામાન્ય રીતે તો આવી જાય.

**સાહેબજી :-** તો એકાદ તો દાખલો આપો.

જેમ તમે સામાયિકમાં બેઠા છો અને તે વખતે તમારા ઘરનાં બધાંને બહાર જવાનું થયું અને તે વખતે બહાર જતાં તમને કહે, અમે બધા બહાર જઈએ છીએ, તમે ઘરમાં એકલા છો, ખ્યાલ રાખજો. ત્યારે તમે શું કહો ? કદાચ ભલે

શબ્દ તમે બોલો નહીં, પણ માથું તો હલાવો ને ? હુંકારો પણ કરો ને ? આમ કરવાથી દોષ લાગે તે જાતે ખબર પડે છે ? બે ઘડી માટે આ ઘર તમારું નથી તેમ માની "અપ્પાણં વોસિરામિ" બોલીને બેઠા છો. હવે હુંકારો ભણીને ઘરની ચોકિદારીની જવાબદારી સ્વીકારી લીધી. પછી તેઓના આવ્યા પછી ઘરમાં જે હિંસા થશે, તે હિંસા કરવાના સાધનની તમે રક્ષા કરી, એટલે શું ? તમે તેમને હિંસાનું સાધન રક્ષા દ્વારા હેમખેમ પૂરું પાડ્યું. અહીંયાં તમને ભૂલ નથી દેખાતી, કારણ વિધિનું અજ્ઞાન છે. તેઓ સંસારની પણ વાત કરે તો સામાયિકમાં તમે જવાબ ન આપો ને ? અને તે વખતે તે વાત તમે મૌનપણે સાંભળી લો તોપણ પાપ લાગે. આ તમને ભૂલ લાગે છે ખરી ?

**સભા :-** તો તે વખતે શું કહે ?

**સાહેબજી :-** કહે, બે ઘડી સંસાર છોડીને બેઠો છું. આ મારો અત્યારે વિષય નથી. પણ તમે તો સંસારને સાથે રાખીને જ સામાયિકમાં બેસો છો ને ? તમારે જેમ સામાયિકમાં ઉચિત-અનુચિત પ્રવૃત્તિનું ધ્યાન રાખવાનું છે, તેમ અમારે પણ ધ્યાન રાખવાનું છે.

માષતુષમુનિથી એવી પ્રવૃત્તિ થઈ જતી હોય કે વાયા વાયા અજ્ઞાનતાથી ચારિત્રમાં દોષ લાગી જાય. આમ કાંઈ તેમને ભૂલની ઉપેક્ષા નથી, તેમને તો અણિશુદ્ધ ચારિત્ર પાળવું જ છે, ભૂલ કરવાની કોઈ તેમની વૃત્તિ પણ નથી. જો તેમને દોષ છે તેમ ખબર પડે તો સાબદા થઈને છોડવાની તૈયારી છે, પણ અજ્ઞાનના કારણે આવું બનતું હતું.

**ઊંડું શાસ્ત્રજ્ઞાન ન હોય તો આરાધક સાધુને પણ સાધુપણામાં નાના નાના દોષ કેવી રીતે લાગે તેનો ખ્યાલ પણ ન હોય.** દા.ત. રસ્તે જતાં અમને કોઈ પૂછે કે ફલાણી જગ્યા, મંદિર, આશ્રમ ક્યાં આવ્યું ? હવે હું રસ્તો બતાવું તો દોષ લાગે. જો કે આ વાતની તમને ખબર નહીં હોય, અરે ! અત્યારે તો અમને આવીને શ્રાવક જ પૂછે કે સાહેબ ! ત્યાં કેવી રીતે જવાય ? તમે અમને આવી માહિતી આપવા જ નીમ્યા છે ને ?

**સભા :-** આપને પૂછે કે પાયધુની જવું છે, કેવી રીતે જવાય ? તો આપ શું કહો ?

**સાહેબજી :-** પહેલાં ખબર ન હોય તો કહીએ ખબર નથી. પણ જો ખબર હોય તો એમ કહીએ કે આ અમારો વિષય નથી.

તમારા કરતાં કેટલી મર્યાદાવાળું અમારું સાધુપણું છે ! ગીતાર્થ ન હોય, શાસ્ત્રનો અભ્યાસ ન હોવાથી, દીર્ઘદૃષ્ટિ-વિવેક ન હોવાથી, એવી કેટલીય પ્રવૃત્તિ અજ્ઞાનતાથી થઈ જતી હોય છે કે જેમાં વાયા વાયા હિંસામાં ઇન્વોલ્વ થઈ (સંડોવાઈ) જવાય. તમારે પણ સામાયિક માટે સંપૂર્ણ વિધિ જાણવી જરૂરી છે.

**સભા :-** ધર્મસ્થાનકો પર જવા માટે રસ્તો પૂછે તો તમે બતાવી શકો ખરા ?

**સાહેબજી :-** ધર્મસ્થાનકે જવાની પ્રવૃત્તિ શુભમાં ગણાય, છતાં પણ અમારો બતાવવાનો વ્યવહાર નથી. અમે શ્રાવકોના વ્યવહાર જોઈએ ત્યારે એમ થાય કે આજના શ્રાવક અમારી પાસેથી કેવી અપેક્ષા રાખે છે ! જેમ તમારે ક્યાંય બહાર જવું હોય તો શું કરો ? સાધુને કહો કે, આ થેલી મૂકીને જાઉં છું. એટલે તમે મહારાજને ચોકીદારી સોંપી ને ? થેલીમાં જે સામાન ભર્યો હોય તેનો ઉપયોગ તમે સંસારમાં જ કરશો ને ?

ઘણી વખત અમને દવાનો ખપ હોય ત્યારે લાવવા માટે તમને કહીએ, ત્યારે તમે પૂછશો કે સાહેબ, આ દવાનો તમે શેના માટે ઉપયોગ કરશો ? પાછા કહો, આ તો મારા દીકરાને તકલીફ છે માટે પૂછું છું. એટલે અમારી પાસેથી દવાની જાણકારી મેળવી ઉપયોગ સંસારમાં કરશો, અને અમે ન કહીએ તો ખોટું લાગે.

ધર્માચાર્યો આયુર્વેદ-આરોગ્યશાસ્ત્રો જાણતા હોય, તો દેહના લક્ષણ પરથી તકલીફ પણ જાણી શકે છે; અને તેના નિદાન-ઉપચાર પણ જાણતા હોય, પણ તમને કહી શકે ખરા ? અને ન કહે તો તે સાધુ તમને કેવા લાગે ? અમારા સામાયિકને તમે કેવું સમજો છો ? અમારે જીવનભર ત્રિવિધે-ત્રિવિધે ત્યાગ છે, તેમાં કેટલો ત્યાગ આવે ? તમારા આરંભ-સમારંભમાં અમે ક્યાંય સંડોવાવા તૈયાર નથી. સાધુ-શ્રાવકની મર્યાદાઓ-નિષેધ સમજશો તો ભૂલોથી દૂર રહેશો. તમારા સામાયિકમાં પણ ભૌતિક પરોપકાર કરવાનો નથી, અરે ! ઇચ્છવાનો પણ નથી. પરોપકાર એ અધર્મની વાત નથી, પણ ધર્મની વાત છે છતાં આ મર્યાદા છે. તમારાથી સામાયિકમાં પણ માંદાને દવાની માહિતી ન અપાય.

**સભા :-** સાધુને આપી શકાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. સાધુ તો અહિંસક જીવન જ જીવે છે. તે આરોગ્યનો ઉપયોગ પણ આરાધનામાં જ કરશે. જ્યારે સંસારીને તો વાયા વાયા પણ આરંભ-સમારંભમાં સંડોવાવાનું આવે છે.

માષતુષમુનિને જ્ઞાનાવરણીય નડે છે, છતાં તેની સામે તેઓની જ્ઞાનની ઉપાસના-પુરુષાર્થ ચાલુ છે. જ્ઞાનાવરણીય સામે તે લડે છે. જ્યારે આપણે શું કરીએ ? કર્મ સામે ઝઝૂમવાની તૈયારી નથી. જરા કર્મ આવે એટલે પલાઠી વાળીને નિરાંતે બેસી જઈએ. પરંતુ આમનું તો હેમરીંગ ચાલુ જ છે. નિકાચિતકર્મ પૂરું થયું એટલી જ વાર. પછી તો જે એક શબ્દ યાદ નહોતો રહેતો, ત્યાં તેમણે અનેક શાસ્ત્રોનું જ્ઞાન મેળવી લીધું.

તમને આવું વિઘ્ન આવે તો પાછળ પડીને તોડી નાંખો ખરા ? જ્ઞાનાવરણીયમાં પણ અનેક પ્રકારો છે. કેવળજ્ઞાન પામવા માટે જ્ઞાનના ઘણા તબક્કા છે, પરંતુ તેમણે પહેલું જ્ઞાનાવરણીય કયું તોડ્યું ? નિરતિચાર ચારિત્ર પાળવા જેટલું જ્ઞાન જોઈએ તેટલું તેમણે મેળવ્યું, એટલે સાચી દિશા પ્રમાણે દોડે. અંદરમાં તેમને પ્રગતિની તીવ્ર ધગશ છે, તેથી પછીની ભૂમિકા પામવા માટે પણ સતત મહેનત ચાલુ છે. આગળ સમતાની ભૂમિકામાં ગયા. સમતામાં જવા નિરતિચાર ચારિત્ર કરતાં વધારે જ્ઞાન જોઈએ. તે મેળવ્યા પછી પૂર્વનું જ્ઞાન મેળવ્યું. માટે વિચારજો, તેમનો કેટલો સંઘર્ષ, કેટલી મહેનત હશે ? **જઘન્ય વિઘ્ન ભાવના ભાવવાથી જીતી શકાય છે, પણ મધ્યમ વિઘ્ન પુરુષાર્થથી જ જીતી શકાય છે. મધ્યમ વિઘ્નકારક જે કર્મ નડે છે તેની સામે વિરોધી પ્રબળ પુરુષાર્થ જોઈએ.**

**સભા :-** મરુદેવીમાતાએ કઈ રીતે પૂર્વનું જ્ઞાન મેળવ્યું હતું ?

**સાહેબજી :-** મરુદેવીમાતાએ ભણ્યા વગર આવરણ તોડી જ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાન તો અંદર જ છે. આવરણ છે માટે અજ્ઞાન છે. કોઈ વ્યક્તિ સળિયાને કરવતથી ઘસી ઘસીને કાપે અને કોઈ બળવાન વ્યક્તિ હાથથી એક ઝાટકે વાળીને કાપી નાંખે, તેની જેમ અહીં છે.

આપણને જ્ઞાનાવરણીયના આવરણથી નાનપણમાં કક્કાનો ક નહોતો આવડતો, પણ ધીમે ધીમે પુરુષાર્થ દ્વારા આવરણ તોડતા ગયા તેમ જાણકારીમાં આગળ વધતા ગયા. આપણને વગર ભણે આવરણ તૂટ્યું નથી. પરંતુ ક્ષપકશ્રેણિ માંડતાં પૂર્વનું

જ્ઞાન તો જોઈએ. માષતુષમુનિને આ બન્યું તે ચમત્કાર તુલ્ય છે. ધારે તો આત્મા બધું જ કરી શકે તેમ છે.

(૩) હવે ઉત્કૃષ્ટ વિઘ્નથી બચવા શું કરવું ? તો જે ઉત્કૃષ્ટ વિઘ્નો આપવાવાળાં કર્મો છે, તે ઉદયમાં આવે તે પહેલાં સરકી જાઓ તો જ ખરી મઝા છે.

**સભા :-** **'हीआहारा'** (હિતકારી આહાર), **'मिआहारा'** (પ્રમાણોપેત આહાર) એટલે શું ?

**સાહેબજી :-** જેમ શરીરમાં તાવ ખૂબ છે, તેથી ઊભા ઊભા કાઉસ્સગ્ગ થઈ શકે તેમ નથી તે વિઘ્ન ઊભું થયું. ધર્મક્રિયામાં અંતરાય કે સ્ખલના કરે તેવા શારીરિક રોગો મધ્યમ વિઘ્ન સ્વરૂપ છે. આ **રોગાદિમાં અપથ્ય ભોજન કારણ બને છે. તેથી તેના નિવારણ માટે પથ્ય અને હિતકારી ભોજન કરવાનું આવે.** સાધુને પણ પથ્ય અને હિતકારી ભોજન જ વાપરવાનું છે. અત્યારે પણ નવ્વાણું ટકા રોગો ભોજનના ફેરફારના કારણે જ થાય છે. શરીરને આવશ્યક બધાં જ પોષક તત્ત્વો પેટમાં પેદા થાય છે. હોજરી બગડે એટલે પોષક તત્ત્વોમાં વિકૃતિ થવાથી શરીરનો resistence power (રોગપ્રતિકારક શક્તિ) ઘટે. માટે જ રોગો પેદા થાય છે. જિનકલ્પ સ્વીકારેલા મહાત્મા પાસે ઊંડું શરીરજ્ઞાન છે. તેમને ખ્યાલ આવે કે વાયુનો રોગ થયો છે. તેના નિવારણ માટે આવા આવા વિરોધી આહાર લઈશું તો મટશે. માટે તે રીતે આહાર લઈ નિવારણ કરે. મોટાભાગના ઉત્તમ મહાત્માઓ આ રીતે જ રોગોનું નિવારણ કરતા હોય છે. બને ત્યાં સુધી ઔષધિઓના દ્વોષો પણ સેવે નહીં. માટે 'હિઆહારા, મિઆહારા'ને રોગ નિવારણનું સાધન કહ્યું છે. તેમાં ખાલી ભાવના નહીં પણ પુરુષાર્થ જોઈએ. આ મધ્યમ વિઘ્ન માટેની વાત થઈ.

## ઉત્કૃષ્ટ વિઘ્ન નિવારણ માટે પૂર્વ ઉપાય :

ઉત્કૃષ્ટ વિઘ્નમાં તો પ્રબળ મિથ્યાત્વ મોહનીયનો ઉદય કારણ છે. તેનો અબાધાકાળ પૂરો થાય ને તે ઉદયમાં આવે તે પહેલાં જીવ ક્ષપકશ્રેણિમાં સરકી જાય, તો તેના જોખમથી ઊગરી જાય.

**સભા :-** તે કર્મ ક્યારે ઉદયમાં આવે તે કેમ ખબર પડે ?

**સાહેબજી :- બાંધેલાં કર્મો તત્કાળ ઉદયમાં આવતાં નથી. બંધકાળ અને ઉદયકાળની વચ્ચેના સમયમાં જો જીવ સાધનામાં આગળ વધી જાય તો કામ પતી જાય, પેલું કર્મ સાધનાથી ખરી પડતાં નિષ્ફળ જાય.** ભગવાન મહાવીરે આટલી સાધના કરી છતાં સત્તાવીશ ભવ થયા અને છેલ્લા ભવમાં પણ સાડા બાર વર્ષની સાધનામાં ઉત્કૃષ્ટ ઉપસર્ગો સહન કરવા પડ્યા, જ્યારે દઢપ્રહારીએ ભયંકર કુકર્મો કરેલાં તોપણ છ મહિનામાં છૂટી ગયા. પ્રભુએ તો આગલા ભવમાં સંયમ પાળ્યું છે, છતાં છેલ્લા ભવમાં કેટલો ઘોર તપ કર્યો? ઉત્કૃષ્ટ પરિષહો સહન કરવા પડ્યા. વાસ્તવમાં આ બેમાં ભારેકર્મી કોણ છે ? દઢપ્રહારી છે. દઢપ્રહારી જેવાં પાપો તો ભગવાને કર્યાં નથી, છતાં તેમનો સમય લંબાયો, પેલા પાર ઊતરી ગયા, કારણ શું ? ભગવાન મહાવીરના આત્મા પર જેટલાં કર્મોનો સ્ટોક છે, તેના કરતાં દઢપ્રહારીના આત્મા પર વધારે સ્ટોક છે. જો એ કર્મો બધાં ઉદયમાં આવ્યાં હોત તો તે જીવના છક્કા છોડાવી નાંખત. પણ હજુ આ કર્મો સ્ટોકમાં છે અને તે કર્મો ઉદયમાં આવે તે પહેલાં તે જીવ ઉત્કટ સાધના કરી આગળ નીકળી ગયો. જેમ તમને સામે બળિયો મારવા આવે અને તમને લાગે કે તમે સામે ટકી શકો તેમ નથી, તો તે તમને પકડે તે પહેલાં જો તમે હાથતાળી આપી સરકી જાઓ તો બચી જાઓ; પણ એક વખત તે બોચી પકડી લે, તો પછી તો માર ખાધે જ છૂટકો થાય. તેની જેમ **પ્રભુ મહાવીરને જઘન્ય વિઘ્નકારી કર્મોનો પ્રબળ ઉદયકાળ ચાલુ થઈ ગયો, માટે તેમને શાંતભાવે ભોગવ્યા વગર છૂટકો નહોતો, જ્યારે દઢપ્રહારી ઉત્કૃષ્ટ વિઘ્નકારી કર્મો ઉદયમાં આવે તે પહેલાં જ છટકી ગયા.**

ભૌતિક ક્ષેત્રમાં તમને અવસરે ખબર પડે કે જોખમ છે, તો મહેનત કરીને છટકી જાઓ ને ? ત્યાં પણ બધાને ખબર પડે તેવો નિયમ નથી, પણ અત્યારે તો ખબર છે ને કે આપણને ગમે ત્યારે કર્મરાજાનું જોખમ છે ? માટે બને તેટલી ઝડપથી સાધના કરી છટકી જાઓ તેવું મનમાં ખરું ? ઉત્કૃષ્ટ વિઘ્નકારી મિથ્યાત્વકર્મો દઢપ્રહારીને સત્તામાં છે. જો તે ઉદયમાં આવે તો ધર્મનો જ અભાવ કરાવે. પણ તે ઉદયમાં આવે તે પહેલાં તે કર્મના હાથમાંથી છટકી ગયા. ઉદયમાં આવે તે પહેલાં તેમણે ઊંચી સાધનાની તક ઝડપી લીધી, પ્રબળ પુરુષાર્થ ચાલુ કરી દીધો, અવસર ને તક પ્રમાણે સાવધાન થઈ ગયા. અત્યારે આપણા બધાના આત્મા પર

ભારે દર્શનમોહનીયકર્મ પડ્યું જ હશે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. અજ્ઞાનદશામાં દેવ-ગુરુ-ધર્મ વિરોધી ભાવો કેળવ્યા હોય, અરુચિ કરી હોય તો આવાં કર્મો બંધાય જ. એ કર્મો ઉદયમાં આવી જાય તો ધર્મથી વિમુખ જ થઈશું. આ મોટોભાઈ મહેનત કરીને મરી ગયો છતાં પેલો ધર્મ ન પામી શક્યો ને ? માટે આપણે પણ આવાં કર્મો ઉદયમાં આવે તે પહેલાં છટકી જવાનું છે.

**સભા :-** પ્રભુને અવધિજ્ઞાન તો હતું ને ? છતાં છટકી ન શક્યા ?

**સાહેબજી :-** હા, તેઓ જાણતા હતા, છતાં ઉદયમાં આવે તે પહેલાં છટકી શક્યા નહીં. ૩૦ વર્ષ ઘરમાં કેમ રહ્યા ? મજા આવતી હતી માટે ? ના, મધ્યમ વિઘ્ન કરનારું કર્મ ઉદયમાં હતું માટે જ રહ્યા છે. ૩૦ વર્ષ પછી પણ સંયમવિરોધી નિકાચિતકર્મ સ્ટોકમાં-સત્તામાં છે, પણ હજુ ઉદયમાં નથી આવ્યું માટે પછીથી તે કર્મને હાથતાળી આપી આગળ વધી ગયા-સંયમ લઈ શક્યા, પણ કેવળજ્ઞાન માટે હજુ વિઘ્ન ઉદયમાં છે, માટે પામ્યા નથી. દૃઢપ્રહારી કર્મોની ધરબાયેલી સુરંગ ફૂટવા દે તેમ નથી. અત્યારે આપણે તો અટકીને કેમ બેઠા છીએ ? સાધનામાં જ માંદા માંદા ચાલીએ છીએ માટે. આપણે પણ આવાં વિઘ્નકારી કર્મોનો ઉદય થાય તે પહેલાં સાધના દ્વારા આગળ પહોંચી જઈએ તો સહીસલામત નીકળી જવાય. પણ તમને તો ઉતાવળ જ નથી ને ? સ્ટોકમાં કર્મ છે તેને ઉદયની તક મળવી જોઈએ નહીં, તે પહેલાં સાધનાની તક ઝડપીને આગળ વધી જવું જોઈએ.

**સભા :-** આ કાળમાં ક્યાં સુધી પહોંચી શકાય ?

**સાહેબજી :- આ કાળમાં પણ ઈચ્છાયોગ, પ્રણિધાનભાવધર્મ, આંશિક પ્રવૃત્તિભાવધર્મ, ચોથા, પાંચમા, છટ્ઠા ગુણસ્થાનક સુધી જઈ શકાય છે.** તેટલું કરી લો તો આગલા ભવમાં વધારે આગળ વધી પાર પામી જવાય.

દર્શનમોહનીયનો ગાઢ ઉદય આવે તો તીર્થંકરના જીવને પણ કોઈ બચાવી શકે નહીં. ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તે પહેલાં જ સરકી જવામાં મઝા છે. ઘણા જીવોએ એવાં નિકાચિત બાંધ્યાં હશે કે જો તે ઉદયમાં આવી જાય તો ભોગવી ભોગવીને ડૂચો નીકળી જાય. પણ જો જીવ તે પહેલાં સાધના કરી છટકી જાય, તો અસંખ્ય દુઃખો આપે તેવાં કર્મો મોં વકાસીને રહી જાય. ઘણા જીવો આ રીતે છટકી ગયા છે.

**સભા :-** પણ સાહેબજી ! આ રીતે તો નીકળનારા થોડા જીવો ન હોય ?

**સાહેબજી :-** ના, અનંતા હોય. સમગ્ર સાધકની અપેક્ષાએ અનંતા હોય. છેલ્લે સુધી આત્મા પર એટલાં નિકાચિતકર્મો રહેતાં હોય છે, પ્રાયઃ કરીને જીવો સરકીને જ જતા હોય છે. ચંડકૌશિકને શું થયું છે ? એકે ઝાડના પાનને પણ જીવવા દીધું નથી. બધાંને બાળીને ખાક કરી દીધાં છે. લેશ્યા તેની ભયંકર છે, વૃત્તિઓ સંક્લિષ્ટ છે. સાપને રહેવા જગા કેટલી જોઈએ ? પણ મમત્વ-ક્રોધ અતિશય છે. હવે આ બધા ભાવોથી કેટલા ભવો સુધી નરકમાં જવું પડે તેવાં કર્મ બાંધ્યાં છે ? છતાં તે જશે નહીં. કારણ તે સરકી ગયો. આવાં તો હજારો, લાખો દૃષ્ટાંતો છે.

**સભા :-** નસીબ કામ કરે ને ?

**સાહેબજી :-** ના, પુરુષાર્થ કામ કરે છે.

**સભા :-** પ્રભુ મળ્યા તેમાં નસીબે કામ કર્યું ને ?

**સાહેબજી :-** હા, પ્રભુ મળ્યા એ તેને પુણ્યથી મળ્યા, પરંતુ તેવું પુણ્ય પણ તેણે પૂર્વના પુરુષાર્થથી જ સંચિત કર્યું છે. વળી પ્રભુ જેને મળે તે બધા જ તરી જાય તેવો નિયમ નથી. મળ્યા પછી પણ તેણે પુરુષાર્થ જબ્બરદસ્ત કર્યો છે. અનશન અનુપમ કર્યું છે. આ જીવ કર્મને હાથતાળી આપીને સરકી ગયો છે.

**સભા :-** આનો મતલબ હમણાં જ પુરુષાર્થ કરી લેવો જોઈએ ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તે પહેલાં જો સંસારને પાર પામી ગયા, તો જ તમારું ભલું છે. માટે બને તેટલી ઉતાવળની જરૂર છે. પણ તમને અત્યારે ધર્મમાં શાંતિ ને ધીરજ છે.

સંસારમાં કેટલું રખડ્યા ? હે ભગવાન ! હવે તો આરો આવે તો સારું એવો સંસારથી કંટાળો આવ્યો છે ? તમને તો મોક્ષનો તલસાટ જ નથી, કર્મનો ભય નથી. મિથ્યાત્વમોહનીય ઉદયમાં આવશે તો બુદ્ધિ જ બગાડશે, બીજાં કર્મો તો કદાચ કષ્ટ આપશે. જેમ સંસારમાં તમે એક શ્રીમંત માણસને ચક્રમ કરો એટલે તેનું બધું પુણ્ય નકામું ને ? જ્યારે બીજો માણસ ભલે સામાન્ય હશે, પણ બુદ્ધિશાળી હશે તો તેને જીવવા જેવું જીવન રહેશે. પેલું સંસારનું ભૌતિક ગાંડપણ છે, જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્ન તે આત્માનું આંતરિક ગાંડપણ છે. **ગાઢ કર્મ ઉદયમાં આવે અને ફસાઈ જાઓ તે પૂર્વે શું કરવું તે કાંઈ વિચાર્યું છે? જેમ પેલા દેવતાને તો ખબર પડી ગઈ કે હું ધર્મથી વિમુખ થવાનો છું, માટે તેણે પહેલાં ઉપાય કરી લીધો,**

પણ અત્યારે તમારે શું તજવીજ કરવાની છે? તમે અત્યારે જીવનમાં કોઈ કલ્યાણમિત્રો રાખ્યા છે ખરા? ન રાખ્યા હોય તો કલ્યાણમિત્રો રાખવાના, અને તેમને કહેવાનું કે મારું આટલું કામ કરજો કે, ક્યાંય પણ હું ધર્મ ભૂલું તો મને અવશ્ય ધર્મ પમાડજો. તમે સંસારમાં તો કોલકરાર કરો છો, તેમ અહીંયાં કોઈની સાથે કોલકરાર કર્યા છે ખરા ? ખરો ધર્માત્મા તો કહી રાખે કે હું ક્યારેય પણ ધર્મ ભૂલતો હોઉં તો મને ધ્યાનમાં રાખીને પમાડજો, મારા આત્માનું હિત કરજો. ગુરુ સાથે પણ આવા કરાર કર્યા છે ખરા? જરૂર જ નથી ને ?

**સભા :-** અમે તમારી સાથે કરીએ.

**સાહેબજી :-** હા, પણ તો પછી ધર્મઆરાધના દ્વારા ગુરુનું દિલ જીતી લેવા જેવું તમારું હાલનું વર્તન જોઈએ. ઉપદેશ રહસ્યમાં લખ્યું છે કે **"જીવનમાં અવશ્ય કલ્યાણમિત્રો કરવા અને રાખવા જોઈએ."**

## પરભવમાં પરસ્પર ધર્મ પમાડવા કલ્યાણમિત્રો - સદ્‌ગુરુ પાસે સંકલ્પબદ્ધ થવું :

**સભા :-** કલ્યાણમિત્રની વ્યાખ્યા શું ?

**સાહેબજી :-** તમારી પાસેથી તેને પોતાના આત્માના હિત-કલ્યાણ સિવાયની કોઈ અપેક્ષા ન હોય, અને સાથે તમારા આત્માની પણ તેના મનમાં હિતચિંતા જ હોય. તેના પોતાના આત્માની હિતચિંતા હોય, તેવી જ તમારા આત્માની હિતચિંતા હોય; પ્રસંગ આવે ધર્મ માટે દોરે, પ્રેરણા કરે, ટેકો આપે. આ બધા કલ્યાણમિત્રો કહેવાય. તમારા મિત્રવર્તુળમાં આવી કોઈ વ્યક્તિઓ છે ? કે બધા સરખેસરખા ભેગા થયા છો ? **વાસ્તવમાં તમારે જેની સાથે ખૂબ નિકટતા હોય, પ્રસંગે બધી દિલ ખોલીને વાત કરતા હો, તેવી વ્યક્તિને તમારે કહેવું જ જોઈએ કે મારું ધ્યાન રાખજે, પ્રસંગે મારી ચોટ્લી પકડજે, મારું હિત કરજે.**

જૈનશાસનના વર્તમાન આગમોની રચના ભગવાન સુધર્માસ્વામીએ કરી છે, પણ ગ્રંથારૂઢ તો પૂ. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કર્યાં છે. આ મહાત્માનો આપણા પર મહાન ઉપકાર છે. આગલા ભવમાં તેઓ દેવતા છે. સૌધર્મેન્દ્રના હરિણૈગમેષિક નામના સેનાપતિ છે. ધર્મઆરાધના સાથે દેવતાનો ભવ વિતાવે છે. અંત નજીક આવતાં ભાવિ માટે તીર્થંકરને પૂછતાં ખબર પડી કે મારે ધર્મ પામવો દુર્લભ છે.

માટે તેમણે શું કર્યું ? દેવલોકમાં ઇન્દ્ર, સામાનિક, સેનાપતિના હોદ્દા હોય છે. એ હોદ્દા પર એક દેવતા કાળ કરે ત્યારે એ હોદ્દાને યોગ્ય પુણ્ય પેદા કરે તે જીવ ત્યાં જન્મે. માટે તેમણે તે દેવવિમાનની ભીંત ઉપર લખ્યું કે આ હોદ્દા પર આવનાર પુણ્યશાળી દેવતા આ ઠેકાણે આવીને મારું આટલું કામ અવશ્ય કરે. તેથી તેમને તેમની જગાએ આવેલ દેવતાએ ધર્મ પમાડ્યો છે.

તેમ બળદેવો દીક્ષા લે છે, તો તેમને પ્રતિબોધ કરવા કોણ આવે છે, ખબર છે ? પોતાના પરિવારમાં કોઈ ચારિત્ર લેનાર સાથે તેમણે શરત કરેલી હોય, અને કાળ કરીને તે વ્યક્તિ દેવતા થયેલ હોય, જે તેમને પ્રતિબોધ કરવા આવે છે. માટે તમે પણ જીવનમાં આવા પરસ્પર સંકલ્પ કરેલા હોય, એક-બીજાને ભવાન્તરમાં તારવાની ભલામણ કરેલી હોય, સદ્‌ગુરુ પાસે પણ આવાં વચન માંગ્યાં હોય તો પ્રસંગે ઉત્કૃષ્ટ વિઘ્ન આવે તોપણ બચી જાઓ, અને ભારેમાં ભારે કર્મના ફળથી પણ, જેમ શૂળીનો ઘા સોયથી જાય, તેમ નીકળી જવાય.

પરંતુ આ બધું સૂઝે કોને ? જેને મનમાં એમ હોય કે મારાથી બધું અળગું થાય તો વાંધો નહીં, પણ ધર્મ તો અળગો ન જ થવો જોઈએ તેને. પરંતુ જેને અહીંયાં જ આત્માની ચિંતા નથી, તેને ભવાંતરમાં ક્યાં પ્રશ્ન છે ! પરંતુ ધર્મ તો મારાથી અળગો ન જ થવો જોઈએ તેવું માને તે જ પ્રસંગે આવી ભલામણ કરે. મરતી વખતે તમે શું ભલામણ કરો ? સૌથી અગત્યનું કે જવાબદારીનું જે માનતા હો તેની જ ભલામણ કરો ને ? તેની જેમ કલ્યાણમિત્રો-સદ્‌ગુરુ પાસે તમારે આવા સંકલ્પ કરવા જોઈએ.

## ૪૩

તા.૯-૧૦-૯૫, સોમવાર, આસો વદ એકમ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ આપણા આત્માને સર્વસિદ્ધિ પ્રાપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**સત્તારૂપે આત્મામાં શક્તિ-ઐશ્વર્ય એટલું છે કે જગતની દશ્યમાન શક્તિઓ છે તે બધી આત્મામાં પૂર્ણ રીતે સમાયેલી છે, અને આ શક્તિઓને ક્રમશઃ ખીલવવા માટે જ ધર્મ છે. તે શક્તિઓ ક્રમસર એવી રીતે ખીલવવાની છે કે જેનાથી આત્મિક સુખનો આસ્વાદ માણતા માણતા અંતે પરમપદને પામી શકીએ. આ સંસારમાં ફળ સૌને મીઠાં લાગે છે, પણ તેને મેળવવાની સાધના જ કષ્ટદાયક-કસોટીદાયક હોય છે.**

અનંતકાળથી આત્મામાં અધર્મના ગાઢ સંસ્કાર જડાયેલા છે, તેને ક્રમશઃ સાધનાથી તોડવાના છે. આ સાધનાના ક્રમિક સ્ટેજમાં પહેલું સ્ટેજ પ્રણિધાનભાવધર્મ છે. તેના વગર સાચી સાધનાનો પ્રારંભ જ થતો નથી. પ્રણિધાન પામે એટલે તે ધ્યેયની બાબતમાં અને ધ્યેયને મેળવવાની બાબતમાં સ્પષ્ટ બની ગયો. પરંતુ ધ્યેયમાં સ્પષ્ટ થવા છતાં તે જીવને ધ્યેયને પામવા માટે સમુચિત પુરુષાર્થ કે તત્પરતા તો પ્રવૃત્તિભાવધર્મમાં જ આવે છે. **પહેલા ભાવધર્મમાં કર્તવ્યતાના નિર્ણયરૂપ તીવ્ર ઈચ્છામાત્ર છે, જ્યારે આ બીજા ભાવધર્મમાં તત્પરતાપૂર્વકનો તીવ્ર પુરુષાર્થ છે. આ પુરુષાર્થ દ્વારા ધ્યેયને પ્રાપ્ત કરવા જીવ મચી પડ્યો હોય, છતાં જો ભૂતકાળનાં તેવા પ્રકારનાં વિપરીત કર્મો હોય તો તેના પુરુષાર્થમાં તેને વિઘ્નો આવે છે. હવે જો તે વિઘ્નોનો જય કરી શકે તો જ વિઘ્નજય નામના ત્રીજા ભાવધર્મને પ્રાપ્ત કરી, ચોથા સિદ્ધિભાવધર્મને પામી શકે છે,** નહીંતર નથી પામી શકતો.

વિઘ્નજય જેણે કર્યો છે તેને સાધનામાં વિઘ્નો આવે કે ન આવે પણ તેને સાધનામાંથી કોઈ હલાવી શકતું નથી. **વિઘ્નો આવે કે ન આવે પણ વિઘ્નોને જીતવાની જેણે તાકાત પેદા કરી લીધી છે, તેને જ સિદ્ધિ નામનો ભાવધર્મ વરે છે.** વળી, વિઘ્ન આવે તેવાં કર્મો જીવે ભૂતકાળમાં બાંધ્યાં હોય અને બાંધેલાં તે કર્મો જો

સત્તામાં જ પડ્યાં હોય, છતાં તેનો ઉદય આવે તે પહેલાં જીવ એવી સાધના કરી આગળ નીકળી જાય, તો તે નિર્વિઘ્ને પરમપદને પામી જાય છે.

ચોવીસ તીર્થંકરોમાંથી સત્તર તીર્થંકરોની સાધના જોઈએ તો તેઓ આગલા ત્રીજા ભવે જ પહેલવહેલો સાચો ધર્મ પામ્યા છે. પૂર્વે અનંતકાળમાં તેઓ સાચો ધર્મ પામ્યા નથી. હા, વ્યવહારથી કદાચ આરાધેલો હોય, પણ સાચો ધર્મ તો પહેલવહેલો આ આગલા ત્રીજા ભવમાં જ પામી, સમકિત આદિની આરાધના કરી, નિરતિચાર ચારિત્ર પાળી, કાળ કરી, દેવલોક પામી પછી સીધા અહીં તીર્થંકર તરીકે જન્મ્યા છે.

**સભા** :- તેમાં કારણ શું ?

**સાહેબજી** :- કારણ વિઘ્નો આવે તેવાં કર્મો બાંધ્યાં ન હોય અને બાંધ્યાં હોય તો તેનો ઉદય આવે તે પહેલાં જ જીવ સાધના કરી સરકી જાય. માટે બધા સાધકને અથડાવું-કુટાવું પડે તેવો નિયમ નથી.

મયણાનું દૃષ્ટાંત આપણે ઓળીમાં જોયું, કે તેણે જિનભક્તિ એવી સિદ્ધ કરી લીધી છે કે તેને જિનભક્તિ કરતાં બાહ્ય દૃષ્ટિએ વિઘ્ન આવી શકે, પણ તેનાથી તેની સાધનામાં કાંઈ રુકાવટ કે વિપરીત અસર થાય નહીં. વાસ્તવમાં તેનું અમૃત અનુષ્ઠાન છે, જે આંતરિક પરિણામની અપેક્ષાએ વિઘ્નો વગરનું જ હોય.

**સભા** :- કોઈપણ તીર્થંકર, તીર્થંકરનામકર્મ ક્યારે નિકાચિત કરે ?

**સાહેબજી** :- કોઈપણ તીર્થંકર આગલા ત્રીજા ભવમાં જ તીર્થંકરનામકર્મ નિકાચિત કરે. હા, પહેલાં બાંધે તેવું બને ખરું, પણ નિકાચિત કર્યા પછી તો ગેરંટી છે કે અવશ્ય તે તીર્થંકર બનશે. અનિકાચિતકર્મ તો ખેરવાઈ પણ જાય, જ્યારે નિકાચિતકર્મ ચોક્કસ ફળ આપે છે. શુભ નિકાચિત અને અશુભ નિકાચિત બન્ને પોતપોતાની રીતે ફળ આપે જ. ક્ષપકશ્રેણિમાં જનારા જીવો ભોગવ્યા વગર નિકાચિતકર્મોને ખપાવી શકે છે. શુભ નિકાચિતકર્મથી તો જીવને અનુકૂળતા પ્રાપ્ત થાય છે, જ્યારે અશુભ નિકાચિતકર્મ જોખમ ઊભું કરે છે. તીર્થંકરનામકર્મ તો આખા જગતમાં આશીર્વાદરૂપ છે. પોતાના આત્માને અને જગતના જીવોને તે કલ્યાણકારી બનશે. હા, બધાં જ પુણ્ય હિતકારી બને જ તેવું નથી, પણ તીર્થંકરનામકર્મ તો ધર્મપ્રભાવકતાની પરાકાષ્ઠા છે. તીર્થંકરો જ્યાં જાય ત્યાં તેમના દર્શનમાત્રથી ઘણા જીવો ધર્મ પામી જાય. તેમની આકૃતિ જોવામાત્રથી

જ ઘણા જીવો બોધિબીજ-સમકિત આદિ પામી જાય. તેમની પ્રશાંત આકૃતિ-અદ્વિતીય રૂપ જોઈ જોનારને મનમાં થાય કે આવા જીવને કેટલા ભોગ મળે તેમ છે ! છતાં આટલો ત્યાગ ! આવા અહોભાવથી માત્ર આકૃતિ જોતાં જ ધર્મ પામી જાય. જ્યારે ઘણાં પુણ્ય તો એવાં હોય કે જીવને ઉદયમાં આવે એટલે આત્મિક દૃષ્ટિએ પાયમાલ કરી નાંખે, અને તેવા જીવને પનારે જે પડે તેને પણ બરબાદ કરી નાંખે. પણ તીર્થંકરનું પુણ્ય તો જગત આખાને હિતકારી બને છે. તીર્થંકર થનાર માટે ત્રણ ભવ તો નિશ્ચિત છે, જ્યારે બીજા ઉત્કટ સાધક જીવો તો કદાચ એ જ ભવમાં સાચો ધર્મ પામી સાધના કરી નિર્વિઘ્ને પરમપદને પામી જાય.

મયણા દરરોજ પૂજા-ભક્તિ કરે છે ત્યારે તેને દરરોજ વિઘ્નો આવે તેવું નથી. પણ કદાચ ત્રણે પ્રકારનાં વિઘ્નોનાં નિમિત્તો આવે તોપણ તેણે તે જીતેલાં છે, તે પ્રકારનું સત્ત્વ અને આત્મબળ તેનું ખીલેલું છે.

બે વ્યક્તિ એકચિત્તે એકાકાર થઈને પ્રભુભક્તિ કરે છે. તેમાં એકનું મન એવું છે કે તેને હમણાં જો વિઘ્ન આવે તો તે ભક્તિ કરતાં ગબડી પડે, જ્યારે બીજાને વિઘ્ન આવે તોપણ કોઈ અસર થાય નહીં. અહીં કદાચ બંનેની ભક્તિમાં એકાકારતા, ઉલ્લાસ, વિધિ, અણિશુદ્ધતા બધું સમાન દેખાય, તોપણ દૃઢતાની દૃષ્ટિએ વિચારીએ તો તફાવત ઘણો મોટો છે. આવી ધર્મની દૃઢતા જેને આવી ગઈ છે તેને વિઘ્ન આવે કે ન આવે પણ વિઘ્નજય થયો છે. તે વ્યક્તિ વિઘ્નને વશ થશે નહિ.

મયણાનું સત્ત્વ પ્રચંડ છે, જેણે જિનવચનના માત્ર સમર્થન ખાતર આવું પગલું ભર્યું ! તેને ભક્તિ કરતાં કોઈ વિઘ્ન આવે તો વિહ્વળતા પેદા થાય તેવી શક્યતા નથી. માટે તેનું અનુષ્ઠાન અમૃતઅનુષ્ઠાન છે. **સામાયિક, પૂજા, ભક્તિ, તપ કે અન્ય કોઈપણ ક્રિયા કરતાં એકપણ વિઘ્નની અસર ન થાય, તો જ તેને તે ક્રિયાનો વિઘ્નજય કહેવાય, અને વિઘ્નજયવાળી વ્યક્તિને જ તે ધર્મની સિદ્ધિ પ્રાપ્ત થાય.**

**સભા :-** વ્યાખ્યાન સાંભળવાની ક્રિયામાં વિઘ્નજય ક્યારે થયો કહેવાય ?

**સાહેબજી :-** વ્યાખ્યાન સાંભળતાં કોઈપણ વસ્તુની કે કોઈપણ વાતાવરણની અવરોધક અસર ન થાય, તત્ત્વશ્રવણના ભાવોમાં ગમે તેવા વાતાવરણથી સ્ખલના ન થાય તો વિઘ્નજય કહેવાય. અત્યારે તો ઉપરથી એક પાટિયું પડે તોપણ તમારી નજર ક્યાં જાય ?

**સભા :-** તેને તો ચકોરતા કહેવાય.

**સાહેબજી :-** જો તમે આને ચકોરતા કહેતા હશો તો પછી મેડહાઉસમાં રહેલા વધારે ચકોર કહેવાશે. તેમના મગજમાં અસંખ્ય વિચારો ચાલ્યા જ કરે, જરૂર હોય કે ન હોય. હમણાં આ વિચાર કરતા હોય ત્યાં બીજી મિનિટે બીજો વિચાર હોય. માટે મગજમાં ગમે ત્યાંથી ગમે તે વિચાર ટપકી પડે તેને કાંઈ ચકોરતા ન કહેવાય. પણ તમે ગમે તે વાતને, તેની ઉપયોગિતાને, તેના મર્મને બહુ જ ઝડપથી પકડી શકો તેનું નામ ચકોરતા છે. અત્યારે વ્યાખ્યાન સાંભળતાં પણ તમારું ભેજું ક્યાં ક્યાં ચાલતું હોય છે ? કોણ આવ્યું, કોણ ગયું, કોણ શું કરે છે ? અરે જરૂર ન હોય ત્યાં પણ નજર ફરતી હોય ને ? કોઈ વ્યક્તિ આવીને જરા રાડ પાડે તો તમારી વ્યાખ્યાન સાંભળવામાં એકાગ્રતા રહે ખરી ? ધ્યાન તમારું ક્યાં જાય ? માટે એકાગ્રતા નથી.

દા.ત. તમે એક ખમાસમણું આપતાં 'ઇચ્છામિ' શબ્દ બોલો છો. એટલે ઇચ્છાથી ખમાસમણું આપું છું. વળી, દેવ-ગુરુને જ ખમાસમણું આપવાનું છે. આ જ તત્ત્વ પૂજનીય-વંદનીય છે તેવું હૃદયમાં લાગ્યું છે, માટે સ્વેચ્છાએ, કોઈના પણ દબાણ વગર કે શરમ વગર તમે ખમાસમણું આપો છો. **જૈનશાસનમાં બધો ધર્મ ઇચ્છાથી જ કરવાનો છે, તેથી જ દરેક જગ્યાએ 'ઇચ્છામિ' ગોઠવ્યું છે.** પછી 'જાવણિજ્જાએ' બોલો છો. તેનો અર્થ એ છે કે ક્ષમાના સાગરને વંદન કરો છો તે વખતે મન-વચન-કાયાની એકાકારતા જોઈએ. માટે મારું મન-ઇન્દ્રિય બહારનાં નિમિત્તોમાં, વિષય-કષાયોમાં નહીં જાય તેવા સંકલ્પ સાથે ખમાસમણું આપું છું. તેમાં વિઘ્નો કરે તેવા જેટલા વિષય-કષાયો છે તેનો નિરોધ કરી ખમાસમણું આપવાનું છે. પછી 'નિસીહિઆએ' બોલો છો, એટલે સંસારના બધા ભાવોને વોસિરાવીને ખમાસમણું આપવાનું છે. અત્યારે સારું સંગીત વાગવાનું ચાલુ થાય તો પછી મારા શબ્દો તમને માત્ર કાને અથડાઈને જ પાછા આવે ને ? વાસ્તવમાં દેવતાઈ સંગીત પણ વાગતું હોય છતાં ખમાસમણામાંથી બીજે મન જાય નહીં. **તમે તો અત્યારે બોલો છો જુદું અને કરો છો જુદું. પ્રત્યેક ક્રિયામાં બોલ્યા પ્રમાણે વર્તન કરવાનું છે. પ્રાયઃ તમે જે પ્રતિજ્ઞા કરો તેનાથી વિરુદ્ધ જ વર્તન ચાલુ હોય છે.** એક આટલા નાના ખમાસમણામાં પણ કેટલો વિશાળ ત્યાગ મૂક્યો છે ! **દુનિયાના બધા ધર્મોમાં વિનય-નમસ્કાર-વંદના છે, પણ ક્યાંય આટલા ઊંચા નીતિ-નિયમો નથી.** અત્યારે દરેક ક્રિયા તમને કેવી લાગે છે ?

**સભા :-** મહામૂલી લાગે છે.

**સાહેબજી :-** મહામૂલી જ લાગવી જોઈએ, પણ તમને તો મામૂલી લાગે છે. તેવું જ તમારું વર્તન છે. જેમ સંગીતની વાત કરી તેમ તે વખતે જો કદાચ તમને મનગમતી વાનગીની સોડમ આવે તો મોંમાં પાણી છૂટે ને ? તેમ પાંચેય ઇન્દ્રિયોની વાત સમજવાની. અરે કોઈ કદાચ રૂપાળી વ્યક્તિ ન હોય પણ જો તે વખતે આકસ્મિક કોઈ ઉપાશ્રયમાં પ્રવેશે તો તમારું ધ્યાન ક્યાં જાય ? **એક ખમાસમણું આપવું તે પણ એક વિરતિની ક્રિયા છે.**

**આપણી એકે ક્રિયા એવી નથી કે જેમાં હજારો-લાખો પાપોનો ત્યાગ ન હોય.** એક ખમાસમણામાં અહિંસા-જયણા કેટલી ! સત્યનું આચરણ કેટલું આવે ! પરિગ્રહનો ત્યાગ કેટલો આવે ! તે વખતે પૈસામાં મન હોય તો ચાલે ખરું ? અનેક પ્રકારની મમતાનો ત્યાગ કરી ખમાસમણું આપવાનું છે. એક ખમાસમણામાં પણ કેટલા પ્રકારનો ધર્મ સમાયેલો છે ! ખમાસમણું આપતાં કદાચ કોઈ તમને અયોગ્ય બોલે તે વખતે ગુસ્સો આવે તે પણ સ્ખલના ગણાય.

દુનિયાના કોઈ ધર્મમાં આવું વંદન નથી. તેથી સંપૂર્ણ વિઘ્નજય કરીને એક ખમાસમણું આપવું તે પણ બચ્ચાના ખેલ નથી. ઘણા એમ માને કે પાંચે અંગ નમાવી, પૂંજના-પ્રમાર્જના કરી, સૂત્રોના અર્થ બરાબર સમજી, ખમાસમણું આપીએ એટલે બરાબર વિધિ સહિત આપ્યું કહેવાય. પણ વાસ્તવમાં પ્રણિધાનાદિ ભાવધર્મપૂર્વક ખમાસમણું આપવાનું છે, તે જ બરાબર આપ્યું કહેવાય. આવું આપી શકશો ખરા ? **જિનશાસનની તમામ ધર્મક્રિયાઓમાં પાંચેય ભાવધર્મો સમાયેલા છે.**

આપણા ખરતરગચ્છમાં પૂ. દેવચંદ્રજી મહારાજ થઈ ગયા. તેમણે ઘણી સુંદર રચનાઓ કરી છે. સંભવનાથ પ્રભુના સ્તવનમાં તે મહાત્માએ ગાયું છે કે "એક વાર પ્રભુ વંદના રે આગમ રીતે થાય" "એક વખત આગમમાં કહી છે તે રીતે જો મારી આપને વંદના થાય તો મારો આ ભવ સફળ છે. હું આપને પ્રાર્થના કરું છું કે સેવકને એક વખત વિધિપૂર્વક વંદના આપજો." માટે વિચારજો, આવા મહાપુરુષોએ પણ આવું કહ્યું છે, તેથી નિરતિચાર ભાવવંદના કેટલી દુષ્કર હશે !

અત્યારે તમારાથી સંપૂર્ણ વિધિપૂર્વક ન થઈ શકે પણ એક ટકો, બે ટકા, પાંચ ટકા એમ કરતાં કરતાં આગળ વધી શકાય. પણ તમારો તો અત્યારે એક ટકામાં પણ નંબર આવે તેમ છે ?

**સભા :-** આવી સમજણ જ નહોતી.

**સાહેબજી :-** રસ નહોતો માટે સમજણ નહોતી મેળવી. પણ શાસ્ત્રમાં બધું જ લખાણ છે. 'જાવણિજ્જાએ'નો ભાવાર્થ વાંચો તો તેમાં હજારો પ્રકારના મન-વચન -કાયાથી પાંચે ઇન્દ્રિય દ્વારા થતા તમામ વિષય-કષાયોનો ત્યાગ કરવાનો આવે છે, જે મહા દુષ્કર છે.

**સભા :-** **"इक्कोवि नमुक्कारो"** તે આ નમસ્કાર ?

**સાહેબજી :-** તે તો ક્ષપકશ્રેણિનો નમસ્કાર છે. તે કરે પછી તો જીવ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન જ પામે. પરંતુ એ નમસ્કાર લાવવા માટે બેકગ્રાઉન્ડ રૂપે જ લાખો નમસ્કાર કરવા પડશે. **ઊંચી ભૂમિકાનો નમસ્કાર પ્રાપ્ત કરવા અભ્યાસરૂપે જ ઘણા ભવ જાય.**

મયણાને જિનભક્તિમાં વિઘ્ન આવે કે ન આવે પણ જિનભક્તિમાં તેના જે ભાવ હતા તે વિઘ્નજયયુક્ત જ હતા. તેથી વિઘ્નોદ્વારા તે અનુષ્ઠાનમાંથી વિચલિત થાય તેમ નથી. ઘણા એટલા સત્ત્વશાળી હોય છે કે ધર્મ કરવા બેઠા એટલે બેઠા. પછી સંસારના કોઈ સંયોગની કે વ્યક્તિની તાકાત નથી કે તેને તેમાંથી વિચલિત કરી શકે. જેમ સામાયિક કરવા બેઠા ને ત્યારે દીકરાના ખરાબ સમાચાર આવે તોપણ ત્યારે કાંઈ થાય નહીં. સામાયિક પૂરું થાય પછી તે ગમે તેટલું રડે. આ પણ તેનો વિઘ્નજયનો યત્કિંચિત્ પરિણામ છે.

જેમ વાસુદેવો-ચક્રવર્તીઓ યુદ્ધો કરે, સામ્રાજ્ય મેળવે પણ અઠ્ઠમની સાધના કરવા બેસે ત્યારે તેમની એકાગ્રતાને દેવતાઓ પણ તોડી ના શકે. આ વિઘ્નજયની નિશાની છે. આપણે એકે ક્રિયામાં વિઘ્નજય મેળવ્યો છે ? જો **જઘન્ય અને મધ્યમ વિઘ્નમાં થોડો થોડો પણ વિઘ્નજય થયેલ હશે તો તેટલો લાભ મળશે, પણ ઉત્કૃષ્ટ વિઘ્ન જીત્યા વિના તો ક્રિયા જરાપણ લાભદાયી બનતી નથી. તેથી પહેલાં સાધકે ઉત્કૃષ્ટ વિઘ્નનો જ જય કરવો પડશે.**

## સિદ્ધિભાવધર્મમાં ક્રિયા નિરતિચાર હોય :

હવે જેને તમામ વિઘ્નજય થઈ ગયો છે તેને સિદ્ધિભાવધર્મ આવી જાય. **જેને જે ધર્મ સિદ્ધ થયો તે ધર્મ તેના જીવનમાં નિરતિચાર અનુષ્ઠાનરૂપે હોય.** જેમ સામાયિક કરવા બેઠા તે વખતે બે ઘડીમાં મન-વચન-કાયાથી એક પણ અતિચાર ન લાગે તેવું તેનું સામાયિક હોય. તેને નિરતિચાર ક્રિયા કહેવાય.

### તમામ ક્રિયા અતિચારરહિત કરવા યોગ્ય ભાવો :

અતિચાર એક પ્રકારનો દોષ છે. આપણે ત્યાં દોષના ચાર પ્રકાર બતાવ્યા છે. **અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર.** લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ અતિચારથી થતો નથી. અતિક્રમથી અતિચાર સુધી વ્રત-અનુષ્ઠાન અભંગ ગણાય છે; તેમાં સ્ખલના ગણાય, પણ વ્રત સંપૂર્ણ ભાંગી જતું નથી. જ્યારે અનાચાર સેવાય એટલે વ્રત ભાંગી જાય છે. જેમ ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું અને તેને ખાવાની ઇચ્છા થઈ તો અતિચાર લાગે પણ પચ્ચક્ખાણ ભાંગી જતું નથી. પણ પચ્ચક્ખાણ લીધા પછી તે જો ખાવા બેસી જાય તો વ્રત ભાંગી જાય છે, કારણ અનાચાર સેવાઈ ગયો છે. ખાવાની ઇચ્છાથી અતિચાર લાગે પણ મૂળમાંથી વ્રત તૂટતું નથી.

**સભા :-** ઉપવાસમાં પારણાની ચિંતા કરે તો અતિચાર લાગે ?

**સાહેબજી :-** તમે પૌષધના અતિચારમાં બોલો છો ને કે "પારણાદિક તણી ચિંતા કીધી", પણ પૌષધ-સામાયિક ન લીધું હોય અને પારણાના દિવસ માટે કદાચ વાનગી બનાવો તો અતિચાર નથી. ઉપવાસ કરો ત્યારે મારે આજે ખાવું નહીં તેવા પચ્ચક્ખાણ છે, પણ કાલે ખાવું નહીં તેવા પચ્ચક્ખાણ નથી. જેમ તે દિવસે પણ મારે ખાવું નહીં તેવા પચ્ચક્ખાણ છે, પણ બીજાને ખવડાવવું નહીં તેવા પચ્ચક્ખાણ નથી, માટે તમે દીકરાને ખવડાવો તો ઉપવાસ ભાંગતો નથી; તેમ કાલના માટે કોઈ વાનગી બનાવે તેટલા માત્રથી અતિચાર ન લાગે. હા, પૌષધમાં તેની ચિંતા કરો, ઇચ્છા કરો તો દોષ લાગે. વળી, તમે ઉપવાસમાં પારણાની ચિંતા કયા કારણથી કરો છો ? વ્યવસ્થારૂપે વિચાર કરો છો કે પેટમાં કુરકુરિયાં બોલે છે માટે ? મોંમાં પાણી આવે છે જેથી સવારે ગરમાગરમ રાબ પીશું, મગ ખાશું, આવી ઇચ્છાથી જો ચિંતા કરો તો રાબ-મગમાં આકર્ષણ છે, તે દોષ છે, તેથી અતિચાર લાગે. જેમ પારણા માટે મીઠાઈ બનાવે તે વખતે તેની સુગંધમાત્રથી મોંમાં પાણી આવે તેને ઉપવાસમાં અતિચાર લાગે છે. ઉપવાસમાં ભાવતી વસ્તુ પ્રત્યે આકર્ષણ થાય તો ચોક્કસ અતિચાર લાગે, પણ જો માત્ર ગૃહવ્યવસ્થા તરીકે બનાવે તો અતિચાર ન લાગે. કારણ અત્યારે જે વસ્તુનો ત્યાગ કર્યો છે તેની વિરુદ્ધ મનમાં ભાવ નથી આવ્યો.

**નિરતિચાર એક નવકારશી કરવી કે ઇરિયાવહિયા કરવા કે ખમાસમણું આપવું ઘણું જ મુશ્કેલ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે નિરતિચાર ક્રિયા કરવી તે રાધાવેધ કરતાં પણ કઠણ છે.** જો કે અત્યારે તમારે વેધ જ રહ્યા નથી. વિજ્ઞાને અત્યારે એવાં

શસ્ત્રો શોધ્યાં છે કે કોઈને નીતિપૂર્વક લડવું હોય તોપણ લડી શકાય નહીં. તીર્થંકર જ્ઞાની હોવા છતાં પણ મિસાઈલો શોધી આપી નથી. તેમણે સર્વ ક્ષેત્રોમાં નીતિ-અનીતિનું વર્ણન કર્યું છે. ચોરી કરનાર માણસને પણ કેવા નીતિ-નિયમ પાળવા તે બતાવ્યા છે. છતાં યુદ્ધનીતિમાં મિસાઈલો કેમ ન બતાવી, કારણ કે તેમાં નીતિ જળવાતી નથી.

**સભા :-** ચોરી કરવી એ જ અનીતિ નહીં ?

**સાહેબજી :-** કપરા સંયોગોમાં ચોરી કરનારને તમે નાલાયક ન કહી શકો. આ દેશમાં બહારવટિયાની પણ કેવી ઈમેજ(છાપ) હતી ! બહારવટિયા ઈમાનદાર જ હોય. ગમે તેવી જુવાનજોધ સ્ત્રી રાતના એકલી નીકળે તોય હાથ પણ ન અડાડે. ગમે તે રીતે કોઈને પણ ન લૂંટે, જંગલીની જેમ ન જ લૂંટે.

અરે, **આર્યદેશની વેશ્યાઓને પણ કુલાચાર હોય છે.** જેમ ગમે તે વ્યક્તિ ગણિકાને ત્યાં જઈ કહે તારે આમ કરવાનું છે તો ના પાડે. કહે આ તો અમારા કુલાચારની વિરુદ્ધ કામ છે, અમે પણ અમારા કુલાચારથી વિરુદ્ધ જીવીએ તો પાપ લાગે. તમને તમારા કુલાચારની ખબર છે ? જૈન એટલે ઉચ્ચ જ્ઞાતિ કહેવાય, છતાં તમને પૂછે, તમારા કુલાચાર-કુળધર્મ કયા તો ખબર છે ?

આ યોગવિંશિકા લખી તેવી પૂ.આ. શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજે કુલ વીસ વિંશિકા લખી છે. તેમાં એક લોકધર્મવિંશિકા છે. જેમાં દરેક વ્યક્તિ માટે પોતપોતાના કુળધર્મ કેવા હોય અને તેનું પાલન કરો તો પુણ્ય બંધાય તેનું વર્ણન છે.

ચાર આશ્રમોમાં કયો કયો કુલાચાર ધર્મ સેવવો તે પણ તમને ખબર છે ? અત્યારે તમે કયા આશ્રમમાં છો ?

**સભા :-** ગૃહસ્થાશ્રમમાં છીએ.

**સાહેબજી :-** અરે ઘણા તો વાનપ્રસ્થાશ્રમમાં છે. તેમને તેમનો કુળાચાર ધર્મ શું છે તે ખબર છે ? **જાતિ તરીકે તમારું વૈશ્ય કુળ છે.** તેના સદાચાર શું છે તે ખબર છે ? ધનાસાર્થવાહનો જીવ આગલા ભવમાં શ્રેષ્ઠીપુત્ર હતો. તે વખતે તેમણે મિત્રો સાથે બગીચામાં કોઈ સારી પ્રવૃત્તિ કરી. તેમના પિતાને ખબર પડી, તેથી કહે છે કે આપણા કુળને આ પ્રવૃત્તિ ઉચિત નથી. ભલે તે સારું કામ છે, પણ આપણા કુળ માટે ઉચિત નથી. જો કે તમે તો અત્યારે પ્રગતિના નામે ક્યાં પહોંચ્યા છો ? **આર્યકુળધર્મ બરાબર પાળે તોપણ વ્યક્તિ જીવનમાં અનેક ગુણોનો વિકાસ કરી શકે અને એનાથી તેને પુણ્ય બંધાય.**

ભૂતકાળમાં ક્ષત્રિય પરણે ત્યારે જાનમાં વર જાય કે તેનું ખાંડું(તલવાર) જાય ? અને કન્યા પણ ખાંડા સાથે પરણે. ક્ષત્રિયાણી પણ ઇચ્છે કે ક્ષત્રિય પરાક્રમી જોઈએ.

**સભા :-** સાહેબજી ! અમારે ત્યાં લગ્નમાં શું આવે ?

**સાહેબજી :-** તમારે માટે વૈશ્યકુળમાં દીકરીનાં લગ્ન થાય તો મા-બાપ કન્યાને આણામાં યથાશક્તિ ધન-વૈભવ-સંપત્તિ આજીવન ચાલે તેટલું આપે, એ શાસ્ત્રદષ્ટિએ યોગ્ય છે. અત્યારે તમારે ત્યાં દહેજપ્રથા નાબૂદીની ચડભડ ચાલે છે. ઋષિમુનિઓને આર્યવ્યવસ્થા કરવા પાછળ ગહન રહસ્ય હતું.

દીકરાને વારસારૂપે સંપત્તિ મળે, પણ દીકરીને બાપની સંપત્તિ ક્યારે મળે ? પરણીને જાય ત્યારે જ. સ્થાવર મિલકત તો આપી શકે નહીં, તેથી આણામાં જ યથાશક્તિ સંપત્તિ આપે.

**સભા :-** આણામાં આપે તો અતિશયોક્તિ થાય ?

**સાહેબજી :-** આ બધાં તમારાં ખોટાં ગપ્પાં છે. દીકરાને તમે જેટલો વારસો આપ્યો તેનાથી કદી દીકરીને વધારે આપ્યું હોય તેવું બન્યું છે ખરું ? **આર્યપરંપરા તો એ હતી કે સ્ત્રીને આર્થિક જવાબદારીથી જિંદગી સુધી મુક્તિ રહે તે માટે શ્વસુરપક્ષ અને પિતૃપક્ષ બન્ને યથાશક્તિ આપે.**

કુદરતની જ વ્યવસ્થા છે કે 'મા' તો સ્ત્રીએ જ બનવાનું છે. કુદરતે તેના પર સંતાનોનો ઉછેર મૂક્યો છે. તેથી સંતાનોના ઘડતર માટે, સંસ્કારો આપવા માટે માતા ઘરમાં જ રહે. પરંતુ અત્યારે તો પરિસ્થિતિ સાવ ઊંધી છે. આ તમારા શિક્ષણ અને છાપાં-મેગેઝીન-મીડીયા દ્વારા બધી પરંપરા તોડી ભયંકર સ્થિતિ ઊભી કરી છે. સંસ્કાર-શીલ-સદાચાર અત્યારે શોધ્યાં જડે તેમ નથી. તમારી દીકરીઓ અત્યારે કોલેજમાં જઈને કેવી તૈયાર થઈ છે, તેનું વર્ણન થાય તેમ છે ? માટે આ બધું કુળધર્મની વિરુદ્ધ છે. ઉચ્ચકુળની સ્ત્રીઓ કદી બજારમાં કૂદે ? વખત જતાં આ દેશમાં સ્ત્રીઓ રહેશે, પણ શીલ-સદાચાર રહે તેમ નથી. તમે લોકોએ કુળધર્મને દેશવટો જ આપ્યો છે. જેમ સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ભક્તિ એ આધ્યાત્મિક ધર્મ છે, જ્યારે પેલો સામાજિક ધર્મ છે. **તમે આખા જગતને હિતકારી નીતિ-નિયમો ન પાળો તોપણ ઘોર પાપ લાગે.** કુળધર્મને તોડવાના કારણે તમને આ બધી વાતો 'બાબા આદમ'ના જમાનાની લાગે છે. જૂની વાતો ખરાબ હોય

તો અમે પણ વખોડવા તૈયાર છીએ, પણ આ બધી વાતો લખનાર તો પૂર્વધર નજીક જ્ઞાનવાળા છે. તેથી **હિતકારી કુળધર્મ પાળવા યોગ્ય છે અને પાળનારને સદ્ગતિ આદિ બંધાય છે, પુણ્ય બંધાય છે. દહેજ પ્રથાને આજે કેટલી વખોડાય છે ? પણ તમને ખબર છે આ વ્યવસ્થા સમષ્ટિના ઊંડા હિતને ધ્યાનમાં રાખીને દર્શાવી છે ?** મહાપુરુષોએ સ્થાપેલી વ્યવસ્થાની નિંદા કરે-વખોડે તોપણ અવશ્ય પાપ બંધાય. પ્રભુએ તમારી સંસારદૃષ્ટિએ પણ કેટલી ચિંતા કરી હશે ! કુળધર્મનું વર્ણન એક સ્વતંત્ર વિષય છે. આ વ્યવસ્થા તોડવાથી સ્વ અને પરનું ખૂબ જ અહિત થઈ રહ્યું છે.

### સામાયિકના અતિચાર :

સિદ્ધિભાવધર્મ પામેલા જીવો અતિચારરહિત અણિશુદ્ધ ક્રિયા કરે. મન-વચન-કાયાથી એક પણ દોષ ન લાગે તેવી તેમની ક્રિયા હોય. જો એક દોષ પણ લાગી જાય તો જીવ સિદ્ધિને લાયક નથી.

આ સમજવા વિચારો કે સામાયિકમાં અતિચાર કેવા કેવા અને ક્યાં ક્યાં લાગે છે ? દા.ત. તમે સામાયિકમાં બેઠા છો અને હું મયણા-શ્રીપાળનું વ્યાખ્યાનમાં વર્ણન કરું છું. તેમાં આવે છે કે ધવલના સૈનિકો શ્રીપાળને મારવા આવ્યા. આ શ્રીપાળ આદર્શ પાત્ર છે એટલે તેને હીરો કહી શકાય. આ પાત્ર પર આક્રમણ થાય તે વખતે તમને સાંભળતાં એમ થાય કે શ્રીપાળ જીતી જાય તો સારું, ધવલ હારે તો સારું. જો આવો ભાવ તમને સામાયિકમાં આવે તોપણ અતિચાર લાગે. અથવા શ્રીપાળ ખાલી હાથે નીકળ્યા છે, પણ જ્યારે તેમને રાજ-વૈભવ-સત્તા બધું મળે છે ત્યારે તે સાંભળતાં તમે રાજી થાઓ, તોપણ સામાયિકમાં દોષ લાગે. જેમ તમારો દીકરો પૈસા કમાયો કે ખોયા એના કાંઈ સમાચાર તમે સામાયિકમાં હો ને મળે, તે વખતે હર્ષ-શોક થાય તો અતિચાર લાગે. વળી **સામાયિકમાં તમને સંઘ કાઢવાની, આંગી કરવાની, પ્રભુની આરતી ઉતારવાની આવી આરંભ-સમારંભવાળી ધર્મની પ્રવૃત્તિની પણ ઇચ્છા થાય તો દોષ લાગે.** હા, સામાયિકમાંથી ઊઠ્યા પછી આ બધું જ વિશેષ રીતે કરી શકો છો. જેમ ઉપવાસમાં ખવાય તો નહીં, પણ ખાવાની ઇચ્છા કરો તોપણ દોષ લાગે. માટે અતિચાર ઘણી ઊંડી વસ્તુ છે. તેથી નિરતિચાર ક્રિયા કરનારે પહેલાં ખૂબ સમજવું પડે કે ક્રિયામાં ક્યાં ક્યાં કઈ કઈ રીતે અતિચાર લાગે છે, કયા ભાવ દોષરૂપે છે, કયા ભાવ ગુણરૂપે છે.

**સભા :-** સામાયિકમાં શું ભાવ કરાય ?

**સાહેબજી :-** નિર્વેદના ભાવો કરાય. સારી કે ખરાબ કોઈ પ્રકારની હિંસા જેમાં ન હોય તેવા પ્રકારના ધર્મના વિચાર કરી શકો. સામાયિકમાં ભગવાનના ગુણોના સ્વરૂપનું ચિંતન, મોક્ષના સ્વરૂપનું ચિંતન, ભગવાનની સંયમકાળની સાધનાનું ચિંતન, આત્માના સ્વરૂપનું ચિંતન, નવતત્ત્વનું ચિંતન, સ્વાધ્યાય આદિ કરી શકો છો. અનેક પ્રકારો છે, પરંતુ વાયા વાયા પણ આરંભ-સમારંભવાળી ધર્મની પ્રવૃત્તિ કે તેના ભાવો ન કરી શકાય. કારણ તમે પ્રતિજ્ઞામાં માત્ર સંસારિક નહિ, પણ તમામ શુભાશુભ સાવદ્યનો ત્યાગ કર્યો છે.

ધારો કે તમે સામાયિકમાં બેઠા છો ને ટપાલી આવીને કહે કે આ નામની તમારી ટપાલ છે ? અને તમે હા પાડો. હવે એ જ ટપાલમાં કદાચ તમારા દીકરાના કે દીકરીના સગપણ બાબતની વાત હોય, કે પછી કોઈ ધંધા માટેનું સૂચન હોય, અને તે પ્રમાણે અમલ કરે ત્યારે તેમાં જેટલી હિંસા થઈ તે બધામાં તમે ભાગીદાર થાઓ. જેમ કે ટપાલ આવ્યા પછી જ તે સૂચન પ્રમાણે દીકરા-દીકરીનાં સગપણ થયાં, અને પછી જે તેનો સંસાર ચાલશે, તે બધામાં તમારો હિસ્સો સામાયિક કાળ દરમ્યાન નોંધાયો. હવે આવું સામાયિકમાં ચાલે ખરું ? માટે આ બધા દોષો છે.

# ૪૪

તા.૧૦-૧૦-૯૫, મંગળવાર, આસો વદ બીજ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ નિરતિચાર ધર્મઅનુષ્ઠાનને પ્રાપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**કોઈપણ ધર્મ આત્મામાં જ્યારે નિરતિચારપણે પ્રગટે છે, ત્યારે જ તે આત્મા તેના પરિપૂર્ણ ફળને પ્રાપ્ત કરે છે.** પરિપૂર્ણ ફળની ઉપલબ્ધિ માટે અણિશુદ્ધ ચોકસાઈપૂર્વકનું નિરતિચાર અનુષ્ઠાન જ જોઈએ. જેમ રસોઈ બનાવવામાં પણ જો તેના નીતિ-નિયમો બરાબર ન પાળો તો ફળ બરાબર મળે ખરું ? દા.ત. કાંઈ તળવા બેસો ત્યારે જો તેલ બરાબર ગરમ ન થયું હોય ને તળવાની વસ્તુ નાંખો તો શું થાય ? અથવા વધારે પડતું તેલ ગરમ થઈ ગયું હોય ને તળવા વસ્તુ નાંખો તોપણ શું થાય ? માટે **વગર ચોકસાઈએ ક્રિયા કરો તો અધૂરું કે વિપરીત ફળ મળે.** ધર્મક્રિયાનું ઊંચુ ફળ મળે તેવી આપણા બધાની ઇચ્છા છે. શાસ્ત્રોમાં વાંચો કે આવા તપથી આવું ફળ, આવી ભક્તિથી આવું ફળ, એક સામાયિકનું આવું ફળ આ બધું જાણો ત્યારે તમને એમ થાય કે અમને પણ આવું ફળ મળે. પરંતુ જેણે અણિશુદ્ધ નિરતિચાર અનુષ્ઠાન કર્યાં હોય તેને જ આવાં પરિપૂર્ણ ફળ મળ્યાના દાખલા શાસ્ત્રમાં છે.

કોઈપણ ક્રિયામાં મન-વચન-કાયાને સમગ્રતાથી જોડવાં જોઈએ. પરંતુ મન ચંચળ હોવાના કારણે ક્રિયા કરતાં બીજે બધે જતું રહેતું હોય છે, તેમ કાયા પણ તમને કેળવાયેલી ન હોવાથી પૂરો સાથ આપતી નથી. પરંતુ નિરતિચાર અનુષ્ઠાન કરનારના ઉપયોગનું વર્ણન શાસ્ત્રોમાં વાંચીએ તો ખ્યાલ આવે કે તેમનાં મન-વચન-કાયાને બીજે ક્યાંય જવાનો સવાલ જ ન હોય. આવી એકાગ્રતા લાવવા માટે ખૂબ જ પ્રયત્નની જરૂર છે.

**સભા :-** રસ નથી માટે પ્રયત્ન થતો નથી ને ?

**સાહેબજી :-** જેને રસ નથી તેને તો પ્રણિધાનભાવધર્મ પણ નથી. જીવનમાં ધર્મમાં કંટાળો-ઉદ્વેગ-અભાવ-ઉપેક્ષા જે આવે છે તે બધો મિથ્યાત્વનો ઉદય છે, ઉત્કૃષ્ટ વિઘ્નો છે. આવા જીવને તો પ્રણિધાનભાવધર્મનો જ અભાવ છે. જ્યારે

સિદ્ધિભાવધર્મવાળાને તો ધર્મમાં પૂરેપૂરો રસ છે, સાથે પુરુષાર્થની તત્પરતા છે. ઉપરાંત વિઘ્નો આવે તો તેને દૃઢતાથી જીતવાના પરિણામ છે. **જે સાધક આગલી કક્ષાને પાસ નથી કરતો તેને ઉપલી કક્ષામાં પ્રવેશ મળી શકતો નથી.**

## વજ્રસ્વામીનું દૃષ્ટાંત :

અત્યારે તો આપણે નિરતિચાર ક્રિયાવાળાનું માનસ કેવું હોય તે સમજવાનું છે. શાસ્ત્રમાં વજ્રસ્વામીનું દૃષ્ટાંત આવે છે કે એક વખત તેમને શરદી-કફ થયેલાં, ત્યારે શિષ્યોને કહ્યું કે ગોચરીમાં સૂંઠ લાવજો. આયુર્વેદની દૃષ્ટિએ શરદી-કફ માટે સૂંઠ અકસીર દવા છે. ગોચરી વખતે શિષ્યે ગુરુ મહારાજને ઉપસ્થિત કરીને સૂંઠનો ગાંગડો આપ્યો. પણ તે છેલ્લે વાપરવાનો હોવાના કારણે તેમણે કાન પાછળ ભરાવ્યો. હવે ભોજન થઈ ગયા પછી તે સૂંઠ લેવાની વિસ્મૃતિ થવાથી ગાંગડો ત્યાં જ પડી રહ્યો, અને સાંજે પ્રતિક્રમણમાં મુહપત્તિ પડિલેહતાં અડવાથી સૂંઠ નીચે પડી. તેથી તેમણે નિર્ણય કર્યો કે હવે મારું આયુષ્ય ઓછું છે. તે વખતે તેમની ઉંમર આશરે ૮૦-૮૫ વર્ષની છે. તેમણે ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. આટલા લાંબા સંયમ પર્યાયમાં આવી વિસ્મૃતિ તેમને પહેલી વખત થઈ છે. માટે વિચારજો કે તેઓ કેટલું ઉપયોગપૂર્વક જીવ્યા હશે ! આપણે બધા તો વાતવાતમાં ભૂલી જતા હોઈએ છીએ.

**પરંતુ કોઈપણ ક્રિયામાં શું બોલવાનું? શું કરવાનું? કેવા ભાવ કરવાના? તે ભૂલી જવાના કારણે ન કરી શકીએ તો તેમાં પણ અતિચાર લાગે. નિરતિચાર અનુષ્ઠાન કરનારને ક્યાંય વિસ્મૃતિ ન હોય. વર્તમાનમાં શું ક્રિયા મારે કરવાની છે, ભૂતકાળમાં કેવી રીતે ક્રિયા કરી તથા ભવિષ્યમાં કેવી રીતે કરવાની છે, તે બધાનો સાંગોપાંગ ઉપયોગ તેને હોય. જેમ ગોચરી માટે જાય તો ચાલતાં ચાલવામાં જ ઉપયોગ હોય, બોલતાં બોલવામાં જ ઉપયોગ હોય, માટે તેમની ક્રિયામાં ક્યાંય અનુપયોગ ન હોય.**

**સભા :-** "ઉપયોગે ધર્મ" તે આ અર્થમાં બોલાય છે ?

**સાહેબજી :-** "ઉપયોગે ધર્મ" તમારા વ્યવહારમાં બોલાય છે તે જયણા અર્થમાં બોલાય છે. માટે જ્યાં જયણા કરવાની હોય ત્યાં કહીએ છીએ કે ઉપયોગ રાખજો, ખાલી ઉપયોગ-એકાગ્રતાને ધર્મ ન કહી શકાય. કારણ કે શુભમાં જેમ એકાગ્રતા હોય તેમ અશુભમાં પણ એકાગ્રતા હોય છે.

તમે અત્યારે એકાગ્રતાનો પણ ભૂલભરેલો અર્થ કરો છો. જેમ ભક્તિમાં કોઈ તલ્લીન થઈને બધું જ ભૂલી જાય તેને તમે એકાગ્રતા માનો છો. પરંતુ મીરાંની જેમ આ રીતે બધું ભૂલી જવું તેને ખરી એકાગ્રતા જૈન શાસ્ત્રો નથી કહેતાં. આ તો એક ધૂનીપણું કહેવાય, ઘેલછા કહેવાય. આ સમજવા માટે શાસ્ત્રમાં મૃગાવતીનું દૃષ્ટાંત આવે છે.

ભગવાનના સમવસરણમાં સૂર્ય-ચંદ્ર મૂળ સ્વરૂપે આવ્યા છે. વીરપ્રભુની દેશના રાત્રે ચાલી રહી છે, પણ સૂર્ય-ચંદ્ર હાજર હોવાના કારણે રાત્રિ પડી ગઈ તે ખબર પડતી નથી. તે વખતે એકાકાર થઈને મૃગાવતીજી દેશના સાંભળી રહ્યાં છે, તેમાં ખ્યાલ ન રહ્યો કે રાત્રિ પડી ગઈ છે. જૈનશાસ્ત્રમાં તેમને માટે લખ્યું કે તેમણે ભૂલ કરી, તેમને અનાભોગથી વિસ્મૃતિનો દોષ લાગ્યો. તેઓ જે સમયે જે ઉપયોગ રાખવો જોઈએ તે ન રાખી શક્યાં. અરે તેને એકાકારતા ન કહી પણ અનુપયોગથી ભૂલ કરી તેમ કહ્યું. જ્યારે તેમને ઓચિંતો ખ્યાલ આવ્યો કે રાત્રિ પડી ગઈ છે, ત્યારે તેઓ ઊઠી ગયાં. કારણ તેમને સમયનું ભાન થયું. માટે આરાધનામાં સમયનું ભાન ન રહે તેને ઉપયોગશૂન્યતા કહેવાય, પણ એકાકારતા ન કહેવાય. પ્રભુવાણી તો સોળ પ્રહર પણ ચાલી છે. **પ્રભુને શાસ્ત્રનાં કોઈ બંધન ન હોય. તેઓ રાત્રે વિહાર પણ કરી શકે. શાસ્ત્રનાં બંધન તો છદ્મસ્થ માટે છે.** અહીં શ્રોતા તરીકે સાધ્વીજીની જ જવાબદારી આવે કે રાત્રિ થાય તે પહેલાં ઊઠી જવું જોઈએ.

**સભા :-** સાધુ ભગવંત રાત્રે બેસી દેશના સાંભળી શકે ?

**સાહેબજી :-** હા, સાંભળી શકે. તેઓ તો આખી રાત સાથે પણ રહી શકે છે.

**સભા :-** સાંભળવા આવેલાં શ્રાવિકાઓ રાત્રે બેસી શકે ?

**સાહેબજી :-** તેમણે પણ ચાલ્યા જવું જોઈએ. કદાચ ન જાય તો તે વિરતિમાં નથી, જ્યારે સાધ્વીજી તો સર્વવિરતિમાં છે. તેમણે પૂરેપૂરી મર્યાદાઓ પાળવાની આવે. માટે ઉપયોગ-સાવધાનીનો શાસ્ત્રીય અર્થ જુદો છે.

**સભા :-** તો બધા ગાય છે "અમે સમયનું ભાન ભૂલ્યા."

**સાહેબજી :-** તેવું હોય તો તે દોષ જ છે. આવી ભક્તિને ઘેલછા કહી છે. જેમ તમે સામાયિક કરવા બેસો ત્યારથી તમને બરાબર ખ્યાલ હોવો જોઈએ કે શું શું કરવા યોગ્ય છે.

**સભા** :- સામાયિક ૪૮ મિનિટે પારી જ લેવું જોઈએ ?

**સાહેબજી** :- નિરતિચાર કરનારે તો પારી જ લેવું જોઈએ. સમયનું પણ તેને જાગૃતિપૂર્વકનું ભાન જોઈએ. ક્ષણેક્ષણનો તેને ખ્યાલ રહેવો જોઈએ.

**સભા** :- તો પછી અમારે ૪૮ બદલે ૫૮-૬૮ મિનિટ થાય તો દોષ લાગે ?

**સાહેબજી** :- દોષ ખરો, પણ તમારે મોટા મોટા દોષોનું નિવારણ કરવું નથી, અને આવા નાના નાના દોષોને પકડી ચીકાશ કરો છો. **શાસ્ત્ર કહે છે કે સાધકે પહેલાં મોટા દોષો જ કાઢવાના છે, સાથે નાના દોષો ક્યાં લાગે છે તે સમજવાનું છે. પણ નિકાલની પ્રક્રિયાની શરૂઆત તો મોટા દોષોથી જ કરવાની છે.**

તમે ભક્તિ કરવા બેઠા, ને જો તે વખતે તમે શાસ્ત્રના-તત્ત્વના ચિંતનમાં મન પરોવો, તો તે પણ દોષરૂપ છે. એ અવસરે જે નહોતું કરવાનું તેમાં તમે મન પરોવ્યું. જેમ વ્યાખ્યાન સાંભળતાં વિચારો આવે કે હજુ પૂજા બાકી છે, આ વિધિ બાકી છે, આવા સારા વિચારો કરો તોપણ અતિચાર છે. **માટે યોગ્ય અવસરે ઉચિત વસ્તુનું સમગ્રતાથી ભાન રહેવું તેનું નામ એકાકારતા-ઉપયોગ છે.** જેમ ગુરુવૈયાવચ્ચ કરતાં બીજા યોગમાં મન જાય તો ચાલે ખરું ?

**સભા** :- મંદબુદ્ધિ હોવાના કારણે ભૂલી જઈએ તો ?

**સાહેબજી** :- તમને મંદબુદ્ધિ ધર્મમાં જ નડે છે ને ? ધંધામાં ક્યાંય નડે છે ખરી ? તમારા રસના વિષયમાં તમને બધાને ભાન રહેતું જ હોય છે. તમે કાંઈ માષતુષમુનિ જેવા ભૂલકણા છો ? હજાર માણસની ઓળખાણ આપી શકો તેમ છો. એટલું જ નહીં, તે વ્યક્તિઓની બીજી આડીઅવળી કેટલીય માહિતી યાદ હશે. આ કેવા સ્વભાવનો છે ? તેના કાકા કોણ ? મામા કોણ ? આવી કેટલીય પંચાતો મનમાં ભરેલી હોય છે. બોલો તમને કેટલું યાદ રહે છે તેનું લીસ્ટ બનાવી આપું ? સંસારમાં હજારો બાબતોની માહિતી હોય, પણ અહીંયાં જ યાદ નથી રહેતું. કારણ પુરુષાર્થની સતેજતા નથી, રસ નથી. બાકી તમારો કાંઈ સાવ બુઠ્ઠો ક્ષયોપશમ નથી, વળી ધર્મક્રિયામાં અતિચારનું આવશ્યક જ્ઞાન હોવું જોઈએ, તેનો જ તમને ખ્યાલ નથી, માટે અત્યારે ઢગલાબંધ અતિચાર લાગે છે. નિરતિચારમાં આવ્યા તે જીવો તો સંસારના છેડે પહોંચ્યા છે. કારણ હવે તેમને ધર્મ સિદ્ધ થયો છે, જે ઝડપથી તેમને ફળવાનો છે.

ઘણા જીવોને તો સાચો ધર્મ મળતો જ નથી. જો મળે તો ગમતો નથી, શ્રદ્ધા નથી. વળી ગમે તો પુરુષાર્થ નથી. પુરુષાર્થ છે તો વિઘ્નોને જીતી શકે તેમ નથી. તેથી સિદ્ધિભાવધર્મ પામવો ઘણો જ દુષ્કર છે.

પુણિયા શ્રાવકનું સામાયિક આવું નિરતિચાર હતું. શાસ્ત્રમાં જે રીતે મન-વચન-કાયાના ઉપયોગની સમગ્રતાથી એકાકારતા-સાવધાની બતાવી છે, તે રીતે તેનું આ અનુષ્ઠાન હતું. દા.ત. તમે કાઉસ્સગ્ગ કરતાં પણ જો લાંબા તત્ત્વચિંતનમાં ચડી જાઓ તો દોષ લાગે.

**સભા :-** તે વખતે અર્થચિંતન કરે તો દોષ ?

**સાહેબજી :-** તમે તે વખતે વિસ્તારમાં ચાલ્યા જાઓ ને સમય વધારે થાય તો દોષ લાગે. જો ઓછો સમય થાય તોપણ દોષ લાગે. ગબડાવે રાખો તોપણ દોષ અને વધારે સમય લો તોપણ દોષ. માટે નિરતિચાર અનુષ્ઠાન ખૂબ જ જાગૃતિ માંગે છે.

**સભા :-** વિઘ્નજયવાળા જીવો અણિશુદ્ધ અનુષ્ઠાન કેમ નથી કરી શકતા ?

**સાહેબજી :-** તેમને પણ ક્રિયા કરતાં ક્રિયામાં ભૂલ ન થઈ જાય તે માટે જે સાવધાની રાખવી પડે છે તે જ અતિચાર છે. ભૂલ થવાની ચિંતા છે તે જ બતાવે છે કે હજુ અનુષ્ઠાન સિદ્ધ થયું નથી. ભૂલ ન થઈ જાય તેની ચિંતા રહેલી હોય તે પણ એક દોષ છે. જેમ રોજના કાપડના વેપારીને તાકો ફાડતાં ચિંતા હોય કે તે આડો ફાટી જશે ? કારણ શું ?

**સભા :-** આદત પડી ગઈ છે, માટે સ્વાભાવિક થઈ ગયું છે.

**સાહેબજી :-** આ જ રીતે બસ, **ધર્મ જ્યારે સ્વાભાવિક થઈ જશે ત્યારે સિદ્ધ થઈ જશે.** તમારા વ્યવહારમાં કહે છે ને કે આને આ પદ્માસન સિદ્ધ થઈ ગયું છે. એટલે શું ? છ કલાક પણ તે આસનમાં બેસી રહે તો તેને કાંઈ થાય નહીં, મઝેથી બેસી શકે, સ્વાભાવિક જેમ બેસતો હોય તેમ બેસી શકે. એટલે જે સ્વભાવમાં વણાઈ ગયું તેને સિદ્ધ થયું કહેવાય. ખામી વગરની ધર્મક્રિયા કરનારને પણ, મારી ક્રિયામાં કદાચ ખામી આવશે તેવી જો ચિંતા હોય, તો અનુષ્ઠાન સિદ્ધ થયું ન કહેવાય.

સંપૂર્ણ અણિશુદ્ધ ક્રિયા કરવા કેટલું ઊંચું સ્તર જોઈએ ! હજી આપણે તો તેનાથી માઈલો દૂર છીએ ! જ્યારે મયણાને વિધિની બધી જ ખબર છે. તે

ભક્તિ કરતાં ક્યારે કયા પરિણામ કરવાના છે, તે જાણે છે, તે પ્રમાણે જ કરે છે. એક ક્રિયા કરતાં બીજો વિચાર ન હોય. જેમ દીવો કરતાં ચામર વીંઝવાનો બાકી છે તેવો ભાવ પણ ન આવે.

**સભા :-** સાહેબજી ! ૪૮ મિનિટ પછી સામાયિક પારીએ તે દોષ નહીં ? હજી વાત મગજમાં બેસતી નથી.

**સાહેબજી :-** દોષ ચોક્કસ છે, પણ નાનો દોષ છે. પરંતુ પહેલાં તો મોટા દોષો કાઢવાના છે. જેમ તમારા ભાણામાં મોટો કચરો પડ્યો હોય તેને પહેલાં દૂર કરો કે બાજુમાં રજકણ પડી હોય તેને પહેલાં દૂર કરો ? તેની જેમ અહીંયાં પણ આવે. ઘર સાફ કરતાં, પહેલાં મોટાં બાવાં દૂર કરી પછી નાનો કચરો કાઢો ને ?

**સભા :-** ૪૮ મિનિટ પછી પારીએ તો તે વધારે સમયનો લાભ મળે ?

**સાહેબજી :-** એટલા વધારે ટાઈમ સુધી જે પાપપ્રવૃત્તિ નથી કરી તેનો લાભ મળે, પણ સીધો બીજા સામાયિકનો લાભ ન મળે, કારણ પ્રતિજ્ઞારૂપે સામાયિક પૂરું થઈ ગયું છે.

ગઈકાલે દૃષ્ટાંત આપેલું કે તમે સામાયિકમાં હો, અને કદાચ તે વખતે તમારો દીકરો અમેરિકાથી બે વર્ષે આવ્યો હોય તો ખુશ થાઓ ને ? મનમાં અસર થાય ને ? તેના આવ્યાનો આનંદ થયો એટલે અહીંયાં આવતાં સુધી જે હિંસા થઈ તે બધામાં તમારી અનુમોદના થઈ. હવે આ દોષ મોટો કે પેલો સામાયિકમાં સમય થોડો વધારે થયો તે દોષ મોટો ? માટે સમજી, જાણી, ક્રમસર દોષોનું નિવારણ કરવાનું છે. **તમે જે પચ્ચક્ખાણ લીધાં, સીધા તેની વિરુદ્ધના ભાવો કે પ્રવૃત્તિ કરો તે મોટા દોષ છે.**

તમે મોટી ગંદકી દૂર કરતા નથી અને અત્યારે પરિહાર અશક્ય એવી નાની નાની ગંદકીની પીંજણ કરો છો. આને માટે શાસ્ત્રમાં ઉપમા આપી છે કે શરીરમાં ઠંડી ઊભી થાય ત્યારે તેને દૂર કરવા કોઈ સીધું આગમાં જ ઝંપલાવે. શિયાળામાં ઠંડી ચઢી છે, તેને દૂર કરવા ગરમીની જરૂર છે, તેથી તાપણું પેટાવે; પણ પછી કહે કે તેની બાજુમાં બેસીશ તો ઠંડી દૂર થતાં વાર લાગશે, માટે લાવ સીધું તાપણા પર જ બેસું. એટલે કેવું કર્યું ? નાની એવી ઠંડીને ઉડાડવા માટે સીધું આખું બળી મરવાનું પસંદ કર્યું. આ તો કેવી બેહૂદી વાત કહેવાય ?

ઘડિયાળ કે બીજા કોઈ સમયમાપક યંત્રની સહાય વિના સ્વયં તમારા ઉપયોગની એકાગ્રતા અને આંતરિક જાગૃતિના પ્રભાવે જ તમે સામાયિકનો ૪૮ મિનિટનો સમય પૂર્ણ થયાનો નિર્ણય કરીને સમયસર સામાયિક પારી શકો તે તમારા માટે અશક્ય છે. તેથી સમયસર સામાયિક પારવા માટે તમારે તેનાથી મોટો યંત્રની સહાય લેવારૂપ દોષ સામાયિકમાં અવશ્ય સેવવો પડશે. તેથી તમારી વર્તમાન ભૂમિકામાં સામાયિકમાં અધિક સમયનો દોષ ગૌણ છે. માત્ર નિરતિચારની અપેક્ષાએ દોષની જાણકારી જ ઉચિત છે. ભૂમિકા અનુસારે ક્રમશઃ દોષત્યાગની જિનશાસનમાં વિધિ છે. દા.ત. **ક્રિયામાં ભૂલ ન થાય તેની ચિંતા તે ઉપરની ભૂમિકામાં દોષ છે, પણ તમારે તો અત્યારે ક્રિયામાં ભૂલ ન થઈ જાય તેની ચિંતા કરવાની છે. હવે આવી ચિંતા દોષરૂપ છે, છતાં તમારે માટે અત્યારે સેવવા લાયક છે. તેથી કઈ ભૂમિકામાં કયા દોષ સેવવા અને કયા દોષ છોડવા તેનું બરાબર જ્ઞાન જોઈએ.**

પૂજા મધ્યાહ્ન સમયે જ કરવાની છે. ચૈત્યવંદન કરતી વખતે પણ, આ સૂત્ર બોલતી વખતે આ મુદ્રા, આ જ રીતે શબ્દોચ્ચાર કરવાના. જ્યાં અટકીને બોલવાનું હોય ત્યાં સળંગ બોલો, જ્યાં ઊંચા અવાજે બોલવાનું હોય ત્યાં નીચા અવાજે બોલો, જે લંબાવીને બોલવાનું હોય ત્યાં ટૂંકાવીને બોલો; આવા તો કેટકેટલા દોષો છે, જે બધા જ અતિચાર કહેવાય. માટે ગઈકાલે તમને કહ્યું હતું કે રાધાવેધ કરવો હજી સહેલો છે પણ નિરતિચાર અનુષ્ઠાન કરવું મહાદુષ્કર છે. હકીકતમાં રાધાવેધ કરવો પણ ઘણો મુશ્કેલ છે, ધનુર્વિદ્યામાં કઠણમાં કઠણ કળા આ છે. પાંચ પાંડવોમાંથી ખાલી અર્જુન જ આ કળા શીખી શક્યા. કૌરવોમાં તો કોઈ ના શીખી શક્યું. દ્રોણાચાર્ય જેવા ગુરુ હોવા છતાં એકલો અર્જુન જ શીખી શક્યો કારણ નીચે પ્રવાહી ભરેલા કૂંડામાં જોઈ, ઉપર રહેલી ફરતી આઠે પૂતળીમાંથી વચલી પૂતળીની ડાબી આંખ વીંધવાની છે. ફરતાં ફરતાં ૦.૦૧ સેકન્ડ કદાચ પૂતળીની આંખ દેખાય, તેમાં જ તેનો વેધ કરવાનો છે. માટે વિચારજો, કેટલો ઉપયોગ-કુશળતા-એકાગ્રતા જોઈએ ! આટલું કઠણ હોવા છતાં કહ્યું કે આ હજી સહેલું છે, પણ જિનશાસનની નિરતિચાર ક્રિયા કરવી દુષ્કર છે. માટે નિરતિચાર ધર્મ મામૂલી નથી, મહામૂલો છે.

જેમ અત્યારે ઘણા કંકોત્રીમાં લખે છે કે તેમના આટલાં વર્ષોના નિરતિચાર ચારિત્રની અમે અનુમોદના કરીએ છીએ. પરંતુ આ કાળમાં નિરતિચાર ક્રિયા કરવાવાળું કોઈ છે ખરું ?

**સભા :-** બધા કરતાં સારું પાળે એટલે નિરતિચાર.

**સાહેબજી :-** બધા કરતાં એટલે પૂર્વના મહામુનિ પાળતા હતા તેના કરતાં સારું પાળે, કે વર્તમાન કાળની અપેક્ષાએ ? માટે આ કાળમાં ગમે તેટલું સારું પાળનાર હોય તોપણ આવું વિધાન કે આવો દાવો કરવો તે અસત્ય ભાષણ છે. જેમ હાલનો કોઈ શ્રાવક સારો સામાયિકધર્મ કરે અને તેને પુણિયા શ્રાવકના સામાયિક સાથે સરખાવો તો કેવું અનુચિત લાગે ?

**સભા :-** કલિકાલસર્વજ્ઞ એવું બિરુદ કેમ આપ્યું ?

**સાહેબજી :-** કારણ કે તેઓ કલિકાલસર્વજ્ઞ હતા માટે. સર્વજ્ઞનો અર્થ કયો કયો થાય છે તે ખબર છે ? તેના અનેક અર્થ છે. સર્વજ્ઞ એટલે સર્વ શાસ્ત્રના નિષ્ણાત, સર્વજ્ઞ એટલે સર્વ કળામાં નિષ્ણાત, તેમ પૂર્ણજ્ઞાનીને પણ સર્વજ્ઞ કહેવાય. આ કલિકાળમાં તેમના સમયમાં જેટલાં શાસ્ત્રો હતાં તેમાં તેઓ નિષ્ણાત હતા. તેથી જ તેમને આ બિરુદ આપ્યું છે.

# ૪૫

તા.૧૨-૧૦-૯૫, ગુરુવાર, આસો વદ ચોથ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવોને રત્નત્રયી જન્ય સુખની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

**જૈનશાસનના પ્રત્યેક ધર્મમાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર વણાયેલાં છે. પ્રાથમિક ધર્મમાં આંશિક રીતે અને ઉત્કટ ધર્મમાં ઉત્કટ રીતે રત્નત્રયી વણાયેલ છે. પછી તમે પાંચ રૂપિયાનું દાન કરો, નવકારશીનું પચ્ચક્ખાણ કરો કે એક ખમાસમણું આપો, ઈરિયાવહિયા કરો કે સામાયિક-પૂજા-પ્રતિક્રમણ કરો, આ બધામાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર સમાયેલ છે.**

નાનામાં નાની ક્રિયાને નિરતિચાર કરવા માટે કેવી માનસિક ભૂમિકામાં પ્રવેશ કરવો જોઈએ તેની અત્યારે ઘણાને કલ્પના જ નથી, અને કોને નિરતિચાર અનુષ્ઠાન-ક્રિયા કહેવાય તેની પણ ઘણાંને ખબર નથી. જેમ કે નિરતિચાર ક્રિયા કરવા માટે શાસ્ત્રમાં તે તે ક્રિયાના જે રીતે વિધિ-ભાવો બતાવ્યા છે, તેને ૧00% વળગી રહેવું પડે, તેમાં આંશિક પણ ખામી ન જોઈએ. જૈનધર્મમાં નાનામાં નાનું અનુષ્ઠાન પણ કરવું હોય તો તે ધર્મસ્થાનકમાં જઈને જ કરવું જોઈએ. ધર્મસ્થાનકમાં પ્રવેશ કરતાં સંસારના બધા ભાવોનો ત્યાગ કરવાનો આવે, એટલે 'નિસીહિ' આવે. પરિચિત વ્યક્તિ કે વસ્તુ માટે તમને સંસારમાં અનેક પ્રકારના રાગ-દ્વેષ છે. તેમાં જે અશુભભાવો છે તે બધા અનુચિત ભાવો છે. જો આ અનુચિત ભાવો ક્રિયા કરતાં નીકળે નહીં તો ક્રિયા અણિશુદ્ધ કહેવાય નહીં. જેમ તમે એક ખમાસમણું આપો છો, તે વખતે તમારા દુશ્મન કે વિરોધી પ્રત્યે દ્વેષ કે અરુચિનો ભાવ તમારા મનમાં unconsciously (સુષુપ્તપણે) પડ્યો હોય, તો ખમાસમણું અણિશુદ્ધ અપાય નહીં. આ અપેક્ષા હોવાના કારણે વાર્ષિક અનુષ્ઠાનરૂપ સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં અશુભભાવો દૂર કરવા માટે ક્ષમાપના આદિની વિધિ મૂકી છે. આમ તો આરાધકે દરરોજ ક્ષમાપના કરવાની છે, કંઈ બાર મહિને એક જ વાર કરવાની નથી; વળી ધર્મ તો એ અપેક્ષા રાખે છે કે તમારાથી સંસારમાં અશુભ રાગ-દ્વેષ

થતા હોય, પણ ધર્મ કરવા બેસો તેટલો સમય તો અશુભભાવોને તિલાંજલિ આપવી જ જોઈએ. અણિશુદ્ધ ધર્મ કરવા માટે આટલું તો મિનિમમ જોઈશે. સંસારમાં કંઈ બધા જીવો અશુભભાવોથી મુક્ત નથી. જે તેવા હોય તેને અમે પણ બિરદાવીએ. પરંતુ કદાચ સંસારમાં તે અશુભભાવો સેવતો હોય, છતાં ધર્મ કરે ત્યારે, તેટલો સમય તો તે ભાવોને તિલાંજલિ આપવી જ જોઈએ.

**સભા :-** અમને તો પ્રત્યેક ક્ષણે અશુભભાવો આવ્યા જ કરે છે, કારણ શું ?

**સાહેબજી :-** કારણ કે અનંતકાળમાં અશુભભાવોને ગાઢ સેવીને અસ્થિમજ્જાવત્ કર્યા છે. જેમ, જેને જન્મથી જ રોગ થયો હોય તેને રોગ જ પ્રકૃતિ બની જાય છે, તેને આરોગ્યનું સુખ તો કલ્પના બહારની વસ્તુ છે, કેમ કે રોગ પ્રગાઢપણે વણાઈ ગયો છે. તેની જેમ અનંતીવાર જીવે અશુભભાવો કેળવ્યા છે. આપણે મોટે ભાગે દુર્ગતિમાં જ કાળ વીતાવ્યો છે. અનંતા દુર્ગતિના ભવે એક સદ્ગતિનો ભવ પામ્યા છીએ. જેમ કૂતરા-બિલાડાના ભવમાં ગયા ત્યાં ક્યાં ઉદારતાનો ભાવ થવાનો છે ? દરરોજ ભૂખ્યા-તરસ્યા રહેતા હોય તેના કારણે કોઈ રોટલાનો ટૂકડો ફેંકે તો બધા જ કૂતરા એક સાથે તરાપ મારે. અરે ! એક બીજાના મોંઢામાંથી છીનવી લે. પશુમાં તો મા પણ દીકરાના મોંમાંથી ઝૂંટવી લે, દીકરો માના મોંમાંથી છીનવી લે. અરે ! એક બીજાને બચકાં પણ ભરે. જો કૂતરી ભૂખી હોય તો તેના તાજા જ જન્મેલા બચ્ચાને ખાઈ જાય છે. કેવી કરુણ સ્થિતિ છે ! આવી સ્થિતિમાં કદી ઉદાર-સહિષ્ણુ-પરોપકારી બની શકાય ? જીવ પ્રાયઃ સ્વાર્થી જ બને. માટે આવા ભવોમાં જઈને ત્યાં સતત ગાઢ અશુભભાવો કેળવ્યા છે.

અશુભભાવ કાઢવા માટે પહેલાં અશુભભાવ કોને કહેવાય ? શુભભાવ કોને કહેવાય ? તે સમજવું જોઈએ. જો તમને કોઈપણ વ્યક્તિ પ્રત્યે અશુભ કામના થાય તો તે અશુભભાવ થયો. અત્યારે તમે સાવ લુખ્ખા(લાગણીશૂન્ય) બની જાઓ તેવી વાત નથી. તમે લાગણી રાખો પણ કેવી રાખવાની ? તેમાં તેનું ભલું થવાની ભાવના જોઈએ. અત્યારે તો આપણને એવું છે કે કોઈ જરાક નડે એટલે થાય કે ક્યારે આ અહીંયાંથી ટળે ?

## સિદ્ધિભાવધર્મમાં જીવમાત્ર પ્રત્યે ઉચિત ભાવ :

તમને સંસારમાં નિમિત્ત મળે ને અશુભભાવ થાય તેવું બને, પણ **ધર્મ કરતાં તો અશુભભાવ મનમાંથી સંપૂર્ણપણે નીકળવો જ જોઈએ.** આટલી ઊંચી અપેક્ષા

જૈનધર્મમાં જ છે. પ્રતિક્રમણ કરવા બેસો ત્યારે જીવમાત્ર પ્રત્યે ક્ષમાપના થાય, પછી જ સાચું પ્રતિક્રમણ થાય. મનથી પણ કોઈના માટે અશુભભાવ કર્યો હોય તો તેની પણ ક્ષમા માગવાની છે. જે અશુભભાવનું મિચ્છામિ દુક્કડં પહેલેથી જ આપીને પ્રતિક્રમણ કરવા બેસો છો, પછી પ્રતિક્રમણની ક્રિયાના અવસરે તે અશુભભાવ તો ન જ જોઈએ. વળી ભૂતકાળમાં થઈ ગયેલી ભૂલ માટે પ્રતિક્રમણમાં મિચ્છા મિ દુક્કડં છે. આ ઉપરથી **સારાંશ એ છે કે સિદ્ધિભાવધર્મ પામેલાનું માનસ એવું હોય, કે તેને જીવમાત્ર પ્રત્યે ઉચિત ભાવ હોય જ, અને તેવો આત્મા જ સિદ્ધિ નામના ભાવધર્મમાં પ્રવેશી શકે.**

અહીં 'ઉચિત ભાવ' શબ્દ બરાબર ધ્યાનમાં રાખજો. ઉચિત ભાવ કરવાના એટલે કે દુશ્મન માટે કેવા ભાવ કરવાના ? ભાઈ-બહેન માટે કેવા ભાવ કરવાના ? દેવ-ગુરુ પ્રત્યે કેવા ભાવ કરવાના ? પાપી કે અધર્મી પ્રત્યે પણ કેવા ભાવ કરવાના ? તે સ્પષ્ટ હોવું જોઈએ. બધા ઠેકાણે એક સરખો ભાવ કરવાનો નથી, પણ દરેક પ્રત્યે કરવા લાયક ઉચિત ભાવ જ કરવાનો છે. એક સરખો ભાવ રાખો તેને કંઈ નિરતિચાર અનુષ્ઠાનનું માનસ નથી કહેતા. જેમ મયણા ચૈત્યવંદન કરે ત્યારે તેને જગતના જીવો જેવા છે તેને અનુરૂપ ઉચિત ભાવો મનમાં પ્રગટેલા હોય. કુટુંબમાં-પરિવારમાં કે પ્રજાજનોમાં પણ તેને ઘણા કડવા અનુભવ થયેલા, તેની ઘણાએ નિંદા કરેલી, છતાં ધર્મક્રિયા કરતાં આ કોઈના પ્રત્યે પણ અરુચિ-અણગમાના કે ક્રોધના ભાવ તેના મનમાં ન હોય. વળી મા માટે લાગણીના ભાવો હોય, કે સભામાં તેના ટેકામાં રહેલાને માટે રાગનો પરિણામ હોય, તોપણ તેનું ચૈત્યવંદન ખામીવાળું કહેવાય. તમારા મનમાં કોઈપણ ક્રિયા કરતાં જગતના જીવમાત્ર પ્રત્યે ઉચિત ભાવ લાવવાનો છે. જો ક્યાંય અનુચિતભાવ હોય તો તે ક્રિયામાં દોષ લાગે છે. અન્ય ધર્મોમાં ભગવાનનાં દર્શન કરતાં ક્યાંય આવા અનુચિત ભાવોને વોસિરાવવાનું કહ્યું નથી. દુનિયામાં આવા ઉત્કૃષ્ટ આચારો ક્યાંય નથી.

શ્રાવક દરરોજ પ્રતિક્રમણ આદિ ક્રિયાના અવસરે ક્ષમાપના કરતો જ હોય છે, પણ જે દરરોજ ન કરતો હોય તેણે પણ ૧૨ મહિને એક વખત પ્રતિક્રમણ પહેલાં અવશ્ય ક્ષમાપના આપવાની છે. ક્ષમાપના એટલે જેટલો પણ ગેરવર્તાવ થયો હોય તે બધાની ક્ષમાપના છે. ફક્ત ક્રોધ થયો કે કોઈની સાથે વેરઝેર થયાં હોય તેનું જ ખાલી મિચ્છા મિ દુક્કડં નથી. રાગ થયો હોય તેનું પણ મિચ્છા મિ

દુક્કડં આપવાનું આવે છે. જીવમાત્ર પ્રત્યે થયેલ અનુચિત વર્તનનું મિચ્છા મિ દુક્કડં આપવાનું આવે.

અનુચિત ભાવ એ દોષ છે. શુદ્ધ ધર્મક્રિયા કરનારનું હૃદય કેવું જોઈએ ? તેના માટે કેટલું ઊંચું સ્તર અપેક્ષિત છે ? પાડોશીના દીકરા પ્રત્યે અણગમાનો ભાવ તમને સામાયિક કરતાં મનમાં ગર્ભિત રીતે પડ્યો હોય તો સામાયિકમાં અતિચાર લાગે છે. આમ તો બધા અશુભભાવોને જીવનમાં કાયમ ખાતે તિલાંજલિ આપવાની છે, પણ જો તે તમે ન આપી શકતા હો તો ઓછામાં ઓછું ધર્મક્રિયાઓ કરતાં તો અશુભભાવોને તિલાંજલી આપવાની જ છે.

**સભા :-** મન ઉપર અમારો કાબૂ નથી.

**સાહેબજી :-** તમારા મનની ચાવી કોની પાસે છે ? બીજા પાસે ને ? હમણાં કોઈક સ્વીચ દાબે તેટલી વાર ને ? તમારાં મન-વચન-કાયા તમે કોઈકને સોંપી દીધાં છે. વાસ્તવમાં આંતરદૃષ્ટિએ વિચારો તો તે આપણી પાસે જ છે. અન્યને કહેવા જવાની જરૂર નથી.

તમે "ખામેમિ સવ્વ જીવે" બોલો છો ત્યારે કંઈ બધાને મળવા જાઓ છો ? આ જગતમાં એકેય જીવ એવો નથી કે જેને આપણે પીડા ન આપી હોય. આ સંસારમાં પ્રત્યેક જીવ સાથે અનંતીવાર આપણે સંબંધ બાંધ્યા છે. દરેક ભવમાં ઘણાને હેરાન કર્યા છે. આ ભવમાં પણ જન્મ્યા ત્યારથી કેટલાંયને દુઃખ આપીએ છીએ. હજુય અનંતા જીવોને આપણાથી દુઃખ અપાય છે. માટે "ખામેમિ સવ્વ જીવે... " બોલતી વખતે નાનામાં નાના જીવની પણ ક્ષમાપના કરવાની છે. તમે ગત ભવમાં હેરાન કરેલા જીવોને કંઈ અત્યારે મળીને ક્ષમાપના કરી શકવાના નથી. પરંતુ તેમને પણ અહીં બેઠાં મનથી ક્ષમાપના તો કરવાની જ છે. માટે કોઈપણ ક્રિયા કરતાં સૌની સાથે મૈત્રીભાવની આટલી માનસશુદ્ધિ તો જોઈશે જ.

શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતી હોવા છતાં તેમનામાં આવું માનસ ન હોવાના કારણે ભાવથી ક્રિયા-વિરતિ નહોતા કરી શક્યા. જૈનશાસનની બધી ક્રિયામાં ઓછા વત્તા અંશે વિરતિ સમાયેલી છે.

**સભા :-** કૃષ્ણ મહારાજાને ક્ષાયિક સમકિત કેમ મળ્યું ?

**સાહેબજી :-** કૃષ્ણમહારાજાને અઢાર હજાર સાધુને વંદન કરતાં ઉમળકો કેટલો છે ! આટલી મોટી સંખ્યામાં વંદન કરવાં તે કંઈ રમત વાત છે ? તમે તો અઢાર

સાધુને પણ વંદન કરતાં થાકી જાઓ છો. આવું ઉત્કૃષ્ટ વંદન કરતાં પ્રગટેલા ભાવોથી તેઓ ક્ષાયિક સમકિત પામ્યા.

**સભા :-** આટલાં વંદન એક સાથે કેમ થઈ શકે ?

**સાહેબજી :-** તેમનામાં બળ કેટલું હોય ? વાસુદેવનું બળ છે. અત્યારે છેલ્લા સંઘયણવાળામાં પણ મિનિટમાં ૨૦૦, ૨૦૦ ઊઠબેસ કરનારા છે. એક લોખંડના સળિયાને પણ તોડી નાખવો તેમના માટે રમત વાત હોય છે. એટલે તેમનાં અસ્થિ સળિયા કરતાં મજબૂત થયાં ને ? આવાં તો કેટલાંય તમારી કલ્પના બહારનાં પરાક્રમો તે કરી શકતા હોય છે. હવે જો છેવટ્ઠું સંઘયણ, પાંચમો આરો, હૂંડા અવસર્પિણીમાં આટલું થઈ શકતું હોય, તો આ તો વાસુદેવના બળ સાથે પહેલું સંઘયણ છે, તો કેમ ન કરી શકે ? તેઓ સ્વબળથી એક કરોડને પણ એકલે હાથે પહોંચી શકે. તમે તેઓને તમારી સાથે સરખાવો તો કેમ ચાલે ? તમે તો એક સાધુને વંદન કરવાં હોય તોપણ મરતાં મરતાં કરો છો. શ્રીકૃષ્ણ વંદન કરે છે ત્યારે તેમની સાથે હજારો ખંડિયા રાજાઓ છે. આપણા મહારાજા આટલા ઉલ્લાસથી વંદન કરે છે તો સાથેના બધા રાજાઓ પણ વંદન કરે છે. આ બધાય શૂરવીર રાજા ક્ષત્રિય હોવા છતાં પણ એક એક કરતાં બધા થાકીને બેસી ગયા. ફક્ત તેમની સાથે 'વીરો સાળવી' નામનો એક સેવક રહે છે. તે ય આમ તો થાકી ગયો છે, પણ તેને થાય છે કે શ્રીકૃષ્ણ વાસુદેવ વંદન કરે ને હું કેમ બેસી જાઉં ? માટે છેલ્લે સુધી તે વંદન કરે છે.

જેમ જીરણશેઠે પ્રભુને પારણું કરાવવાની ભાવના કરી અને અભિનવશેઠે પારણું કરાવ્યું, ત્યારે તેમને ત્યાં સાડાબાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. આ વખતે ખરું ફળ તો જીરણશેઠને મળ્યું છે, જ્યારે અભિનવશેઠને તો ફક્ત સાડા બાર કરોડ સોનૈયાનું જ ફળ મળ્યું છે. અને તેનો પણ તે માલિક કેમ થયો ? કારણ કે આગલા ભવમાં એવું પુણ્ય બાંધેલું હતું, માટે સોનૈયા મળ્યા અને ટક્યા છે. પરંતુ ભગવાનને દાન કરવાથી તેને કાંઈ નવું મળ્યું નથી, તેમ પુણ્યબંધ પણ નથી થયો, કેમ કે શુભ ભાવ નથી.

**સભા :-** કોરો પુણ્યબંધ પણ ન થાય ?

**સાહેબજી :- શુભક્રિયા પણ જો પ્રશસ્તભાવથી કરો તો જ પુણ્ય બંધાય, અન્યથા નહિ.**

હવે શ્રીકૃષ્ણ પ્રભુને કહે છે કે "પ્રભુ ૩૬૩ મહાયુદ્ધો ખેલ્યાં ત્યારે પણ મને જેટલો થાક નહોતો લાગ્યો તેના કરતાં કંઈ ગણો થાક આજે મને લાગ્યો છે." ત્યારે પ્રભુ કહે છે કે "થાક લાગ્યો તેમ ન કહો પણ થાક ઊતરી ગયો તેમ કહો, કારણ કે તમે ક્ષાયિકસમ્યક્ત્વ પામી તીર્થંકરનામકર્મનો બંધ કર્યો છે, સાથે ચાર નારકીનું પણ નિવારણ થયું છે." આ સાંભળી રાજા ભાવવિભોર થઈ કહે છે કે, "મારું તો આજે ભાગ્ય ખૂલી ગયું." આ રીતે ક્રિયા કરવી તે પણ કંઈ રમત વાત નથી. વિચારજો, તમારી પરિસ્થિતિ અત્યારે ક્યાં છે ?

હવે આગળ વધીએ. જીવમાત્ર પ્રત્યે આપણે મૈત્રી કરવાની છે, ગુણિયલ **પ્રત્યે પ્રમોદભાવના અને દુઃખી પ્રત્યે કરુણાનો ભાવ જોઈએ, પછી તે આપણો દુશ્મન હોય કે મિત્ર હોય.** તમારો જિગરજાન મિત્ર પણ જો પાપી હોય તો કરુણાનો ભાવ આવે ખરો ? કે તેના પ્રત્યેના રાગના કારણે બધું ઢંકાઈ જાય ? વળી તમારો દુશ્મન ગુણિયલ હોય તો તેના પ્રત્યે પ્રમોદભાવ આવે ખરો ? એટલે જ તો જીવમાત્ર પ્રત્યે અપેક્ષિત ભાવો ન હોય તો ક્રિયા ખામીવાળી ગણાશે.

ઘણા કહે છે "સાહેબજી ! આજે અમને સામાયિક કરતાં ખૂબ આનંદ થયો. સુંદર ભાવનાથી સામાયિક કર્યું છે, એક પણ ખરાબ વિચાર આવ્યો નથી."

**સભા :-** આ જે આનંદ થયો તે કયા ઘરનો થયો ? આત્માના કે મનના ઘરનો ?

**સાહેબજી :-** જો ક્ષયોપશમભાવનો હોય તો આત્માનો આનંદ અને ઔદયિકભાવનો હોય તો મનનો આનંદ કહેવાય. વાસ્તવમાં વિકારોથી ક્યારેય પણ આનંદ મળી શકે નહીં. **કોઈપણ જીવને ભૌતિકક્ષેત્રમાં કે ધાર્મિકક્ષેત્રમાં આનંદ તો ગુણથી જ મળશે. જો ગુણ પણ ઔદયિકભાવના હશે તો મનનો આનંદ મળશે અને ક્ષયોપશમભાવના ગુણ હશે તો આત્મિક આનંદ મળશે.**

**સભા :-** અમારે ખાતરી કઈ રીતે કરવી કે આ કયા ઘરનો આનંદ છે ?

**સાહેબજી :-** તમારી જાતને તપાસો. દર્શનમોહનીયનો ક્ષયોપશમ કર્યો છે ? આઠ કર્મોમાં ચાર ઘાતીકર્મોનો ક્ષયોપશમભાવ હોય છે, પણ ચાર અઘાતીમાં ક્ષયોપશમભાવ નથી. ઘાતીકર્મોમાં સૌથી પહેલો દર્શનમોહનીયનો ક્ષયોપશમ કરવાનો છે. **જેને દર્શનમોહનીયનો ક્ષયોપશમ નથી તેને બીજા બધા ગુણો હોય તોપણ તે વાસ્તવિક નથી. જ્યારે જેણે દર્શનમોહનીયનો ક્ષયોપશમ કર્યો હોય તેને તેના ગુણો**

આત્મિક આનંદ અપાવી શકે. વળી જો દર્શનમોહનીયનો ક્ષયોપશમ ન હોય અને સાથે અન્ય લાખ ગુણ હોય, તો તે ગુણો પણ તેને આત્મિક આનંદ અપાવી શકે નહીં.

**સભા :-** અમને પ્રભુના વચનમાં ખૂબ જ શ્રદ્ધા છે.

**સાહેબજી :-** ચાલો, કબૂલ, જિનેશ્વરદેવો પ્રત્યે શ્રદ્ધા છે. એટલે તમે તેમની વાતો માનો છો, અર્થાત્ ભગવાને કહ્યું તે જ સાચું તેમ તમે માનો છો, પણ ભગવાને કહ્યું છે તે તમને ગમે છે ખરું ? જો ગમતું હોય તો મેળવવાનો પ્રયત્ન કેટલો હોય? દા.ત. પ્રભુએ કહેલું સંયમજીવન જ સ્વીકારવા જેવું છે તેમ તમે માનો છો, તો તે ચારિત્ર ગમે છે ? મેળવવાનો તલસાટ છે ? નથી મળ્યું તેનું દુઃખ છે ? જેમને મળ્યું છે તેમના પ્રત્યે પરમ પ્રમોદ અને અહોભાવ છે ? આ ખૂબ જ વિચાર માંગે તેવો પોઈન્ટ છે. ખાલી એમ ને એમ બોલવું તે જુદી વાત છે.

## દર્શનમોહનીયના ક્ષયોપશમનું પહેલું લક્ષણ - અપુનર્બંધકપણું :

**સભા :-** તો પછી તેનાં લક્ષણો શું ?

**સાહેબજી :-** અપુનર્બંધકનાં જે લક્ષણો બતાવ્યાં છે તે દર્શનમોહનીયના ક્ષયોપશમનું પહેલું લક્ષણ છે. **જેને સંસાર માટે બહુમાન હોય તેને અપુનર્બંધકદશા ન હોય.** બહુમાન શબ્દનો અર્થ સૌથી વધારે માન. તમે કહી શકો કે સૌથી વધારે રાગ અમને સંસાર પર નહીં પણ દેવ-ગુરુ-ધર્મ પર છે ? ખાલી મોંથી બોલવાનું નથી, પણ પુરવાર કરવાનું છે.

**સભા :-** અમને દેવ-ગુરુ-ધર્મ પર રાગ છે.

**સાહેબજી:-** પૈસા કરતાં દેવ-ગુરુ-ધર્મ પર વધારે રાગ છે કે ઓછો રાગ છે?

**સભાઃ-** કર્મ જેટલો રાગ કરાવે તે પ્રમાણે કરીએ છીએ.

**સાહેબજી :-** તમે કર્મ દ્વારા ચાવી અપાએલ રમકડાં નથી. **તમારા મન ઉપર કર્મના ઉદયની અસર થાય છે, પણ તેને તોડવી કે વધારવી તે આપણા હાથની વાત છે.**

**સભા :-** સમકિતીનું ચિત્ત મોક્ષમાં છે અને શરીર સંસારમાં છે, તે કઈ રીતે ?

**સાહેબજી :-** આ જે બોલાય છે તે વ્યવહાર ભાષા છે. જેમ સંસારમાં ગાઢ પ્રેમીઓ જુદા પડે છે, તે દેહથી જુદા પડે છે કે મનથી જુદા પડે છે ? બેઉ જણા

ગમે તેટલા દૂર હોય તોપણ બંનેનું મનથી મિલન તો ચાલુ જ હોય છે. તેનો એકનો એક ફોટો ૫૦ વાર જુએ છતાં આનંદ આવ્યા જ કરે, કારણ કે મનથી તે જોડાયેલા છે. તે દૂર રહેલ વ્યક્તિ ખાવાની ક્રિયા કરતી હોય, ધંધો કરતી હોય, વાચિક ક્રિયાઓ પણ કરતી હોય છતાં પણ હર પળે તેને તે પ્રિયપાત્ર પર જ વધારે રાગ છે.

તેમ તમને સૌથી વધારે રાગ જો મોક્ષ પર હોય તો અમે કહીએ કે તમે મનથી મોક્ષમાં છો, પછી ભલે તમે સંસારમાં ખાઓ-પીઓ કોઈપણ ક્રિયા કરો; તમે વ્યવહારમાં તમારા ભાગીદાર સાથે અત્યંત લાગણીથી વાત કરતા હો, જાણે કે તમને તેના માટે કેટલો રાગ છે ! છતાં તે વખતે પણ તમારા પ્રિયપાત્ર માટે જ વધારે રાગ છે કારણ કે તેનું નામ આવે તો હૈયું નાચી ઊઠે છે. **તેમ તમને મોક્ષની વાત સાંભળતાં કોઈ દિવસ હૈયું નાચી ઊઠ્યું છે ? રુવાંટાં ઊભાં થઈ ગયાં છે ?** અહીં સમકિતીની કાયા મોક્ષે જવા તૈયાર નથી તેમ નથી, પણ અત્યારે સ્કોપ(તક) નથી, તાકાત નથી માટે તે સંસારમાં બેઠો છે, પણ મન તો મોક્ષ સાથે જ ચોંટેલું છે.

'ઉપમિતિ ભવપ્રપંચા કથા'માં વિમલકુમારનું કથાનક આવે છે. તેઓ અજૈન છે પણ તેમનો મિત્ર તેને પ્રભુદર્શન માટે લઈ ગયો છે. ત્યાં તેને પ્રતિમા જોતાં ઊહાપોહ થતાં જાતિસ્મરણજ્ઞાન થયું અને પૂર્વનું બધું યાદ આવવાથી સમકિત સુધી પહોંચી ગયા. ત્યાર બાદ તે પ્રભુની સ્તુતિ ગાય છે. તેમાં બોલે છે કે "હે પ્રભુ ! આપનાં દર્શન, આપના સ્વરૂપની ઝાંખી થતાં દેખાય છે કે આપની પાસે કેવો આનંદ છે ! તે જોતાં હવે મને આ સંસારમાં કોઈ આકર્ષણ રહ્યું નથી, રાગ નથી અને રતિ પણ નથી." વળી આગળ કહે છે કે, "પણ અંદરના કર્મના વિપાકો એવા છે કે જે મને અહીંયાં જકડીને રાખે છે, જેને તોડવાની મારી પાસે અત્યારે તાકાત નથી કે જેથી તેને તોડીને હું તમારી પાસે આવી શકું." સમકિતીને મોક્ષની આવી ઉત્કૃષ્ટ ઝંખના હોય છે. માટે તેને પરમાત્માના વિરહની અત્યંત વેદના હોય છે. સમકિતીની જેમ તમે ભગવાનને યાદ કરતાં ક્યારેય બેચેન થઈ ગયા છો ? આ સ્વરૂપ હું ક્યારે પામી શકીશ તેવું મનમાં થાય છે ખરું ?

પૂ. આનંદઘનજીએ લખ્યું છે કે "હે પ્રભુ ! તારું મિલન થતું હોય તો તું કહે ત્યાં ભટકવા તૈયાર છું. દરિયા પાર કરું, પર્વતોમાં રખડું, રણોમાં રખડું, તું કહે ત્યાં જવા તૈયાર છું." માટે વિચારજો, કેવી એ ઉત્કૃષ્ટ અભિલાષા હશે ! તેમાં કારણ એ હતું કે તેમને મુક્તિના ખરા આનંદની અનુભૂતિ છે. જ્યારે આપણને

એવું કેમ થતું નથી ? કારણ હજી તે ભૂમિકા સુધી નથી પહોંચ્યા માટે. **સમ્યગ્દષ્ટિ આત્મા ભગવાન જુએ ને અડધો અડધો થઈ જાય.**

હવે આગળ વધીએ. સિદ્ધિધર્મને પામેલાનું માનસ કેવું હોવું જોઈએ તે બરાબર સમજજો. અધિક ગુણી પ્રત્યે વિનયનો-ભક્તિનો-બહુમાનનો ભાવ અવશ્ય જોઈએ, પછી ભલે તે આપણો અંગત વિરોધી ગમે તેટલો હોય, **આપણો દુશ્મન હોય, પણ અધિક ગુણી હોય તો તેના પ્રત્યે ભક્તિ-બહુમાનનો ભાવ જોઈએ. એવો ભાવ જો ન હોય તો તે સિદ્ધિભાવધર્મને લાયક નથી.**

**સભા :-** પ્રેમ શબ્દ વપરાય છે તે ?

**સાહેબજી :-** આપણા શાસ્ત્રમાં પ્રેમ શબ્દ નથી. જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ શબ્દ લખ્યો છે. આ પ્રેમ શબ્દ તો તમારા સંસારના કચરારૂપે ઘૂસી ગયો છે. ખરેખર આપણે ત્યાં વાત્સલ્ય શબ્દ વપરાય છે. તેથી આપણે સાધર્મિકવાત્સલ્ય બોલીએ છીએ.

**સભા :-** સ્નેહ શબ્દ વપરાય છે.

**સાહેબજી :-** તેમાં પણ હિતચિંતા વણી લેવી પડે.

બાઈબલમાં આવે છે કે love is god and god is love(ઈશ્વર એ પ્રેમ છે અને પ્રેમ એ ઈશ્વર છે) ઈશ્વર આખી દુનિયાને ચાહે છે માટે માનવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવો, મા બાળકને પ્રેમ દ્વારા ભગવાનના અંશની અનુભૂતિ કરાવે છે. પરંતુ આપણે ત્યાં તો દીકરાના પ્રેમને પણ મોહ કહ્યો છે, દોષ કહ્યો છે, તેથી તે પાપબંધનું કારણ છે. વળી બાઈબલ માને છે કે ત્રણ વર્ષનું બાળક જો મરે તો તેને હેવન જ મળે છે, તે જહન્નમમાં જતું નથી. કારણ બાળકે હજુ કંઈ પાપ કર્યું નથી, માટે તે હેવનમાં જ જાય છે. તેમને ત્યાં હેવન એ મોક્ષ છે. પણ તે હેવનનું વર્ણન આપણા સ્વર્ગ જેવું છે. તેઓ પશુમાં આત્મા માનતા નથી. માનવમાં જ આત્મા માને છે. માનવ પણ જો બાઈબલ પ્રમાણે આચરણ ન કરે તો તેને પાપ લાગે છે અને તેના કહ્યા પ્રમાણે કરે તો તેને હેવન મળે છે. જ્યારે ત્રણ વર્ષનું બાળક હજુ કંઈ પાપ કરતું નથી, તેથી તેને હેવન જ મળે છે.

કોઈ નાસ્તિકે સામે પક્ષે દલીલ કરી કે, જો બધાં નાનાં બાળકો મરીને કાયમ ખાતે સ્વર્ગમાં જતાં હોય તો બધાં નાનાં બાળકોને મારી નાંખું ? ત્યારે પાદરી

કહે છે કે તેમ કરવાથી તું નરકે જઈશ. તો તે કહે છે કે ભલે, લાખો સ્વર્ગે જતાં હોય તો હું આવું કરીને નરકે જવા તૈયાર છું. ત્યારે પાદરીએ ખિજાઈને "તું આ બધા કુતર્ક કરે છે." એમ કહીને તેને પોતાની પાસેથી ઉઠાડી મૂક્યો, કારણ કે તેમના શાસ્ત્રોમાં જ એવી ખામી ભરેલી વાતો છે કે જેનો ગમે તેવો બુદ્ધિશાળી ધર્મગુરુ પણ સંતોષકારક જવાબ આપી શકે તેમ નથી. માટે આવું આવું તો ઘણું છે. જ્યારે આપણા શાસનમાં મા-દીકરા, બાપ-દીકરા પ્રત્યેનો પ્રેમ પણ મોહનો પરિણામ છે, જે પાપબંધનું કારણ છે. માટે ભાઈ-બહેન, પતિ-પત્ની, મા-દીકરા બધા પ્રત્યે પ્રેમ છોડવા લાયક છે. આપણે ત્યાં પ્રશસ્ત રાગ કરવાનો કહ્યો છે, પણ તેય નીચલી ભૂમિકામાં છે.

જેમ અધિક ગુણી પ્રત્યે ભક્તિ-બહુમાનનો ભાવ કરવાનો છે, તેમ તમારા કરતાં નીચલી ભૂમિકામાં હોય તેના પ્રત્યે કરુણાનો ભાવ કરવાનો છે. વર્તમાનમાં દુનિયામાં તમારા કરતાં લાખો લોકો નીચલી ભૂમિકામાં છે. તેમના પ્રત્યે અંગત રાગ-દ્વેષ નથી કરવાનો, પણ કરુણાનો ભાવ લાવવાનો છે. આજે સત્તાધીશોની ઘણી નિમ્નકક્ષા છે. છતાં જો તમને તેમના પ્રત્યે દ્વેષ થતો હોય તો તે અનુચિત ભાવ છે. તમે સેલ્ફ સ્ટડી(જાત અભ્યાસ) માટે એક દિવસ કાઢો અને નિરીક્ષણ કરો, કે તમને ક્યાં કઈ વ્યક્તિ પ્રત્યે કેવા ભાવ થાય છે અને ત્યાં ખરેખર કેવા ભાવ કરવા જોઈએ. આનો બરાબર અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે તમારે પ્રાયઃ સર્વત્ર અનુચિત ભાવ જ હોય છે. આમ, જેની પાસે હિતાહિતનો વિવેક ન હોય તેને ઠેર ઠેર પાપ બંધાશે.

**અધિક ગુણી પ્રત્યે ભક્તિનો ભાવ કરવાનો છે, સમાન ગુણી પ્રત્યે વાત્સલ્યભાવ કરવાનો છે, હીનગુણી પ્રત્યે કરુણાનો ભાવ કરવાનો છે. આમ, વ્યક્તિમાત્ર પ્રત્યે યોગ્ય પ્રતિભાવ જોઈએ.**

# ૪૬

તા.૧૩-૧૦-૯૫, શુક્રવાર, આસો વદ પાંચમ
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્ર પ્રત્યે ઉચિત ભાવનો પ્રબોધ કરનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરમાત્માનું શાસન જગતના જીવમાત્ર પ્રત્યે કઈ રીતે કેવા ઉચિત ભાવ કરવા તેનો બોધ અને તે ઉચિત ભાવ કરવાથી થતા લાભનો બોધ કરાવે છે. **જગતના કોઈપણ જીવ પ્રત્યે જો અનુચિત ભાવ હોય તો ધર્મક્રિયામાં અતિચાર-અનાચાર લાગે છે.** આ જગતમાં અનંતા જીવો છે, તેમાં બધા જીવો કંઈ સમાન ભૂમિકામાં નથી, તેમ સરખા સંયોગોમાં પણ નથી. ઘણા જીવો આત્મિક દૃષ્ટિએ ગુણી છે, તો ઘણા જીવો હીનગુણી છે; ઘણા સંસારમાં સુખી છે, તો ઘણા સંસારમાં દુઃખી છે. અર્થાત્ બધા જીવો જુદી જુદી કક્ષામાં છે. તેમાં **જેવી જીવની કક્ષા હોય તેવો તેના પ્રત્યે ઉચિત ભાવ થવો જોઈએ. જો અનુચિત ભાવ પ્રગટે તો દોષ લાગે છે.**

ભાવના દ્વારા પ્રત્યેક જીવ પ્રત્યે કેવા ભાવ કરવા જોઈએ તે શાસ્ત્રકારોએ બતાવ્યું છે. જેમાં જગતના જીવમાત્ર પ્રત્યે મૈત્રી કરવાની છે. મૈત્રીમાંથી કોઈ જીવની બાદબાકી કરવાની નથી, પછી ભલે તે ગુંડો, બદમાશ કે કસાઈ હોય, પણ બધા જીવો પ્રત્યે મૈત્રીભાવ તો અવશ્ય કરવાનો છે. **મૈત્રીનો અર્થ તેના પ્રત્યે માત્ર લાગણી જોઈએ તેવું નથી, પણ જીવ તરીકે તે ચેતન છે માટે તેનું હિત થાઓ તેવી કામના જોઈએ. જેમ બાપને દીકરા માટે સાચી લાગણી હોય તો તેને ધમકાવે પણ ખરો, છતાં તેમના ક્રોધમાંય તેના હિતની ભાવના જ હોય. તેથી મૈત્રીભાવવાળો દ્વેષ પણ હિતકારી છે. તાત્પર્ય એ આવ્યું કે રાગમાં પણ હિતબુદ્ધિ ન હોય તો મૈત્રીભાવ નથી, તેમ દ્વેષમાં પણ હિતબુદ્ધિ હોય તો મૈત્રીભાવ છે.**

**સભા :-** હિતચિંતા સાંસારિક અને ધાર્મિક બેઉ રીતે કરવાની ?

**સાહેબજી :-** હા, બંને રીતે હિતચિંતા કરવાની છે. સાધુ તરીકે પણ અમે તમારું ભૌતિક દૃષ્ટિએ સારું નથી ઇચ્છતા તેમ ખરાબ પણ નથી ઇચ્છતા. તમે

ગરીબ થાઓ તો સારું, ભૂખ્યા રહો તો સારું એવું કંઈ અમે ન ઇચ્છીએ. વળી જેમાં કોઈકનું ભલું હોય અને બીજાનું બૂરું હોય તેવી શુભભાવના પણ અમારાથી કરાય નહીં. તમે જે ભૌતિક પરિસ્થિતિમાં હો તે ભૌતિક અનુકૂલતાઓ તમને ધર્મમાં ઉપયોગી બને તેવું અમે ઇચ્છીએ. તમે પણ જો ખરા ધર્માત્મા હો તો સૌનું એવું ભૌતિક ભલું ઇચ્છો કે જે ભૌતિક ભલું તેમને ધર્મનું સાધન બનતું હોય. જેમ કોઈ માંદો માણસ જલદી સાજો થઈને ખાઈપીને મોજ કરે એવું તમે ઇચ્છો તો પાપ બાંધો, પણ આવું શ્રાવક ન ઇચ્છે; અને ઇચ્છે તો તેને માટે પાપ છે, તેથી તટસ્થ રહે. જે ધર્મનું સાધન ન બનતું હોય તેવું પણ ભલું ઇચ્છે તો શુભભાવથી પુણ્ય બંધાય, પણ તે જૈન તરીકે ભૂમિકામાં નીચે ઊતરે છે, તેથી તે જૈનશાસન અનુસારે યોગ્ય ભાવના નથી.

જેમ તમારા સંબંધીને તકલીફ આવે, માંદગી આવે, ત્યારે તમને થાય કે તેને માંદગી ઝટ જાય તો સારું; અથવા કોઈને સંતાન ન હોય ને એમ કહો કે તેને દીકરો થાય તો સારું; ત્યારે તમે એવું ઇચ્છો છો કે તેની ભૌતિક તકલીફો દૂર થાય. આમ, આ બધી ભાવના સારી-શુભ છે, પણ તે વાજબી નથી. ભૌતિક દૃષ્ટિએ કોઈનું ખરાબ ઇચ્છવું તે પાપ છે. માટે જ ભૌતિક દૃષ્ટિએ કોઈનું બૂરું ઇચ્છવાનું નથી. એટલે ભૌતિક દૃષ્ટિએ સારું ઇચ્છો તો તે શુભભાવ થયો કહેવાય; પણ ધર્માત્મા તરીકે તેમાં વિવેક નથી, તેથી તે બરાબર નથી. આના બદલે કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, બધા સંસારમાંથી મુક્ત થાઓ એવું ઇચ્છાય. તેમ તમારા પરિચયમાં રહેલા કોઈને ધંધામાં આપત્તિ આવી, ત્યારે તેને આપત્તિના કારણે સદ્બુદ્ધિ જાગે, તે પુણ્ય-પાપને માનતો થાય, ધર્મમાં વધારે જોડાય અને તે સંપત્તિ કમાઈને ધર્મમાં ઉપયોગ કરે તેવી ભાવના કરો તો વાંધો નથી; પણ તે માટે "તેને આપત્તિ આવો" આવું ન ઇચ્છાય.

**સભા :-** પછી તે કદાચ ધર્મમાં ઉપયોગ ન કરે તો ? કોરી ભાવના કહેવાય?

**સાહેબજી :-** તીર્થંકરોએ "સવિ જીવ કરું શાસનરસી" આવી ભાવના ભાવી હતી. પણ તેઓ કંઈ બધાને શાસન ન પમાડી શક્યા. તીર્થંકરો કદી કોરી ભાવના ન કરે, માટે જ તેઓએ આ શાસન સ્થાપીને સૌને તારવાનો પુરુષાર્થ કર્યો છે. પરંતુ જે જીવોની લાયકાત નથી, જેમનો સ્વકલ્યાણ અંગે સહયોગ નથી તેવા જીવો તરી ન શક્યા. **કોરી ભાવના ત્યારે કહેવાય કે ભાવના કર્યા પછી અમલીકરણ માટે કાંઈ પુરુષાર્થ ન કરે, અને ભોગ આપવાનો આવે ત્યારે રફુચક્કર થઈ જાય.** અહીં તેવું કરવાનું નથી. વળી ભાવના તો જીવમાત્ર પ્રત્યે શુભ જ રાખવાની છે.

તમારી ભાવનાથી તમારા કુટુંબીજનો ધર્મ પામે પણ ખરા અને ન પણ પામે. છતાં પણ તમારા અંતરમાં તો તેમના પ્રતિ શુભભાવના જ જોઈએ. હા, તમે સંસારમાં બેઠા છો માટે કદાચ બીજી બધી ભાવના તમારા દીકરા-દીકરી માટે હોય; જેમ કે દીકરો મોટો માણસ બને, શ્રીમંત બને, મોટી ડીગ્રી મેળવે. આવી બધી ઇચ્છા ઊંડે ઊંડે પણ તમને હોય, કારણ કે તમે કાંઈ હજુ વીતરાગ નથી. તમને રાગ છે માટે ભૌતિક ઇચ્છા હોય. પણ ખાસ એ સમજવાનું કે જ્યારે તમે સામાયિક, પૂજા, પ્રતિક્રમણ કરો ત્યારે તો આ બધી ઇચ્છાઓ મનમાંથી નીકળી જ જવી જોઈએ.

નિરતિચાર ચારિત્રવાળા જીવનું કેવું માનસ હોય તે સમજવાનું છે. જેમ શ્રીપાળ ઘરેથી કમાવા માટે વિદાય લે છે ત્યારે, મયણા તેમને વિદાય આપે છે ત્યારે, તેણીને મનમાં એમ તો ન હોય કે આ જે રીતે ખાલી હાથે જાય છે, તે રીતે ખાલી હાથે પાછા આવે, પરંતુ એવી ઇચ્છા હોય કે પતિદેવ સારું ઐશ્વર્ય મેળવી, સારું કમાઈને પાછા આવે. કારણ હજુ તેઓ સ્થિતપ્રજ્ઞની ભૂમિકામાં નથી. તેમને પણ સંસારમાં ભોગ મેળવવાની ઇચ્છા છે. મળે તો રાજી પણ છે અને ભોગવે પણ છે. પરંતુ તે જ્યારે પ્રભુભક્તિ કરે, સામાયિક કરે ત્યારે આવી ઇચ્છા ઊંડે ઊંડે પણ અવ્યક્તપણેય ન હોય. અને જો હોય તો અતિચાર લાગે. જેમ તમે સામાયિકમાં હો ત્યારે ગર્ભિત રીતે મનમાં એમ હોય કે પેઢી ધીખતી ચાલે, દીકરો ખૂબ કમાય તોપણ અતિચાર લાગે.

**સભા :-** તો પછી સામાયિક ન કરીએ ?

**સાહેબજી :-** ન કરવાથી તો અનાચારનું મહાપાપ લાગશે. વ્રત લો અને ભૂલ થાય, તો જ પાપ લાગે. પણ વ્રત ન લો તો પાપ જ ન લાગે, તેવું નથી. વ્રત ન લેવામાં તો અનાચારનું પાપ રહેલું છે. જેમ ધંધામાં ભૂલ થાય તો ખોટ થવાની, એટલે શું એવું કહેશો કે હવે ધંધો કરવો જ નથી ? તો પછી એવું વિચારનાર શું મેળવશે? અત્યારે ઘણા કમાવાના બદલે નુકસાન પણ કરે છે. તો શું તેનો દાખલો લઈને ઘરે બેસી રહેશો ? ના, ધંધામાં તો એમ થાય છે કે ભલે તેણે ભૂલ કરી પણ મારાથી તો ભૂલ થશે જ નહીં. આમ, સંસારના ક્ષેત્રમાં તમે આશાવાદી થઈને ફરો છો, જ્યારે ધર્મના ક્ષેત્રમાં જ નિરાશાવાદી છો. માટે જો વ્રતાદિ કશું જ નહીં કરો તો તમારે ઘણું જ ગુમાવવાનું આવશે. થોડો ઘણો લાભ પણ થશે નહીં. અરે ! સામાયિકમાં કદાચ કોઈ ભૌતિક મમતા હોય તોપણ અતિચાર જ

લાગે, જ્યારે સામાયિક ન કરનારને તો અનાચાર લાગે છે. નિરતિચાર અનુષ્ઠાન પામવા મૈત્ર્યાદિ ચારે ભાવનાઓના અર્થને આત્મસાત્ કરવાનો છે. એટલે પ્રત્યેક જીવ પ્રત્યે યોગ્ય ભાવ જ જોઈએ. આ બધાં અધ્યાત્મનાં શિખરો છે.

**સભા** :- નિરતિચાર અનુષ્ઠાનવાળા અભવિ જીવનું મન કેવું હોય ?

**સાહેબજી** :- ગુણસ્થાનકયુક્ત નિરતિચારવાળાનું જેવું મન હોય તેવું જ તેનું મન હોય, જાણે ફોટો કોપી જ હોય. માત્ર તેને પ્રશ્ન એ છે કે ગુણસ્થાનક નથી, તેથી એના બધા ધર્મની કિંમત નથી. **જૈનશાસનમાં ગુણસ્થાનક વગરના ધર્મની કિંમત ફૂટી કોડી જેટલી પણ નથી.**

અનંતકાળમાં આપણો જીવ બધું જ પામ્યો છે, પણ ગુણસ્થાનક નથી પામ્યો. શાસ્ત્રમાં લખ્યું છે કે વીંધાયા વગરનું મોતી ગમે તેટલું સુંદર હોય પણ તે માળામાં પરોવાઈ શકતું નથી. તેને છૂટું છવાયું રહેવું પડે છે, માટે તેની કિંમત અલ્પ છે. તેની જેમ **ગુણસ્થાનક વગરનો ધર્મ વીંધાયા વગરના મોતી જેવો છે. જીવને આ ધર્મથી પુણ્ય બંધાય પણ આત્મિક દૃષ્ટિએ તે મૂલ્યહીન છે.** અભવ્યનો જીવ ચારિત્ર લઈને બરાબર આરાધના કરે ત્યારે, તેની મા કે સગી બહેનને કોઈ સામે ઊભા રાખી મારી નાંખે તોપણ તેને મમતારૂપે અસર ન થાય. એને પોતાને પણ કોઈ જીવતા મારી નાંખે તોપણ તેને વિપરીત અસર ન થાય. એટલે તેનામાં ક્ષમા-દયા-કરુણા બધા જ ઉચિત ભાવો છે. એ સિવાય કંઈ એમ ને એમ નવમો ગ્રૈવેયક ન મળે. નવમા ગ્રૈવેયકમાં જવા માટે પણ ઘણા શુભ પરિણામ જોઈએ. ત્યારે તે તેમાં જ ઝીલતો હોય.

**સભા** :- અભવ્યને મોક્ષની ઇચ્છા હોય ?

**સાહેબજી** :- અભવ્યને મોક્ષની ઇચ્છા ઔપચારિક હોય, પણ તત્ત્વથી ન હોય. કારણ કે મોક્ષના સ્વરૂપની તાત્ત્વિક સમજણ તેને ન હોય. વિશ્વાસરૂપે, શ્રદ્ધારૂપે ઇચ્છા હોય. કારણ કે ભગવાન કહી ગયા છે, શાસ્ત્રમાં જુઠ્ઠું ના હોય, માટે ચોક્કસ મોક્ષ છે; શાસ્ત્રમાં લખ્યું છે કે મોક્ષમાં અનંતું સુખ છે, માટે મોક્ષે જવા જેવું છે તેમ હૈયાથી માને. પણ અનુભૂતિરૂપે તે સુખની ખાતરી કે ઝાંખી તેને નથી. બસ, કોરો વિશ્વાસ છે. તાત્પર્ય એ કે અધ્યાત્મના ક્ષેત્રમાં ખાલી વિશ્વાસ ચાલતો નથી.

**સભા :-** શરૂઆતમાં વિશ્વાસ કામ ન લાગે ?

**સાહેબજી :-** શરૂઆતમાં વિશ્વાસ માર્ગે ચઢવામાં સહાયક બને, પણ પછી તો તેમાં અનુભૂતિ ભળવી જ જોઈએ. એટલે **તત્ત્વસંવેદન વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી.** જે જીવ અપુનર્બંધકદશા પામે છે તેને તત્ત્વનું આંશિક સંવેદન છે. જેને તત્ત્વનું સંવેદન નથી તે અંદરથી લુખ્ખા છે.

યોગની દૃષ્ટિનું વર્ણન કરતાં કહ્યું છે કે, પહેલી દૃષ્ટિના અધ્યાત્મભાવને પામેલા જીવને આત્માના માધુર્યનો અનુભવ એવો હોય કે, તમે શેરડી ખાઓ અને જે મીઠાશનો અનુભવ થાય તેવો આનંદ તે જીવને પહેલી દૃષ્ટિમાં હોય. ગાંઠો વગરના શેરડીના ટુકડામાં કૂચા-છોતરાં હોય છતાં ખાનારને તેમાં મીઠાશનો આનંદ હોય, જ્યારે ગાંઠો ખાઓ તો તેમાં રસ હોય પણ ખાનારને ઓરીજીનલ મીઠાશનો સ્વાદ ન આવે. તેને રસ મળે પણ ખરી શેરડીનો અનુભવ ન કરાવે. તેમ અભવિ-દુર્ભવિના જીવને આ ગાંઠના રસ જેવો ધર્મમાં શુભ પરિણામના માધુર્યનો અનુભવ હોય છે, જ્યારે આસન્નભવિ મિત્રાદૃષ્ટિ યુક્ત જીવને શેરડીના વચલા કટકાના રસ જેવો સંવેગના પરિણામજન્ય માધુર્યનો અનુભવ હોય છે. **જ્યાં સુધી મિથ્યાત્વ ગાઢ હોય ત્યાં સુધી ધર્મનો ઓરીજીનલ(મૂળભૂત) સ્વાદ મેળવી શકાતો નથી.** તેવા જીવોએ જો ઘણા ગુણોનો વિકાસ કર્યો હોય, તો તેમના જીવનમાં માનસિક સ્વસ્થતાનો અનુભવ તેમને અવશ્ય થાય છે, તેમાં કારણ તેમનામાં પેદા થયેલા આંતરિક ગુણો છે. પરંતુ જેમ ગાંઠમાં રસ છે પણ વિશિષ્ટ સ્વાદ નથી, તેની જેમ આ જીવોને શુભલેશ્યા માનસિક આનંદનો અનુભવ કરાવે છે, પણ તેઓ આત્માનંદથી તો વિખૂટા જ છે.

આપણે બધા અભવ્ય નથી પરંતુ ભવ્ય છીએ. શેરડીનો સાંઠો જો એમ ને એમ પડ્યો રહે તો તેનો સ્વાદ ક્યાંથી આવે ? તેને મોંઢામાં મમરાવવો પડે. બસ, તેની જેમ ભવિને પણ આત્માના સ્વાદને મમરાવવા પુરુષાર્થ કરવો જ પડે.

**સભા :-** કઈ દૃષ્ટિમાં નિરતિચાર ચારિત્ર આવે ? અને તેને કેવો અનુભવ હોય?

**સાહેબજી :-** યોગની છઠ્ઠી દૃષ્ટિમાં નિરતિચાર ચારિત્ર આવે. તેને સાકરથી પણ વધારે મીઠાશનો સતત આંતરિક અનુભવ હોય.

## સામાયિકમાં પુણિયા શ્રાવકનું માનસ :

હવે આપણે વિચારીએ કે પુણિયા શ્રાવકનું સામાયિકમાં માનસ કેવું હોય? આમ તો તેને થતા સંસારમાં રાગ-દ્વેષ શુભ જ હોય તેવો નિયમ નથી, તેને અશુભ રાગ-દ્વેષ પણ થતા હોય, દા.ત. પત્ની પર પણ રાગ છે. પરંતુ પુણિયો શ્રાવક જ્યારે સામાયિકમાં બેસે ત્યારે તો તેનું મન આ બધા રાગાદિ ભાવોથી અલિપ્ત હોય. તેના મનમાંથી બધા અનુચિત ભાવ તે વખતે નીકળી જાય. જો આ બધા રાગાદિ અશુભ ભાવોની અસર રહે તો સામાયિકમાં અતિચાર લાગે. એટલે તે સમયે મન નિર્લેપ જોઈએ.

**સભા :-** મન નિર્લેપ ક્યારે બને ?

**સાહેબજી :-** અનાસક્તિની ચાનક ચઢે, તેના આસ્વાદનો રંગ લાગે તો મન નિર્લેપ બને. જેમ કોઈ વાનગીનો સ્વાદ જીભે રહી જાય તો તે વાનગી ન મળે ત્યાં સુધી તમે જંપો ખરા ? એટલે જેમાં લાલચ લાગે પછી તેને મેળવ્યા વગર તમે શાંતિથી બેસો નહીં. ખરેખર તો નિરતિચાર ચારિત્રની અનુભૂતિ કેવી હોય તેની તમને અત્યારે ઝાંખી નથી.

**સભા :-** અત્યારે નિરતિચાર ચારિત્ર શક્ય છે ?

**સાહેબજી :-** સંપૂર્ણ નિરતિચાર શક્ય નથી, પણ તમે પ્રયત્ન કરો તો તેની નજીક પહોંચી શકો. પણ અત્યારે તમારી સ્થિતિ એ છે કે અનુષ્ઠાન કરતાં મનમાં કેટલાંય લોચા લાપસી ભર્યા છે ! **વળી નિરતિચારમાં જો આટલી શુદ્ધિની અપેક્ષા છે તો પછી સમતામાં તો કેટલી ઊંચી અપેક્ષા હોય ? નિરતિચારમાં જીવમાત્ર પ્રત્યે ઉચિત ભાવ છે, જ્યારે સમતામાં જીવમાત્ર પ્રત્યે સમાન ભાવ છે. નિરતિચારમાં જીવમાત્ર પ્રત્યે સમાન ભાવ કરવાનો નથી.**

અધર્મી પણ શ્રીમંત આવે તો તમે રાજી થાઓ, કારણ કે તેની શ્રીમંતાઈનો જ પ્રભાવ તમારા પર પડે. પરંતુ તે આત્મિક દૃષ્ટિએ દુઃખી છે છતાં તમને તેના પ્રત્યે કરુણાનો ભાવ ન જન્મે તો તે ઉચિત ભાવ નથી. જેમ કોઈ ભૌતિક દૃષ્ટિએ દુઃખી હોય તેના પ્રત્યે કરુણા ન જન્મે તો દિલ ધિટ્ઠું થાય, તેમ અહીં પણ **અધર્મી શ્રીમંત પ્રત્યે કરુણાનો ભાવ થવો જોઈએ, નહીંતર આંતરિક દૃષ્ટિએ દિલ ધિટ્ઠું છે તેમ સમજવું.**

જેમ તમારા પગ નીચે કીડી આવી ગઈ તો શું ભાવ થાય ? અરે ! મેં તેને પીડા આપી, તેને સારું થઈ જાય તો સારું. તે હજુ મરી નથી એટલે તમે તેને બાજુ પર લઈને મૂકો. તે વખતે તમે કીડીની કેટલી ચિંતા કરો ? મરી ન જાય તે માટે ઉપચાર પણ કરો. પણ ત્યારે સાથે આવું મનમાં થાય કે "આ જીવે ૮૪ લાખ જીવાયોનિમાં કેવાં પાપકર્મ કર્યાં હશે, જેથી તેને આવી ગતિ મળી છે. તેનો પગ ભાંગ્યો તેમાં પણ તેનાં પાપકર્મો જ કારણ છે. હા, આપણે પણ આવા ભવો પામ્યા છીએ. હજી પણ કશું કરીશું નહીં તો આ ભવોમાં રખડવું પડશે. કીડી અત્યારે આ ભવમાં તેના આત્માનું કંઈ જ કલ્યાણ કરી શકતી નથી, માટે હજી આગળ પણ તેનું શું થશે ?" તેના માટે આવું મંથન થાય ? તમને ખાલી તે વખતે તેના શરીરનું દુઃખ દેખાય છે કે તેના આત્માનું દુઃખ પણ દેખાય છે ? તે વખતે આ સંસારના ભેંકાર સ્વરૂપનો વિચાર આવે છે ખરો ? **જેમ આ કીડી બન્ને પ્રકારે દુઃખી છે, માટે જો તેના પ્રત્યે બન્ને પ્રકારની કરુણા ન જન્મે તો તમારો ઉચિત ભાવ અધૂરો છે. આ જગતમાં જે જીવો પ્રત્યે જેવા ભાવ કરવા લાયક છે તેનાથી વિરુદ્ધ ભાવો તમે કરો છો તેનું ચોવીસ કલાક પાપ તમને લાગ્યા કરે છે, અને ઉચિત ભાવો કરો તો પુણ્ય બંધાયા કરે.**

**સભા :-** ખાલી ભૌતિક દૃષ્ટિએ સુખીને જોઈને કેવા ભાવ કરવાના ?

**સાહેબજી :-** તેણે ભૂતકાળમાં પુણ્ય કર્યું હશે માટે ભૌતિક સુખ તેને મળ્યું છે, પણ અત્યારે તે ધર્મ નથી કરતો માટે આ સંસારમાં તેના આત્માનું પરિભ્રમણ ચાલુ જ રહેશે, અને ભવિષ્યમાં તે અનંતાં દુઃખોને પામશે. આમ, તેના આત્માની ચિંતા થવી જોઈએ.

**જેમ સુખી પ્રત્યે પણ કરુણા કરો તો ન ચાલે, તેની જેમ દુઃખી પ્રત્યે કરુણા ન કરો તોપણ ન ચાલે. ગુણી પ્રત્યે પ્રમોદભાવ ન કરો તો ન ચાલે અને ગુણહીન પ્રત્યે પ્રમોદભાવ કરો તોપણ ન ચાલે. લાયક પ્રત્યે મધ્યસ્થ ભાવ કરો તોપણ ન ચાલે, તેની જેમ ગેરલાયક પ્રત્યે મધ્યસ્થ ભાવ ન કરો તો દોષ લાગે.**

જો જીવ ભૌતિક દૃષ્ટિએ દુઃખી હોય તો કરુણા આવે, પણ તે જીવ જો આત્મિક દૃષ્ટિએ દુઃખી ન હોય અને કરુણા કરો તો દોષ લાગે. જેમ મહાત્મા ખુલ્લા પગે ગોચરીએ જતા હોય ત્યારે થાય કે આમને કેટલો ત્રાસ છે ? કેટલાં કષ્ટો ભોગવે

છે ? જો આવો ભાવ પ્રગટે તો પાપ લાગે. કારણ કે આ અનુચિત ભાવ છે. અર્થાત્ જ્યાં કરુણા કરવાની નથી ત્યાં તમે કરુણા કરી છે. અહીં તો 'અહો કેવી અદ્ભુત સાધના !' એવો પ્રમોદભાવ થવો જોઈએ. તેમ પત્ની, મા, બહેન, બાપા પ્રત્યે પણ ઉચિત ભાવ કરવા જોઈએ. આના માટે તમારે આખી પ્રકૃતિને બદલવી પડે.

**સભા :-** ધર્માનુષ્ઠાન કરતી વખતે પ્રકૃતિ બદલી શકાય ?

**સાહેબજી :-** હા, ચોક્કસ. ત્રેવીસ કલાક ઉગ્ર પ્રકૃતિ ચાલતી હોવા છતાં પણ તમને જો અગત્યનું લાગે તો તમે પ્રકૃતિ બદલી શકો છો ! જેમ ઈન્કમટેક્ષવાળાને જુઓ તો કેવી પ્રકૃતિ બદલાઈ જાય છે ?

**સભા :-** ત્યાં ભય દેખાય છે.

**સાહેબજી :-** ભય કે લાભ દેખાય તો પ્રકૃતિ બદલાઈ જાય છે, પ્રકૃતિમાં ઊથલપાથલ થઈ જાય તેવાં પરિવર્તનો આવી જાય છે. જેમ કોઈ માણસની પહેલાં વાહ વાહ થતી હોય તો તુમાખીથી ચાલે, પણ પછી પાપનો ઉદય પ્રગટે અને ઉપર આભ અને નીચે ધરતી હોય એવું બને તો સીધા નેતર જેવા થઈને ચાલે, ત્યારે કેવી પ્રકૃતિ બદલાઈ જાય છે ?

**સભા :-** એ તો સંજોગ કરાવે છે.

**સાહેબજી :-** એટલે તમે એમ ને એમ સીધા ચાલો તેમ નથી ને ? સંજોગ કરાવે તો જ સીધા થાઓ ને ? **જીવ શ્રાવકધર્મની આરાધના કરવા લાયક ક્યારે બને છે ? તો શાસ્ત્રમાં કહ્યું છે કે જેના પ્રત્યાખ્યાની કષાય હોય તે જ જીવ શ્રાવકધર્મ કરવા લાયક કહ્યો છે અર્થાત્ જે કષાયને જ્યારે જોડવા હોય ત્યારે જોડી શકે અને જ્યારે તોડવા હોય ત્યારે તોડી પણ શકે. જે જીવના કષાય સૂતરના તાંતણા જેવા હોય તે સામાયિક આદિમાં બેસે તો કષાયોને તોડી શકે અને જ્યારે સામાયિકમાંથી ઊઠે પછી જોડવા હોય તો જોડી શકે. આવા જીવો જ વિશુદ્ધ ધર્મ કરી શકે છે.**

તમે સામાયિકમાં બેસતાં 'ઇરિયાવહિયા' બોલો છો તેમાં કોઈ જીવની ક્ષમાપના બાકી રહેતી નથી. હવે તમને દીકરો વહાલો હોય માટે તે ઘણું ધન કમાય તો સારું, એવો ભાવ સામાયિકમાં પણ તમને ગર્ભિત રીતે પડ્યો હોય, એટલે આ દીકરો કમાતાં કમાતાં જેટલા જીવોને ત્રાસ આપે તે જીવોની દયા તમને નથી. તો પછી ઇરિયાવહિયા બોલતાં સાચી ક્ષમાપના ક્યાંથી થશે ? તેથી મોટે ભાગે

તમારી દ્રવ્યથી જ ક્રિયા થાય છે. અત્યારે તમને કહીએ કે તમારામાં દ્રવ્યથી સમકિત છે તો ઘણાને ખોટું લાગી જાય છે.

અમારી કક્ષાના સાધુના ઇરિયાવહિયા પણ દ્રવ્યથી છે ભાવથી નથી. જૈનશાસ્ત્રો બધું ક્રિસ્ટલ ક્લીયર (ચોક્ખે ચોક્ખું) બતાવે છે. તમે ભાવથી ક્રિયા કરવાને લાયક હો અને હું કહું કે તમે ભાવથી ક્રિયા કરવાને લાયક નથી, તો મને મૃષાવાદનું પાપ લાગે.

**સભા :-** પણ અત્યારે તો ધ્યાન-સમતાની ઘણી વાતો થાય છે.

**સાહેબજી :-** હા, અત્યારે સિદ્ધિભાવધર્મની ક્રિયા કરનારા પણ નથી, જ્યારે ધ્યાન અને સમતા તો તેનાથી ઊંચાં છે. હવે જેનું સિદ્ધિભાવધર્મમાં પણ ઠેકાણું પડતું ન હોય અને દાવો ધ્યાન અને સમતાનો કરે તો શું કહેવાય ? એટલે જ્ઞાતાદૃષ્ટાભાવની વાત કરે તેને માટે કહ્યું છે કે, જેની હોજરી મગનું પાણી પચાવી શકતી નથી અને બાસુંદી ખાઉં છું તેવી વાત કરે છે. અર્થાત્ ધ્યાન કરું છું તેમ કહેનાર વ્યક્તિને અણિશુદ્ધ સામાયિક કરવાની ત્રેવડ નથી અને કહે ધ્યાન કરું છું તો ક્યાંથી થવાનું ?

પોતાના કરતાં અધિકગુણી પ્રત્યે વિનય-વૈયાવચ્ચ-ભક્તિભાવ જોઈએ, સમભૂમિકાવાળા માટે વાત્સલ્યભાવ જોઈએ અને જે પોતાનાથી હીન છે તેના માટે કરુણાનો ભાવ જોઈએ. જો આ ભાવો સમગ્રતાથી ન હોય તો તે વ્યક્તિ સિદ્ધિભાવધર્મમાં નથી.

**પુણિયો શ્રાવક કે શ્રીપાળ-મયણા ધર્મ આરાધના કરતાં કરતાં ભાવોમાં કેટલો ફેરફાર લાવતાં હોય છે ! જેમ શ્રીપાળને મયણા પર રાગ છે, ભોગની ઇચ્છાઓ પણ છે, રાજ-વૈભવ-સત્તા તેમને પણ જોઈએ છે, અત્યારે સાધુ થવાની તૈયારીવાળા નથી, પણ જ્યારે ધર્મ કરવા બેસે ત્યારે તેમને સંસારના ભાવો કોઈ અતિચાર લગાડી શકે નહીં.**

**અમને સાધુજીવનમાં પણ જો અનુચિત ભાવ થાય તો પાપ લાગે. દા.ત. બે શ્રાવક આવતા હોય, તેમાં એક શ્રાવક ભક્તિ કરે છે, અને બીજો શ્રાવક મારી ભક્તિ કરતો નથી; જો કે અમને ભક્તિની પડી જ ન હોય, પણ જે ભક્તિ નથી કરતો તે ઊંચો ધર્માત્મા છે, જ્યારે જે ભક્તિ કરે છે તે ઓછો ગુણી છે; પણ તે**

**મારી ભક્તિ કરે છે માટે મને તેના પ્રત્યે ઊંચો ભાવ આવે, અને અન્ય પ્રત્યે હલકો ભાવ આવે, તો અમને દોષ ચાલુ થઈ જાય. અમારી ભક્તિ કરનાર સારો રહે, તેનું બધું જ સારું થાય, જો આવો ભાવ અમને આવે તો તમારો આખો સંસાર અમને વળગે; જેનાથી અમારું ચારિત્ર તો ખીંટીએ જ ટીંગાઈ જાય. કારણ અમારે તો ત્રિવિધે ત્રિવિધે પાપત્યાગનાં પચ્ચક્ખાણ છે.**

સાધુ માટે તો એવી જ છાપ હોવી જોઈએ કે તેઓ સંસારથી અલિપ્ત જ છે. તેમની પાસેથી તો આત્મકલ્યાણનું જ માર્ગદર્શન મળે. શ્રાવકે ગુરુ પાસેથી આ જ અપેક્ષા રખાય, બીજી એકે અપેક્ષા રખાય નહીં.

તમે સામાયિક કરવા બેસો ત્યારે તમારી એવી છાપ ખરી કે આ વ્યક્તિ સામાયિક કરવા બેસે ત્યારે મળી પણ શકાય નહીં અને કશું જ કહી પણ ન શકાય ? સામાયિકમાં બેઠા હો અને કોઈ બહારગામથી આવે તો ડોકું ધુણાવો કે ઈશારો કરો તોપણ અતિચાર લાગે ને ? આ બધી સમજ નિરતિચાર અનુષ્ઠાન કરવા માટે અપેક્ષિત છે.

**સભા :-** સામાયિકમાં ટીપ લખાવાય ?

**સાહેબજી :-** મૂળ માર્ગે સામાયિકમાં ટીપ પણ ન લખાવાય, પણ ટીપ લખાવવામાંથી છટકી જવા માટે સામાયિકનો ઉપયોગ નથી કરવાનો. જે પાંચ હજારનું પણ દાન ન આપી શકે તે વ્યક્તિ "અપ્પાણં વોસિરામિ" બોલતી વખતે બધું જ કેવી રીતે વોસિરાવી શકશે ?

**સભા :-** દીકરા માટે સંસારમાં શુભ ભાવના કરાય ? કેવી કરાય ?

**સાહેબજી :-** હા, દીકરો આત્મકલ્યાણને અનુરૂપ યોગ્ય ભાવ અને ઉચિત પ્રવૃત્તિ સાથે સંસારમાં જીવે, જે તેને ધર્મમાં સાધનરૂપ બને; આવી દીકરા માટે પણ શુભ ભાવના હોય તો તમને ચોવીસ કલાક પુણ્ય બંધાય. પરંતુ તમારી શુભ ભાવના સામાયિકમાં પણ જુદી હોય અને વગર સામાયિકે પણ જુદી હોય તે ખાસ લક્ષમાં રાખવાનું છે.

## ૪૭

તા.૧૬-૧૦-૯૫, સોમવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ ધર્મ-અધર્મની વિશષ્ટ સમજણ આપવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં ધર્મ શું ? અધર્મ શું ? તે સ્થૂલતાથી સમજવું મુશ્કેલ નથી. દુનિયામાં સારું શું છે અને ખરાબ શું છે, તે સામાન્ય માણસ પણ સમજી શકે છે; પણ તેને સૂક્ષ્મતાથી સમજવા માટે જ ઊંડી પ્રજ્ઞા જોઈએ. એટલે સિદ્ધિધર્મમાં પ્રવેશ કરવા, નિરતિચાર અનુષ્ઠાન કરવા આ પ્રજ્ઞા અનિવાર્ય છે. આ પ્રજ્ઞાથી અતિચારોનું સાંગોપાંગ જ્ઞાન થાય છે. **પ્રત્યેક પ્રવૃત્તિનું અંતિમ પરિણામ સમજવા સુધી જે વ્યક્તિની દૃષ્ટિ પહોંચે તે જ વ્યક્તિ નિરતિચાર અનુષ્ઠાન કરી શકે છે.**

### સિદ્ધિધર્મ માટે અનિવાર્ય એવી ઊંડી પ્રજ્ઞા માટે જિનકલ્પી મહાત્માનું દૃષ્ટાંત :

શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. ભગવાન મહાવીરના વખતની વાત છે કે એક મહાત્મા જિનકલ્પ સ્વીકારીને વિચરતા હતા. **પ્રભુ જેવો આચાર પાળે તેવો જ આચાર પાળીને જેઓ જીવતા હોય તે મહાત્માઓને જિનકલ્પી કહેવાય. જિનકલ્પી પલાંઠી વાળીને જમીન પર બેસે નહિ. તેઓ ઊંઘે પણ નહીં. ભગવાન ૨૧ કલાક ધ્યાનમાં રહે, તેમ જિનકલ્પી પણ ૨૧ કલાક ધ્યાનમાં રહે. પ્રભુના આચાર જેવા જ તેમના આચાર હોય.** આ મહાત્મા તે કક્ષાના છે. તેઓ વિચરતાં વિચરતાં મધ્યમ કક્ષાના નગરમાં આવીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા છે. જિનકલ્પીઓ નગરના ચૌટા પર, રસ્તા પર કે જ્યાં પરિષહો આવે તેવી જગા પર ઊભા રહે, તેથી ત્યાં ઊભા છે.

આ નગરનો રાજા મધ્યમ કક્ષાનો છે. તે રાજાને એક સુંદર કન્યા છે, તે ગુણથી યુક્ત છે અને તેની કીર્તિ લોકમાં ઘણી ફેલાયેલી છે. આ કન્યાની વાત ચંડપ્રદ્યોત રાજા સુધી પહોંચી છે. તે રાજા મોટી સત્તા ધરાવનાર છે, પરંતુ ખૂબ જ કામી પ્રકૃતિવાળો છે. તેણે આ કન્યા માટે માંગું મોકલ્યું. પણ કન્યાના પિતાને

થાય છે કે, આ રાજા તો ઘણી કન્યા પરણે છે, તેથી મારી દીકરી માટે તે યોગ્ય નથી. તેથી તેણે ના પાડી. આ કારણથી ચંડપ્રદ્યોતરાજાને થયું કે આ નાની કક્ષાનો રાજા હોવા છતાં મારું માંગું પાછું ઠેલ્યું ? માટે તે ચડાઈ લઈને આવ્યો. આ રાજા ગભરાઈને બધા કિલ્લા બંધ કરીને બેસી ગયો. ચંડપ્રદ્યોત રાજા તો ઘેરો ઘાલીને બેઠો છે, તેની આ રાજાને ખૂબ જ ચિંતા થાય છે. તેથી મંત્રીને બોલાવીને પૂછે છે કે આ આફત ક્યારે ટળશે ? મંત્રી ! તમે કંઈક વિચાર કરો કે આપણે શું કરવું ? મંત્રી શાસ્ત્રોનો જાણકાર છે. તેને થાય છે કે કાં તો રાજાને જીતવો પડે કાં કન્યા આપવી પડે. આ બે સિવાય ત્રીજો વિકલ્પ દેખાતો નથી. છતાં કંઈક અણધાર્યું એવું બને તો તેના નિમિત્તથી ખબર પડે કે આપણે શું કરવું. માટે તે બહાર નીકળ્યો છે. હવે **નિમિત્તશાસ્ત્રમાં કહ્યું છે કે તમારી સાથે કોઈને લાગણીનો સંબંધ હોય તો તે તમારી બાબતમાં રાગ-દ્વેષના ગણિતથી બોલે, પરંતુ જેને કોઈ સંબંધ નથી એવી ત્રાહિત વ્યક્તિ તમારે માટે આકસ્મિક રીતે તમારા જીવનની ઘટનાને અનુલક્ષીને કાંઈ બોલી જાય, અને તેના આધારે તમે પગલાં ભરો તો સફળ થાઓ.**

શાસ્ત્રમાં આવે છે કે ઉદયનમંત્રી પહેલાં એક સામાન્ય કક્ષાના માણસ હતા. પોતાની રીતે પોતાનું કામ ચલાવે તેવા હતા. તેઓ એક વખત રસ્તામાં જતાં ખેતરમાં લોકો વાત કરતા હતા ત્યાં જઈને તેમણે પૂછ્યું કે તમે કોના નોકર તરીકે કામ કરો છો ? ત્યારે તે લોકો કહે અમે ફલાણા ફલાણાના નોકર તરીકે કામ કરીએ છીએ. ત્યાં આ ઉદયનમંત્રી પૂછે છે કે મારા નોકર-ચાકર ક્યાં છે ? ત્યારે આકસ્મિક કોઈનાથી બોલાઈ ગયું કે તમારા નોકર-ચાકર તો ગુજરાતમાં છે. બસ, તેના પરથી તેમણે નક્કી કર્યું કે મારું ભાવિ ગુજરાતમાં છે. તેઓ સીધા ગુજરાતમાં આવ્યા અને ત્યાં તેમનું ભાગ્ય ખૂલ્યું.

હવે આ મંત્રી નિમિત્તનો તાગ મેળવવા રસ્તા પર નીકળ્યો છે. ત્યાં કેટલાંક છોકરાંઓ ગેલમાં રમતાં હતાં. ત્યાં મંત્રીએ આવીને તેઓને એકદમ ડરાવીને ખૂબ જ ધમકી આપી અને જાણે મારવા સુધીનું વર્તન કર્યું, જેથી આ બધાં બાળકો ગભરાઈને ઊંધી પૂંછડીએ ભાગ્યાં, રડતાં-ચીસો પાડતાં દોડ્યાં. તેમાંથી બે ત્રણ છોકરા આ જિનકલ્પી મહાત્મા જે કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા હતા તેમની પાછળ રક્ષણ માટે ભરાઈ ગયા. મહાત્મા ધ્યાનમાં તલ્લીન છે. પણ ઉપયોગ મૂકી આજુબાજુની પરિસ્થિતિ જોઈને બોલ્યા "ડરો નહીં તમને કોઈ ભય નથી."

આ રીતે તેમણે આશ્વાસન આપ્યું. આ સાંભળીને મંત્રીએ સંકેત પકડી લીધો કે આવા મહાત્માનું વચન કદી મિથ્યા થાય નહીં. તેથી જો હમણાં ને હમણાં જ લડાઈ કરીએ તો ચોક્કસ આપણો વિજય થાય. એટલે રાજા પાસે આવીને કહે છે કે બસ, આપણે હમણાં ને હમણાં આ રાજા પર ચડાઈ કરવી છે. લશ્કર સાબદું કરો. કિલ્લાના દરવાજા ખોલી યુદ્ધની નોબત વગાડો. મંત્રી પર રાજાને પૂરો વિશ્વાસ છે, એટલે રાજા હા પાડે છે અને લડાઈ માટે તેમણે તત્કાળ પ્રયાણ કર્યું. આ બાજુ ચંડપ્રદ્યોતરાજાને કલ્પના પણ નહીં કે તેઓ આમ ઓચિંતા ચડાઈ કરશે. તેનું સૈન્ય સાબદું ન હોવાના કારણે આ રાજાએ શૂરાતન બતાવીને વિજય મેળવ્યો. પછી તે ચંડપ્રદ્યોતરાજાને પકડીને નગરમાં લાવે છે. હવે દીકરીના પિતાને થાય છે કે આવા મોટા રાજાને હેરાન કરવાનો કોઈ અર્થ નથી. માટે મંત્રીશ્વરને પૂછે છે કે આપણે શું કરવું ? મંત્રીશ્વર કહે છે કે મારા હિસાબે તો આમને જમાઈ બનાવવામાં કાંઈ વાંધો નથી. તેથી રાજાને સન્માન સાથે મહેલમાં બોલાવીને પોતાની કન્યાને પરણાવે છે. જેથી ચંડપ્રદ્યોતરાજા ખૂબ જ ખુશ થાય છે.

હવે એક દિવસ આ ચંડપ્રદ્યોતરાજા નવી રાણી સાથે બહાર ફરવા નીકળ્યા છે. ત્યારે આખું નગર જોતાં ચંડપ્રદ્યોતરાજાને થાય છે કે આ મધ્યમ કક્ષાના રાજાનું ઐશ્વર્ય-સંપત્તિ-બળ કાંઈ નથી, છતાં તેણે મને કેવી રીતે જીત્યો ? વિચારતાં ખબર ના પડી, તેથી રાણીને પૂછે છે. તે વખતે આ કન્યા હસી પડી. તેથી રાજાને થયું કે ચોક્કસ આમાં કાંઈ ભેદ છે, માટે ખૂબ જ આગ્રહથી રાણીને તે વાત પૂછે છે. ત્યારે કન્યા વિગતવાર પ્રસંગની વાત કરે છે. વાત સાંભળી રાજા આગ્રહ કરે છે કે મારે આવા મહાત્માનાં દર્શન કરવાં છે. આમ, બંને દર્શન કરવા ગયાં. ત્યાં આવીને ચંડપ્રદ્યોત રાજા બોલે છે કે નૈમિત્તિક મહાત્મા (ભાવિના ભાખનારા) આપ શાતામાં છો ? ત્યારે મહાત્માને મનમાં થયું કે મેં કોઈ ભાવિ ભાખ્યું નથી છતાં આ કેમ આવું સંબોધન કરે છે ? ઉપયોગ મૂક્યો. જિનકલ્પી ખૂબ જ સતેજ હોય છે. માટે તેમને ખ્યાલ આવ્યો કે છોકરાઓને જે હું બોલી ગયેલો કે "ભય નથી-ચિંતા નથી" તેનું જ આ પરિણામ છે. મહાત્માએ રાજા-રાણીને ધર્મ સંભળાવ્યો, જેથી રાજા-રાણી ખૂબ જ ખુશ થયાં. પણ મહાત્માને તો અંતરમાં ખૂબ જ દુઃખ લાગ્યું કે "મારા કારણે જ આટલું યુદ્ધ ખેલાયું,

આમનાં લગ્ન થયાં, કેટલા રાગો બંધાશે, કેટલા આરંભ-સમારંભ થયા અને થશે. મારા એક વાક્યના ઉદ્‌ગારથી આટલું બન્યું." અહીંયાં આ મહાત્માને અતિચાર લાગ્યો. માટે તેમણે પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિકરણ કર્યું. પછી અજાણતાં પણ હવે આવું ન બોલાય તેના માટે મનમાં સંકલ્પ કર્યો.

**સભા :-** છોકરાઓના રક્ષણ માટે પણ ન બોલાય ?

**સાહેબજી :-** તમને તો ભવિષ્યવેત્તા સાધુઓ જ જોઈએ છે. તમને ખબર પડે કે આ સાધુ જ્યોતિષના સારા જાણકાર છે તો તુરંત એવા સાધુ પાસે દોડી જાઓ ને ? કદાચ કોઈ સાચું જાણતા હોય તોપણ ભગવાનના સાધુ હોય તો સભાનતાથી કહે નહીં, અને અનુપયોગથી કહે તો શું થાય, તેના આ બધા પુરાવા છે. અમને કોઈ આવીને પૂછે કે ભારતનું ભાવિ શું છે ? આ વર્ષ કેવું જશે ? આવું તમારાથી પુછાય નહીં. અને અમારાથી જાણતા હોઈએ તોય બોલાય નહીં. મને એક જણે આવીને પૂછ્યું કે "world war(વિશ્વયુદ્ધ) ક્યારે થશે ?" ત્યારે મેં કહ્યું "ભાઈ ! અમારો આ વિષય નથી." અરે ! જાણતા હોઈએ તોપણ બોલાય નહીં, અને બોલ્યા પછી તે પ્રમાણે કદાચ world war થાય તો અમારાં તો મહાવ્રતો ઠેકાણે જ પડી જાય. આ દૃષ્ટાંત બતાવે છે કે **તમારા statement(વચન)નું વાયા વાયા પણ ક્યાંય કનેકશન સાવદ્ય સાથે આવી જાય તો નિરતિચાર સામાયિક આદિ થાય નહિ.** તમે સાંસારિક નાની નાની બાબતમાં સામાયિક આદિમાં હા ભણતા હો છો, પણ વાયા-વાયા તે પ્રવૃત્તિનું શું પરિણામ આવે તે વિચારતા નથી, માટે જ નિરતિચાર અનુષ્ઠાન થતું નથી.

**આવી સૂક્ષ્મ વિચારણા કોઈ ધર્મમાં કરી નથી. જેમ કપડાં ધોઈને પાણીની ડોલ બાથરૂમમાં ઢોળી દો ત્યારે ખ્યાલ આવે કે આનું ultimate result(અંતિમ પરિણામ) શું આવશે ? જો ખ્યાલ આવે તો તમે હલબલી જાઓ. જે પાણી ડીટર્જન્ટવાળું છે તે પાણી તમે ઢોળશો ત્યારે ગટરમાં તે પાણીથી હજારો કીડાના જીવો ગૂંગળાઈને મરશે. આ કેટલી ભયંકર હિંસા છે ! પાણી ઢોળતાં ખ્યાલ આવે છે કે હું આ પ્રવૃત્તિથી કેટલી ભયંકર હિંસા કરી રહ્યો છું ? જેમ ખીલી પડી છે તે ઉપાડીને રસ્તામાં ફેંકી દીધી, ત્યારે થાય કે મેં મોટું પાપ કર્યું ?**

**જેમ તમારે થેલીઓ આદિમાં પીનો મારેલી હોય છે, તે પડીકું ખોલીને પીનો સાથે જ ડૂચો વાળી રસ્તામાં ફેંકી દો. એ જ કાગળના ડૂચા ગાય ખાશે ત્યારે પીનો તેના પેટમાં જશે. બસ, પછી શું થશે ? સેપ્ટીક સુધી તે પીન પહોંચાડશે ? અંતે રિબાઈ રિબાઈને ભૂખ્યું તરસ્યું તે જનાવર મરશે. તમને એવું કાંઈ થાય છે ખરું કે અમે કેવાં કેવાં પાપ કરીએ છીએ ? જરા સૂક્ષ્મતાથી વિચાર કરશો તો ખ્યાલ આવશે કે કેવી કેવી નાની પ્રવૃત્તિઓમાં પણ પાપો થતાં હોય છે, અને તેનાથી કેવી કેવી બાબતમાં અતિચાર લાગતા હોય છે.**

જેમ કોઈ સાધર્મિક નવો નવો જ ધર્મ કરવા ઉપાશ્રયમાં આવે, અને તેને ખબર ન હોય ને તે કાંઈ ભૂલ કરે, ત્યારે તમે તેને ધમકાવવા માંડો. બસ, પછી તે ગભરાઈને ધર્મ કરવા આવતો બંધ થઈ જાય ત્યારે તમને ખ્યાલ આવે કે મને કેટલો મોટો અતિચાર લાગ્યો ? આમ પાછા તમે તમારી ક્રિયામાં હજારો દોષો સેવતા હો છો, પણ બીજો કોઈ નાનો દોષ સેવે તોપણ તમે અકળાઈ જાઓ છો. તમને કોઈએ ગુરુપદ આપ્યું છે ? અમને પણ સામે વ્યક્તિ લાયક લાગે અને જો મોટો દોષ હોય તો અમે એને કહીએ, નહીંતર બધું ઉપદેશમાં જ સમજાવીએ. જેમ કે તમે અહીંયાં સામાયિક કરતાં પૂજાનાં કપડાં-અલંકારો પહેરો છો, હવે આ બધા દોષોમાં અમે વ્યક્તિગત ન કહીએ પણ પ્રસંગે ઉપદેશમાં કહીએ કે આ માર્ગ નથી, માર્ગ આ છે.

તમારે કદાચ કહેવું પડે તેવું હોય ત્યારે પણ, જો તે વખતે યોગ્ય રીતે કહેતાં ન આવડે અને વિપરીત પરિણામ આવે, તો ખ્યાલ આવે કે મને 'અસ્થિરીકરણ' અતિચાર લાગ્યો ? માટે નિરતિચાર ક્રિયા કરવા પણ શાસ્ત્રજ્ઞાન જોઈએ. અજ્ઞાની કોઈ દિવસ નિરતિચાર ક્રિયા કરી શકશે નહીં. તમે ઘરમાં દરવાજો ખુલ્લો રાખી, જાળી બંધ કરીને સામાયિક કરવા બેઠા, ત્યારે દૂધવાળો આવીને કહે કે બહેન છે કે નહીં? અને તમે ડોકું હલાવો, ત્યારે થાય કે પાપ કર્યું ? તમે હા પાડી એટલે તે ઘંટડી વગાડશે, તેમાં હિંસા. પછી તમારાં શ્રાવિકા બહાર આવશે, ત્યારે આવતાં પણ હિંસા. પછી તે દૂધ ઉકાળશે, તેમાં પણ હિંસા. માટે વિચારજો કે એક હા પાડવાથી પાપની કેવી શૃંખલા ઊભી થાય છે ! આમ, શ્રાવકને સામાયિકમાં પણ ત્રણ-લોકની સર્વ વસ્તુનું પાપ અનુમતિરૂપે તો લાગે જ છે, પણ આ ઇશારો કર્યો તેનાથી તો કરાવ્યાનું પાપ લાગે.

**સભા :-** જેમ અમારે પાપનું કનેક્શન છે તેમ પુણ્યનું કનેક્શન ખરું ને ?

**સાહેબજી :-** હા, ચોક્કસ, અંદરમાં એવો ભાવ હોય તો પુણ્ય બંધાય. જેમ તમે એક યોગ્ય સાધર્મિકને ધર્મ કરવા માટે સારી અનુકૂળતા કરી આપી, પછી તે અનુકૂળતાના કારણે તે જે ધર્મ કરશે તેમાં તમારા ભાવ પ્રમાણે તમને અમુક ટકા લાભ અવશ્ય મળશે. જેમ પાપમાં કનેક્શન છે તેમ પુણ્યમાં પણ છે. પરંતુ તમને ન દેખાતી બાબતોમાં પણ તમારાં કેવાં પાપો સંકળાયેલાં હોય છે ? જેમ તમે કોઈ વ્યક્તિને વ્યવસાય અંગે કોઈ સલાહ આપી, તેને બધું સમજાવી દીધું, પછી તે વ્યક્તિ તેનો ધંધો કરે, તેમાં જે બધાં પાપ થાય તેમાં તમને પણ કરાવણ-અનુમતિરૂપે પાપ લાગે. માટે માનસિક-વાચિક-કાયિક ક્યાં ક્યાં અતિચાર લાગે છે, તેની ખૂબ જ જાણકારી જોઈએ, કે જેથી કરીને બિનજરૂરી તમે ક્યાંય સલવાઓ નહીં.

ઘણી વખત બહેનો સારું અથાણું કે વાનગી આદિ જાણતી હોય તો પોતાની જાણકારીનું પ્રદર્શન કરવા ચાર બહેનોને સમજાવશે. હવે તે બહેનો ઘરમાં બનાવશે, તથા તે બહેનો બીજી ચારને સમજાવશે, આમ કેટલાંયને શીખવાડશે; આની પરંપરા ચાલશે, ત્યારે તમને ખબર પડે છે કે આનાથી કેટલી હિંસા થશે ?

**સભા :-** આદિનાથ ભગવાને સંસારની સંપૂર્ણ વ્યવસ્થા કેમ બતાવી ?

**સાહેબજી :-** તે આગળ ઋષભદેવ ચરિત્રમાં આવશે. તેની શાસ્ત્રમાં ખૂબ જ ચર્ચા છે. બૌદ્ધો કહે છે કે તમારા ભગવાને મારામારી કેમ કરવી તે પણ શીખવ્યું છે. આ બધાનું સમાધાન શાસ્ત્રમાં ખૂબ સ્પષ્ટ છે. આની પાછળ ભગવાનનો આશય આખો જુદો છે. અરે! આ બધું બતાવતાં પણ પ્રભુએ પુણ્ય જ બાંધ્યું છે. એટલે અત્યારે આ પ્રશ્ન વધારે છેડતો નથી.

દુનિયામાં જેટલાં યાંત્રિક સાધનો શોધાય છે, તેના દ્વારા જેટલાં જેટલાં પાપો થાય છે, તે બધામાં તે સાધન શોધનારની જવાબદારી આવે છે; અને છતાં એવા શોધકને પાછા તમે તાળીઓથી વધાવો છો, ત્યારે વિચારજો કે તેનાથી તમને પણ કેટલું પાપ લાગે છે. જેમ એક મિક્ષ્ચર શોધાયું. હવે તેના દ્વારા ભવિષ્યમાં અબજો ટન વનસ્પતિનો કચ્ચરઘાણ નીકળશે. બસ, શોધનારને તો આર્થિક વળતર સાથે મતલબ છે. અરે! એક સામાન્ય ચશ્માં શોધાયાં, તે ચશ્માં પહેરીને લોકો જેટલું

પાપપોષક જોશે કે વાંચશે, અને તેના દ્વારા અનેક પાપપ્રવૃત્તિઓ કરીને અશુભ કર્મો બાંધશે, તે બધાં કુકર્મોમાં ચશ્માં શોધનારનો હિસ્સો હોવાથી તેને પણ કર્મો બંધાશે. એમ કોઈપણ પ્રવૃત્તિમાં તમને આ પાપોની હારમાળાનો ખ્યાલ આવે છે ખરો ?

**સભા** :- સાહેબજી ! ચક્ષુદાન અપાય ખરું ?

**સાહેબજી** :- ચક્ષુદાન પણ જો ગેરલાયકને અપાય તો પરલોકમાં પાપનું ભાથું મળ્યા કરશે.

**સભા** :- પણ અમે તો સારા ભાવથી આપીએ છીએ.

**સાહેબજી** :- સારા ભાવથી ખૂન કરો તો ચાલે ? સારી ભાવનાથી કતલખાનું ખોલો તો ચાલે ? ગરીબોને ફ્રી ઓફ ચાર્જ ખાવા માટે માંસ આપવાના શુભ ભાવથી કોઈ કતલખાનાં ખોલે તો પાપ ન લાગે ? માટે ખાલી ભાવ સારો ન ચાલે પણ સાથે પ્રવૃત્તિ પણ સારી જોઈએ. કોઈ ડૉક્ટરથી દર્દીની દવા કરતાં અણસમજથી ખોટી દવા અપાઈ ગઈ, અને દવાનું રીઝલ્ટ ખરાબ આવવાથી દર્દી મરી જાય, તો તે ડૉક્ટર સામે પગલાં લેવાય કે નહીં ? ત્યારે ડૉક્ટર કહે કે મેં તો દવા સારી ભાવનાથી આપી હતી, ત્યારે તમે કહો ને કે મેડીકલ સાયન્સ વિરુદ્ધ આ દવા ન અપાય, છતાં કેમ આપી ? જજ તેને નિર્દોષ જવા દે ખરા ? માટે ભાવ સાથે પ્રવૃત્તિ પણ સારી જોઈએ. ભાવ સારા હોય તેટલામાત્રથી વસ્તુ સારી નથી બની જતી. તેનું સ્વરૂપ પણ જોવું પડે. બધે જ હેતુ-સ્વરૂપ-અનુબંધ બધું જોવાનું આવશે. કોઈ કહે માછીમાર આર્થિક રીતે નબળા છે, માટે તેને ધંધો કરવા જાળ અપાવું તો શું કહો ? આવાં તો સો દૃષ્ટાંત છે. ઘણી વખત જેમાં ભાવ સારો હોય છતાં તે પ્રવૃત્તિ મહાભયંકર બનતી હોય છે. માટે બધામાં વિવેકથી વિચારવાનું આવશે.

**સભા** :- Blood donation (લોહીનું દાન) કરાય ?

**સાહેબજી** :- કુપાત્રને અપાય નહીં. તમને ખબર હોવી જોઈએ કે આપણી વસ્તુ આપણે લાયકને જ આપીએ છીએ. માત્ર બ્લડ બેંકોમાં ચક્ષુ-લોહી મૂકી દો અને પછી તે ગમે તેને આપે તે ન ચાલે. **અનુકંપામાં ખાલી પ્રાથમિક જરૂરિયાતનું દાન આપવાનું છે. સુપાત્રમાં ગમે તેટલી ઉત્તમ વસ્તુઓ દાનમાં આપો તેમાં વાંધો નથી. ઉત્તમ વસ્તુઓમાં સિદ્ધાંત એ છે કે પાત્રનો વિચાર કર્યા પછી જ દાન આપવાનું આવે છે.**

**સભા :-** જૈનેતરને અપાય ?

**સાહેબજી :-** જૈનેતર પણ જો સજ્જન-સદ્‌ગુણી હોય તો અપાય. દાન તો જરૂરિયાતવાળાને સીધું અપાય છે, જ્યારે વચલા તેના માલિક બનીને બેસી જાય તે કેમ ચાલે ? જેમ તમે કોઈને સાધર્મિકભક્તિ કરવા પાંચ લાખ રૂપિયા આપો. પછી વહીવટકર્તા કહે કે હવે આ પૈસા ક્યાં વાપરવા કે કોને આપવા તેનો નિર્ણય કરવામાં તમારો હક નથી, અને તે ગમે ત્યાં આપે તો ચાલે ખરું ? દાનમાં તો જે માલિક છે તેની ઇચ્છા પ્રમાણે જ કરવું પડે. અત્યારે તમારી મેડીકલ લાઈનમાં વચેટિયા દાદા બનીને બેસી ગયા છે. વાસ્તવમાં દાન આપનારની ઇચ્છાને માન આપવું જ પડે.

આર્યપરંપરામાં દાન શું, દાન આપનારનો હક શું, દાન લેનારના હક શું ,આ બધાનું વિવરણ છે. અત્યારે તો વિજ્ઞાને માનવજાતના હક પડાવી લીધા છે. સરકાર પણ બધે જ માથું મારે છે. દેશમાં કઈ દવા લાવવી, કઈ દવા ન લાવવી તે બધામાં સરકાર માથું મારે છે. અરે, તમારા ઘરમાં રસોઈ પણ શું બનાવવી તેના માટે પણ આડકતરી રીતે સરકાર માથું મારે છે.

આપણા શાસ્ત્રમાં રાજ્યવ્યવસ્થા કેવી હોય, સમાજવ્યવસ્થા કેવી હોય તેનું સંપૂર્ણ વર્ણન આપેલ છે. પણ અત્યારે વિકાસના નામથી અધઃપતન ચાલી રહ્યું છે. હા, આપણો સમય આજે પૂરો થઈ ગયો, તેથી હવે કાલે વિશેષ જોઈશું.

## ૪૮

તા.૧૭-૧૦-૯૫, મંગળવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ વિનિયોગ નામના ભાવધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

સાધકે આરાધના-સાધના દ્વારા અમુક ગુણોને સિદ્ધ કર્યા પછી તેનો વિનિયોગ કરવાનો છે. પોતાને પ્રાપ્ત થયેલો (સિદ્ધ થયેલો) ધર્મ બીજામાં સંક્રાન્ત કરવો, એનું નામ જ વિનિયોગ છે. તેથી સિદ્ધિધર્મને પ્રાપ્ત કર્યા પછી જ વિનિયોગભાવધર્મ આવે છે. અરે ! સિદ્ધિ નામના ભાવધર્મને પામેલા આત્માઓ, તેનાથી પણ ઉચ્ચ કક્ષામાં પહોંચવાનો પ્રયત્ન કરે, ત્યારે જ વિનિયોગભાવધર્મ આવે છે. જગતમાં લાયક જીવોને જેનું માર્ગદર્શન આપવાનું છે, તે વાણીથી પૂરું પાડતાં પહેલાં તીર્થંકરોએ સ્વમાં સિદ્ધ કર્યું છે. તમારે દાન આપવું હોય તો તમે ક્યારે આપી શકો ? તમારી પાસે જે હોય તેનું જ તમે દાન આપી શકો. ગૃહસ્થજીવનમાં ધનદાન પ્રધાન હોય છે. તમે સંસારમાં કમાયા પછી જ તમારી પાસે માલિકીનું ધન હોય તો જ, સારા ક્ષેત્રમાં દાનરૂપે આપવું હોય તો આપી શકો છો. અત્યારે તમે જ્ઞાનનું દાન કરી શકવાના નથી. કારણ કે તમારી પાસે સમ્યગ્જ્ઞાન નથી. તીર્થંકરો પૂર્ણજ્ઞાનને સિદ્ધ કરે છે, પછી જગતને તેનો વિનિયોગ કરે છે. જો કે બહુ ઊંચી કક્ષાની વાત છે. અત્યારે તો આપણે માત્ર વિનિયોગ પામેલાની મનોદશા, આધ્યાત્મિક સ્તર કેવું હોય તે જ જાણવાનું છે.

### સમત્વયોગમાં જીવનું માનસ :

**નિરતિચાર ધર્મ સંપૂર્ણતઃ આત્મામાં આત્મસાત્ થાય, પછી તે આત્મા આગળ જવા માંગે ત્યારે વિનિયોગ નામનો ભાવધર્મ તેને પ્રાપ્ત થાય છે.** તે ધર્મમાં સમતાનું અનુસંધાન છે. સમતામાં આવેલા જીવનું અદ્વિતીય મનોબળ હોય છે. તેમનું આત્મબળ ઉત્કટ ખીલેલું હોય છે. સમત્વયોગમાં આવેલ મહાત્માને ગમે તે વ્યક્તિ કોઈપણ સંયોગો દ્વારા કષાયના આવેગો પેદા ન કરાવી શકે, પછી રાજા-મહારાજા

હોય, દેવતા હોય, સત્તાધીશ હોય કે ઈન્દ્ર હોય; પણ કોઈની મજાલ નથી કે તે મહાત્માને સમતામાંથી વિચલિત કરી શકે.

દા.ત. મહાવીર પ્રભુ દીક્ષા લીધા પછી સમત્વયોગમાં હતા. કોઈ તેમને ચલાયમાન કરી શકે તેમ નહોતું. તેમને વિહાર કરવો હોય તો કોઈ રોકી ન શકે. સ્થિર રહેવું હોય તો કોઈ અટકાવી ન શકે. સંગમ દેવતા છ-છ મહિના સુધી કેવો પાછળ પડ્યો હતો ! પણ તે તેમને ચલાયમાન કરી શક્યો નથી. આમ તો સંગમ દેવતા ઈન્દ્રનો સામાનિક દેવ છે. તેનું ઐશ્વર્ય-બળ ઈન્દ્રની નજીકનું હોય છે. અરે ! સામાન્ય વૈમાનિકદેવની તાકાત પણ કેટલી હોય ! તે આખા જંબુદ્વીપને ચપટીમાં ચોળી નાંખે. જ્યારે આ તો ઈન્દ્રનો સામાનિક દેવ છે. મઝેથી આખી પૃથ્વીને તે ડોલાવી શકે. આવો દેવ બીજું શું ના કરી શકે ? અર્થાત્ ખરાબ કરવું હોય તેનું ખરાબ કરી શકે, સારું કરવું હોય તેનું સારું કરી શકે.

આ સંગમ દેવતાને ચોવીસ કલાક એવી આકાંક્ષા છે કે પ્રભુ મહાવીરને તેમના ચિત્તથી ચલિત કરું. આથી તે માટે તેને જેટલા વિકલ્પો સૂઝ્યા તે બધા તેણે અજમાવી જોયા, પણ તે જરાપણ સફળ ન થઈ શક્યો, પૂરેપૂરો નિષ્ફળ ગયો છે. તેણે ઘણી વખત તો પ્રભુ ગોચરી માટે ગામમાં જાય તો એવો ચોરીનો આરોપ તેમના પર મૂકે કે આખું ગામ પ્રભુને મારવા દોડે. કોઈ વખત પોતે પ્રભુ જેવું રૂપ કરી ગામમાં કોઈ સ્ત્રીની છેડતી કરી આવે. કેટલાય વખત સુધી પ્રભુને તેણે ગોચરી પણ વહોરવા દીધી નથી. આવા આવા તો કેટલાય ઉપદ્રવો તેણે કર્યા છે, પરંતુ પ્રભુને એટલી પણ ચિંતા નથી કે આ ક્યારે અટકશે ? મને ક્યારે ગોચરી-પાણી મળશે, તેનો પણ પ્રભુએ વિચાર કર્યો નથી. પ્રભુ તો માત્ર સમત્વયોગમાં સ્થિર છે. માટે વિચારજો કે સમત્વયોગ પામેલા જીવનું કેવું માનસ હોય છે !

હવે જ્યારે સંગમદેવ થાકીને દેવલોકે જાય છે ત્યારે જતાં જતાં તે પ્રભુને કહે છે "હે આર્યશ્રમણ ! આપ આ પૃથ્વીતલ પર મુક્ત રીતે વિચરી શકો છો. હું હવે આપને ઉપદ્રવ કે ત્રાસ નહીં કરું. આજ સુધી જે કર્યું છે તેની ક્ષમાયાચના કરું છું." આમ ક્ષમાયાચનાપૂર્વક પ્રભુને આશ્વાસન આપે છે, ત્યારે તમને ખબર છે કે પ્રભુએ શું જવાબ આપ્યો છે ? તેમના જવાબ પરથી ખ્યાલ આવે કે પ્રભુનું સત્ત્વ કેટલું હશે ! પણ હું તમને વિચારવા માટે પૂછું છું કે પ્રભુએ શું જવાબ આપ્યો હશે ?

**સભા :-** તારી જેવી મરજી.

**સાહેબજી :-** એટલે શું પ્રભુ એની મરજી પર વિચરે છે ? આજ સુધી પ્રભુ હેરાન થતા હતા તે તેની મહેરબાની નહોતી માટે ? હવે સંગમે તેમને આવું આશ્વાસન આપી મહેરબાની કરી માટે પ્રભુ શાંતિથી વિચરી શકશે ? જો આનો જવાબ હામાં આપે તો પ્રભુમાં દીનતા આવી કહેવાય. પરંતુ પ્રભુ તો સત્ત્વવાળા છે. તેથી કહે છે કે "હું વિચરું છું તે કોઈની મહેરબાની કે સહાયથી વિચરતો નથી, અને સ્થિર રહું છું તે પણ કોઈની સહાયથી સ્થિર રહેતો નથી, પરંતુ હું મારા સ્વબળથી સાધના કરું છું. તું કહે છે કે હવે હું ત્રાસ-ઉપદ્રવ નહીં કરું, આપ શાંતિથી વિચરો; પણ હું કોઈથી ત્રાસ પામતો નથી, તારા કહેવાથી કાંઈ વિચરવાનો કે અટકવાનો નથી, હું સ્વૈરવિહારી સ્વતંત્ર છું. મારા મનની ઈચ્છા પર કોઈનું આધિપત્ય કે કાબૂ નથી."

આપણે આવું કહી શકીએ ખરા ? ના, કેમ ? કારણ કે આપણા મન પર કેટલાયના કાબૂ છે. જો સમતામાં જઈએ તો અન્ય કોઈનો પણ કાબૂ રહે નહીં. અત્યારે કોઈની લાગણી-દબાણને વશ થઈને કેટલું કરો છો ? અનેક રીતે આપણે બંધાયેલા છીએ. જ્યારે સમતા એટલે તો ખરી મુક્તતા છે. **જેના મનમાં રાગ-દ્વેષના આવેગો છે તે બધા બંધાયેલા છે. જેમ ખીલે બંધાયેલ ઢોર, તે દોરડાની મર્યાદામાં હરીફરી શકે, ઈચ્છા મુજબ-મન ફાવે ત્યાં ન ફરી શકે; તેની જેમ આપણે બધા પણ બંધનથી બંધાયેલા છીએ. આ આંતરિક બંધન તમને દેખાય છે ખરું ?** પ્રભુએ કેવો કમાલ જવાબ આપ્યો? તે પરથી સમજાય કે તેમની કેવી મુક્ત મનોદશા હશે !

**સભા :-** આ દેવતા છ મહિનાથી વધારે ઉપદ્રવ કરી શકે ?

**સાહેબજી :-** હા, વર્ષો સુધી પણ કરી શકે.

**સભા :-** પ્રભુ તેને અટકાવવા જાય ખરા ? અને જાય તો તેમને કેવળજ્ઞાન ન થાય ?

**સાહેબજી:** પણ પ્રભુ અટકાવવા જ જાય શા માટે ? તેમને કાંઈ ઈચ્છા હોય તો અટકાવવા જાય ને ? તેઓ તો સર્વ બંધનથી મુક્ત છે. દેહમાં માત્ર રહે છે પણ દેહની અસરથી મુક્ત છે. **શાસ્ત્રમાં કહ્યું છે કે સમત્વયોગની ભૂમિકાવાળા મહાત્માઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધાથી અપ્રતિબદ્ધ છે. અપ્રતિબદ્ધ એટલે કોઈ સાથેનું બંધન નહિ.** અત્યારે આપણે હજારો વસ્તુથી બંધાયેલા છીએ. બધી વસ્તુનો

આપણે વિચાર કરવો પડે તેમ છે, જે આપણી પરાધીનતા છે. જ્યારે સમત્વયોગમાં રહેલા આત્મા પર કોઈનું વર્ચસ્વ નથી. બધાથી તેઓ નિરપેક્ષ છે. માટે 'સંગમને હું ઉપસર્ગ કરતો અટકાવું' તેવી ઇચ્છા પણ વીર પરમાત્માને ન હોય. કારણ કે જો ઇચ્છા આવે તો અપેક્ષા આવી કહેવાય. અપેક્ષા એ જ બંધન છે. જ્યારે સમતામાં તો બધાં બંધનથી મુક્તિ હોય છે.

સમત્વયોગીને મનમાં વિકલ્પાત્મક તરંગો-આંદોલનો જાગતાં નથી. જેમ દરિયાના પાણીમાં મોજાં ઊછળતાં હોય ત્યારે ચારે બાજુ તરંગો દ્વારા ઘૂઘવાટ ચાલતો હોય છે, પણ જ્યારે પવન શાંત થાય ત્યારે સમુદ્ર માત્ર સ્થિર અને શાંત હોય છે, તેમ **વિકલ્પરૂપ એક પણ તરંગ જેના મનમાં પેદા ન થાય તે સમતામાં આવે છે.** ચોવીસ કલાક મનમાં એક પણ ઇચ્છા પેદા ન થાય તેવું તેમનું માનસ હોય છે. શુભ કે અશુભ બધી ઇચ્છાઓ વિલીન થઈ ગઈ છે. ઇચ્છાચક્ર જ ભેદાઈ ગયું છે, તેથી શુભ કે અશુભ એક પણ કામના તેમને નથી.

**સભા :-** સાધુવેશમાં જ સમતા આવે ?

**સાહેબજી :-** ભાવસાધુપણું પામ્યા પછી જ સમતા આવે છે. આત્મા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે ઊંચા લેવલમાં આવે પછી સમતા આવે છે. ગૃહસ્થવેશમાં પણ ગૃહસ્થપણું હોય ત્યાં સુધી સમતા શક્ય નથી. ભાવસાધુપણું આવવું જ જોઈએ. ભાવસાધુપણું વટાવ્યા પછી જ તે ભૂમિકા પામવી શક્ય છે.

**સભા :-** સંભાવના તરીકે સમત્વયોગમાં અવ્યક્ત વિકલ્પો હોય ખરા ?

**સાહેબજી :-** સમત્વયોગીએ મનમાંથી વિકલ્પો દૂર કર્યા છે, પણ અવ્યક્ત વિકલ્પો હજી પડ્યા છે. યોગની આઠમી દૃષ્ટિમાં નિર્વિકલ્પ સમાધિ આવે તો જ અવ્યક્ત વિકલ્પો જાય છે. સાધુને સાવદ્ય કષાયોનો ત્યાગ છે, પણ નિરવદ્ય કષાયો હોઈ શકે. તમારે સાવદ્ય કષાય હોઈ શકે, પણ તે સાવદ્ય કષાય પ્રશસ્ત જ હોવા જોઈએ, જ્યારે સાધુ સાવદ્ય પ્રશસ્ત કષાય પણ ન કરી શકે. તેમને નિરવદ્ય કષાયો જ હોવા જોઈએ. વળી સમતામાં રહેલાને તો નિરવદ્ય કષાયોનો પણ ત્યાગ હોય છે. આપણે ત્યાં શ્રેણિમાં ચઢનારને પણ અવ્યક્ત કષાય માન્યા છે. અરે ! દસમે ગુણસ્થાનકે પણ અવ્યક્ત કષાય હોય છે.

તમે ઘણી વખત કોઈ વસ્તુ જુઓ ત્યારે તે તમને સારી લાગી માટે રાગ થાય. એમાં ઘણી વખત વસ્તુ જોઈ રાગ થાય પણ તેને મેળવવાની ઇચ્છા જન્મે નહીં,

જ્યારે ઘણી વખત રાગ એવો તીવ્ર થાય કે તેને મેળવવાની ઇચ્છા પેદા થાય. જેના મનમાં આવી આવેગાત્મક સારી કે ખરાબ ઇચ્છા પેદા ન થાય તે જ આત્મા સમતામાં જઈ શકે. **વીતરાગનો અર્થ એ કે જેના બધા જ કષાયો દૂર થયા છે, સમાપ્ત થયા છે. જ્યારે સમતામાં રહેલાને અંદર અવ્યક્ત કષાયો છે જે એટલા મંદ છે કે મનમાં ઇચ્છાત્મક આવેગ જ પેદા ન કરી શકે.**

**સભા :-** સમતામાં રહેલા જીવો મંદકષાયની અનુભૂતિ કરે ?

**સાહેબજી :-** હા, અનુભૂતિ હોય જ. જે માત્રાના કષાય હોય તે માત્રાની અવશ્ય અનુભૂતિ હોય.

અત્યારે આપણા કષાયો તીવ્ર છે, તેથી આપણે સમતામાં પ્રવેશ પામી શકીએ નહીં. માટે વિનિયોગભાવધર્મ આપણે માટે શક્ય નથી. હાલ તો આદર્શ તરીકે વર્ણન કરીએ છીએ. અત્યારે આ ભૂમિકા વિચ્છેદ પામેલ છે. પરંતુ તેને પામેલાની કેવી અદ્‌ભુત મનોદશા-વીલપાવર-આત્મબળ હોય છે, કે કરોડો માણસો પણ તેમને તે દશામાંથી વિચલિત કરી શકે નહિ. આખી દુનિયા એક બાજુ હોય તોપણ તેમને ધ્યેયમાંથી ચલાયમાન કરી શકે નહીં. આટલું અપ્રતિમ મનોબળ હોવાના કારણે જ તે જીવો વિનિયોગભાવધર્મને પામી શકે છે. આવા આત્માના સાંનિધ્યમાત્રથી જ લાયક જીવ હોય તો તે ધર્મ પામ્યા વગર રહે નહીં.

**પોતે પામેલા ધર્મને બીજામાં સંક્રાંત કરવો તેનું નામ જ વિનિયોગ છે.**

સમત્વયોગી મહાત્માએ પોતાનામાં ધર્મ એવો સિદ્ધ કર્યો છે કે સાંનિધ્યમાં આવનાર જીવને તેની લાયકાત પ્રમાણે ધર્મ અવશ્ય પમાડી શકે. હું ઉપદેશ આપું કે તપ કરો, દાન કરો, ભક્તિ કરો અને તમે તે પ્રમાણે કદાચ કરવા લાગો તેટલામાત્રથી તમે ધર્મ પામી ગયા તેમ ન કહેવાય, કેમ કે ધર્મનો પ્રતિબોધ કરવા માટે પહેલાં તેના મનનું પરિવર્તન કરવાનું છે. ધર્મ મનમાં પમાડવાનો છે. ધર્મ એ હૃદયની વસ્તુ છે. અનંતકાળથી મનમાં જે અધર્મ છે તેની છાપ ભૂંસીને પહેલાં મનને ધર્મનું રસિક બનાવવાનું છે. મન પર વાણી કે સાંનિધ્ય દ્વારા ધર્મનો પ્રભાવ પાડવાનો છે. હવે આવો પ્રભાવ કોણ પાડી શકે ? જે પ્રબળ મનોશક્તિવાળા હોય તે જ નબળા મન પર અસર કરી શકે, નબળા મનવાળો કાંઈ પ્રબળ મનોશક્તિવાળાના મન પર અસર ન પાડી શકે. હિપ્નોટીઝમમાં પણ આ જ સિદ્ધાંત છે.

કોઈ નાસ્તિક વ્યક્તિ આવે ત્યારે અમે બુદ્ધિથી તર્કો દ્વારા સમજાવવા પ્રયત્ન કરીએ, પણ જો તે પ્રબળ મનોબળવાળો હોય તો અમારા સચોટ તર્કોના તેની પાસે પ્રત્યુત્તર ન હોવા છતાં તેને કાંઈ અસર થાય નહીં. કારણ કે અધર્મમાં તેનું મનોબળ વધારે દઢ છે, માટે ધર્મની સત્ય વાતોની પણ તેને અસર થતી નથી.

**સભા :-** અહીંયાં આપનું મનોબળ કાચું કહેવાય ?

**સાહેબજી :-** લાયક જીવ હોય છતાં તેને અસર ન થાય તો મારું મનોબળ ચોક્કસ નબળું કહેવાય, બાકી ગેરલાયકને તો તીર્થંકરો પણ કંઈ પમાડી શક્યા નથી. અમે તો કદાચ સામે લાયક જીવ હોય તોપણ તેની લાયકાત પ્રમાણે પૂરેપૂરું પમાડી શકીએ તેવી ભૂમિકાને પામ્યા નથી, જ્યારે **વિનિયોગસંપન્ન આત્મા તો તેના ઉપદેશ દ્વારા-સાંનિધ્ય દ્વારા લાયક જીવને તેની લાયકાત પ્રમાણે અવશ્ય પમાડી જ શકે છે. આવા જીવો સિદ્ધયોગી કહેવાય છે.**

## બળદેવ સિદ્ધયોગીનું દૃષ્ટાંત :

શાસ્ત્રમાં શ્રીકૃષ્ણના ભાઈ બળદેવનું દૃષ્ટાંત આવે છે. તેઓ દીક્ષા લીધા પછી ઉત્કૃષ્ટ સાધના કરે છે. તપ-ત્યાગ-ધ્યાનમાં મગ્ન થઈ આત્મરમણતામાં રમે છે. અલબત્ત તેમને પણ દેહ ટકાવવા માસખમણના પારણે ગોચરી માટે બહાર જવું પડે. તેમનું રૂપ એટલું છે કે જ્યારે મહાત્મા ગોચરી માટે નગરમાં જાય ત્યારે આખું નગર તેમનું રૂપ જોવા ટોળે મળી ભેગું થઈ જાય. અબજો મનુષ્યોમાં પણ જે રૂપ ન હોય તેવું તેમનું રૂપ છે. સ્ત્રીઓ જો કૂવામાંથી પાણી ખેંચતી હોય તો અધવચ્ચે દોરડું પકડી એકીટસે તેમને જોયા જ કરે, બાળક હાથમાં હોય તો જોવામાં બાળક નીચે પડી જાય, રડ્યા કરે તોપણ ખબર ન પડે. અરે, કોઈના ઘરે ગોચરી માટે જાય ત્યારે દૂધ ચૂલા પર હોય તો ઊભરાઈને દાઝી જાય, તોપણ ખબર ન પડે. આવા તો કેટલાય અઘટિત બનાવો બને છે. તેથી તેમને થાય છે કે મારા નિમિત્તે આવા અનર્થો ઊભા થાય છે. આથી તેમણે સંકલ્પ કર્યો કે "મારે ગોચરી માટે ગામમાં જવું નહીં, અને જંગલમાં જો કોઈ મુસાફર પાસેથી ગોચરી મળે તો પારણું કરવું, નહીંતર તપ આગળ ચલાવવો," આવો તેમણે અભિગ્રહ કર્યો છે. તેઓ જ્યાં સાધના કરતા હતા ત્યાં તેમની બાજુમાં વાઘ-સિંહ-કૂતરાં-સસલાં બધાં આવીને એક

સાથે બેસી જાય. તેમના સાંનિધ્યમાં જાનવરોમાં પણ એકબીજાને મારવાનો કે ક્રૂરતાનો ભાવ ન આવે. આમ, એમની સમતાના-મનોબળના કારણે તેમની મનોવર્ગણાનાં પુદ્ગલોની અસર એટલી થાય કે પશુઓના પણ આવેગો શાંત થઈ જાય. તાત્પર્ય એ કે જેના પડખે બેસવામાત્રથી જો વિકારો શાંત થઈ જાય, મલિનતા દૂર થાય, તો તેવી વ્યક્તિ જો વાણીથી ઉપદેશ આપે તો કેવી અસર થાય ! વળી તેમને જ્ઞાન પણ એટલું હોય કે લાયકાત પ્રમાણે શ્રોતાને યોગ્ય ધર્મ ચોક્કસ પમાડી શકે.

વિનિયોગધર્મવાળા જીવનો પરોપકાર અવંધ્ય છે, જે કદી પણ નિષ્ફળ ન થાય. અવશ્ય સફળતાને પામે તેવી જ પ્રવૃત્તિને ધારણ કરનારા આ જીવો હોય છે. જો કે અત્યારે સંઘમાં આવી કક્ષાના મહાત્માઓ કોઈ નથી, પરંતુ આવા મહાત્મા સામેના જીવનું જ્યાં સુધી યોગ્યતાનું ધોરણ હોય ત્યાં સુધીનો ધર્મ તેને અવશ્ય પમાડી શકે. હા, લાયકાત જ ન હોય તો તેઓ પણ કાંઈ ન કરી શકે. જેનું વિશિષ્ટ પુણ્યાનુબંધીપુણ્ય હોય તેને જ આવા મહાત્માઓનો મેળાપ થાય. આપણા બધાનું એવું પુણ્ય નથી, માટે જ આવા મહાત્મા ઉપદેશક તરીકે કે પ્રતિબોધક તરીકે આપણને મળ્યા નથી.

**સભા :-** આપ જે જ્ઞાન પામ્યા છો અને અમને અત્યારે આપો છો તે વિનિયોગ ન કહેવાય ?

**સાહેબજી :-** હું તમને જે જ્ઞાન આપું છું તે જ્ઞાન કાંઈ મારામાં સંપૂર્ણ આત્મસાત્ થઈ ગયું છે તેવું નથી. અમે તો જે જ્ઞાનદાન આપીએ છીએ તે દ્રવ્યવિનિયોગ કહેવાય. કારણ કે અમે જેટલું જાણીએ છીએ તેટલું સંપૂર્ણપણે આત્મસાત્ કે પરિણતિરૂપે અમને હજી થયું નથી. અર્થાત્ **જીવ સમતામાં ન આવે ત્યાં સુધી તેની કથની અને કરણીમાં અમુક ટકા તફાવત હોય જ છે. જ્યારે સમતામાં તો તે આત્મા જે માને છે તે જ આચરે છે, અને જે આચરે છે તે જ માને છે. તેમને કોઈ કથની અને કરણીનો તફાવત હોતો નથી. માટે અમારે તો દ્રવ્યવિનિયોગ જ કહેવાય.**

**સભા :-** આપનો દ્રવ્યવિનિયોગ ભાવવિનિયોગને પામવાના હેતુથી હોય, માટે તે અવંધ્ય ન કહેવાય ?

**સાહેબજી :-** હા, જન્માંતરે થાય, પણ અત્યારે તો ન જ થાય. પરંતુ અમે જાણીએ છીએ કે અમારી કરેલી તમારે માટેની મહેનત કેટલા ટકા સફળ થશે.

**સભા :-** સોએ સો ટકા સફળ થશે.

**સાહેબજી :-** આવી વાત કરી અમને શિખર પર ચઢાવી દો છો, પણ અમે ખોટા ફુલાઈએ તો તે દોષ છે. હા, અમે જો પરોપકારબુદ્ધિથી નિઃસ્વાર્થભાવે ભગવાનની આજ્ઞા મુજબ તમને ઉપદેશ આપીએ, તો અમને અવશ્ય કર્મની નિર્જરા થાય, પરંતુ શ્રોતા માટે મારી મહેનત સફળ થાય કે ન પણ થાય; જ્યારે **સમત્વયોગી એવા આ મહાત્માનો કહેલો એક પણ શબ્દ નિષ્ફળ થાય નહીં. માટે તેમની દેશનાને અમોઘ દેશના કહી છે. તીર્થંકરની દેશના પણ અમોઘ હોય છે.** જેને સમત્વના કારણે ધર્મ સિદ્ધ થયો છે, તેમની દેશના ધારી અસર કરે છે. જ્યારે અમારી દેશના તો ૯૫% નિષ્ફળ થાય છે તેમ કહું તોપણ ખોટું નથી.

## વંકચૂલને વિશિષ્ટજ્ઞાનીથી ધર્મપ્રાપ્તિ :

**સભા :-** તેમાં તો અમારી ખામી ને ?

**સાહેબજી :-** દેશના નિષ્ફળ થવામાં તો અમારી અને તમારી એમ બંનેની ખામી છે. કારણ કે હું કયું વાક્ય વાપરું તો સામેના જીવને ધારદાર અસર થશે, એવું મને કાંઈ અતીન્દ્રિયજ્ઞાન નથી. શાસ્ત્રમાં વંકચૂલનું દૃષ્ટાંત આવે છે. તેમાં વંકચૂલને મહાત્મા ધર્મ કેમ પમાડી શક્યા ? કારણ કે તેઓ વિશિષ્ટજ્ઞાની મહાત્મા હતા.

આ મહાત્માને એવા સંયોગ આવ્યા છે કે તેમને ચોરોની પલ્લીમાં ચોમાસું રહેવું પડ્યું છે. આ પલ્લીનો સરદાર વંકચૂલ છે. હવે વિચારજો, કે ચોરોના સરદારનું વ્યક્તિત્વ કેવું હોય ? આમ તો તે ભૂતકાળનો રાજકુમાર છે. હવે મહાત્મા તેની પાસે જઈને કહે છે કે "અમારે ચાર મહિના આરાધના કરવી છે, માટે સ્થાન જોઈએ છે." ત્યારે આ વંકચૂલ કહે છે કે "એક શરતે અહીંયાં રહેવા માટે સ્થાન આપું. ચાર મહિનામાં મને કે મારા સાગરીતોને કોઈ ઉપદેશ આપવાનો નહીં." કારણ કે વંકચૂલને ખબર છે કે આ મહાત્મા ઉપદેશ દ્વારા કેટલાયનાં હૃદય પરિવર્તન કરી નાંખશે, જેથી મારું જમાવેલ બધું જ ભાંગી જશે. અહીંયાં વિચારજો કે તેની વૃત્તિ કેવી છે ? પોતાને ધર્મ પામવો નથી અને બીજાને પામવા દેવો નથી. જો આવા જીવ અમારી પાસે આવે તો શું અમે ધર્મ પમાડી શકીએ ? ના, પણ અહીં તો મહાત્મા જ્ઞાની છે. તેથી કહે છે કે "સારું, અમે ચાર મહિના

કોઈને ઉપદેશ નહીં આપીએ. પણ તમે માત્ર અમને રહેઠાણ અને પ્રાથમિક જે જરૂરિયાત હોય તે આપજો."

બધા સાધુઓએ ચાર મહિના સુંદર આરાધના કરી છે. સૌની સુંદર પ્રકૃતિ અને ગુણો છે, માટે એક પણ સાધુથી આ લોકોને કોઈ તકલીફ થઈ નથી. કોઈ સાધુઓ સ્વાધ્યાય કરતા હોય, કોઈ ધ્યાન કરતા હોય, કોઈ ચારિત્રની શુભ ક્રિયાઓ કરતા હોય, વળી કોઈ ઉપવાસાદિ અનેક પ્રકારના તપ કરતા હોય, આ બધું જોઈને એક સારી છાપ ઊભી થાય જ. મહાત્માએ ચાર મહિના સુધી એક વાક્યનો પણ ઉપદેશ આપ્યો નથી. પરંતુ જ્યારે ચાર મહિના પૂરા થયા ત્યારે મહાત્માઓ કહે છે કે "અમે હવે જઈએ છીએ, આ બધું તમને ભળાવ્યું. પણ અમારે કયા રસ્તે જવાનું તે કહો." ત્યારે વંકચૂલ કહે છે કે "હું તમને મૂકવા આવું છું." કારણ કે આ બધા સાધુઓના વર્તનથી ખૂબ જ સારી છાપ તેના મન પર પડી છે. અદમ્ય લાગણીથી મહાત્માને વળાવવા જાય છે.

તેની પલ્લીમાંથી બહાર નીકળ્યા પછી મહાત્મા કહે છે કે "અમે તારા કહ્યા પ્રમાણે ચાર મહિનામાં ક્યારેય ઉપદેશ આપ્યો નથી. પરંતુ અમે જઈ રહ્યા છીએ ત્યારે, જો તારી ઇચ્છા હોય તો અમે ધર્મરૂપે તને કાંઈક આપવા માંગીએ છીએ." ત્યારે મહાત્માને ના પાડવાનું મન વંકચૂલને થતું નથી. તેથી વિનયથી કહે છે કે "મારું જીવન કેવું છે તે આપ જાણો છો, માટે મારા જીવનમાં જે શક્ય હોય તેવા જ ધર્મની વાત કરજો." મહાત્મા જ્ઞાની છે. જાણે છે કે હકીકતમાં આ લાયક જીવ છે. તે ધર્મ પામી શકે તેમ છે. અને તે ધર્મ કઈ રીતે પામશે તેની ભાવિ ઘટનાઓ પણ આ મહાત્મા જાણે છે. તેથી તેને સીધો આત્મા-પરલોક-મોક્ષમાર્ગનો ઉપદેશ નથી આપતા. પોતે ભવિષ્યવેત્તા હોવાના કારણે માત્ર ૪ પ્રતિજ્ઞાઓ તેને આપે છે, જે આપણને તો સાવ સામાન્ય-મામૂલી પ્રતિજ્ઞાઓ લાગે. જેમાં એક પ્રતિજ્ઞા એવી આપી હતી કે "અજાણ્યું ફળ ન ખાવું." આવી પ્રતિજ્ઞામાં પાળવામાં કોઈને તકલીફ પડે નહીં. પણ મહાત્મા જાણે છે કે તે આવી મામૂલી પ્રતિજ્ઞાથી જ ધર્મ પામશે, તેને આપેલી ચારે પ્રતિજ્ઞાઓ તેને મહાશ્રાવક બનાવવામાં કારણ બનશે.

પરંતુ અમે આવું ન કરી શકીએ, કારણ કે અમે તો શ્રોતાના મનોભાવોનું અનુમાન કરી ઉપદેશ આપીએ. તેમાં ક્યારેક ઓછી અસર પણ થાય, અને ક્યારેક

કોઈ જીવ લાયકાત પ્રમાણે પામી પણ શકે. પરંતુ એકાંતે એવો નિયમ ન બંધાય કે અમારા ઉપદેશથી લાયક જીવ પામે જ. જ્યારે આવા મહાત્માના સાંનિધ્યમાત્રથી અથવા અમોઘ દેશના દ્વારા પશુયોનિમાં પણ લાયક જીવ હોય તો પામી જાય.

## જટાયુને સમત્વયોગીના સમાગમથી સમકિતપ્રાપ્તિ :

રામ-સીતા-લક્ષ્મણ વનવાસમાં નીકળ્યાં છે, ત્યાં એક ઝાડ પર જટાયુ પક્ષી આવીને બેઠું છે. તે જટાયુ પંખીના શરીરમાં ઘણા જ રોગો છે જેના કારણે તે ખૂબ જ રિબાતું હતું. અહીં બાજુમાં કાઉસ્સગ્ગધ્યાનમાં એક સિદ્ધયોગી ઊભા છે. આ મહાત્માના ભાવોની અસર આ પંખીના મન પર થાય છે, તેથી રોગો છતાં તે ખૂબ જ શાંત થઈ ગયું છે. તેને આ મહાત્માના સાંનિધ્યમાં રહેવાનું ખૂબ જ ગમવા માંડ્યું અને તેમના પ્રત્યે ખૂબ જ બહુમાનની લાગણી પેદા થઈ. જેમ બળદેવમુનિની ચિંતા પશુપંખીઓ જ જંગલમાં કરતાં હતાં. તેમાં કેટલાંય તો ધ્યાન રાખે કે આજે મહાત્માએ વાપર્યું નથી એટલે આજે તેમને ઉપવાસ છે. વળી પારણાની ચિંતા પણ પશુપંખી જ કરતાં હતાં. તેમનું ભક્ત હરણ જંગલમાં જઈ સૂકું ઘાસ ખાઈને પાણી પી લે. પછી આવીને પાછું તે મહાત્માના પગમાં બેસી જાય અને તેમની મુખમુદ્રા જોઈને આનંદ પામે. હરણ બહુ તીવ્રવેગે દોડી શકે, માટે ભોજન સમયે ઝડપથી જંગલમાં જોઈ આવે કે કોઈ વટેમાર્ગુ આવે છે ? તેની પાસે ભાથું છે ? અને જેવી ખબર પડે એટલે સીધું મહાત્મા પાસે આવી તેમનાં પહેરેલાં કપડાં ખેંચીને મહાત્માને ત્યાં ભિક્ષા માટે લઈ જાય. પશુપંખી પર પણ આવા સિદ્ધયોગીના મનોબળની એટલી અસર થાય, તો પછી લાયક માનવ પર તો કેટલી અસર થાય ? તેમ જટાયુ પણ આ મહાત્માની નજીક આવીને બેસી જાય છે. ઘણી વખત ખૂબ ઉલ્લાસ આવે તો મહાત્માના પગમાં પડી તેમના ચરણનો સ્પર્શ કરે. સમતામાં રહેલા મહાત્માને લબ્ધિ પેદા થયેલી હોય છે. તમે 'સંતિકરં'માં "ખેલોસહિ..." ઇત્યાદિ બોલો છો ને ? આ ખેલોસહિ લબ્ધિને કારણે તેમના શરીરનો પરસેવો, બળખા, થૂંક, મળ-મૂત્ર પણ ઔષધિતુલ્ય હોય. અહીં આ મહાત્માના ચરણસ્પર્શથી જટાયુનો રોગ ચાલ્યો ગયો. તેની વેદના શાંત થઈ ગઈ. જાણે કે નવો ભવ મળ્યો. આ મહાત્મા જ્યારે પણ કોઈ જીવને દેશના આપે ત્યારે જટાયુ પણ આવીને સાંભળે છે. આમ કરતાં દેશના

દ્વારા આ જટાયુ ઠેઠ સમકિતધર્મને પામી ગયેલ છે. તેથી જ્યારે રામ-લક્ષ્મણ-સીતાને આ મહાત્મા ઉપદેશ આપે છે, ત્યારે પણ જટાયુ તેમના પગમાં પડે છે. તેથી રામ પૂછે છે કે આ પંખી કેમ આ રીતે નમસ્કાર કરે છે ? ત્યારે મહાત્મા કહે છે કે "આ પંખી ધર્મને પામેલ છે. તે તમારા માટે ભક્તિ કરવા તુલ્ય સાધર્મિક છે." આ સાંભળ્યા પછી રામ-લક્ષ્મણ-સીતા તેને સાધર્મિકબુદ્ધિથી ખવડાવે છે, પંપાળે છે અને તેની સર્વ સારસંભાળ રાખે છે.

**સભા :-** સાહેબજી ! આ જટાયુ કોનો જીવ છે ?

**સાહેબજી :-** પૂર્વે જે ખંધકસૂરિ થઈ ગયા, તે ૫૦૦ શિષ્ય સાથે ઘાણીમાં પીલાયા હતા, તે વખતે ત્યાંનો દંડક નામનો રાજા હતો. તે રાજાનો જીવ જ આ જટાયુ છે. તે રાજા મૂળથી અધર્મી કે નાસ્તિક નથી. તેથી ખંધકસૂરિ પાસે દેશના સાંભળવા પણ જાય છે. દેશના સાંભળીને પ્રભાવિત થયો છે. પણ આ આચાર્ય મહારાજ પ્રત્યે જેને વેર છે તેવા પાલકમંત્રીએ દાવપેચ કરીને રાજા પાસે એવું પુરવાર કર્યું કે, આ સાધુઓ નથી પણ સાધુવેશમાં રહેલા ગુપ્ત સૈનિકો છે. રાજકારણમાં આવા દાવપેચ તો સંભવિત હોય, એટલે રાજાને પણ મંત્રીની વાત પુરાવા જોઈને મનમાં બેસી ગઈ. તેથી રાજાએ મંત્રીને કહ્યું તને ઠીક લાગે તેમ કર. આમ, રાજાએ સીધો મારવાનો આદેશ કર્યો નથી, પણ પછીની મૂક સંમતિ દ્વારા જે કર્મ બંધાયાં તેનાથી રાજા મરીને ઘણા જ રોગોવાળું જટાયુ પંખી બન્યા. આ ભવમાં વિશિષ્ટ મહાત્મા મળવાના કારણે જાતિસ્મરણજ્ઞાન થયું, અને સમ્યગ્દષ્ટિ બની તરી ગયા. વિનિયોગવાળા મહાત્મા મળ્યા એટલે આ જીવનો ઉદ્ધાર થઈ ગયો. પરંતુ અત્યારે આપણને પ્રતિબોધ માટે આવા મહાત્મા મળી શકે તેમ નથી.

## ૪૯

તા.૧૯-૧૦-૯૫, ગુરુવાર, આસો વદ દસમ.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી અનંત જ્ઞાની, શ્રી તીર્થંકર પરમાત્માઓ શ્રેષ્ઠ પરોપકારની પ્રવૃત્તિરૂપે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**આત્મા અનંતકાળથી આ સંસારમાં રખડે છે. તેમાંથી તેને બહાર કાઢી મોક્ષમાર્ગ પર ચઢાવવો તે જ જીવમાત્ર પર કરવા લાયક શ્રેષ્ઠ ઉપકાર છે, જે કરવા તીર્થંકરો આવું અદ્વિતીય શાસન સ્થાપે છે. તીર્થંકરો ઉપકાર કરવા લાયક તત્ત્વ પોતે પહેલાં ખુદ પામે છે અને પછી જ આ શાસનની સ્થાપના કરે છે. આપણે બધાએ આ ખૂબ ધ્યાનમાં રાખવા જેવો સિદ્ધાંત છે, ધર્મના ક્ષેત્રમાં પહેલાં પોતાને ખુદને પામવાનું છે.**

હા, તમે તમારી ભૌતિક ચિંતા ન કરો અને બીજાની વધારે ચિંતા કરો તે ઉત્તમ છે, પરંતુ અનંતકાળમાં આપણા આત્માએ ભૌતિક બાબતમાં સ્વનો જ વિચાર કર્યો છે. **ભૌતિક ક્ષેત્રમાં સ્વાર્થી બનવું એ દોષ છે, પરોપકારી બનવું એ ગુણ છે.** પરંતુ આ વાત ખાલી ભૌતિક ક્ષેત્રમાં જ લાગુ પડે છે. જ્યારે અધ્યાત્મના ક્ષેત્રમાં આનાથી ઊંધો નિયમ છે. ત્યાં પહેલાં સ્વની ચિંતા કરવાની છે, પછી જ પરની ચિંતા કરવાની છે. દયા પહેલાં તમારા આત્માની કરો પછી જ બીજાના આત્માની દયા કરવાની છે. અહીંયાં **ધર્મક્ષેત્રમાં પહેલું લક્ષ્ય સ્વનું અને પછી પરનું.**

ભૌતિક ક્ષેત્રમાં પરની ચિંતાને સદ્ગુણમાં ખતવવામાં આવે છે, જ્યારે ધર્મ આત્માને મહત્ત્વ વધારે આપે છે. તમે તમારા ખાવાપીવાની, હરવાફરવાની કોઈપણ ચિંતા કરતા હો, પણ જો તમારે બીજાની આ બધી ચિંતા કરવાની આવે, ત્યારે તમે તેને ગૌણ ગણો કે ઉપેક્ષા કરો તો સ્વાર્થી થયા કહેવાઓ. કારણ તમારી અનુકૂળતા માટે ચિંતા છે, પણ બીજાને અનુકૂળતા મળે કે ન મળે તેની પરવા પણ નથી. આ તમારો સ્વાર્થપૂર્ણ ભાવ છે.

સ્થિતપ્રજ્ઞની ભૂમિકામાં રહેલાને ભૌતિક ક્ષેત્રમાં જરાપણ સ્વાર્થ હોતો નથી, પરંતુ તેઓ પોતાના આત્માની સતત હિતચિંતા કરે છે. પહેલાં તમારા આત્માનું કલ્યાણ કરવાનું, પછી જ બીજાના આત્માનું કલ્યાણ કરવાનું છે. અધ્યાત્મના ક્ષેત્રમાં દાન-પરોપકાર-દયા કરવી હોય તો પહેલાં તમારા જીવનમાં તેને આત્મસાત્ કરવાં પડે. તમારામાં ન હોય તે તમે બીજાને આપી ન શકો. **પહેલાં ધર્મને સિદ્ધ કરવાનો છે, પછી જ તેનો વિનિયોગ કરવાનો છે.** જે આત્મા ધર્મને સિદ્ધ નથી કરતો તે આત્મા વિનિયોગધર્મ પામવાનો અધિકારી નથી. સારાંશ એ છે કે પહેલાં પોતાના આત્માનો ઉપકાર કરો પછી જ બીજાનો ઉપકાર કરવાનો છે. **આપણે આત્મામાં જે ધર્મનું તાદાત્મ્ય ન સાધી શકીએ, તે બીજાને આપી શકતા નથી; તેથી પહેલાં સ્વમાં ધર્મ સિદ્ધ કરવો અનિવાર્ય છે.** હકીકતમાં હજુ આપણને એકે ધર્મ સિદ્ધ થયો નથી, અને વગર સિદ્ધિએ વિનિયોગ થતો નથી, હજુ આપણે સ્વયં માટે ઘણી સાધના બાકી છે.

અત્યારે તમે ધર્મના ક્ષેત્રમાં કે ભૌતિક ક્ષેત્રમાં દ્રવ્યથી પરોપકાર કરી શકો, જ્યારે વિનિયોગધર્મ પામેલા આત્માનું આચરણ કે હાજરી જ લાયક જીવ માટે ધર્મપ્રાપ્તિનું કારણ બને છે. તેમનું આંતરિક આત્મબળ ઘણું જ હોય છે. તેમના પરિચયમાં આવે કે તેમનાં દર્શન કરે કે ઉપદેશ સાંભળે, તો તેને લાયકાત પ્રમાણે ગુણ પ્રાપ્ત થયા વગર રહેતો નથી.

આપણે પ્રારંભથી જે પાંચે ભાવધર્મનું વર્ણન કર્યું તેમાં સાંગોપાંગ આખા મોક્ષમાર્ગના ભાવોને વણી લીધા છે. આના પછી નવો કોઈ ભાવધર્મ નથી. જે સાધના કરીને મોક્ષે જશે તે આ પાંચે ભાવધર્મને પામીને જ જશે.

## વિનિયોગધર્મમાં અવંધ્ય પ્રવૃત્તિ :

વિનિયોગપ્રધાન આચારવાળાની પ્રત્યેક પ્રવૃત્તિ અમોઘ હોય છે. તેમનો મન-વચન-કાયાનો બધો જ પુરુષાર્થ મહાફળને આપનારો છે, જ્યારે આપણી સાધનાની સવારથી સાંજ સુધીની પ્રવૃત્તિમાં કેટલી સફળ અને કેટલી નિષ્ફળ છે તેનું તમારા મનમાં પૃથક્કરણ પણ નથી. તમારો ભૌતિક ક્ષેત્રમાં પણ બધો જ પુરુષાર્થ સફળ જ હોય છે એવું નથી. છતાં ત્યાં સફળતા માટે બધો જ

વિચાર કરો છો, પરંતુ અધ્યાત્મના ક્ષેત્રમાં વિચાર કરવાની પણ તૈયારી નથી. બાકી વિચાર કરો તો લાગે કે ખાલી ગદ્ધાવૈતરું જ કરો છો, સફળતાનો ક્યાસ જ નથી.

જેમ તમે સવારથી ઊઠો અને મનમાં જે ભાવો કરો તે બધા ભાવો તમારી સફળતાના પ્રેરક જ હોય તેવું ખરું ? તમને જે વિચારવાની શક્તિ મળી છે તેનો જીવનમાં યોગ્ય ઉપયોગ કરો છો ખરા ? તમને જે શક્તિ મળી છે તેનો યોગ્ય ઉપયોગ થાય છે? કે મોટે ભાગે તમારી શક્તિ વેડફાય જ છે ? આ જ મૂર્ખતા છે. નિષ્ફળ પ્રવૃત્તિ તો ગાંડો માણસ કરે. ડાહ્યો માણસ તો સમજી વિચારીને ગણિતપૂર્વક જ પ્રવૃત્તિ કરે. પરંતુ અત્યારે તમારી ઢગલાબંધ પ્રવૃત્તિ નિષ્ફળ જ છે. ૨૪ કલાકમાંથી કેટલાક કલાક નકામા વિચારોમાં જ જાય છે, નકામું બોલવામાં પણ ઘણી શક્તિ વેડફાય છે, આ બધાનો કદી વિચાર કર્યો છે ખરો ?

**સભા :-** બોલ્યા પછી ખબર પડે છે કે નકામું બોલ્યા.

**સાહેબજી :-** એટલે તો **પરિણામનો વિચાર કરીને જ બોલવાનું છે.** અરે ! ગાંડાની હોસ્પીટલમાં હોય તેના કરતાં સમાજમાં બહાર ગાંડા વધારે છે, **જેના મનમાં વિચારોનાં ઠેકાણાં નથી, બોલવામાં પણ કોઈ લક્ષ્યબિંદુ નથી અને નિરર્થક પ્રવૃત્તિઓથી ધમધમતું જીવન છે, તેને મૂર્ખ કહેવામાં કોઈ દોષ નથી.**

જે વિનિયોગને પામે છે તેની કોઈપણ પ્રવૃત્તિ નિષ્ફળ ન હોય. એક આંગળી હલાવવા પાછળ પણ તેમનું પ્રયોજન હોય. વગર પ્રયોજને એક અક્ષર પણ તેમના મોંમાંથી ન નીકળે કે વગર પ્રયોજને કશું વિચારે પણ નહીં. મન-વચન-કાયાની સર્વ પ્રવૃત્તિમાં તેમનો પૂર્ણ કાબૂ છે, સમજણ અને વિવેક હોય છે. તેમનામાં પ્રાજ્ઞતાનું પૂર્ણ લક્ષણ છે. **એક મહાપુરુષે લખ્યું છે કે ડાહ્યા માણસનું લક્ષણ શું ? તો કહે છે કે "પ્રયોજન વગર કશું વિચારે નહીં તેનું નામ જ ડાહ્યો માણસ."**

**સભા :-** પણ પ્લાન કરવા તો વિચારવું જ પડે ને ?

**સાહેબજી :-** પ્લાન કરવા માટે વિચારે પણ જેનું ફળ કાંઈક સારું હોય તેવું જ વિચારે કે નવરા બેઠા તરંગતુક્કા કરે ? આપણા જીવનમાં સાર્થક વિચારો નથી તે જ આપણી મૂર્ખતાને સૂચવે છે.

## પ્રભુએ વિનિયોગધર્મથી ચંડકૌશિકને તાર્યો :

વિનિયોગ પ્રાપ્ત કરેલ આત્માની પ્રત્યેક પ્રવૃત્તિ અવંધ્ય હોય, સફળ હોય. પ્રત્યેક પુરુષાર્થ ચોક્કસ પ્રકારની સફળતાનો સાધક હોય. પ્રભુ છદ્મસ્થપણે સાડા બાર વર્ષ પ્રાયઃ મૌનપૂર્વક વિચર્યા, એક શબ્દ પણ તેમના મોંમાંથી નકામો નીકળ્યો નથી. ચંડકૌશિકસર્પ પ્રભુને ડંખ આપવા આવે છે, ફૂંફાડા મારે છે ત્યારે પણ પ્રભુ પહેલાં કશું જ બોલતા નથી. જ્યારે લાગ્યું કે હવે તે શાંત પડ્યો છે ત્યારે જ ઉપદેશરૂપે બે શબ્દ બોલ્યા કે "બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા." ચોથા ભાગના વાક્યથી ચાલે તો તેઓ આખું વાક્ય પણ બોલે તેમ નથી. 'ચંડકૌશિક' બોલ્યા તે તેનો પૂર્વભવ યાદ કરાવવા જ બોલ્યા છે. તેના પૂર્વભવમાં તેનું ચંડકૌશિક નામ છે, જે તેને યાદ કરાવવું છે.

જેની દૃષ્ટિમાત્રથી જ જીવ ભસ્મીભૂત થઈ જાય છે, પરંતુ પ્રભુને તેનાથી જરાપણ ગભરામણ નથી. પ્રભુ સ્થિર છે, ગંભીરતાથી ડગલાં આગળ ભરી રહ્યા છે. સાપને લાગે છે કે આ માણસને મારી હાજરીની કોઈ જ અસર નથી. આથી તે ખૂબ જ ચિડાય છે અને નજીક જઈને ડંખ મારી આઘો ખસી મોં સામે જોયા કરે છે. તેને થાય છે કે મારા ઝેરની અસર થવાથી આ વ્યક્તિ મારા પર પડશે તો હું દબાઈ જઈશ. પણ તેના બદલે તેને માટે અકલ્પ્ય બનાવ બન્યો. પ્રભુના દેહમાંથી લોહીના બદલે દૂધ નીકળ્યું. તેથી તે અતિ એકાગ્રતાથી વિચારે છે, ઊહાપોહ કરે છે. આમ તો પોતે પૂર્વભવનો સાધુનો આરાધક જીવ છે. ત્યાં તેણે તીર્થંકરની ભક્તિ કરી છે. તેથી અહીં પ્રભુને ધારી ધારીને જોતાં ઊહાપોહ થાય છે. અને બસ, તે જ વખતે પ્રભુ "બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા" આટલું બોલ્યા. અને વિચારો કે આ શબ્દ તેને કેવી અસર કરી ગયા ? આના દ્વારા મોક્ષ સુધીની તેની સાધના નક્કી થઈ ગઈ. આ વિનિયોગ છે. આમ, **વિનિયોગ પામેલા મહાત્માનો પરોપકાર કદી પણ નિષ્ફળ જાય નહીં, અને તેનાથી સામેનાને જે ભાવધર્મની પ્રાપ્તિ થાય તે અવિચ્છિન્નપણે મોક્ષે પહોંચાડે જ. આવા ઉત્તમ પરોપકાર કરનારા મહાપુરુષોનો મેળાપ થવો એ ઊંચું પુણ્યાનુબંધી પુણ્ય હોય તો જ સંભવે.** લાયક જીવને પણ પુણ્ય કાચું હોય તો તેને આવી સામગ્રીનો યોગ થાય જ નહીં. કુદરતમાં એવું નથી કે લાયક જીવ હોય તે તરી જ જાય.

**સભા :-** ભાવચારિત્રી પણ પડી શકે ?

**સાહેબજી :-** અગિયારમા ગુણસ્થાનકથી વીતરાગ પણ પડી શકે છે. તેમને કષાયો અંદર પડ્યા છે, જે તેમણે પુરુષાર્થ દ્વારા ઉપશમ કરીને શાંત પાડ્યા છે; પણ નિમિત્ત મળતાં જો ભવિતવ્યતા ખરાબ હોય, અને ભારે કર્મોનો ઉદય હોય, તો પડીને છેક તળિયે પણ જઈ શકે. માત્ર જે ક્ષાયિકભાવને પામ્યા છે તે જ આત્માઓને અંશમાત્ર પણ પડવાની સંભાવના નથી. વળી જેટલા ચડ્યા છે તે બધા જ પડે તેવો પણ નિયમ નથી. કોઈક જ પડે. તળિયે બેઠેલાને તો પડવાનો સવાલ જ ક્યાં આવવાનો છે? પતનની સંભાવના ચડનારને જ છે, છતાં તેમાં ઘણાં પરિબળો કામ કરે છે. પરંતુ **એક વખત મોક્ષમાર્ગમાં ચડેલો પડે તોપણ ફરી તે ઉપર ચડી ટોપ લેવલમાં જવાનો છે.**

તમારા સંસારમાં કરોડપતિ માણસ જો પોતાની મિલકત ગુમાવે તો ગેરંટી ખરી કે તે પાછો કરોડપતિ બનશે ? જ્યારે આ તો આધ્યાત્મિક મૂડી છે. એક વખત મૂળમાંથી જે આવરણ આત્માએ તોડ્યું છે, તેના પર ફરીવાર તેવું આવરણ થવાનું નથી, અને તે જ આત્માની બલવત્તા છે અને કર્મની નબળાઈ છે. જેમ ખાણમાંથી સોનું નીકળે પછી તેના પર પ્રક્રિયા કરીને તેને શુદ્ધ બનાવો, પછી કદાચ તેના પર ફરી મેલ જામે, પણ પહેલાં જેવો મેલ જામીને અશુદ્ધ તો ન જ થાય. તેની જેમ અધ્યાત્મના ક્ષેત્રમાં પણ કર્મ જામશે પણ તે ઉપરછલ્લાં જ લાગશે, જે તોડવાં બહુ જ સહેલાં છે.

**સભા :-** ચૌદપૂર્વી પણ નરક-નિગોદમાં જાય છે, તો તેમનો મોક્ષ ક્યારે ?

**સાહેબજી :-** તેવા આત્માઓ કદાચ દુનિયાનાં ભારેમાં ભારે પાપકર્મ કરે તોપણ વધુમાં વધુ અર્ધ પુદ્ગલપરાવર્તમાં તેમનો મોક્ષ નક્કી. આમ તો મોટે ભાગે તે પહેલાં જ મોક્ષે પહોંચી જાય છે, પરંતુ આ અંતિમ ગેરંટી છે. તળિયે જઈને જીવ બેસે તોપણ આટલા સમયમાં મોક્ષ નક્કી છે. વળી જો આવાં પાપ ન કરે તો જલદી પણ મોક્ષે જાય.

**સભા :-** અર્ધ પુદ્ગલપરાવર્ત કાળ પણ કેટલો બધો લાંબો કાળ છે !

**સાહેબજી :-** આપણે ભૂતકાળમાં આવાં અનંતાં પુદ્ગલપરાવર્તકાળ રખડ્યા છીએ. તેની પાસે તો આ અર્ધ પુદ્ગલપરાવર્તકાળ સાગરની સામે બિંદુ જેટલો પણ નથી.

હવે મૂળ વાત. ચંડકૌશિકના જીવને સાધુજીવનમાં ક્રોધ આવ્યો તે પણ આશ્ચર્ય છે. ગાઢ કર્મનો ઉદય આવ્યો અને પ્રબળ નિમિત્ત મળ્યું કે જેથી ક્રોધ આવી ગયો. તેમના માટે એવું બન્યું છે કે સાધુજીવનમાં તેમના પગ નીચે દેડકી મરી ગઈ છે ત્યારે, સાથેના બાલમુનિને તેની એટલી ભારે અસર થઈ કે તે વારે વારે પ્રાયશ્ચિત્ત માટે તેમને કહ્યા કરે છે. વારે વારે કહેવાથી તેઓ ખૂબ જ અકળાઈ ગયા, અને બન્યું પણ એવું કે તે જ વખતે તેમના આયુષ્યનો બંધ પડ્યો.

તેમનો ઈતિહાસ જાણવા જેવો છે.

તેઓ એ ભવમાં ગોભદ્ર નામના જૈનેતર ગૃહસ્થ હતા. પણ તે વખતની તેમની ઉત્તમ કક્ષા જેવા શ્રાવક પણ અત્યારે ઓછા મળે. તેઓ કરોડો રૂપિયા કમાઈ શકે તેમ છે, છતાં તેઓ સાદગીથી જીવે છે. મોટા મોટા શ્રીમંતો, શ્રેષ્ઠીપુત્રો, મંત્રી, શેઠિયાઓ ગોભદ્રની સલાહ લેવા આવતા. તેમની બુદ્ધિ-ચતુરાઈ ઘણી જ હતી. શાસ્ત્રનું તેમને અગાધ જ્ઞાન છે, માટે તે ખાલી સલાહનો ચાર્જ રાખે તોપણ કરોડપતિ થઈ જાય. છતાં તેમને સંતોષ છે. જ્યારે આવા મંત્રી-શેઠિયા બધા સલાહ લઈને જાય ત્યારે તેમને થાય કે "આટલી સત્તા, સંપત્તિ છે છતાં તેઓને અંદર શાંતિ નથી. ખાલી સારાં કપડાં પહેરીને સુંદર રથોમાં ફરે છે, પણ અંદરથી તો કેટલા રિબાય છે !" આમ વિચારતાં વિચારતાં ગોભદ્રને અંદરમાં વિરાગ થાય છે. એક વખત તેમને દેવી પ્રસન્ન થઈને કહે છે કે "તું માંગી લે. માંગે તે આપું." ત્યારે નિઃસ્પૃહતાથી તેઓ ના પાડે છે. હજી તેઓ જૈનધર્મ પામેલ નથી, પરંતુ તેમના બ્રહ્મચર્ય ગુણથી દેવી પ્રસન્ન થઈ છે. માટે વિચારજો કે જૈન બન્યા પહેલાં પણ તેમનામાં સદાચાર-સદ્ગુણો કેટલા હશે !

પછીથી જૈનધર્મને પામી દીક્ષા લઈ શાસ્ત્રો ભણીને સુંદર સંયમ પાળે છે. તેમાં એક વાર એવું બન્યું કે તેમને મોટા તપનું પારણું છે, માટે ગોચરીએ જઈ રહ્યા છે. તે વખતે રસ્તા પર ચાલતાં અનુપયોગથી એક દેડકી તેમના પગ નીચે આવીને મરી ગઈ. તે ઝડપથી ચાલી રહ્યા છે. તે વખતે નાના સાધુનો ઉપયોગ હતો, તેથી તેમને ખ્યાલ આવી ગયો. તેથી નાના સાધુ કહે છે કે "મહારાજ, આપના પગ નીચે દેડકી આવીને મરી ગઈ." ત્યારે આ મુનિ કહે છે કે "આ માર્ગ પર કેટલીય દેડકીઓ મરેલી છે, તે શું બધી મેં મારી છે ?" કારણ કે ત્યાં આગળ વરસાદ આદિના કારણે વાહનોની

અવરજવરથી ઘણી જ દેડકીઓ મરી ગયેલી હતી. ત્યારે બાલમુનિ કાંઈ બોલ્યા નહીં. પણ તેમણે આ નજરોનજર જોયું છે, માટે જ્યારે ગોચરી આલોવવાની આવી ત્યારે પાછું યાદ દેવડાવે છે. ત્યારે પણ તેમણે ખાલી સાંભળી લીધું, પણ પાપ આલોચ્યું નહિ. પછી જ્યારે ગુરુવંદન કરવા ગયા ત્યારે પણ પાછું નાના સાધુએ યાદ દેવડાવ્યું છે. તે વખતે પણ તેઓ કશું બોલ્યા નહીં. છેલ્લે પ્રતિક્રમણ કરતાં પાછું યાદ દેવડાવ્યું છે. આમ વારેઘડિયે યાદ કરાવે છે, તેથી આ મહાત્મા તપના કારણે ક્ષીણશક્તિવાળા હોવાથી ખિજાઈ ગયા છે.

**સભા** :- આલોચના કરી લેવામાં શું વાંધો ?

**સાહેબજી** :- તમે ભૂલ ના કરી હોય અને તમને કોઈ કહે કે આટલી આલોચના લઈ લો, તો તમે શું કહો ?

**સભા** :- પણ બીજાએ આ ભૂલ જોઈ છે ને ?

**સાહેબજી** :- હા, તમને કોઈ બીજા કહે કે તમે આ ભૂલ કરી છે, તો તમે માની લો ખરા ? વાસ્તવમાં જાત સાથે તુલના કરજો. જીવનમાં આવી સરળતા લાવવી સહેલી નથી. આપણે તો ખાત્રી સાથે ભૂલ કરી હોય ને કોઈ કહે તોપણ સહન કરી શકતા નથી, બાકી સરળતા લાવે અને આલોચના કરે તો સારું છે.

આ મહાત્માને અશુભ નિકાચિતકર્મ પણ ઉદયમાં આવ્યું અને તે જ વખતે આયુષ્યનો બંધ પણ પડ્યો છે. તે ભવમાં ઉત્તમ જીવ છે. આવો જીવ પડે તે આશ્ચર્ય કહેવાય. તેમને માટે આવું પતન અકલ્પ્ય ગણાય તેવી રીતે તે પડ્યા છે.

આ મહાત્માને તપના કારણે શક્તિ ઘટેલી અને તેમાં એક સરખું હેમરીંગ થવાથી આવેશ આવ્યો છે. માટે "દાંડો લઈને તેમને ઠોકું" એમ વિચારવાથી તે દોડ્યા છે. આથી અહિંસા મહાવ્રતના જે પરિણામ હતા તે પણ તેમનામાંથી ચાલ્યા ગયા છે. વળી તે વખતે સભાનતા નથી રહી કે "આ કરું છું તે ખરું છે કે ખોટું છે ?" માટે અવિવેક આવી જવાથી મિથ્યાત્વ પણ આવી ગયું. છતાં તે વખતે પણ તેમના આત્મામાં ઘણા ગુણો છે. લેશ્યા પણ શુભ છે. આ બાજુ મારવાના વિચારમાં દોડ્યા ત્યારે થાંભલો ભટકાયો અને લોહીલુહાણ થઈને ગબડી પડ્યા. અત્યારે એક સાધુને મારવાના વિચારમાં છે, એટલે હિંસાના ભાવ છે, છતાં બીજા ગુણો ઘણા છે. તેથી મરીને દેવલોકમાં ગયા.

કર્મે કેટલી સજા ફટકારી ? જો મહાત્મા સમ્યક્ત્વ ન ચૂક્યા હોત તો તેઓ વૈમાનિક દેવ થાત. પણ તેના બદલે આ જ્યોતિષી દેવ થયા. મરતી વખતે પ્રકૃતિ ઉત્તમ છે. તેથી શુભલેશ્યામાં છે માટે દેવગતિમાં ગયા છે. એક ભૂલ કરી માટે એક થપ્પડ આપી, પણ કાંઈ સીધા તિર્યંચ કે નરકમાં ન ગયા. તેઓ દેવલોકમાં ગયા પણ ત્યાં તેમના ક્રોધના સંસ્કાર ગયા નહીં. ત્યાં પણ આખો ભવ ક્રોધના સંસ્કાર ઘૂંટાયા, તેથી ઉત્થાન થયું નહીં. પણ સાથે ભૂતકાળની આરાધના આદિ કરેલ હોવાના કારણે મનુષ્યનો ભવ મળ્યો. કર્મે તેમને તક આપી, પરંતુ તે તક તેમણે ઝડપી નહીં. ત્યાં તેઓ તાપસ થયા અને તેમણે તપ-ત્યાગ-સંયમ બધું કર્યું, પણ ત્યાંય તેમનો ક્રોધ ગયો નહીં, અને ક્રોધ એવો રાખ્યો કે તેમનું નામ ચંડકૌશિક પડ્યું. આમ, ઘોર અશુભ લેશ્યા સાથે ક્રોધ ઘૂંટી ઘૂંટીને મરીને સાપ થયા. કર્મસત્તા યોગ્ય રીતે જ સજા કરે છે. સાપયોનિમાં પણ કર્મે કેવી જગ્યામાં મૂક્યા છે ? અહીંયાં જો તેમને પ્રભુ ન મળ્યા હોત તો તે મરીને નરકે જાત. પરંતુ સાધુપણામાં ભાવચારિત્રની આરાધનાથી પુણ્યાનુબંધીપુણ્ય બાંધ્યું, તે તેમને અત્યારે સહાય કરે છે. પણ ત્યાં સુધી પડવાનો તબક્કો છે માટે જીવ ગબડતો જાય છે. અલબત્ત પ્રભુએ વિનિયોગ કરી ચંડકૌશિકને તારી લીધો. હવે પ્રભુએ વિનિયોગ દ્વારા બીજરૂપે વાવેલો ધર્મ તેનામાં ઘટાદાર વૃક્ષની જેમ ખીલી ઊઠે છે. અહીં ઉત્કૃષ્ટ કક્ષાનો પરોપકાર કોને કહેવાય તે સમજવાનું છે.

જેમ ડૉક્ટર પૈસા લઈને દવા કરે તે પરોપકાર નથી, તેમ વળતર વગર પણ મજબૂરીથી દવા કરે, અને મનમાં પરોપકારભાવ ન હોય તોપણ પરોપકાર ન કહેવાય. તમારું જીવન નાના નાના એકેન્દ્રિય જીવોના બલિદાનથી ટકે છે. છતાં એ બધા જીવો શું તમારા ઉપકારી છે ? હા, તે તમારા ઉપયોગી છે. માટે ઝાડ-પાન આદિ એકેન્દ્રિય જીવો ઉપયોગી કહેવાય, પણ પરોપકારી ન કહેવાય; અને તેને ઉપકારી માનો તો અવિવેક કહેવાય. તમે શ્વાસોચ્છ્વાસ લો છો માટે જીવો છો. તેમાં વાયુકાયના જીવોનું બલિદાન છે, છતાં તે ઉપકારી ન કહેવાય. અન્ય ધર્મમાં વાયુ, પૃથ્વી, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, પાણી બધાને દેવતા માને છે. કારણ કે એના વગર કોઈ જીવી શકે તેમ નથી. તેથી તેઓ તેમને ઉપકારી દેવતા માને છે. પણ આ બરાબર નથી. જો આવું માનો તો પછી તાળા-ચાવી વગર પણ તમે જીવી શકો તેમ નથી, તો શું તેને પણ તમે પગે લાગશો ?

**સભા :-** દુકાને જાય ત્યારે તાળા-ચાવીને પગે લાગીએ છીએ.

**સાહેબજી :-** તાળા-ચાવીને પૂજ્યબુદ્ધિથી નમવું એ મહાબેવકૂફી છે. આને જ મિથ્યાત્વ કહ્યું છે. આપણે ત્યાં નદી, તળાવ, વૃક્ષ કશાની પૂજા નથી, જ્યારે અન્ય ધર્મમાં છે. આ અવિવેક છે. ખ્રિસ્તીધર્મમાં ઈશ્વરનો અંશ પોપ ગણાય છે, તે પોપ પણ પહેલાં ધરતીને ચુંબન કરે છે. કારણ કે સૃષ્ટિને ઈશ્વરનું સર્જન માને છે. પણ આપણા શાસ્ત્રકારોએ સ્પષ્ટ કહ્યું છે કે આ બધો ધર્મ નથી. વૃક્ષ-ધરતીને પગે લાગો તો પાપ લાગે. કેમ કે તેમાં પૂજ્ય તત્ત્વ નથી, તે અનુકંપ્ય છે - અનુકંપા કરવા લાયક છે.

**સભા :-** જિનમંદિરમાં જતાં પગથિયાંને નમસ્કાર કરે છે તે કરાય ?

**સાહેબજી :-** હા, કરાય, જિનમંદિર આખું પૂજનીય છે. ત્રણ લોકના નાથ જ્યાં બિરાજ્યા છે એવા જિનમંદિરનું પગથિયું પણ પ્રભુદર્શનનું સાધન બનશે. શુભભાવથી તે વાસિત થયેલું છે માટે પૂજ્ય છે. આમ તો ચરવળો પણ જડ છે, છતાં **આત્મકલ્યાણમાં જે સાધન બને તેને ઉપકારી મનાય. જ્ઞાન-દર્શન-ચારિત્ર જેમ પૂજ્ય છે, એમ તેમાં સહાયક સાધનો પણ પૂજ્ય છે.** તમે જિનમંદિરને જોતાંની સાથે હાથ કેમ જોડો છો? કારણ કે તે પરમાત્માનું સ્થાન છે. તેમ ગુરુની પાટ પ્રત્યે પણ બહુમાન રાખવાનું છે. શત્રુંજયને પગે લાગો છો, કારણ કે પરમાત્મા અને મહાસાધકોના શુભ પરમાણુથી તે વાસિત થયેલ છે, માટે પૂજનીય છે.

# ૫૦

તા.૨૦-૧૦-૯૫, શુક્રવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવમાત્ર પર શ્રેષ્ઠ પરોપકારની પ્રવૃત્તિરૂપે આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

ઊંચામાં ઊંચો પરોપકાર કરવો હોય તો એના માટે આદર્શ નમૂનો તીર્થંકર ભગવંતનું જીવન છે. તીર્થંકરોએ પોતે સાધના કરીને શાસન સ્થાપીને અનેક જીવો પર પરોપકાર કર્યો છે. તીર્થંકરે સ્થાપેલ શાસન દ્વારા અસંખ્ય જીવો મોક્ષે ગયા છે. પ્રભુ પૃથ્વીતલ પર વિચરતા હોય ત્યારે લાયકાત પ્રમાણે બધાને તેઓ ધર્મ પમાડે. વિશેષ જીવ હોય તે ધર્માચાર્ય-ગણધર બને, કોઈ જીવ તીર્થંકરનામકર્મ બાંધે ને ભાવિ તીર્થંકરપણું નિશ્ચિત કરે. આમ, **તીર્થંકરો જ જગતમાં મોક્ષમાર્ગની સનાતન પરંપરાના સર્જક છે. એટલે તીર્થંકરો શ્રેષ્ઠ પરોપકાર કરે છે.**

## વિવિધ પરોપકારોમાં વિનિયોગધર્મીનો શ્રેષ્ઠ પરોપકાર :

જેટલા પણ વિનિયોગધર્મને પામેલા આત્માઓ છે, એ બધાના જીવનમાં પણ શ્રેષ્ઠ પરોપકાર હોય છે. તેમની પાસે ગીતાર્થ કરતાં પણ વિશદ્ શાસ્ત્રજ્ઞાન હોય છે. પરોપકાર કરનારા જીવો ઉચ્ચતમ કક્ષાવાળા અને સક્ષમ હોય છે. કારણ કે પરોપકાર નામનો ધર્મ શક્તિસંપન્ન જ કરી શકે છે.

તમારી દૃષ્ટિએ ઊંચામાં ઊંચો પરોપકાર કયો ? પરોપકારમાં પણ ઘણી કેટેગરી હોય છે. આપણને મોટા કરવામાં મા-બાપનો ઉપકાર ખરો કે નહીં ? બાળક જ્યારે માંદો પડે છે ત્યારે બાળકની સેવા કરવા માટે મા આખી રાત જાગતી રહે છે. આવા નાના નાના ઉપકાર તમારા જીવનમાં હજારો થતા હોય છે. પણ એ મહાઉપકાર નથી, છતાં ઉપકાર તો ચોક્કસ છે.

**તમે નિઃસ્વાર્થભાવે કોઈનું કામ કરો અને સામે વળતરની આશા ન રાખો તો તે ઉપકાર કર્યો કહેવાય. જો સામે વળતરની ભાવના આવશે તો ઉપકારની ટકાવારી**

ઘટશે. વળી, દેવ-ગુરુની ભક્તિ કરવાની છે, ત્યાં ઉપકાર કરવાનો નથી. ત્યાં બદલાની ભાવના-ઇચ્છા ન ચાલે. જેમ તમારું કામ કોઈ કરી આપે અને તે વખતે તમારે બદલામાં કંઈક કરવાનું હોય, તો તમને તેના ઉપકારનો અહેસાસ થાય ખરો ? કારણ કે ત્યાં તમે જાણો છો કે સામો પૂરેપૂરો કસ લેવાનો છે. ત્યાં સહાયની ભાવના નથી, પણ વળતરની અપેક્ષા છે. વળતરની અપેક્ષા વિના સહાયની ભાવના હોય તો ઉપકાર ગણાય છે.

અત્યારે તમારી માનસિક સ્થિતિ એવી છે કે તમારો ભાઈ માંદો પડે ત્યારે તમે સેવા ચાકરી કરો, અને જો તમે માંદા પડો ને ભાઈ તમારા ખબરઅંતર ન પૂછે તો અકળાઈ જાઓ. તમે કોઈના પણ માટે કાંઈપણ કરો છો તેમાં તમને પ્રાયઃ અપેક્ષા હોય જ છે. મોટે ભાગે તમારા કુટુંબોમાં મતભેદ અને ઝઘડાનું કારણ આ જ અપેક્ષા હોય છે. અપેક્ષા ન સંતોષાય ત્યારે તમે બોલો કે આ બધા તો ખાલી નામના સગા છે. જેટલો ઊભરો નીકળે તેટલો ઠાલવો ને ? પરંતુ ખરો મૈત્રીભાવ ઘરમાંથી જ ચાલુ કરવાનો છે. તમારા સ્વાર્થી સ્વભાવનો પરચો તો ઘરવાળાને જ મળે. કેમ કે રસ્તે ચાલતા માણસનું ખરાબ થાય કે સારું થાય તેમાં તો તમને કાંઈ વાંધો હોતો જ નથી. તમારા મનોભાવનું પ્રતિબિંબ રોજ એની સામે પડે કે જેની સાથે તમારે રહેવાનું છે.

આપણે ત્યાં પરોપકારને ધર્મ કહ્યો છે, જે નાના નાના પરાર્થથી ચાલુ થાય છે અને શ્રેષ્ઠ પરોપકારને વિનિયોગ નામનો ભાવધર્મ કહ્યો છે. તમે કોઈપણ જાતનો પરોપકાર કરો ત્યારે સામે વળતરની ભાવના ત્યાગવાની છે. **તમારી બદલાની ભાવના એટલી રૂઢ થઈ છે કે તમે તો ભગવાનની ભક્તિ કરતાં પણ સામે વળતરની આશા રાખો છો. અત્યારે તમારી માનસિક પરિસ્થિતિ એવી છે કે "આપણે બધું મફતનું ચાલે, પણ આપણે કોઈને મફતનું આપવા તૈયાર નથી" અને આ વૃત્તિના કારણે આપણામાંથી પરોપકારની ભાવના નાબૂદ થઈ જાય છે. પરોપકારનાં ઘણાં જ સ્તર છે. જેમ મા-બાપની દીકરો ભક્તિ કરે પણ જો તેને અપેક્ષા આવે તો એ ભક્તિ તેની સાચી ભક્તિ બનતી નથી, તો પછી ભગવાનની સામે તમે જો બદલાની અપેક્ષા રાખો તો વિચારજો કે એ તમારી વૃત્તિ કેટલી હીન કહેવાય ? ખરેખર સંકલ્પ કરવા જેવો છે કે મા-બાપની અને દેવ-ગુરુની ભક્તિ કોઈપણ જાતના બદલાની ભાવના વગર જ કરીશ.** બોલો કરવો છે સંકલ્પ ?

કોઈ દીકરો બાપની ખડે પગે સેવા કરતો હોય, કારણ કે બાપ પાસે અનુકૂળ Will (વસિયતનામું) લખાવવું છે, તેથી તેમને ખૂબ જ રાજી રાખતો હોય. જો પોતે ખુશ ન રાખે તો બીજાનું કામ થઈ જાય તેમ હોય, ત્યાં નજર મિલકત સામે છે, તેથી તે ગમે તેટલી મા-બાપની સેવા-ચાકરી કરે, તોપણ તે ચાકરીની કેટલી કિંમત ? જે દિવસે તેને લાભ ન દેખાય ત્યારે તે મા-બાપને પણ પડતાં મૂકશે. બસ, બાપનું બધું કબજામાં આવી જાય પછી બાપને પણ ઉલાળિયાં કરશે. માટે જ અત્યારે મોટાભાગનાં મા-બાપ પાછલી ઉંમરે જ વીલ કરે છે, અને તે પણ ગુપ્ત રાખે છે; અને કદાચ જણાવે ને જો કડવા અનુભવ થાય તો વીલ બદલી નાંખે છે. તમારા સંસારનો આ નગ્ન ચિતાર છે. જેને તમારા માનીને આખી જિંદગી રાખ્યા એ જ આવું કરે છે. માટે ઘણા તો વીલમાં એવું પણ લખે છે કે અમારા જીવતાં નહિ પણ મર્યા પછી તેને મળે. આમાં કારણ એ કે વિશ્વાસ નથી, તમારો આખો સંસાર give & take (આપ-લેના વ્યવહાર)થી જ ચાલે છે, પરોપકારથી ચાલતો નથી. તમે મા-બાપને સુખી રાખવા છે એવા નિઃસ્વાર્થભાવથી સેવા નથી કરતા. જો એ ભાવથી તમે કરો તો ચોક્કસ પુણ્ય બંધાય. પરંતુ અત્યારે તમારામાં સહાય અને ઉપકારની ભાવના છે જ નહીં, માટે જ તમને અશુભ કર્મ બંધાતાં હોય છે. જેમ દીકરો માંદો પડે ત્યારે મા આખી રાત જાગીને સેવા કરતી હોય છે, પણ તેમાંય પરોપકારની ભાવના આવતી નથી; કારણ કે એ સાજો થાય ને મારી અપેક્ષા પૂરી કરે એવા જ ભાવ હોય છે. આમ, મોટે ભાગે પરોપકારની ભાવના લુપ્ત થઈ ગઈ છે.

જ્યારે તમને કોઈએ વળતરની ભાવના વગર સહાય કરી ત્યારે તમારે તેનો ઉપકાર માનવો જ પડે, અને એ માનો તો જ તમારામાં કૃતજ્ઞતાનો ગુણ ટકે. મા-બાપ પ્રત્યે પણ નિઃસ્વાર્થ ભક્તિની ભાવના રાખવાની છે, તો પછી ભગવાન પ્રત્યે તો નિઃસ્વાર્થ ભક્તિ જ કેળવવી યોગ્ય છે, ત્યાંથી કોઈ જાતની ભૌતિક અપેક્ષા હોવી જોઈએ નહીં. પણ અત્યારે આપણા જૈનો ગમે ત્યાં રખડે છે, જેનાથી કામ થયું તેના પર ઓવારી જાય છે. વીતરાગ પરમાત્માનાં દહેરાસર છોડીને બીજે ભક્તિ કરનારા જૈનો ઘણા છે. **વિકારપૂર્તિ માટે ધર્મને સાધન બનાવનારા જીવો સાચો ધર્મ કરવાને લાયક નથી.**

**સર્વધર્મસહિષ્ણુતા આદિ ત્રણ કક્ષા :**

**સભા :-** અમે તો સર્વ ધર્મને સમાન માનીને બધે જનારા છીએ.

**સાહેબજી :-** તમને બધા ધર્મ સરખા અને સાચા ન લાગવા જોઈએ. આપણા શાસ્ત્રમાં ત્રણ કક્ષા આવે છે (૧) સર્વધર્મસહિષ્ણુતા, (૨) સર્વધર્મસમન્વય અને (૩) સર્વધર્મસમભાવ. જો કે અત્યારે આપણા માટે સર્વધર્મસમભાવનું સ્ટેજ નથી, પણ સર્વધર્મસહિષ્ણુતાનું સ્ટેજ છે. અર્થાત્ બધા ધર્મ પ્રત્યે સહિષ્ણુતાનો ભાવ રાખવાનો છે. તમને સર્વ ધર્મ જો સરખા લાગે તો હું માનું કે તમારું ચસકી ગયું છે. કારણ કે બધા ધર્મો પરસ્પર વિરોધી અનેક વાતો કરે છે.

એક અહિંસાને ધર્મ કહે છે, જ્યારે બીજો હિંસાને ધર્મ કહે છે. એક માંસાહાર અને રાત્રિભોજનને પાપ કહે છે, જ્યારે બીજો માંસાહાર અને રાત્રિભોજનને પાપ માનતો નથી. છતાં કોઈ એમ કહે કે બધા ધર્મ સાચા ને સરખા, તો એ ચક્રમ જ કહેવાય. જેમ એક માણસ કહે કે હું બોલું પણ છું અને મૌન પણ છું, તો તેને શું કહેવાય? બસ, એવી જ આ વિરોધાભાસી વાત છે.

હા, બધા ધર્મમાં જેટલું સારું હોય એનો તટસ્થતાથી સ્વીકાર કરીએ, છતાં તેને સરખા તો ન જ કહેવાય. ઘણી વખત આવું બોલનાર વ્યક્તિ જો સંઘનું નેતૃત્વ કરે તો ઘણું નુકસાન થતું હોય છે. વર્તમાનમાં સમન્વય અને સમભાવના નામથી ધર્મ અને અધર્મનો શંભુમેળો કરાય છે. વાસ્તવમાં સમતાનું સ્ટેજ આવે ત્યારે જ ધર્મ અને અધર્મમાં સમાન ભાવ કરાય, જે અત્યારે આપણા માટે નથી. આ ઉપલી કક્ષાનું સ્ટેજ છે.

સમતામાં તો આત્મા અને પરમાત્મા વચ્ચે પણ તફાવત નથી. એને તો સ્વમાં જ નિરંજન-નિરાકારનાં દર્શન થાય. તેને તો સાક્ષાત્ તીર્થંકર મળે તોપણ એ પગે ન લાગે. જેને પોતાના આત્મામાં જ પરમાત્મતત્ત્વનું દર્શન થાય એ બીજાને પગે ન લાગે. આ ઊંચા સ્ટેજની વાત છે. અત્યારે આપણે એ વાત કરીએ તો તદ્દન બેહૂદી લાગે.

અમે જ્યારે ભણતા હતા ત્યારે પાઠ આવતો કે "આત્મા સો પરમાત્મા". આ આખા પાઠમાં ધર્મની ઠેકડી હતી. એક વેદાંતમતનો અનુયાયી સૌની સાથે

પરમાત્મા તુલ્ય વ્યવહાર કરે તેથી સંતને પણ ભગવાન તરીકે પૂજે, અને બાજુમાં કૂતરું આવે તો તેમાં પણ ભગવાનનાં દર્શન કરીને બહુમાનથી પગે લાગે. આ એક પ્રકારનું ધર્મના નામે ગાંડપણ છે. આવો બધા આત્મા સાથે સમાન વ્યવહાર કરો તો પાપ લાગે. સમાજની સુવ્યવસ્થા નાશ પામી જાય. એક તપસ્વી શ્રાવક અને એક સામાન્ય શ્રાવકમાં ભેદ ખરો કે નહીં ? જેમાં જેવા ગુણ તેવું બહુમાન કરવાનું છે, અત્યારે તો ગુણ અનુસારે ભેદભાવ માનવાનો-સ્વીકારવાનો અને આચરવાનો છે.

હવે દિવાળી પછી આમાં વિશેષ વિચારીશું.

# ૫૧

તા.૩૦-૧૦-૯૫, સોમવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ શ્રેષ્ઠ પરોપકારની પ્રવૃત્તિરૂપે આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

આ જગતમાં કોઈપણ જીવ ઉપર ઊંચામાં ઊંચો ઉપકાર કરવો એટલે તેને મોક્ષમાર્ગનું પ્રદાન કરવું તે છે. પાંચે ભાવધર્મમાં વિનિયોગભાવધર્મ પામેલા આત્મા જ આ ઉપકાર ઉત્કૃષ્ટ રીતે કરી શકે છે, તે જ આત્માને શ્રેષ્ઠ ઉપકાર કરવાનો અધિકાર છે. **આ કુદરતમાં એવો નિયમ છે કે જે તમારી પાસે હોય તે જ તમે દાનમાં આપી શકો. પરોપકાર-દાન એ એવી વસ્તુ છે કે જે તમારે પરોપકાર-દાનમાં આપવાનું છે તેને પહેલાં પામવું પડે, તેના પર તમારું આધિપત્ય-વર્ચસ્વ હોવું જોઈએ. તેમાં ધર્મનું દાન એટલે ધર્મ પમાડવારૂપ પરોપકાર કરતાં પહેલાં પોતાના આત્મામાં તે ધર્મને સિદ્ધ કરવો પડે.**

અમે સાધુઓ ધર્મ જાણતા હોઈએ, તમને સમજાવતા હોઈએ, પણ એ ઉપદેશ દ્વારા કહેલો ધર્મ હજી અમે જીવનમાં સંપૂર્ણપણે આત્મસાત્ કર્યો નથી. સમત્વની ભૂમિકામાં સ્થિર થયેલા આત્મા જ આ કરી શકે છે. **મોક્ષમાર્ગની ભૂમિકામાં સમતા સુધીનો ધર્મ શાસ્ત્ર દ્વારા પામી શકાય છે. જ્યારે તેના પછીની સાધના તો આંતરસૂઝથી પામવાની છે.** શાસ્ત્રનો વિષય તો સમત્વયોગ સુધીનો જ છે. સર્વ શાસ્ત્રોના વિશારદ પણ સમતા સુધીની સાધનાનું જ શબ્દોથી વિશદ વર્ણન કરી શકે.

સાધનામાર્ગમાં, ઉપદેશ દ્વારા પામી શકાય કે પમાડી શકાય તેવો આરાધનાનો માર્ગ, સમતા સુધીનો જ છે. અમારે શાસ્ત્ર દ્વારા પામવા યોગ્ય હજુ ઘણું પામવાનું બાકી છે. પરંતુ અમારે શાસ્ત્રના ઉપદેશ દ્વારા મેળવવા યોગ્ય સમતા સુધીની ભૂમિકાઓ છે, તેમાંથી અનેક ભૂમિકાઓ અમારે સર કરવાની બાકી છે. તેથી વધારે લાયકાતવાળો જીવ આવે તોપણ અમે પૂર્ણ રીતે પમાડી શકીએ નહીં. સારાંશ એ છે કે **સર્વ શ્રેષ્ઠ પરોપકાર કરવાનો અધિકાર વિનિયોગભાવધર્મ પામેલાને જ છે, કેમ કે તેમણે શાસ્ત્રના ઉપદેશને ગ્રહણ કરીને પોતાના આત્મામાં ધર્મને સિદ્ધ કર્યો છે.**

વર્તમાનમાં એક મહાત્મા પણ જો આવા હોય તો આખા સંઘની રોનક બદલાઈ જાય. અત્યારે સિદ્ધિભાવધર્મવાળા પણ એકેય મહાત્મા નથી, તો પછી વિનિયોગની તો વાત જ ક્યાં કરવી ? પરંતુ જે કાળમાં તેઓ વિચરતા હોય ત્યારે તેમના સાંનિધ્યમાત્રથી લાયક જીવો પામી જાય, અને તેમની દેશના પણ અમોઘ હોય છે. માટે જે જીવોને આવા મહાત્માની પ્રાપ્તિ થાય તેઓનો બેડો પાર થઈ જાય. આવા મહાત્માઓનું અસ્તિત્વમાત્ર જ જગતને આશીર્વાદરૂપ છે.

**સભા :-** તીર્થંકરો આ ભૂમિકામાં ઉપદેશ આપે ?

**સાહેબજી :-** સામાન્ય રીતે ન આપે, જિનકલ્પીઓ ઉપદેશ આપે છે. **તીર્થંકરો દીક્ષા પછી મૌન સેવે છે, પણ લાયક જીવ હોય તો તે જીવને તેજીને ટકોરા જેવો માર્મિક ઉપદેશ આપે છે.** દીક્ષા પહેલાં પાર્શ્વનાથ ભગવાને કમઠને ઉપદેશ આપવાનો પ્રયત્ન કર્યો છે. જો કે તેમને ખબર છે કે આ લાયક જીવ નથી, પણ તેના ઓઠા નીચે બીજા કેટલાય જીવો ધર્મ પામી ગયા.

**સભા :-** દીક્ષા પહેલાં આપેલ આ ઉપદેશ દ્રવ્યવિનિયોગ કહેવાય ?

**સાહેબજી :-** હા, દ્રવ્યવિનિયોગ જ કહેવાય, કારણ કે તેમને હજુ ભાવચારિત્રની ભૂમિકા પામવાની બાકી છે. જે ગૃહસ્થપણામાં આવો ઉપદેશ આપી શકે તે દીક્ષા પછી તો અવશ્ય આપી શકે, પણ કેવલજ્ઞાન થયા પહેલાં તીર્થંકરો વિશદ્ મોક્ષમાર્ગનું વર્ણન ન કરે, છતાં યથાકિંચિત વિનિયોગ કરતા હોય છે. આવા ગુરુ જેને મળે તે જીવ જો લાયક હોય તો ચોક્કસ તેનો ઉદ્ધાર થઈ જાય.

**સભા :-** છેલ્લે જિનકલ્પી ક્યારે થયા ?

**સાહેબજી :-** હજારો વર્ષ પહેલાં જિનકલ્પી હતા. સમતાની ભૂમિકા આજે વિચ્છેદ છે. સંપૂર્ણ નિરતિચાર ચારિત્ર પણ અત્યારે શક્ય નથી. પાંચમા આરાની શરૂઆતમાં આવા મહાપુરુષો હતા. લાયક જીવો તો તેમનાં દર્શનમાત્રથી પાવન થઈ જાય, વાઘ-સિંહો પણ પામી જાય. જ્યારે આવા મહાત્મા સિંહની ગુફા પાસે ધ્યાનમાં ઊભા રહે, ત્યારે વાઘ-સિંહ પણ પાળેલા કૂતરા જેવા થઈ જાય. સમતા પામેલ જીવનો અચિંત્ય પ્રભાવ પડે જ. કારણ કે સમત્વયોગવાળો આત્મા અદ્વિતીય મનોબળવાળો હોય છે. જગતની કોઈ તાકાત તેમના મનને ચલિત કરી શકે નહીં. તેમના મનમાં હરખ-શોક-રતિ-અરતિ જગાડવાની તાકાત કોઈનામાં નથી. કોઈપણ સંજોગોની તેમના પર અસર થવાનો સવાલ જ નથી. તેમના

મનમાં ક્યાંય અસમાનતા આવે જ નહીં, અર્થાત્ જીવમાત્ર-વસ્તુમાત્ર પ્રત્યે સમાન ભાવ જ હોય, તો જ સમતા આવે.

તેમને આકર્ષણ-અપાકર્ષણ હોય નહિ. ચોસઠ ઇન્દ્રો કે બધા દેવતા એક સાથે ભેગા થાય તોપણ આવા મહાત્માને ધ્યેયથી ચલાયમાન કરી શકે નહીં. તેમના મનમાં વિકલ્પરૂપે રાગ-દ્વેષ જગાડી શકે નહીં. વિચારજો, કેટલો વીલપાવર હશે! જેનો વીલપાવર જોરદાર હોય તે બીજાના મન પર જબરદસ્ત પ્રભાવ પાડી શકે છે. આ વાત તો વિજ્ઞાન પણ માને છે. અમારી દૃષ્ટિએ તો આવા મહાત્માના સાંનિધ્યમાત્રથી વાઘ-સિંહ શાંત થઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

અત્યારે તમારી બાજુમાં એક પથરો પડે તોપણ તમે ગભરાઈ જાઓ ને? તમે ભયના ઓથાર નીચે જ જીવો છો. અત્યારે તમારે કેટલા પ્રકારના ભયો છે? જ્યારે સમતામાં રહેલાને કોઈ ભય નથી. તેમને સ્મશાનમાં, નગરમાં, ચોરની પલ્લીમાં કે વાઘ-સિંહ વચ્ચે કે મડદા વચ્ચે ક્યાંય પણ મૂકો, તો તેમનું રૂંવાડુંય ફરકે નહીં. તેમને જીવનનો મોહ નથી, મૃત્યુનો ભય નથી. તેમની પાસે વાઘ-સિંહ પણ કૂતરા-બિલાડા જેવા થઈ જાય તેમાં નવાઈ નથી. કારણ કે તેમનું સત્ત્વ અદ્વિતીય છે.

આ કાળમાં ધર્મીનાં મનોબળ નબળાં હોય છે, જ્યારે દુષ્ટોનાં મનોબળ મક્કમ હોય છે. દુષ્ટોના જેવી સાહસિકતા-હિંમત તમે ન કેળવી શકો. તેઓ તો માથું હાથમાં રાખીને જ પાપો કરતા હોય છે. તેમનામાં દુષ્ટતા કરવા જે લેવલની સાહસિકતા હોય છે, તેના કરતાં સમતામાં રહેલા મહાત્માની સાહસિકતા-સત્ત્વ કઈ ગણું અધિક હોય છે. તેમનો એક એક શબ્દ સામેવાળાને ધારદાર અસર કરતો હોય છે. આવા મહાત્મા જેને મળી જાય તે તેની લાયકાત પ્રમાણે પામી જ જાય. આવા મહાત્માનો પરોપકાર કદી નિષ્ફળ જાય નહીં. તે શ્રેષ્ઠ ફળને આપ્યા વગર રહે જ નહીં. શ્રેષ્ઠ પરોપકાર કરવા માટે આ ભાવધર્મવાળા જ સમ્યગ્ અધિકારી છે.

મોક્ષે જતાં પહેલાં આપણે પણ આ ભાવધર્મને પામવાનો છે. **ઉત્કૃષ્ટ પરિષહ આવે કે ન આવે પણ તમામ પરિષહને સહન કરવાની ક્ષમતા જ્યાં સુધી ન આવે ત્યાં સુધી જીવ ક્ષપકશ્રેણિ માંડી શકે નહીં.**

અત્યારે આપણને સંયોગોની શુભ અસર ઓછી થાય છે, પણ અશુભ અસર વધારે થાય છે. તમારાથી સાધનામાં થોડા વધારે આગળ વધેલાને શુભ અસર વધારે થાય છે અને અશુભ અસર ઓછી થાય છે. જ્યારે આ મહાત્માઓ

તો બધામાં સ્થિર, પ્રશાંત, નિર્લેપ હોય છે. તેમને એક પણ વાતની શુભ કે અશુભ અસર થતી નથી.

## ઈલાચીકુમારને સમત્વયોગની પ્રાપ્તિ :

**સભા :-** ઈલાચીકુમાર કઈ રીતે આ ભાવને પામ્યા ?

**સાહેબજી :-** તેઓ સ્વયં પુરુષાર્થથી આ ભાવને પામ્યા છે. આ જીવ પૂર્વભવમાં મહાત્મા છે. તે જન્મોજન્મથી આરાધના કરનારો જીવ છે, પરંતુ પૂર્વભવમાં જરા નિમિત્ત મળતાં અશુભ અસરમાં લેવાઈ ગયા. આ નૃત્ય કરતી નટડી તેમના આગલા ભવની પત્ની છે. તે ભવમાં તેઓ અતિશય સુખી દાંપત્ય જીવનવાળા હતા. પછીથી તેમને મહાત્માના પરિચયથી વૈરાગ્ય થયો અને તે બંનેએ દીક્ષા લીધી. તે બ્રાહ્મણ કુટુંબના હતા. તેમનાં પત્ની ખૂબ જ રૂપાળાં હતાં. દીક્ષા પહેલાં તેમને પત્ની પ્રત્યે ખૂબ જ અનુરાગ હતો. હવે દીક્ષા લીધા પછી વિચરતાં વિચરતાં પત્નીસાધ્વીને મળવાનું બને છે. તે વખતે આગળના અનુરાગનો ઈલાચીકુમારના જીવને ઉદય થયો, છતાં તેમણે સાધુજીવનમાં કાંઈ અનુચિત વર્તન કર્યું નથી. પણ એવો ભાવ આવી ગયો કે પાછો સંસારમાં જાઉં. પત્નીસાધ્વીને ખબર પડી ત્યારે થયું કે આ તો હું તેમના પતનમાં નિમિત્ત બનીશ. માટે તેઓ ખસી ગયાં. પછી તો આ મહાત્મા આરાધનામાં આગળ વધી અનશન કરી દેવલોકમાં ગયા. આમને પત્નીનો અનુરાગ થયો છે, જ્યારે પત્નીને મનમાં કુળનો ગર્વ રહ્યો છે કે અમારું કુળ ઘણું જ ઊંચું છે. અંદરમાં આ ભાવ રહ્યો છે, પણ કોઈને તેમણે હલકા ચીતર્યા નથી. અત્યારે પણ અનેકોના મનમાં આવા ભાવો રહ્યા હોય છે.

**સભા :-** આવો ભાવ થયો છતાં દેવલોકમાં ગયાં ?

**સાહેબજી :-** હા, તેમણે સંયમની આરાધના કરી હતી માટે દેવલોકમાં ગયાં. ત્યાં ધર્મસામગ્રી પણ મળી છે. તેમના જીવનમાં દોષ પ્રગાઢતાથી સેવાયો નથી, પરંતુ દોષ સમજાય તો તૂટી જાય તે રીતે સેવાયો છે. છતાં મિથ્યાત્વના પ્રભાવે ગાઢ ચારિત્રમોહનીયકર્મ અમુક કાળ સુધીનું બાંધ્યું છે. કારણ કે **મિથ્યાત્વમાં દોષના ફળમાં ગુણાકાર કરવાની તાકાત હોય છે, સમકિતમાં દોષના ફળમાં ભાગાકાર કરવાની તાકાત હોય છે.** આ બાજુ તેમની પત્નીએ કુળમદથી નટડી થવાનું કર્મ બાંધ્યું છે, જે નીચગોત્રરૂપ હોવાથી સમકિતની હાજરીમાં ન બંધાય. આરાધક જીવને પણ સમકિત ટકાવવું કેટલું દુષ્કર છે તેનો આ નમૂનો છે.

ધર્મના ક્ષેત્રમાં આવનારને પણ જો સાવધાન ન હોય તો આવા નાના નાના દોષો પાછલા બારણે ઘૂસી જાય છે. જેમ તમે ઠાઠથી પૂજા કરતા હો તો તમને થાય કે આપણા જેવી પૂજા કરનાર કોઈ નથી, હું કરું છું તે જ શ્રેષ્ઠ છે. આ રીતે જ પૂજા તો કરવાની હોય. બસ, આ ભાવ આવ્યો એટલે અહંકાર આવી ગયો, અને આ ખામી જો પોતાને સ્વયં ન દેખાય તો મિથ્યાત્વ આવી જાય. **દોષનું દોષ તરીકે ભાન ન થાય તો મિથ્યાત્વ નિશ્ચિત છે. સમ્યક્ત્વમાં આંતરિક સભાનદશા તો જોઈએ જ.** તેમની પત્નીને ગર્વ આવ્યો તેનો ખ્યાલ ન રહ્યો, માટે તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું નહીં. આ મિથ્યાત્વના કારણે તેમને નીચગોત્ર બંધાયું, એટલે દેવલોકમાંથી ચ્યવીને તેઓ નટડી થયાં.

આ બાજુ ઈલાચીકુમાર મહાધનાઢ્ય શ્રેષ્ઠીને ત્યાં પુત્ર તરીકે જન્મ્યા છે. તેમનો જન્મ ઘણા મનોરથ-માનતા પછી થયો છે, માટે ફૂલની જેમ ઊછર્યા છે. બુદ્ધિ-રૂપ-ચતુરાઈ-સંપત્તિ ઘણી જ છે. સામે ચાલીને રૂપાળી કન્યાઓનાં માગાં આવે છે. છતાં ભૂતકાળની ચારિત્રની આરાધનાના પ્રબળ સંસ્કારો છે, તેથી ભરયુવાનીમાં પણ કામ-ઉન્માદ-વિકારો કે તોફાન નથી. આ આગલા ભવની આરાધનાનું ફળ છે. તેમને સંસારમાં રસ નથી. પરંતુ મોહથી તેમના માતા-પિતાને થાય છે કે આ કોઈ રીતે સંસારમાં રસ લેતો થાય તો સારું. એટલે સંસારરસિક મિત્રોને તેમની આજુબાજુ ગોઠવેલ છે, જે તેમને એક વખત આગ્રહથી નાટ્યકલા જોવા લઈ જાય છે. એ જ નગરમાં એક મહાકલાકાર છે, જે નૃત્યશાસ્ત્રમાં મહાવિશારદ અને પારગામી છે. તેને એક અત્યંત પ્રિય દીકરી છે. રાજકન્યાને શરમાવે તેવું તેનું રૂપ છે. તેનામાં બુદ્ધિ-ચતુરાઈ-લાવણ્ય-રૂપ-કલા બધું અપ્રતિમ છે. ઈલાચીકુમાર આ નટડીને જોઈને એવો મોહિત થઈ ગયો કે ત્યાંથી તેને ખસવાનું મન થતું નથી. કારણ કે આગલા ભવનું ગાઢ ચારિત્રમોહનીયકર્મ ઉદયમાં આવ્યું છે. માટે ઘરે આવીને મા-બાપને કહે છે કે પરણીશ તો હું આને જ પરણીશ. વળી બેકગ્રાઉન્ડ તરીકે તેને કશી જ ખબર નથી, પણ પૂર્વનો અનુરાગ તેને ફંદામાં ફસાવે છે. મા-બાપ તો આ અણધાર્યા સમાચાર સાંભળીને મૂર્છિત થઈ ગયાં છે. ઈલાચીને તેની સાથે ન પરણવા ઘણું જ સમજાવે છે. પણ તે તો કહે છે કે "જો મને સુખી કરવો હોય તો આની સાથે જ પરણાવો." પછીથી ન છૂટકે માતા-પિતા માને છે અને નટડીના બાપને વાત કરે છે. તેનો બાપ પણ કાંઈ ઓછો નથી. તે કહે છે કે "અમારી કલાનો વિશારદ થઈને દુનિયામાં રાજા પાસેથી નામના મેળવે

તો જ તેને મારી કન્યા પરણાવું. માત્ર શ્રીમંત હોવાથી તમારા પુત્રને મારી કન્યા ન આપું." ઈલાચીકુમાર આ કડક શરત સ્વીકારી ધન-સંપત્તિ-ભોગ-માબાપ બધું જ છોડીને નાટ્યકલામાં વિશારદ થવા આની સાથે ચાલી નીકળ્યો.

ભારે કર્મ ઉદયમાં આવે એટલી જ વાર છે. મોહના આવરણના કારણે ઉત્તમ પુરુષોને પણ આવી દશા થોડી વાર રહે છે, પણ પાછું શુભ નિમિત્ત મળતાં પૂર્વભવની આરાધનાના કારણે આગળ આવતાં પણ વાર લાગતી નથી. ઈલાચીકુમારે માત્ર એક સાધુ મહાત્માને વહોરતાં જોયા છે. તમને આવાં કેટલાં નિમિત્ત મળે છે ? પણ તમને શું અસર થઈ ? કારણ લાયકાત હજી ઓછી છે.

આ બાજુ ઈલાચીકુમાર પેલા મહાન નાટ્યકારના માર્ગદર્શનમાં રહીને વર્ષોની સાધનાથી નૃત્યકલામાં ખૂબ જ પારંગત થયેલા છે. ત્યાર બાદ એક વખત રાજા અને નગરજનો સમક્ષ આ કલાનું વારંવાર પ્રદર્શન કરતાં તેઓ ખૂબ જ થાકેલા છે, પરંતુ હજી રાજા તરફથી તેમને પ્રશંસા કે પુરસ્કાર મળ્યાં નથી. તેથી રાજસન્માન મેળવવા પોતાની કલાપ્રદર્શનનો સર્વોત્કૃષ્ટ તબક્કો ગોઠવ્યો છે. વાસ્તવમાં રાજા અને પ્રજા આમ તો તેની કલા પર મંત્રમુગ્ધ છે, પરંતુ રાજા પણ તે જ નટડી પર આસક્ત થયો છે. તેથી પરસ્પર અનુરાગવાળા નટડી અને નટ એ બેમાંથી નટ એવા ઈલાચીકુમારનું મૃત્યુ ઇચ્છે છે. તેથી આ નટ જો થાકીને માંચડા ઉપરથી પડીને મરી જાય તો આ નટડી મને મળે, તેવા અશુભ સંકલ્પથી તેનાં વખાણ કરતો નથી.

અત્યંત શ્રાંત થયેલા ઈલાચીકુમારને થાય છે કે, હું એક નટડીના મોહમાં કેટલો ખુવાર થાઉં છું ! હવે તે જ વખતે યોગાનુયોગ સામે રહેલા મહાલયના આંગણામાં સોળ શણગાર સજેલી રૂપાળી પદ્મિનીતુલ્ય સ્ત્રી મોદકનો થાળ લઈને ઝૂકીઝૂકીને સાધુ મહાત્માને વહોરવા આગ્રહ કરી રહી છે. પરંતુ મહાત્મા તો વહોરતા નથી, અને પોતાની મર્યાદાપૂર્વક ઊંચી આંખ કરી તેના દેહ-રૂપને જોતા પણ નથી. વળી મહાત્મા પણ ભરયુવાનીમાં છે. સામે ભક્તિ-આદર બધું હોવા છતાં દૃષ્ટિપાત પણ કરતા નથી. ત્યારે ઈલાચીકુમારને થાય છે કે તે પણ યુવાન છે, હું પણ યુવાન છું. પણ હું કેટલો મોહમાં ફસાયો છું ! ધિક્કાર છે મને ! જ્યારે આ મહાત્મા કેવા નિર્વિકારી છે ! બસ, આ નિમિત્ત મળતાં જ તેમને આંતરિક ચિંતન ચાલુ થયું. આમ પણ અંદર તો બધું ભરેલું છે. કારણ કે તેઓ ૭૨ કલાને ભણેલા છે. ૭૨ કલામાં ષડ્દર્શન પણ આવી જાય. તેથી ચિંતનમાં ચઢતાં ઘણા આગળ

નીકળી ગયા. પછી તો નવો નવો બોધ થતાં તેના સ્વાદમાં તન્મય થઈ જાય તો જીવ ચડતો જ જાય. બસ, સ્વાદ આવે એટલી વાર છે. ઇલાચીકુમારને મિનિટોમાં કેવળજ્ઞાન થયું છે. કારણ કે વગર ઉપયોગે નાચી ન શકે. માટે અલ્પ સમયમાં ધ્યાનની ધારાથી સડસડાટ નીકળી ગયા. હા, જો કે તમે આ દૃષ્ટાંત સાંભળીને રાહ જોઈને બેસી રહેતા નહીં કે આપણને પણ આ રીતે કેવળજ્ઞાન થઈ જશે. વાસ્તવમાં આ બધાને પૂર્વભવની સાધનારૂપ પૂર્વભૂમિકા તૈયાર હતી.

હવે આપણે આગળ વિચારીએ. સમતાના તત્ત્વને જે પામે તે સર્વશાસ્ત્રના પારને પામે છે. શાસ્ત્ર દ્વારા તેને હવે કાંઈ પામવાનું બાકી રહેતું નથી. આ ભૂમિકામાં જ વિનિયોગભાવધર્મ તત્ત્વથી પ્રગટે છે. એના પહેલાંનો વિનિયોગ દ્રવ્યવિનિયોગ કહેવાય. અમારો પણ વિનિયોગ દ્રવ્યવિનિયોગ કહેવાય, અને તમારો પણ વિનિયોગ દ્રવ્યવિનિયોગ કહેવાય. આ પાંચ પ્રકારના ભાવધર્મમાં સાંગોપાંગ મોક્ષમાર્ગ સમાવિષ્ટ છે. આ પાંચે પ્રકારના ભાવધર્મની અનુભૂતિ મોક્ષમાર્ગમાં ઉત્તરોત્તર આગળ ચઢાવે છે.

### પ્રણિધાનાદિ ભાવધર્મ એ જ સાનુબંધ શુદ્ધધર્મ :

હવે આ ગાથાનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે કે, 'શરીરમાં હૃદયનું સ્થાન કેટલું મહત્ત્વનું છે ? તેમ આ ભાવધર્મમાં હાર્દ શું છે તે હું જણાવું છું.' આ ગંભીરતાથી સમજવા જેવું છે. જેને આ દૃષ્ટિ મળી જાય તેનો બેડો પાર થઈ જાય.

હવે ધર્મના પ્રકાર અને તેનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે, આ દુનિયામાં ધર્મ ઘણા છે, ધર્મશાસ્ત્ર પણ ઘણાં છે, ધર્મના ઉપદેશકો પણ ઘણા છે. કોઈ કહે પાણીને અડો તો પાપ, જ્યારે કોઈ કહે પાણીને ન અડો તો પાપ. આમ, અનુષ્ઠાનમાં અત્યંત વિરોધાભાસ છે. તેથી આમાં તો બુદ્ધિશાળી પણ ગૂંચવાઈ જાય. આવી પરિસ્થિતિમાં સર્વમાન્ય અને સાંગોપાંગ વિશ્વવ્યાપી ધર્મની વ્યાખ્યા બતાવતાં કહે છે કે, **જે અનુષ્ઠાનથી આત્મામાં રાગાદિ મલનો નાશ થાય, અને તેના નિરાકરણ દ્વારા મનમાં જે પુષ્ટિ અને શુદ્ધિ પેદા થાય તેનું નામ ધર્મ.**

**વાસના-વિકારો ઘટવાથી મનમાં પેદા થતી પવિત્રતા તે ધર્મ છે. તમે કેટલો ધર્મ પામ્યા તે જાણવું હોય તો આ રીતે મપાય. તમારા રાગાદિ દોષો-વાસના ઓછાં થાય, અને તેનાથી તમને જે મનની શાંતિ મળે, પવિત્રતા મળે તેટલો ધર્મ**

**આરાધ્યો કહેવાય. બાકીનું અનુષ્ઠાન કાયક્લેશ ગણાય, જેનો કોઈ મતલબ નથી. મનમાં શુભભાવ આવે તો જ પુણ્યબંધ થાય અને કર્મની નિર્જરા થાય. આ જ ધર્મની વ્યાખ્યા છે.** મુસલમાન પણ તેનાં શાસ્ત્ર પ્રમાણે તપ-ત્યાગ-અનુષ્ઠાન કરે, અને તેનાથી જો રાગ-દ્વેષ-વિકારો શાંત થાય, અને મનમાં નિર્મળતા આવે તો તેટલો ધર્મ થયો કહેવાય. આવો ધર્મ કરનાર પછી તે કોઈપણ મતમાં હોય, ગમે તે ભૂમિકામાં હોય, ગમે તે સંપ્રદાયમાં હોય, ગમે તે ઉંમરમાં હોય તોપણ તેણે ધર્મ કર્યો કહેવાય.

આ વ્યાખ્યા જો બરાબર સમજશો તો આ બેરોમીટરથી કેટલા કષાયો-વિકારો શાંત થયા, દોષો અટક્યા તેના પરથી તમે ધર્મને માપી શકશો. હવે હું તમને પૂછું છું કે તમને ધર્મની આ વ્યાખ્યામાં કાંઈ ઊણપ લાગે છે ખરી ?

**સભા :-** ના.

**સાહેબજી :-** તો હવે ગ્રંથકાર કહે છે કે આ પણ વ્યાખ્યા સાચા તાત્ત્વિક ધર્મની વ્યાખ્યા નથી. તમે જૈન ધર્મમાં જન્મ્યા છો, પણ તાત્ત્વિક ધર્મની વ્યાખ્યા સમજ્યા નથી. ગ્રંથકાર હજુ આગળ વધીને કહે છે કે આવો ધર્મ પણ અધર્મ છે. કેવો ધર્મ ? કે જેનાથી રાગાદિ ઓછા થાય છે, વિષય-કષાયો શાંત થાય છે, છતાં પણ તે ધર્મ અધર્મ છે. કારણ કે આ ધર્મથી અનંતી વાર દયા-દાન-સહિષ્ણુતા-ઉદારતા-પરોપકાર આદિ કેટલાય ગુણો પામ્યા, છતાં પણ તેનાથી ભવચક્રનો અંત થયો નથી.

આ ગ્રંથ(યોગવિંશિકા)માં પહેલી ગાથામાં પ્રારંભરૂપે બધા ભાવધર્મોનું વર્ણન કર્યું છે અને તેની ટીકામાં ઉપસંહાર કરતાં પૂ. ઉપાધ્યાયજી મ.સા. સમજાવે છે કે, દુનિયાનો મોટો ભાગ સાચા ધર્મની વ્યાખ્યા તો સમજતો નથી, પણ ઘણા તો ધર્મના નામે મહાકાળી-અંબા-સંતોષીમા જેવા દેવી-દેવતાઓને પૂજી આવે, રાગ-દ્વેષ પોષી આવે, અને માને કે અમારે ધર્મ થઈ ગયો. ૯૦% વર્ગ દુનિયામાં આવો છે. લોકોને જીવનમાં સંકટ-આફત આવે તે વખતે આશ્વાસનરૂપે તકલીફમાંથી છૂટવા આધાર તરીકે ધર્મ જ જોઈએ છે, પરંતુ તેમને સમજ નથી કે આ થાંભલા-ઝાડ-ગાય-નાગને પગે લાગવાથી ઉદ્ધાર કઈ રીતે થશે ? છતાં ધર્મને નામે તેને જ પૂજે છે. આ બધામાં તો ધર્મના નામથી રાગ-દ્વેષ-કષાયો-વિકારો પોષવાના છે, જેથી તે સીધો-સ્પષ્ટ અધર્મ જ છે. આ સુવર્ણમંદિરમાં જુઓ, કેટલાય મિનિસ્ટરો માનતા કરવા આવે છે. તેમ તિરૂપતિ પણ માનતાઓ માટેનું પ્રસિદ્ધ ક્ષેત્ર છે.

ધર્મમાં પણ લગભગ વેપારના જેવા સોદાઓ જ થાય છે. **લોકોને જેનો ભૌતિક પ્રભાવ બતાડો ત્યાં લોકો દોડે.** દુનિયામાં મોટા ભાગે આવો ધર્મ ચાલે છે. આવા જીવોને વાસના- વિકારો ખરાબ લાગતા જ નથી, તેઓ તો રાગ-દ્વેષ પોષાય તેવા પ્રકારનો ધર્મ કરવા જ તૈયાર છે. પણ વાસ્તવમાં આ ધર્મ જ નથી, પણ અધર્મ છે. **અહીં તો જેનાથી રાગ-દ્વેષાદિ શાંત થાય, ચિત્તની નિર્મળતા મળે તેને ધર્મ કહે છે. છતાં તેમાં પણ આગળ વધીને જો આવો પણ ધર્મ અનુબંધ વગરનો હોય તો તે તત્ત્વથી ધર્મ નહિ પણ અધર્મ છે.**

વિચારો, આવા ધર્મની વ્યાખ્યા સુધી કોણ પહોંચી શકે ? **આ ધર્મ લોકોત્તર છે.** જગત જેને ધર્મ કહે છે તેને આપણા તીર્થંકર ધર્મ કહેતા નથી. તીર્થંકર જેને ધર્મ કહે છે તેને ધર્મ સમજવામાં જગતને મુશ્કેલી પડે છે. માટે જ જૈનધર્મ લોકોત્તર છે. જગત જ્યાં પહોંચ્યું નથી ત્યાં તીર્થંકરો પહોંચ્યા છે. જગતમાં જે ધર્મ મનાય છે તે જો પરિપૂર્ણ હોત, તેનાથી જગતનું કલ્યાણ શક્ય હોત, તો તીર્થંકરને નવું શાસન સ્થાપવાની જરૂર જ નહોતી. પરંતુ **તેઓ જાણે છે કે જગતના જીવોનું કલ્યાણ સાનુબંધધર્મથી છે, અને તેથી તે પ્રદાન કરવા જ તેમણે આ શાસન સ્થાપ્યું છે.** હવે આવું ઉત્તમ શાસન તમને તો મફતમાં મળી ગયું છે. તેથી તમને તેની કોઈ કિંમત જ નથી. તમારી હાલત તો એવી છે કે મોટી કાપડની દુકાને જઈને માદરપાટ લઈને પાછા આવો. આ કેવું કહેવાય? આ શાસનમાં જન્મ્યા છો તે જન્મ સફળ ક્યારે ? **તીર્થંકરકથિત લોકોત્તર ધર્મ જો કણિયા જેટલો પણ પામો તો આ ભવ સફળ થયો કહેવાય. આ શાસનમાં જન્મેલો જો વીતરાગને ન ઓળખી શકે તો તે તળાવે જઈને તરસ્યો છે, તેના ભવની ફૂટી કોડીની કિંમત નથી.**

અહીં ગ્રંથકારે લખ્યું કે શાસ્ત્રના સાર તરીકે હું ધર્મની વ્યાખ્યા આપવા માંગું છું. આ જેને સમજાઈ જશે તેને ચાર મહિનાનું સાંભળેલું વ્યાખ્યાન સફળ છે. બધાનું વિશ્લેષણ સારાંશ-સમીકરણરૂપે આવશે. અરે ! એવી વ્યાખ્યા છે કે ભલભલાને ચોંકાવી દે. હા, ટાઈમ થઈ ગયો છે, વિશેષ આવતીકાલે વિચારીશું.

## ૫૨

તા.૩૧-૧૦-૯૫, મંગળવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ સમ્યગ્દર્શનનો પ્રબોધ કરાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ સંસારમાં ૮૪ લાખ જીવાયોનિમાં જીવને ભટકતાં ભટકતાં પ્રાયઃ કરીને ધર્મનો યોગ થાય તેવા ભવ બહુ ઓછા મળ્યા છે. અમુક ભવમાં તો ધર્મનું નામ પણ સાંભળવા મળ્યું નથી. ઘણા તો એવા ભવો છે કે જેમાં ધર્મનો પડછાયો પણ મળ્યો નથી. અતિ અલ્પ ભવોમાં જ ધર્મ મળે છે. હાલમાં માનવસૃષ્ટિની સાડા-પાંચ અબજની વસ્તી છે, એમાં ધર્મના સંપર્કમાં હોય તેવા લોકોની વસ્તી કેટલી ? વળી મોટાભાગના લોકો તો બાપદાદાની પરંપરાથી મળેલ ધર્મને સ્વીકારતા હોય, એની ઉપાસના કરતા હોય. કોઈ ક્રિશ્ચિયાનીટીને સ્વીકારે, કોઈ ઇસ્લામને માને, છતાં કોઈપણ ધર્મમાં ચુસ્ત રીતે સ્થિર થયેલો વર્ગ ઘણો ઓછો છે.

### લૌકિક ધર્મની વ્યાખ્યા અને સ્વરૂપ :

ચુસ્ત રીતે ધર્મને અનુસરનારા લોકોમાં પણ ધર્મની વ્યાખ્યા શું ? ધર્મનું સ્વરૂપ શું ? તેને વેધક રીતે સમજનારા ઓછા હોય છે. અહીં પૂ.આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ લૌકિક ધર્મની એવી વ્યાખ્યા કરી કે જેનાથી કોઈને મતભેદ ના થાય. **જેનાથી વાસના કે વિકાર નાશ પામે અને મનની નિર્મળતા આવે, એટલે રાગાદિ દોષો નબળા પડવાના કારણે મનમાં પુષ્ટિ અને શુદ્ધિ પેદા થાય તેને ધર્મ કહેવાય. પુષ્ટિ એટલે પુણ્યનો યોગ અને શુદ્ધિ એટલે કર્મનિર્જરા.**

આપણા મનમાં જે શુભભાવ પેદા થાય તે પુણ્યનો ઉપચય કરે છે. દા.ત. દયા, મૈત્રી, કરુણા, પ્રમોદ આદિ ભાવો, જેનાથી પુણ્યનો સંચય થાય તેવા પ્રકારના ભાવોને પુષ્ટિ કહી શકાય છે. જેટલી માનસિક શુભભાવના જાગે તેટલી પુષ્ટિ થાય. વળી જેટલા કષાયો અને ઘાતીકર્મો તૂટે તેટલી શુદ્ધિ થાય. **દુનિયામાં કોઈપણ ધર્મના અનુષ્ઠાન કરનારમાં પુષ્ટિ અને શુદ્ધિ થતી હોય તો તેને ધર્મ કહેવાય.**

અમુક ધર્મવાળા કહે નમાજ પઢો તે ધર્મ, કોઈ કહે પ્રાર્થના કરો તે ધર્મ, તેમ જુદા જુદા ધર્મમાં જુદી જુદી ઉપાસના બતાવી છે. આ ઉપાસનામાં ધર્મ છે તેવું નક્કી કરવા માટે ધોરણ શું ? જેમ કે તમે ખમાસમણું આપો અને કોઈ ઊઠબેસ કરે છે, તો ઊઠબેસને ધર્મ ન કહેવાય, જ્યારે ખમાસમણાને ધર્મ કહેવાય. અથવા એક વ્યક્તિ મંદિરમાં પ્રાર્થના કરે તેને આપણે ધર્મ કહીએ, પણ એક નોકર શેઠને આજીજી કરે તેને ધર્મ ન કહીએ. અમે ભિક્ષા લેવા જઈએ તેને ધર્મ કહેવાય, પરંતુ કોઈ ગૃહસ્થ ભીખ માંગે તેને ધર્મ ન કહેવાય. તો આમાં ધોરણ શું ? **ધર્મની વ્યાખ્યા બતાવતાં શાસ્ત્રમાં કહ્યું કે જે પ્રવૃત્તિથી વિકાર-વાસના ઘટતાં હોય, દોષો શાંત થતા હોય, જેનાથી પુષ્ટિ થતી હોય ને શુદ્ધિ થતી હોય તેને ધર્મ કહેવાય.** આથી કોઈ ધાર્મિક વ્યક્તિ ઉપવાસ કરે છે તેને આપણે ધર્મ કહીએ, પરંતુ નેચરોપથીવાળા દર્દીને ભૂખ્યા રાખે છે તેને આપણે ધર્મ કહેતા નથી. મુસલમાન રોજામાં ૧૨ કલાકનો ઉપવાસ કરે છે તેને ધર્મ કહીએ છીએ, જ્યારે નેચરોપથીવાળા ૨૪ કલાક ભૂખ્યા રાખે છે, છતાં તેને ધર્મ કહેતા નથી. કારણ શું ? મુસલમાનો કહે છે કે "અમારા કુરાનમાં કહ્યું છે કે ખાવા-પીવાનો ત્યાગ એ આસક્તિ છોડવારૂપ ત્યાગ છે." જ્યારે નેચરોપથીવાળા દેહની મમતા પોષવા ભૂખ્યા રાખે છે. તેમાં રાગાદિનું વિગમન નથી પણ સંચય છે. દા.ત. તમે સવારે મોર્નિંગ વોકરૂપે ચાલવા જાઓ છો તેને ધર્મ ન કહેવાય, જ્યારે અમારા વિહારને ધર્મ કહેવાય. પ્રવૃત્તિ at a glance (દેખીતી રીતે) સરખી છે, પણ ત્યાં (સંસારમાં) વિકારો પોષવાની વાત છે; જ્યારે અહીંયાં (ધર્મમાં) રાગાદિને શમાવવા, શાંત કરવા માટે ક્રિયા છે. તમામ ધર્મનું મૂલ્યાંકન આ રીતે કરવાનું છે. **કોઈપણ પ્રવૃત્તિથી રાગાદિનું વિગમન થતું હોય તો તે ધર્મ છે.**

છતાં બીજા ધર્મની ક્રિયામાં જયણા, તત્ત્વનું ઊંડાણ ન પણ હોય. દા.ત. ખ્રિસ્તીધર્મની પ્રાર્થના. તેમાં માત્ર માંગણી આવે છે. આપણે ત્યાં પહેલાં ભક્તિ છે પછી માંગણી છે, જ્યારે એમને ત્યાં પહેલી પ્રાર્થના છે-માગણી છે. વિવેકી આત્મા ભક્તિ કર્યા વિના કાંઈ માંગે નહિ, અને માંગે તે પણ ભક્તિના ફળ સ્વરૂપે જ માંગે. તેથી આપણે ત્યાં પ્રાર્થના, નિર્મળ ભક્તિ કર્યા પછીનું આનુષંગિક અનુષ્ઠાન છે, વળી તેમાં પણ પવિત્ર માંગણી જ કરવાની હોય છે. Christianity

(ખ્રિસ્તીધર્મ)માં આવો વિવેક નથી. છતાં એટલો સમય ચર્ચમાં પ્રાર્થના કરતી વખતે તેમના વિષય-કષાયો શાંત થતા હોય તો ધર્મ છે. આપણે ત્યાં તો ધર્મની વિશાળ પાયા પર વ્યાખ્યા કરી છે. વળી બધા માટે ફૂટપટ્ટી એક જ મૂકી છે.

આપણે ત્યાં દહેરાસરમાં પ્રવેશતાં જ નિસીહિ મૂકી. એટલે સંસારના રાગ-દ્વેષ-કષાયોને છોડીને દહેરાસરમાં પ્રવેશ કરવાનો છે. જ્યારે ત્યાં તો સંસારનાં પાપો જ મંદિરમાં થાય છે. જેમ લગ્ન ચર્ચમાં જ કરવાં તેવું વિધાન તેમના શાસ્ત્રમાં છે અને પાદરીઓ જ આશીર્વાદ આપે. એમના ભગવાન સમક્ષ સંસારનું મૂળ કહેવાય તેવી લગ્નની ક્રિયા ચર્ચમાં થાય છે, પરંતુ તેમાં ધર્મ નથી.

અમે તો જેમાં રાગાદિ વિકારો શાંત થતા હોય અને પુષ્ટિ, શુદ્ધિ પ્રગટતી હોય તેને ધર્મ કહેવા તૈયાર છીએ, પછી ભલે એ ગમે તે રૂપમાં હોય. રોજા પણ સમર્પણપૂર્વક, શ્રદ્ધાપૂર્વક કરાતા હોય, તેમાં ૧૨ કલાક આવેગો શાંત થતા હોય તો તે ધર્મ છે. જૈનધર્મ પૂર્વગ્રહથી વાતો કરતો જ નથી. **કોઈપણ ધર્મમાં રહેલો આત્મા વિકારો શાંત કરતો હોય, શુભભાવ કરતો હોય તો તે ધર્મ છે.** કુરાન અનુસારે પ્રામાણિકતા કેળવવા માટે કેટલી બધી ધન અને ભોગની આસક્તિ છોડવી પડે ? તેથી આવી પ્રામાણિકતા પણ ધર્મ કહેવાય. **ટૂંકમાં જેટલા સદ્ગુણ-સદાચાર છે તે બધાને ધર્મમાં ખપાવ્યા છે.**

**સાથે ખાસ ધ્યાનમાં રાખવાની વાત એ છે કે તમે દાનની પ્રવૃત્તિ કરી, તેમાં પણ જો શુભભાવ ન હોય તો તે ધર્મની વ્યાખ્યામાંથી કેન્સલ થઈ જશે. સ્વાર્થી વ્યક્તિ ગમે તેટલો ત્યાગ કરે તેને અમે ધર્મની વ્યાખ્યામાં ગણતા નથી.** જેમ નેચરોપથીવાળા ખાતા નથી, ઉકાળેલું પાણી પીએ છે, પરંતુ તે વિકારોને વધારવા કરે છે, માટે ધર્મમાં ખતવવામાં આવશે નહીં; જ્યારે તમે ધર્મભાવનાથી કાંઈ ત્યાગ કરો તો તે ધર્મ કહેવાશે. તમને દીકરા પર રાગ છે, તેથી તેના માટે કાંઈ ત્યાગ કરો તો તે ધર્મ કહેવાશે નહીં. તેમ કમાવા માટે તમે એક ટાઈમ ખાવાનું છોડી દો તોપણ તે ધર્મ નથી, જ્યારે એકાસણું કરો તો તે ધર્મ છે. કારણ એકાસણું વિકારોને ઘટાડવા માટે છે. **જેમાં આત્માની-મનની નિર્મળતા-પવિત્રતાનું સર્જન થતું નથી, તેને ધર્મ કહેવાય નહિ.**

**સભા :-** કુટુંબ પ્રત્યે ફરજ બજાવવામાં પાપ છે ?

**સાહેબજી :-** કુટુંબ પ્રત્યે ફરજ બજાવો તો તમે તમારા કર્તવ્યમાં રહ્યા, જો ફરજ ન બજાવો તો તે પાપ છે. પણ ફરજ બજાવો એટલે અમે એમ ન કહીએ કે તમે ધર્મ કર્યો. વળી ફરજ પણ સ્વાર્થના કારણે બજાવતા હો તો પાપ જ બાંધો છો, તેમ ફરજ ન બજાવો તોપણ પાપ જ બાંધો છો. તેથી ફરજ સાથે ભાવનું અનુસંધાન વિચારવું પડશે. **તામસી મનોવૃત્તિવાળા જીવો સ્વાર્થથી કર્તવ્ય અદા કરે છે, જ્યારે રાજસી મનોવૃત્તિવાળા જીવો મોહથી કર્તવ્ય અદા કરે છે. બંનેને પાપ તો લાગે છે પણ સ્વાર્થથી અદા કરનારને વધારે પાપ લાગે છે, મોહથી અદા કરનારને ઓછું પાપ લાગે છે. જ્યારે કર્તવ્ય જ અદા ન કરનાર સૌથી વધારે પાપી છે.** જેમ સંતાન જન્મે અને તમે તેને રખડતું મૂકી દો, તો તેનું જીવન જેટલું બરબાદ થાય તેટલું તમને પાપ લાગે. પણ સંસારમાં નેવું ટકા લોકો સ્વાર્થથી કર્તવ્ય અદા કરતા હોય છે. પત્ની પણ જ્યાં સુધી ઉપયોગી થાય ત્યાં સુધી જ તેના પ્રત્યેની ફરજ અદા કરવી ગમે છે. પછી તેનું કરવાનું આવે તો બોજો લાગે છે. સગો ભાઈ પણ નિરુપયોગી થાય તો માથે પડેલો લાગે. સ્વાર્થ વિના કર્તવ્ય અદા કરવા માટે પણ કેવું હૃદય જોઈએ ! **સાચું કર્તવ્ય બજાવ્યું ત્યારે કહેવાય કે જ્યારે આ ભવમાં ભૌતિક દૃષ્ટિએ તેની પાસેથી કશું પણ પામવાની અપેક્ષા ન હોય, અને માત્ર ફરજ અદા કરો. આ કાંઈ સહેલી વાત નથી. એકલી કર્તવ્યની ભાવનાથી કર્તવ્ય અદા કરનારા ઓછા હોય છે.** મોટેભાગે સંસારની પ્રવૃત્તિ પાપ જ છે, કારણ કે તે વિકારપોષક છે. જ્યારે ધર્મની કોઈપણ ક્રિયામાં વિકાર શમાવવાની જ વાત આવે છે.

જેમ બકરી ઈદમાં પણ મુસલમાનને સમર્પણ-ત્યાગ-ભક્તિની ભાવના કરવાની કુરાનમાં વાત છે. જો કે તેમાં જે ક્રૂરતા-હિંસાનો ભાવ છે તેનું અવશ્ય પાપ બંધાય છે, પરંતુ સમર્પણ અને ભક્તિ જેટલા છે તેટલા પ્રમાણમાં પુણ્ય બંધાય છે. સાથે જેટલો અવિવેક-ઘેલછા-ક્રૂરતા છે તેટલું તીવ્ર પાપ બંધાય છે.

**સભા :-** એટલે વધારે બકરી ચઢાવે ?

**સાહેબજી :-** વધારે બકરી ખરીદવા ઘણા પૈસાનો ત્યાગ કરવો પડશે. એક જ ત્રાજવું નથી. જો કે તેઓની મોટાભાગની પ્રવૃત્તિથી પુણ્યબંધ ઓછો અને પાપબંધ વધારે છે. છતાં જેટલો શુભભાવ છે તેટલું પુણ્ય બંધાય છે અને અકામનિર્જરા

થાય છે. કોઈપણ વ્યક્તિ ધર્મ કરવા જાય ત્યારે કાંઈપણ અંગત રીતે બલિદાન-ત્યાગ તો આપવાનો આવશે જ.

કોઈપણ માણસ દહેરાસર આવે ત્યારે સંસારના ભાવોને મૂકી દહેરાસરમાં ભક્તિ કરે તો તેટલો ટાઈમ આવેગો-વિકારો શાંત થાય.

**સભા :-** એટલે આશાતના કરે તો ચાલે ?

**સાહેબજી :-** વક્ર કે અવળચંડો હોય તો જ મોટી આશાતના કરે, તે તો ન જ ચાલે. જે ન જાણતો હોય તે મોટી આશાતના ન કરે, પણ વક્ર જ વધારે આશાતના કરે અને આવા અવળચંડા તો ધર્મ ન કરે તો સારું. આ બધું આગળ આવશે. અર્થાત્ મહાઅવિધિથી ધર્મ કરે તે ન ચાલે.

આપણું પ્રતિક્રમણ તે પાપશુદ્ધિની ક્રિયા છે. શ્રદ્ધાથી કરનારને એટલા સમય પૂરતા રાગ-દ્વેષ શાંત થાય, અને પુષ્ટિ-શુદ્ધિ થાય, તો તેટલો ધર્મ આવ્યો કહેવાય. અથવા ઉપવાસ કરો ત્યારે કષાયો પ્રશસ્ત થાય-પાતળા થાય, કારણ કે ઉપવાસમાં કાંઈ લાડવા ખાવાના નથી. ખાવા-પીવાની ગમે તેટલી સામગ્રી આવે છતાં એક કણિયો પણ મોંમાં નહિ મૂકવાનો. તેથી આસક્તિને છોડવી પડે. કષાયો પાતળા કરવા પડે. જેમ આયંબિલમાં ધર્મબુદ્ધિથી બાફેલું ખાય છે; જ્યારે ઘણા ડાયેટીંગમાં બાફેલું ખાવાવાળા છે, તે શરીરને નિરોગી કરી આસક્તિઓ પોષવા કરે છે.

**સભા :-** ઘણાને આયંબિલનું ભાવતું નથી માટે ઉપવાસ કરે છે.

**સાહેબજી :-** ભલે આયંબિલનું નથી ભાવતું પણ લાડવા તો ભાવે છે ને ? અને ઉપવાસમાં લાડવા પણ છોડવા પડે છે. તેથી ઉપવાસમાં શુભભાવ-પ્રશસ્તભાવ છે. ઉપવાસમાં ૨૪ કલાક ખાવાની આસક્તિ છોડી, કષાયો શુભ કર્યા.

જે ધર્મથી સદ્ગુણ-સદાચાર આવ્યા, રાગાદિ મલનો વિગમ થયો, વિકારો શાંત થયા; પછી ભલે તે તપ, ત્યાગ કે અહિંસારૂપ હોય, તેની પ્રશંસા કરવાનું આપણને મન થાય. પરંતુ ગ્રંથકાર કહે છે કે **આ પણ તાત્ત્વિક ધર્મ નથી. આનાથી ફક્ત કોરું પુણ્ય બંધાય અને અકામનિર્જરા થાય.** તેનાથી સદ્ગતિ-ભૌતિક સામગ્રી મળે. હા, પુણ્યના કારણે સુખ-સગવડ મળે, દુઃખમાં સબડવાનું એટલા ટાઈમ પૂરતું અટકી જાય, તત્કાળ તેને ભૌતિક સારું ફળ મળ્યું. પણ હજી આ અશુદ્ધ ધર્મ છે, શુદ્ધ ધર્મ નથી.

**સભા :-** શુભભાવ ધર્મસામગ્રી અપાવે ?

**સાહેબજી :-** જો શુભભાવ ધર્મસામગ્રી અપાવે તેવો હોય તો ધર્મસામગ્રી મળે. અને ભૌતિક સામગ્રી અપાવે તેવો હોય તો ભૌતિકસામગ્રી પણ મળે. બંને સામગ્રી પુણ્યથી જ મળે છે.

**સભા :- ધર્મસામગ્રી જોઈએ તો કેવો ભાવ કરવાનો ?**

**સાહેબજી :- ભગવાનની ભક્તિ કરતાં એવો શુભભાવ જોઈએ કે ભવોભવ તારું શરણું મળજો, શાસન મળજો, તારી ભક્તિ, તારી ઉપાસના મળજો, એવી શક્તિ મળજો કે જેથી સત્કાર્યો કરી શકું. જો તે વખતે આવી હૃદયપૂર્વકની ભાવના હોય તો તેનાથી ભવાંતરમાં અવશ્ય ધર્મસામગ્રી મળે તેવું પુણ્ય બંધાય.**

**સભા :-** ભગવાન પાસે બધી માંગણી કરી શકાય ?

**સાહેબજી :-** સારી માંગણી કરી શકાય. મહાપુરુષો 'જયવીયરાય' સૂત્રની રચના દ્વારા તમારી પાસે માંગવા જેવું મંગાવે છે. દેવ-ગુરુ પાસે માંગવા લાયક બધી જ વસ્તુ તેમાં છે, ન માંગવા લાયક એક પણ વસ્તુ તેમાં નથી. જેમ દીકરો મા-બાપ પાસે બધું માંગી શકે, નાનો હોય ત્યારે રમકડાં માંગે, જરા મોટો થાય તો તેને જોઈતી અનુકૂળતા-કપડાં માંગે, પણ તેના બદલે તમાકુ-બીડી-દારૂ માંગે તો શું તે વાજબી માંગણી છે ? તે વખતે તો તેવા દીકરાને ધોલ મારીને બેસાડી જ દેવો પડે. દા.ત. તમે ભગવાન પાસે કહો કે 'હે પ્રભુ, મારે ચોરી કરવી છે તો તેમાં સફળતા અપાવજો.' તો આ માંગણી યોગ્ય છે ? તમે હરામખોરી કરી હોય અને કહો કે 'હે પ્રભુ, મારી હરામખોરીને પંપાળજો.' તો ચાલે ? ઉપરાંત ખાલી માંગવાથી મળશે કે ભક્તિના પ્રભાવથી મળશે ? તેથી જૈનશાસનમાં પહેલાં ભક્તિ છે, પછી પ્રાર્થના છે. તેથી ભક્તિ કર્યા પછી જ જયવીયરાયમાં બધી માંગણી છે. તમે ભક્તિ કર્યા પછી જ જે માંગવા લાયક છે તે જ દરરોજ માંગજો.

**અત્યારે ઘણા કહે છે કે માંગે એ ખરો ભક્ત નહિ. પરંતુ સારી માંગણી કરો તે તો તમારા શુભ સંકલ્પબળને પુષ્ટ કરનાર છે.** જેમ પચ્ચક્ખાણ લેવાથી પ્રતિજ્ઞામાં મજબૂતાઈ આવે છે, તેમ દેવ-ગુરુ પાસે સારી માંગણીઓ કરવાથી સત્ તત્ત્વની તમન્ના-તાલાવેલી તીવ્ર થાય છે. તેથી તેનાં અવરોધક અંતરાયકર્મ તૂટે છે. સાચી પ્રાર્થનામાં તો કર્મને તોડવાની શક્તિ છે. અરે ! ચૌદ પૂર્વધરોએ

પણ "આરુગ્ગ બોહિલાભં, સમાહિમરણં" એવા શબ્દો દ્વારા ભક્તિના ફળરૂપે માંગણી કરી જ છે. તો આપણે ધર્મના ફળ વિષયક શુભ કામના કરવામાં કોઈ હાનિ નથી, ઊલટો મહાલાભ છે.

હા, સમતામાં ગયેલાને માંગણી નથી કરવાની. પરંતુ આપણે તો અત્યારે શુભ કામનાથી ધર્મ કરવાનો છે. ગીતામાં નિષ્કામ કર્મયોગ કહ્યો છે. "સત્કાર્ય કરી તે પ્રભુચરણે સમર્પિત કરવાનું છે, પણ ફળની ઇચ્છા નહીં રાખવાની." આવું વ્યાસમુનિ કહે છે. પરંતુ જૈનશાસ્ત્રો તો શુભ ફળની ઇચ્છા રાખવાનું કહે છે. અમારે પણ જીવનમાં ફળની ઇચ્છા રાખવાની છે. અત્યારે આ અમારું અભ્યાસચારિત્ર છે, જેનાથી અમને ભાવચારિત્ર મળે તેવી અમારી અપેક્ષા છે. અમારું ચારિત્ર શુભ કામનાયુક્ત છે.

પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા પણ ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં પ્રભુને વિનંતિ કરતાં કહે છે –

**શ્રી ચિંતામણી પાસજી, દાદા વાત સુણો એક મોરી રે;**
**માહરા મનના મનોરથ પૂરજો, હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦**

**હું તો કેડ ન છોડું તાહરી, લીધા વિણ શિવસુખ સ્વામી રે;**
**મૂરખ તે ઓછે માનશે, ચિંતામણિ કરયલ પામી રે. શ્રી૦**

**કાલ સ્વભાવ ભવિતવ્યતા, તે સઘળા તારા દાસો રે;**
**મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબલ વિશ્વાસો રે. શ્રી૦**

વળી સંભવનાથ પરમાત્માના સ્તવનમાં તેઓ ફરમાવે છે કે,

**દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે.**
**વાચક જસ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે. સંભવ૦**

હે પ્રભુ ! અમારા મનોરથો પૂરા કરજો. મનોરથો પૂરા કરવા જ હું તમારી પાસે આવું છું. અને હું તમારી ભક્તિ કદી છોડવાનો નથી. વળી, ભક્તિના પ્રભાવે તમે ઓછું ફળ આપો અને માની જાઉં એવો હું મૂર્ખ ભક્ત નથી. તમારામાં અમારો ઉદ્ધાર કરવાની શક્તિ છે. અમે તમારા દાસ છીએ.

તે જ રીતે પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજા વર્ધમાનસ્વામી ભગવાનના સ્તવનમાં ફરમાવે છે -

**મોડા-વહેલા તુમહી જ તારક, હવે વિલંબ શા કારણે રે;**
**જ્ઞાન તણાં ભવનાં પાપ મિટાવો, વારી જાઉં વીર તોરા વારણે રે . વીર૦**

વહેલા-મોડા તમારાથી જ તરવાના છીએ, તો ભક્તિનું ફળ આપવામાં વિલંબ શા માટે કરો છો ? આ બધા શુભ કામનાના ઉદ્‌ગારો છે. તેથી શુભ સંકલ્પબળને પુષ્ટ કરનાર, અંતરાય કર્મોને તોડનાર શુભ માંગણીઓ દેવ-ગુરુ પાસે આપણે કરવાની છે.

ગ્રંથકારે શુદ્ધધર્મની વ્યાખ્યા કરતાં પહેલાં અશુદ્ધધર્મ બતાવ્યો. **અશુદ્ધધર્મ પણ ફળ તો આપે જ, કારણ કે ધર્મ કોઈ દિવસ નિષ્ફળ થતો નથી.** હા, પછી ધર્મના નામથી જો ખાલી ધતિંગ જ હોય તો કશું ફળ ન મળે. **અશુદ્ધધર્મ કોરું પુણ્ય અને અકામનિર્જરા કરાવે.** આ લોકમાં, સંસારમાં કે ધર્મના ક્ષેત્રમાં જે અનુકૂળતા મળે છે તેમાં પ્રભાવ ધર્મનો જ છે. **દુનિયામાં જેટલું સારું દેખાય છે તે ધર્મનું જ ફળ છે અને ખરાબ દેખાય છે તે અધર્મનું જ ફળ છે.** દુનિયામાંથી જો ધર્મને રદબાતલ કરીએ તો કલ્પના કરી શકશો કે દુનિયા કેવી હોય ?

# ૫૩

તા.૧-૧૧-૯૫, બુધવાર,
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ સફળ અનુષ્ઠાનની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરી.

આપણે ધર્મના ક્ષેત્રમાં જે કંઈ પણ પુરુષાર્થ કરીએ છીએ, તે પુરુષાર્થરૂપ અનુષ્ઠાન પૂર્ણ સફળ ક્યારે બને ? જ્યારે આપણે પરમપદ પામીએ ત્યારે. તેથી **જે ધર્મ મોક્ષનું સાધન બને અને અંતે પરમપદ પમાડે એ જ વાસ્તવમાં ધર્મ છે.** વ્યવહારમાં પણ એક કહેવત છે 'જેનો અંત સારો એનું બધું સારું.' એ જ રીતે છેક અંતિમ પરિણામ સુધી જેની દૃષ્ટિ હોય તે જ દીર્ઘદૃષ્ટિવાળો છે. તમે અત્યારે જે ધર્મ કરો છો એનું અંતિમ પરિણામ શું ? તે નક્કી કરવાનું છે.

દા.ત. ધંધાની અંદર કોઈ માણસ અત્યારે નફો કરતો હોય, પણ ભવિષ્યમાં બરબાદી નોતરે તેવાં પગલાં જો તે લઈ રહ્યો હોય, તો તેને નુકસાન કહેવાય કે લાભ ? જો અત્યારે કામચલાઉ લાભથી અંતે મોટું નુકસાન થવાનું હોય, તો તેને કોણ પસંદ કરે ? બીજી બાજુ કોઈ નુકસાન કરીને અત્યારે માલ ખરીદે પણ બજારનું ઊંડું ગણિત હોવાને કારણે ભવિષ્યમાં મોટો લાભ થાય, તો અંતે તો લાભ જ થયો કહેવાય ને ? અથવા નાના છોકરાઓને ધમકાવીને પણ સ્કૂલમાં મોકલો છો ત્યારે, રડે તોપણ તેના દુઃખનો વિચાર કર્યા વિના ભણી-ગણીને તૈયાર થશે તો અંતે સુખી થશે, તેવો લાંબો વિચાર કરો છો; તેમ જૈનધર્મ પણ સાધના દ્વારા આત્માને થતા લાભાલાભનો અંતિમ વિચાર કરે છે.

### અશુદ્ધ ધર્મ : શુદ્ધ ધર્મ :

**આખી દુનિયાને રંજાડનારા વિકારો અને દોષો છે. તેનું શમન જેનાથી થાય તેને ધર્મઅનુષ્ઠાન કહેવાય.** ધર્મની આ વ્યાખ્યા ઉપલકદૃષ્ટિએ આપણને સુંદર લાગે, છતાં ગ્રંથકારને તેમાં અધૂરાપણું કે ઊણપ દેખાય છે. કારણ કે વર્તમાનમાં વિકારોનું

શમન કરનાર ધર્માનુષ્ઠાન પણ જો પરંપરાએ ભવિષ્યમાં વિકારો કે દોષોનું પોષક બનવાનું હોય તો તે અશુદ્ધધર્મ જ છે. **જેનું અંતિમ પરિણામ અધર્મ છે, તે અશુદ્ધ ધર્મ છે. જે પ્રવૃત્તિનું અંતિમ પરિણામ(ફળ) ઊંચામાં ઊંચો ધર્મ છે, એ જ સાચા ધર્મની વ્યાખ્યા છે.**

શુદ્ધધર્મ એટલે જેનું અંતિમ ફળ મહાધર્મ હોય. ધંધામાં જે નફો નુકસાનીમાં પરિણમવાનો હોય તે ખરેખર નફો છે કે પછી નુકસાનીનું સાધન છે ? જે નફો ભવિષ્યમાં પણ મોટા નફા તરીકે રૂપાંતર થવાનો છે, એ જ સાચો નફો છે. પેઢીમાં જે ખર્ચો હોય એ કમાણીનું સાધન છે, પણ જો કમાણી ન થાય તો ખર્ચો માથે પડેલો લાગે. તેમ જે ધર્મ ભવિષ્યમાં મોટા ધર્મરૂપે રૂપાંતરિત થશે, એ જ સાચો ધર્મ. જે પૈસા નવા પૈસા લાવે એ સંપત્તિ ગણાય, પણ જે પૈસા બરબાદીનું સાધન બને એને સંપત્તિ ન ગણાય.

જેમ કોઈ મકાન માટે એવી વાત આવે કે ત્યાં રહેનારા કોઈ સુખી થતા નથી, તો એ મકાન સસ્તા ભાવમાં વેચાતું હોય તોપણ એને લેવા કોઈ તૈયાર નહિ થાય. અથવા કોઈ વેપારી ઝવેરાતનો ધંધો કરતો હોય અને તેમાં નક્કી થાય કે આ પાંચ કરોડના હીરાથી ચોક્કસ બરબાદી આવશે, તો પછી એ વેપારી પાંચ કરોડના હીરાને પાંચ રૂપિયામાં વેચવા જાય તોપણ એને કોઈ જાણકાર લે નહીં. જે સંપત્તિ આબાદીનું સાધન બને એ જ સાચી સંપત્તિ કહેવાય. તેમ **જે ધર્મ ઊંચામાં ઊંચા પરાકાષ્ઠાના ધર્મની પરંપરાએ પ્રાપ્તિ કરાવે એ જ સાચો ધર્મ છે.**

જો તમે ધર્મની દૃષ્ટિએ ઉપવાસ કરો તો તમારા અંતરમાં ૨૪ કલાક અમુક આસક્તિઓનો ત્યાગ આવે; કેમ કે તમને પેટમાં ભૂખ છે, ખાવાની તાકાત પણ છે, પાસે ખાવાની વસ્તુ પણ છે, છતાં તમે લાલસા પર કંટ્રોલ કર્યો હોવાથી, ઘરમાં બીજા ખાતા હોય તોપણ ટુકડો પણ મોઢામાં મૂકતા નથી. તેથી તેમાં અમુક પ્રકારનો ત્યાગનો ભાવ છે. આથી ધર્મબુદ્ધિએ જે તપ-ત્યાગ-સંયમ કરે છે એનામાં રાગાદિ મલનું વિગમન થાય છે. બધા ધર્મના અનુષ્ઠાનમાં કોઈ ને કોઈ પ્રકારનો ત્યાગ આવે છે. દુનિયામાં કોઈપણ ધર્મની વ્યક્તિ તેના ધર્મની પ્રવૃત્તિ કરે અને જો તેમાં ધર્મબુદ્ધિ હોય તો ચોક્કસ પ્રકારનો રાગાદિમલનો

વિગમ થાય જ છે, તેથી તે પ્રવૃત્તિ ધર્મ કહેવાય છે. જો કે સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ જૈનશાસન છે, છતાં બીજા ધર્મને પણ ધર્મ કહેવાય.

દુનિયાના બધા ધર્મોને એકાંતે અધર્મ ન કહેવાય. જો એવું કહીએ તો પછી આપણે "**प्रधानं सर्व धर्माणाम्**" કહીએ છીએ એના બદલે એમ કહેવું પડે કે "**प्रधानं सर्व अधर्माणाम् ।**" તો તો નવું સૂત્ર થઈ જશે. વાસ્તવમાં બધા ધર્મમાં સૌથી શ્રેષ્ઠ જૈનધર્મ છે.

બધા જ ધર્મો સામાન્ય રીતે જુઠ્ઠું નહીં બોલવાનું, ચોરી નહિ કરવાની, વ્યભિચાર નહિ કરવાનો, ક્રોધ નહિ કરવાનો તેવો ઉપદેશ આપે છે. પરંતુ આ ધર્મો નિરનુબંધ હોવાના કારણે અશુદ્ધ છે. જેમ એક વ્યક્તિ ક્ષમા કેળવે છે, પણ જો એ ક્ષમાથી ભવિષ્યમાં ક્રોધ પેદા થવાનો હોય, તો એ ક્ષમાની કિંમત શું ? જેમ નિઃસ્વાર્થભાવે દયા કરો તો પુણ્ય બંધાય, પણ એ પુણ્ય જો ભવિષ્યમાં હિંસામાં રૂપાંતરિત થવાનું હોય, તો એને શુદ્ધ ધર્મ કેમ કહેવાય ? જે આરોગ્ય ભવિષ્યમાં રોગ લાવે એનો મતલબ શું ? અત્યારે steroid (સ્ટીરોઈડ) નામની દવા આવે છે કે જે દર્દીને તરત તાજો-માજો કરી દે. દર્દી એકદમ સ્ફૂર્તિમાં આવી જાય, પણ એ દવાનું અંતિમ પરિણામ શું ? તો કે એનાથી દર્દીનાં હાડકાં ખલાસ થઈ જાય. તેની બીજી પણ અનેક આડઅસરો છે. એક બેનને અસ્થમા હતો. તે બહુ ઊંચા સ્ટેજનો હતો. ભયંકર પરિસ્થિતિમાં હતાં. ડૉક્ટરે તેમને ધીરે ધીરે steroidના ડોઝ પર ચઢાવ્યાં. તત્કાલ રાહત થઈ ગઈ. તેમને એમ લાગ્યું કે મને ડૉક્ટર ભગવાનરૂપે મળ્યા. અમુક વર્ષો દવા લીધી, પછી એ દવાની એટલી સાઈડ ઈફેક્ટસ-આડઅસર આવી કે હાડકાં કાચ જેવાં થઈ ગયાં. જરા ક્યાંક ધ્યાન ન રાખે તો ફ્રેક્ચર થઈ થાય. તપાસ કરતાં ખબર પડી કે steroidના લીધે આ બધું થયું. કામચલાઉ રાહત મળી પણ અંતે દર્દ વધ્યું.

સંસારમાં પણ કામચલાઉ રાહતને આરોગ્ય ગણો તો તે મહારોગનું સાધન બને. જૈનદર્શન સંપૂર્ણ પરિણામલક્ષી છે. તેથી દરેકમાં અંતિમ પરિણામ જુએ છે. તમે તપ-ત્યાગ-સંયમ, સામાયિક કરો પણ ભગવાનને માત્ર એટલામાં રસ નથી. તમે જે કરો એનું અંતિમ પરિણામ અવશ્ય સારું હોવું જોઈએ. વ્યવહારમાં પણ એવો નિયમ છે કે જે સિદ્ધિ બરબાદીનું કારણ બને એને સિદ્ધિ ન કહેવાય.

પૂ.આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે અનુબંધ એ જૈનશાસનનું હૃદય છે. તેમણે યોગશતકમાં પણ લખ્યું છે કે **તીર્થંકરની એક વાક્યમાં અદ્વિતીય ઓળખાણ એટલે 'એકાંતે સાનુબંધ ધર્મના ઉપદેશક.' બાકી કોઈએ જગતમાં સાનુબંધ ધર્મનો ઉપદેશ આપ્યો નથી. એટલે જ તીર્થંકર અલૌકિક છે.**

**અનુબંધ એટલે ફળની પરંપરા.** જેમ એક ઘઉંનું બીજ હોય, તેના દાણામાં જ્યાં સુધી ઉત્પાદનશક્તિ જીવિત હોય અને તમે વાવો તો અનેક ઘઉં ઊગે, પણ એ ઉત્પાદનશક્તિ જતી રહે પછી એનામાં ઊગવાની ત્રેવડ નથી; એટલે એનો માત્ર ખાવા માટે જ ઉપયોગ કરી શકો. ઉત્પાદનશક્તિ વગરના દાણા એટલે એ અનાજનો દાણો ખાઓ પછી ઝાડો-પેશાબ થઈને બહાર નીકળશે; તો એની ખોરાક તરીકે કિંમત કેટલી ? જ્યારે ઉત્પાદનશક્તિવાળા દાણાની અનાજ તરીકે કિંમત કેટલી ? બે ઘઉંના દાણામાં એકમાં ઉત્પાદનશક્તિ છે બીજામાં નથી. તો જેનામાં ઉત્પાદનશક્તિ છે એનાથી કોઠારો ભરાશે અને બીજામાં નથી તેનાથી માત્ર કામચલાઉ ભૂખ મટશે.

એક વ્યક્તિ પ્રણિધાન વિના, પણ સંસારના વિકાર અને વાસનાને તત્કાલ મનમાં લાવ્યા વગર, ઉમળકાથી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરે છે, અને બીજી વ્યક્તિ શુદ્ધ પ્રણિધાનપૂર્વક પરમાત્માની માત્ર ચંદન પૂજા કરે છે. બંનેની ભક્તિ પ્રવૃત્તિરૂપે ધર્મની પ્રવૃત્તિ છે, પરંતુ પહેલાને ભક્તિથી ખાલી કોરું પુણ્ય બંધાયું, જેથી ભવાંતરમાં સંસારના મોજશોખ ને ભોગની સામગ્રી ભોગવીને તે પાપ બાંધશે, અને પરંપરાએ સંસારમાં રખડશે; જ્યારે બીજાને ભક્તિથી આવતા ભવમાં નવી ભક્તિનું સર્જન થશે, અને પરંપરાએ પરાકાષ્ઠાની ભક્તિ સુધી પહોંચશે. તેથી બીજરૂપ ભક્તિ અંતે પરાકાષ્ઠાનું સુખ(મોક્ષ) આપશે. આ સબીજ ભક્તિ છે, ઉત્પાદનશક્તિવાળી ભક્તિ છે, જ્યારે પેલી ભક્તિ નિર્બીજ છે.

એક વ્યક્તિ નિઃસ્વાર્થભાવે કોઈની દયા કે પરોપકાર કરે છે, જેનાથી એવું પુણ્ય બાંધશે કે સંસારમાં લીલાલહેર થઈ જશે; પણ પુણ્ય ભોગવીને અનેક પ્રકારનાં પાપ બાંધશે, જેના પરિણામે સંસારમાં દુર્ગતિમાં રખડવાનું આવશે. આ પાપની સર્જનશક્તિવાળું પુણ્ય છે.

સર્જનશક્તિ વગરના દાણાને નિરનુબંધ કહેવાય. ત્રણ વર્ષ જૂનું અનાજ ઊગે

નહીં, એવા અનાજનો ઉપયોગ કેટલો ? માત્ર એક વખતની તમારી ભૂખ ભાંગે; જ્યારે ઉત્પાદનશક્તિવાળો દાણો આખી દુનિયાનું પેટ ભરે.

જે ધર્મ નિર્બીજ હોય તે નિરનુબંધ, અશુદ્ધધર્મ છે; અને સબીજ હોય તો એ સાનુબંધ, શુદ્ધધર્મ છે. અશુદ્ધધર્મથી એક વખત વિકાર ભલે શમે, પણ જો એ વિકારશમન નવા વિકારનું સર્જન કરે તો એને તત્ત્વથી ધર્મ ન કહેવાય. **ભગવાન આપણી પાસે એ જ દયા-પરોપકાર-સંયમ-તપ-ધ્યાન કરાવવા માંગે છે, જે સબીજ હોય; એટલે એની શુભ પરંપરા આપણા આત્મા પર ચાલવી જોઈએ તેવાં કરાવવા માંગે છે. જૈનધર્મ અનુબંધની દૃષ્ટિ પ્રધાનપણે રાખનારો છે. જેનો અનુબંધ સારો એનું બધું સારું. જે અનુબંધમાં જીતે એ બધામાં જીતે.**

એક માણસ અબજ રૂપિયા કમાય પરંતુ પાછળથી જૂની બધી સંપત્તિ પાયમાલ કરે તો એ અબજ રૂપિયા બરબાદીનું સાધન ગણાય કે આબાદીનું ? પૂ. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજે લખ્યું કે જે અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી, તેને કોઈ ખરી લક્ષ્મી માને નહીં, અને સમજદાર માણસ તેમાં આનંદ પણ પામે નહીં. કોઈ તમને કહે કે આ પૈસા રાખો, પણ આનાથી તમારું દેવાળું નીકળશે, તો તમે એ રૂપિયા રાખો ખરા ?

**જે ધર્મ, અધર્મનું બીજ હોય કે ભવિષ્યમાં અધર્મમાં રૂપાંતરિત થવાનો હોય એવા ધર્મનું કલ્યાણની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી.** અત્યારે તમે કોઈ ગુણિયલ-સદાચારીને જોઈને એનાં વખાણ કરો, પણ જો એનો ધર્મ સબીજ ન હોય તો પ્રશંસનીય નથી. ભલે પહાડ જેટલો ધર્મ હોય પણ નિરનુબંધ હોય તો તે ધર્મની કિંમત નથી. વળી જે ધર્મ સાનુબંધ હોય તે રાઈ જેટલો હોય તોપણ તે ધર્મની ઘણી કિંમત છે. તમે ધર્મનું કઈ રીતે મૂલ્યાંકન કરતા હો છો, તે સમજવા જેવું છે. અરે ! ઘણા તો પહેલી નિરનુબંધ ધર્મની વ્યાખ્યામાં પણ ઊડી જવાના છે, કારણ કે **તમે આસક્તિ અખંડ રાખીને દાન કરો તેવી તમારી ટેવ છે. જ્યારે અહીં તો સાનુબંધ ધર્મની જ કિંમત છે, કારણ કે તેમાં ધર્મની સર્જનશક્તિ અખંડિત રહે છે.**

અત્યારે છોડેલી મમતા ભવિષ્યમાં નવી મમતાને સર્જવાની હોય તો એનો કેટલો મતલબ ? કણિયા જેટલો ધર્મ પણ જો ધર્મની ઉત્પાદનશક્તિવાળો હશે તો

તમે ન્યાલ થઈ જશો. તમને રસ કયા ધર્મમાં છે ? ઘણાને તો ઘણું કરીને પણ ફસાતા રહેવું છે, સંસારમાંથી બહાર નીકળવું નથી.

તમને જથ્થામાં રસ છે કે ગુણવત્તામાં ? તમને ખાલી મજૂરીમાં રસ છે કે ફળમાં ? અમે તમને સરળ અને અતિશય લાભદાયી ઉપાય બતાડીએ છીએ. ધંધામાં તમને કોઈ કહે કે એવો કીમિયો બતાડું કે ઓછી મહેનતે સફળતા મળે, તો તમે શું કરો ? તમારો ઉત્સાહ વધે કે ઘટે ? એ સાંભળીને તમારા કાન ચાર થઈ જાય. અત્યારે તમારો મૂડ આવી જાય એવી લાભની વાત કરું છું. થોડો પણ સાનુબંધ ધર્મ કરો તો મહાન લાભ છે. **હકીકતમાં સાનુબંધ ધર્મ માટે પાંચ ભાવધર્મમાંથી કોઈપણ ભાવધર્મ કણિયા જેટલો પણ તમારામાં આવે તો સાનુબંધ ધર્મ બને. આ જ ભાવધર્મ છે અને આ સિવાય બધો દ્રવ્યધર્મ છે.**

## વૈરાગ્ય એ જ અધ્યાત્મનો પાયો :

**સર્વ ધર્મવ્યાપાર પરિશુદ્ધ બનાવવા પ્રણિધાન જોઈએ, અને કોઈપણ ગુણનું પ્રણિધાન કરવું હોય તો પાયામાં વૈરાગ્ય જોઈએ. વૈરાગ્યપૂર્વક કરાયેલો ધર્મ એ જ પ્રણિધાનયુક્ત ધર્મ કહેવાય. ભગવાન સંસારને જેવો કહે છે એવો સંસાર લાગે તો ગુણનું પ્રણિધાન આવ્યું કહેવાય. જે દિવસે સંસાર દુઃખમય લાગે, છોડી શકો કે ન છોડી શકો એ સવાલ નથી, પણ સંસારમાં મધુરતાની અનુભૂતિ તો ન જ હોવી જોઈએ. ધર્મ ઓછો કરે તો ચાલે, પણ ધર્મ ગમવો જોઈએ; અલબત્ત સંસાર ન ગમવો જોઈએ.**

**વૈરાગ્ય અધ્યાત્મનો પાયો છે.** કારેલાંને કડવાં અનુભવવા જીભ ચોક્ખી જોઈએ. એ રીતે વૈરાગ્ય લાવવા માટે સંસારના સ્વરૂપનો યથાર્થ વિચાર જોઈએ. એક પણ વ્યક્તિ એવી નથી કે જેને સંસારની કટુતાનો અનુભવ નથી થયો. સંસાર મધુર હોય અને ભગવાન એને કડવો કહે તો એમને પણ અસત્યનું પાપ લાગે. જીવનમાં તમે એક મહત્ત્વની વાત ભૂલો છો કે ગમે તેવી સારી મીઠાઈ ખાનાર પણ જેમ જેમ મીઠાઈ ખાતો જશે એમ એમ ધરાતો જશે. અરે ! અંતે એને એનો પણ અણગમો થઈ જશે. તરસ ગમે તેટલી લાગી હોય પણ મોઢામાં દરિયાનું પાણી નાંખે તો ઠંડક લાગે, પણ પીધા પછી ખારાશના કારણે અરેરે થાય, એનું મોઢું બગડી જાય. તેમ સંસારમાં ઉદ્વેગ

વગરના કોઈ ભોગ ખરા ? એક દાખલો બતાડો કે જેમાં ઉદ્વેગ ન આવે. સંસારના ભોગમાં એકલો મીઠાશનો અનુભવ ક્યાંય કદી પણ થયો છે ?

**જેને અધર્મ ગમે છે એ ગમે તેટલો ધર્મ કરતો હોય પણ તેનો ધર્મ અશુદ્ધધર્મ થવાનો.** જેને અધર્મ ગમવાનો બંધ થાય એનો થોડો પણ ધર્મ શુદ્ધ કહેવાય.

**સભા :-** 'અધર્મ ગમે છે' એ ગમતું નથી.

**સાહેબજી :-** વણિક માટે ચતુરાઈ ગુણ છે. તમે બોલવામાં હોશિયારી કરીને અહીં ગોટાળા કરો છો.

જ્યાં સુધી જીવનમાં તમે અધર્મ પ્રેમથી કરો છો ત્યાં સુધી ન ગમવાની વાત જ ક્યાં ? જેમ એક માણસ એમ કહે કે ગુસ્સો કરવો નથી પણ ગુસ્સો થઈ જાય છે. એનો અર્થ એ કે ગુસ્સાને શાંત કરવા માટે ઝઝૂમું છું, છતાં પણ ગુસ્સો થઈ જાય છે. તમારે માંદા પડવું નથી પણ ન છૂટકે માંદા પડી જાઓ છો. તે વખતે તમારી મહેનત તાવ લાવવા માટેની કે તાવ કાઢવા માટેની ? બંને વચ્ચેનો તફાવત સમજાય છે ? તમે એમ કહો કે મને કષાય ગમતા નથી પણ કષાય થઈ જાય છે, મારી પૂરી શક્તિ લગાડીને હું કષાય સામે ઝઝૂમું છું, પણ કર્મની શક્તિ પ્રબળ છે જેથી હું નિષ્ફળ જાઉં છું. જો હકીકત આમ હોય તો હું સમજું કે તમારું મિથ્યાત્વ છે છતાં તમે એની સામે સંઘર્ષ કરો છો અને તમને એનું દુઃખ છે. આ તો તમારે તમારા જીવનનું પ્રામાણિકતાથી મૂલ્યાંકન કરવાનું છે. અત્યારે તમને જેટલા ક્રોધાદિ કષાય આવે છે એ તમારે લાવવા હોય એટલે આવે છે ? લાવવા છે માટે લાવો છો એ ખરાબ છે, અને પ્રેમથી લાવો એ વધારે ભયંકર છે. તેને અધર્મ નથી ગમતો એમ કેમ કહેવાય ?

# ૫૪

તા.૨-૧૧-૯૫, ગુરુવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ વિશ્વવ્યવસ્થાના સ્વરૂપને સમજાવનારા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**આ સંસાર કયા નીતિ-નિયમ પર ચાલે છે તેનું જ્ઞાન મેળવવા જેવું છે. કુદરતના નીતિ-નિયમો જાણ્યા વગર મનમાન્યું વર્તન કરવાથી લાભ થવાનો નથી. માટે સંસારનાં પાયાનાં તત્ત્વો કઈ રીતે કામ કરે છે તે જાણવું આપણા માટે હિતકારી છે.**

આત્મા એ સનાતન સત્ય છે. તે વાત ન સમજાય ત્યાં સુધી ધર્મની કોઈ આવશ્યકતા નથી. વળી બધા જીવોમાં રહેલું આત્મતત્ત્વ ચૈતન્યરૂપે સમાન હોવા છતાં બધા જીવોના જ્ઞાન-શક્તિ આદિના તફાવતનું મૂળ પરિબળ કર્મ છે, તે સચોટતાથી સમજાવું જોઈએ. બધા ધર્મો કર્મની વાતો કરે છે અને પુણ્ય-પાપની વ્યવસ્થાનો પણ સ્વીકાર કરે છે. આ પુણ્ય-પાપનું સ્વરૂપ પણ સમજવા જેવું છે. સંસારમાં સારી વસ્તુ અપાવનાર પુણ્ય છે અને ખરાબ વસ્તુ અપાવનાર પાપ છે. ધર્મ અને ભૌતિક બંને ક્ષેત્ર માટે આ જ સિદ્ધાંત છે. જડ દુનિયામાં કોઈ પાસું એવું નથી કે જ્યાં પુણ્ય-પાપ અસર ન પાડતા હોય. આ પુણ્ય-પાપને જ ધર્મ-અધર્મના કાર્યરૂપે બતાવવામાં આવ્યાં છે. વળી આ સિદ્ધાંત બધા જ ધર્મો સ્વીકારે છે. **આ દુનિયામાં બહાર જે સારું દેખાય છે તે ધર્મનું ફળ છે અને અંદરમાં જે સારું દેખાય છે તે પણ ધર્મના કારણે છે.** જેમ ઉદારતા, સહિષ્ણુતા, પરોપકાર, દયા, પ્રામાણિકતા તે કારણરૂપ ધર્મ છે અને તેનાથી બંધાતા પુણ્યના વિપાકરૂપે મળતી બધી ભૌતિક સામગ્રી ધર્મનું ફળ છે. ટૂંકમાં શુભભાવથી સર્જન થતું પુણ્ય સારી વસ્તુ અપાવે છે. પરંતુ તેનું પણ એક ભયસ્થાન જાણી લેવું જોઈએ.

**પાપચક્રની ધરી પુણ્ય અને તેનું કારણ અશુદ્ધ ધર્મ :**

**હા, પુણ્યનું સાધન ધર્મ છે, પણ તે બધા જ પુણ્યનું ફળ પુણ્ય નથી, ઘણાં પુણ્ય તો એવાં છે કે તેનું ફળ પાપ છે. અનાદિ સંસારમાં આત્મા પર પાપનું ચક્ર છે, અને આશ્ચર્યની વાત એ છે કે તેની ધરી પુણ્ય જ છે.** કોઈ પૂછે કે આત્મા અનંતકાળથી ભટકે છે કેમ ? પરિભ્રમણ કેમ કરે છે ? તો તેમાં કારણ પાપકર્મ છે. પરંતુ એકનું એક પાપ અનંતકાળથી આત્મા ભોગવતો નથી પણ તેમાં હારમાળા છે. **જેમ કે એક પાપનું ફળ દુઃખ આવ્યું, ત્યારે જીવે પોતાને પુન્યથી મળેલી શક્તિઓનો દુરુપયોગ કરીને બીજું પાપ કર્યું, તેનું પણ ફલ દુઃખ આવ્યું. ફરી પોતાને પુન્યથી મળેલી પહેલાં કરતાં ન્યૂન શક્તિઓનો પણ દુરુપયોગ કર્યો, તેના પ્રભાવે પાપના ફળરૂપે દુઃખ આવ્યું. આમ દુઃખની પરંપરા ચાલે છે, તેનો અંત નથી આવતો.**

પરતુ આમાં ખૂબી એ છે કે ફરી ફરીને પાપનું સર્જન કરવામાં પીઠબળરૂપે જે શક્તિઓ જોઈએ છે તે પુણ્યથી મળે છે. તેથી આત્મા પર પાપ અને દુઃખની અવિચ્છિન્ન પરંપરા ચલાવવા વચ્ચે વચ્ચે ટેકારૂપે પુણ્યની અનિવાર્ય જરૂર પડે છે, જે પુણ્યનું પણ સાધન ધર્મ છે. જેમ આખા પૈડાનો આધાર ધરી પર છે. જો ધરી તૂટે તો આખું પૈડું તૂટે. પૈડાની બેઝિક આધારશિલા ધરી બને છે. તેમ આ સંસારના બધા પાપની ધરી-બેઝ-આધાર પુણ્ય છે, કેમ કે પાપ કરવાની શક્તિ પુણ્યથી મળે છે. કોઈપણ માણસને કાંઈ પણ ખોટું કામ કરવા અર્થાત્ દુષ્ટતા કે પાપ કરવા શક્તિ તો અવશ્ય જોઈએ, જે પુણ્યથી મળે છે અને પુણ્ય ધર્મથી બંધાય છે. એટલે લોકો સત્કાર્ય કરે, તેના ફળરૂપે વિકારો-કષાયો શાંત થાય, જે ધર્મ થયો કહેવાય. આ ધર્મના ફળસ્વરૂપે પુણ્ય બંધાય, પુણ્યથી પાપ કરવાની શક્તિઓ મળે, જે પાપના સર્જન દ્વારા દુઃખની પરંપરા ચલાવે. તેથી અશુદ્ધધર્મ દેખાવમાં સારો પણ અંતિમ ફળ તરીકે તો વાસ્તવમાં આત્માને રખડાવનારો બને છે. કુદરતની આ વ્યવસ્થા છે.

આ દુનિયામાં ખોટું બોલવા માટે જોઈતી હોશિયારી પુણ્યથી જ મળે છે. અને તે પુણ્ય ધર્મથી બંધાય છે. જેમ ચોરને ચોરી કરવાની બુદ્ધિ-કુશળતા અને અંતે સફળતા પુણ્યથી જ મળે છે. **આ સંસારમાં કોઈ એવું પાપ નથી કે તેને કરવાની શક્તિ પાપથી મળે. અને જો તેવું હોત તો પુણ્યથી કદી ડૂબવાનો સવાલ આવત**

નહીં. **પરંતુ દરેક શક્તિ પુણ્ય પસાયે જ મળે છે.** આ સત્તાધીશોને ઉપદ્રવો કરવાની શક્તિ ક્યાંથી મળી ? પુણ્યથી. તે પુણ્ય ક્યાંથી બંધાયું ? આગલા ભવમાં રાગાદિમલનો વિગમન થાય તેવો ધર્મ કર્યો હશે તેથી. કારણ કે જો **તમે ધર્મપ્રવૃત્તિથી રાગ-દ્વેષને જ પુષ્ટ કરો તો પાપ જ બંધાય, પુણ્ય ન જ બંધાય. પરંતુ આસક્તિ-મમતાનો ત્યાગ કરી દયા, પરોપકાર, ઉદારતા કેળવો તો રાગાદિ મલના વિગમનથી થતા શુભભાવરૂપ ધર્મથી પુણ્ય બંધાય.**

## વૈરાગ્ય વગર સાનુબંધ પુણ્ય નથી, જે પુણ્ય સાનુબંધ નથી તે પ્રાયઃ પાપશક્તિ પેદા કરે છે :

અત્યારે ઘણા દયાળુ માણસો છે. જેમ મેનકા ગાંધી દયા કરે છે, તેનાથી તેને કોરું પુણ્ય બંધાય, પણ તેને તેમાં પુણ્યનો અનુબંધ ન પડે. ભલે તેની દયામાં સ્વાર્થ નથી, હૃદયની કોમળતા છે, પણ તેમાં વૈરાગ્યના મહત્ત્વના ભાવો જ નથી; માટે તે ગમે તેટલી દયા, પરોપકાર, ઉદારતા, ક્ષમા કેળવે, પણ તેનાથી બંધાયેલું પુણ્ય તો તેને પાપ કરવાની તાકાત આપશે.

**અશુદ્ધધર્મથી પુણ્ય, પુણ્યથી પાપ અને પાપથી પરિભ્રમણ; માટે અશુદ્ધધર્મ ન જોઈએ, શુદ્ધધર્મ જ જોઈએ. અશુદ્ધધર્મ અપનાવવા જેવો નથી. કારણ કે તેનાથી અશુભનું વિષચક્ર ભેદાતું નથી, ઊલટાનું વધુ મજબૂત બને છે. ઘણા જીવો ગુણોને સેવીને તેમના ભાવિ દોષોનો પાયો મજબૂત કરે છે. આ જૈનદર્શનની લોકોત્તર દૃષ્ટિ છે.** આ વાત બીજે ક્યાંય સમજવા મળશે નહિ. અનુબંધ એ જૈનશાસનની મોનોપોલી છે. તીર્થંકરો સિવાય કોઈએ આ તત્ત્વની વાત કરી નથી. અત્યારે તમે સદ્ગુણ-સદાચારની પ્રવૃત્તિ કરો છો, પણ તેનું અંતિમ ફળ વિચારવું પડે. અંતિમ ફળ જો સારું ન હોય તો તે હિતકારી નથી. વળી અત્યારના ખરાબ વર્તનનું પણ અંતિમ ફળ સારું હોય તો તે અંતે હિતકારી છે. ટૂંકમાં **સમ્યગ્દૃષ્ટિનો દોષ પણ હિતકારી છે અને મિથ્યાત્વીનો ગુણ પણ અહિતકારી છે.**

જેમ કે કદાચ સમ્યગ્દૃષ્ટિ ક્રોધ કરે ત્યારે તેને પાપ બંધાય, પણ પાપ ઉદયમાં આવશે ત્યારે તેને દુઃખાનુભવ કાળે પણ સદ્બુદ્ધિ જાગશે, અને તે સદ્બુદ્ધિ દ્વારા તેનો આત્મા વિશુદ્ધ પરિણામો કરીને ગુણોનું પોષણ કરશે; જેથી અંતે તે ક્રોધનું ફળ પણ હિતકારી થશે. જ્યારે ગાઢ મિથ્યાદૃષ્ટિ ક્ષમા કેળવે તેનાથી તેને પુણ્ય

બંધાય, તે પુણ્યથી સંસારમાં સુખસગવડતા મળશે પણ તે ભોગવતાં તેની બુદ્ધિ બગડશે; જેથી સુખ અને પાપમાં ગાઢ આસક્તિ કરશે, જેના કારણે તે પાપને બાંધશે. આમ તે ક્ષમા તેને પાપની પોષક બની. કારણ કે ક્ષમાથી બંધાયેલ પુણ્ય ભોગવતાં આત્મામાં પાપનું બીજ રોપાશે. આ બહુ જ ગંભીર મુદ્દો છે.

સંસારમાં બાહોશ વેપારી એવા હોય કે જે નુકસાનીને નફામાં ફેરવે અને ઘણા ગમાર વેપારી એવા હોય કે નફાને પણ નુકસાનીમાં ફેરવે. ઘણી કંપનીઓ ઓછા માર્કેટીંગે પણ સારો પ્રોફીટ કરતી હોય છે, કારણ કે તેનો મેનેજર નિપુણ હોય છે. અને જો મેનેજર ડોબો આવે તો તરતી કંપનીને પણ ડૂબતી કરી નાંખે.

**સભા :-** એ તો પોતે તરે અને બીજાને ડૂબાડે.

**સાહેબજી :-** તે ગમાર નહીં પણ લુચ્ચો મેનેજર કહેવાય. જે પોતે ડોબો હોય તે કંપનીને ડૂબાડે અને પોતે પણ ડૂબે. અહીંયાં પણ જેને સારો અનુબંધ પડ્યો હોય તે તો નુકસાનને પણ નફામાં બદલતો જશે, અને જો અનુબંધ ઊંધો પડ્યો હશે તો તેનો નફો પણ નુકસાનમાં ફેરવાતો જશે. તેવા જીવે તો બધું કરીને ખોવાનું આવશે. જ્યારે પેલો તો જે કરે છે તેમાં લાભ જ લાભ છે.

તમારા વ્યવહારમાં પણ તમે પોષક ખોરાક ખાઓ અને તે પોષક ખોરાક તમારા શરીરમાં જઈને રોગ વધારે તો તેનો શું મતલબ ? હવે કદાચ તેની સામે દવા ખાવાથી રોગ મટે, આમ તો તે દવા ઝેર રૂપ છે, છતાં ય અંદર જઈને જો રોગનું નિવારણ કરે તો તે અમૃત કહેવાય; અને પોષક આહાર ખાઈને પણ જો રોગ વધે તો તે ઝેર કહેવાય. તેની જેમ **જે ધર્મ અધર્મપોષક બને તે ભયંકર અને જે ધર્મ ધર્મપોષક બને તે સારો. અશુદ્ધ ધર્મ ભવિષ્યમાં અધર્મમાં રૂપાંતર પામશે માટે તે ત્યાજ્ય છે.**

## શુદ્ધ કે અશુદ્ધ ધર્મ દેખાવમાં સરખા જ લાગે, કદાચ અશુદ્ધ ધર્મ ચડિયાતો પણ લાગે :

તમે અશુદ્ધ ધર્મમાં તત્કાલ અધર્મનો એક પણ દોષ ન બતાવી શકો. દા.ત. જે નિરતિચાર સામાયિક કરે તેના મનમાં તો એક પણ અશુભભાવ આપણે બતાવી શકીએ નહિ. આવું સામાયિક કરવા મમતા છોડવી પડે. દયા-પરોપકાર-મૈત્રી આદિ અનેક ગુણો કેળવવા પડે. જૈનધર્મની અણિશુદ્ધ ક્રિયા કરવા હજારો ગુણો

કેળવવા પડે છે. આ જૈનધર્મના અનુષ્ઠાનનું માળખું છે. જેમ સામાયિકમાં અનેક પ્રકારની અહિંસાનો ભાવ, સત્યનો ભાવ, અપરિગ્રહનો ભાવ, મન-વચન-કાયાથી બ્રહ્મચર્યનો ભાવ લાવવો પડે. અરે, પ્રત્યેક ક્રિયામાં હજારો ગુણ લાવવા પડે. ગંભીરતા-ઉદારતા-ક્ષમા આદિ ઊંચી માત્રાના જોઈએ. સામાયિકમાં હાસ્યાસ્પદ પ્રસંગમાં પણ હસવું ન આવવું જોઈએ. તે વખતે ઘરમાં ગમે તે વસ્તુ બને તોપણ તમને તેની અસર ન થવી જોઈએ.

**સભા** :- સામાયિકમાં પોતાની મૂર્ખાઈ પર હસવું આવે તો ?

**સાહેબજી** :- પોતાની પણ સંસારની મૂર્ખાઈ પર હસવું આવે કે પોતાની આત્મિક મૂર્ખાઈ પર હસવું આવે છે ?

**સભા** :- આત્મિક મૂર્ખાઈ પર હસવું આવે.

**સાહેબજી** :- તો તે પ્રશસ્ત હાસ્ય છે. મુનિને પણ પ્રશસ્ત હાસ્ય હોય છે. તો તમારા માટે સામાયિકમાં પ્રશસ્ત હાસ્યનો કોઈ વાંધો નથી. **પ્રશસ્ત કષાયને ગુણ તરીકે ખતવવામાં આવે છે, તેને તો કેળવવાના છે.**

**અહીં અશુદ્ધ ધર્મ આવા હજારો ગુણોવાળો હોવાથી દેખાવમાં કેટલો સરસ લાગે ? તે કરનાર આત્માએ કેટલા દોષો કાઢ્યા હોય, કેટલા ગુણો કેળવ્યા હોય, કે જેને જોઈને ભલભલાને અહોભાવ થાય તેવો અશુદ્ધધર્મ હોય છે. શુદ્ધ કે અશુદ્ધ બંને ધર્મોનું સ્વરૂપ સુંદર છે, પ્રવૃત્તિરૂપે અનુષ્ઠાન સુંદર છે, દેખાવથી પ્રવૃત્તિરૂપે બંને એક લાગે, છતાં અશુદ્ધ ધર્મને અમે નકામો ગણીએ છીએ; અને તમે જો આ સમજી જાઓ તો જૈન-જૈનેતરના સદ્‌ગુણ-સદાચાર જોઈને ઊંડાણ જોયા વિના જે લેવાઈ જાઓ છો, તેમાં ન લેવાઈ જાઓ. પરંતુ તે વખતે તેમનો અને તમારો ધર્મ અનુબંધવાળો છે કે નહિ તેનો ખાસ વિચાર કરો.**

તમે અનુબંધને નથી સમજતા માટે જ ગમે તે ધર્મની છાયા તમારા મન પર પડે છે. અત્યારે તમે સારા સામાજિક કાર્ય કરનારને જુઓ, તો કેટલા પ્રભાવિત થાઓ છો ? જેમ કોઈ ડૉક્ટર હજારો પેશન્ટને ફ્રી ઓફ ચાર્જ સેવા આપે તો તમને તેને જોઈને કેવા ભાવ થાય છે ? દા.ત. મધર ટેરેસા, મેનકા ગાંધી, જયપ્રકાશ નારાયણ આ બધાની સત્પ્રવૃત્તિઓ જોઈને તમે કેટલા અંજાઈ ગયા છો ? જયપ્રકાશ નારાયણને વિજયશેઠ અને એમના પત્ની પ્રભાદેવીને વિજયાશેઠાણી સાથે

સરખાવનારા જૈનસંઘમાં છે. પરંતુ આવી ઉપમા અપાય ખરી ? હા, તેમણે બ્રહ્મચર્ય વર્ષો સુધી પાળ્યું હતું, તેની ના નથી. વિનોબા ભાવેએ અંતિમ સમયે આહાર-પાણીનો ત્યાગ કરી સ્વસ્થતાપૂર્વક દેહ છોડવાની જાહેરાત કરી અને તે સંકલ્પ સાથે સાત દિવસ જીવીને તે મૃત્યુ પામ્યા. તે વખતે આપણા જૈનોમાંથી ઘણાએ સાચા મહાવીરના અનુયાયી અનશન કરીને મૃત્યુ પામ્યા એવા વિધાન સાથે તેમને બિરદાવેલા. પરંતુ વાસ્તવમાં પરમાત્મા મહાવીરના સિદ્ધાંતોનો વિનોબા ભાવેને કોઈ સ્પષ્ટ બોધ પણ ન હતો.

**સભા :-** તેને સમાધિ મૃત્યુ કહેવાય ?

**સાહેબજી :-** સમાધિનો સાચો અર્થ શું તે પણ તેમને ખબર ન હતી. તેમના વિચારો-પ્રવૃત્તિ મુખ્યત્વે સામાજિક હતા. હા, તેમના જીવનમાં સદ્‌ગુણ-સદાચાર હતા, લાખોમાં ન નીકળે તેવી સજ્જનતા હતી. સરળતા-ત્યાગ-દયા-ક્ષમા-માનવતાના ભરપૂર ભાવો હતા. વળી આ બધા ગુણો રાગાદિ મલના વિગમનથી પ્રગટ્યા, છતાં તેમાં અનુબંધ ક્યાંય પણ શોધ્યો મળે તેમ નથી.

**સભા :-** સાહેબજી ! તેઓ સમકિતમાં નહીં પણ સમકિતની ભૂમિકામાં પણ નહીં ?

**સાહેબજી :- સમકિત પામવા માટેની પહેલી ભૂમિકા અપુનર્બંધક અવસ્થાથી શરૂ થાય છે. વૈરાગ્ય વગર અપુનર્બંધક અવસ્થા માની નથી. જેને સંસારનું બહુમાન છે તે ગમે તેટલો ગુણિયલ હોય તોપણ તે સમકિતની ભૂમિકાની બહાર છે.** હા, વ્યવહારમાં તે વખાણવા લાયક માણસો ખરા, પણ શુદ્ધધર્મની દૃષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો તેમના પર ચોકડી મૂકવી જ પડે, જેમાં પરિણામ શૂન્ય જ આવે.

### પ્રણિધાનઆશય વગર ધર્મ નથી :

**પ્રણિધાનઆશય વગરના ધર્મને પોઈન્ટ વન(૦.૧)નું પણ marking (માર્કીંગ) ન મળે, પછી ભલે તે વ્યક્તિ સદાચારી હોય કે ગુણિયલ હોય. તેમનું રાગાદિમલના વિગમનવાળું, પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત હોય, પણ અનુબંધવાળું ન હોય. જ્યારે તમે જિનવચનથી દુનિયાનું મૂલ્યાંકન કરતા થશો ત્યારે તમે લોકોત્તર ધર્મ સમજ્યા કહેવાશો.**

**હા, હજી આ ભારતમાં સજ્જન માણસો ઘણા છે, જેમાં ઘણા કરોડપતિ બની શકે તેમ હતા, છતાં પણ બીજા માટે ઘસાઈ જવાની વૃત્તિથી સારાં કામો કરીને આખી જિંદગી સાદગીથી જીવ્યા એવા દાખલા મળે; પરંતુ તેમનામાં પ્રણિધાનનો એકડો ન હોવાથી તે ગુણોની આત્મદૃષ્ટિએ કાંઈ જ વેલ્યુ નથી. આમ, આ જીવે અત્યાર સુધીમાં ઘણું જ કર્યું છે, પરંતુ સાનુબંધ ધર્મ કર્યો નથી. તે આવી જાય પછી જ જીવનો બેડો પાર થાય છે. આ યોગવિંશિકાનું હાર્દ છે આ જ અધ્યાત્મની ભેદરેખા છે.**

**સભા :-** સદ્ગુણ-સદાચાર આવે તોપણ અધ્યાત્મ નહિ ?

**સાહેબજી :- સદ્ગુણ-સદાચાર આવે તોપણ તે જીવો ગાઢ મિથ્યાત્વમાં રમતા હોય, તેમની પાસે સમકિતનો કે તેની પૂર્વભૂમિકાનો વિવેક નથી હોતો, તેથી તેઓ અધ્યાત્મશૂન્ય છે.** છતાં ગુણો કેળવવા એ પણ રમત વાત નથી. જયપ્રકાશ નારાયણે યુવાનીમાં બ્રહ્મચર્ય સ્વીકારી લીધેલું. તેમને મનમાં એમ થયું કે અમારી શક્તિનો સદુપયોગ લોકકલ્યાણ માટે કરીએ. આથી તેમણે જીવનમાં દેશ માટે પણ ઘણું વેઠ્યું છે ! આ કરવું પણ સહેલું નથી. તેમ વિનોબા ભાવેએ પણ ભૂદાન માટે આજીવન ભોગ આપ્યો છે ! તેમ ગાંધીજી પણ પુણ્ય-પાપ માનનારા આસ્તિક દેશભક્ત હતા. અમારે કહેવું પડે કે આવા વ્યક્તિત્વવાળા જીવો પણ સમાજમાં ઓછા હોય છે. વગર બલિદાને આવા ગુણો કેળવાતા નથી. છતાં પણ આપણો ધર્મ તેઓનું અધ્યાત્મની વ્યાખ્યા પ્રમાણે આરપાર મૂલ્યાંકન કરશે.

**સભા :-** તેમનામાં અત્યારે મિથ્યાત્વની મંદતા છે ?

**સાહેબજી :-** મિથ્યાત્વની મંદતા બે પ્રકારની છે. એક ક્ષયોપશમને અનુરૂપ મંદતા અને બીજી ઔદયિકભાવની મંદતા. અપુનર્બંધક અવસ્થા આવે પછીની મિથ્યાત્વની મંદતા હિતકારી છે.

**સભા :-** ઔદયિક ભાવની મિથ્યાત્વની મંદતામાં પણ જીવને સંસારની આસક્તિ ઓછી થઈ ગઈ હોય છે ?

**સાહેબજી :-** હા, તેને સંસારની આસક્તિ ઓછી થઈ ગઈ હોય છે. તમે વિચારો કે અભવિનો જીવ કેટલો અનાસક્ત હોય છે !

**સભા :-** વગર સાંભળે ધર્મ પમાય ખરો ?

**સાહેબજી :-** હા, પ્રણિધાન શબ્દ ન સાંભળ્યો હોય તેને પણ પ્રણિધાનધર્મ આવી શકે, સમકિત શબ્દ ન સાંભળ્યો હોય તેને પણ સમકિત આવી શકે છે, પણ વગર શ્રવણે લાખમાં એકને સાચો ધર્મ આવી શકે. એટલે રાજમાર્ગ તો સમજણ અને શ્રવણ જ છે. પણ કુલ ગણતરી માંડો તો કરોડો જીવો એમ ને એમ પણ પામી જાય છે.

**સભા :-** એમ ને એમ જે પામે તે પૂર્વના સંસ્કારથી પામે ?

**સાહેબજી :-** ના, એવો એકાંત નથી. નિસર્ગથી ધર્મ પામે તે પૂર્વના સંસ્કાર વિના પણ પામે, માત્ર તેનાં આવરણ તૂટતાં ધર્મ પામી જાય. અરે ! વાઘ-સિંહ જંગલમાં બેઠાં પણ નિસર્ગથી ધર્મ પામી જાય છે. જ્યારે ઘણા જીવો સાધનારૂપે પુરુષાર્થ કરવાથી આવરણ તૂટતાં ધર્મ પામે છે. તાત્પર્ય એ છે કે કરોડોમાં એક જીવ નિસર્ગથી પામે છે, જ્યારે કરોડો જીવો રાજમાર્ગથી પામે છે.

## ૫૫

તા.૩-૧૧-૯૫, શુક્રવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ શુભાનુબંધની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

### સાનુબંધ ધર્મ જ કલ્યાણકારી :

**આપણા આત્મા પર અશુભ અનુબંધનું ચક્ર અનંતકાળથી ચાલી રહ્યું છે.** ભૂતકાળમાં આપણા આત્માએ અંદર સારા ભાવ કર્યા નથી કે ઉત્તમ સદ્‌ગુણ કેળવ્યા નથી તેવું તો નથી. અર્થાત્ આપણા આત્માએ સારા ભાવ પણ કર્યા છે અને ઉત્તમ સદ્‌ગુણ પણ કેળવ્યા છે, પણ તે અંતે અશુભના પોષક જ બને તે રીતે સેવ્યા છે.

**સંસારમાં જે ખરાબ છે તે બધું સારાના ઓઠા નીચે જ ટકે છે, આ કુદરતની વ્યવસ્થા છે.** જેમ કોઈની સાથે છેતરપિંડી કરવા-લુચ્ચાઈ કરવા-અનીતિ કરવા સરળતા અને સત્યનું ઓઠું લેવું પડે; તમારે તેને કહેવું પડે કે હું તને સહાય કરવા આવ્યો છું. તમે તેને વિશ્વાસમાં લો પછી જ ઠગી શકો. **આ જગતમાં અસત્ય, સત્યના આધારે જ ટકે છે.** તેમ અનંતકાળથી આત્મા પર પાપ ટક્યું છે, પાપની પરંપરા ચાલી છે, તેમાં પીઠબળ પુણ્ય છે. આ દુનિયામાં પાપ કરવા સામગ્રી, શક્તિ, અનુકૂળતા બધું પુણ્યથી મળે છે. માટે અધર્મનો પાયો પુણ્ય કે ધર્મ બને છે, વળી કોઈ જીવ અધર્મ કરે અને પુણ્ય બંધાય તેવું નથી. આ કુદરતનો ઊલટો ક્રમ છે.

જગતમાં તીર્થંકરોએ કહ્યું કે ખાલી **વિકારનાશક અને ગુણપોષક બને તેવો ધર્મ પણ જો અનુબંધ વગરનો હોય તો તે આત્મકલ્યાણનું સાધન બનતો નથી.** અન્ય કોઈ ધર્મમાં આ રીતે પુણ્ય-પાપની સમીક્ષા કરી નથી. તેથી જો આ વ્યાખ્યા બરાબર સમજાઈ જાય તો ખાલી સત્કાર્યથી તમને સંતોષ થાય નહિ, અને બીજા સત્કાર્ય કરે તેટલામાત્રથી તેને વધાવો પણ નહિ, પરંતુ તેનું અંતિમ પરિણામ અનુબંધની દૃષ્ટિએ વિચારો.

અત્યાર સુધી અશુભ અનુબંધ જ આત્મા પર ચાલ્યો છે. તમે જ્યાં સુધી અશુભ અનુબંધ તોડો નહિ, અને શુભ અનુબંધ પામો નહિ ત્યાં સુધી તમારો આત્મા આત્મકલ્યાણના માર્ગ પર ચઢી શકે નહિ. **ગમે તેટલા સુંદર ભાવો પણ અનુબંધ વગરના હોય તો તે મોહના ઘરના કે મોહપોષક છે.** આપણે આ દૃષ્ટિ કેળવીશું તો હાર્દ પકડાશે.

તમે નિઃસ્વાર્થભાવે દયા-દાન-પરોપકાર કરો અને તેને ધર્મ ન કહે તેવો દુનિયામાં કોઈ ધર્મ ખરો ? આ બાબતમાં આપણું જૈનશાસન જ એક જુદી વાત કરે છે. આ જૈનશાસન જ લોકોત્તર તત્ત્વને સમજાવે છે. તમે અનુબંધને સમજી જાઓ અને અનુબંધના ઉપદેશકને જો ઓળખી જાઓ તો તીર્થંકર ઉપર ઓવારી જાઓ. **વીતરાગનું શાસન જગતમાં ક્યાં જુદું પડે છે તે જો સમજશો, તો તેમને ભજતાં તેમનો અનન્ય ઉપકાર પ્રત્યક્ષ દેખાશે, જેથી બહુમાન વધતું જશે. તેની બીજા ધર્મ સાથે મધ્યસ્થતાથી તુલના કરશો તો તમે સમકિત ન પામ્યા હો, તો પામવાનો સ્કોપ ઊભો થશે અને જો પામ્યા હો તો નિર્મળ થશે. જો જિનશાસનમાં અનન્ય રીતે શ્રદ્ધાળુ અને સ્થિર બનવું હોય તો બીજા ધર્મના ક્રિયા-આચાર-ઉપદેશ બધાનું તટસ્થતાથી અને પ્રામાણિકતાથી મૂલ્યાંકન કરો.**

બધા ધર્મ અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ આદિનું વર્ણન કરે છે, ક્યાંય ચોરી કરવી તેવું સીધું લખ્યું નથી. દુનિયામાં ધર્મના નામથી વાત તો સારી કરવાની જ આવે છે. કોઈને ઠગવું નહિ, હિંસા કરવી નહિ, ચોરી કરવી નહિ આ જ ઉપદેશ બધા ધર્મશાસ્ત્રમાં આવશે. અરે ! પશ્ચિમના ધર્મો પણ આ વાત તો કરે છે. પરંતુ આપણા તીર્થંકરો તેનાથી આગળ કહે છે કે તમારાં સત્કાર્યો-સદાચાર શુભ અનુબંધવાળા છે કે નહીં ? તે જુઓ, અને જો તે નિરનુબંધ હોય તો તેને પરિણામે અધર્મ જ સમજો.

ગુણો પણ આત્માને મારક બને તે વાત લોકોને બેહૂદી લાગે છે. આમ તો એટ એ ગ્લાન્સ (દેખીતી રીતે) જે સારી પ્રવૃત્તિ છે તે કાંઈ ટીકાપાત્ર નથી. મોટા ભાગના માણસો આ સત્પ્રવૃત્તિ જોઈને પ્રભાવિત થશે, પણ આમાં શુભ અનુબંધ ન હોય તો ફળ શું એ સૂક્ષ્મતાથી વિચારવા જેવું છે. દા.ત. તમારે ત્યાં ખેરનાર પ્રામાણિકપણામાં કેટલા પંકાઈ ગયા છે ! આમ તો તે સજ્જન માણસ છે, કરોડો આપો તોપણ તે ખોટું કામ ન કરે. પહેલાં સદ્ગુણ(નીતિ) પછી બીજી વાત. ખોટા

માણસ સામે લડવામાં, તેને ક્યાંય પાછીપાનીનો ભાવ થાય નહિ. પ્રસંગ આવે નીતિ ખાતર કુટુંબ કે પોતાનું બલિદાન પણ આપી દે. આનાથી તેને પુણ્ય બંધાય પણ તે પુણ્ય પાપાનુબંધીપુણ્ય બંધાય. આ પુણ્ય તેને જ્યારે ઉદયમાં આવશે ત્યારે સત્તા-સંપત્તિ-ભોગ મળશે પણ તેનો ઉપયોગ એવો કરશે કે પાછું પાપ બાંધી દુર્ગતિમાં રખડશે, કેમ કે આ લોકો પુણ્ય-પાપ-આત્માને માનતા જ ન હોય. પાલખીવાળાએ પણ લખ્યું હતું કે ભગવાન કોઈ મંદિરમાં બિરાજતા નથી, ભગવાન તો કોર્ટો અને ન્યાયાલયોમાં છે. આ વાતો પરથી તમે સમજી શકો છો કે તેઓની વિચારસરણી કેવી છે. તેઓ આત્માને માનતા જ ન હોય તો અધ્યાત્મનો અવકાશ જ ક્યાં રહે છે ? માટે તેમના સદ્ગુણોથી નક્કી પાપાનુબંધીપુણ્ય જ બંધાય, અને તે જ્યારે ઉદયમાં આવશે ત્યારે તેનાથી પુનઃ પાપ જ મજબૂત થશે.

## સાનુબંધતાનું મૂળ પ્રણિધાન, પ્રણિધાનનું મૂળ વૈરાગ્ય :

**સભા :-** જો સમકિત હોય અને ધર્મ લાલચથી કરે તો પુણ્યનો અનુબંધ પડે ?

**સાહેબજી :-** હા, સમકિત હોય તો પુણ્યનો અનુબંધ પડે, પણ સમકિત લાવવું મુશ્કેલ છે. અરે ! સમકિતની ભૂમિકા લાવવી પણ મહામુશ્કેલ છે. **શુભ અનુબંધ પાડવો હોય તો પ્રણિધાન અવશ્ય જોઈએ અને પ્રણિધાન સંસારના વૈરાગ્ય વગર આવે નહિ. જૈનશાસનમાં સાચા ધર્મની ધરી વૈરાગ્યને જ બતાવી છે. વૈરાગ્ય વગરના શુભભાવની ફૂટી બદામ જેટલી પણ કિંમત નથી.**

## વૈરાગ્યનો ઉપાય :

**સભા :-** શુભભાવથી વૈરાગ્ય આવી જાય તો ?

**સાહેબજી :-** શુભભાવથી વૈરાગ્ય આવી જાય તો શુભભાવ નિમિત્ત બન્યો કહેવાય. પણ આત્માએ અનંતી વાર શુભભાવ કર્યા છતાં વૈરાગ્યને પામ્યો નથી, માટે કાંઈ ગેરંટી નથી. વૈરાગ્યને લાવવા માટે તેને યોગ્ય સાધન-સામગ્રી અપનાવવાં પડે. શાસ્ત્રમાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્રો આલેખાયાં છે. ૨૪ તીર્થંકરોની દેશનાઓ લખી છે. તે વાંચો તો વાક્યે વાક્યે વૈરાગ્ય ટપકે છે. **જૈનમુનિના ઉપદેશ માટે ધોરણ મૂક્યું કે ગમે તેટલો સદાચાર-સદ્ગુણોનો ઉપદેશ આપે, પણ મુખ્ય ભાર વૈરાગ્ય પર હોય.** અરે ! સપ્તવ્યસનના ત્યાગ વિષયક દેશના પણ વૈરાગ્યને પેદા કરે તેવી જોઈએ. સેન્ટર પોઈન્ટ તો વૈરાગ્ય જ હોય.

**સભા :-** વૈરાગ્યનો રાગ કેળવવાનો છે ?

**સાહેબજી :-** હા, વૈરાગ્યની અભિલાષા કેળવવાની છે. **આ શાસનને પામીને તમારા મનમાં પાપ પ્રત્યેનો, અધર્મ પ્રત્યેનો, સંસાર પ્રત્યેનો અણગમો પેદા થવો જોઈએ.** 'જયવીયરાયસૂત્ર'માં સૌ પ્રથમ એ માંગ્યું કે **'હોઉ મમં તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ'** એટલે કે 'હે વીતરાગ ! આપની ભક્તિના પ્રભાવે આ સંસારમાંથી મને ઉદ્વેગ પેદા થાઓ." આ ઉદ્વેગ નહિ હોય તો બધું એકડા વગરનાં મીંડાં જેવું છે; પછી ભલે **તમે ચોવીસે કલાક આત્માની ચિંતા કરો, દેહની પરવા ન કરો, તોપણ જો વૈરાગ્ય ન હોય તો તે આત્મજ્ઞાન પણ એકડા વગરનાં મીંડાં બરાબર છે.** વાસ્તવમાં વૈરાગ્યથી જ સાચા ધર્મનો પ્રારંભ થાય છે. પ્રત્યેક ક્રિયામાં પાયામાં આ જ પરિણામ જોઈએ. જૈનશાસનમાં વૈરાગ્યને આટલું મહત્ત્વ કેમ આપ્યું છે ?

આનો મર્મ ઊંડાણથી સમજવા જેવો છે. આપણે સૌ કોઈ જન્મ્યા ત્યારથી હિંસા ખરાબ છે, અહિંસા સારી છે; અસત્ય ખરાબ છે, સત્ય સારું છે; અનીતિ ખરાબ છે, નીતિ સારી છે; એવું સાંભળતા આવ્યા છીએ, પણ તે હૃદયમાં ઊતરતું નથી. કારણ કે હિંસા કે અનીતિ, ઇન્દ્રિયોના આનંદ-પ્રમોદનાં સાધન બનતાં હોય તો દુનિયા તેને અપનાવવા તૈયાર છે. તેથી **સર્વ દુષ્ટતાની જડ ઇન્દ્રિયોની ભોગતૃષ્ણા છે. તેનાથી પ્રેરાઈને જ આખું જગત પાપ કરે છે. તે ભોગતૃષ્ણા જેને સારી લાગે તે વ્યક્તિ કદી પણ કોઈપણ દોષ પ્રત્યે મૂળમાંથી અણગમો કેળવી શકે નહિ. તે ભોગતૃષ્ણા વૈરાગ્ય વિના હટે નહિ. તેથી એક ગુણનું પણ સાચું પ્રણિધાન લાવવા મનમાં વૈરાગ્ય અવશ્ય કેળવવો પડે.** વિરાગ વિનાના જીવો નૈતિકતાના પ્રેમી હોય તોપણ તે આડકતરી રીતે અનીતિના હિમાયતી હોય.

દા.ત. તમારા વર્તમાન સમાજમાં અડગ નીતિમાન તરીકે પંકાયેલ ખેરનાર, માણસને અન્યાય થાય તેનો વિરોધ કરશે, પણ રસ્તે ચાલતા કૂતરાને કોઈ ત્રાસ આપે તો તેને અનીતિ તરીકે સ્વીકારવા તૈયાર નહિ થાય. અરે ! દેવનારના કતલખાનામાં જીવતે-જીવતા જાનવરોને કાપી નાંખવામાં તેને કોઈ અનીતિ કે ગેરવાજબી વર્તન દેખાતું નથી; કારણ કે આવા લોકોની નીતિ માણસ પૂરતી જ મર્યાદિત હોય છે. તે સિવાયની જીવસૃષ્ટિ સાથેની અનીતિઓના તો અવસરે તેઓ સમર્થક હોય છે. તેથી **વૈરાગ્ય વિના એક પણ દોષ મૂળમાંથી ખરાબ લાગે નહિ**

**અને ત્યાં સુધી તેના પ્રતિસ્પર્ધી એવા ગુણનું પ્રણિધાન મનમાં આવે નહિ. દોષો એ જ આ સંસારનો પાયો છે, અને સંસારનો રાગ એ જ દોષોનો પાયો છે. તેથી જે દોષને ખરાબ માને તેણે સંસારને પણ ખરાબ સ્વીકારવો જ પડે, અને જે સંસારને ખરાબ સ્વીકારે તે અવશ્ય દોષની અરુચિ કરવા માટે પાત્ર-લાયક વ્યક્તિ છે. આ જૈનશાસનની તત્ત્વદૃષ્ટિ છે.**

ક્યારેક અમને લાગે છે કે જૈનશાસન ઘણાને તો ઇચ્છા વિના જ ભટકાઈ ગયું છે, પુણ્યે વળગાડી દીધું છે. પણ બીજા ધર્મમાંથી જે ન મળે તે અહીંયાંથી પામીને જાઓ તો તમારો આ ભવ સફળ થયો કહેવાય. અરે ! અધ્યાત્મનો પાયો પામી જાઓ તોપણ ઘણું છે. નહીંતર, થોડા ધર્મથી પુણ્ય બાંધી, પછી ભૌતિક સામગ્રી પામી, પાપ બાંધી, દુર્ગતિ મેળવશો. આમ, તમારો સંસાર અનંતકાળ ચાલ્યો છે અને ચાલ્યા કરશે. અશુભ અનુબંધને તોડવાનો scope(તક) અહીંયાં જ છે, બીજે ક્યાંય આ સામગ્રી મળવાની નથી.

**એક ગુણ મૂળમાંથી સારો લાગે અને પછી ભલે કદાચ આત્મામાં લાખ દોષ હોય, પણ તે દોષોને જો ખરાબ માનતો હોય તો તે જીવ સારો છે.** કોઈ સદાચારી ધર્માત્મા છે તેનો ઇન્ટરવ્યુ લો. આટલા સદાચાર-સદ્ગુણ કેળવો છો, ત્રુટિઓ દૂર કરી છે, પણ સંસારને કેવો માનો છો ? તો હજારમાંથી બહુમતી એવા નીકળશે કે જે કહેશે કે બદમાશી-ગુંડાગીરી કરવી નહીં, પણ સંસાર તો મોજથી માણવા જેવો છે. આનો અર્થ એ કે તેમને મૂળમાંથી એક પણ દોષ ખરાબ લાગતો નથી. તેથી આવા જીવો સદાચારી-સદ્ગુણી હોય છતાં તેમને એક પણ ગુણનું પ્રણિધાન નથી.

**આ સંસારમાં એક પણ જગ્યા એવી નથી કે જ્યાં તમે જીવવા માટે બીજા જીવો પ્રત્યે અનીતિ-અન્યાય કર્યા વગર જીવી શકો. નબળા જીવો પર અન્યાય-અનીતિ કરીને જ સંસારી જીવો ટકતા હોય છે. તેથી અન્યાય-અનીતિ-અબ્રહ્મ-રાગ-દ્વેષ આ બધા સંસારના પાયા છે. અર્થાત્ સંસાર સારો લાગ્યો એટલે આ બધા દોષો પણ સારા લાગ્યા. એટલે જેને વૈરાગ્ય નથી તે તાત્ત્વિક રીતે દોષોનો જ પક્ષપાતી છે.**

**સભા :-** ૧૮મું પાપસ્થાનક જાય પછી સમકિત આવે ?

**સાહેબજી :-** આ ૧૮મું પાપસ્થાનક જ ૧૭ પાપસ્થાનકને સારું મનાવનાર છે. તે જેનામાંથી નીકળી જાય તેને બીજાં ૧૭ પાપસ્થાનકો તો ઝેર જેવાં લાગતાં

હોય છે. **'કામવાસના વિષતુલ્ય, આગતુલ્ય, રોગતુલ્ય છે' આવું શાસ્ત્રવચન છે** તે તમને મનમાં કેમ બેસતું નથી? કેમ કે મિથ્યાત્વ હજી બેઠું છે.

અનાર્ય પ્રજા આ બધાથી કેટલી દૂર છે તેની એક વાત કરું. ફોરેનમાં એક ભારતીય પ્રોફેસર ફીલોસોફી ભણાવતા હતા ત્યારે એક પરદેશી શ્રોતાએ પ્રશ્ન કર્યો કે, તમે હિંસા-અસત્ય-ચોરીને ખરાબ કહો તે તો બરાબર, પણ અબ્રહ્મ અને પરિગ્રહને ખરાબ કેમ કહો છો ? શા માટે વખોડો છો ? જેમાંથી તમારો જન્મ થયો છે, સૃષ્ટિનું સર્જન જેનાથી થાય છે, આ જીવનમાં જેને વ્યક્ત આનંદ કહે છે તેને તમે કેમ નિંદો છો? આ પ્રશ્ન સાંભળીને પ્રોફેસરે એક મહાત્માને પૂછ્યું. તે વખતે મહાત્મા મૂંઝાયા. ત્યાર પછી તેમણે મને પૂછ્યું કે આનો શું જવાબ આપવો ?

મેં કહ્યું કે તમે દુનિયાના ધર્મ સાંભળ્યા હશે, તે તે ધર્મની વ્યાખ્યા સમજ્યા હશો, પણ જૈનધર્મની વ્યાખ્યા જુદી છે, જે તમે કદાચ વાંચી કે વિચારી પણ નહીં હોય. **જૈનધર્મ કહે છે કે આપણે બધા ચેતન છીએ. આત્મા હોવાના નાતે આત્માને છોડીને કરાતી જડની બધી પ્રવૃત્તિ તે unnatural(અકુદરતી) છે. જડમાં રાચવું, જડ ઉપર મોહિત થવું, જડને ભોગવવું તે બધું unnatural-કુદરતવિરુદ્ધ છે. કારણ કે ચેતન અને જડ સ્વતંત્ર ભિન્ન પદાર્થ છે.** જેમ તમે પાડોશીના ઘરમાં માથું મારો તો ગુનો ગણાય, તેની જેમ આપણા માટે આત્મા વગરની બીજી બધી વસ્તુ પરાઈ છે. માટે તેમાં માથું મારવું તે કુદરતનો અપરાધ છે. **કામમાં આસક્તિ તે જડ ઉપરની જ આસક્તિ છે, તેથી અમે તેને અધર્મ કહીએ છીએ. આ આનંદ નિર્દોષ નથી.** તમે કોઈકને લૂંટીને આનંદ મેળવો તે વાજબી ગણાય ? તેમ જડમાં માથું મારો, જડ ઉપર વર્ચસ્વ સ્થાપિત કરી આનંદ માણો તે ગેરવાજબી જ છે. **તમે તમારા આત્મામાં ઊતરી આનંદ મેળવો તે જ તમારો ખરો આનંદ છે.** ધર્મની આ જ સાચી વ્યાખ્યા જૈનધર્મ કરે છે. પરંતુ વગર વૈરાગ્યે આ દૃષ્ટિ આવે નહિ. તેથી વૈરાગ્ય તો પાયામાં જોઈશે.

એક ભાઈને પ્રશ્ન કર્યો કે તમારા ધર્મગુરુ પણ ગૃહસ્થની જેમ લગ્નજીવન જીવે? તો કહે કે હા, અમારા ધર્મગુરુ ગૃહસ્થની જેમ લગ્નજીવન જીવે. મેં કહ્યું કે તમારા મુખ્ય નેતા જ લગ્નજીવન જીવે તો પછી બીજા બધા તો જીવે જ ને ? તો કહે કે અમે તો માનીએ જ છીએ કે લગ્ન કરવાં જોઈએ. કારણ કે જીવનનો આનંદ તેના વગર નથી. પાછું મેં તેમને પૂછ્યું કે તમે શું કરો છો ? તો તે કહે

કે આખા દિવસમાં હું કલાક આત્માનું ધ્યાન કરું છું, સુંદર ભાવના કરું છું, પવિત્ર જીવન જીવવા પ્રયત્ન કરું છું. તમે વિચારો એમની વિચારસરણી કેવી ?

**એક પણ દોષ મૂળમાંથી ખરાબ માને, એક પણ દોષ મૂળમાંથી ખરાબ લાગે પછી જ ગુણનું પ્રણિધાન આવવાનું છે. પ્રણિધાન વગરનો ધર્મ અનુબંધ વગરનો છે અને અનુબંધ વગરનો ધર્મ જ સંસારચક્રને ચલાવે છે. આ અનુબંધની સમજથી જ જૈનધર્મમાં પ્રવેશ થશે. અત્યારે તમને ઈચ્છા હોવી જોઈએ કે ધર્મમાં બધે જ પ્રણિધાનના ભાવો ટકેલા હોવા જોઈએ અને તે ભાવો લાવવા માટે વૈરાગ્ય કેળવવા સતત સતર્ક બનવું પડે, કાયમ સજાગ બનવા પ્રયત્ન કરવો જોઈએ, અને તે માટે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું જોઈએ.**

## વૈરાગ્ય માટે સંસારસ્વરૂપની ભાવના :

**સભા :-** સંસારના સ્વરૂપનું શું ચિંતન કરવાનું ?

**સાહેબજી :-** દા.ત. આ શરીરને આજ દિવસ સુધી કેટલું પંપાળ્યું ? કેટકેટલી સેવા-ચાકરી કરી ? છતાં તેનું સ્વરૂપ કેટલું વિકૃત છે ? આ શરીર તમને કેટકેટલો ત્રાસ આપે છે ? અને ભવિષ્યમાં પણ કેટલો ત્રાસ આપશે ? વેપારી નફાની ગણતરી કરીને પગલું માંડો છો, તેમ તમારે અહીંયાં ગણિત છે ? તમે આ ખોળિયું કેટલું સાચવીને જીવો છો ? પણ સાચું કહેજો તેની પાસેથી વળતરમાં શું મેળવ્યું ? તમે તેને આપ્યું કેટલું અને તેની પાસેથી પામ્યા કેટલું ? તમારો સગો ભાઈ પણ જો તમારો વધારે કસ કાઢે અને તમને ઉપયોગી ઓછો હોય તો કેવો લાગે ? જ્યારે આ શરીરને જોઈને તો તમને વહાલ થાય છે. આ શરીર વિકૃતિનો ભંડાર છે, જેનાથી ઉપાધિનો પાર નથી, તેની માંગણીઓનો કોઈ પાર નથી, આ તો એક ભૂત વળગેલું છે, જેના કારણે આપણો આત્મા એક સેકન્ડ શાંતિથી બેસી શકતો નથી.

**સભા :-** શરીર પાસેથી કામ લેવાનું છે, તો દ્વેષ કેમ થાય ?

**સાહેબજી :-** લુચ્ચા ભાગીદાર પાસેથી કામ લેવાનું હોય ત્યારે દબાઈ દબાઈને તેની સાથે કામ કરો તોપણ મનમાં શું થાય ? મારો બેટો મારો ખરો કસ કાઢે છે તેમ થાય. ત્યાં રાગ થતો નથી. શરીરને નુકસાન કરવાની વાત નથી, પણ તેના સ્વરૂપને તો સમજવું જ જોઈએ. જેમ ભાગીદાર માટે લાગે કે આ તો થોડો નફો બતાવે છે

અને અંદરખાને તે પોતે વધારે જમી જાય છે, તો મનમાં શું થાય ? તમે કદાચ તેનાથી દબાયેલા હો તો તેને બહારથી સાચવો પણ અંદરમાં તો તેના માટે દ્વેષ થાય. તેમ જો શરીર પણ આવું ઉપાધિજનક હોઈ મોહ કરવા લાયક નથી, તો પછી સંસારમાં બીજી તો કઈ વસ્તુ પર મોહ કરવાનો ? **શરીરમાંથી આત્મા નીકળે પછી તેને ઘરમાં પણ કોઈ રાખશે નહીં. અત્યારનાં માન-પાન કોને આભારી છે ? શરીરને કે આત્માને ? સત્યને આરપાર જોવાનું છે.**

**સભા :-** પણ શરીર પાસેથી તો આરાધના કરાવવાની છે ને ?

**સાહેબજી :-** તમારા ઘરમાં નોકરથી ઘણાં કામ થાય છે, તો શું તમે તેને સોફા પર બેસાડી તેના પગ દબાવશો ? આજ દિવસ સુધી તમે શરીરનો લાભ વધારે લીધો છે કે શરીરે તમારો લાભ વધારે લીધો છે ?

**સંસાર જેવો છે તેવો ઓળખાય તેનું નામ જ વૈરાગ્ય. વાસ્તવિકતાનું દર્શન એ જ વૈરાગ્ય.** વૈરાગ્ય વગરનો જીવ સંસારમાં ગમાર થઈને જ ફરે છે. મારું હિત શેમાં ? અહિત શેમાં ? મારું કોણ ? પારકું કોણ ? આ બધી સાચી ભેદરેખા તેને ખબર નથી. અત્યારે અમારે ને તમારે બંનેને શરીરની પરાધીનતા છે, આપણે પરાવલંબી છીએ. છતાં **આ શરીરનો સાધન તરીકે ઉપયોગ કરવાનો છે, પણ તમે તેનો સાધ્ય તરીકે ઉપયોગ કરો છો.** વેપારનો નફાના સાધન તરીકે ઉપયોગ કરવાનો કે વેપારનો નુકસાનના સાધન તરીકે ઉપયોગ કરવાનો ? અત્યારે તો આત્મા ખાડામાં પડે તે રીતે તમે શરીરનો ઉપયોગ કરો છો.

**સભા :-** સાથે થોડો તો લાભ થાય છે ને ?

**સાહેબજી :-** ના, જ્યાં સુધી વૈરાગ્ય નહીં આવે ત્યાં સુધી થોડો પણ લાભ નહિ થવાનો. શાસ્ત્રમાં મોહને રાજાની ઉપમા આપી છે. તેનો ગુપ્તચર મોહને કહે છે કે "આ બધા દહેરાસર જાય છે, તપ-ત્યાગ કરે છે, ગુણો કેળવે છે, માટે આ જીવો તો તમારા વર્ચસ્વની બહાર નીકળી રહ્યા છે." ત્યારે મોહરાજા કહે છે કે "ભલે, તું ચિંતા નહિ કર. તેઓ ગમે તેટલા ગુણો કેળવે, પણ છે તો મારા તાબામાં જ. કારણ કે તે જે અત્યારે કાંઈપણ કરે છે તે બધું મારી પ્રેરણાથી જ કરે છે. અંતે મારા લાભમાં જ છે." **શાસ્ત્રમાં કહ્યું છે કે નિરનુબંધ ધર્મ છેલ્લે તો મોહપોષક જ બનશે. એ જીવ ક્ષમા કેળવશે પણ પરિણામે બળ તો ક્રોધને જ મળવાનું છે, દયાથી પણ ભવિષ્યમાં હિંસાને જ પ્રોત્સાહન મળવાનું છે. માટે**

**જ્યાં સુધી સંસારના સ્વરૂપની સાચી સમજ અને વૈરાગ્ય ન આવે ત્યાં સુધી બધું જ નકામું છે.** તાતી જરૂરિયાત એ છે કે કોઈપણ રીતે પહેલાં વૈરાગ્ય પામો. તેથી જ 'જયવીયરાય'માં પણ પહેલી માંગણી 'ભવનિવ્વેઓ' મૂકી; પરંતુ કામવિકાર ઓછા થાય, વાસના શાંત થાય એવું પહેલાં ન માંગ્યું.

**સભા :-** ભવનિર્વેદવાળા પછી શું માંગે ?

**સાહેબજી :-** તે જે કક્ષાનો વૈરાગ્ય પામ્યા હોય તેનાથી આગળની કક્ષાનો વૈરાગ્ય માંગે. પણ પહેલી માંગણી તો આ જ કરવાની છે. એ મળે પછી જ બીજી બધી વાત. તમને વૈરાગ્ય માંગવા લાયક લાગે છે ? કે આ આકરો ડોઝ લાગે છે ? આકરો ડોઝ લાગે એનો મતલબ એ કે તમે ઊંધી દિશાને સાચી માનો છો. **તમારે હિંસાને છોડવી છે, પણ હિંસાને સારી માનીને છોડવી છે; અહિંસા અપનાવવી છે, પણ અહિંસાને ખરાબ માનીને અપનાવવી છે-આચરવી છે. આ જ ઊલટી દિશા છે.** પરંતુ વહેલા-મોડા સાચી દિશાને સાચી દિશા તરીકે માનવી જ પડશે. તે સિવાય દુઃખોનો અંત આવશે નહિ.

આ સંસાર ખરાબ છે તો જ મોક્ષે જવાની જરૂર છે, પણ જો સંસાર સારો જ હોય તો મોક્ષે જવાની કોઈ જરૂર નથી. વળી આ સંસાર તો મળેલો જ છે, જ્યારે મોક્ષ તો હજી મળ્યો પણ નથી અને મેળવવો પણ કઠિન છે. જો ઇન્દ્રિયોના ભોગો સારા હોય, તો આટલી તપ-ત્યાગમય ધર્મસાધના કરવાની જરૂર શું ? જેને સંસાર જ ગમે છે તેને તો આ સંસારમાં વધારે અનુકૂળતાપૂર્વક એડજસ્ટ થવું તે જ મહત્ત્વનું છે, બાકી અધ્યાત્મની સાધનાની તેને માટે કોઈ ઉપયોગિતા નથી. તેથી જ અધ્યાત્મ માટે પાયામાં વૈરાગ્ય અનિવાર્ય છે.

**સમકિત માન્યતાની શુદ્ધિ માંગે છે, જ્યારે ચારિત્ર આચારની શુદ્ધિ માંગે છે;** ધર્મમાં માન્યતામાં ગડબડ રાખવાની નથી. સમકિત કાંઈ પડીકું વાળીને આપવાની વસ્તુ નથી. **તીર્થંકરે જે ધર્મ સ્થાપ્યો છે તે આત્મકલ્યાણ માટે સ્થાપ્યો છે, તમને સંસારમાં સેટ કરવા માટે સ્થાપ્યો નથી. તમારે સેટમાંથી અપસેટ થવું છે કે સેટલ થવું છે ? જેને સંસાર તોડવો હોય તેને જ શુદ્ધ ધર્મની જરૂર છે.**

જેને અત્યારે વૈરાગ્ય પામવાનું લેવલ નથી, પણ તે માને કે "વૈરાગ્ય પામવો જ જોઈએ. તે જ વાત સાચી છે." તેને અમે ઇચ્છુક ને ભોળો કહીએ; પણ જે એમ કહે કે "તમે તમારી વૈરાગ્યની વાત તમારી પાસે રાખો, પણ અમને તો

ઇન્દ્રિયોના વિકારોની સંતૃપ્તિમાં અવરોધક એવી આ સંસારની તકલીફોનું નિવારણ તમારી પાસેથી જોઈએ છે." વળી કહે કે "મારે મારું આત્મકલ્યાણ કરવું નથી, પણ ખાલી મારું ભૌતિક કલ્યાણ જ કરવું છે," અને તે માટે જે ધર્મને પકડે તેને તો અવળચંડો જ કહેવાય. એટલે આવા જીવો ધર્મ કરીને વધારે નુકસાન જ કરશે. આવા તો ધર્મ ન કરે તો સારું. જેમ કોઈ માણસ એમ કહે કે હું પૂજા કરીશ પણ દહેરાસરમાં આવીને ચા પીશ તો તેની પૂજા નકામી છે, પછી ભલે એમ કહે કે પણ હું પૂજા તો કરું છું ને ? જ્યારે કોઈ લેંઘામાં પૂજા કરે તો એટલું નુકસાન નથી. સારાંશ એ છે કે **અવળચંડા જીવો ધર્મ ન કરે તો સારું, કારણ અવળચંડાઈ કરવાથી તે આત્માને વધારે નુકસાન કરે છે. ગમે તે રીતે કરાયેલા ધર્મના માત્ર પ્રભાવથી જ જો સુબુદ્ધિ સૂઝે તો પછી તો અભવ્યનું પણ કલ્યાણ કેમ ન થાય ? તેથી વૈરાગ્ય વિના શુદ્ધ ધર્મ નથી.**

કોઈ કહે કે ભગવાનનો પ્રભાવ જ તારશે તો તે ખોટું છે. કારણ તમે ગમે તે કરો છતાં ભગવાન તમને તારવાના જ છે એવું નથી. ચંડકોશિયાએ ભગવાનને ડંખ માર્યો એટલે તે તર્યો કે તે લાયક હતો માટે તર્યો ? આપણા ભગવાન તમે બચકું ભરો કે પૂજા કરો પણ તમે લાયક હો તો તારે. એટલે **નિયમ એ છે કે પરમાત્મા તારે તો પાત્રને જ તારે. અપાત્રને તારવાની જવાબદારી તેમણે લીધી નથી. માટે વૈરાગ્ય કેળવી લાયકાત પ્રાપ્ત કરવી તે જ આપણી પાયાની જરૂરિયાત છે.**

## ૫૬

તા.૪-૧૧-૯૫, શનિવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ વીતરાગતા પ્રાપ્ત કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

### આત્માનો મૂળભૂત સ્વભાવ વીતરાગતા, અને તેનું બીજ વૈરાગ્ય :

**આત્માનો સ્વભાવ મૂળભૂત રીતે વિચારીએ તો વીતરાગતા છે. રાગદશા એ આત્માનો મૂળ સ્વભાવ નથી.** જો રાગદશા આત્માનો સ્વભાવ હોય તો રાગમાં સુખાનુભવ સિદ્ધ થવો જોઈએ. પણ અત્યારે બધા રાગી જીવ જો પોતાના અનુભવનું સમ્યગ્ વિશ્લેષણ કરે તો રાગદશામાં બેચેની-સંતાપ-વિહ્વળતાનો જ અનુભવ છે. આ રાગમાં દુઃખનો અનુભવ તે જ રાગ આત્માનો સ્વભાવ નથી તેનો પુરાવો છે. **આત્મા ચેતન છે અને આત્માનો મૂળભૂત સ્વભાવ સુખમય છે. તેથી જ આત્મા સતત સુખની જ ઝંખના કરે છે. પદાર્થવિજ્ઞાનનો સિદ્ધાંત એ છે કે દરેક પદાર્થ પોતાના સ્વભાવ તરફ જ ઢળતો હોય છે.** જેમ પાણીને ગરમ કરીને મૂકી દો તો પાણી આપમેળે ઠંડક તરફ જ જશે, કારણ કે શીતલતા પાણીનો સ્વભાવ છે. જેવું ઉષ્માનું નિમિત્ત દૂર કરશો તેવું તે શીતલતા તરફ જ ઢળશે. નેતરની લાકડી સીધી હોય ને વાળો પણ જેવી તેને છોડી દો તો પાછી સીધી થઈ જાય, કારણ કે **પદાર્થમાત્ર તેનું મૂળભૂત સ્વરૂપ પ્રાપ્ત કરવા તરફ જ પ્રયત્નશીલ છે.**

જો રાગદશા આત્માનો સ્વભાવ છે એવું માનીએ તો દુઃખ આત્માનો સ્વભાવ છે એમ કહેવું પડે. પરંતુ આવું કહી શકાય નહીં, કારણ કે આપણને કોઈને દુઃખ ગમતું નથી. તેથી પીડા એ આત્માનો સ્વભાવ નથી. **આત્માની ૨૪ કલાક ગતિ સુખ શોધવા તરફ છે.** જો રાગદશાને આત્માનો સ્વભાવ માનો તો ચૈતન્યનું સ્વરૂપ દુઃખમય છે તેમ નક્કી થાય. પરંતુ દુઃખ આપણને આપણા સ્વભાવથી સેટ થતું (ગોઠતું) નથી. તેથી **રાગદશાને વિકાર કહીએ છીએ, અને વીતરાગતાને આત્માનો**

**સ્વભાવ કહીએ છીએ. આ જ રીતે બધા જ કષાય આત્માના દોષો છે તે તર્કથી સમજાવી શકાય એમ છે, માટે એને વિભાવદશા કહી છે.** આપણે કાંઈ તત્ત્વ જાણીને જન્મ્યા નથી. જ્ઞાનીઓએ આ જોઈ-જાણી-અનુભવીને સ્વાનુભવના આધારે લખ્યું છે. જેટલી રાગદશા ઓછી કરીએ તેટલો જીવનમાં આનંદ મળે છે.

આ સિદ્ધાંત જેના મનમાં બરાબર સ્પષ્ટ સમજાઈ જાય તેને વીતરાગતામાં જ શ્રેષ્ઠ સુખ દેખાય. જેને આ રીતે રાગદશામાં દુઃખ સમજાવાથી વીતરાગતાનો રાગ પ્રગટે, તેનું જ નામ વિરાગ-વૈરાગ્ય. આ વિરાગ વિના તમે જે સત્પ્રવૃત્તિ કરો તેનું પણ પરંપરાએ ફળ અસત્ પ્રવૃત્તિ જ આવવાનું. વળી શાસ્ત્ર તો એમ કહે છે કે અત્યારે તમે જે પ્રવૃત્તિ કરો, તેના ફળરૂપે ભવાંતરમાં સદ્‌બુદ્ધિ જાગવી જ જોઈએ. પુણ્યના અનુબંધના ઉદયનું તે લક્ષણ છે. સદ્‌બુદ્ધિનો પાયો વિરાગ છે. **વિરાગ વગરની કહેવાતી સદ્‌બુદ્ધિ તે મોહબુદ્ધિ છે.** તેને તમે સદ્‌બુદ્ધિ માનો છો પણ તે વાસ્તવમાં સદ્‌બુદ્ધિ નથી. સદ્‌બુદ્ધિનો અર્થ ખાલી સારું કરવાની ભાવના જાગે તે નથી. તમે ભગવાન પાસે ભક્તિના ફળ તરીકે માંગતા હો છો કે મને અને ફલાણાને પણ સદ્‌બુદ્ધિ આપજે. શબ્દ તરીકે આ માંગણી સારી છે પણ સદ્‌બુદ્ધિની વ્યાખ્યા શું ? વૈરાગ્ય પછી જ સદ્‌બુદ્ધિ આવે. **વૈરાગ્ય વગર જીવને ખબર નથી કે મારું પોતાનું ભલું શેમાં છે ? જે પોતાનું ભલું શેમાં છે તે જાણતો નથી, તે પોતાનું કે બીજાનું હિત કઈ રીતે કરશે ? તેથી વિરાગ એ સદ્‌બુદ્ધિ પામવાની આધારશિલા-કેન્દ્રબિંદુ છે.**

**અમે ચાર, છ કે બાર મહિના ઉપદેશ આપીએ, પણ તેમાં શ્રોતાને અમારી મહત્ત્વની ભલામણ એ હોય છે કે, જીવનમાં વિરાગ નહીં પામો તો આત્મકલ્યાણ સાથે તમારું કોઈ જોડાણ નહિ થાય. માટે અમારી ભારપૂર્વક પ્રેરણા એ છે કે તક મળે ત્યારે પ્રયત્ન કરીને જીવનમાં વૈરાગ્યભાવને આત્મસાત્ કરી લેવો જોઈએ. આ જો નહિ કરો તો પછી બધું ભલે કર્યું હશે તોપણ સંસાર તમારા કપાળે લખાયેલો રહેશે. આ સુખમય સંસાર જેને ખરાબ લાગે, તેમાં જે જીવ મૂંઝાતો હોય, ગભરાતો હોય, ગૂંગળાતો હોય, ક્યારે છૂટું, ક્યારે છૂટું એમ થતું હોય તે જ જીવ વિરાગ પામવા લાયક છે.**

**સભા :-** વિરાગ પામવા સાધુ થવું જરૂરી છે ?

**સાહેબજી :-** વિરાગ પામવા સાધુ થવું અનિવાર્ય નથી. સાચો શ્રાવક પણ કોઈ દિવસ વિરાગ વગરનો હોય નહીં. ભાવશ્રાવક પણ વિરાગ વગરનો હોય નહિ. અરે ! સમકિતી પણ વિરાગ વગરનો હોય નહીં અને આગળ વધીને સાચો જૈન પણ વિરાગી જ હોય. અન્ય ધર્મને માનનાર આસ્તિક પણ જો સાચો આત્મવાદી હોય તો તેણે વૈરાગ્યદૃષ્ટિ અવશ્ય કેળવવી પડે. **સંસારમાં રહીને પણ ગૃહસ્થ આજીવન વિરાગ કેળવી શકે છે. વિરાગ પામવા લાયક સ્થાન સંસાર જ છે, કારણ કે તેમાં વિરાગ પામવાનાં નિમિત્તોની હારમાળા તૈયાર જ છે.**

**સભા :-** છતાં પણ અમને વિરાગ કેમ નથી થતો ?

**સાહેબજી :-** ભગવાને કહ્યો તેવો સંસારનો અનુભવ નથી થતો માટે. મરચું મોંમાં મૂકશો તો તીખાશનો જ અનુભવ થવાનો છે, કાંઈ ગળપણનો સ્વાદ આવવાનો નથી. તેમ **વાસ્તવમાં સંસારનો સ્વાદ જ કડવો છે છતાં તમને અનુભવ થતો નથી. બસ, આ જ બેભાનદશા છે, આંતર સંવેદના બુઠ્ઠી છે.** કોઈ માણસને મુઠ્ઠી બંધ કરીને પૂછો કે આમાં શું છે ? તો પેલો સત્તર નામ લીધા કરે, અને તમે સસ્પેન્સમાં રાખવા ના પાડ્યા કરો. વાસ્તવમાં મુઠ્ઠીમાં કશું જ ના હોય, પણ પેલાને મનમાં કેટલા વિકલ્પો થાય ?

**સભા :-** બાંધી મુઠ્ઠી લાખની !

**સાહેબજી :-** વાસ્તવમાં બાંધી મુઠ્ઠી ખાલી છે, પણ જ્યાં સુધી ઊઘડી નથી ત્યાં સુધી થાય કે અંદર શું હશે ? ઝવેરાત, માણેક, મોતી હશે ? બસ, તેની જેમ જ આ સંસાર છે. તમને સંસારમાં જે નથી મળ્યું તેનું આકર્ષણ છે, આ મોહ જ તેનું મોટામાં મોટું બળ છે, કેમ કે જે મળ્યું છે તે તો જાણી લીધું કે કેવું છે. જેમ ગરીબને શ્રીમંતાઈ નથી મળી ત્યાં સુધી થાય કે શ્રીમંતાઈમાં જ સુખ છે, નથી મળ્યું તેના વલખામાં અને તેના આકર્ષણમાં જ જીવ દોડીદોડીને મરી જાય છે. જેમ કોઈ બંગલો સારામાં સારો હોય, તે ન મળ્યો હોય ત્યાં સુધી રળિયામણો લાગે, પણ એક વખત અંદર રહેતા થાઓ પછી તેનાથી મોટા મહાલયનું આકર્ષણ જાગે. માટે નથી મળ્યું ત્યાં સુધી આકર્ષણ છે પણ મળ્યા પછી આકર્ષણ રહેતું નથી. તમારે ગુજરાતીમાં કહેવત છે ને કે "ડુંગરા દૂરથી રળિયામણા." વળી, આખો સંસાર પાપમય છે, સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં અઢારે પાપસ્થાનક સમાયેલાં છે.

દા.ત. મોટરમાં બેસો એટલે પ્રાણાતિપાત આવ્યું. તમે મોટરને તમારી માની જે પારકી છે, માટે અસત્ય અને ચોરી આવી. વળી તે સ્વયં પરિગ્રહ છે. તેમાં પાંચે ઈન્દ્રિયોની મોજમઝા માણી એટલે અબ્રહ્મ આવ્યું. તેમાં મમત્વના કારણે રાગ-દ્વેષ-ક્રોધ બધું જ પરંપરાએ આવે છે. ગાડીને કોઈ જરા ગોબો પાડે તો તેના પર ક્રોધ આવે. **માટે તમે જે સંસારમાં બેઠા છો તે સંસારની કોઈપણ પ્રવૃત્તિ લો, તેમાં અઢારે પાપસ્થાનક વણાયેલાં છે, આથી આખો સંસાર પાપમય છે; છતાં જેને સંસાર સારો લાગે છે તેને પાપ સારું લાગે છે, માટે તેને અનુબંધ પાપનો પડે છે. જે પાપમય છે તેને તમે અત્યંત સારું માનો છો, તેની રુચિથી એવા સંસ્કાર પડવાના કે ભવિષ્યમાં તમારા આત્મામાં દુર્બુદ્ધિ પેદા થશે, જેથી સંસારનું પરિભ્રમણ ચાલ્યા કરશે. તેથી શુદ્ધધર્મ કરવા વૈરાગ્ય અનિવાર્ય છે, પછી નવકાર ગણો કે ખમાસમણું આપો પણ પાયામાં વૈરાગ્ય જોઈશે. પંચપરમેષ્ઠી જેને ગમતા નથી તે ગમે તેટલા નવકાર ગણે તો શું કામના ? સંયમ ગમે તેને અસંયમ ખરાબ લાગ્યા વગર રહે જ નહિ. અરે ! પંચપરમેષ્ઠી પ્રત્યે શ્રદ્ધા કે બહુમાન લાવવું હોય તોપણ વૈરાગ્ય જોઈશે. આથી જેને પણ મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવું હોય તેને આ માનસિક તૈયારી જોઈશે જ.**

### વૈરાગ્ય ન હોય તો ધર્મ કરવો કે નહિ ? :

**તમે કહેશો અમને વૈરાગ્ય પેદા થતો નથી તો અમારે શું કરવું ? ધર્મ કરવો કે નહિ ? વૈરાગ્ય વગરનો ધર્મ અશુદ્ધ છે તો શું કરવું ? તો તમને અમારી ભલામણ છે કે ભલે તમને વૈરાગ્ય નથી આવ્યો, પણ "આ ધર્મથી મને વૈરાગ્ય પેદા થાઓ," આવી અભિલાષા રાખો. "આ સંસારનું સ્વરૂપ જેવું છે તેવું મને સમજાય. જીવનમાં તત્ત્વને પામવા સિવાય મારી કોઈ અભિલાષા નથી." ભલે તમને એકડો નથી આવડતો તો લીટા પાડો, પણ લીટા એકડો ઘૂંટવા માટે જ પાડો.**

**સભા :-** ખાલી લીટા કર્યા છે માટે જ રખડીએ છીએ ?

**સાહેબજી :-** હા, જેમ છોકરો પાટી લઈને ભણવા બેસી જાય, પણ અંદર જુઓ તો ખબર પડે કે ખાલી લીટા જ કરે છે.

## અશુદ્ધ ધર્મથી શુદ્ધ ધર્મની તક ઊભી થાય છે, પણ પછી બધા પામે જ તેવો નિયમ નથી :

અનંતકાળથી ભૂલ કે ભ્રમણા આ જ છે. પુણ્યના હિસાબે તમને અત્યારે ભૂલ સુધારવાની તક મળી છે, અને પુણ્ય સદ્‌ગુણ-સદાચાર સેવ્યા હશે માટે મળ્યું છે. એટલે અશુદ્ધ ધર્મથી શુદ્ધ ધર્મ પામવાની તક ઊભી થાય છે, પણ તક ઊભી થયા પછી બધા જ પામે તેવો નિયમ નથી. જેમ ધંધામાં નફાની તક જેટલાને મળે તે બધા નફો કરે તેવો નિયમ નથી. તક પુણ્યથી મળે છે. જેમ પાપની સામગ્રી કે શક્તિ પણ ધર્મના પ્રભાવે જ મળે છે, તેમ પુણ્ય કરવાની શક્તિ કે સામગ્રી પણ ધર્મથી જ મળે છે. અશુદ્ધ ધર્મ આ ફળ આપે છે, તેથી તે નિષ્ફળ નથી, પણ ધર્મ સંપૂર્ણ નિષ્ફળ ક્યારે બને ? જ્યારે તેમાં રાગાદિમલનો વિગમ ન થયો હોય તો. જો રાગાદિ મલનો વિગમ થયો હોય તો ધર્મ નિષ્ફળ થતો નથી, પણ ફળરૂપે ભોગસામગ્રી દ્વારા સંસારનાં પાપ કરવાની શક્તિ કે ધર્મ સામગ્રી દ્વારા નવું પુણ્ય કરવાની શક્તિ તેનાથી મળે છે. સંક્ષેપમાં અશુદ્ધ ધર્મ બંને બાજુ તક આપે છે. અત્યારે ઘણા જૈનો એવા છે કે તેમને બંને તકો છે. (૧) તે ઘણાં પાપ કરી શકે, તેમ (૨) ઘણો ધર્મ પણ કરી શકે. અર્થાત્ આ બંને તકો તેમને પૂર્વના અશુદ્ધ ધર્મથી બંધાયેલા પુણ્યના પ્રભાવે જ મળી છે. કઈ દિશામાં જવું તે તેમણે નક્કી કરવાનું છે.

## બધાં કલ્યાણ-અકલ્યાણનું મૂળ બુદ્ધિ :

**સભા :-** દિશા કઈ રીતે નક્કી થાય ?

**સાહેબજી :-** જીવનની દિશા નક્કી કરનાર તમારી સદ્‌બુદ્ધિ કે દુર્બુદ્ધિ છે. તમે જન્મ્યા ત્યારથી તમારું જીવન તમારી માલિકીનું છે. આજુબાજુવાળા તો પ્રેરણા કે સલાહ આપશે, પણ તમારે શું કરવું તે તમારી ઇચ્છા પર નિર્ભર છે. તમારી ઇચ્છા બુદ્ધિ પ્રેરિત છે. કારણ કે તમે ૨૪ કલાક કન્સલ્ટ-વિચારણા તમારી બુદ્ધિ સાથે જ કરો છો ? **જીવનમાં તમારો અંતિમ સલાહકાર તમારી બુદ્ધિ જ છે. માટે બધાં કલ્યાણ અને અકલ્યાણનું મૂળ તમારી બુદ્ધિ છે.**

**સભા :-** તો સદ્‌બુદ્ધિનું કારણ પુરુષાર્થ નહિ ?

**સાહેબજી :-** હા, તમે પુરુષાર્થ કરીને વિરાગ કેળવ્યો અને વિરાગના ફળરૂપે ભવાંતરમાં સદ્‌બુદ્ધિ મળી એટલે તે પુરુષાર્થને આધીન છે. વળી દુર્બુદ્ધિ પેદા કરવાનું કારણ પણ તમારો પુરુષાર્થ જ છે ને ?

**સભા :-** પૂર્વે કરેલાં કર્મ કારણ નહીં ?

**સાહેબજી :-** તે બાહ્ય નિમિત્ત બનશે. બાકી ગાડીનું સ્ટીયરીંગ કોના હાથમાં છે ? આત્માના.

## સંસારચિંતનથી વૈરાગ્ય, વૈરાગ્યથી પ્રણિધાન :

**સભા :-** માટે ડગલે ને પગલે પુરુષાર્થ આવશે ?

**સાહેબજી :-** તો શું તમારે ઊંઘી જવું છે ? પુરુષાર્થ તો પાયો છે. અરે ! પુરુષાર્થ તો જીવનું લક્ષણ છે. જીવવું હોય તો હાર્ટ પણ ચલાવવું પડે છે. આત્મા જીવવા માટે પણ સતત પુરુષાર્થ કરી રહ્યો છે, માટે જીવે છે. વગર પુરુષાર્થે કશું મળવાનું નથી. પણ સાથે પુરુષાર્થના નામથી ગમે તે દિશામાં ફાંફાં મારવાનાં નથી. **જીવ સતત પુરુષાર્થશીલ જ છે, પણ દિશા ઊલટી છે. તેને સવળી કરવા તમારે વૈરાગ્યનો પુરુષાર્થ કરવાનો છે.**

અત્યારે તમને વિરાગ તો કડવી દવા જેવો લાગે છે. તમને રજનીશનો ઉપદેશ ફાવે કે અમારો ઉપદેશ ફાવે ? તે કહેતા કે જેની ઇચ્છા થાય તે મન મૂકીને ભોગવવું. તેમાં મર્યાદા-સંયમ-બંધન કાંઈ રાખવું નહિ. તમને આ ઉપદેશ મીઠી દવા જેવો લાગે ને ? જ્યારે અમારે તો તમને કડવી દવા પાવાની છે.

**સભા :-** સાહેબજી ! વેલણ ખોસીને પાઈ દો.

**સાહેબજી :-** તમે ધક્કો મારો એવા છો એનું શું કરવું ? જાહેરમાં અમારાથી જેટલું કહેવાય તેટલું અમે કહી દઈએ. બહુ લાયકાતવાળા જીવ હોય તો જ અમે પર્સનલ-વ્યક્તિગત કહીએ.

આ ગ્રંથમાં પહેલી ગાથામાં પાંચ યોગોનું વર્ણન કરેલ છે. કુલ ૨૦ ગાથામાં ૮૦ યોગોનું વર્ણન કરેલ છે અને તેમાં આખો મોક્ષમાર્ગ સમાઈ ગયેલ છે. આપણે જોઈ ગયા તે પાંચ ભાવોમાંથી જો એક પણ ભાવ આવી જાય તો જીવે કરેલ બધો ધર્મ યોગ જ હશે. અને યોગી બન્યા સિવાય કોઈ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરી શકતું નથી.

અમે ક્રિયારૂપે જે સાધુક્રિયા-તપ-અનુષ્ઠાન કરીએ છીએ તેમાં પણ જો પ્રણિધાન ન હોય તો અમારી પણ દ્રવ્યથી જ ક્રિયા ગણાય. પ્રત્યેક ક્રિયામાં પ્રણિધાનઆશય હોય તો જ તેને યોગ સમજવાનો છે. પ્રણિધાન ગુણનું કરવાનું છે. જેને ગુણ ન ગમે તેને પ્રણિધાન સાથે વિરોધ છે. કોઈપણ ગુણ પૂરેપૂરો ગમે ક્યારે ? તમને સંસાર ખરાબ લાગે ત્યારે. નહીંતર ગુણ ગમે છે તેમ બોલો તોપણ અધકચરો ગમે છે. ગુણ પાયામાંથી પૂરેપૂરો ગમે તો જ પ્રણિધાન આવે. કોઈ કહે આખો ગુણ ગમે છે કે અધકચરો ગમે છે તેનો માપદંડ શું ?

તમે કહેશો કે મને ઉદારતા ગમે છે, શાંતિ-ક્ષમા ગમે છે; ત્યારે અમે પૂછીએ કે બધા પ્રકારની ઉદારતા ગમે છે ? કે અમુક પ્રકારની ઉદારતા ગમે છે ? ઉદારતાનો વિરોધી લોભ. એટલે જો અમુક લોભ ગમે તો તેના વિરુદ્ધની ઉદારતા નથી ગમતી. અહીં ગુણ પ્રત્યે અડધી રુચિ છે અને અડધી અરુચિ છે. અર્થાત્ રુચિ-અરુચિનો શંભુમેળો છે. ઘણાને થોડો ધર્મ ગમે છે અને ઘણો અધર્મ ગમે છે. જ્યારે કોઈકને ઘણો ધર્મ ગમે છે અને થોડો અધર્મ પણ ગમે છે; ૧૦૦% ધર્મ ગમે અને ૧૦૦% અધર્મ ન ગમે તેવું મુશ્કેલ છે.

**સભા :-** ગમે છે ધર્મ, પણ આચરણ નથી.

**સાહેબજી :-** આચરણ નથી છતાં પ્રણિધાન આવી શકે. આચરણ ન હોય તો પ્રવૃત્તિભાવધર્મ ન આવી શકે. પરંતુ ગુણમાત્ર ગમે, દોષમાત્ર ન ગમે, અને તેને માટે સંસાર અવશ્ય ન ગમે. પણ પાયામાંથી ગુણ જ ગમે અને દોષ ન જ ગમે તેવું આપણા આત્મામાં બન્યું નથી, માટે જ રખડ્યા છીએ. તમને સાકર અમુક બાજુથી ગળી અને અમુક બાજુથી કડવી લાગે તેવું બને છે ? ના. જ્યારે તમને ગુણનો અમુક ભાગ ગમે છે, અમુક ભાગ નથી ગમતો. **મોટા ભાગે તો તમને ઉદારતા નથી ગમતી પણ ઉદાર માણસ ગમે છે. અનંતકાળથી જીવ બધા ગુણમાં આ જ રીતે ગોટાળા કરતો આવ્યો છે. મિથ્યાત્વે અનંતકાળથી ઊંધી ખોપરી ગોઠવી છે, જેના કારણે બધે ભ્રાંતિયુક્ત દર્શન થાય છે. મિથ્યાત્વ અભ્રાંત દર્શન તો કરાવે જ નહિ.** અત્યારે તમે મહેનત ન કરો અને લાખ રૂપિયા મળે તો રાજી થાઓ, પણ સાથે એમ થાય કે આ પાપ આવ્યું ? તેનાથી કર્મબંધ વધશે, ઉપાધિ વધશે, આ બધું અહીં મૂકીને જવાનું છે, જો સારા માર્ગમાં ઉપયોગ કરીશ તો જ કામનું છે. તે વખતે આ બધા વિચારો આવે છે ?

તમે દયા-પરોપકાર-તપ-ત્યાગ-ભક્તિ-વિનયને સત્કાર્ય માનો છો, તેમ કામ-ક્રોધ-અહંકારને દુષ્કાર્ય માનો છો ?

આપણે સંજ્ઞી છીએ. એટલે આપણે જે કરીએ છીએ તે સારું કે ખરાબ માનીને જ કરીએ છીએ. તમે જાગૃત હો તો સારું હોય તે સારું જ લાગવું જોઈએ, અને ખરાબ હોય તે ખરાબ જ લાગવું જોઈએ. કદાચ ખરાબ છોડી ન શકો પણ ખરાબ એ ખરાબ તો લાગવું જ જોઈએ, એ શરત છે. કદી ભૂલથી પણ એવું ન બને કે સારાને ખરાબ માનો ને ખરાબને સારું માનો.

**તમે સત્કાર્યમાં સંતોષ રાખો તે દોષ છે અને ખરાબમાં અસંતોષ રાખો તે પણ દોષ છે.** સારી વસ્તુ કરવાની ઇચ્છા ને અભરખા થવા જ જોઈએ. વધારે ઉદારતા કેળવવામાં સંતોષ ન મનાય. પૂર્ણ ઉદાર ક્યારે બનું તેવો જ ભાવ જોઈએ. પણ આ બધું ક્યારે બને ? સંસાર અસાર લાગે તો. જો સંસાર અસાર નહિ લાગે તો આ ૮૪ લાખ જીવાયોનિમાં ક્યાંય રખડી પડશો. તમારે ક્યાં જવું છે તેનો વિચાર પણ કરી લેવાનો છે.

## ૫૭

તા.૬-૧૧-૯૫, સોમવાર.
સ્થળ : ગોવાલિયા ટેન્ક, મુંબઈ.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

કોઈપણ જીવ અનંતા ભવચક્રમાં યોગને પામે ત્યારે જ કલ્યાણમાર્ગમાં સ્થાપિત થયો કહેવાય. પોતાનું કલ્યાણ કરવાનો પ્રારંભ જીવ જ્યારથી યોગી બને છે ત્યારથી જ થાય છે.

### પરિશુદ્ધ ધર્મવ્યાપાર તે યોગ :

યોગનું જુદી જુદી રીતે વર્ણન છે. યોગની વ્યાખ્યા શરૂઆતમાં કરી છે, તે યાદ કરી આપણે ઉપસંહાર જોઈશું.

**પરિશુદ્ધ ધર્મવ્યાપારને યોગ કહે છે, ખાલી ધર્મને યોગ નથી કહેતા. અર્થાત્ અશુદ્ધ ધર્મવ્યાપારને યોગ નથી કહેતા, પણ શુદ્ધ ધર્મવ્યાપારને યોગ કહે છે. પાંચ ભાવયુક્ત ધર્મ તે શુદ્ધધર્મ છે. પાંચ ભાવરહિત ધર્મ તે અશુદ્ધધર્મ છે, જેનો યોગમાર્ગમાં સમાવેશ થતો નથી. વાસ્તવમાં કોઈપણ પરિશુદ્ધ ધર્મવ્યાપાર યોગ છે. મન-વચન-કાયાની કોઈપણ પ્રવૃત્તિ આત્મકલ્યાણનું સાધન બને તો તે પરિશુદ્ધ ધર્મવ્યાપાર હોવાથી યોગ છે. માત્ર પૂજા, પ્રતિક્રમણ, સામાયિક કરવું તે જ ધર્મ નથી, પરંતુ જે પણ આત્મકલ્યાણનું સાધન બને તેવો સર્વ પુરુષાર્થ પરિશુદ્ધ ધર્મવ્યાપાર છે.**

સાધુની ચર્યા અને શ્રાવકની ચર્યા યોગ છે, ધર્મવ્યાપાર છે, જો ભગવાનની આજ્ઞા મુજબ કરે તો. પછી સાધુ ઊંઘે, ગોચરી જાય, વિહાર કરે કે ઝાડે-પેશાબ જાય તેમાં જેટલી આજ્ઞા તેટલો ધર્મવ્યાપાર, અને આજ્ઞા લોપે તેટલો ધર્મવ્યાપાર ન બને. તેમ શ્રાવક માટે પણ ભગવાનની આજ્ઞા મુજબ કરો તો ધર્મવ્યાપાર કહેવાય.

સંપૂર્ણ ધર્મ આજ્ઞા સાથે ગુંથાયેલો છે. "આણાએ ધમ્મો" કહ્યું છે. દરેક પ્રવૃત્તિમાં આજ્ઞા સમાયેલી છે. જેમ જમવા બેઠા ત્યારે પણ ભગવાનની આજ્ઞા વિચારવાની

છે. ભગવાનની આજ્ઞા એવી નથી કે ભૂખ્યા મરો. ધર્મનો સ્વીકાર કરો ત્યારથી જ અનશન સ્વીકારી લો તેવું કાંઈ પ્રભુએ કહ્યું નથી. પણ ખાવું શા માટે ? કયા ભાવથી ખાવું ? કેવી રીતે ખાવું ? આ બધું આજ્ઞા મુજબ સમજીને કરો તો ધર્મ, નહીંતર અધર્મ. સાધુ ખાય-પીએ તોપણ તેને ધર્મવ્યાપાર કહે છે, પણ તેમાં જેટલા આજ્ઞાવિરુદ્ધ અમારા ગોટાળા હોય તેટલું પાપ છે. તમે પણ તમારી ભૂમિકાની આજ્ઞા ચૂકો તો પાપ લાગે.

તમારે સંસાર ચલાવવા, જવાબદારી નિભાવવા માટે રાગ-દ્વેષ કરવા પડે; આરંભ-સમારંભ કરવા પડે, પરિગ્રહ રાખવો પડે; પણ તેમાં આજ્ઞા એ મૂકી કે કષાય કરવા પડે તો પ્રશસ્ત કષાય કરવા, અપ્રશસ્ત કષાય કરવા નહિ. તમારું કે બીજાનુ હિત કરવા પ્રશસ્ત કષાય કરવા પડશે. ટૂંકમાં આજ્ઞા એ છે કે બધાનું હિત થાય તેવી પ્રવૃત્તિ કરવી.

**જે જીવ જેવી કક્ષામાં હોય તે કક્ષાને અનુરૂપ જ આજ્ઞા પ્રભુએ ફરમાવી છે.** તમને ખાવા માટે રસોઈ રાંધવાની ના નથી.પણ રાંધતાં કેવા ભાવ રાખવાના, કેવી જયણા રાખી પ્રવૃત્તિ કરવાની તે બધું જ ભગવાને બતાવ્યું છે; અને એ જ પ્રમાણે કરો તો ધર્મ છે. જો તમે ૨૪ કલાક પ્રભુની આજ્ઞા મુજબ મન-વચન-કાયાથી પ્રવૃત્તિ કરો તો તમારું મન હંમેશાં પ્રસન્નતા-આનંદમાં જ હોય, અને જો પૂર્વભવમાં ઉગ્ર પાપ ન કર્યાં હોય તો ભૌતિક દૃષ્ટિએ પણ કોઈ તકલીફ ન આવે. કેમ કે અનિકાચિત પાપકર્મ આજ્ઞાપાલનથી વીખરાઈ જાય છે, આજ્ઞાપાલન જીવનને આપત્તિ રહિત-સંતાપ રહિત બનાવે છે. પણ **ઘણાને તો મારા માટે પ્રભુની આજ્ઞા શું છે તે જ ખબર નથી, અને જેને ખબર છે તેને પાળવાની તાલાવેલી નથી.**

યોગગ્રંથોમાં જુદી જુદી રીતે યોગના પ્રકારોનું વર્ણન આવે છે. ક્યાંક આઠ ભેદ, ક્યાંક દશ ભેદ, ક્યાંક બે ભેદ, ક્યાંક પાંચ ભેદ હોય; પરંતુ ખૂબી એ છે કે કોઈપણ પ્રકારે વર્ણન કરતાં તેમાં આખી સાધનાનો ક્રમ વણી લીધેલો હોય છે. અહીં આ પાંચેય ભાવધર્મોમાં પણ આખો મોક્ષમાર્ગ સમાઈ જાય છે. **ઘણાને અત્યારે એવો ભ્રમ છે કે "ભૂતકાળમાં જ સંપૂર્ણ શાસ્ત્ર હતાં, દ્વાદશાંગીમાં વિસ્તારથી વિવેચન હતું, પણ અત્યારે તો બધું ભાંગ્યું-તૂટ્યું જ મળે છે. એટલે આખો મોક્ષમાર્ગ શાસ્ત્રમાંથી સમજવો અશક્ય છે." પણ તે સમજ એક મોટી ભૂલ છે. અત્યારે**

**પણ આરાધનાનો સંપૂર્ણ માર્ગ-સમજણ ઉપલબ્ધ છે.** માત્ર શાસ્ત્રના વિવેચનમાં વિશદતાનો તફાવત છે, સાંગોપાંગ મોક્ષમાર્ગની કડીઓની સમજણ એક ગ્રંથમાંથી પણ મળી જાય છે, જેથી મુમુક્ષુને દિશા સ્પષ્ટ દેખાય છે. જેમ એક પેંડાનું પડીકું કંદોઈને ત્યાંથી લાવો, પડીકામાં બધા પેંડાના જે સ્વાદ-સુગંધ છે, તે જ એક પેંડામાં પણ સ્વાદ-સુગંધ છે; અરે ! પેંડાના એક નાના ટુકડામાં પણ તે જ સ્વાદ-સુગંધ છે. ખાલી તફાવત તો જથ્થાનો છે, ટુકડો લો તો માત્રા ઓછી આવે. તેની જેમ વર્તમાન શાસ્ત્રોમાં યોગમાર્ગનું સાંગોપાંગ વર્ણન સંક્ષેપમાં છે, અને ચોથા આરામાં તે જ યોગમાર્ગનું વર્ણન વિસ્તારથી હોય. પણ આદિથી અંત સુધી યોગમાર્ગ તો દર્શાવેલો હોય જ છે. વળી એક જ વાતને વિધવિધ પાસાંથી સમજાવવા તેના જુદી જુદી રીતે ભેદ-પ્રભેદોનું વર્ણન કરવાની પણ શાસ્ત્રશૈલી છે. તેથી એક જ યોગમાર્ગના અનેક પ્રકારે ભેદો પણ સુસંગત છે.

જેમ ધર્મનું એક પ્રકારે વર્ણન કરવું હોય તો આખો ધર્મ અપ્રમાદમાં સમાઈ જાય. તેમ બે પ્રકારમાં વર્ણન કરવું હોય તો આખો ધર્મ જ્ઞાન અને ક્રિયામાં સમાઈ જાય, તેમ ત્રણ પ્રકારમાં વર્ણન કરવું હોય તો આખો ધર્મ રત્નત્રયીમાં એટલે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રમાં સમાઈ જાય; છતાં તેમાં ક્યાંય ત્રુટી ન હોય. ચાર પ્રકારમાં વર્ણન કરવું હોય તો આખો ધર્મ દાન-શીલ-તપ-ભાવમાં સમાય છે. તેમ પાંચ લો તો પંચાચારમાં આખી મોક્ષમાર્ગની આરાધના સમાઈ જાય છે.

### પાંચ યોગમય મોક્ષમાર્ગ :

તે રીતે સ્થાનયોગ, ઊર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ અને અનાલંબન યોગ આ પાંચે યોગમાં ટોપ ટુ બોટમ(ઉપરથી નીચેની) અધ્યાત્મની સર્વ ભૂમિકાઓ આવી જાય છે. જો આનું વિસ્તૃત વર્ણન સમજો તો આ પાંચ યોગના વર્ણનમાં પણ આખો મોક્ષમાર્ગ મળી જાય. આ જ ખૂબી જૈનશાસ્ત્રની શૈલીમાં છે.

**(૧) સ્થાનયોગ :-** પહેલાં તેનો સામાન્ય શબ્દાર્થ કરીએ. કોઈપણ ધર્માનુષ્ઠાન કરવામાં કાયાનું મહત્ત્વ આવે છે. કાયાને વ્યવસ્થિત રીતે ગોઠવો. આરાધનામાં ઉપયોગી ચોક્કસ મુદ્રા-આસન હોય છે. અમુક રીતે બેસો તો મનમાં ચોક્કસ પ્રકારના ભાવો પેદા થાય છે. કાયાની મુદ્રા અને આસનો નિયત ભાવો કરવામાં નિમિત્ત

બને છે, જેમ ટટ્ટાર પદ્માસનમુદ્રામાં બેસવાથી એકાગ્રતાનો ભાવ સુગમ બને છે. દેહની અવસ્થાઓ અને મનના ભાવોનો પરસ્પર ચોક્કસ સંબંધ છે. તેથી તે તે મુદ્રામાં તે તે ભાવો કરવા સુગમ બને છે. માટે ધર્માનુષ્ઠાનમાં કાયાનાં ચોક્કસ આસનો-મુદ્રા મૂકી છે, જેને સ્થાનયોગ કહ્યો છે. **આ સ્થાનયોગ છે એમ નક્કી કરવા માટે પૂર્વભૂમિકામાં આટલો ખ્યાલ રાખવાનો કે જે સંસારનો વિરાગી છે, જેને મુમુક્ષુભાવ પ્રગટ્યો છે, સાથે મનમાં ગુણનું પ્રણિધાન ગોઠવીને જે બેઠો છે; તે જો ભક્તિ, સામાયિક કે પ્રતિક્રમણ કરતાં શાસ્ત્રોક્ત ચોક્કસ મુદ્રામાં બેસે, તેને સ્થાનયોગ કહ્યો છે.** આ પણ કર્મનિર્જરાનું સાધન છે. જેમ કે જયવીયરાયમાં અમુક રીતે, ચૈત્યવંદનમાં અમુક રીતે, કાઉસ્સગ્ગમાં અમુક રીતે, પ્રતિક્રમણમાં અમુક રીતે મુદ્રાઓ બતાવી છે. **દરેક અનુષ્ઠાનને અનુરૂપ તે તે ક્રિયાના ભાવોની મુદ્રાઓ શાસ્ત્રોમાં બતાવી છે,** પણ અત્યારે તમને આ જાણવા-સમજવાની ફુરસદ નથી. પરંતુ ભગવાનની આજ્ઞા મુજબ અનુષ્ઠાન કરવું હોય તો આ બધું જાણવું-સમજવું પડશે.

આરાધના કરવા મન-વચન-કાયાને ધર્મમાં જોડવાનાં છે. આ ત્રણ મુખ્ય આરાધનાનાં સાધન છે. આપણે જડ એવા કર્મની સહાયથી જ પ્રવૃત્તિ કરી શકીએ તેમ છીએ. એ સિવાય આપણા આત્મપ્રદેશો હલી શકે તેમ પણ નથી, એવા આપણે કર્મથી બંધાયેલા છીએ. જેમ સંસારનાં પાપ મન-વચન-કાયાથી કરો છો, તેમ ધર્મના ક્ષેત્રમાં આરાધના પણ મન-વચન-કાયાથી કરી શકાય છે. માટે મન-વચન-કાયાને પણ યોગ કહ્યા છે. તેમાં સ્થાનયોગ તે અનુષ્ઠાન વખતે શરીરની સ્થિતિ સંબંધી છે.

(૨) ઊર્ણયોગ :- કાયા પછી વાણીના ઉપયોગને દર્શાવનાર ઊર્ણયોગ છે. ઊર્ણનો અર્થ શબ્દ એટલે વચનયોગ છે. કોઈપણ ધર્મક્રિયા કરતાં ચોક્કસ પ્રકારનાં સૂત્રો શબ્દરૂપે વાણીથી બોલીએ છીએ, તે પણ પ્રણિધાનપૂર્વકનાં હોય તો તેને ઊર્ણયોગ કહે છે. તેમાં જે રીતે વિધિપૂર્વક ઉચ્ચાર કરવાના કહ્યા છે તે રીતે કરવા જોઈએ. જેમ કે જ્યાં મોટા અવાજે બોલવાનું હોય ત્યાં મોટા અવાજે, જ્યાં નાના અવાજે બોલવાનું હોય ત્યાં નાના અવાજે, જ્યાં હ્રસ્વ બોલવાનું છે ત્યાં હ્રસ્વ, જ્યાં દીર્ઘ બોલવાનું છે ત્યાં દીર્ઘ, જ્યાં અટકી-અટકીને બોલવાનું છે ત્યાં અટકીને

અને જ્યાં સળંગ બોલવાનું છે ત્યાં સળંગ બોલવું જોઈએ. આમ, વિધિપૂર્વક શબ્દના ઉચ્ચાર કરવાના છે. વિધિપૂર્વક અણિશુદ્ધ સૂત્રો બોલવાં એ ચિત્તની અદ્‌ભુત એકાગ્રતા માંગે છે. અરે ! હજારો માણસમાંથી એકાદ માણસ પણ ભાગ્યે જ આ રીતે બોલનાર નીકળે. જૈનોમાં તો લગભગ આ રીતે બોલવાની ટેવ પાડવામાં આવતી નથી, પણ વૈદિકધર્મમાં વેદના મંત્રોનું ઉચ્ચારણ કરે તો તેમાં સમૂહમાં પણ એક જ સ્વરથી બોલાતું હોય તેવું લાગે. તેમને ત્યાં વેદના પાઠોના ઉચ્ચારણની ટ્રેઈનીંગ આપે છે. આપણે ત્યાં આ પ્રકારની પ્રેક્ટીસ કરતા નથી. ઉચ્ચારણ યોગ્ય રીતે ન કરો તો તેના અર્થ અને અસરમાં ફેર પડી જાય. આ આપણે બીજા ઊર્ણયોગનો શબ્દાર્થ જોયો.

**(૩) હવે ત્રીજો યોગ છે અર્થયોગ,** જેમાં મનનું અનુસંધાન માંગે છે. કોઈપણ ધર્મક્રિયા કરવા કાયાને સ્થિર કરીને બેઠા, ઉચ્ચારરૂપે સ્પષ્ટ-શુદ્ધ સૂત્રો બોલો છો, ત્યારે મન દ્વારા તેના જ અર્થમાં અનુસંધાન કરવાનું છે. આમ, આમાં મન-વચન-કાયા ત્રણેય યોગ આવી જાય છે. આ તો અર્થયોગનો સામાન્ય શબ્દાર્થ છે, ઊંડાણથી તેમાં ગંભીરતા ઘણી છે.

પ્રણિધાનયુક્ત શ્રદ્ધાળુ જીવો, જો તેઓ મુદ્રા-આસન અને સૂત્રોચ્ચારમાં બરાબર કેળવાયેલા હોય તો, તેમને સ્થાનયોગ અને ઊર્ણયોગ સહેલાઈથી આવી શકે. જ્યારે અર્થયોગ તો શાસ્ત્રોના મર્મજ્ઞ મહાગીતાર્થને જ આવે. દા.ત. તમે 'નમુત્થુણંસૂત્ર' બોલો છો, તેમાં "નમુત્થુણં અરિહંતાણં"નો અર્થ 'અરિહંત ભગવાનને નમસ્કાર થાઓ' એવો થાય છે, આ પ્રાર્થના છે, ઈચ્છાયોગનો નમસ્કાર છે. જ્યારે "નમો જિણાણં"માં શાસ્ત્રયોગનો નમસ્કાર છે. અને "ઈક્કો વિ નમુક્કારો" પદથી સામર્થ્યયોગનો નમસ્કાર છે. અથવા લોગસ્સમાં 'નામતીર્થંકર'ની સ્તવના છે. "જંકિંચિ નામ તિત્થં"માં 'સ્થાપનાતીર્થંકર'ની સ્તવના છે, "જે અ અઈયા સિદ્ધા"માં 'દ્રવ્યતીર્થંકર'ને નમસ્કાર છે અને "સંપઈ અ વટ્ટમાણા"માં ભાવતીર્થંકરને વંદના છે.

અહીં નામ કરતાં સ્થાપના, સ્થાપના કરતાં દ્રવ્ય અને દ્રવ્ય કરતાં ભાવનો મહિમા વધારે છે, માટે તે ક્રમસર આવે છે. વિચારજો કે દરેક શાસ્ત્રોમાં અર્થની કેટલી ગંભીરતા હશે ! કાંઈ એમ ને એમ તરંગતુક્કાથી આ ગોઠવ્યું નથી. તેના અર્થની સમજણ માટે શાસ્ત્રનું ઊંડાણ જોઈએ. આથી અર્થયોગ સામાન્ય સાધુ પણ ન પામી શકે.

**(૪) આલંબનયોગ :-** પ્રતિમા આદિ આલંબનમાં મન-વચન-કાયાની તીવ્ર એકાકારતાપૂર્વકનો સૂક્ષ્મ ઉપયોગ તે આલંબનયોગ છે. ગીતાર્થ જ્ઞાની પુરુષો જ્યારે સાલંબનધ્યાનના સ્તરને પામે છે ત્યારે આ યોગ હોય છે. આ યોગમાં જે પ્રવેશે તેમનો બેડો પાર થઈ જાય તેવો ઉત્તમ આ યોગ છે.

**(૫) અનાલંબન યોગ:-** જેને બાહ્ય નિમિત્તોની અસર ન હોય, તે જ અનાલંબન યોગમાં આવે. આ યોગમાં પ્રવેશેલાને કોઈ આલંબન સહાય-નિમિત્તની જરૂર નહિ. બસ, સતત સમતામાં રહીને આગળ વધે છે, અને અંતે પછી ક્ષપકશ્રેણિ-કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ રીતે આપણે અતિ સંક્ષેપમાં પાંચ યોગનું વર્ણન કર્યું છે અને તેના ૮૦ પેટા ભેદો દ્વારા વિશેષ વર્ણન આ ગ્રંથમાં કરેલું છે. જેમ ચૈત્યવંદન અનુષ્ઠાનમાં સ્થાનયોગ, ઊર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ અને અનાલંબનયોગ કઈ રીતે ઘટે? એને પામનાર જીવ કઈ કક્ષાના હોય? આદિ અનેક વસ્તુનું વિશદ વર્ણન છે.

**તમે ધર્મના ક્ષેત્રમાં એક પણ ગ્રંથનું સાંગોપાંગ મનન-ચિંતન સારી રીતે કરો તો આખો આરાધનાનો મોક્ષમાર્ગ સ્પષ્ટ થઈ જાય.**

તમને કોઈ પૂછે કે ચોથા ગુણસ્થાનકમાંથી પાંચમા ગુણસ્થાનકમાં જીવ જાય તો અનુભૂતિનો શું તફાવત પડે ? પ્રત્યેક ગુણસ્થાનકમાં ગુણોનો વિકાસ કેવો હોય? તેની કોઈ ગતાગમ તમને નથી. માટે જ બાવરા થઈને ફરો છો. **તમે માત્ર પાંચ પ્રતિક્રમણ પણ ઊંડાણથી સમજો તો ઘણું મળી જાય. તે ૧૪ પૂર્વધર આચાર્ય ભગવંતોએ રચેલાં છે, તેથી સંક્ષેપમાં પણ શું બાકી હોય ? પરંતુ અત્યારે તમારે પ્રબળ જિજ્ઞાસા જ નથી. જે વ્યાખ્યાનમાં નથી આવતા તેમને તો કહેવાનો સવાલ જ નથી, પણ જે આવે છે તેમને પણ હજુ ઉત્કટ જિજ્ઞાસા જાગી નથી, માંદલા માંદલા જ આવે છે.**

**સભા :-** ધીમે ધીમે જિજ્ઞાસા જાગશે.

**સાહેબજી :-** હજી કેટલો સમય જોઈશે ? ત્યાં સુધી પરલોકમાં પહોંચી જશો. ઘણા તો વર્ષોથી ધર્મના ક્ષેત્રમાં છે. છતાં અત્યારે આમાંથી ઘણાએ તો આ પાંચ યોગનાં નામ પણ પહેલી વાર જાણ્યાં હશે.

**સભા :-** સાહેબજી, બાળજીવો છીએ.

**સાહેબજી :-** મરતાં સુધી બાળજીવ જ રહેવું છે ? સંસારમાં તમને કોઈ બાળક કહે તો ખોટું લાગી જાય, અને અહીંયાં સહર્ષ બાળપણું સ્વીકારો છો ?

આપણે કોઈપણ આરાધના જો યોગરૂપે કરીશું તો જ આત્મકલ્યાણ થશે. અને યોગરૂપે કરવી હોય તો સ્થાનાદિ યોગમાં પ્રવેશ અવશ્ય જોઈશે, અને આ પ્રવેશ જ ગુણોનો ગુણાકાર કરીને પરમપદને પમાડશે. આપણે સહુ ચોમાસાના પર્વમાં આ એક સંકલ્પ કરી લઈએ તો બધું જ સફળ થશે.

**જિનાજ્ઞાવિરુદ્ધ કે પૂજ્યશ્રીના આશયવિરુદ્ધ કાંઈ પણ છપાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.**

# મુખપૃષ્ઠચિત્રમાં વ્યક્ત થતી ખૂબીઓ

| | |
|---|---|
| ત્રણ પગથિયાં સુધી ઘુઘવતો સાગર | ત્રણ ગુણસ્થાનક પર્યંત દુર્ગતિની સંભાવનાવાળો ભયાનક સંસાર |
| સમુદ્રમાં અથડાતા-કુટાતા જીવો | મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો |
| પગથિયા ચડતો સાધક | મોક્ષ તરફ મીટ માંડતો મોક્ષમાર્ગમાં પ્રવેશી ચૂકેલો સાધક |
| ચૌદ પગથિયાં | મોક્ષમાર્ગ સ્વરૂપ અધ્યાત્મની ભૂમિકાને દર્શાવતાં ચૌદ ગુણસ્થાનક |
| એક તરફ ઢાળવાળું બીજું પગથિયું | અધોગમન કરાવતું, લપસણું, ફંટાયેલા માર્ગસ્વરૂપ બીજું ગુણસ્થાનક |
| પ્રથમ અને ચોથા પગથિયાને જોડતું ત્રીજું પગથિયું | ઊર્ધ્વગમન અને અધોગમન રૂપે બંને તરફ જોડાણ કરતું ફંટાયેલા માર્ગસ્વરૂપ ત્રીજું ગુણસ્થાનક |
| બીજા, ત્રીજા પગથિયાની અલ્પ ઊંચાઈ | અલ્પ આત્મશુદ્ધિવાળી ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકા |
| પડછાયારૂપ આઠ પગથિયાં | ઉપશમશ્રેણિનો માર્ગ - ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓ |
| બીજા, ત્રીજા અને ૧૧મે પગથિયે નિસરણીમાં ફાંકો | મૂળમાર્ગથી સીધી ગતિ કરનાર સાધકને ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓનો અસ્પર્શ |
| ચોથા પગથિયાથી સમુદ્રની શાંતતા | ચોથા ગુણસ્થાનકથી દુર્ગતિના અકારણ વિષય-કષાય સ્વરૂપ સલામત સંસાર |
| સાધકના મસ્તકમાં રહેલ પાંચ રંગો | સાધકના મનમાં અવસ્થાન પામેલા પાંચ ભાવધર્મોના સૂચક રંગો |
| | પ્રણિધાનભાવધર્મને સૂચવતો રંગ |
| | પ્રવૃત્તિભાવધર્મને સૂચવતો રંગ |
| | વિઘ્નજયભાવધર્મને સૂચવતો રંગ |
| | સિદ્ધિભાવધર્મને સૂચવતો રંગ |
| | વિનિયોગભાવધર્મને સૂચવતો રંગ |
| પગથિયાંમાં રંગોની પૂરવણી | મોક્ષમાર્ગમાં આદિથી અંત સુધી પ્રણિધાન આદિ ભાવધર્મોના તારતમ્યને સૂચવતા રંગોની નિસરણીમાં પૂરવણી |

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

"શ્રુતદેવતા ભવન" ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલી./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૪૫૭૪૧૦
E-mail _ gitarthganga@yahoo.co.in